ૐ

શ્રી વીતરાગાય નમઃ

# રાજહૃદય

(ભાગ-૧૬)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો)

(પત્રાંક-૭૫૫ થી ૭૬૬)


પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :

- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭, મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૩૧–૮–૨૦૧૫ (પૂજ્ય બહેનશ્રીની ૧૦૨મી જન્મજયંતિ)
પ્રત : ૧૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૧૬ + ૮ = ૪૨૪
પડતર કિંમત : ૮૦૦/–
મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**બુક પબ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૦૩૦૩૪૦

# પ્રસ્તાવના

'રાજહૃદય' ભાગ-૧૬નું પ્રકાશન કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં કૃપાળુદેવ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પ્રકાશિત વચનામૃતો તથા પત્રો ઉપર સમાદરણીય સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના પ્રવચનોનું પ્રકાશન છે. 'ભાવનગર'માં ૧૯૯૨માં 'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'માં 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથનો સળંગ સ્વાધ્યાય ચાલ્યો હતો. પ્રસ્તુત ધ્વનિમુદ્રિત પ્રવચનોના સી.ડી. પ્રવચનો 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'માં નિયમિતરૂપે સાંભળવાનો નિત્યક્રમ ચાલી રહ્યો હતો. પ્રવચનો સાંભળ્યા બાદ ઘણા મુમુક્ષુઓને એવો ભાવ આવ્યો કે જો આ પ્રવચનો ગ્રંથારૂઢ થાય તો સર્વ મુમુક્ષુ સમાજને આત્મહિતમાં લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે 'રાજહૃદય' નામક ગ્રંથ પ્રકાશન કરવામાં આવી રહ્યો છે.

આપણાં પરમ તારણહાર, સાગર સમાન ગંભીર, અધ્યાત્મયુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તે છે. આવા દુષમકાળમાં તીર્થંકર જેવા યુગપુરુષનો જન્મ એ આપણાં સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના વિશાળ અને ગહન શાસ્ત્ર અભ્યાસની શ્રૃંખલામાં એક ગ્રંથ હતો 'શ્રીમદ્ રાજચંદ્ર' ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પરિવર્તન બાદ તેઓશ્રીએ આ ગ્રંથ ઉપર પ્રવચનો પણ આપેલા છે અને ત્યારે કોઈ પૂછે કે, અમારે કયુ શાસ્ત્ર વાંચવું ? તો પૂજ્ય 'ગુરુદેવશ્રી' કહેતા, 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો !

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં 'કૃપાળુદેવ' પ્રત્યે કેટલું બહુમાન, ઉપકારબુદ્ધિ અને ભક્તિભાવ હતો તેનો પુરાવો છે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો'. પાને પાને 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરતો આ ગ્રંથ 'કૃપાળુદેવ'નું પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં શું સ્થાન હતું તેની પ્રસિદ્ધિ કરે છે ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ કહ્યું છે કે, 'અત્યારે જે આ 'સમયસાર' વંચાય છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ઉપકાર છે !' આપણા ગુરુવર 'કહાન' પણ જેમનો ઉપકાર માને છે અને જેમના ગુણગ્રામ કરતાં થાકતા નથી તો આપણને તો કેટલો ઉપકાર, ભક્તિ અને બહુમાન હોવા ઘટે તે સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે.

જન્મ-મરણ, માનસિક અને શારીરિક દુઃખ, પીડા, બાધા, રોગ, શોક આદિ અનેક પ્રકારના દુઃખથી ગ્રસિત સંસારી જીવ અનેક વિડંબનાઓને ભોગવતા પરવશ બની કાળચક્રમાં પરિભ્રમણ કરી રહ્યા છે. અનેક પ્રકારના કર્મજનિત ચિત્ર-વિચિત્ર ઉદય પ્રસંગોમાં રહેતું અસમાધાન, મૂંઝવણ આદિ મટાડવાનો ઉપાય શું ? તેનું અજ્ઞાન હોવાને લીધે ન ઈચ્છતા છતાં દુઃખની પરંપરા અનિવાર્યપણે ભોગવી રહ્યા છે. સુખની ઝંખના, સુખની પ્રાપ્તિ માટેના વલખાં અને દુઃખથી ત્રસ્ત સંસારી જીવ આજ પર્યંત સાચું સુખ પ્રાપ્ત નથી કરી શક્યા એ વાત વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

આવી એક અણઉકેલી સમસ્યાનું સમાધાન ગવેષવા કોઈક વિરલ જીવ જાગે છે.

તેને પહેલો વિચાર એ આવે છે કે, આ સુખ-દુઃખની સમસ્યાનું સમાધાન આપનાર એવા કોઈ મહાપુરુષ છે ખરા ? જો હોય તો મારે સાતમે પાતાળે પહોંચીને પણ આ સમસ્યાનો અંત લાવવો છે ! અંતરંગથી ઉત્પન્ન થયેલી સત્‌સમાગમની ભાવના સત્પુરુષની શોધમાં પરિણમિત થાય છે અને કુદરતના નિયમાનુસાર તે જીવને એ દિવ્યમૂર્તિની પ્રાપ્તિ થાય છે. તે વિરલ જીવ જ્ઞાનીપુરુષ દ્વારા ઉપદિષ્ટ બોધ અનુસાર પ્રયત્ન કરતાં તેને તે સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ સંસારદુઃખથી પરિમુક્ત થાય છે.

'કૃપાળુદેવે' પૂર્વભવોમાં આત્મહિતાર્થે અનેક અથાગ પ્રયત્ન કર્યા હતાં છતાં એ સૌ નિષ્ફળ ગયા હતા પરંતુ કોઈ એક ભવમાં સત્પુરુષનો યોગ થયા બાદ તેઓશ્રીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને અનંત જન્મ-મરણનો અંત આવ્યો હતો. માટે 'કૃપાળુદેવે' વર્તમાનમાં સ્વયંને પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ થયો ન હોવા છતાં પત્રે પત્રે સત્‌સમાગમનો મહિમા નિષ્કારણ કરુણાથી માત્ર મુમુક્ષુજીવના કલ્યાણ અર્થે ગાયો છે. 'કૃપાળુદેવ'ના પરિચયમાં જે કોઈ સુપાત્ર જીવો આવેલા તેમને તે વખતની તેમની યોગ્યતાને જોઈને તેઓએ પત્રમાં માર્ગદર્શન આપેલું. આ માર્ગદર્શન વર્તમાનમાં આપણને સૌ કોઈને લાગુ પડે તેવું માર્ગદર્શન છે.

'કૃપાળુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ આપવાનો ઉદય નહોતો પરંતુ વ્યક્તિગત ઉપદેશ આપવાનો ઉદય હતો. માટે આ વાતની મર્યાદા સમજીને 'કૃપાળુદેવે' આપેલ માર્ગદર્શનને જો જીવનમાં અવધારવામાં આવે તો અવશ્ય દોષમુક્ત થવાય એ વાત નિઃસંશય છે. 'કૃપાળુદેવ'ની લખાણની ભાષા ગૂઢ હોઈ પ્રાયઃ જીવ તેમના અંતઃકરણને સમજી શકતો નથી. છતાં તેઓશ્રીના લખાણમાં એવો જ કોઈ ચમત્કાર છે કે આજે તેઓશ્રીની અનુપસ્થિતિમાં પણ હજારો લોકો તેમના બોધને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છે !

'કૃપાળુદેવ'ના લખાણમાં રહેલી મધ્યસ્થતા, આશય ગંભીરતા, આત્મહિતનો પ્રધાન સૂર, નિષ્કારણ કરુણા, અંગ અંગમાં નીતરતો વૈરાગ્ય, પારલૌકિક વિચક્ષણતા, પુરુષાર્થની તીવ્ર ગતિ, સરળતા, પરેચ્છાનુચારીપણું ઇત્યાદિ અનેકાનેક ગુણોથી વિભૂષિત થયેલા તેમના પત્રો એક અમૂલ્ય રત્નોની નિધિ છે ! તેઓશ્રીના લખાણમાં રહેલું ઊંડાણ તેમના હૃદયને અંતરંગ પરિણતિને પ્રકાશે છે. અંતરંગ પરિણતિમાં વર્તતા દિવ્ય ગુણોની ઝલક તેમના લખાણમાં વ્યક્ત થઈ છે. પરંતુ આ ઝલકને પારખનારા પણ કોઈ વિરલા જીવ જ હોય છે. કોઈક જ વિરલા તેમના હૃદયને પારખી શક્યા છે, જેણે પારખ્યા તે પોતે તે દિવ્ય દશાને પામી ગયા ! એ દિવ્ય હૃદયને પરખીને વર્તમાન મુમુક્ષુ સમાજ પર્યંત તે હૃદયના ભાવોને પ્રકાશમાં લાવનાર છે પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' !

'રાજહૃદય' નામ અનુસાર 'કૃપાળુદેવ'ના અંતરંગને ખોલનાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના અનુભવરસ ઝરતા આ પ્રવચનો અમૃતવેલડી સમાન છે. એક દિવ્યમૂર્તિને આકાર આપતા આ પ્રવચનો 'કૃપાળુદેવ' જેવા મહાન સાધકની સાધકદશાને સ્વયંની અનુભવવાણીરૂપી ટાંકણાંથી ઉત્કીર્ણ કરીને મુમુક્ષુજીવને દર્શાવે છે કે, આ છે 'કૃપાળુદેવ' !

આ છે 'રાજહૃદય'! 'કૃપાળુદેવ'ના લખાણમાં વ્યક્ત થતાં તેઓશ્રીના અંતરંગ અલૌકિક ગુણરૂપી રત્નોના ખોબા ભરી ભરીને મુમુક્ષુ સમક્ષ મૂક્યા છે !! કોઈપણ જીવ ગ્રાહક થઈને લે તો સ્વયં એ રત્નોથી વિભૂષિત થઈ જાય !

ધન્ય છે 'પૂજ્ય ભાઈશ્રી'ના સાતિશય જ્ઞાનને અને ધન્ય છે તેમની સાતિશય પ્રવચનધારાને કે જેના દ્વારા એ દિવ્યમૂર્તિના દર્શન કરાવ્યા ! જ્ઞાનીપુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલાં છે એ વાતની પ્રતીતિ કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે રત્નોની નિધિ સમાન છે. મુમુક્ષુજીવને પોતાનું વ્યવહારિક જીવન અને નિશ્ચય જીવન કેવી રીતે ઘડવું તેવું માર્ગદર્શન ઠામ ઠામ અનેક પત્રોમાં જોવા મળે છે.

નાની ઉંમરથી જ 'કૃપાળુદેવ'ના લખાણમાં તેઓશ્રીના પૂર્વસંસ્કાર પ્રકાશિત થાય છે અને કોઈ ગજબના સાધકજીવે આ કળિકાળમાં જન્મ ધારણ કર્યો છે તેવી પ્રતીતિ કરાવી જાય છે. લખાણની અંદર ઝળકતી પ્રૌઢતા, વૈરાગ્ય, વિવેક, આત્મહિતનો સંવેગ, વિશાળતા, સરળતા આદિ અભિવ્યક્તિઓ દર્શનીય અને મનનીય છે.

૧૭ વર્ષની ઉંમર પહેલાં લખાયેલાં દસ વચનો ઉપર પ્રવચન આપતાં પૂજ્ય 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે, આ તો બાર અંગનો સાર છે ! એવા વચનોના, એ વચનના દેનાર એવા પુરુષના, અલ્પમતિ જીવ શું ગુણગ્રામ કરી શકે ? છતાં ઉપકારબુદ્ધિવશાત્ અત્ર તેઓશ્રીના થોડા ગુણોનું બહુમાન, ભક્તિ કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી', તદ્ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન', ગુરુ ગૌરવ પુરુષાર્થમૂર્તિ પૂજ્ય 'નિહાલચંદ્ર સોગાનીજી' તથા શાંતમૂર્તિ, 'રાજહૃદય' ઓળખાવનાર એવા પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના ચરણોમાં ભક્તિભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત પ્રવચનોને સી.ડીમાંથી સાંભળીને સંપાદન કરવામાં આવેલ છે. ઘણા પ્રવચનોમાં રેકોર્ડિંગ ખરાબ હોઈ ક્યાંક ક્યાંક સ્પષ્ટ સંભળાતું નહિ હોવાથી ખાલી જગ્યા રાખવામાં આવી છે. 'પૂજ્ય ભાઈશ્રી'ના ભાવોનો પ્રવાહ યથાવત જાળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમ છતાં ક્યાંક ભૂલ રહી ગઈ હોય તો એ સત્પુરુષોની તથા જિનવાણી માતાની હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. ત્યારબાદ આ પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા ફરીથી તપાસવામાં આવે છે અને પછી જ પ્રેસ ઉપર મોકલવામાં આવે છે.

સળંગ પ્રવચનો 'ભાવનગર' જિનમંદિરમાં ચાલ્યા છે, આશરે ૫૦૦ પ્રવચનોમાં પૂર્ણ થતા આ ગ્રંથના પ્રવચનોના લગભગ ૧૮ ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રસ્તુત ગ્રંથમાં જે પત્રો ઉપરના પ્રવચનો તે શ્રૃંખલામાં નહિ હોવાથી ત્યારબાદ પાછળથી બીજે સ્થળે તે જ પત્ર ઉપરના પ્રવચનો ચાલ્યા હોય તો ત્યાં તે પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેની માત્ર લિપી ગુજરાતી કરીને લેવામાં આવ્યા છે. બહારગામ ચાલેલા પ્રવચનોનું સ્થળ-નિર્દેશન જે તે પ્રવચનના મથાળામાં આપવામાં આવેલ છે. આ ગ્રંથના બધા પ્રવચનોની સીડી પુસ્તક સાથે રાખેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર

માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિનો ઉલ્લેખ અન્યત્ર આપવામાં આવેલ છે તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઈમ્પ્રેશન્સ'નો આભાર માનવામાં આવે છે. રાજહૃદયના બધા ભાગો **www.satshrut.org** ઉપર ઉપલબ્ધ છે.

અંતતઃ 'રાજહૃદય'માંથી પ્રવાહિત આ અવિરત અમૃત સરવાણીને પીને પ્રત્યેક જીવ શાશ્વત સુખને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

## 'રાજહૃદય' ભાગ-૧૬ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતી વીણાબહેન વીરેન્દ્રભાઈ શાહ, ચેન્નઈ | ૪૧,૦૦૦/- |
| ડો. મહેશભાઈ જયંતિલાલ મહેતા પરિવાર, મુંબઈ | ૨૬,૦૦૦/- |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી સરિતાબેન, તેજપુર | ૭,૫૦૦/- |
| ચેલણા એસ. સાવલા, મુંબઈ | ૬,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| સ્વ. હસમુખભાઈ અજમેરાના સ્મર્ણાર્થે, હ. અનસૂયાબહેન અજમેરા, કોલકાટા | ૫,૦૦૦/- |
| મેગજી આર. રાંભિયા, મુંબઈ | ૫,૦૦૦/- |
| મીનાબહેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| પ્રતિક ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| વેલબાઈ વી. સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| વીસનજી એસ. સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| જીજ્ઞા ડી. છેડા, મુંબઈ | ૩,૦૦૦/- |

| | |
|---|---|
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી પ્રમિલાબહેન ભુરે, તેજપુર | ૨,૫૦૦/- |
| શ્રીમતી હંસાબહેન વીરજી ગાલા, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી સરલાબહેન કલ્યાણજી શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| ઈલાબહેન ડી. છેડા, મુંબઈ | ૨,૫૦૦/- |
| મૈત્રી ડી. છેડા, મુંબઈ | ૨,૫૦૦/- |
| હેતવી ડી. છેડા, મુંબઈ | ૨,૫૦૦/- |
| પાર્થ પી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| ચાર્મી પી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| રક્ષા પી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| બેલાબહેન અને પ્રશાંતભાઈ જૈન, ભાવનગર | ૨,૧૦૦/- |
| શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| સમીત બી. રાંભિયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| હર્ષ બી. રાંભિયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી રમીલાબહેન, મુંબઈ | ૧,૫૦૦/- |
| લીના બી. રાંભિયા, મુંબઈ | ૧,૫૦૦/- |
| કાજલ, જિગીશ ખારા, કોલકાટા | ૧,૦૦૧/- |
| પ્રવિણાબેન ઉપેન્દ્રભાઈ ખારા, કોલકાટા | ૧,૦૦૧/- |
| જિગીશ ઉપેન્દ્રભાઈ ખારા, કોલકાટા | ૧,૦૦૧/- |
| પ્રજ્ઞેશ ઉપેન્દ્રભાઈ ખારા, કોલકાટા | ૧,૦૦૧/- |
| વૈશાલી પ્રજ્ઞેશ ખારા, કોલકાટા | ૧,૦૦૧/- |
| ચિંતન ઉપેન્દ્રભાઈ ખારા, કોલકાટા | ૧,૦૦૧/- |
| અનુજા ચિંતન ખારા, કોલકાટા | ૧,૦૦૧/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબહેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રી નગનીલ કે. છેડા, મુંબઈ | ૧,૦૦૦/- |
| હીના કે. છેડા, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રીમતી અવનીબહેન મીતેષભાઈ શાહ | ૫૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

# પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | પત્રાંક | પાના નં. |
|---|---|---|
| ૩૫૩. | પત્રાંક-૭૫૫ | ૦૦૧ |
| ૩૫૪. | પત્રાંક-૭૫૫ | ૦૨૬ |
| ૩૫૫. | પત્રાંક-૭૫૫ | ૦૪૬ |
| ૩૫૬. | પત્રાંક-૭૫૫ | ૦૬૩ |
| ૩૫૭. | પત્રાંક-૭૫૫ | ૦૮૦ |
| ૩૫૮. | પત્રાંક-૭૫૫-૭૫૬ | ૦૯૬ |
| ૩૫૯. | પત્રાંક-૭૫૭ | ૧૧૪ |
| ૩૬૦. | પત્રાંક-૭૫૭ થી ૭૫૯ | ૧૩૪ |
| ૩૬૧. | પત્રાંક-૭૫૯ થી ૭૬૨ | ૧૫૪ |
| ૩૬૨. | પત્રાંક-૭૬૩, ૭૬૪ | ૧૭૮ |
| ૩૬૩. | પત્રાંક-૭૬૫, ૭૬૬ | ૧૯૭ |
| ૩૬૪. | પત્રાંક-૭૬૬ | ૨૩૩ |
| ૩૬૫. | પત્રાંક-૭૬૬ | ૨૫૦ |
| ૩૬૬. | પત્રાંક-૭૬૬ | ૨૬૭ |
| ૩૬૭. | પત્રાંક-૭૬૬ | ૨૮૩ |
| ૩૬૮. | પત્રાંક-૭૬૬ | ૩૦૧ |
| ૩૬૯. | પત્રાંક-૭૬૬ | ૩૧૯ |
| ૩૭૩. | પત્રાંક-૭૬૬ | ૩૩૭ |
| ૩૭૪. | પત્રાંક-૭૬૬ | ૩૫૪ |
| ૩૭૫. | પત્રાંક-૭૬૬ | ૩૭૨ |
| ૩૭૬. | પત્રાંક-૭૬૬ | ૩૮૯ |

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# રાજહૃદય

(ભાગ-૧૬)

પત્રાંક-૭૫૫

ૐ નમઃ

સંવત ૧૯૫૩

શારીરિક, માનસિક અનંત પ્રકારનાં દુઃખોએ આકુલવ્યાકુલ જીવોને તે દુઃખોથી છૂટવાની બહુ પ્રકારે ઈચ્છા છતાં તેમાંથી તે મુક્ત થઈ શકતા નથી તેનું શું કારણ ? એવું પ્રશ્ન અનેક જીવોને ઉત્પન્ન થયા કરે; પણ તેનું યથાર્થ સમાધાન કોઈ વિરલ જીવને જ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી દુઃખનું મૂળ કારણ યથાર્થપણે જાણવામાં ન આવ્યું હોય, ત્યાં સુધી તે ટાળવાને માટે ગમે તેવું પ્રયત્ન કરવામાં આવે તોપણ દુઃખનો ક્ષય થઈ શકે નહીં, અને ગમે તેટલી અરુચિ, અપ્રિયતા અને અભાવ તે દુઃખ પ્રત્યે હોય છતાં એને અનુભવ્યા જ કરવું પડે. અવાસ્તવિક ઉપાયથી તે દુઃખ મટાડવાનું પ્રયત્ન કરવામાં આવે, અને તે પ્રયત્ન ન સહન થઈ શકે એટલા પરિશ્રમપૂર્વક કર્યું હોય છતાં તે દુઃખ ન મટવાથી દુઃખ મટાડવા ઈચ્છતા મુમુક્ષુને અત્યંત વ્યામોહ થઈ આવે છે, અથવા

થયા કરે છે કે આનું શું કારણ ? આ દુઃખ ટળતું કેમ નથી ? કોઈ પણ પ્રકારે મારે તે દુઃખની પ્રાપ્તિ ઈચ્છિત નહીં છતાં, સ્વપ્નેય પણ તેના પ્રત્યે કંઈ પણ વૃત્તિ નહીં છતાં, તેની પ્રાપ્તિ થયા કરે છે, અને હું જે જે પ્રયત્નો કરું છું તે તે બધાં નિષ્ફળ જઈ દુઃખ અનુભવ્યા જ કરું છું એનું શું કારણ ?

શું એ દુઃખ કોઈને મટતું જ નહીં હોય ? દુઃખી થવું એ જ જીવનો સ્વભાવ હશે ? શું કોઈ એક જગતકર્તા ઈશ્વર હશે તેણે આમ જ કરવું યોગ્ય ગણ્યું હશે ? શું ભવિતવ્યતાને આધીન એ વાત હશે ? અથવા કોઈક મારા કરેલા આગલા અપરાધોનું ફળ હશે ? એ વગેરે અનેક પ્રકારના વિકલ્પો જે જીવો મનસહિત દેહધારી છે તે કર્યા કરે છે, અને જે જીવો મનરહિત છે તે અવ્યક્તપણે દુઃખનો અનુભવ કરે છે, અને અવ્યક્તપણે તે દુઃખ મટે એવી ઈચ્છા રાખ્યા કરે છે.

આ જગતને વિષે પ્રાણીમાત્રની વ્યક્ત અથવા અવ્યક્ત ઈચ્છા પણ એ જ છે કે, કોઈ પણ પ્રકારે મને દુઃખ ન હો, અને સર્વથા સુખ હો. પ્રયત્ન પણ એ જ અર્થે છતાં તે દુઃખ શા માટે મટતું નથી ? એવો પ્રશ્ન ઘણા ઘણા વિચારવાનોને પણ ભૂતકાળે ઉત્પન્ન થયો હતો, વર્તમાનકાળે પણ થાય છે, અને ભવિષ્યકાળે પણ થશે. તે અનંત અનંત વિચારવાનોમાંથી અનંત વિચારવાનો તેના યથાર્થ સમાધાનને પામ્યા, અને દુઃખથી મુક્ત થયા. વર્તમાનકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામે છે, તે પણ તથારૂપ ફળને પામે છે, અને ભવિષ્યકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામશે, તે તે તથારૂપ ફળને પામશે એમાં સંશય નથી.

શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત, મનનું દુઃખ ધનાદિ મળવાથી જતું હોત, અને બાહ્ય સંસર્ગ સંબંધનું દુઃખ મનને કંઈ અસર ઉપજાવી શકતું ન હોત તો દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે તે તે સર્વ જીવોનું સફળ થાત;

પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યું ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયું કે, દુઃખ મટવા માટે બીજો જ ઉપાય હોવો જોઈએ; આ જે કરવામાં આવે છે તે ઉપાય અયથાર્થ છે, અને બધો શ્રમ વૃથા છે, માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે અને તે જ પ્રમાણે ઉપાય કરવામાં આવે તો દુઃખ મટે; નહીં તો નહીં જ મટે.

જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઊઠ્યા, તેમાં પણ કોઈક જ તેનું યથાર્થ સમાધાન પામ્યા અને ઘણા યથાર્થ સમાધાન નહીં પામતાં છતાં મતિવ્યામોહાદિ કારણથી યથાર્થ સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા અને તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા અને ઘણા લોકો તેને અનુસરવા પણ લાગ્યા. જગતમાં જુદા જુદા ધર્મમત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે.

'ધર્મથી દુઃખ મટે' એમ ઘણાખરા વિચારવાનોની માન્યતા થઈ. પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એકબીજામાં ઘણો તફાવત પડ્યો. ઘણા તો પોતાનો મૂળ વિષય ચૂકી ગયા; અને ઘણા તો તે વિષયમાં મતિ થાકવાથી અનેક પ્રકારે નાસ્તિકાદિ પરિણામોને પામ્યા.

દુઃખનાં મૂળ કારણ અને તેની શી રીતે પ્રવૃત્તિ થઈ તેના સંબંધમાં થોડાક મુખ્ય અભિપ્રાયો અત્રે સંક્ષેપમાં જણાવવામાં આવે છે.

દુઃખ શું છે ? તેનાં મૂળ કારણો શું છે ? અને તે શાથી મટી શકે ? તે સંબંધી જિનો એટલે વીતરાગોએ પોતનો જે મત દર્શાવ્યો છે તે અહીં સંક્ષેપમાં કહીએ છીએ :

હવે, તે યથાર્થ છે કે કેમ ? તેનું અવલોકન કરીએ છીએ :

જે ઉપાયો દર્શાવ્યા તે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અથવા તે ત્રણેનું એક નામ 'સમ્યક્મોક્ષ'.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સમ્યક્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે તે વીતરાગોએ કહી છે; જોકે

સમ્યક્જ્ઞાનથી જ સમ્યક્દર્શનનું પણ ઓળખાણ થાય છે, તોપણ સમ્યક્દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.

જેમ જેમ સમ્યક્દર્શન શુદ્ધ થતું જાય છે, તેમ તેમ સમ્યક્ચારિત્ર પ્રત્યે વીર્ય ઉલ્લસતું જાય છે; અને ક્રમે કરીને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવાનો વખત આવે છે, જેથી આત્મામાં સ્થિર સ્વભાવ સિદ્ધ થતો જાય છે, અને ક્રમે કરીને પૂર્ણ સ્થિર સ્વભાવ પ્રગટે છે; અને આત્મા નિજપદમાં લીન થઈ સર્વ કર્મકલંકથી રહિત થવાથી એક શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષમાં પરમ અવ્યાબાધ સુખના અનુભવસમુદ્રમાં સ્થિત થાય છે.

સમ્યક્દર્શનની પ્રાપ્તિથી જેમ જ્ઞાન સમ્યક્સ્વભાવને પામે છે એ સમ્યક્દર્શનનો પરમ ઉપકાર છે, તેમ સમ્યક્દર્શન ક્રમે કરી શુદ્ધ થતું જઈ પૂર્ણ સ્થિર સ્વભાવ સમ્યક્ચારિત્રને પ્રાપ્ત થાય તેને અર્થે સમ્યક્જ્ઞાનના બળની તેને ખરેખરી આવશ્યકતા છે. તે સમ્યક્જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય વીતરાગશ્રુત અને તે શ્રુતતત્ત્વોપદેષ્ટા મહાત્મા છે.

વીતરાગશ્રુતના પરમ રહસ્યને પ્રાપ્ત થયેલા અસંગ અને પરમકરુણાશીળ મહાત્માનો યોગ પ્રાપ્ત થવો અતિશય કઠણ છે. મહદ્ભાગ્યોદયના યોગથી જ તે યોગ પ્રાપ્ત થાય છે એમાં સંશય નથી. કહ્યું છે કે,

तहा रूवाणं समणाणं –

તે શ્રમણમહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણ પરમપુરુષે આ પ્રમાણે કહ્યાં છે :-

અભ્યંતરદશાનાં ચિહ્ન તે મહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણથી નિર્ણીત કરી શકાય; જોકે પ્રવૃત્તિલક્ષણ કરતાં અભ્યંતરદશા વિષેનો નિશ્ચય અન્ય પણ નીકળે છે. કોઈ એક શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુને તેવી અભ્યંતરદશાની પરીક્ષા આવે છે.

એવા મહાત્માઓના સમાગમ અને વિનયની શી જરૂર ?

ગમે તેવો પુરુષ હોય પણ સારી રીતે શાસ્ત્ર વાંચી સંભળાવે તેવા પુરુષથી જીવ કલ્યાણનો યથાર્થ માર્ગ શા માટે ન પામી શકે ? એવી આશંકાનું સમાધાન કરવામાં આવે છે :

એવા મહાત્માપુરુષનો યોગ બહુ બહુ દુર્લભ છે. સારા દેશકાળમાં પણ એવા મહાત્માનો યોગ દુર્લભ છે; તો આવા દુઃખમુખ્ય કાળમાં તેમ હોય એમાં કંઈ કહેવું રહેતું નથી. કહ્યું છે કે, –

યદ્યપિ તેવા મહાત્માપુરુષનો ક્વચિત્ યોગ બને છે, તો પણ શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુ હોય તો તે અપૂર્વ ગુણને તેવા મુહૂર્તમાત્રના સમાગમમાં પ્રાપ્ત કરી શકે છે. જેવા મહાત્માપુરુષના વચનપ્રતાપથી મુહૂર્તમાત્રમાં ચક્રવર્તીઓ લપોતાનું રાજપાટ છોડી ભયંકર વનમાં તપશ્ચર્યા કરવાને ચાલી નીકળતા હતા, તેવા મહાત્માપુરુષના યોગથી અપૂર્વ ગુણ કેમ પ્રાપ્ત ન થાય ?

સારા દેશકાળમાં પણ ક્વચિત્ તેવા મહાત્માનો યોગ બની આવે છે, કેમકે તેઓ અપ્રતિબદ્ધ વિહારી હોય છે. ત્યારે એવા પુરુષોનો નિત્ય સંગ રહી શકે તેમ શી રીતે બની શકે કે જેથી મુમુક્ષુ જીવ સર્વ દુઃખ ક્ષય કરવાનાં અનન્ય કારણોને પૂર્ણપણે ઉપાસી શકે ? તેનો માર્ગ આ પ્રમાણે ભગવાન જિને અવલોક્યો છે :–

નિત્ય તેમના સમાગમમાં આજ્ઞાધીનપણે વર્તવું જોઈએ, અને તે માટે બાહ્યાભ્યંતર પરિગ્રહાદિ ત્યાગ જ યોગ્ય છે.

જેઓ સર્વથા તેવો ત્યાગ કરવાને સમર્થ નથી, તેમણે આ પ્રમાણે દેશત્યાગપૂર્વક કરવું યોગ્ય છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે ઉપદેશ્યું છે :

તે મહાત્માપુરુષના ગુણાતિશયપણાથી, સમ્યક્ચરણથી, પરમજ્ઞાનથી, પરમશાંતિથી, પરમનિવૃત્તિથી મુમુક્ષુ જીવની અશુભ વૃત્તિઓ પરાવર્તન થઈ શુભસ્વભાવને પામી સ્વરૂપ પ્રત્યે વળતી જાય છે.

તે પુરુષનાં વચનો આગમસ્વરૂપ છે, તોપણ વારંવાર

પોતાથી વચનયોગની પ્રવૃત્તિ ન થાય તેથી, તથા નિરંતર સમાગમનો યોગ ન બને તેથી, તથા તે વચનનું શ્રવણ તાદૃશ સ્મરણમાં ન રહે તેથી, તેમ જ કેટલાક ભાવોનું સ્વરૂપ જાણવામાં પરાવર્તનની જરૂર હોય છે તેથી, અને અનુપ્રેક્ષાનું બળ વૃદ્ધિ પમાવાને અર્થે વીતરાગશ્રુત, વીતરાગ શાસ્ત્ર એક બળવાન ઉપકારી સાધન છે; જોકે તેવા મહાત્માપુરુષ દ્વારા જ પ્રથમ તેનું રહસ્ય જાણવું જોઈએ, પછી વિશુદ્ધ દૃષ્ટિ થયે મહાત્માના સમાગમના અંતરાયમાં પણ તે શ્રુત બળવાન ઉપકાર કરે છે, અથવા જ્યાં કેવળ તેવા મહાત્માઓનો યોગ બની જ શકતો નથી, ત્યાં પણ વિશુદ્ધ દૃષ્ટિવાનને વીતરાગશ્રુત પરમોપકારી છે, અને તે જ અર્થે થઈને મહાત્પુરુષોએ એક શ્લોકથી માંડી દ્વાદશાંગપર્યંત રચના કરી છે.

તે દ્વાદશાંગના મૂળ ઉપદેષ્ટા સર્વજ્ઞ વીતરાગ છે, કે જેના સ્વરૂપનું મહાત્માપુરુષો નિરંતર ધ્યાન કરે છે; અને તે પદની પ્રાપ્તિમાં જ સર્વસ્વ સમાયેલું છે એમ પ્રતીતિથી અનુભવે છે. સર્વજ્ઞ વીતરાગનાં વચનને ધારણ કરીને મહત્ આચાર્યોએ દ્વાદશાંગની રચના કરી હતી, અને તદાશ્રિત આજ્ઞાંકિત મહાત્માઓએ બીજાં અનેક નિર્દોષ શાસ્ત્રોની રચના કરી છે. આ પ્રમાણે દ્વાદશાંગના નામ છે :

(૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) ભગવતી, (૬) જ્ઞાતાધર્મકથાંગ, (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃતદશાંગ, (૯) અનુત્તરૌપપાતિક, (૧૦) પ્રશ્નવ્યાકરણ, (૧૧) વિપાક અને (૧૨) દૃષ્ટિવાદ.

તેમાં આ પ્રમાણે નિરૂપણ છે :-

કાળદોષથી ઘણાં સ્થળો તેમાંથી વિસર્જન થઈ ગયાં, અને માત્ર અલ્પ સ્થળો રહ્યાં.

જે અલ્પસ્થળો રહ્યાં તેને એકાદશાંગને નામે શ્વેતામ્બર આચાર્યો કહે છે. દિગંબરો તેમાં અનુમત નહીં થતાં એમ કહે છે કે,

વિસંવાદ કે મતાગ્રહની દૃષ્ટિએ તેમાં બન્ને કેવળ ભિન્ન ભિન્ન માર્ગની પેઠે જોવામાં આવે છે. દીર્ઘદૃષ્ટિએ જોતાં તેનાં જુદા જ કારણો જોવામાં આવે છે.

ગમે તેમ હો, પણ આ પ્રમાણે બન્ને બહુ નજીકમાં આવી જાય છે :

વિવાદનાં ઘણાં સ્થળો તો અપ્રયોજન જેવાં છે; પ્રયોજન જેવાં છે તે પણ પરોક્ષ છે.

અપાત્ર શ્રોતાને દ્રવ્યાનુયોગાદિ ભાવ ઉપદેશવાથી નાસ્તિકાદિ ભાવો ઉત્પન્ન થવાનો વખત આવે છે, અથવા શુષ્કજ્ઞાની થવાનો વખત આવે છે.

હવે, આ પ્રસ્તાવના અત્રે સંક્ષેપીએ છીએ; અને જે મહાત્માપુરુષે –

આ પ્રમાણે સુપ્રતીત થાય તો

हिंसा रहिए धम्मे। अट्ठारस दोस विवज्जिए देवे।।
निग्गंथे पवयणे। सद्दहणं होई सम्मत्तं।।१।।

તથા

જીવને મોક્ષમાર્ગ છે, નહીં તો ઉન્માર્ગ છે.

સર્વ દુઃખનો ક્ષય કરનારો એક પરમ સદુપાય,

સર્વ જીવને હિતકારી, સર્વ દુઃખના ક્ષયનો એક આત્યંતિક ઉપાય, પરમ સદુપાયરૂપ વીતરાગદર્શન છે. તેની પ્રતીતિથી, તેના અનુકરણથી, તેની આજ્ઞાના પરમ અવલંબન વડે, જીવ ભવસાગર તરી જાય છે. 'સમવાયાંગસૂત્ર'માં કહ્યું છે કે :

આત્મા શું ? કર્મ શું ? તેનો કર્તા કોણ ? તેનું ઉપાદાન કોણ ? નિમિત્ત કોણ ? તેની સ્થિતિ કેટલી ? કર્તા શા વડે ? શું પરિમાણમાં તે બાંધી શકે ? એ આદિ ભાવોનું સ્વરૂપ જેવું નિર્ગ્રંથસિદ્ધાંતમાં સ્પષ્ટ, સૂક્ષ્મ અને સંકલનાપૂર્વક છે તેવું કોઈ પણ દર્શનમાં નથી. [અપૂર્ણ]

## તા. ૭-૪-૧૯૯૨, પત્રાંક - ૭૫૫
## પ્રવચન નં. ૩૫૩

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્ર-૭૫૫, પાનું-૫૭૬. પહેલો Paragraph ચાલ્યો છે ને ? પહેલા Paragraph માં પ્રશ્ન એ ઉઠાવ્યો છે કે '**શારીરિક અને માનસિક અનંત પ્રકારનાં દુઃખો...**' નહિ ઇચ્છવા છતાં, અપ્રિય હોવા છતાં, અનિવાર્યપણે સહન કરવા પડે છે અને એ દુઃખ કોઈપણ રીતે નિરઇચ્છિત હોવા છતાં ફરી ફરીને તેવા દુઃખની પ્રાપ્તિ થાય છે. એ દુઃખ દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવે તોપણ એ પ્રયત્નો સફળ થતા નથી. એ વગેરે પ્રકારે દુઃખના વિષયમાં અનેક પડખેથી પ્રશ્નો ઉઠાવ્યા છે. આ એક બહુ મોટી સમસ્યા છે. સમસ્ત જીવ જાતિની, તમામ જીવોની આ સમસ્યા છે. હજી આગળ કહે છે. કેટલા પ્રશ્નો ઉઠાવ્યા છે, જુઓ !

'**શું એ દુઃખ કોઈને મટતું જ નહીં હોય ?**' દુઃખ ન મટે એવી જ કોઈ જગતની વાસ્તવિક પરિસ્થિતિ હશે ? મટતું જ નહીં હોય ? એટલે કે દુઃસાધ્ય અથવા અસાધ્ય હશે ? દુઃખ મટાડવું તે ખરેખર અસાધ્ય હશે ? અથવા શું '**દુઃખી થવું એ જ જીવનો સ્વભાવ હશે ?**' કે જીવ દુઃખી થયા જ કરે ? એ જીવનો સ્વભાવ હશે માટે દુઃખ નહિ મટતું હોય. '**શું કોઈ એક જગતકર્તા ઈશ્વર હશે તેણે આમ જ કરવું યોગ્ય ગણ્યું હશે ?**' લ્યો, આમાં ઈશ્વરકર્તાને વચ્ચે લીધા છે કે કોઈ ઈશ્વકર્તાને આ ઠીક લાગ્યું હશે ? એ લોકો એમ કહે છે કે જો જગતમાં દુઃખ ન હોત તો ભગવાનને કોઈ સંભારત નહિ. જગતમાં ભગવાને દુઃખ ન મૂક્યું હોત તો પછી એને સંભારત કોણ ? માટે પોતાને સંભારવા માટે પણ ભગવાને દુઃખ મૂક્યું. ઠીક ! જગતના જીવો પોતાને ભૂલી ન જાય માટે એણે દુઃખ મૂક્યું. આવા પણ તર્ક-વિતર્ક, બધી અજ્ઞાન ભરેલી માન્યતાઓ ચાલે છે.

'**શું ભવિતવ્યતાને આધીન એ વાત હશે ?**' એવું જ કોઈ ભવિતવ્ય થયા કરતું હશે કે જેથી લોકોને જીવોને કોઈને કોઈ પ્રકારે દુઃખ થયા જ કરે ? '**અથવા કોઈક મારા કરેલા આગલા અપરાધોનું ફળ હશે ?**' અનેક પ્રશ્નો

વિચાર્યા છે. આ કારણ હશે ? આ કારણ હશે ? શું કારણ હશે ?

મુમુક્ષુ :- સત્યના શોધકને આ પ્રશ્ન ઊઠવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- આ પ્રશ્ન જેને દુઃખ મટાડવું છે એવા વિચારવાન જીવને, મુમુક્ષુજીવને ઊઠવા જરૂરી છે. ઊઠે, વિચારવાન હોય તો આવા પ્રશ્નો એને ઊઠે, એમ કહેવું છે.

**'એ વગેરે અનેક પ્રકારના વિકલ્પો જે જીવો મનસહિત દેહધારી છે તે કર્યા કરે છે,...'** એ વગેરે અનેક પ્રકારના વિકલ્પો જે જીવો મનસહિત દેહધારી છે તે કર્યા કરે છે. આમાં કોઈને કાંઈ વિકલ્પ આવે છે, કોઈને કાંઈ વિકલ્પ તો કોઈને ઈશ્વરનો વિકલ્પ આવે છે, કોઈને પૂર્વકર્મનો વિકલ્પ આવે છે. કોઈને એમ થશે કે આવો જ સ્વભાવ હશે શું ? દુઃખ મટતું જ નહિ હોય શું ? **'અને જે જીવો મનરહિત છે તે અવ્યક્તપણે દુઃખનો અનુભવ કરે છે,...'** એ તો દુઃખને ભોગવે છે. કેમકે એ કર્મફળચેતનાને મુખ્યપણે અનુભવે છે. એટલે દુઃખાનુભવ-દુઃખનો અનુભવ કરવો એ સિવાય એની પાસે કોઈ વિચારશક્તિ, દુઃખનો નાશ કરવાનો, ઈલાજ કરવાની કોઈ વિચાર કરવાની શકિત એની પાસે નથી. **'અને અવ્યક્તપણે તે દુઃખ મટે એવી ઈચ્છા રાખ્યા કરે છે.'** છતાં એને દુઃખ પસંદ નથી. દુઃખથી ખસવા ચાહે છે. એવું સહજ એનું પરિણમન છે. ભલે વિચારશક્તિ નથી તોપણ.

આ માંકડ છે. ચાલે છે કે નહિ ? એને કાંઈ મન નથી. માંકડ છે એને મન નથી. એને ત્રણ ઈન્દ્રિય છે. ચોથી ઈન્દ્રિય આંખ નથી તોપણ. મન તો ક્યાંથી હોય ? પણ ચોથી ઈન્દ્રિય એને નથી. માખી છે, મચ્છર છે. આવે છે ને ? ઉડાડો તો તો ઊડે છે. એનો અર્થ કે એને દુઃખ જોઈતું નથી.

મુમુક્ષુ :- ... વલણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા વલણ સહેજે છે. પરિણામમાં દુઃખ જીવનો સ્વભાવ નહિ હોવાથી અને સુખ જીવનો સ્વભાવ હોવાથી દુઃખથી છૂટવા જીવ ચાહે છે. એ વાત નિશ્ચિત છે. પછી સંજ્ઞી હોય કે અસંજ્ઞી હોય.

**'આ જગતને વિષે પ્રાણીમાત્રની વ્યક્ત અથવા અવ્યક્ત ઈચ્છા પણ એ જ છે કે, કોઈ પણ પ્રકારે મને દુઃખ ન હો, અને સર્વથા સુખ હો.'** ઠીક ! વ્યક્ત ઈચ્છા એટલે જેને એ ઈચ્છાની ખબર છે એને વ્યક્ત ઈચ્છા કહેવાય. બુદ્ધિપૂર્વક જે વિકલ્પ કરે છે કે મને કોઈ દુઃખ ન થાવ, હું

સર્વથા સુખી રહું, એ વ્યક્ત ઈચ્છા છે. અને એવું વગર વિચાર્યે પણ જીવના પરિણામનું એવું વલણ છે કે કોઈ જીવ કિંચિત્‌માત્ર પણ દુઃખ ઈચ્છતો નથી, બધા જીવો સર્વથા સુખને ઈચ્છે છે. એ અવ્યક્ત ઈચ્છા છે. એમ બે પ્રકારે ઈચ્છા ગણવામાં આવી છે. પ્રાણીમાત્રનો એ પ્રકાર છે.

'**સર્વથા સુખ હો. પ્રયત્ન પણ એ જ અર્થે...**' અને એનો પ્રયત્ન પણ એવો જ હોય છે. '**છતાં તે દુઃખ શા માટે મટતું નથી ?**' અનંતા જીવો અનંત કાળથી દુઃખ મટાડવાનો અનંત પ્રયત્ન કરી ચૂક્યા છે, કરી રહ્યા છે તોપણ દુઃખ મટતું કેમ નથી ? આ પણ એક મોટી સમસ્યા છે. '**એવો પ્રશ્ન ઘણા ઘણા વિચારવાનોને પણ ભૂતકાળે ઉત્પન્ન થયો હતો, વર્તમાનકાળે પણ થાય છે, અને ભવિષ્યકાળે પણ થશે.**' શું કહે છે ? આ જે દુઃખની સમસ્યા છે એ ભૂતકાળમાં અનેક વિચારવાન જીવોને એ પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે, વર્તમાનમાં પણ ઉદ્‌ભવે છે, ભવિષ્યમાં પણ ઉદ્‌ભવવાનો છે. કેમકે એ જીવની જરૂરિયાત છે એનો વિચાર કર્યા વગર નહિ રહે. દુઃખ મટાડવાની જરૂરત છે, એ જરૂરત સંબંધમાં ઉહાપોહ થયા વગર રહે નહિ. એ વિચાર આવ્યા વિના રહે નહિ.

'**તે અનંત અનંત વિચારવાનોમાંથી...**' અત્યાર સુધીમાં એવા અનંત વિચારવાનો થયા. '**તે અનંત અનંત વિચારવાનોમાંથી અનંત વિચારવાનો તેના યથાર્થ સમાધાનને પામ્યા, અને દુઃખથી મુક્ત થયા.**' પાછું એવું નથી કે શું આ કોઈને દુઃખ મટતું જ નહિ હોય ? માટે અનિવાર્યપણે સંસારમાં દુઃખ ભોગવવું જ પડે ? નહિ. અનંત વિચારવાનો થયા છે, એણે એ વિચાર્યું છે, દુઃખ મટાડવાનો ઈલાજ શોધ્યો છે, પ્રાપ્ત કર્યો છે, અનુભવ્યો છે અને અનંતા દુઃખમુક્ત થયા છે. તે યથાર્થ સમાધાનને પામ્યા એટલે એનો ઈલાજ મળી ગયો અને દુઃખથી મુક્ત થયા. એટલે એમાં ગર્ભિતપણે આવી ગયું કે દુઃખનું નિદાન પણ એમને જડ્યું, દુઃખનો ઈલાજ પણ એમને મળ્યો, અને એ ઈલાજનો પોતે અનુભવ કરીને દુઃખમુક્ત પણ થયા. એ ત્રણે વાત એમાં આવી જાય છે.

'**વર્તમાનકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામે છે, તે પણ તથારૂપ ફળને પામે છે,...**' અત્યારે પણ જે જે વિચારવાનો એના યથાર્થ સમાધાનને પામે છે એને પણ દુઃખથી મુક્તિ થાય છે. કાલે આપણે થોડીક ચર્ચા ચાલી હતી, વાંચન પછીની ચર્ચામાં. શુષ્કજ્ઞાનના વિષયમાં એમણે એક વાત કરી છે કે મને તો સુખ ઊપજ્યું છે ને ? આ

સુખ પ્રગટ્યું માટે જ્ઞાન શુષ્ક નથી અથવા નિશ્ચયાભાસ નથી. એનો અર્થ શું થાય છે ? કે જ્ઞાન છે એ સુખનું ઉત્પાદક છે. જ્યાં જ્યાં યથાર્થ જ્ઞાન ત્યાં ત્યાં સુખ, જ્યાં જ્યાં દુઃખ ત્યાં અજ્ઞાન. આ સિદ્ધાંત એમાંથી ફલિત થાય છે. એમાંથી ફલિત શું થાય છે ? કે જ્યાં જ્યાં દુઃખ છે ત્યાં ત્યાં અજ્ઞાન છે. જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં સુખ છે, જ્ઞાનનું ફળ સુખ છે, જ્ઞાનથી સુખની ઉત્પત્તિ થાય છે. એટલે કહે છે કે જે યથાર્થ સમાધાન પામે છે તે તથારૂપ ફળને પામે છે. '**અને ભવિષ્યકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામશે, તે તે તથારૂપ ફળને પામશે...**' એટલે સુખી થશે, દુઃખ એના મટશે. '**એમાં સંશય નથી.**' જુઓ ! આટલા પ્રશ્નો ઊઠાવીને પોતે ક્યાં આવ્યા ? એ સરવાળો અહીંયાં લઈ આવ્યા, આટલા પ્રશ્નો ઊઠાવ્યા પછી.

હવે બીજા જગતના જે દુઃખ મટાડવાના ઉપાયો છે એ સંબંધમાં પોતાના વિચારોને વ્યક્ત કરીને ચર્ચા કરે છે. '**શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત,...**' શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત, '**મનનું દુઃખ ધનાદિ મળવાથી જતું હોત,...**' જતું રહેતું હોત '**અને બાહ્ય સંસર્ગ સંબંધનું દુઃખ મનને કંઈ અસર ઊપજાવી શકતું ન હોત...**' પ્રતિકૂળતાઓ વગેરે. '**તો દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે તે તે સર્વ જીવોનું સફળ થાત;...**' શું કહે છે ? કે જો દવાથી શરીરનો રોગ કે પીડા મટી જતી હોત તો તો બધાની પીડા મટી જ ગઈ હોત. આ જે દુઃખશામક ઔષધો આવે છે ને ? પીડાશામક ઔષધો. જેને અંગ્રેજીમાં Pain killer કહે છે. પીડાશામક. પીડા મટાડી દે. એ સામાન્ય પીડા હોય ત્યાં કામ કરે. તીવ્ર વેદનાવાળાને એ Pain killer કાંઈ અસર કરતી નથી. પછી પાછો એનો Resistance power આવી જાય ત્યારે પણ એ દવા અસર કરતી નથી.

એટલે '**શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત,...**' તો તો એવો પ્રયત્ન કરીને સર્વ જીવો તેમાં સફળતા પામત. '**મનનું દુઃખ ધનાદિ...**' સંયોગો, અનુકૂળતાઓ મળી જવાથી જો મટી જતું હોત તો તો બધા ધનવાન છે એ સુખી હોત. પણ એવું પ્રત્યક્ષ જોવામાં આવતું નથી. Multi millioniars વધારે દુઃખી છે એવું પ્રત્યક્ષ જોવામાં આવે છે. 'અમેરિકા' અને 'યુરોપ'ના દેશોનો આ દાખલો છે. અહીંયાં પણ એ

નજરે જોવા મળે એવું છે. તેમ પ્રતિકૂળતાઓ મટાડવા માટે પ્રતિકૂળતાનું જે દુઃખ થાય છે એ પણ એના પ્રયત્નો કરવાથી મટી જતું હોત તો સફળતા મળી હોત.

**'પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યું ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયું...'** જરા વિશેષ વિચારવાન જીવો હતા. થોડા વિચારવાનને શું થાય છે ? અટકી જાય છે. આપણને શરીરનું દરદ થયું, દવા કરી, ન મટ્યું શું કરીએ ? આપણે દવા તો કરી ને ? ન મટ્યું હવે કરીએ શું ? દવા કરવા છતાં ન મટે પછી શું ? ઘણા એવા રોગ થાય છે ને ? વૃદ્ધાવસ્થાના રોગો થાય છે. તો કહે, એ હવે ન મટે. એ હવે નહિ મટે. ચલાવો એમ ને એમ. મટવાના જ નથી. ત્યારે જે પુરુષાર્થવંત જીવો છે અને વિચારવંત જીવો છે, એટલે જ્ઞાનનો જેને ક્ષયોપશમ છે અને વીર્યનો ક્ષયોપશમ છે, બે શક્તિ છે, ક્ષયોપશમ છે એ શક્તિ છે. જેને વિચારશક્તિ છે અને જેને પુરુષાર્થશક્તિ છે, બહુ સાદી ભાષામાં કહીએ તો, એ પગ વાળીને બેસી ન રહે. આનો ઉપાય કરવો જોઈએ, ઉપાય શોધવો જ જોઈએ, એનો કાંઈ ઉપાય હોવો જ જોઈએ. એ એની પાછળ લાગી જાય છે. કેમ ? કે એની શક્તિ એને બેસવા દેતી નથી. જંપ વળવા ન દે. જ્યાં સુધી દુઃખ હોય ત્યાં સુધી દુઃખ મટાડવા માટે એને અજંપો થયા જ કરે.

**'પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યું ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયું કે, દુઃખ મટવા માટે બીજો જ ઉપાય હોવો જોઈએ;...'** આપણે જે ઉપાય કરીએ છીએ એના કરતા કાંઈક બીજો ઉપાય હોવો જોઈએ. લ્યો ! આ અત્યારે જે જીવો, જે બુદ્ધિવાળા જીવોની સંયોગો પાછળ દોડ છે એને આ પત્ર વંચાવવો જોઈએ. બુદ્ધિ ઘણી હોય. જગતના ઘણા મોટા કાર્યો કરતા હોય અને એ એટલા માટે કરતા હોય કે એમાંથી સુખી થવાય છે. એને આ પત્ર વંચાવવા જેવો છે. એકવાર જરાક વાંચી જાવ. વાંચી જાવ અને વિચારી જાવ. તો એને જે દોડ છે એમાં Break લાગ્યા વગર રહે નહિ. આ એવો પત્ર છે.

**'આ જે કરવામાં આવે છે તે ઉપાય અયથાર્થ છે, અને બધો શ્રમ વૃથા છે,...'** કોઈ બીજો જ ઉપાય હોવો જોઈએ. અત્યારે જે ઉપાય કરવામાં આવે છે તે સફળ થતો નથી માટે એ ઉપાય સાચો નથી. અને બધો શ્રમ મારો નકામો જાય છે, વૃથા જાય છે, મફતમાં જાય છે, ફોગટ

જાય છે. આ પરિશ્રમ કરવા જેવો નથી. ગમે તેવા બુદ્ધિવાળાને ઊભો રાખી દે એવી વાત છે. **'માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે...'** કારણ કે આ બધાની સમસ્યા છે. એટલે બુદ્ધિવાળો ઊભો રહી જાય કે છે તો આપણી પણ સમસ્યા. આપણે આપણો વિચાર નથી કર્યો એટલો વિચાર આ કરી ચૂક્યા છે. ૩૦ વર્ષ પહેલાં આ વિચાર, આ વ્યક્તિએ આટલો મોટો વિચાર કર્યો છે આની પાછળ. આપણે આટલો વિચાર નથી કર્યો. બુદ્ધિવાળા આપણે કે બુદ્ધિવાળા કહેનારા ? કોણ બુદ્ધિવાળું છે ? એકવાર તો એની બુદ્ધિનો પારો નીચે આવી જાય. **'માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે અને તે જ પ્રમાણે ઉપાય કરવામાં આવે તો દુઃખ મટે, નહીં તો નહીં જ મટે.'**

**'જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઊઠ્યા,...'** શું કહે છે ? **'જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઊઠ્યા,...'** એટલે નિદાન ઉપર ગયા હવે. આ છે શેમાંથી ? થાય છે શેમાંથી ? આ દુઃખ ઉત્પન્ન શું કરવા થયું ? એનું મૂળિયું શું છે ? Root cause. **'તેમાં પણ કોઈક જ તેનું યથાર્થ સમાધાન પામ્યા અને ઘણા યથાર્થ સમાધાન નહીં પામતાં છતાં મતિવ્યામોહાદિ કારણથી યથાર્થ સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા...'** જુઓ ! હવે ધર્મના ક્ષેત્રમાં આ વિષય એમણે લીધો. ધર્મના ક્ષેત્રમાં ઘણાએ એમ વિચાર્યું કે, ભાઈ ! ધર્મ કરે એ સુખી થાય છે. ધર્મ કરે તે સુખી થાય. એટલે આમાં કાંઈક ધર્મનું કારણ છે. આપણે ધર્મ કરીએ. ઓચિંતુ દુઃખ આવી પડે છે. માટે કાંઈ કારણ તો અધર્મનું છે. ધર્મ હોય તો ઓચિંતુ સુખ પણ આવે. મૂળ કારણ વિચારવામાં કેટલાકને તો યથાર્થ કારણ મળ્યું, કેટલાકને એ પ્રાપ્ત ન થયું. છતાં એને ભ્રમ થયો કે ના, ના. આપણને પણ કાંઈક સાધન મળ્યું.

એક બહુ ભણેલા-ગણેલા Educated માણસ હતા. બી.કોમ. એલએલ.બી. ઘરમાં જોયું તો આઠ-દસ જાતના દેવ-દેવીઓના પૂજા કરવાનું ઓલું બનાવેલું. દેરી જેવું ઘરમાં બનાવેને લાકડાનું. સાંઈબાબા અને ઓલા 'વીરપુર'વાળા જલારામ બાપાથી માંડીને અંબાજીથી માંડીને. આપણને નામ પણ ન આવડે એવી એવી માતાજી ગોતી છે. આપણે નામ સાંભળ્યા પણ નહિ હોય. એવા એવા દેવ-દેવલાના નામ છે. તમે

ભણેલા-ગણેલા માણસ છો અને આ શું સમજીને કરો છો ? એમાં કાંઈ સમજતા નથી આપણે. આપણું શું જવાનું છે ? આપણે એની સામે બેસી જઈએ. પાંચ મિનિટ આપણે.. આપણા કુળના અથવા આપણા જે ઈષ્ટદેવ હોય એનું સ્મરણ કરીએ. કે, ભાઈ ! આપણા રામ ઈષ્ટ દેવ છે તો રામ... રામ.. રામ... રામ... રામ... કરીને પાંચ-દસ માળા ફેરવી નાખીએ. કૃષ્ણને માનતા હોય તો એની માળા ફેરવે, શંકરને માને તો એની માળા ફેરવી નાખે. આપણા બધા હોય તો એમાં શું વાંધો ? ઘણા હોય એમાં શું વાંધો ? એ તો સારું છે ને ? એક કરતા બે ભલા. આ સિવાય કાંઈ લાંબો વિચાર નથી. આ તમે ધંધો-વેપાર આવી રીતે કરો છો ? કે જે કાંઈ કામકાજ કરો છો એમાં આવી રીતે કરો છો ? આપણે કાંઈ સમજતા નથી કરે રાખો. તો કહે, પણ એમાં હવે આપણું પુણ્ય તો બંધાય જ ને. આપણે આવું કરીએ એમાં પાપ તો નથી જ કરતાને કાંઈ ? પુણ્ય તો બંધાય ને ? પુણ્યનું ફળ તો મળશે ને ? બસ ! આપણને પુણ્યનું ફળ મળે એટલે આપણને અનુકૂળતાઓ મળે, પૈસા મળે, સાજા નરવા રહીએ, કુટુંબ-કબીલા બધું લીલી વાડી રહે, બધું ઠીક રહે. આટલું સામાન્ય રાખ્યું છે કે પુણ્ય તો થવાનું છે ને ? આમ ચાલે છે જીવને. મતિવ્યામોહથી એને એમ લાગે છે કે ઠીક છે. આપણને કાંઈક સાધન (કરીએ છીએ). આપણે જે કરીએ છીએ એ બરાબર છે અને આનાથી આપણું દુઃખ મટવાનું છે. એ સમાધાન નહિ થવા છતાં સમાધાનને એ ગણી લે છે અને જગતમાં આમ ને આમ ચાલે છે.

મુમુક્ષુ :- જે વિષય ઉપર 'કૃપાળુદેવ' કલમ ઊઠાવે છે, કોઈ પડખું બાકી (નથી રાખતા). વિચારમાં નહિ આવે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેટલા પડખેથી...! સાધારણ માણસનું ગજું નથી કે આટલું વિચારી શકે. એટલું એ વિચારે છે, એક એક વાત ઉપર.

મુમુક્ષુ :-...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પણ ઘણી ગડબડ છે. ઓલી ૩૦-૪૦ મોટરું લઈને શતાબ્દી વર્ષમાં નીકળેલા. 'મુંબઈ'થી આપણા મુમુક્ષુઓ 'સોનગઢ' આવ્યા ને ? ૩૦-૪૦ મોટરું આવી હતી. એમાં આપણા (એક મુમુક્ષુ) હતા. આવે છે ને. એની એક મોટર હતી. એ પણ સાથે નીકળ્યા હતા. પછી ક્યાંક ચા-પાણી-નાસ્તો કરવા બધા એક ઠેકાણે જ ભેગા થાય, નક્કી કરે કે, ભાઈ ! અહીંથી ફલાણી જગ્યાએ આપણે Holt

કરવો છે. આટલા વાગશે અને ત્યાં આપણે બધા જમી લઈશું, ચા-પાણી-નાસ્તો કરી લઈશું. પછી એણે જોયું કે ઘણાની ગાડીઓમાં કોઈનામાં શિરડીના સાંઈબાબાનો ફોટો હતો તો કોઈમાં ઓલા દક્ષિણના સત્ય સાંઈબાબાનો ફોટો હતો, કોઈમાં જલારામબાપાનો ફોટો હતો તો કોઈમાં લક્ષ્મીજી લટકાડ્યા હતા, કોઈમાં ગણપતિજી હતા. એ તો નવા હતા. બહુ જૂના નથી, નવા મુમુક્ષુ છે. એણે જોયું આ હજી અહીંયાં આવું ચાલે છે ? આપણામાં પણ આવું ચાલે છે ?

જે 'ગુરુદેવે' ગૃહિત મિથ્યાત્વ અને અગૃહિત મિથ્યાત્વ ઉપર જેમણે ૪૫-૪૫ વર્ષ સુધી આટલું આટલું સમજાવ્યું, એના કહેવાતા અનુયાયીઓમાં હજી આ લાકડા ગરેલા છે ? કે, ભાઈ ! ૧૦-૧૫ ગાડીઓમાં આવું હશે. ૧૦ થી ૧૫ મોટરમાં આ બધું હશે. તો એના ઘરે કેટલું હશે ? આ તો બીજા જોવે. કોઈપણ મહેમાન આવે એટલે ગાડીમાં બેસવાનો જ છે. તો ઘરે અને દુકાનોમાં, Office માં શું કરતા હશે ? આ હાલત છે.

મુમુક્ષુ :- બહારનો મહોરો 'ગુરુદેવ'નો અને અંદર કાંઈક નું કાંઈક.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો નામ છે. એવી વાત છે.

મુમુક્ષુ :- મુમુક્ષુને સંસ્થા...

પૂજ્ય ભાઈશ્રી :- વાત સાચી છે. ઈ જઈ આવ્યા છે. સામાન્ય સમજણ નથી. થોડીક જે સામાન્ય સમજણ હોવી જોઈએ એટલી સમજણ પણ હજી નથી. જ્યાં ઊંડી સમજણના પ્રકરણો ચાલે છે, જ્યાં ઊંડી વિચારણાનો વિષય ચાલે છે ત્યાં સામાન્ય સમજણનો અભાવ હોય એવું પણ જોવા મળે છે. એટલે મુમુક્ષુ કહેવાય એટલે બધા એકસરખી લાયકાતવાળા છે એમ કાંઈ માની લેવાની જરૂર નથી. એમાં પણ ભિન્ન-ભિન્ન પ્રકાર અનેક જાતના છે.

મુમુક્ષુ :- એવું બધું તો થતું જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- પછી આગળ ?

મુમુક્ષુ :- આગળ આવ્યા પછી પણ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી કલ્પના કરી કરીને ગૃહિતમાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આમાં પણ આવે છે. વિચારવું જ જોઈએ. છેક સુધી વિચારવું જોઈએ. યથાર્થ સમાધાન થવું જોઈએ. તો જ દુઃખ મટશે

અને નહિતર દુઃખ નહિ મટે. આ સીધી વાત છે. કોઈના માટે કાંઈ કરવાનું નથી.

‘**જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઊઠ્યા, તેમાં પણ કોઈક જ તેનું યથાર્થ સમાધાન પામ્યા અને ઘણા યથાર્થ સમાધાન નહીં પામતાં છતાં મતિવ્યામોહાદિના કારણથી...**’ બુદ્ધિમાં વ્યામોહ થવાથી અથવા મૂઢપણાને લીધે ‘**યથાર્થ સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા...**’ એને કોઈ ન સમજાવી શકે પછી. જેને જિજ્ઞાસા હોય કે હું સમજતો નથી, એને સમજાવાય. પણ હું સમજી ગયો છું એને કોઈ સમજી શકે નહિ. ‘**અને તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા...**’ માનવા લાગ્યા એમ નહિ, એ પાછા તરત જ ઉપદેશક થઈ જાય. તમારે આમ કરવું જોઈએ, તમારે આમ કરવું જોઈએ, બધાએ આમ કરવું જોઈએ, આમ કરવું જોઈએ, આમ ન કરવું જોઈએ અને આમ ન કરવું જોઈએ. ‘**તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા...**’ જુઓ ! કેવી નાડ પકડી છે ! પોતે જ્યારે એમ લાગે કે હું સમજ્યો છું ત્યારે એ ઉપદેશ કર્યા વગર રહેતો નથી. અધૂરો છલકાય. પરિપક્વતા હોય તો એની ગંભીરતા આવે છે. તે જોઈ, વિચારીને વાત કરે છે. એમ ને એમ જલ્દી ઉતાવળથી વાતને કહેતા નથી.

‘**અને ઘણા લોકો તેને અનુસરવા પણ લાગ્યા.**’ અને એ જે ઉપદેશ કરવા લાગ્યા એને અનુસરનારાઓ પણ મળી ગયા. એટલે એમ ને એમ ટોળા જુદા જુદા, જુદી જુદી રીતે માન્યતાના ઊભા થવા લાગ્યા. ‘**જગતમાં જુદા જુદા ધર્મમત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે.**’ ઠીક ! આ જુઓ નાડ પકડી છે. અનેક પ્રકારના ધર્મમત જોવામાં આવે છે એનું શું કારણ ? કે મૂળ વિચારણા દુઃખ મટાડવા માટે ઊભી થઈ છે. દુઃખનો ઈલાજ ગોતવો, દુઃખનું નિદાન કરવું, એમાં કોઈકને યથાર્થ માર્ગ મળ્યો. જેને યથાર્થ માર્ગ ન મળ્યો છતાં માન્યું કે મારી વાત બરાબર છે, મારો વિચાર બરાબર છે, મારી વિચારણામાં ભૂલ નથી. મને લાગે છે તે જ સાચું છે. આ એમાંથી ધર્મમત નીકળ્યા છે. વિચિત્રતા પ્રકૃતિની એ છે, જે પ્રકૃતિની વિચિત્રતા જોવામાં આવે છે કે એમાં પણ કેટલાક એવા છે. ખોટું ન ગમે. એને સાચું જ ગમે. છતાં પણ ખોટું ઘૂસી ગયું હોય તો છોડી ન શકે. આ એક કરુણાજનક સ્થિતિ છે.

ખરેખર એક ન્યાયે જોઈએ તો નિર્દોષ હોય. એને સાચી જ વાત પસંદ છે, એને ખોટી વાત પસંદ નથી. પણ જો ખોટું બેસી ગયું હોય એને એ દૂર ન કરી શકે એવી કોઈ પ્રકૃતિની અંદર પક્કડ છે કે એ સત્યના ચાહક હોવા છતાં અસત્યને, અજ્ઞાનપણે એવી રીતે વળગી રહે છે કે જેથી એ સત્યથી દૂર જ રહે છે.

મુમુક્ષુ :- સાચું માનીને જ વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને સાચું જ માને છે. એણે જે માન્યું છે, એને એમ જ છે કે આ જે હું માનું છું એ સાચું છે. મેં માન્યું છે એ સાચું છે. સાચું હોય એ કેમ છોડું ? અને સત્યના એ પ્રિય છે, સત્યના એ ચાહક છે.

મુમુક્ષુ :- જ્યારે સત્ય સામે આવે ત્યારે એને સ્વીકારવું જોઈએ ને, જો સત્યપ્રિયતા છે તો.

પૂજ્ય ભાઈશ્રી :- હવે શું થયું કે કહેનાર કહે છે કે હું સત્ય કહું છું. હવે શું થાય છે પરિસ્થિતિ ? કહેનાર એમ કહે છે કે હું સત્ય કહું છું. તમે માનો છો એ સત્ય નથી. સાંભળનાર એમ કહે છે કે મેં માન્યું છે એ સત્ય છે, તમે કહો છો તે સત્ય નથી. હવે એનું શું કરવું ? જેણે માની લીધું એને જિજ્ઞાસા ક્યાં રહી ? જેણે માની લીધું એની જિજ્ઞાસા ખલાસ થઈ. આ તો Tragedy છે એની. એટલા માટે જ્ઞાનીઓએ એ શિખામણ આપી કે, જ્યાં સુધી તને પરમ સત્ય સ્વરૂપની, તારા પરમ સત્ય સ્વરૂપની તને અનુભૂતિ ન થાય,... શું અનુભૂતિનું લક્ષણ છે ? કે અતીન્દ્રિય સુખ એ અનુભૂતિનું લક્ષણ છે. જ્ઞાન ન કીધું ત્યાં. અતીન્દ્રિય સુખ એ અનુભૂતિનું લક્ષણ છે. કેમકે જીવ દુઃખી છે અને દુઃખથી છૂટવા માટે પ્રયત્ન કર્યો છે. એનો પ્રયત્ન શેના માટે છે ? કે દુઃખી છે અને દુઃખથી છૂટવા માટેનો. દુઃખથી છૂટવા માટે છે તો જો તને દવા મળી હોય તો તારું દુઃખ છૂટ્યું છે ? અતીન્દ્રિય સુખ તને મળ્યું છે ? એ અનુભવ થયો છે ? અનુભૂતિમાં આવ્યો છો ? જો ન આવ્યો હોય તો તને મહેરબાની કરીને કહીએ છીએ કે તું જિજ્ઞાસામાં રહેજે. માની લઈશ નહિ કે મારો ઉપાય સાચો છે. ત્યાં સુધી નહિ માનતો. તારી જિજ્ઞાસાને ખુલ્લી રાખજે. એ દરવાજો બંધ કરીશ નહિ. નહિતર એ અસત્યથી તને કોઈ છોડાવી નહિ શકે. તીર્થંકર પણ તને નહિ છોડાવી શકે. એ અનુભૂતિનું લક્ષણ છે આમાં. 'નાટક સમયસાર' છે ને ? ... મારી પાસે હિન્દીમાં છે. એનું મૂલ્ય કાલે વાંચ્યું–બે રૂપિયા.

મુમુક્ષુ : 'સમયસાર'ના ત્રણ રૂપિયા.

પૂજ્ય ભાઈશ્રી : હા. 'સમયસાર' ત્રણ રૂપિયામાં દીધેલું. જેનું મૂલ્ય ન થાય એવી ચીજ મફતના ભાવે મળે છે. એ પણ જ્ઞાનીઓની કરુણા છે ને !

શું કહે છે ? કે સારભૂત છે. તો જીવપદાર્થને સારભૂતપણું કઈ રીતે ઘટે છે ? તો કહે છે, એના બે વિશેષણ છે. માટે એને સારભૂત છે. એક '**स्वानुभूत्या चकासते**' અને એક '**सर्वभावान्तरच्छिदे**'. બે વિશેષણને લઈને એ સારભૂત પદાર્થ છે. બાકી પાંચ અજીવ પદાર્થો છે પણ એ સારભૂત નથી. અનંત ગુણ તો છએ છમાં છે. પણ એક જીવ જ સારભૂત છે. કેમ ? કે એક '**स्वानुभूत्या चकासते**' છે અને એક '**सर्वभावान्तरच्छिदे**' છે. એમાં '**सर्वभावान्तर**' એ જ્ઞાનનું વિશેષણ છે અને અનુભૂતિ સુખનું વિશેષણ છે. સુખનું વિશેષણ પહેલા લીધું છે. જ્ઞાનનું વિશેષણ પછી નાખ્યું છે. જુઓ ! પ્રયોજનમાં સુખ અને જ્ઞાન બે મુખ્ય વાત છે, પણ સુખને પહેલા લીધું.

'**स्वानुभूत्या चकासते सर्वभावान्तरच्छिदे**' એમાં '**स्वानुभूत्या**' એટલે '**આ અવસરે સ્વાનુભૂતિ કહેતા,...**' સ્વાનુભૂતિ દ્વારા. '**સ્વાનુભૂતિ કહેતા નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું. તે રૂપે અવસ્થા છે જેની.**' અને '**સર્વ ભાવ' અર્થાત્ અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનંત ગુણે વિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ,...**' છએ દ્રવ્યો. '**તેની 'અન્તરછેદી'...**' એટલે કે તેના એક '**એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઈ શુદ્ધ જીવવસ્તુ, તેને મારા નમસ્કાર.**' એ પરપ્રકાશકપણું લીધું. '**स्वानुभूत्या**'માં સ્વપ્રકાશકપણું લીધું અને ઓલામાં પરપ્રકાશકપણું લીધું. '**તેને મારા નમસ્કાર.**' આ સ્વાનુભૂતિમાંથી આ કાઢ્યું-'**નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિયસુખ જાણવું.**' આ સુખથી ભરેલો પદાર્થ છે માટે સારભૂત છે. માણસ નથી કહેતા ? કે એ વાતમાં કાંઈ સાર નથી. જવા દો ને. એ બધું અસાર છે. અસાર છે એનો અર્થ શું છે ? કે ત્યાં ક્યાંય સુખ મળે એવું નથી.

મુમુક્ષુ :- સુખ તો જ્ઞાનમાં વેદાય છે ને ? તો જ્ઞાનનું પહેલું કેમ ન લીધું ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં એ વાતનું પ્રયોજન છે, પહેલું લેવાનું. જીવને સમસ્યા જ્ઞાનની નથી. સુખ-દુઃખની છે. દુઃખ મટાડવાની છે. ઓછું જાણે એનો એને વાંધો નથી. એનું એને દુઃખ નથી કે મને ફલાણું આ ખબર નથી પડતી... આ ખબર નથી પડતી, મને વેપાર નથી આવડતો, મને વિજ્ઞાન નથી આવડતું, મને ગણિત નથી આવડતું. એનું એને દુઃખ નથી. પણ એને પીડા થાય તો એને દુઃખ છે. અભણમાં અભણ માણસ હોય તો. શરીરની પીડા થાય એનું એને દુઃખ છે, પ્રતિકૂળતા આવે એનું દુઃખ છે.

મુમુક્ષુ : વેદાય તો જ્ઞાનમાં ને ?

પૂજ્ય ભાઈશ્રી : હા. વેદાય છે જ્ઞાનમાં. પણ સમસ્યા દુઃખની છે ને ? એટલે અહીંયાં સુખની વાત મુખ્ય કરી છે કે પ્રયોજન શું ? જ્ઞાનનું કે સુખનુ ? તો કહે છે, સુખનું. માટે એ મુખ્ય વાત કરી છે. વિચાર શેમાંથી ઊઠ્યો ? કે દુઃખ મટાડવામાંથી આ વિચાર ઊઠ્યો છે. ... દુનિયા દુઃખી કેમ છે આ ? એનો કોઈ ઉપાય છે કે નહિ ?

એટલે એ દુઃખ મટાડવાના ભિન્ન ભિન્ન ઉપાયોમાંથી ખોટા ઉપાયને પણ કોઈ સાચો ઉપાય માનીને અનુસરવા લાગ્યા. **'જગતમાં જુદા જુદા ધર્મમત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે.'** શું કીધું આમાં ? કે ઈલાજમાં ભૂલ્યા છે, માર્ગમાં ભૂલ્યા છે, ઉપાયમાં ભૂલ્યા છે. મોક્ષને તો આસ્તિક્ય દર્શનો સ્વીકારે છે. આત્માની હયાતીને પણ આસ્તિક્ય દર્શનો સ્વીકારે છે. જ્યારે આત્મા અને આત્માનો મોક્ષ, (એમાં) ભેદ શેમાં છે ? વિચારભેદ શેમાં છે ? કે ઉપાયમાં છે. ઓલો કહે છે કે હું કરું તે સાચું, પેલો કહે છે કે હું કરું તે સાચું. અરે..! જૈનમાં શું છે ? કોઈ કહે કે, ભાઈ ! ત્યાગ કરો. વ્રત કરો અને ત્યાગ કરો. (બીજો કહે છે), જ્ઞાન કરો. તો વળી ત્રીજો કહે, નહિ. જ્ઞાનની જરૂર નથી, વ્રતની જરૂર નથી. ભક્તિ કરો એટલે ભક્તિમાં જ્ઞાન અને વ્રત બેય આવી ગયા. વ્રતવાળો કહે જ્ઞાન કરીને પણ તમારે વ્રત કર્યા વગર નહિ ચાલે. વ્રત કરવા જ પડશે. માટે પહેલા વ્રત કરો. જ્ઞાન કરવાવાળો કહે છે કે જ્ઞાન વગર બધું નકામું છે. તારી ભક્તિ પણ સાચી નથી અને તારા વ્રત પણ સાચા નથી. તો ત્રણ રસ્તા છે ? રસ્તો એક છે. એ એક યથાર્થ રસ્તો મળે તો દુઃખ મટીને સુખ થાય. ઘરની વાત નથી કરતા. દુઃખ મટીને સુખ થાય એમ કહે છે.

હવે શું કહે છે ? કે ''**ધર્મથી દુઃખ મટે' એમ ઘણાખરા વિચારવાનોની માન્યતા થઈ.**' ધર્મ કરે તે સુખી થાય. આ તો જાડી વિચારધારા હોય, સ્થૂળ વિચારવાળાઓને પણ એ તો ખ્યાલ આવ્યો હશે કે, ભાઈ ! ધર્મથી સુખ થાય છે. '**ધર્મથી દુઃખ મટે એમ ઘણાખરા વિચારવાનોની માન્યતા થઈ. પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એકબીજામાં ઘણો તફાવત પડ્યો.**' ધર્મથી દુઃખ મટે એ વાત ઠીક છે. પણ ધર્મ એટલે શું ? ધર્મનું સ્વરૂપ શું ? એટલે માણસ પૂછે છે કે ધર્મની વ્યાખ્યા શું ? તો જૈનદર્શન એમ કહે છે કે, '**वत्थु सहावो धम्मो**'. ત્યાગ કરવો તે ધર્મ, એમ ન કહ્યું. શાસ્ત્ર વાંચવું એ ધર્મ ન કહ્યો, ભગવાનની સામે બેસીને પદ ગાવા એ ધર્મ ન કહ્યો, પૂજા કે માળા કરવી એને ધર્મ ન કહ્યો અને સમ્મેદશિખરની જાત્રા કરે એનું નામ ધર્મ નથી. અહીંયાં એવું ન કીધું કે દાન આપી દે એનું નામ ધર્મ. અહિંસા પાળી દે એનું નામ પણ ધર્મ નહિ. ઠીક ! દાન આપે એનું નામ ધર્મ નહિ, પણ બીજા જીવને બચાવે એનું નામ પણ ધર્મ નહિ. ઠીક ! બચાવવાના પરિણામ કરે છે, બચાવી તો ક્યાં શકે છે ? તો ધર્મ શું પણ ? કે વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આમાં વાંધો કાઢી દ્યો.

વસ્તુનો જે સ્વભાવ તે તેનો ધર્મ છે. એમાં શું વાંધો કાઢશો ? એમાં કોઈ તર્ક ચાલે એવું નથી. જે વિચારવાન જીવ હોય એ વિચારતો થઈ જાય કે વાત તો કાંઈક વૈજ્ઞાનિક રીતે છે. એમ ને એમ અદ્ધરથી ભગવાનની માળા ભજો એટલે ધર્મ થાય અને સુખી થઈ જવાય, એવી કોઈ અંધશ્રદ્ધાની વાત નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ધર્મની પરિભાષા પછી અનેક રીતે કરી છે અને એ બધી પરિભાષા કરવાના જુદા જુદા કારણો છે. કોઈમાં પરંપરાએ ધર્મ છે, કોઈમાં માત્ર પુણ્યને ધર્મ કહ્યો છે, કોઈમાં સીધા ધર્મનું કારણ સમજીને ધર્મ કહ્યો છે. એમ અનેક જાતની વાત કરી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. બહુ હિંસાઓ કરતા હોય, માંસાહારી થઈ ગયા હોય તો એ સૂત્રો લગાડી દે. 'અહિંસા પરમો ધર્મ'. તું તારા આત્માની હિંસા કરે છો. પોતાના આત્માની હિંસા કરે. રાગ વડે એના જ્ઞાન અને આનંદપ્રાણની જીવ હિંસા કરે અને બીજાને સુખી કરે. કરી શકે ? એ તો

કોઈ રીતે બની શકવા યોગ્ય નથી. જે પોતે દુઃખી છે અને જે સુખ માટે પ્રયત્ન કરે છે, એ બીજાનું દુઃખ ક્યાંથી દૂર કરવાનો હતો ? હજી એનું પોતાનું નથી કરી શકતો ને. એ બની શકે નહિ.

**''ધર્મથી દુઃખ મટે' એમ ઘણાખરા વિચારવાનોની માન્યતા થઈ. પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એકબીજામાં ઘણો તફાવત પડ્યો.'** એમાં પક્કડ થઈ. કે નહિ, હું કહું છે એ જ ધર્મ. ઓલો કહે, નહિ, હું કહું તે ધર્મ. અમે કહીએ તે ધર્મ. અમારી રીતે કરવું જોઈએ. તમારી રીતે નહિ પણ અમારી રીતે કરવું જોઈએ. આ એમાં બધા ભેદ પડ્યા છે. અને **'ઘણા તો પોતાનો મૂળ વિષય ચૂકી ગયા;...'** ઠીક ! મૂળ વિષય દુઃખ મટાડવાનો જ ચૂકી ગયા. એવા કેટલાક ધર્મો છે કે જેની અંદર હિંસા આદિ પાપની પ્રધાનતા પણ જોવામાં આવે છે. આ વધ કરે છે કે નહિ ? .. કરે છે. મનુષ્યોના વધ કરે છે, પ્રાણીઓના વધ કરે છે. પછી આ બે ઈન્દ્રિય આદિ આ ફૂલ ચડાવે છે, ત્યાં પણ હિંસા ઘણી થાય છે. ઢગલાબંધ ફૂલ વાપરે છે. આજે ભગવાનને કેટલા ફૂલ ચડાવ્યા ? કે દસ હજાર ચડાવ્યા. ઠીક ! ધર્મ થઈ ગયો ? કે હિંસા થઈ. ધર્મ તો નથી થયો પણ હિંસા છે, પાપ છે.

મુમુક્ષુ : અત્તર ચડાવે, અત્તર.

પૂજ્ય ભાઈશ્રી : હા. ઘણો દોષ.

**'ઘણા તો પોતાનો મૂળ વિષય ચૂકી ગયા; અને ઘણા તો તે વિષયમાં મતિ થાકવાથી અનેક પ્રકારે નાસ્તિકાદિ પરિણામોને પામ્યા.'** બુદ્ધિ થાકી ગઈ. હવે આ બધું હંબગ છે, જવા દ્યો. કાંઈ પરભવ નથી, કાંઈ સ્વર્ગ નથી, નર્ક નથી, કાંઈ નથી. ભગવાન નથી, ઈશ્વર નથી, નથી લેવા, નથી દેવા. ધર્મ-બર્મ બધું કાંઈ છે જ નહિ. બધું હંબગ છે.

મુમુક્ષુ :- ધતીંગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ધતીંગ છે, એમ કહે. ઠીક ! એમાંથી તો આ બહુ મોટી વાત થઈ છે. આ 'રશિયા'માં એ રીતે થયું હતું ને ? 'મોસ્કો'ની દિવાલ ઉપર લખ્યું હતું, કે ધર્મ ધર્મ કરીને ધર્મગુરુએ આ દુનિયાનું સત્યાનાશ વાળ્યું. ઠીક ! ઓલો રજનીશ કહે કે આ ગુરુએ દલાલ થઈને... ભગવાન અને આપણી વચ્ચે ગુરુ દલાલ ન જોઈએ. ગુરુ છે એ બધા દલાલ છે. એ દલાલોને કાઢી મૂકો. આપણે સીધો સંપર્ક રાખો ભગવાન સાથે. કેમ ? કે એ લોકોએ જ સત્યાનાશ વાળ્યું છે. જેટલા ગુરુ છે એ

બધાએ અત્યાર સુધી સત્યાનાશ વાળ્યું છે. જેને જેમ ઠીક ફાવે એમ પછી માંડે બોલવા. કોઈ ધણી-ધોરી તો છે નહિ કે રોકે એને કે એવું ન બોલાય. એ વળી એમ કહેતા. આ ગુરુને દલાલ કહેતા. દલાલ છે એને કાઢી મૂકો. એણે જ સત્યાનાશ વાળ્યું છે.

એટલે '**ઘણા તો પોતાનો મૂળ વિષય ચૂકી ગયા; અને...**' નાસ્તિક જેવા પરિણામોમાં આવી ગયા. થાકીને, હોં ! મતિ થાકી જવાથી. બુદ્ધિ થાકી ગઈ એની. ઓછી પડી.

મુમુક્ષુ :- બધા ફિરકાની Meeting થઈ હતી. આપણા પણ Trustee.. બધા મૂળને ચૂકી ગયા છે. શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસીની Meeting થઈ હતી ને આ General સભા. એમાં પ્રવચન આપે છે. મૂળ વિષય જ ચૂકાઈ ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે.

'**દુઃખનાં મૂળ કારણ અને તેની શી રીતે પ્રવૃત્તિ થઈ...**' દુઃખ કેમ પ્રવર્ત્યું ? '**તેના સંબંધમાં થોડાક મુખ્ય અભિપ્રાયો અત્રે સંક્ષેપમાં જણાવવામાં આવે છે.**' હવે જુઓ કેવો ઉહાપોહ પોતે કરે છે. કેટલી કુશાગ્ર બુદ્ધિ છે ! કે '**દુઃખના મૂળ કારણ અને તેની શી રીતે પ્રવૃત્તિ થઈ તેના સંબંધમાં થોડાક મુખ્ય અભિપ્રાયો અત્રે સંક્ષેપમાં જણાવવામાં આવે છે.**' નીચે.

'**દુઃખ શું છે ?**' મૂળમાં દુઃખ છે શું ? દ્રવ્ય છે ? ગુણ છે ? પર્યાય છે ? છે શું ? '**તેનાં મૂળ કારણો શું છે ?**' નિદાન. '**અને તે શાથી મટી શકે ?**' આ તેનો ઈલાજ શું ? ત્રણ પ્રશ્નો ઉઠાવ્યા. મૂળ કારણને તપાસવામાં આ ત્રણ પ્રશ્નો ઉઠાવ્યા કે દુઃખ એ શું છે ? જે કાંઈ હોય તો એનું કારણ શું છે ? અને એને મટાડવાનો ઉપાય શું ? '**તે સંબંધી જિનો એટલે વીતરાગોએ પોતાનો જે મત દર્શાવ્યો છે તે અહીં સંક્ષેપમાં કહીએ છીએ :**' જુઓ ! બધાને બાદ કરી નાખ્યા. અનેક ધર્મમતોની વાત કરી છે પણ અહીંયાં જિનના અભિપ્રાયની વાત કરી કે જિનેન્દ્રનો અભિપ્રાય શું છે ? જિનમત શું છે આ વિષયમાં ? બીજા કોઈનો પ્રચાર જ નથી કર્યો.

મુમુક્ષુ : હવે પોતે આમ કહે છે એ પણ કાઢી નાખ્યું.

પૂજ્ય ભાઈશ્રી : હા. જિનો એટલે વીતરાગોએ પોતાનો જે મત દર્શાવ્યો તે. વીતરાગોનો જ મત શું કરવા ? બીજાનો નહિ ? પ્રશ્ન આ

થવા જેવો છે કે જિનવીતરાગનો મત શું કરવા અને બીજાનો કેમ નહિ આમાં ?

મુમુક્ષુ :- આનાથી દુઃખ મટે છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. દુઃખ મટે છે એ તો ઓલા પણ કહે છે કે અમારા ભગવાનના અભિપ્રાયથી દુઃખ મટે છે. એ એમ ન કહે ? જિન છે એ વીતરાગ છે. જિનો એટલે વીતરાગો, એમ કહ્યું. જિન છે એ વીતરાગ છે. વીતરાગ છે એટલે શું છે કે એને રાગ પણ નથી, એને દ્વેષ પણ નથી અને એને મોહ પણ નથી. માટે જે કહે છે તે બરાબર કહે છે. ન્યાયસંપન્ન વાત એ છે. આમ તો વધારે એમાંથી સર્વજ્ઞપણું સ્થાપશે કે કોઈ પ્રકારનું અજ્ઞાન નહિ હોવાથી પણ એમની ભૂલ નથી થવાની. નહિતર વળી એ તર્ક કાઢે કે રાગ-દ્વેષ-મોહ ભલે ન રહ્યા પણ ભૂલ કરે તો શું કરવું ? એની ભૂલ થાય એનું શું કરવું ? કે ભૂલ તો અજાણ્યા હોય એ કરે. જાણીતા ભૂલ કરે નહિ, જેને જ્ઞાન હોય તે.

જે સર્વજ્ઞ છે અને વીતરાગ છે માટે તેમનો અભિપ્રાય અને તેમનો મત માન્ય કરવા યોગ્ય છે. આ ધર્મનું મૂળ સર્વજ્ઞ છે એ અહીંથી નીકળે છે. ધર્મ સર્વજ્ઞતાથી પ્રણિત કરવો. એ આટલા માટે વાત છે કે વચન કોનું માનશો તમે ? દસ જુદા જુદા અભિપ્રાય આવ્યા પણ માનવું કોનું ? 'નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું.' જેણે રાગ-દ્વેષ મટાડીને નિર્દોષતા અને પવિત્રતા પ્રગટ કરી છે, એનું કથન અનુભવપૂર્વકનું હોવાથી એનો સ્વીકાર કરો, એને માન્ય કરો.

**'તે સંબંધી જિનો એટલે વીતરાગોએ પોતાનો જે મત દર્શાવ્યો છે તે અહીં સંક્ષેપમાં કહીએ છીએ : હવે, તે યથાર્થ છે કે કેમ ? તેનું અવલોકન કરીએ છીએ :'** મત છે. મતની યથાર્થતાનો પણ વિચાર કરશું. જિન વીતરાગની પરીક્ષા કરી એની નિર્દોષતાથી. હવે એમના વચનોની પરીક્ષા પણ કરશું કે તે યથાર્થ છે કે અયથાર્થ છે ? ન્યાયસંપન્ન છે કે નહિ ? તર્કસંગત છે કે નહિ ? વાસ્તવિકતામાં છે ? કલ્પનામાં છે ? બધા પડખેથી. **'જે ઉપાયો દર્શાવ્યા તે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર અથવા તે ત્રણેનું એક નામ 'સમ્યક્મોક્ષ'.** છે. લ્યો ! દર્શન-જ્ઞાન-ચારિત્રનું એક નામ મોક્ષ પાડ્યું પાછું એમણે. મુક્ત પરિણામો છે ને ? અબંધ પરિણામો છે એટલે એનું નામ પાડ્યું મોક્ષ.

મુમુક્ષુ :- મોક્ષની આગળ પાછું સમ્યક્ લખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમ્યક્મોક્ષ. કેમકે મોક્ષ તો બીજા આસ્તિક્ય દર્શનો કહે છે ને માટે. સમ્યક્દર્શન એટલે સાચી શ્રદ્ધા, સમ્યક્જ્ઞાન એટલે સાચું જ્ઞાન, સમ્યક્ચારિત્ર એટલે સાચું આચરણ. એ ત્રણે અબંધ પરિણામ હોવાથી તે સમ્યક્મોક્ષ છે.

મુમુક્ષુ :- એ ત્રણે પરિણામ થઈને મોક્ષ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્રણેનું એકત્વ. ત્રણે ભળી જાય. એકસાથે એકત્વપણે રહે છે. ભિન્ન ભિન્ન નથી રહેતા. ભિન્ન ભિન્ન નથી રહેતા એટલે સમ્યગ્દર્શન હોય અને જ્ઞાન-ચારિત્ર ન હોય એમ નહિ. ચારિત્ર હોય અને શ્રદ્ધા-જ્ઞાન ન હોય એમ નહિ. એમ. અવિનાભાવી છે.

**'સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સમ્યક્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે તે વીતરાગોએ કહી છે;...'** હવે જુઓ ! ક્યાં આવે છે ? વીતરાગનો અભિપ્રાય તપાસીને કહે છે. જે જિનાગમ વાંચ્યા, જિનોના શાસ્ત્રો વાંચ્યા, વીતરાગોના શાસ્ત્રો વાંચ્યા તો આ ત્રણ જે પદ લીધા સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, એમાં સમ્યગ્દર્શનની મુખ્યતા છે. પાયામાં સમ્યગ્દર્શન છે. જ્ઞાન અને ચારિત્ર કઈ માન્યતાથી પ્રવર્તે છે એ મુખ્ય વાત છે.

જેમ કોઈ માણસ કોઈ વાત કરે તો બુદ્ધિશાળી માણસ શું વિચાર કરે છે ? કે એણે જે વાત કરી એ ગૌણ છે. શું માનીને કરી એ કહો. કોના આધારે કરી ? કઈ માન્યતાના આધારે એ વાત કરી ? એમ માનો કે જે ધર્મ છે એમ કહે છે કે ક્રોધ કરવો નહિ, પાપ કરવું નહિ. કોઈ ધર્મ તો એમ નહિ કહે કે ક્રોધ કરો, પાપ કરો. એવું તો કોઈ ધર્મ નહિ કહે. બરાબર છે ? તો એણે બહુ સારી વાત કરી જણાય. તો કહે, એમ નહિ. શું માનીને એવી વાત કરે છે ? પહેલા માન્યતા તપાસો. જુઓ ! વાત કરવાની, વિચાર કરવાની શું પદ્ધતિ છે !

**'સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સમ્યક્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે તે વીતરાગોએ કહી છે; જોકે સમ્યક્જ્ઞાનથી જ સમ્યક્દર્શનનું પણ ઓળખાણ થાય છે,...'** જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન છે. અને ઓળખાણ.. સમ્યગ્દર્શનને સમજી શકાય પણ જ્ઞાનમાં અવિનાભાવી જ્ઞાનથી ઓળખી શકાશે. જોકે સમ્યગ્જ્ઞાનથી જ સમ્યગ્દર્શનની પણ ઓળખાણ થાય છે. **'તોપણ સમ્યક્દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.'**

જે મતિ-શ્રુતજ્ઞાન ભવહેતુરૂપ થતું હતું, તે જ મતિ-શ્રુતજ્ઞાન ભવ નિવૃત્તિરૂપ થવા લાગ્યું એવા કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર છે ! એ વાત અહીંયાં નાખી. જ્ઞાન તો હોય છે, જ્ઞાનનો ઉઘાડ તો ઘણો હોય છે. પણ જ્ઞાન તો પાપમાં દોરી જાય. બહુ ઉઘાડવાળો હોય તો ઘણા પાપના ધંધા કરે. કેમકે બુદ્ધિ ઘણી છે. એવી રીતે જ્ઞાનનું કામ નથી. એની માન્યતા શું છે ? જ્ઞાનની સાથે એની શ્રદ્ધા શું છે ? એ તપાસીને જ્ઞાનની કિંમત આંકશુ. અરે..! શાસ્ત્રજ્ઞાન હોય તોપણ. દુનિયાદારીના જ્ઞાન તો પાપના છે, પણ શાસ્ત્રનું જ્ઞાન હોય તો એની માન્યતા તપાસીને એ જ્ઞાનનું મૂલ્ય કરવામાં આવે છે. માન્યતા જેની ખોટી એના જ્ઞાનના મૂલ્ય સાચા કરી શકાય નહિ. બહુ વિચક્ષણતાથી વિષયનું પ્રતિપાદન કરે છે.

'**જોકે સમ્યક્જ્ઞાનથી જ સમ્યક્દર્શનનું પણ ઓળખાણ થાય છે, તોપણ...**' એ રીતે જ્ઞાનની પ્રધાનતા હોવા છતાં પણ બીજી રીતે દર્શનની પણ પ્રધાનતા છે એમ કહેવું. કે '**સમ્યક્દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી...**' જ્ઞાન જ દુઃખનું કારણ થાય. પર સાથેનો સંપર્ક પણ જ્ઞાન કરે છે અને સ્વ સાથેનો સંપર્ક પણ જ્ઞાન કરે છે. જ્ઞાનનો પર્યાય વચ્ચે છે. આ બાજુ પરપદાર્થ છે, આ બાજુ સ્વપદાર્થ છે. જો માન્યતા સવળી હોય તો સ્વનો આશ્રય રહે છે. જો માન્યતા સવળી ન હોય તો પરનો આશ્રય જ્ઞાન કર્યા વગર રહે નહિ. એ સંસારના દુઃખના હેતુરૂપ હોવાથી '**સમ્યક્દર્શનનું મુખ્યપણું..**' વીતરાગોએ પણ સ્વીકાર્યું છે. ગ્રહણ કરેલું છે અને તે યથાર્થ છે, એમ કહેવું છે. ફેરવી... ફેરવી... ફેરવીને સમ્યગ્દર્શનની પ્રધાનતામાં વાતને લઈ આવ્યા છે.

'ગુરુદેવે' ૪૫ વર્ષ સુધી એ વિષય તો એટલા માટે હાથમાં લીધો. હજારો જિનાગમ વાંચીને પછી એમણે શું નક્કી કર્યું ? કે આ સમ્યગ્દર્શનની વાત કરવા જેવી છે. એનું પ્રાધાન્ય છે. વીતરાગના આગમોમાં, જિનાગમોમાં સમ્યગ્દર્શનનું પ્રાધાન્ય છે. એની મુખ્યતા કર્યા વિના બાકી બધી ગડબડ થવાની છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૮-૪-૧૯૯૨, પત્રાંક - ૭૫૫
## પ્રવચન નં. ૩૫૪

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, આંક-૭૫૫ ચાલે છે. પાનું-૫૭૭. વચ્ચેથી છે. છેલ્લે એ ચાલ્યું કે '**સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રમાં સમ્યક્‌દર્શનની મુખ્યતા ઘણે સ્થળે તે વીતરાગોએ કહી છે;...**' વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરદેવ પરમાત્માએ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પણ સમ્યગ્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે કહી છે અને તે યથાર્થ છે. અથવા એવું જે કહ્યું છે એ પોતાના સ્વાનુભવથી કહ્યું છે. એની મુખ્યતા મોક્ષમાર્ગમાં ઘણું કામ કરે છે. મુખ્ય છે માટે મુખ્ય કહ્યું છે. મુખ્યપણે વર્તે છે. મુખ્યપણે વર્તીને આત્માનું હિત થાય છે માટે એને મુખ્ય ગણીને કહી છે.

'**જોકે સમ્યક્‌જ્ઞાનથી જ સમ્યક્‌દર્શનનું પણ ઓળખાણ થાય છે,...**' અથવા સમ્યક્‌જ્ઞાનપૂર્વક જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તોપણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વગર જે જ્ઞાન છે એ સંસારિક દુઃખના હેતુરૂપ હોવાથી સમ્યગ્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે. શું કહે છે ? કે જો સમ્યગ્દર્શન ન હોત તો જે જ્ઞાન છે એ દુઃખનું કારણ થશે. અને દુઃખના કારણરૂપે હોવાથી જ્ઞાનનું મુખ્યપણું નથી ગણ્યું પણ સમ્યગ્દર્શનનું મુખ્યપણું ગણ્યું છે. એ એનું કારણ છે.

એક દૃષ્ટાંત લઈએ કે દેવલોકના દેવને આયુષ્ય પૂરું થાય એ પહેલા છ મહિને ખબર પડે. છ મહિના બાકી રહે એટલે ગળામાં જે માળા છે એ કરમાઈ જાય છે. એ રંગરાગમાં પડેલા વૈભવમાં આળોટતા એ જીવને Notice મળે છે કે હવે છ મહિના પછી આ ધર્મશાળા ખાલી કરવાની છે. દેવલોક એની ધર્મશાળા છે. અહીંયાં પડાવ નાખ્યો છે. આ ઘરમાં બધું પાથરે છે ને ? આ દવાનો કબાટ, આ કપડાનો કબાટ, આ દાગીનાનું ખાનું, આ બુટ-ચંપલનો કબાટ. છ મહિનામાં આ પછી બધો સંકેલો કરવાનો.

હવે એમાં બે જાતના દેવો છે. એક સમ્યગ્દૃષ્ટિ દેવો પણ છે અને એક મિથ્યાદૃષ્ટિ દેવો પણ છે. તો જે જીવો મિથ્યાદૃષ્ટિ છે એ અત્યંત

અત્યંત દુ:ખી થાય છે. એની દેવપર્યાય પૂરી થાય એ પહેલા એ ઝુરી ઝુરીને મરે છે. એટલું બધું એને દુ:ખ થઈ જાય. અર..ર..ર..! આ બધું મારે છોડવું પડશે ? આવું સરસ મારે છોડવું પડશે ? આટલું આટલું છે એ મારે છોડી દેવું પડશે ? એનું ઘણું દુ:ખ થાય છે.

જે સમ્યગ્દૃષ્ટિ દેવો છે એ પુરુષાર્થ વધારે છે. અરે..! હર્ષિત થાય છે. એ તો ખુશી થાય છે કે ઘણા વખતથી જેની ભાવના હતી એવી મનુષ્યપર્યાયને પ્રાપ્ત થશું. સમ્યગ્દૃષ્ટિ છે. અવધિજ્ઞાનમાં તો બેય જાણે છે. પેલાને દુ:ખ થવાનું પણ કારણ છે. એને ખબર છે કે એકેન્દ્રિયમાં જઈશ. મારી ગતિ સારી નથી. આ જે ભોગના પરિણામોમાં જે તીવ્ર રસ લીધો છે, દેવલોકના વૈભવ ભોગવવાના પરિણામોમાં જે તીવ્ર રસ લીધો છે એટલે અવધિજ્ઞાનથી એને ખબર પડે છે કે હું ક્યાં જવાનો છું. એટલે એ દુ:ખી થાય છે. સમ્યગ્દૃષ્ટિને અવધિજ્ઞાનથી ખબર છે કે હું મનુષ્ય થઈને ક્યાં જઈશ. એ ધર્મક્ષેત્રમાં કોઈ મહાવિદેહ આદિમાં ઊપજે છે. એને એમ થાય છે કે હવે સ્વરૂપમાં સ્થિરતા થવાનો મારો અવસર નજીક આવ્યો. મૃત્યુનું જ્ઞાન તો બેયને થાય છે. મૃત્યુનું જ્ઞાન તો બંનેને થાય છે. એકનો દુ:ખ થાય છે અને એકનો સુખ થાય છે. તો જે જ્ઞાન મિથ્યાત્વ સહિત છે તે જ્ઞાન છે એ સંસારના હેતુ અથવા દુ:ખના હેતુરૂપે પરિણમે છે. જે જ્ઞાન સમ્યગ્દર્શન સહિત છે એ સુખના હેતુરૂપે પરિણમે છે અથવા ભવની નિવૃત્તિના હેતુરૂપે પરિણમે છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ ઝુરી ઝુરીને મરે એ નરક કરતા વધારે દુ:ખ છે એવું વાંચવામાં આવ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ છે. બહુ દુ:ખ થાય છે, ઘણું દુ:ખ થાય છે. એકેન્દ્રિય આદિમાં જાશે ને. ઘણું દુ:ખ થાય. એ છ મહિના તો એને દેવલોક નથી. પણ ત્યાં જ એને બધું આવતી ગતિના, આગળની ગતિના પરિણામના દુ:ખ ચાલુ જાણે થઈ ગયા હોય, એવી પરિસ્થિતિ એને દુ:ખની થઈ જાય છે. તો જ્ઞાન સુખનું કારણ કે જ્ઞાન દુ:ખનું કારણ ? સાચું જ્ઞાન સુખનું કારણ અને અજ્ઞાન તે-વિપરીત જ્ઞાન તે દુ:ખનું કારણ છે. આવો સિદ્ધાંત છે. જ્ઞાન તો જ્ઞાન વગરનો કોઈ જીવ નહિ રહે. જીવ જ્ઞાનસ્વભાવી હોવાથી જ્ઞાન વગરનો તો કોઈ જીવ નહિ રહે. જ્ઞાન તો એને થયા જ કરવાનું. હવે જો સાચી સમજણ અને સાચું જ્ઞાન કરે તો સુખનું કારણ થશે અને નહિતર દુ:ખી થાય છે. દુ:ખનું કારણ થશે. સાચી

સમજણ કરવી. એવી સાચી સમજણ કરવી કે જેને લઈને એ સમ્યગ્જ્ઞાનરૂપે આગળ જઈને પરિણમે. એટલે સાચી સમજણ પણ સમ્યગ્જ્ઞાન અનુસારીણી કરવી. સમ્યગ્જ્ઞાનથી જે કહેવાયેલા શાસ્ત્રો છે, સમ્યગ્જ્ઞાનથી જે સાંભળવા મળતું દ્રવ્યશ્રુત છે, એ અનુસાર સમજણ કરવી કે જે આગળ વધીને સમ્યગ્જ્ઞાન રૂપે પરિણમે. કહ્યું ને ? 'જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજ જ્ઞાન, જે જ્ઞાને ક્ષય મોહ થઈ, અથવા જે જ્ઞાને ક્ષય દુઃખ થઈ, પામે પદ નિર્વાણ.' દુઃખનો ક્ષય થાય તો મોહનો ક્ષય થાય, એક જ વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનને સમ્યગ્દર્શનનું કારણ કહેવામાં આવે. ભેદજ્ઞાનને સમ્દર્શનનું કારણ કહેવામાં આવે છે. ... તો એને તો દુઃખનું પણ કારણ કહેવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જે જ્ઞાન સમ્યગ્દર્શનનું કારણ કહેવામાં આવે છે એ જ્ઞાન આત્માભિમુખ થયું છે, સ્વરૂપસન્મુખ થયું છે. એટલે એ જ્ઞાનમાં ચૈતન્યવીર્યની સ્ફુરણાનો પુરુષાર્થ શરૂ થયો છે, એ જ્ઞાનને લઈને થયો છે. કેમકે એ જ્ઞાનને ખબર પડી નિર્ણય થયો, નિશ્ચય થયો કે મારામાં અનંત સુખ છે અને મારામાં અનંત જ્ઞાનાદિ ઐશ્વર્ય છે. અનંત પુરુષાર્થનું સામર્થ્ય પણ મારામાં છે. એટલે પુરુષાર્થ ઉત્પન્ન થાય છે. એ પુરુષાર્થને લઈને જે મિથ્યાદર્શન હતું તે સવળું થઈને સમ્યગ્દર્શનરૂપ પરિણમે છે. એ જ્ઞાનબળનું કારણ છે. એટલે જ્ઞાન સાધન થાય છે, પણ એ પહેલાનું જે જ્ઞાન છે, અજ્ઞાનરૂપ અથવા વિપરીત જ્ઞાન છે એ દુઃખનું કારણ છે. અવિપરીત જ્ઞાન તે સુખનું કારણ છે, એમ લેવું છે.

મુમુક્ષુ :- જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી તો મિથ્યાજ્ઞાન જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં સુધી મિથ્યાજ્ઞાન હોવા છતાં સ્વરૂપ નિશ્ચયના કાળે સ્વરૂપસન્મુખ થાય છે. જે જ્ઞાન મિથ્યાત્વ અવસ્થામાં પણ,... કારણ કે ત્યાં જ્ઞાન મિથ્યા હોવા છતાં તેની સર્વથા અશુદ્ધતા નથી લીધી. જ્ઞાન સર્વથા વિપરીત અને સર્વથા અશુદ્ધ નથી. જો પૂરેપુરું મિથ્યાશ્રદ્ધાની જેમ એ વિપરીત હોત તો એ સાધન ન થાત. મિથ્યાજ્ઞાની જીવને જ પહેલોવહેલો એ અજ્ઞાન છોડવાનો, વિપરીત જ્ઞાન છોડવાનો, મિથ્યાશ્રદ્ધા છોડવાનો, દુઃખનો અભાવ કરવાનો, દોષનો અભાવ કરવાનો, પરમ વિશુદ્ધ, પરમ શુદ્ધ, પૂર્ણ શુદ્ધ થવાનો વિવેક કોને આવે છે ?

મિથ્યાજ્ઞાનમાં આવે છે. મારે મારું આત્મકલ્યાણ કરવું છે એ વિવેક અજ્ઞાનીને પહેલા આવે છે કે જ્ઞાનીને આવે છે ? એટલે જ્ઞાન સર્વથા વિપરીત નથી, સર્વથા અશુદ્ધ નથી. તેથી જ્ઞાનમાં જે સ્વભાવ અંશ છે એ ખુલ્લો ગણીને એને સાધન ગણવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- સ્વભાવ અંશ શુદ્ધ છે એટલે તો લક્ષણથી...

પૂજ્ય ભાઈશ્રી : હા. એટલે લક્ષણથી પકડાય છે. એ લક્ષણને સાધન કહેવામાં આવે છે. એ લક્ષણ છે એ એનું સાધન થયું. જેના અવલંબને લક્ષ સુધી પહોંચ્યો, જે લક્ષણ દ્વારા, જેની મારફત એ લક્ષ સુધી પહોંચ્યો એમ કહેવું છે. એ એક સાધન થયું ને એને ? એટલે જ્ઞાનમાં સાધન ગણવામાં આવ્યું છે એનું કારણ છે. અને એટલા માટે જ આ સ્વાધ્યાય આદિની પરિપાટી છે. પણ રૂઢિ ન થઈ જાય તો. સ્વાધ્યાયની રૂઢિ ન થઈ જાય તો. રૂઢિ થઈ જાય તો ખલાસ. એ પછી જેમ ઓલા પૂજા-ભક્તિની રૂઢિ થઈ જાય છે એવી આ પણ એક રૂઢિ થઈ જાય તો મુસિબત છે પાછી.

મુમુક્ષુ :- સ્વાધ્યાયની આદત પડી ગઈ છે એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ 'સોગાનીજી'એ કહ્યું છે, કે જેમ કોઈને ડાયાબિટીસ થાય તો રોજ Injection લેવાની આદત પડી જાય છે. એમ સાંભળવાની પણ આદત પડી જાય એ પણ Injection લેવાની વાત થઈ ગઈ કે થોડુંક સાંભળી લઉં તો મને ઠીક રહે, થોડુંક સાંભળી લઉં તો મને ઠીક રહે. તો એ રીતે નુકસાન થાય પાછું. રૂઢિમાં ચાલ્યો જાય તો જીવને નુકસાન થઈ જાય. એટલે સમ્યગ્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે. કોણે ? તીર્થંકરદેવ, સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ પણ સમ્યગ્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે. હવે આગળ કહે છે. કાલે અહીં સુધી ચાલ્યું હતું.

**'જેમ જેમ સમ્યક્દર્શન શુદ્ધ થતું જાય છે, તેમ તેમ સમ્યક્ચારિત્ર પ્રત્યે વીર્ય ઉલ્લસતું જાય છે;...'** એક જગ્યાએ એમણે લીધું છે કે સમ્યગ્દર્શનનું નિર્મળત્વ છે એ સમ્યક્ચારિત્રનું કારણ છે એમ કરીને લે છે. એટલે સમ્યગ્દર્શનના સદ્ભાવમાં જેમ આત્માની પર્યાય નિર્મળતાને પ્રાપ્ત થતી જાય છે, તેમ એ સમ્યક્ એટલે સ્વભાવમાં સ્થિરતારૂપ સમ્યક્ચારિત્રને ...

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થયું એ તો નિર્મળ જ થયું. પછી આ તબક્કો શું આવ્યો ?

પૂજ્ય ભાઈશ્રી :- આ તબક્કો એટલે સમ્યગ્દર્શનપૂર્વક આત્માની પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિ, શુદ્ધિની વૃદ્ધિ. શુદ્ધિની વૃદ્ધિ થઈ. શું થાય છે કે દરેક સમયે સમ્યક્શ્રદ્ધા પરિણમે છે ને ? શ્રદ્ધા નામનો ગુણ છે એ સમ્યક્પણે આત્મામાં આત્માને શ્રદ્ધતો સમયે સમયે પરિણમે છે. 'દીપચંદજી' 'અનુભવપ્રકાશ'માં એમ કહે છે કે મોક્ષમાર્ગમાં સમ્યગ્જ્ઞાનીને-સમ્યગ્દષ્ટિને શ્રદ્ધાનો પુટ લાગે છે. શું કીધું ? શ્રદ્ધાનો પુટ લાગે છે. પુટ નથી લાગતો ? સહસ્ત્રપુટી ભસ્મ, સહસ્ત્રપુટી અબરખ ભસ્મ. એક હજારવાર એને અગ્નિની આંચ આપી છે. એનો પટ ચડાવ્યું એને. એવી રીતે પ્રતિસમય જે સમ્યગ્દર્શનનું આત્મશ્રદ્ધાનરૂપ જે શુદ્ધ પરિણમન છે એ નિર્મળતામાં વૃદ્ધિ કરે છે. શું કરે છે ? આત્માને એ નિર્મળ કરે છે. લ્યો, ઠીક ! અને જેમ જેમ નિર્મળતા વૃદ્ધિગત થતી જાય છે તેમ તેમ સમ્યક્ચારિત્ર પ્રત્યે એટલે સ્વભાવમાં સ્થિરતા થવા પ્રત્યે વીર્ય નામ પુરુષાર્થ છે એ ઉલ્લાસિત થાય છે, જોર કરે છે. પુરુષાર્થ શું કરે છે ? જોર કરે છે.

મુમુક્ષુ :- શ્રદ્ધાનું જે પરિણમન છે એમાં સ્થિરતા એટલે ગાઢતા વધતી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમન જેમ જેમ થતું જાય, તેમ તેમ અનંત ગુણો છે એ નિર્મળ થતા જાય છે. આત્મા નિર્મળતાને પ્રાપ્ત થતો જાય છે. શ્રદ્ધા પરિણમે છે એટલે તેનું કાર્ય થાય છે. તો જેમ જેમ કાર્ય ચાલે છે તેમ તેમ એ કાર્યના ફળની પ્રાપ્તિ પણ છે, એમ કહેવું છે. આમાં સમ્યગ્દર્શનનું નામ શું કરવા લીધું છે ? કે એ મૂળમાં કામ કરે છે. એ મૂળમાં કામ કરે છે એટલે શું ? મૂળ તો મૂળ છે. પણ મૂળ મજબૂત છે અને એનું જે પરિણમન છે એમાં જે સિંચન થયા કરે છે, પરિણમનથી સિંચન જે ભાવનું થયા કરે છે, એ પુરુષાર્થને તીવ્ર કરીને સ્વભાવની સ્થિરતામાં લઈ જાય છે, એમ કહેવું છે. સમ્યગ્દર્શન થયું એટલે કાંઈ એક આ ખાનામાં પૈસા મૂકી દીધા દસ હજારની થોકડી, એમ નથી. એનું પરિણમન ચાલે છે. સમયે સમયે એનું પરિણમન, એનું કાર્ય ચાલુ છે. સમ્યગ્દર્શનનું કાર્ય ચાલુ છે અને એ કાર્યવશાત્ એ કાર્ય ચાલુ હોવાને લીધે એ જીવની પર્યાયમાં નિર્મળતા થતી જાય છે. એને સમ્યગ્દર્શનનું શુદ્ધત્વ કહ્યું. સમ્યગ્દર્શન દ્વારા થતું શુદ્ધત્વ તે સમ્યગ્દર્શનનું શુદ્ધત્વ છે. ઠીક ! ભાષા કેટલી કરી. પાણીના પ્યાલાની જેમ. અને એ પુરુષાર્થને વધારે ઉગ્ર

કરે છે, ઉલ્લાસિત કરે છે અને સ્વભાવમાં સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવાનો વખત આવે છે. એ જીવ સ્વભાવમાં સ્થિર થઈ જાય છે. વીતરાગભાવમાં એ સ્થિર રહી શકે છે.

મુમુક્ષુ :- આ પુટ લાગે છે એ બહુ સરસ વાત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાનો પુટ લાગે છે, એમ કહે છે. વારંવાર જે શ્રદ્ધા પરિણમે છે એ શ્રદ્ધાનો પુટ લાગે છે. એ આત્માને પુટ ચડે છે. નિર્મળતા નિર્મળતા વધતી વધતી અને મલિનતાનો ઘસારો હ્રાસ થાય છે. ઘસાતી ઘસાતી મલિનતા ઘટી જાય છે એટલે સ્વરૂપમાં નિર્વિઘ્નપણે સ્થિર રહેવું એ અવસર આવે છે. એવો વખત આવે છે.

મુમુક્ષુ :- બીજા અનંત ગુણ નિર્મળપણે, વધારે નિર્મળપણે પરિણમન થાય છે એનો આરોપ શ્રદ્ધા ઉપર થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- મૂળમાં શ્રદ્ધાને કારણ બતાવ્યું. એને શ્રદ્ધા મૂળ કારણ બતાવ્યું છે. શ્રદ્ધાનું જે પરિણમન છે એ બીજા ગુણોને શુદ્ધપણે પરિણમવામાં એ કારણ બતાવ્યું. શ્રદ્ધા થઈ અને શ્રદ્ધાનું જે પરિણમન ચાલુ રહ્યું તે, બીજા ગુણોના શુદ્ધ પરિણમનમાં, બીજા ગુણોની શુદ્ધતામાં એ કારણ પડે છે.

મુમુક્ષુ :- ગુણમાં અનંત ગુણનું જે રૂપ છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- સ્થિરતાની વૃદ્ધિ થતી જાય છે. કારણ કે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શ્રદ્ધાનું આચરણ છે એ તો ચાલુ જ છે અને એમાં પણ વધતું જાય છે. એમાં પણ વધતું જાય છે. એનું રૂપ પણ વધારે પ્રકાશિત થતું જાય છે.

મુમુક્ષુ :- એ છે એટલે ... નિમિત્ત પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનંત ગુણોમાં. જેવું સમ્યગ્દર્શન થયું કે અનંત ગુણો શુદ્ધ થયા. તો એ સમ્યગ્દર્શન છે એ જેમ જેમ પરિણમન એનું ચાલતું રહેશે (તેમ તેમ) અનંતા ગુણોની શુદ્ધતામાં નિમિત્ત થતું રહેશે. Automatic. એક દ્રવ્યપણાને લીધે અથવા એક દ્રવ્યની અભિન્ન સત્તાને લીધે, અભેદ સત્તાને લીધે એવું એક પદાર્થનું વિજ્ઞાન છે કે શ્રદ્ધાગુણ જ્યાં પરિણમ્યો તો બાકીના ગુણો પણ શુદ્ધ થઈને પરિણમવા લાગે.

**'અને ક્રમે કરીને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવાનો વખત આવે છે, જેથી આત્મામાં સ્થિર સ્વભાવ સિદ્ધ થતો જાય છે,...'** જેથી આત્મામાં

જે સ્થિર સ્વભાવ છે એટલે ચારિત્ર સ્વભાવ છે એ સિદ્ધ થતો જાય છે એટલે પ્રાપ્ત થતો જાય છે. સિદ્ધ થવું એટલે પ્રાપ્ત થવું. '**અને ક્રમે કરીને પૂર્ણ સ્થિર સ્વભાવ પ્રગટે છે;...**' પૂર્ણ ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે. '**અને આત્મા નિજપદમાં લીન થઈ સર્વ કર્મકલંકથી રહિત થવાથી એક શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષમાં...**' કેવો મોક્ષ છે ? કે એક શુદ્ધ આત્મા, પરિપૂર્ણ શુદ્ધ આત્મસ્વભાવરૂપ છે એવા '**મોક્ષમાં પરમ અવ્યાબાધ સુખના અનુભવસમુદ્રમાં સ્થિત થાય છે.**' ત્યાં જેને બાધા ન પહોંચાડી શકાય એવું ઉત્કૃષ્ટ સુખ છે, એ સુખના અનુભવરૂપ સમુદ્રમાં, ઓલો શક્તિરૂપ સમુદ્ર હતો, હવે પ્રગટ અનુભવરૂપ સમુદ્રમાં આત્મા સ્થિર થઈ જાય છે. હવે દિગંબર-શ્વેતાંબરની ખબર પડતી હતી કે નહોતી પડતી ? એનો અર્થ એમ થયો કે ગૃહિત-અગૃહિતની ખબર નહોતી પડતી. એમ હતું ?

જો કોઈ એમ કહે કે ('શ્રીમદ્જી'ને) દિગંબર-શ્વેતાંબરની ખબર ન પડી. તો ગૃહિત-અગૃહિતની ખબર ન પડી એમ થયું ? કેટલી ચોખ્ખી વાત લીધી છે ! સમ્યગ્દર્શન, એની પ્રધાનતા, જ્ઞાનનો અને સમ્યગ્દર્શનનો સંબંધ, સમ્યગ્દર્શન અને ચારિત્રનો સંબધ, સમ્યગ્દર્શન અને મોક્ષનો સંબંધ. આટલી વાત ચોખ્ખી લીધી છે. કેટલી સ્પષ્ટ વાત લીધી ! એ અનુભવજ્ઞાનની પ્રસિદ્ધિ છે કે જે દશાઓ પ્રાપ્ત નથી થઈ તે દશાનું પણ જ્ઞાન થાય છે. મોક્ષ દશા પર્યંતનું જ્ઞાન કર્યું.

મુમુક્ષુ :- મોક્ષ દશા પર્યંતનું જો જ્ઞાન ન થાય તો સમ્યગ્જ્ઞાન કેમ કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી : હા. તો મોક્ષની પ્રતીતિ ક્યાંથી આવી ? નવ તત્ત્વની પ્રતીતિમાં મોક્ષની પ્રતીતિ ક્યાંથી આવી ? એને નવ તત્ત્વની પ્રતીતિ હોઈ શકે નહિ. અને પ્રતીતિ તો જ્ઞાનપૂર્વક આવે ને ? જો મોક્ષની દશાનું જ્ઞાન જ ન હોય તો પ્રતીતિ કોની કરી ? જાણ્યા વિનાનું શ્રદ્ધાન ગધેડાના શિંગડા જેવું છે. ગધેડાને શિંગડા હોય નહિ. પછી એનું શ્રદ્ધાન ક્યાંથી થાય ? કેમકે એનું જ્ઞાન થતું નથી.

આગળ કહે છ, '**સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી જેમ જ્ઞાન સમ્યક્સ્વભાવને પામે છે એ સમ્યક્દર્શનનો પરમ ઉપકાર છે,...**' હવે સમ્યગ્દર્શનની પ્રધાનતાથી વાત કરે છે. કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં જ્ઞાન જે દુઃખના હેતુ રૂપે પરિણમતું હતું એ સુખના હેતુ રૂપે પરિણમવા લાગ્યું

એ જ્ઞાનને સમ્યક્પણું પ્રાપ્ત થયું. મતિ-શ્રુત તો મતિ-શ્રુત હતું પણ એને સમ્યક્પણું પ્રાપ્ત થયું, એ સમ્યગ્દર્શનનો પરમ ઉપકાર છે. કેમકે કોઈ શાસ્ત્રપાઠી જીવને શાસ્ત્ર અનુસાર જ્ઞાન થાય તોપણ સમ્યગ્દર્શન રહિત છે એ જ્ઞાનને શાસ્ત્ર અનુકૂળ હોય તોપણ સમ્યગ્જ્ઞાન એવું કહેવામાં આવતું નથી. એ મિથ્યાજ્ઞાન છે.

મુમુક્ષુ :- બન્નેના કાર્યક્ષેત્ર ઊલટા-સુલટા છે. જ્ઞાન એક છે પણ સમ્યક્ અને મિથ્યાત્વ બેના કાર્યક્ષેત્ર જુદા.

પૂજ્ય ભાઈશ્રી :- ઊલટું-સૂલટું કામ કરે છે. સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન ઊલટું-સૂલટું કામ કરે છે. એક દુઃખનું કારણ બને છે, એક સુખનું કારણ બને છે. એક ભવ વૃદ્ધિ કરે છે, એક ભવનો નાશ કરે છે. એટલો મોટો ફેર છે. જ્ઞાન તો જ્ઞાન છે.

શું કહે છે ? '**સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી જેમ જ્ઞાન સમ્યક્સ્વભાવને પામે છે એ સમ્યક્દર્શનનો પરમ ઉપકાર છે, તેમ સમ્યક્દર્શન ક્રમે કરી શુદ્ધ થતું જઈ પૂર્ણ સ્થિર સ્વભાવ સમ્યક્ચારિત્રને પ્રાપ્ત થાય...**' (છે). ભાષા એવી લીધી છે. પ્રધાનતા બતાવવી છે ને એને. સમ્યગ્દર્શનની પ્રધાનતા બતાવવી છે. સમ્યગ્દર્શન ક્રમે કરીને શુદ્ધ થતું જાય. '**પૂર્ણ સ્થિર સ્વભાવ સમ્યક્ચારિત્રને પ્રાપ્ત થાય...**' કોણ ? સમ્યગ્દર્શન સ્વભાવચારિત્રને પ્રાપ્ત થાય. આત્મા ખરેખર સ્વભાવચારિત્રને પ્રાપ્ત થાય અને એ આત્મા ક્રમે કરીને શુદ્ધ થતો જાય છે. પણ સમ્યગ્દર્શનની પ્રધાનતાથી આત્માની વાત કરવામાં આવે છે. અહીંયાં પ્રકરણ એ ચાલે છે.

મુમુક્ષુ :- ... અવગાઢ ને પરમ અવગાઢ સમ્યગ્દર્શન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો કેવળીગમ્ય છે. પણ એ બીજા ગુણોની અપેક્ષાએ છે. એ પણ જ્ઞાન અને ચારિત્રની અપેક્ષાએ કહેવામાં આવે છે. બાકી તો ક્ષાયિક થઈ ગયું એટલે વાત પૂરી થઈ ગઈ.

બીજું, જેને સમ્યગ્દર્શન છે એને તો પોતાને એવું જરા પણ લાગતું નથી કે મને અનંતમાં ભાગે પણ મારી શ્રદ્ધામાં, આત્માની શ્રદ્ધામાં કાંઈ ફેર છે અથવા ઓછી છે મારી શ્રદ્ધા. ભલે ક્ષયોપશમ સમ્યગ્દર્શન હોય. ઉપશમ તો નિર્વિકલ્પ દશામાં હોય છે. ઉપશમ સમ્યગ્દર્શન તો નિર્વિકલ્પ દશામાં છે. એટલે એમાં એનો વિચાર નથી. પણ ક્ષયોપશમ સમ્યગ્દર્શનને તો અસંખ્ય સમયનો કાળ છે અને એમાં તો ભવભવાંતર થાય છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિ પોતાની શ્રદ્ધાને તપાસે, શ્રદ્ધાના પરિણમનને તપાસે,

અવલોકે. ઠીક ! તો એને સ્પષ્ટ ખાતરી થાય કે મારી પૂરી શ્રદ્ધા છે આત્મામાં. અધૂરી શ્રધ્ધા છે એવું એને લાગતું નથી. આમ છે.

એટલા માટે 'ગુરુદેવે' કહ્યું કે એક તિર્યંચનું સમ્યગ્દર્શન અને એક સિદ્ધ પરમાત્માનું સમ્યગ્દર્શન, એ સમ્યગ્દર્શનની અપેક્ષાએ બંને સરખા છે. એમને ખબર નથી ? અવગાઢ અને પરમ અવગાઢની ખબર છે કે નહિ ? તેરમે-ચૌદમે ગુણસ્થાને છે ઈ. એ બંને સરખા છે. સમ્યગ્દર્શનની અપેક્ષાએ બંને સરખા છે. તિર્યંચ અને સિદ્ધને સરખાપણું કરવું એ વ્યાજબી છે ? તો કહે છે, અપેક્ષાએ તો વ્યાજબી ગણાય. અપેક્ષાએ તો વ્યાજબી જ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનમાં ફેર નથી બંનેમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનો સમ્યગ્દર્શનનો વિષય આત્મા બંનેનો સરખો જ છે. દરેકને પોતાનો આત્મા સમ્યગ્દર્શનમાં શ્રદ્ધાય છે તે સરખો જ છે. ઓછો-અધુરો નથી શ્રદ્ધાતો, એમ કહે છે. વિષય સરખો છે અને પૂરી શ્રદ્ધા પરિણમે છે. શ્રદ્ધાનો અધૂરું પરિણમવાનો સ્વભાવ નથી.

અહીંયાં આત્મા નિર્મળ થતો જાય છે ને ? એટલે '**પૂર્ણ સ્થિર સ્વભાવ સમ્યક્ચારિત્રને પ્રાપ્ત થાય તેને અર્થે સમ્યક્જ્ઞાનના બળની તેને ખરેખરી આવશ્યકતા છે.**' અને તેના માટે સમ્યગ્જ્ઞાનપૂર્વકના પુરુષાર્થની ખરેખરી આવશ્યકતા છે. બળ એટલે પુરુષાર્થ લેવો. ખરેખર તો મોક્ષમાર્ગના પ્રારંભથી માંડીને અંત સુધી જે કાંઈ પરિણમન છે મોક્ષમાર્ગીનું, એમાં પુરુષાર્થનો જ અધિકાર છે. ઠીક !

બે જીવ લઈએ. બે જીવને ભગવાનના સમવસરણમાં એક સાથે ક્ષાયિકસમકિત થયું. બરાબર ? એનું જ્ઞાન પણ સમ્યક્ થઈ ગયું. હવે એક જીવ... બેય પાછા દ્રવ્યલિંગીમાંથી ભાવલિંગીમાં આવશે. દ્રવ્યલિંગી છે માનો અને ક્ષાયિક થઈ ગયું. એકને ભાવલિંગ આવતા વાર લાગશે અને એક ભાવલિંગી તરત થાય. એક ભાવલિંગી થઈને પાછા તરત કેવળજ્ઞાન પ્રગટાવશે અને એકને જતા સમય લાગશે. કારણ શું ? કે પુરુષાર્થનું કારણ છે. જેટલો પુરુષાર્થ તીવ્ર એટલી સિદ્ધિ નજીક-સમીપ. જેટલો પુરુષાર્થ મંદ એટલી મોક્ષરૂપ સિદ્ધિ એટલી વાર લાગે. એટલી દૂર છે. એટલે આખો આધાર પુરુષાર્થ ઉપર છે એમ કહેવું છે. ...

'**પૂર્ણ સ્થિર સ્વભાવ સમ્યક્ચારિત્રને પ્રાપ્ત થાય તેને અર્થે...**' શુદ્ધ થતાં... થતાં... થતાં... પૂર્ણ સમ્યક્ચારિત્ર થાય તેના માટે, તેના કારણ

માટે '**સમ્યક્જ્ઞાનના બળની તેને ખરેખરી આવશ્યકતા છે.**' સમ્યક્જ્ઞાનનું બળ એટલે સમ્યક્જ્ઞાનપૂર્વકનો સમ્યક્ પુરુષાર્થ છે એની ખરેખરી આવશ્યકતા છે. અને '**તે સમ્યક્જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય...**' સમ્યગ્જ્ઞાન એટલા માટે લીધું કે એનું નિમિત્ત બતાવવું છે હવે. '**તે સમ્યક્જ્ઞાન પ્રાપ્તિનો ઉપાય વીતરાગશ્રુત અને તે શ્રુતતત્ત્વોપદેષ્ટા મહાત્મા છે.**' વાત ક્યાંક ખેંચીને લઈ જવી છે ને ? જે કહેવા ધાર્યું છે એ બાજુ વાતને વાળવી છે ને ? વિષય બાજુ વાતને લઈ જવી છે ને ? એટલે કહેવાની પદ્ધતિ એ પ્રમાણે આવે છે.

સમ્યગ્દર્શનથી વાત લીધી પૂર્ણતાની, પૂર્ણતા થવા અર્થે સમ્યગ્જ્ઞાન પૂર્વકનો પુરુષાર્થ લીધો અને એ સમ્યગ્જ્ઞાનના પુરુષાર્થની વૃદ્ધિમાં નિમિત્ત છે વીતરાગશ્રુત અને તે શ્રુતતત્ત્વના ઉપદેશક એવા મહાપુરુષ-મહાત્માપુરુષ. આ એની પ્રાપ્તિનો ઉપાય છે. એટલે શ્રુત અને ઉપદેશક પ્રત્યે, જ્ઞાની અને જ્ઞાનના ઉપદેશ પ્રત્યે વાળે છે એમ છે. કેમકે વાત તો મુમુક્ષુને કરવી છે ને આ બધી ?

'**વીતરાગશ્રુતના પરમ રહસ્યને પ્રાપ્ત થયેલાં અસંગ અને પરમકરુણાશીલ મહાત્માનો યોગ પ્રાપ્ત થવો અતિશય કઠણ છે.**' હવે જુઓ ! શ્રુતને એક બાજુ મૂકી દીધું. શ્રુતની વાત મૂકી દીધી. હવે પ્રત્યક્ષ નિમિત્તની વાત છે. વજન એમનું છે એટલે સરવાળે વાત તો ત્યાં લઈ જાય છે. તે '**વીતરાગશ્રુતના પરમ રહસ્યને પ્રાપ્ત થયેલા...**' ગૂઢ રહસ્ય છે. જે વીતરાગશ્રુત છે ગ્રંથોની અંદર, સત્શાસ્ત્રોની અંદર જે છે એના રહસ્યને કોણ પ્રાપ્ત થયા છે ? કે એ મહાત્માઓ છે એ એના રહસ્યને પ્રાપ્ત થયા છે. કેવા છે તે મહાત્માઓ ? કે અસંગ છે. એને કોઈની અપેક્ષા નથી. કોઈના સંગની અપેક્ષા નથી. અને છતાં એ પરમ કરુણાશીલ છે. જગતના દુઃખી જીવો પ્રત્યે એમને નિષ્કારણ કરુણા આવે છે. એવા મહાત્મા કોઈ હોય તો એનો યોગ થવો તે અતિશય કઠણ છે, ઘણો દુર્લભ છે. આવો યોગ થવો તો ઘણો દુર્લભ છે.

મુમુક્ષુ :- લાખો-કરોડો રૂપિયા આપતા જે પ્રાપ્ત ન થાય એ સત્પુરુષથી પ્રાપ્ત થાય.

પૂજ્ય ભાઈશ્રી :- કરોડો-અબજો શું ? ગમે તે આપતા પ્રાપ્ત ન થાય. એ જાત જ જુદી છે. પૈસાના પુણ્યની જાત જુદી છે, દેવલોકના પુણ્યની જાત જુદી છે, રાજાધિરાજ-સત્તા આદિના પુણ્યની જાત જુદી છે

અને આવો યોગ પ્રાપ્ત થવો તેની જાત જુદી છે. ઠીક ! ‘અમેરિકા’ના President છે એને સત્તા પણ છે અને પૈસા પણ છે. એના Aeroplane માં બધી જાતની સગવડ છે. Office ની સગવડ છે ને ન્હાવાના Tub ની સગવડ છે, Telephone ની સગવડ છે. બધું બતાડે. અને એક ગરીબમાં ગરીબ દરિદ્રી પણ આવા મહાપુરુષના યોગમાં આવેલો જીવ હોય તો પુણ્ય કોના મોટા ?

મુમુક્ષુ :- દરિદ્રીના. સત્પુષનો યોગ મળ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- સત્પુરુષનો યોગ મળ્યો એના પુણ્ય મોટા. મહાપુરુષનો યોગ મળ્યો એના પુણ્ય મોટા છે. ઓલાના નહિ. દેવલોકનો દેવ હોય તો એના પુણ્ય નથી. આ તો હજી બધા મનુષ્ય છે એટલે સમજવા જેવા છે. કેમકે એના શરીર સડી જાય છે. ઓલાને તો શરીર પણ સડતા નથી.

શું કહે છે ? કે ‘**વીતરાગશ્રુતના પરમ રહસ્યને પ્રાપ્ત થયેલા અસંગ અને પરમકરુણાશીલ મહાત્માનો યોગ પ્રાપ્ત થવો અતિશય કઠણ છે.**’ કેમકે એને સ્પૃહા નથી ને. એટલે સામેથી તો એને કોઈની સાથે જવાનો પ્રશ્ન નથી. ગોતતો ગોતતો કોઈ આવે તો એને એનો સંગ થાય. એને શોધતો શોધતો આવે તો. નહિતર તો યોગ અયોગ બરાબર થઈ જાય. શોધ્યા વગરનો યોગ થઈ જાય તો યોગ અયોગ થઈ જાય છે. ખરું ? આવા કોઈ મહાપુરુષ મને મળી જાય તો એની શોધમાં હું નીકળું અને એના ચરણમાં જઈને નિવાસ કરું. એમ એને ગોતતો નીકળે અને મળે એની બીજી વાત છે અને વગર ગોત્યે કો’કને મળી જાય એની વાત પણ બીજી છે. વગર ગોતે પુણ્યયોગે મળી જાશે એ વેડફી નાખશે. શું કરશે ? એવા યોગના અવસરને એ વેડફી નાખશે. એને કિંમત નહી આવે કે મને કેવા મહાપુરુષનો યોગ થયો છે. માટે હું એનો લાભ લઈ લઉં. એમણે જે રહસ્ય પ્રાપ્ત કર્યું છે એ રહસ્યના ઊંડાણને પકડવા માટે હું મારી પૂરી શક્તિનો ઉપયોગ કરી લઉં. સમય અને શક્તિનો ત્યાં ઉપયોગ કરું. એ એને નહિ સૂઝે. એમ ને એમ ભાગ્યે જો કોઈને એ યોગ મળી ગયો હશે તો એ વેડફી નાખશે. એને યોગ અયોગ છે. અને ગોતતો ગોતતો ગયો હશે એ એને છોડશે નહિ. એનું રહસ્ય એ પકડી લેશે. પછી યોગ વધારે રહે કે ઓછો રહે સમયનો એ તો પુણ્યાધીન છે પણ એના રહસ્યને એ પકડી લેશે.

મુમુક્ષુ :- આવા કાળમાં 'ગુરુદેવશ્રી'નો યોગ મળ્યો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં પણ બે પ્રકાર થાય કે ન થાય ?

મુમુક્ષુ :- સમજાવો હવે. ભૂલ થાય તો અમારે શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- એમ ને એમ પુણ્યયોગે મળી ગયો મફતમાં, વેડફી નાખ્યો. અને ગોતતો ગોતતો ગયો એણે કામ કરી લીધું. બે વચ્ચે ફેર છે. યોગ થવામાં પણ બે પ્રકારે યોગ થાય છે. બેય પુણ્યયોગ જ છે, હોં ! પુણ્યયોગ તો પુણ્યયોગ છે. પણ જેને યોગ થાય છે, સંયોગ થાય છે એ બેયની યોગ્યતા જુદી છે. યોગમાં યોગ્યતા જુદી જુદી હોય છે. એકસરખી યોગ્યતા હોતી નથી. એમ છે.

મુમુક્ષુ :- પુણ્યયોગે સહજ મળી ગયા હોય અને ગોતતો ગોતતો આવે... હવે ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ સદ્ભાવના કરેલી ઓઘે-ઓઘે. કેવી રીતે કરેલી ? ઓઘે-ઓઘે કરેલી.

મુમુક્ષુ :- ઓઘે ઓઘે કરેલી પણ અંદરની જે ... ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિ-નહિ. ઓઘે-ઓઘે. લોલમાં લોલ થઈ ગયું હોય. ભાવ તો કોઈ નિષ્ફળ જતા નથી. એટલે પુણ્ય બંધાય જાય. અને પુણ્ય બંધાય જાય અને યોગ થઈ જાય. પણ એ યોગમાં એને જાગૃતિ આવે તો એના ધન્ય ભાગ્ય છે. જાગૃતિ ન આવી... એ દૃષ્ટાંત એવું છે, બાપ કમાઈ અને આપ કમાઈ જેવું છે. ઠીક ! ઓઘે ઓઘે પુણ્ય બાંધીને સત્પુરુષના સંયોગમાં આવ્યો તે બાપ કમાઈવાળો છે. એને પૈસાની કિંમત નથી. એમ ને એમ વેડફી નાખે.

મુમુક્ષુ :- અને ઓલો પૈસા વાપરતા અચકાય.

પૂજ્ય ભાઈશ્રી :- અને ઓલો લેખે વાપરે, અલેખે વાપરે નહિ. એક લેખે વાપરે અને એક અલેખે વાપરે. એના જેવી વાત છે. ગોતતો ગયો છે એ આપ કમાઈવાળો છે. એ એનો પૂરો કસ કાઢી લેશે. એવું છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી' ગોતતા ગોતતા આવ્યા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- જુઓને ! એમ છે. બેય દૃષ્ટાંતો તો ખુલ્લા છે. જીવંત દૃષ્ટાંતો છે. પુરાણ વાંચવું પડે એવું નથી. પુરાણ લખાયા પહેલા આપણી ઉપસ્થિતિમાં જ એ બધા પૌરાણિક જીવંત દૃશ્યો થઈ ગયા છે. ઠીક !

મુમુશ્રુ :- 'ગુરુદેવશ્રી'નું પણ એવું જ હતું ને ? એ પણ ગોતતા

ગોતતા જ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ શોધમાં નીકળેલા પણ એમને મહાપુરુષનો યોગ ન મળ્યો અને 'સમયસાર' મળી ગયું.

મુમુક્ષુ :- 'સમયસાર' હાથમાં આવતા જ...

પૂજ્ય ભાઈશ્રી :- એ શોધમાં નીકળેલા હતા તો તરત થઈ ગયું. 'સમયસાર' તો બધાએ ઘણીવાર વાંચ્યું છે. એમણે પહેલી વાર વાંચ્યું અને પ્રાપ્ત થયું. બીજાએ ઘણી વાર વાંચ્યું અને પ્રાપ્ત ન થયું. કેમ ? કે એ આપ કમાઈથી શોધવા નીકળ્યા હતા અને આ બાપ કમાઈથી 'સમયસાર' હાથમાં આવી ગયું. પુણ્યના યોગે હાથમાં આવી ગયું, એમ ને એમ મફતમાં. એવું છે.

મુમુક્ષુ :- આ પંદર લીટીમાં તો કેવું લખી નાખ્યું ! કેટલી પ્રેરણા મળે છે !

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી વાતો લખી. આ પત્ર તો વાંચવા જેવો છે.

'**વીતરાગશ્રુતના પરમ રહસ્યને પ્રાપ્ત થયેલા અસંગ અને પરમકરુણાશીલ મહાત્માનો યોગ પ્રાપ્ત થવો અતિશય કઠણ છે. મહદ્‌ભાગ્યોદયના યોગથી...**' કેવી રીતે ? '**મહદ્‌ભાગ્યોદયના યોગથી જ તે યોગ પ્રાપ્ત થાય છે એમાં સંશય નથી.**' કોઈ એવો જુદી જાતના પુણ્યનો ઉદય હોય. ભાગ્યોદયમાં પણ જુદી જાતનો ભાગ્યોદય. ઓલો નહિ. 'અમેરિકા'નો President થઈ જાય અને દેવલોકનો દેવ થઈ જાય એની વાત નથી. અબજોપતિ થઈ જાય, Multimillioner થઈ જાય એની વાત નથી. એ ભાગ્યની વાત નથી. એ પુણ્ય પાપાનુબંધી છે. ક્યાંયને ક્યાંય નરકમાં લઈ જશે.

'**કહ્યું છે કે :**'

'**तहा रुवाणं समणाणं**' -

'**તે શ્રમણમહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણ પરમપુરુષે આ પ્રમાણે કહ્યાં છે :**' અહીંયાં અસંગ લીધા ને એટલે મુનિ લીધા છે. સમજ્યાં ? '**વીતરાગશ્રુતના પરમ રહસ્યને પ્રાપ્ત થયેલાં અસંગ...**' 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' જેવા દિવ્યંત મહામુનિરાજ છે એ મહાત્માઓનો યોગ થવો તે અતિશય કઠણ છે. કેમકે તે જંગલમાં રહે છે. એને ગોતવા જવા પડે છે. એ જંગલમાં રહે છે. એ કાંઈ વસતીમાં રહેતા નથી. એની પાછળ

ગોતવા જાવું પડે છે. સમ્યગ્દૃષ્ટિ, રાજાઓ, શ્રીમંતો હતા એક જમાનામાં. એ પાંચ-પંદર દિ' કોઈ મુનિરાજને ન જોવે, પોતે સમ્યગ્જ્ઞાની હોય, હોં ! જ્ઞાનદશામાં આવેલા હોય, પણ પાંચ-પંદર દિ' કોઈ મુનિરાજને ન જોવે નગરમાં પધારેલા તો ગોતવા નીકળે. પર્વતોમાં, ગુફાઓમાં, સ્મશાનમાં બધે ઘોડા લઈને આંટા મારી આવે. કેમકે ગાડી તો રસ્તો હોય ત્યાં ચાલે અને ઘોડા તો ડુંગરામાં પણ ચડી જાય, ખીણમાં પણ જાય, ગુફામાં પણ જાય. ઘોડા લઈને નીકળે, ગોતવા નીકળે. એ શું બતાવે છે ? એને ગરજ છે એમ બતાવે છે. એ એની પાસેથી સાચો માલ લેશે. ગોતવા નીકળ્યા છે એ એની પાસેથી સાચો માલ લેશે. કેમકે એ સાચા ઘરાક છે. દુકાને ઘરાક બે જાતના આવે છે કે નહિ ? એક ભાવ પૂછવાવાળા અને એક લેવાવાળા. તો ભાવ પૂછવા ઘણા હોય, લેવાવાળા તો કો'ક નીકળે. એના જેવું છે.

મુમુક્ષુ :- '**तहा रुवाणं समणाणं**' આનો અર્થ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- '**तहा रुवाणं समणाणं**' '**समणाणं**' એટલે શ્રમણ મહાત્મા. '**रुवाणं**' નો અર્થ એટલે એ રીતે, તે પ્રકારે. '**समणाणं**' શ્રમણ મહાત્મા.

'**તે શ્રમણમહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણ પરમપુરુષે...**' એટલે વીતરાગોએ '**આ પ્રમાણે કહ્યાં છે :**' લ્યો ! વીતરાગે મુનિદશાનું સ્વરૂપ કેવી રીતે કહ્યું છે એ હવે પોતે કહેશે. આ મુનિરાજ કેવા હોય એ.

'**અભ્યંતરદશાનાં ચિહ્ન તે મહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણથી નિર્ણીત કરી શકાય;...**' અભ્યતંરદશાના ચિહ્ન એટલે અંદરમાં એમની અભ્યંતરદશા કેવી હોય ? '**તે મહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણથી નિર્ણીત..**' એટલે વ્યવહારથી નિશ્ચયને ઓળખી લે, એમ. હજી વ્યવહારનું ઠેકાણું ન હોય, વ્યવહાર તોડતા હોય તો એના નિશ્ચયનો વિચાર કરવાની વાત રહેતી નથી.

'**જોકે પ્રવૃત્તિલક્ષણ કરતાં અભ્યંતરદશા વિષેનો નિશ્ચય અન્ય પણ નીકળે છે.**' કેમકે કોઈ દ્રવ્યલિંગી પણ હોય. બેય વાત લીધી. '**જોકે પ્રવૃત્તિલક્ષણ કરતાં અભ્યંતરદશા વિષેનો નિશ્ચય અન્ય પણ નીકળે છે.**' એટલે કે પ્રવૃત્તિ મુનિ જેવી હોય, પણ મુનિ ન પણ હોય. '**કોઈ એક શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુને તેવી અભ્યંતરદશાની પરીક્ષા આવે છે.**' જેનું તેનું

કામ નથી. બુદ્ધિવાળો પરીક્ષા કરશે એમ ન લીધું. '**શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુને તેવી અભ્યંતરદશાની પરીક્ષા આવે છે.**' શુદ્ધવૃત્તિમાનનો અર્થ શું ? કે જેની વૃત્તિ શુદ્ધ એટલે શુદ્ધ અંતઃકરણવાળી છે કે પોતાનું આત્મહિત જ કરવું છે અને તે આત્મહિતમાં આનું પરિણમન, એના વચનો, એની પ્રવૃત્તિ મને અનુકૂળ છે કે નહિ ? શું મેળવે છે ? બહુ સારી વાત લીધી. શુદ્ધ વૃત્તિમાન કરીને.

શુદ્ધવૃત્તિમાન જીવ મુમુક્ષુ કેવો હોય ? શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુ. એટલા શબ્દ પડ્યા છે. એ કેવો હોય ? કે જ્યારે કોઈપણ મહાત્માનો એને યોગ થાય ત્યારે એની બાહ્યાભ્યંતર દશા આ આત્માને શુદ્ધતા થવામાં નિમિત્ત થાય છે કે નહિ ? એનું અવગાહન અને અવલોકન કરી શકતો હોય. એટલે તરત ખબર પડે કે મારા પરિણમનમાં આ નિમિત્ત પડે છે.

'સોગાનીજી'નું દૃષ્ટાંત આપણે લઈએ. એ તો બહુ સરસ છે. 'ગુરુદેવ'નો કોઈ લાંબો પરિચય તો હતો નહિ. 'ગુરુદેવે' કેટલા શાસ્ત્રો વાંચ્યા છે એ ખબર નથી. 'ગુરુદેવ' ત્યાગી દેખાય છે તો પહેલા કયા સંપ્રદાયમાં હતા અને શું (હતા), એ કાંઈ ઈતિહાસ જોયો નથી. કેટલા વખતથી 'સોનગઢ' રહે છે એની કાંઈ ખબર નથી. કાંઈ નહિ. સાવ નવા નવા આવ્યા છે. તોપણ ઓળખાણ ક્યાંથી થઈ ગઈ આટલી બધી ? સાથે રહેવાવાળાને જેટલી ઓળખાણ ન થાય એને કલાકમાં ક્યાંથી ઓળખાણ થઈ ગઈ ? લ્યો, ઠીક ! આનું શું રહસ્ય છે ? સાથે વર્ષોથી રહ્યા હોય. ૧૦-૧૦, ૨૦-૨૦, ૨૫-૨૫ વર્ષ સાથે રહ્યા હોય. આમને એક કલાકમાં ક્યાંથી ઓળખાણ થઈ ? કે એમના ભાવો છે એ આ પોતાના આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધે Touch થતા હતા-સ્પર્શી જતા હતા. એમના આત્માને એ સ્પર્શી જતા હતા. એમની જે શુદ્ધવૃત્તિ હતી, પોતાને પરમ કલ્યાણ કરવાની જે શુદ્ધ વૃત્તિ હતી એને એ ભાવો સ્પર્શતા હતા. એટલે અહીંયાં શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુની વૃત્તિરૂપ ભાવ અને અહીંયાં મહાપુરુષનો ભાવ, આ Interlink થઈ જાય છે. બેયનો નિમિત્ત-નૈમિત્તિક સદૃશ્ય ભાવે સંબંધ થઈ જાય છે. એટલે તરત ખબર પડે છે. Light થાય છે. અહીંયાં આમ કેમ થયું ? ત્યાં છે માટે આમ થયું.

મુમુક્ષુ :- ઘણી વાર એવો અનુભવ થયો હોય, મનમાં જે પ્રશ્ન ઉઠ્યો હોય, 'ગુરુદેવ'નું પ્રવચન સાંભળવા જાય અને જવાબ મળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- અને જવાબ મળી જાય. એ તો વાણીનો

અતિશય છે. એ તો વાણીનો અતિશય છે અને આ ભાવની વાત છે. આ તો ભાવ સુધી પહોંચી ગયા. વાણી સુધી નહિ, ભાવ સુધી પહોંચી ગયા.

જે ભાવના નિમિત્તે વાણી નીકળે છે એ તો ત્યારપછીનું Stage છે, એ ભાષાનું મૂળિયું એ ભાવ છે. એ ભાવને પકડ્યો. મૂળિયું પકડી લીધું અને ઓળખાણ થઈ ગઈ કે બરાબર છે. મારો આત્મા સાક્ષી પૂરે છે. મારે કોઈને પૂછવાની જરૂર નથી કે આ મહારાજ પહેલા શું હતા અને કેમ હતું અને કેમ થયું ને આપણે ... ક્યારે એમને જ્ઞાન થયું ? કાંઈ ઈતિહાસ પૂછ્યો નથી. પોતાના ભાવ સાથે સંધિ થઈ ગઈ. વાત પૂરી થઈ ગઈ. જાવ. એનું નામ અંતરદૃષ્ટિ છે. આનું નામ અંતરદૃષ્ટિ છે કે જે અંતરદૃષ્ટિએ કરીને, અંતરદૃષ્ટિ વડે સામા મહાપુરુષની ઓળખાણ થઈ જાય.

એનો અર્થ એ થયો કે એટલી તૈયારી પોતાની હોય ત્યારે થાય. સત્પુરુષ તો સત્પુરુષ છે પણ પોતાની એટલી અંતરમાં નિર્મળતા થાય છે ત્યારે એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભજે છે અને ત્યારે એને પ્રતીતિ આવે છે. પ્રતીતિ આવે છે ત્યારે જે દશાની પ્રતીતિ આવે છે... કેમકે શુદ્ધાત્મા દર્શાવે છે ને ? એમણે જોયું કે આ શુદ્ધાત્મા દર્શાવે છે એમ નહિ, શુદ્ધાત્મા જોઈને શુદ્ધાત્મા દર્શાવે છે. શુદ્ધાત્માને દર્શાવે છે એટલું નહિ પણ શુદ્ધાત્માને દશ્ય કરીને દર્શાવે છે. ત્યાં સુધી નજર પહોંચે છે. આને અંતરદૃષ્ટિ કહે છે. જેણે શુદ્ધાત્મા જોયો એણે પરમાત્મા જોયો. તો જે મહાત્મા પોતાની પરિણતિમાં પોતાના પરમાત્માને જોવે છે, એ સ્વરૂપાકારે પરમાત્માના આકારે થયેલું જે પરિણમન થયું અને એનો વિષય જે પરમાત્મા, એ બેય એને દેખાય છે. એટલે એને પરમાત્માના દર્શન થાય છે. કોનામાં ? સત્પુરુષમાં પરમાત્માના દર્શન થયા. માટે એને સત્પુરુષ પ્રત્યે પરમેશ્વરબુદ્ધિ ઉત્પન્ન થઈ જાય છે. આમ છે. આ હિસાબ-કિતાબની વાત થઈ ગઈ. સીધું Logic થઈ ગયું.

મુમુક્ષુ :- હવે 'શ્રીમદ્જી'ની આપણે અભ્યંતરદશા 'ધન્ય આરાધના' આવશે એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એ બધી ઘણી વાતો છે, ઘણી વાતો છે.

મુમુક્ષુ :- એની અભ્યંતરદશા દેખીએ તો પોતાને અભ્યંતરદશા એવી થાય.

પૂજ્ય ભાઈશ્રી : હા. એ કારણ છે. જો સત્પુરુષની અભ્યંતરદશા એટલે ઊંડે જઈને, પોતાની નિર્મળતા પ્રગટ કરીને, પોતાની યોગ્યતા

પ્રગટ કરીને જોવામાં આવે તો એને પોતાને પણ એ જ દશા પ્રાપ્ત થવાનું બીજડું ત્યાં રોપાય જાય. જ્યાં ઓળખાણ થઈ ત્યાં પ્રથમ સમકિત થયું. ૭૫૧માં ત્રણ સમકિત લીધા ને ? 'કારણ ગણી પ્રત્યક્ષ.' ત્યારે એ મહાપુરુષ કહે છે કે હું તારામાં પ્રત્યક્ષ કારણ જોઉં છું. સમ્યગ્દર્શન થવાનું તારામાં હું પ્રત્યક્ષ કારણ જોઉં છું કે હવે તને સમ્યગ્દર્શન થવાનું છે.

મુમુક્ષુ :- કારણ જોયું ત્યારે જ 'સોભાગભાઈ'ને લઈ ગયા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. લઈ ગયા ને. એમને તો વચમાં એક પત્રમાં પ્રશ્ન કર્યો છે કે તમને બીજજ્ઞાનની પ્રાપ્તિ છે એટલે આ બીજડું પડી ગયું છે. તમે અમને ઓળખી લીધા છે એમાં અમને શંકા નથી. 'સોભાગભાઈ'એ પોતાને ઓળખ્યા છે એમાં એમને શંકા નથી. તમને બીજજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી આગળની દશા કેમ નથી થતી ? જરાક મોડું થયું છે. જોકે બેનો સંયોગ રહ્યો છે છએક વર્ષનો. છએક વર્ષનો સંયોગ રહ્યો છે અને એ ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ સાતેક વર્ષનો સંયોગ રહ્યો છે. સાત વર્ષનો યોગ થયો છે. સાત વર્ષમાં એમણે અનંત ભવનું સાટું વાળ્યું. સાત વર્ષના પરિચયમાં અનંત ભવનું સાટું વાળ્યું. આગળની દશા કેમ નહિ ? વચ્ચે પ્રશ્ન કર્યો. આ સાત વર્ષ ગયા એમાં વચ્ચે પ્રશ્ન ઉઠાવ્યો. આમ કેમ છે ? તમને આગળની સ્થિતિ આવવી જરૂરી છે.

મુમુક્ષુ :- એ મારી જેમ ઠોઠ નિશાળિયા નહોતા.

પૂજ્ય ભાઈશ્રી :- માસ્તર પણ જુદા અને શિષ્ય પણ જુદા. ગુરુ જુદા અને શિષ્ય પણ જુદા. એવું છે. એ યોગ્યતા જુદી વસ્તુ છે. યોગ્યતા છે એ બહુ મોટી વાત છે.

**'એવા મહાત્માઓના સમાગમ અને વિનયની શી જરૂર ?'** હવે એક બહુ સરસ વાત ઊપાડી એમણે પાછી, જુઓ ! ઠીક છે, માસ્તર ભણાવે. આપણે એને ફી દઈ દઈએ. માસ્તર ભણાવે તો કાંઈ મફત ભણાવતા નથી. આપણે એને ફી દઈ દેશું. એમ ગુરુ ઉપદેશ આપે તો આપણે એને રોટલા-પાણી, બીજું, ત્રીજું આ વહોરાવીએ, એના કપડા લાવી દઈએ ત્યાગી હોય તો. એ ક્યાં રળવા જાય છે ? એની આજીવિકાનું આપણે બધું સાધન રહેવા-કરવાનું મકાન કરી દઈએ. બધી વ્યવસ્થા કરી દઈએ. તો કહે છે, એમ નહિ. વિનય જુદી વસ્તુ છે.

**'એવા મહાત્માઓના સમાગમ અને વિનયની શી જરૂર ?'** એકલો

સમાગમ ન લીધો, બીજો વિષય નાખ્યો અંદર હવે. જુઓ ! એ વિનયની વાત લે છે હવે. ગમે તેવો પુરુષ હોય, કોઈ પણ માણસ હોય પણ સારી રીતે શાસ્ત્ર વાંચી સંભળાવે. પૂર્વે જે આચાર્યો થયા છે, મહાત્મા પુરુષો થયા છે એનું શાસ્ત્ર આપણને સંભળાવે અને વાંચી સંભળાવે. ગમે તેવો માણસ હોય. આપણને તો વાત તો એ 'સમયસાર'ની કરવાનો છે ને ? ઠીક ! ગમે તેવો પુરુષ હોય. વાંચનારો ગમે તે હોય એનું આપણે શું કામ ? વાંચે છે તો 'સમયસાર' ને ? એમ ન હોય. ગંગાજળ પીવું હોય તો દારૂ પહેલા પીધો હોય એ દારૂવાળા પ્યાલામાં ગંગાજળ નાખીને ન પીવાય.

મુમુક્ષુ :- દારૂડિયો ગંગાજળ લાવીને આપે તો એ ગંગાજળ ન પીવાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કારણ કે એના વાસણના ઠેકાણા નહિ હોય. એમ છે.

**'ગમે તેવો પુરુષ હોય પણ સારી રીતે શાસ્ત્ર વાંચી સંભળાવે તેવા પુરુષથી જીવ કલ્યાણનો યથાર્થ માર્ગ શા માટે ન પામી શકે ?'** આ પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે. એ વિષયમાં ઉહાપોહ કરે છે પોતે. ગમે તેવો માણસ હોય, સત્શાસ્ત્ર વાંચી સંભળાવે તો પછી એમાં જે માર્ગ કીધો છે એ કીધા પ્રમાણે કહેશે. શાસ્ત્ર પ્રમાણે બોલશે. એથી બીજું ન બોલે. બીજું બોલે એ તો જુદી વાત થઈ ગઈ. આ તો એ ન બોલે એની વાત છે, હોં ! તોપણ. શાસ્ત્ર અનુસાર બોલે એમ નહિ, ગમે તેવો હોય એમ નહિ, એને પોતાને નિર્મળતા હોવી જોઈએ, એની યોગ્યતા હોવી જોઈએ. **'એવી આશંકાનું સમાધાન કરવામાં આવે છે :'** એમણે કેટલો વિચાર કર્યો છે ! એક Article લખ્યો છે પણ કેટલો વિચાર કરીને લખ્યો છે ?

**'એવા મહાત્માપુરુષનો યોગ બહુ બહુ દુર્લભ છે.'** જે એવા નિર્ગ્રંથ મહાત્મા હોય, જ્ઞાનીપુરુષો હોય એનો યોગ તો બહુ બહુ દુર્લભ છે. **'સારા દેશકાળમાં પણ...'** અત્યારે તો ઘણો કાળ હીણો છે. અત્યારે તો મળે નહિ. પણ **'સારા દેશકાળમાં પણ એવા મહાત્માનો યોગ દુર્લભ છે; તો આવા દુઃખમુખ્ય કાળમાં...'** કેવો કાળ છે આ ? જેમાં દુઃખની મુખ્યતા છે. **'તો આવા દુઃખમુખ્ય કાળમાં તેમ હોય એમાં કંઈ કહેવું રહેતું નથી.'** એમાં તો કહેવાની વાત જ નથી કે એવા મહાત્મા મળે. એ વાત રહેતી નથી.

'ગુરુદેવ' તો કહેતા હતા, કે કોઈ અત્યારે ભાવલિંગી સંત મળે તો એના પગના તળિયા ચાટીએ. શું કહે ? જ્ઞાની થઈને કેટલી ગરજ બતાવે છે ! સંયોગની. ઉપદેશ તો પછી મળશે. પણ પહેલા દર્શન થાય તો એના પગના તળિયા ચાટીએ. અને એક બીજી વાત બહુ કહેતા કે, કોઈ એવા ભાવલિંગી સંત મળે તો એની વાંહે હાલી નીકળીએ. એની વાંહે આ બધી વાત છોડીને ચાલી નીકળીએ. અમે એની વાંહે વાંહે ચાલી નીકળીએ. ઠીક ! એ જંગલમાં જાય તો જંગલમાં, જ્યાં જાય ત્યાં. એટલી ગરજ હતી. અત્યારે તો કાંઈ કહેવાનું રહેતું નથી કે એવા મહાત્મા મળે.

'**કહ્યું છે કે, યદ્યપિ તેવા મહાત્માપુરુષનો ક્વચિત્ યોગ બને છે, તો પણ શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુ હોય તો તે અપૂર્વ ગુણને તેવા મુહૂર્તમાત્રના સમાગમમાં પ્રાપ્ત કરી શકે છે.**' લ્યો ! આ નાખ્યું. એક મુહૂર્તમાં પકડી લે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ની વાત નાખી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નાખી દીધી.

જોકે '**તેવા મહાત્માપુરુષનો ક્વચિત્ યોગ બને છે, તો પણ શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુ હોય તો તે અપૂર્વ ગુણને...**' આત્માના અપૂર્વ ગુણને '**તેવા મુહૂર્તમાત્રના...**' સમ્યગ્દર્શનને તે '**મુહૂર્તમાત્રના સમાગમમાં પ્રાપ્ત કરી શકે છે.**' તેવું નિમિત્તત્ત્વ રહેલું છે. મહાપુરુષની અંદર તેવું નિમિત્તત્ત્વ છે કે એક મુહૂર્તના સમાગમમાં એ અપૂર્વ ગુણને પ્રાપ્ત કરે. એક મુહૂર્તમાં નથી કરતો અને વર્ષોની વાર લાગે છે એનું કારણ શું ? એ કારણ એ કે પોતાના ભાવ, પોતાની યોગ્યતા વિપરીત છે અને પોતાના ભાવ વિપરીત છે. બીજું કોઈ કારણ નથી. એમ છે. અને એ શોધવું રહ્યું. એ અંતર અવલોકન કરીને શોધવું રહે છે.

મુમુક્ષુ :- લગની ઓછી.

પૂજ્ય ભાઈશ્રી :- લગની ઓછી અથવા તો એ જાતની પોતાને દરકાર છે એ ઓછી છે. ઓઘસંજ્ઞામાં જીવ કેમ રહે છે ? જીવ ઓઘસંજ્ઞાનો ત્યાગ કેમ નથી કરી શકતો ? વાંચે છે, સાંભળે છે, વિચારે છે છતાં હજી ઓઘસંજ્ઞામાં કેમ પડ્યો છે ? પોતાની જે સ્થિતિ છે એ સ્થિતિમાં એને રહેવું ગમે છે. જે સ્થિતિ છે એ સ્થિતિમાં એને રહેવું ગમે છે એટલે પડ્યો પાથર્યો ડેરા તંબુ નાખીને પડ્યો છે. ત્યાંથી ઊઠતો નથી. અને નહિતર અજ્ઞાનપરિષહમાં અને દર્શનપરિષહમાં આવ્યા વિના રહે

નહિ. એ પરિષહમાં આવે તો એટલી દરકાર થાય (કે) એને ઓઘસંજ્ઞા છૂટ્યા વગર રહે નહિ.

**'જેવા મહાત્માપુરુષના વચનપ્રતાપથી મુહૂર્તમાત્રમાં ચક્રવર્તીઓ પોતાનું રાજપાટ છોડી ભયંકર વનમાં તપશ્ચર્યા કરવાને ચાલી નીકળતા હતા, તેવા મહાત્માપુરુષના યોગથી અપૂર્વ ગુણ કેમ પ્રાપ્ત ન થાય ?'** ઠીક ! થાય જ થાય. એમ કહે છે. એવા મહાત્માપુરુષના યોગથી અને એમના વચનપ્રતાપથી ચક્રવર્તી સામે બેઠો હોય એ છ ખંડનો ઘા કરે. ઉપદેશ સાંભળવા બેઠો હોય, ત્યાં ને ત્યાં કપડા ઉતારીને રવાના થાય. ઘરે પૂછવા જાય નહિ. પટરાણીને પૂછવા ન જાય કે હવે હું જાવ છું જંગલમાં. ઘોર જંગલમાં રવાના થઈ જાય. કેવા હશે ? એ મહાપુરુષના વચનયોગ કેવા હશે ? એમ કહે છે. તો એ મહાપુરુષના યોગથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેમ ન થાય ? જે સમ્યગ્દૃષ્ટિ મુનિઓ થઈ જાય. જે મુનિઓના સંગથી સમ્યગ્દૃષ્ટિ મુનિઓ થઈ જાય, એ મુનિઓના સંગથી, એમના વચનયોગથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેમ ન થાય ? એમ કહે છે. કે થાય જ થાય. ન થાય એ પ્રશ્ન રહેતો નથી. એ વચનયોગ આજે પણ 'સમયસાર' આદિ શાસ્ત્રમાં પડ્યો છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય એવો વચનયોગ પડ્યો છે એમનો. એ શૈલી બહુ સારી લીધી છે. કહેવાની શૈલી છે એ બહુ સારી છે. (વિશેષ લઈશું...)

**યથાર્થ સમજણમાં પારમાર્થિક લાભનું તુલનાત્મકપણે સર્વોત્કૃષ્ટ મૂલ્યાંકન આવે છે. જેથી અન્ય વ્યવહારીક / ઉદય પ્રસંગો ગૌણ થઈ જાય છે. અથવા જેનાથી ઉપકાર થયો છે, વા પારમાર્થિક લાભ જેના નિમિત્તે થયો હોય તેનો દોષ ગૌણ થઈ જાય છે. એવું ગૌણ કરવું તે પોતાના લાભની વાત છે; લાભનું કારણ છે. આ પ્રકારે હિત અહિતની સૂઝ અંદરથી આવવી ઘટે, તે યથાર્થતાનું લક્ષણ છે. (અનુભવ સંજીવની-૧૭૨૨)**

## તા. ૧૦-૪-૧૯૯૨, પત્રાંક ૭૫૫
## પ્રવચન નં. ૩૫૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્ર-૭૫૫ ચાલે છે. પાનું-૫૭૮. ચોથા Paragraph માં એ ચાલ્યું કે **'જેવા મહાત્માપુરુષના વચનપ્રતાપથી મુહૂર્તમાત્રમાં ચક્રવર્તીઓ પોતાનું રાજપાટ છોડી ભયંકર વનમાં તપશ્ચર્યા કરવાને ચાલી નીકળતા હતા, તેવા મહાત્માપુરુષના યોગથી અપૂર્વ ગુણ કેમ પ્રાપ્ત ન થાય ?'** શું કહે છે ? કે જે મહાપુરુષના વચનના પ્રતાપે ચક્રવર્તી જેવા ચક્રવર્તીઓને પણ પોતાના છ ખંડનું મૂલ્ય ચાલ્યું જાય, નિર્મૂલ્ય ભાસે, નકામા ભાસે. દરેકે એવી રીતે વિચારવાનું કે પોતાના સંયોગો જેને નિર્મૂલ્ય ભાસે. મારા સંયોગની કોઈ કિંમત નથી. ચાહે અનુકૂળતા હોય તોપણ એની કિંમત આપવા જેવી નથી, પ્રતિકૂળતા હોય તોપણ એની કિંમત આપવા જેવી નથી. **'તેવા મહાત્માપુરુષના યોગથી અપૂર્વ ગુણ કેમ પ્રાપ્ત ન થાય ?'** એવા મહાત્માપુરુષનો યોગ થયો હોય તો આ જીવને અપૂર્વ ગુણની ઉત્પત્તિ કેમ ન થાય ? કે અવશ્ય એને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય જ થાય.

**'સારા દેશકાળમાં પણ ક્વચિત્ તેવા મહાત્માનો યોગ બની આવે છે, કેમકે તેઓ અપ્રતિબદ્ધ વિહારી હોય છે.'** શું કહે છે ? કે સારા દેશકાળમાં એટલે કે અત્યારે જે વિષમકાળ વર્તે છે અથવા ધર્મપ્રવૃત્તિનો અભાવ છે, મુનિઓનો અભાવ છે, એવો જે હીણો કાળ વર્તે છે એની અપેક્ષાએ, એવા કાળમાં તો એનું દુર્લભપણું હોય જ. પણ અનેક ધર્માત્માઓની વિદ્યમાનતા હોય એવો સારો કાળ અને સત્ધર્મનો ઘણો ફેલાવો થતો હોય એવો સારો હોય. ઘણા ધર્મપ્રસંગો ઉત્પન્ન થતા હોય એવો સારો કાળ. એવા સારા કાળમાં પણ... જેમકે ચોથો આરો લઈએ. **'ક્વચિત્ તેવા મહાત્માનો યોગ બની આવે છે,...'** એવા મહાત્માનો યોગ કેવો બને છે ? ક્યારેક જ બને છે. ત્યારે પણ ક્યારેક બને છે એમ કહે છે. અત્યારનો તો સવાલ નથી, ત્યારે પણ ક્યારેક જ બને.

**'કેમકે તેઓ અપ્રતિબદ્ધ વિહારી હોય છે.'** એમને કોઈ પ્રતિબંધ

નથી, કોઈની સાથે .લગવાડ નથી, કોઈની સાથે સંબંધ અને મમત્વ નથી કે જેને લઈને એ અમુક જગ્યાએ તો હોય જ. ગમે ત્યાં પ્રતિબંધ વગર કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પ્રતિબંધ વગર ગમે ત્યાં એ મહામુનિઓ પ્રવર્તે છે. એટલે એવા મહાત્માનો યોગ છે એ આ કાળમાં અસંભવિત હોય તો કાંઈ નવી વાત નથી. ચોથા કાળમાં પણ દુર્લભ છે તો આ કાળમાં અસંભવિત હોય એમાં કોઈ મોટી વાત નથી.

'**ત્યારે એવા પુરુષોનો નિત્ય સંગ રહી શકે તેમ શી રીતે બની શકે...**' કે એવા મહાપુરુષનો સદાય નિરંતર સંગ બને એ તો ક્યાંથી બને ? '**કે જેથી મુમુક્ષુ જીવ સર્વ દુઃખ ક્ષય કરવાનાં અનન્ય કારણોને પૂર્ણપણે ઉપાસી શકે ?**' એવો મુમુક્ષુનો યોગ ક્યાંથી બને ? કે એ તો કાંઈ દેખાતું નથી કે એવો યોગ બને. '**કે જેથી મુમુક્ષુ જીવ સર્વ દુઃખ ક્ષય કરવાનાં અનન્ય કારણોને પૂર્ણપણે ઉપાસી શકે ?**' એ તો અત્યારે સંભવિત દેખાતું નથી. તો '**તેનો માર્ગ આ પ્રમાણે ભગવાન જિને અવલોક્યો છે :**' હવે શું કરવું ? કેવી રીતે પ્રવર્તવું ? ભગવાનની આજ્ઞાથી વાત કરે છે.

મુમુક્ષુ :- એવા કાળમાં પણ આવું દુર્લભ

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- આવા કાળમાં આવો યોગ મળ્યો હોવા છતાં નકામો ગયો...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ કિંમતી વસ્તુ છે. મહાપુરુષની વિદ્યમાનતા હોવી એ બહુ મોટી વાત છે. સામાન્ય વાત નથી પણ એ બહુ બહુ મોટી વાત છે આ કાળમાં તો ઘણી મોટી વાત છે.

'**નિત્ય તેમના સમાગમમાં...**' હવે શું કહે છે ? કે એવો યોગ મળે તો. '**નિત્ય તેમના સમાગમમાં આજ્ઞાધીનપણે વર્તવું જોઈએ,...**' સમાગમમાં તો રહે છે જીવ. બીજી શરત આકરી છે. આજ્ઞાધીનપણે રહેવું એ ...

મુમુક્ષુ :- આ ભૂલ કરી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમાગમ તો મળ્યો પણ આજ્ઞાધીનપણે રહ્યો નથી. મૂળ વાત એ છે કે જો આજ્ઞાધીનપણે વર્તવાની વૃત્તિ મુમુક્ષુજીવની ઉત્પન્ન થાય તો એ જીવ આત્મજ્ઞાનના બોધબીજ યોગ્ય ભૂમિકા કહી છે. એ જીવને બીજ પડી જાય છે. એને સમકિતનું બીજ પડી જાય છે. આટલી વાત છે.

**'નિત્ય તેમના સમાગમમાં આજ્ઞાધીનપણે વર્તવું જોઈએ, અને તે માટે બાહ્યાભ્યંતર પરિગ્રહાદિ...'** આદિમાં આરંભ લઈ લેવો. આરંભ પરિગ્રહ વગેરે. જેમાં સમય વ્યતીત થઈ જાય છે. મનુષ્યઆયુનો સમય જેમાં વપરાય જાય છે. તેનો ત્યાગ જ યોગ્ય છે. એ સમય ન વપરાય એ પ્રકારે પોતે પોતાના જીવનની ગોઠવણી કરવી જોઈએ. જેથી વધુમાં વધુ સમાગમમાં રહી શકાય. એક (વાત).

બીજું, **'જેઓ સર્વથા તેવો ત્યાગ કરવાને સમર્થ નથી,...'** પરિગ્રહાદિ છોડવાની પરિસ્થિતિ નથી. એવો કોઈ ઉદય વર્તે છે. **'તેમણે આ પ્રમાણે દેશત્યાગપૂર્વક કરવું યોગ્ય છે.'** તેણે જેટલો બને તેટલો પ્રવૃત્તિને સંક્ષેપીને, પ્રવૃત્તિનો સંક્ષેપ કરીને, ટૂંકાવીને, બને તેટલો સમય વધારે કાઢવો જોઈએ. તેને દેશત્યાગ કહે છે. અને **'તેનું સ્વરૂપ આ પ્રમાણે ઉપદેશ્યું છે :'** નીચે પ્રમાણે.

**'તે મહાત્માપુરુષના ગુણાતિશયપણાથી, સમ્યક્ચરણથી, પરમજ્ઞાનથી, પરમશાંતિથી, પરમનિવૃત્તિથી મુમુક્ષુ જીવની અશુભ વૃત્તિઓ પરાવર્તન થઈ શુભસ્વભાવને પામી સ્વરૂપ પ્રત્યે વળતી જાય છે.'** જો એવા કોઈ મહાત્માપુરુષનો યોગ થાય તો એમના ગુણનો અતિશય એવો છે. અનંત ગુણ પ્રગટાવ્યા છે. એટલે ગુણનું અતિશયપણું એવું છે કે જેના વડે, એમનું સમ્યક્ આચરણ એવું છે કે જેના વડે એમનું અપૂર્વ સ્વરૂપ. અપૂર્વ વાણી પરમશ્રુત, પરમજ્ઞાન, પરમશ્રુત. એવા **'પરમજ્ઞાનથી, પરમશાંતિથી, પરમનિવૃત્તિથી...'** નિવૃત્તિ એટલે બાહ્ય સંયોગો પ્રત્યેની ઉપેક્ષા.

**'મુમુક્ષુ જીવની અશુભ વૃત્તિઓ પરાવર્તન થઈ...'** જાય છે અને **'શુભસ્વભાવને...'** પામે છે. અશુભ છે એ મોળું પડી જાય છે. ભોગ-ઉપભોગના વિચારો છે એ શિથિલ થઈ જાય છે અને આત્મકલ્યાણ કરવા પ્રત્યેના એના વિચારો સહેજે સંયોગમાત્રથી, યોગમાત્રથી એ વૃત્તિ છે એ સ્વરૂપ પ્રત્યે વળતી જાય. શુભસ્વભાવને પામીને... શુભમાં અટકતી નથી, હોં ! શું કહે છે ? અશુભ છૂટે છે, શુભને પામે છે. શુભને પામ્યા પછી શુભમાં અટક્યા વગર **'સ્વરૂપ પ્રત્યે વળતી જાય.'** આમ લેવું છે. ક્રમ લીધો છે.

**'તે પુરુષનાં વચનો આગમસ્વરૂપ છે,...'** એવા મહાપુરુષના જે કોઈ વચનો છે તે આગમસ્વરૂપ છે. શાસ્ત્ર કહેવાય કે આગમ કહેવાય ?

શાસ્ત્રને આગમ કહેવા અને આગમને શાસ્ત્ર કહેવાય. શાસ્તાપુરુષના વચનો તે શાસ્ત્ર. પોતે પરિભાષા કરી છે. શાસ્ત્ર કોના વચનોને કહેવાય છે ? કે શાસ્તાપુરુષના વચનો તે શાસ્ત્ર. શાસ્તા એટલે તરતા પુરુષના. જે પુરુષ, જે આત્મા સંસારથી તરવાની કળા જાણે છે અને કોઈપણ સંયોગમાં અનન્ય ભાવે મોક્ષમાર્ગમાં વર્તે છે તે સત્પુરુષ છે. એ શાસ્તા પુરુષ છે એના વચનો તે બધા શાસ્ત્ર છે, એના વચનો તે બધા આગમ છે.

**'તે પુરુષનાં વચનો આગમસ્વરૂપ છે, તોપણ...'** પછી એમાં ક્યાં તકલીફ પડે છે ? એ તો કહે છે પણ શાસ્ત્રમાં ક્યાં એ વાત લખી છે ? આગમમાં એવી વાતનો ઉલ્લેખ ક્યાં છે ? એને શાસ્ત્રસંજ્ઞા કહી છે એમણે. શું કહ્યું છે એમણે ? એને શાસ્ત્રસંજ્ઞા કહી છે. અમે જે કહીએ છીએ તે જાણ્યા પછી શાસ્ત્રમાં બુદ્ધિ જતી હોય કે શાસ્ત્ર આમ કહે છે કે નથી કહેતું ? તો હજી અમારે કોઈ વાત કરવાની ઈચ્છા થતી નથી. કેમકે હજી તને વિશ્વાસ નથી. શાસ્ત્ર ક્યારે ગોતે છે જીવ ? કે વચન ઉપર વિશ્વાસ ન આવ્યો હોય એટલે શાસ્ત્ર ગોતવા માંડ્યો કે શાસ્ત્રમાં વાત આવે છે કે નથી આવતી ? તો આપણે માનીએ. શાસ્ત્ર એમ કહે છે કે નહિ ? શાસ્ત્રની સાથે એમની વાતનો મેળ ખાય છે કે નહિ ? ભાઈ ! શાસ્ત્ર આત્મામાંથી નીકળ્યા છે. શાસ્ત્ર કોઈ અધ્ધરથી ઉત્પન્ન થયા નથી. એ આત્મામાંથી નીકળ્યા છે અને આ પણ આત્મામાંથી નીકળ્યા છે. માટે આ પણ શાસ્ત્ર છે અને આગમ છે. એને શાસ્ત્ર સાથે મેળવવાની જરૂર નથી.

મુમુક્ષુ :- જડનો આધાર જોવે છે. ચેતનનો આધાર નથી જોઈતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જડનો આધાર લે.

મુમુક્ષુ :- ચેતન આપે છે સત્પુરુષ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એને નથી ખબર. જડ ઉપર એટલો વિશ્વાસ છે એટલો ચેતન ઉપર વિશ્વાસ નથી. એટલે સંયોગમાં સુખ છે એટલું સુખ આત્મામાં નથી. એમ થયું.

શું કહે છે ? કે **'તે પુરુષનાં વચનો આગમસ્વરૂપ છે, તોપણ વારંવાર પોતાથી વચનયોગની પ્રવૃત્તિ ન થાય તેથી, તથા નિરંતર સમાગમનો યોગ ન બને તેથી, તથા તે વચનનું શ્રવણ તાદૃશ સ્મરણમાં ન રહે તેથી, તેમ જ કેટલાક ભાવોનું સ્વરૂપ જાણવામાં પરાવર્તનની જરૂર હોય છે તેથી,...'** ચાર બોલ લીધા. **'અને અનુપ્રેક્ષાનું બળ વૃદ્ધિ**

**પામવાને અર્થે વીતરાગશ્રુત, વીતરાગ શાસ્ત્ર એક બળવાન ઉપકારી સાધન છે; જોકે તેવા મહાત્માપુરુષ દ્વારા જ પ્રથમ તેનું રહસ્ય જાણવું જોઈએ,..**' એ શરત છે પાછી. સીધું નહિ. આ શરત છે.

ફરીને. શું કહે છે ? કે એવા મહાપુરુષ મળે તો એમની પણ વચન (પ્રવૃત્તિ) ન થાય. ક્યારેક તે મૌન બેઠા હોય, ક્યારેક વચન ફરમાવે, ક્યારે ન પણ બોલતા હોય. કે સીધો ઉપદેશનો યોગ બહુ મર્યાદિત (અલ્પ) હોય. કોઈવાર શાસ્ત્રનું કારણ હો, કોઈવાર સહજ એમના વિકલ્પનું કારણ હોય. વિકલ્પ આવે કહેવાનો. ન કહેવાનો વિકલ્પ વિચાર હોય. કહેવાનો વિકલ્પ આવે, મૌન રહેવાનો વિકલ્પ હોય. એક કારણ થયું. બીજું, કે પોતાના ભાગ્યયોગે તેમનો નિરંતર સમાગમ ન બનતો હોય તેથી. ત્રીજું, કે તેમના વચનનું શ્રવણ કર્યું હોય પણ તે તેવું ને તેવું સ્મરણ તાદશપણે ન રહેતું હોય તેથી. એવું તાજું ને તાજું ન રહે. ભૂલી જવાતું હોય. સાંભળેલું વિસ્મરણ થઈ જતું હોય, આછુ થઈ જતું હોય, ઝાંખુ થઈ જતું હોય.

'**તેથી, તેમ જ કેટલાક ભાવોનું સ્વરૂપ જાણવામાં પરાવર્તનની જરૂર હોય છે તેથી,...**' પરાવર્તન એટલે પોતાની યોગ્યતાને પલટાવવાની જરૂર હોય. એ જે કહે તે ગ્રહણ કરવાની પોતાની યોગ્યતા ન હોય. પોતાની યોગ્યતા માટે '**અને અનુપ્રેક્ષાનું...**' એટલે ભાવના. અહીંયાં અનુપ્રેક્ષા એટલે ભાવનાનું '**બળ વૃદ્ધિ પામવાને અર્થે વીતરાગશ્રુત, વીતરાગશાસ્ત્ર એક બળવાન ઉપકારી સાધન છે;...**' ક્યારે ? મહાપુરુષના યોગમાં આ પ્રકારે બીજો જે કાંઈ Chance છે એ વીતરાગશ્રુત અને વીતરાગી શાસ્ત્રનો છે. તોપણ એ શાસ્ત્રો કહે કે '**તેવા મહાત્માપુરુષ દ્વારા જ પ્રથમ તેનું રહસ્ય જાણવું જોઈએ,...**' આ શાસ્ત્રમાં આત્મહિતનું રહસ્ય કેવી રીતે છે ? એ રહસ્ય પહેલા એમની પાસેથી જાણ્યા પછી એ શાસ્ત્રનું અવગાહન કરવું. તો જ ઉપકારી થાય. નહિતર સીધે સીધું વાંચે તો કાંઈનું કાંઈ સમજે.

મુમુક્ષુ :- 'સમયસાર' તો ઘણા વાંચતા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણા વાંચતા હતા અને ઘણા વાંચે છે. વાંચવા-વાંચવામાં ફેર છે.

'**પછી વિશુદ્ધ દૃષ્ટિ થયે...**' એટલે પાત્રતા અને યોગ્યતા આવ્યે,

વિશુદ્ધિ થયે, દૃષ્ટિ ચોખ્ખી થયે. દૃષ્ટિ ચોખ્ખી થવી એટલે શું ? કે કોઈપણ વાત આ આત્માને પોતાને કેવી રીતે ઉપકારી થાય છે એ પ્રકારનો દૃષ્ટિકોણ પ્રાપ્ત થયે. '**મહાત્માના સમાગમના અંતરાયમાં પણ તે શ્રુત બળવાન ઉપકાર કરે છે,...**' જો દૃષ્ટિ વિશુદ્ધ હોય તો. .. હોય તો. નહિતર વાંચી જાય. પણ કહેવા માગે છે એ કાંઈ સમજાય નહિ. એનું રહસ્ય ન સમજાય. અર્થ સમજાય, ભાવાર્થ સમજાય, પણ રહસ્ય ન સમજાય.

આત્મહિતાર્થે એ વચનનો આશય જે આત્મહિતનો છે એ આત્મહિતાર્થે મારા આત્મામાં, મારા પરિણમનમાં-આત્મામાં એટલે અહીંયાં મારા પરિણમનમાં કઈ રીતે હું લાગુ કરું ? એ જે લાગુ કરવાની કાર્યપદ્ધતિ છે એ રહસ્ય એને ન સમજાય. શબ્દો છે. ક્ષયોપશમ છે એટલે એનો અર્થ સમજાય, એનો ભાવાર્થ સમજાય. પણ એમાં રહેલો જે આશય, એ આશય એને પોતાના પરિણમનમાં ઉત્પન્ન થતો જે આત્મહિતનો આશય, એ બેની સંધિ થાય તો કાર્યસિદ્ધિ થાય, નહિતર કાર્યસિદ્ધિ ન થાય. એ રહી જાય છે. રહી જાય છે એ એ રહી જાય છે. શાસ્ત્ર ઘણીવાર વાંચ્યા, એનો અર્થ પણ આવડ્યો, એનો ભાવાર્થ પણ આવડ્યો. પણ એને પરિણમાવતા ન આવડ્યું. બીજી રીતે કહીએ તો એને અંદરમાં ઉતારતા ન આવડ્યું. શાસ્ત્ર સમજતા આવડ્યું. કેટલાકને તો સમજતા પણ નથી આવડતું. પણ એની વાત બીજી છે. આ તો સમજતા આવડે છે છતાં અંદરમાં ઉતારતા નથી આવડતું ત્યારે એ વાત એમ ને એમ અદ્ધર રહી જાય છે. સમજેલી વિસ્મરણ થઈ જાય છે.

મુમુક્ષુ :- અગિયાર અંગ નવ પૂર્વ સુધી ચાલ્યો જાય છે તો એ આમ ને આમ ચાલ્યો જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- આમ ને આમ ચાલ્યો જાય. ઉઘાડ ઘણો હોય એટલે ચાલ્યો જાય. ઉઘાડ લઈને આવ્યો હોય એને એ થઈ જાય. એથી કાંઈ આત્મહિત છે નહિ.

મુમુક્ષુ :- આ બાકી રહી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ બાકી રહી જાય છે.

મુમુક્ષુ :- રહસ્ય સમજે તો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. મૂળ તો શું છે રહસ્ય સમજવા અર્થે શાસ્ત્રો છે. શાસ્ત્રોમાં રહસ્ય મૂક્યું છે. અને એ રહસ્ય સમજવા અર્થે શાસ્ત્ર છે.

રહસ્ય પકડી લે તો એને અંદરમાં ઉતારે. અને ઉતારે એટલો લાભ થાય. નહિતર લાભ ન થાય. એમ ને એમ કોરો રહી જાય.

મુમુક્ષુ :- રહસ્ય સમજવા માટે જ્ઞાની પાસે જાવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમની પાસે જાવું પડે.

મુમુક્ષુ :- રહસ્ય એમની પાસે છે.

પૂજ્ય ભાઈશ્રી :- રહસ્ય એમની પાસે છે અને શાસ્ત્ર કરતાં પણ એ ખોલીને વ્યક્ત કરી શકે એવો એક યોગ છે કે જે અપૂર્વ અપૂર્વ છે !! અપૂર્વ છે એટલું નહિ પણ અપૂર્વ અપૂર્વ છે.

મુમુક્ષુ :- પોતાનો આશય અને શાસ્ત્રનો આશય, બેની સંધિ થવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની સંધિ થવી જોઈએ. શાસ્ત્રવચન છે એની અંદર જે આશય રહેલો છે એ આત્મહિતનો (રહેલો છે). અને અહીંયાં આત્મહિતમાં એ લાગુ કરે ત્યારે લાભ થાય ને ? ...... ઠીક ! .... કોઈએ વ્યસન ન કરવું જોઈએ, કોઈએ વ્યસનમાં ન આવવું જોઈએ. પણ ... એમ થઈ જાય છે. શાસ્ત્રવચન સાંભળે, શાસ્ત્રવચન કહે પણ પોતાને એની સાથે કાંઈ લેવા-દેવા હોય નહિ. એવી પરિસ્થિતિ થઈ જાય.

મુમુક્ષુ :- એમને રહસ્ય નહિ મળ્યું હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. રહસ્ય એને નથી મળ્યું. સમજ્યો નથી. રહસ્ય નથી સમજ્યો. શબ્દાર્થ છે, ભાવાર્થ સમજે છે પણ રહસ્યાર્થ સમજતો નથી. એટલે તો એમણે ભક્તિને પણ એક એવું વિશેષણ લગાડ્યું છે-રહસ્યભક્તિ. કેવી પાછી ? રહસ્યભક્તિ. એવું વળી શું રહસ્ય હોય ? ભક્તિ એટલે પદ ગાઈએ, ભજન ગાઈએ. લાંબા લાંબા રાગડા તાણિયે સરખા મજાના. એ કાંઈ ભક્તિ છે ? નહિ. દર્શનમોહ ગળી જાય, જે દર્શનમોહ રહિત પુરુષો છે એનું બહુમાન કરતાં કરતાં પોતાનો દર્શનમોહ પણ ગળી જાય અને અભાવ થાય એવો કોઈ અવસર આવે એને રહસ્યભક્તિ કહી છે. એમાંથી બીજી આકાંક્ષા હોતી નથી. રહસ્ય શબ્દ વાપર્યો છે ને ?

**'જોકે તેવા મહાપુરુષ દ્વારા જ પ્રથમ તેનું રહસ્ય જાણવું જોઈએ, પછી વિશુદ્ધ દૃષ્ટિ થયે મહાત્માના સમાગમના અંતરાયમાં પણ તે શ્રુત બળવાન ઉપકાર કરે છે,...'** જો રહસ્ય જાણ્યું હોય તો. નહિતર વાંચ્યા કરે. રહસ્ય એને પકડાય નહિ. કેમકે એ ગૂઢ વિષય છે. **'અથવા જ્યાં**

**કેવળ તેવા મહાત્માઓનો યોગ બની જ શકતો નથી, ત્યાં પણ વિશુદ્ધ દૃષ્ટિવાનને વીતરાગશ્રુત પરમોપકારી છે,...'** કોઈ એવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આવી પડે છે કે જ્યાં એ મહાત્માનો યોગ (બની) શકતો નથી, ત્યાં પણ જે વિશુદ્ધ દૃષ્ટિવાન છે એને તો એ વીતરાગશ્રુત પરમ ઉપકારનું કારણ થાય છે. ઘણા તો પામી જાય છે. કેટલાક જે વિશુદ્ધ દૃષ્ટિવાન હોય, સંસ્કારી જીવ હોય, આત્મહિત માટે તૈયાર થઈ ગયા હોય, સંસ્કાર હોય પણ જ્યારે આત્મહિત માટે તત્પર થયા હોય ત્યારે એને એ ઉપકારી થાય છે. સંસ્કાર તો જ્યારથી મળ્યા ત્યારથી પ્રાપ્ત જ છે. પણ જ્યારે પોતે આત્મહિત માટે એકદમ તૈયાર થાય છે, ત્યારે એને દર્શનમોહનો અનુભાગ ઘટવાને લીધે વિશુદ્ધ દૃષ્ટિવાન હોવાને લીધે એને એ વીતરાગશ્રુત છે એ પરમ ઉપકારી થાય છે, આત્મજ્ઞાનનું કારણ થાય છે. એનું રહસ્ય એને પ્રાપ્ત થઈ જાય છે.

**'અને તે જ અર્થે થઈને મહત્પુરુષોએ એક શ્લોકથી માંડી દ્વાદશાંગપર્યંત રચના કરી છે.'** કોઈ વિશુદ્ધ દૃષ્ટિવાનને જેમના વચનામૃત સ્વરૂપ અનુસંધાનને વિષે પર ઉપકારી થાય એ એક જ હેતુને અર્થે, એક જ કારણને અર્થે આ મહાપુરુષોએ એક શ્લોક રચ્યો હોય તોપણ એને માટે અને બાર અંગ રચ્યા હોય તોપણ એને માટે છે. આમ છે. **'તે દ્વાદશાંગના મૂળ ઉપદેષ્ટા સર્વજ્ઞ વીતરાગ છે,...'** એ દ્વાદશાંગ ક્યાંથી જન્મ્યા છે ? કે એમનો મૂળ ઉપદેશ કરનાર તો સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવ જિનેન્દ્ર પરમાત્મા છે. **'કે જેના સ્વરૂપનું મહાત્માપુરુષો નિરંતર ધ્યાન કરે છે;...'** ઠીક !

જે બાર અંગના ઉપદેશકાર એવા જિનેન્દ્રદેવ છે એ જિનેન્દ્રદેવનું તો મહાપુરુષો પણ, મહાત્મા પુરુષો પણ એમનું નિરંતર ધ્યાન કરે છે. અનંત ચતુષ્ટયે જે બિરાજમાન છે અને અનંત અનંત સુખમાં જે ડૂબેલા રહે છે એવા ભગવાન સર્વજ્ઞ વીતરાગનું મહાપુરુષો પણ ધ્યાન કરે છે. યોગી પુરુષો પણ એનું ધ્યાન કરે છે. **'અને તે પદની પ્રાપ્તિમાં જ સર્વસ્વ સમાયેલું છે એમ પ્રતીતિથી અનુભવે છે.'** ખાતરીપૂર્વક અનુભવે છે. પ્રતીતિ એટલે અહીંયાં એવી ખાતરીથી અનુભવ કરે છે કે આ જ પદની પ્રાપ્તિમાં સર્વસ્વ સમાયેલું છે. મારું સર્વસ્વ આ પદની પ્રાપ્તિ કરવામાં જ સમાયેલું છે. આ જગતમાં મારે બીજું હવે કાંઈ કામ નથી.

જેને હજી બીજા બીજા કામ છે અથવા કરવા છે એને આના

રહસ્યનો પત્તો લાગે એવું નથી. આમ છે. ખેંચાણ એ જાતનું છે. જગતના પ્રસંગો અને કાર્યોની મહત્તાનું ખેંચાણ એવું છે કે આના રહસ્યને સમજવા દે એમ નથી. આવરણ આવી જાય છે. જ્ઞાન ઉપર આવરણ આવી જાય છે

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની જે કિંમત આવે તો એનું રહસ્ય મળે, તો આખા જગતની કિંમત ઊડી જાય. જાવ.

'**તે પદની પ્રાપ્તિમાં જ સર્વસ્વ સમાયેલું છે...**' એટલે મોક્ષપદની પ્રાપ્તિમાં જ સર્વસ્વ સમાયેલું છે '**એમ પ્રતીતિથી અનુભવે છે.**' એમને ખાતરી છે. ભલે પદ નથી પ્રાપ્ત થયું પણ એમાં સર્વસ્વ છે એવી ખાતરી છે. એમાં સર્વસ્વ છે અને બીજામાં કાંઈ માલ નથી. બેય વાત સાથે સાથે છે. આમાં પણ કાંઈક માલ છે અને આમાં પણ માલ છે એમ નથી. '**સર્વજ્ઞ વીતરાગનાં વચનને ધારણ કરીને મહત્ આચાર્યોએ દ્વાદશાંગની રચના કરી હતી,...**' મહાન આચાર્યો, ગણધરદેવાદિ મહાન આચાર્યોએ. ગણધરદેવ છે એ પણ આચાર્ય પદવીએ બિરાજમાન છે. આચાર્યમાં પણ એ આચાર્ય શિરોમણિ છે. ગણધરદેવ છે એ આચાર્ય શિરોમણિ છે. એમણે '**દ્વાદશાંગની રચના કરી હતી, અને તદાશ્રિત આજ્ઞાંકિત મહાત્માઓએ બીજાં અનેક નિર્દોષ શાસ્ત્રોની રચના કરી છે.**' લ્યો, ઠીક !

બાર અંગ ઉપરાંત એને આશ્રયે એટલે એને અનુસરીને, બાર અંગને અનુસરીને, વિરુદ્ધ જઈને નહિ. બાર અંગને અનુસરીને '**આજ્ઞાંકિત મહાત્માઓએ...**' એમની આજ્ઞામાં રહેલા, વીતરાગની આજ્ઞામાં, આચાર્યોની આજ્ઞામાં રહેલા બીજા મુનિઓએ, જ્ઞાનીઓએ પણ '**અનેક નિર્દોષ શાસ્ત્રોની રચના કરી છે.**' એટલે એને પણ માન્ય કર્યા. બાર અંગને માન્ય કર્યા અને બાર અંગને અનુસરીને જે જ્ઞાનીઓએ શાસ્ત્ર રચ્યા એને પણ માન્ય કર્યા. એમ લીધું. '**આ પ્રમાણે દ્વાદશાંગનાં નામ છે :**' એ બાર અંગના નામ નીચે પ્રમાણે છે.

'(૧) **આચારાંગ,** (૨) **સૂત્રકૃતાંગ,...**' છે. એને સૂયગડાંગ પણ કહે છે અને સૂત્રકૃતાંગ પણ કહે છે. '(૩) **સ્થાનાંગ,** (૪) **સમવાયાંગ,** (૫) **ભગવતી,** (૬) **જ્ઞાતાધર્મકથાંગ,** (૭) **ઉપાસકદશાંગ,** (૮) **અંતકૃતદશાંગ,** (૯) **અનુત્તરૌપપાતિક,** (૧૦) **પ્રશ્નવ્યાકરણ,** (૧૧)

**વિપાક અને (૧૨) દૃષ્ટિવાદ.**' એમ બાર અંગ છે. એમાં 'સમયસાર' છે એ બારમા દૃષ્ટિવાદના અમુક ભાગનો અમુક ભાગ છે. કીધું છે ને ? 'ઉપોદ્‌ઘાત'માં એ વાત લખી છે. બાર અંગ છે ને ? દૃષ્ટિવાદ. 'સમયસાર' પણ દૃષ્ટિપ્રધાન ગ્રંથ છે કે જે દૃષ્ટિવાદમાંથી ઉત્પન્ન થયેલું છે. (એના) ઉપોદ્‌ઘાતમાં છે.

'**શ્રી ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદપૂર્વના દસમા વસ્તુના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું.**' જ્ઞાનપ્રવાદપૂર્વ. બાર અંગની અંદર પાછા ચૌદ પૂર્વ છે. બાર અંગમાં અગિયાર અંગ અને ચૌદપૂર્વ. એટલે એ ચૌદપૂર્વ છે એ બારમું અંગ છે. એ ચૌદ પૂર્વની અંદર એક જ્ઞાનપ્રવાદ નામનું પૂર્વ છે. દૃષ્ટિવાદ નામનું જે બારમું અંગ છે એમાં જ્ઞાનપ્રવાદ નામનું પૂર્વ છે. એમાં દસમી વસ્તુ છે, એનો ત્રીજો પ્રાભૃત છે. '**તે જ્ઞાનમાંથી ત્યાર પછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા. એમ સર્વજ્ઞ ભગવાન મહાવીરથી ચાલ્યું આવતું જ્ઞાન આચાર્યોની પરંપરાથી ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ને પ્રાપ્ત થયું હતું.**' અને એમાંથી એમણે આ બધા શાસ્ત્રોની રચના કરી છે. '**એ રીતે દ્વિતીય શ્રુતસ્કંધની ઉત્પત્તિ થઈ.**' પહેલું જે પ્રથમ શ્રુતસ્કંધ છે એ ષટ્‌ખંડાગમવાળું છે. એ કરણાનુયોગનું છે. આ અધ્યાત્મનો દ્રવ્યાનુયોગનો વિષય છે. એમ બેનો વિષય જુદો જુદો, અનુયોગ જુદો જુદો છે. પણ કાળને હિસાબે પહેલા 'ષટ્‌ખંડાગમ'ની રચના થઈ અને પછી આ 'સમયસાર'ની રચના થઈ. એટલે એને દ્વિતીય સ્કંધ કહે છે. સ્કંધ એટલે ભાગ. આમાં વધારે વપરાય છે. એક પ્રકરણ પૂરું થાય એને સ્કંધ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ભગવાનના નિર્વાણ પછી કેટલા વર્ષે થયા ?

પૂજ્ય ભાઈશ્રી :- પાંચસો વર્ષ. સંવત ૪૯માં લગભગ એમની 'કુંદકુંદાચાર્ય'ની હયાતી ગણવામાં આવે છે. પાંચસો વર્ષ થયા હતા. લગભગ શ્વેતાંબરની શરૂઆત થઈ. સંક્રાંતિ કાળમાં હતા. મૂળ સત્યધર્મમાંથી બીજો ફાંટો ઉત્પન્ન થાય એને સંક્રાતિ કાળ કહે છે. આ નથી કહેતા ? આજે સંક્રાત છે. પરિવર્તન કહીએ. એમ એ પરિવર્તનના કાળ છે. ... એમાંથી વિકૃતિ પામે છે એની સામે ઘર્ષણ ઉત્પન્ન થાય છે, એની સામે સત્યનો પ્રવાહ જરા જોરથી નિરૂપણ કરે છે કે આમ ન હોય પણ આમ હોય. પછી થાવું હોય તે થાય. પણ એ પ્રકારનો પ્રશસ્ત રાગ ધર્મપ્રભાવનાનો મુનિઓને, આચાર્યોને પણ આવે છે.

**'તેમાં આ પ્રમાણે નિરૂપણ છે :**

**કાળદોષથી ઘણાં સ્થળો તેમાંથી વિસર્જન થઈ ગયાં,...'** એ જે બાર અંગ છે એમાં કાળે કરીને ઘણા ભાગ, ઘણા સ્થળો વિસર્જન થઈ ગયા એટલે વિચ્છેદ ગયા. અત્યારે એની ઉપલબ્ધિ નથી. **'અને માત્ર અલ્પ સ્થળો રહ્યાં.'** બહુ થોડો ભાગ અત્યારે રહ્યો છે. છતાં પણ જે થોડો ભાગ રહ્યો એમાં મોક્ષમાર્ગ અખંડપણે જળવાય રહ્યો છે. તેથી મોક્ષમાર્ગની અંદર એક પછી એક એવા ધર્માત્માઓની ઉત્પત્તિ કાળે કરીને ચાલી રહી છે.

**'જે અલ્પ સ્થળો રહ્યાં તેને એકાદશાંગને નામે શ્વેતામ્બર આચાર્યો કહે છે.'** .. રહ્યાં, જે થોડો ભાગ રહી ગયો બાકીનો વિચ્છેદ થઈ ગયો તેને એકાદશાંગ અગિયાર અંગને નામે શ્વેતાંબર આચાર્યો કહે છે. **'દિગંબરો તેમાં અનુમત નહીં થતાં એમ કહે છે કે,...'** દિગંબર એમાં સંમત થતા નથી. **'વિસંવાદ કે મતાગ્રહની દૃષ્ટિએ તેમાં બન્ને કેવળ ભિન્ન ભિન્ન માર્ગની પેઠે જોવામાં આવે છે.'** જુદો મત પડે છે એ દૃષ્ટિએ એને જુદું જોવામાં આવે છે. **'દીર્ઘ દૃષ્ટિએ જોતાં તેના જુદાં જ કારણો જોવામાં આવે છે.'** બહુ ઊંડેથી આ વાત એમણે કહી છે કે જે રહી ગયું, એ યાદ રહી ગયું એટલે રહી ગયું ને ? પછી જે વધારાનું નાખ્યું એ ગડબડ થઈ. તો એ ભાગ છે એ વિસંવાદનો છે. એમાં મત ફેર પડ્યો. એટલે બીજું નાખ્યું. કેમકે કોઈ શિથિલાચારને પોષ્યો કે મુનિપણામાં પણ વસ્ત્રને વાંધો નહિ. ફલાણું હોય, આમ હોય, તેમ હોય. પણ જે યાદ રહી ગયું (એ રહી ગયું). કેમકે મૂળ એક મહાપુરુષ અથવા એક તીર્થંકર પાસેથી સાંભળ્યું હોય, એના શિષ્યો હજારો હોય. એ બધાને યાદદાસ્ત તો સરખી રહે લગભગ. પછી જુદા પડે એને એ જ વાતની યાદદાસ્ત હોય. તો દીર્ઘદૃષ્ટિથી એટલે ઊંડાણથી જોઈએ તો અમુક વાતો, અમુક વાત એમાં મૂળ વાત રહી ગઈ છે એ રહી ગઈ છે. છે ને ? આચારંગનું પહેલુ સૂત્ર છે. 'जो एगं जाणइ सो सव्वं जाणइ' તો એ બધી મૂળ વાત છે. એક આત્માને જાણે તેણે સર્વ જાણ્યું.

મુમુક્ષુ :- આ વચ્ચે વચ્ચે જગ્યા છોડી છે ને એટલે કદાચ

પૂજ્ય ભાઈશ્રી :- એમ તો ઉપર પણ જગ્યા છોડી છે. દૃષ્ટિવાદ પછી જગ્યા છોડી છે. તેમાં નિરૂપણ આ પ્રમાણે છે પછી જગ્યા છોડી છે.

અલ્પ સ્થળો રહ્યા એમાં જગ્યા ઘણી છોડી છે. સામાન્ય રીતે Paragraph માં જે જગ્યા છોડવી જોઈએ એના કરતા વધારે જગ્યા છોડે છે. બીજા પૃષ્ઠ ઉપર જે Paragraph પાડ્યા છે એના કરતાં આ ૫૭૯ પાનામાં જગ્યા વધારે છોડી છે. જગ્યા છોડવાનું બીજું કાંઈ કારણ નથી. પાછળ જુઓ ૫૮૦ પાને. '**જીવને મોક્ષમાર્ગ છે, નહિ તો ઉન્માર્ગ છે.**' પછી જગ્યા વધારે છોડી છે. આ લેખ પણ અપૂર્ણ મળ્યો છે પાછો. આટલો લાંબો લેખ મળ્યો છે એ પણ અપૂર્ણ મળ્યો છે.

મુમુક્ષુ :- દિગંબરો એમ કહે છે એ કાંઈ લખ્યું નથી એમ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ છતાં એમ કહે છે કે... જગ્યા ખાલી છોડી દીધી છે. ડેશ કર્યો છે એટલે લખ્યું નથી એમ લાગે છે. મૂળ મળે તો ખબર પડે. કોઈ સંકલનકારે તો કાંઈ છોડ્યું નથી ને.

'**ગમે તેમ હો, પણ આ પ્રમાણે બન્ને બહુ નજીકમાં આવી જાય છે :**' પાછી આમાં વધારે જગ્યા રાખી. '**વિવાદનાં ઘણાં સ્થળો તો અપ્રયોજન જેવાં છે; પ્રયોજન જેવાં છે તે પણ પરોક્ષ છે. અપાત્ર શ્રોતાને દ્રવ્યાનુયોગાદિ ભાવ ઉપદેશવાથી નાસ્તિકાદિ ભાવો ઉત્પન્ન થવાનો વખત આવે છે, અથવા શુષ્કજ્ઞાની થવાનો વખત આવે છે.**' પાત્રતા ન હોય તો દ્રવ્યાનુયોગ છે એ તો બહુ ગંભીર છે. એને પચાવવો સહેલો નથી એટલે શુષ્કજ્ઞાની થવાનો વખત આવે છે અથવા કોઈ નાસ્તિક થઈ જાય છે.

'**હવે, આ પ્રસ્તાવના અત્રે સંક્ષેપીએ છીએ;...**' હવે આ વાતને અહીંયાં સંકેલીએ છીએ એમ કહે છે. '**અને જે મહાત્માપુરુષે...**' પાછી ખાલી જગ્યા મૂકી દીધી. '**આ પ્રમાણે સુપ્રતીત થાય તો...**' એમ કરીને.. અનુસંધાન નથી મળતું. ... એ શ્રદ્ધાએ સંમત કરવું એમ ભાવાર્થ નીકળે છે. એ વાત જે શ્લોક છે ને ?

'**સર્વ દુઃખનો ક્ષય કરનારો એક પરમ સદુપાય,...**' એમ કરીને લીધું છે. કે '**સર્વ જીવને હિતકારી, સર્વ દુઃખના ક્ષયનો એક આત્યંતિક ઉપાય, પરમ સદુપાયરૂપ વીતરાગદર્શન છે.**' સર્વ જીવને હિતકારી, સર્વ દુઃખના ક્ષયનો એક આત્યંતિક ઉપાય, પરમ સદુપાયરૂપ વીતરાગદર્શન છે. દર્શનની અપેક્ષાએ જે વીતરાગદર્શન છે એ એક જ છે. એમાં બે મત ક્યાંય નથી.

'**તેની પ્રતીતિથી,...**' એટલે ... અને '**પરમ અવલંબન વડે, જીવ**

**ભવસાગર તરી જાય છે.**' વીતરાગદર્શન છે એમાં વિશ્વાસ કરે, એનું અનુકરણ કરે, એની આજ્ઞાનું અવલંબન કરે તો અવશ્ય એ ભવસાગરને તરી જાય છે. સંસાર એનો ખલાસ થઈ જાય છે. ''**સમવાયાંગસૂત્ર'માં કહ્યું છે કે : આત્મા શું ? કર્મ શું ? તેનો કર્તા કોણ ? તેનું ઉપાદાન કોણ ? નિમિત્ત કોણ ? તેની સ્થિતિ કેટલી ? કર્તા શા વડે ? શું પરિમાણમાં તે બાંધી શકે ?**' એટલે ક્યા પ્રમાણમાં તે બાંધી શકે ? '**એ આદિ ભાવોનું સ્વરૂપ જેવું નિર્ગ્રંથ સિદ્ધાંતમાં સ્પષ્ટ, સૂક્ષ્મ અને સંકલનાપૂર્વક છે તેવું કોઈપણ દર્શનમાં નથી.**' આ સ્પષ્ટ વાત છે. એના સિદ્ધાંતો જેટલા સ્પષ્ટ છે. વિષયની સૂક્ષ્મતા જેટલી એમણે નિરૂપણ કરી છે અને કહેવાની જે પદ્ધતિમાં વ્યવસ્થિતપણું છે એને સંકલના કહે છે. એકદમ Systematic છે એમ કહેવું છે-પદ્ધતિસર છે. આડી-અવળી વાત નથી. બહુ વ્યવસ્થિત અને પદ્ધતિસર નિરૂપણ કરવામાં આવ્યું છે. એવું જે વીતરાગદર્શનમાં કરવામાં આવ્યું છે એવું ક્યાંય બીજે એ વાત જોવામાં આવતી નથી. આટલા આટલા જે પ્રયોજનભૂત પ્રશ્નો છે એ બધાનું સ્વરૂપ અને સ્પષ્ટીકરણ નિર્ગ્રંથોના સિદ્ધાંતમાં સ્પષ્ટ છે, અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિષય એમણે લીધો છે અને અદ્‌ભૂત સંકલના એની વ્યવસ્થિત કરી છે.

મુમુક્ષુ :- આમાં શ્વેતાંબર-દિગંબર આવી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- શ્વેતાંબર દિગંબર સ્પષ્ટ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્પષ્ટ થાય છે કે નહિ ? થાય જ તે.

મુમુક્ષુ :- અહીંથી લઈએ

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંથી ફરીથી લેવું છે ?

મુમુક્ષુ :- હવે તે યથાર્થ છે કે કેમ તેનું અવલોકન કરીએ. ૫૭૭ પાને.

પૂજ્ય ભાઈશ્રી :- પત્ર આખો પહેલેથી. ફરીથી ૭૫૫મોં આંક. એટલી એટલી વીતરાગસ્વરૂપની જે વાત કરવી છે, વીતરાગ માર્ગની જે વાત કરવી છે, એની ભૂમિકા બાંધી છે દુઃખની વિચારણાથી. આખો પત્ર આપણે વાંચી ગયા તો એમની અંદર જે એમને કહેવાનો આશય છે એ તો વીતરાગમાર્ગ કેવો છે ? વીતરાગ શાસ્ત્રો કેવા છે ? વીતરાગના નિર્ગ્રંથો કેવા છે ? એ બધી વાત કરી છે. એ બધી વાત કહેવા માટે એમણે ઉહાપોહ કર્યો દુઃખથી. દુઃખનું પ્રકરણ હાથમાં લીધું કે આ જગતમાં

પ્રાણીઓને જે દુઃખ છે, એ દુઃખ કોઈ પ્રાણીને જોતું નથી. તો વિચારવાન જીવ એની અનેકવિધ પ્રકારે એ દુઃખ મટાડવાની વિચારણા કરે છે. એ વિચારણા કેવા કેવા પ્રકારે કરે છે ? બુદ્ધિમાન વિચારવાન હોય તો એને કેટલા પ્રશ્નો ઊઠે ? કેવા કેવા પ્રશ્નો ઊઠે એ વાત પોતે સારી રીતે મૂકીને પછી એ દુઃખની નિવૃત્તિનો આ માર્ગ છે, માર્ગને પ્રાપ્ત પુરુષો છે, માર્ગના મૂળ એવા સર્વજ્ઞો છે, એમનો નિરૂપેલો ઉપદેશ છે એ બધી વાત વ્યવસ્થિત રીતે લીધી છે.

**'શારીરિક માનસિક અનંત પ્રકારનાં દુઃખોએ આકુલવ્યાકુલ જીવોને તે દુઃખોથી છૂટવાની બહુ પ્રકારે ઇચ્છા છતાં તેમાંથી તે મુક્ત થઈ શકતા નથી તેનું શું કારણ ?'** દુઃખના બે પ્રકાર લીધા છે : એક શારીરિક અને એક માનસિક. બંનેમાં અનેક પ્રકાર છે. શારીરિક દુઃખના પણ અનેક પ્રકાર છે અને માનસિક દુઃખના પણ અનેક પ્રકાર છે. સ્થૂળ દૃષ્ટિએ શારીરિક દુઃખની મુખ્યતા આપવામાં આવે છે. પણ વિશેષ વિચાર કરતા શારીરિક દુઃખ કરતા માનસિક દુઃખ છે એ વધારે દુઃખદાયક છે જીવને. એનાથી જીવ આકુળવ્યાકુળ થાય છે અને એ જીવોને છૂટવાની બહુ પ્રકારે ઇચ્છા થાય છે. કોઈપણ રીતે દુઃખ જોઈતું નથી, કોઈ કારણે દુઃખ જોઈતું નથી. છતાં તેનાથી તે મુક્ત નથી થઈ શકતા તેને ભોગવવું જ પડે છે એનું શું કારણ ? એનું કારણ શું ? આ ઉહાપોહ થવો જોઈએ. વિચારવાન જીવને આ ઉહાપોહ થવો જોઈએ. કેમ આ દુઃખ મટતા નથી ? શારીરિક, માનસિક દુઃખ છે. છોડવાના પ્રયત્ન કરવામાં આવે છે અને છૂટતા નથી એનું કારણ શું ?

**'એવું પ્રશ્ન અનેક જીવોને ઉત્પન્ન થયા કરે; પણ તેનું યથાર્થ સમાધાન કોઈ વિરલ જીવને જ પ્રાપ્ત થાય છે.'** ઘણા જીવોને આ પ્રશ્ન થાય છે એમાંથી કો'ક જીવને એનું સાચું સમાધાન મળે છે કે આ દુઃખની ઉત્પત્તિનું કારણ શું ? અને દુઃખને મટવાનો ઇલાજ શું ? એ કો'ક જીવને મળે છે. બધાને મળતું નથી. **'જ્યાં સુધી દુઃખનું મૂળ કારણ યથાર્થપણે જાણવામાં ન આવ્યું હોય,...'** એટલે નિદાન ન થયું હોય ત્યાં સુધી તે ટાળવાને માટે ગમે તેવું પ્રયત્ન કરવામાં આવે તોપણ એ સાચો પ્રયત્ન ન હોય. ગમે તેવો પ્રયત્ન કરવામાં આવે એટલે આડોઅવળો ગમે તેવો પ્રયત્ન કરવામાં આવે તોપણ દુઃખનો ક્ષય થઈ શકે નહિ. આ સમજી શકાય એવી વાત છે. કારણની ખબર નથી તો એને મટાડવાના કાર્યની

પણ એને ખબર ન પડે.

મુમુક્ષુ :- બધા જીવો પ્રયત્ન તો કરે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન કરે છે.

મુમુક્ષુ :- બધા જીવો કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધાય કરે છે. દુઃખ મટાડવા માટે બધા પ્રયત્ન કરે છે છતાં દુઃખ મટતા નથી. ચાલુ ને ચાલુ રહે છે. આમ કેમ થતું હશે ? તો કહે છે કે એનું કોઈને સમાધાન મળે છે. બધાને એનું સમાધાન નથી મળતું.

વળી '**તે ટાળવાને માટે ગમે તેવું પ્રયત્ન કરવામાં આવે...**' પણ યથાર્થ ન સમજવામાં આવ્યું હોય તો એ કાંઈ ટળે નહિ. કેમકે પ્રયત્ન એનો ટાળવાનો સાચો નથી હોતો. અને ગમે તેટલી તે દુઃખની અરુચિ હોય, એ દુઃખ ગમે તેટલું અપ્રિય એટલે અણગમતું હોય. દુઃખ કોને ગમે ? '**અને અભાવ તે દુઃખ પ્રત્યે હોય...**' અભાવ એટલે અણગમો હોય. ભાવવું નહિ તે અભાવવું. '**છતાં એને અનુભવ્યા જ કરવું પડે.**' એને અનિવાર્યપણે એનો અનુભવ કરવો પડે. દુઃખથી છૂટી શકાય નહિ. આ તો મૂળ સુધી લઈ જવા છે ને ? દુઃખથી મુક્ત કરવાનું મૂળ પકડાવવું છે. તો કહે છે, દુઃખનું કારણ શોધ અને પછી એનો ઉપાય શોધ. બે વાત તારે સમજવી પડશે. કારણ જે છે, એ દુઃખ ઉત્પત્તિનું કારણ છે એ જાણવાનો વિષય છે અને દુઃખ છોડવાનો જે ઉપાય છે, સુખપ્રાપ્તિનો ઉપાય છે તે આદરવાનો વિષય છે. જુઓ ! અહીં પણ બે ખાતા છે. જે નિદાન છે એ જાણવાનો વિષય છે અને ઈલાજ છે તે આદરવાનો વિષય છે. જાણવું અને આદરવું બે જુદી વસ્તુ છે. જાણવાનું બેયમાં બને છે. એક માત્ર જાણવાનો વિષય રહે છે અને બીજો જાણીને આદરવામાં જાય છે. એને આદરવું જોઈએ.

'**અવાસ્તવિક ઉપાયથી...**' એટલે દુઃખ મટાડવાના ખોટા ઉપાયથી, અવાસ્તવિક ઉપાયથી '**તે દુઃખ મટાડવાનું પ્રયત્ન કરવામાં આવે, અને તે પ્રયત્ન ન સહન થઈ શકે એટલા પરિશ્રમપૂર્વક કર્યું હોય...**' કેટલું ? અસહ્ય પરિશ્રમથી. દુઃખ મટાડવાનો પરિશ્રમ કેટલો કરે છે જીવ ? અસહ્ય પરિશ્રમ કરે છે. '**છતાં તે દુઃખ ન મટવાથી દુઃખ મટાડવા ઈચ્છતા મુમુક્ષુને અત્યંત વ્યામોહ થઈ આવે છે,...**' ન મટે ત્યારે શું થાય છે ? મૂંઝવણ થાય છે. વ્યામોહ એટલે અહીંયાં મૂંઝવણ થઈ જાય છે કે

અરે..રે..! આટલો આટલો પ્રયત્ન કર્યો. ખુવાર થઈ ગયા એની પાછળ. આમાં કાંઈ ફેર પડતો નથી. મટતું નથી. દુઃખ મટતું નથી એટલે એને મૂંઝવણ થઈ આવે છે. મૂંઝાય જાય છે.

**'વ્યામોહ થઈ આવે છે, અથવા થયા કરે છે કે આનું શું કારણ ?'** એનું પણ શું કારણ ? ઠીક ! જુઓ ! કેટલે મૂળમાં જાય છે ! **'આ દુઃખ ટળતું કેમ નથી ? કોઈ પણ પ્રકારે મારે તે દુઃખની પ્રાપ્તિ ઇચ્છિત નહીં છતાં,...'** હું એને જરાય ઇચ્છતો નથી, કોઈ ભોગે ઇચ્છતો નથી, સ્વપ્ને પણ તેના પ્રત્યે કાંઈ વૃત્તિ, એની ઇચ્છા નથી. દુઃખની ઇચ્છા તો સ્વપ્ને પણ નથી. **'છતાં તેની પ્રાપ્તિ થયા કરે છે, અને હું જે જે પ્રયત્નો કરું છું તે તે બધાં નિષ્ફળ જઈ દુઃખ અનુભવ્યા જ કરું છું એનું શું કારણ ?'** ત્યાં સુધી લઈ ગયા. આ મંથન કર્યું છે. દુઃખના વિષયમાં એમણે મંથન કર્યું છે. આવું મંથન ચાલે એ સાચા સુખનો ઉપાય શોધે. જેને દુઃખમાં દુઃખ ન લાગતું હોય એવી રીતે દુઃખથી ટેવાય ગયો હોય એ કદિ સાચા સુખનો ઉપાય નહિ કરી શકે. કરશે જ નહિ.

મુમુક્ષુ :- છે દુઃખી છતાં લાગતું નથી.

પૂજ્ય ભાઈશ્રી : હા. ટેવાઈ ગયો. આ માણસ જે લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે તો ત્યાંથી ટેવાઈ જાય છે કે નહિ ? આપણે વિચાર કરીએ છીએ કે આ આપણે 'ગધેડિયા ફિલ્ડમાં' રહે છે કે નહિ ઝૂંપડા બાંધી બાંધીને ? તો ત્યાં વીંછી, કાનખજુરા, સર્પ નહિ નીકળતા હોય ? નીકળે કે ન નીકળે ? ચોમાસામાં અનરાધાર પાણી પડતું હોય. આપણે થોડો ચૂવો થાય તો એમ થાય કે આ બંધ કરી દ્યો. કેવી રીતે રહેતા હશે ? એ ટેવાઈ જાય. જે સ્થિતિમાં લાંબો વખત જીવ રહે એમાં ટેવાઈ જાય. માંદગીથી નથી ઘણા ટેવાઈ જતા ? અશાતાનો ઉદય લંબાઈ જાય તો એનાથી ટેવાય જાય છે. આ ગંદકીમાં રહેતા હોય. ગટરના સ્થળોમાં (રહેતા હોય) તો ત્યાંથી ટેવાઈ જાય છે. એને દુર્ગંધ લાગે જ નહિ. નવો માણસ ત્યાં એક Minute ઊભો ન રહી શકે અને ઓલાને દુર્ગંધ જેવું જ કાંઈ ન લાગે. કેમકે ટેવાઈ જાય છે. એમ આ અનંત સામર્થ્યવાળો જીવ છે એટલે બધાથી ટેવાય જાય છે. એ પણ એની શક્તિનું પ્રદર્શન છે ખરેખર તો. દુઃખથી ટેવાઈ જવું એ પણ એની જો શક્તિ જોતા આવડે તો એ શક્તિનું પ્રદર્શન થાય છે. એની શક્તિ પ્રસિદ્ધ થાય છે.

આ તો વિચારણા લીધી છે. પ્રયોજનભૂત વિચારણા. કોઈપણ

પ્રાણીને, જીવમાત્રને સુખ-દુઃખનું પ્રયોજન છે. એમાં સુખ નથી અને દુઃખ હયાત છે. શું છે ? સુખની ગેરહાજરી છે અને દુઃખ હાજર છે. તો જે દુઃખ ઉપસ્થિત છે એના ઉપર ઉહાપોહ ઉઠાવ્યો છે એમણે. એને નથી જોઈતું માટે.

એમણે એ પણ તર્ક કર્યા છે હવે. '**શું એ દુઃખ કોઈને મટતું જ નહીં હોય** ?' અથવા '**દુઃખી થવું એ જ જીવનો સ્વભાવ હશે** ?' બધા દુઃખી થાય છે માટે આપણે દુઃખી થવું એ જીવનો સ્વભાવ-સ્વરૂપ હશે ? અથવા '**શું કોઈ એક જગતકર્તા ઈશ્વર હશે તેણે આમ જ કરવું યોગ્ય ગણ્યું હશે** ?' કે ભલે જગતના પ્રાણીઓ દુઃખી થાય. એ એને યોગ્ય લાગ્યુ હશે અને એમ કર્યું હશે ? અથવા '**શું ભવિતવ્યતાને આધીન એ વાત હશે** ?' ભવિતવ્ય એટલે એમ જ થવા યોગ્ય હશે અને એમ જ થાતું હશે. '**અથવા કોઈ મારા કરેલા આગલા અપરાધોનું ફળ હશે** ?' બધા તર્ક લીધા છે. અનેક જાતના તર્ક કર્યા છે. જે માણસ અજાણ્યો છે, દુઃખનું શું કારણ છે એ વિષયમાં અજાણ્યો છે એને અનેક જાતના આવા તર્ક-વિતર્ક આવે છે.

'**એ વગેરે અનેક પ્રકારના વિકલ્પો જે જીવો મનસહિત દેહધારી છે તે કર્યા કરે છે,...**' જેને દેહ નથી એ તો સુખી છે, પૂર્ણ સુખી છે. પણ દેહધારીમાં જે મનવાળા છે એ બધા આનો વિચાર કરે છે. મનમાં વિચાર આવે છે. મન ગયું એને કાંઈ વિચાર નથી. એને તો એકાંતે દુઃખ ભોગવવું એ સિવાય કાંઈ નથી એને. '**અને જે જીવો મનરહિત છે તે અવ્યક્તપણે દુઃખનો અનુભવ કરે છે,...**' પોતાના દુઃખને વ્યક્ત નથી કરી શકતા એ દુઃખને ભોગવ્યા કરે છે. કર્મફળચેતનાને ભોગવે છે. '**અને અવ્યક્તપણે તે દુઃખ મટે એવી ઈચ્છા રાખ્યા કરે છે.**' મનરહિત છે તોપણ એને દુઃખ મટાડવાનો જ ભાવ છે, બીજો ભાવ એને થતો નથી. આ ત્રસ જીવ છે ને ? એક જગ્યાએથી ત્રાસ પામીને બીજી જગ્યાએ જાય છે એ એમ બતાવે છે કે એને ત્રાસ નામ દુઃખ એને જોઈતું નથી.

મુમુક્ષુ :- મન રહિત જે છે એ ટેવાઈ નહિ જતા હોય ?

પૂજ્ય ભાઈશ્રી : ટેવાય જાય છે પણ છતાં એમાં પણ એમાં અમુક Level સુધી ટેવાય જાય છે. એથી વધારે થાય એટલે વળી એને એ પાછું નથી જોઈતું. ટેવાય જાય છે એ પણ અમુક Level સુધી ટેવાય જાય છે. પછી એમાં પાછું વધઘટ થાય, એથી વધારે થાય એ એને નથી જોઈતું. એવી પરિસ્થિતિ છે. (અહીં સુધી રાખીએ...)

**તા. ૧૧-૪-૧૯૯૨, પત્રાંક - ૭૫૫**
**પ્રવચન નં. ૩૫૬**

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્ર-૭૫૫. ફરીથી ચાલે છે. પહેલા બે Paragraph ચાલી ગયા. એમાં જીવને દુઃખની અપ્રિયતા, અણગમો, અનિચ્છા હોવા છતાં શા માટે દુઃખની ઉત્પત્તિ થાય છે ? અને દુઃખને નાશ કરવાનો પ્રયત્ન પણ કેમ સફળ થતો નથી ? એ વિષયમાં વિચારવાન જીવને અનેક પ્રકારે પ્રશ્ન ઉત્પન્ન થાય છે. દુઃખ એ પ્રાણીમાત્રની સમસ્યા છે. તેનું સમાધાન યથાર્થ પ્રકારે જ્યાં સુધી ન મળે ત્યાં સુધી દુઃખ નાશ થવાની કોઈ પરિસ્થિતિ ઉત્પન્ન થતી નથી.

મુમુક્ષુ :- દુઃખનું મૂળ કારણ શું છે એ પહેલા ગોતવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- નિદાન કરવું જોઈએ કે દુઃખનું કારણ શું ? અને પછી એનો ઈલાજ થઈ શકે. એ સિવાય એનો ઉપાય ન થઈ શકે એ સમજી શકાય એવી વાત છે.

ત્રીજા Paragraphથી. **'આ જગતને વિષે પ્રાણીમાત્રની વ્યક્ત અથવા અવ્યક્ત ઈચ્છા પણ એ જ છે કે, કોઈ પણ પ્રકારે મને દુઃખ ન હો, અને સર્વથા સુખ હો.'** વિચાર્યું હોય કે ન વિચાર્યું હોય. આ અભિપ્રાય જગતના પ્રાણીમાત્રને છે. અવ્યક્ત ઈચ્છા એટલે પોતાને ખબર નથી. છતાં એમ જ ઈચ્છે છે. વ્યક્ત ઈચ્છા તે ઈચ્છાની પોતાને ખબર છે કે મારે દુઃખ ન જોઈએ અને સર્વથા મને સુખ જોઈએ. આ વિષયમાં સમાધાનની વિશેષતા એ છે કે દુઃખના પ્રકાર અનેક હોવા છતાં, અનંત પ્રકારના દુઃખ હોવા છતાં એનો ઉપાય એક જ પ્રકારે છે. દુઃખ મટાડવાનો, અનંત દુઃખ મટાડવાનો ઉપાય એક પ્રકારે છે. ઉપાયમાં બે પ્રકાર નથી. એ ઉપાયની એક વિશેષતા છે અને એ સુગમતા છે. એ ઉપાય પ્રાપ્ત થવો જોઈએ. સમજમાં આવવો જોઈએ અને ગ્રહણ થવો જોઈએ.

મુમુક્ષુ :- ખાલી સમજાય જાય તેથી કામ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સમજવામાં તો એવું છે કે પરલક્ષી જ્ઞાનમાં

સમજવાની શક્તિ હોવાથી સમજવાનું બની શકે છે પણ ગ્રહણ થવું તે બીજી વાત છે, સમજવું તે બીજી વાત છે.

'**પ્રયત્ન પણ એ જ અર્થે...**' એટલે દુઃખનો અભાવ કરવો એ જ અર્થે પ્રાણીમાત્રનો પ્રયત્ન છે. '**છતાં તે દુઃખ શા માટે મટતું નથી ? એવો પ્રશ્ન ઘણા ઘણા વિચારવાનોને પણ ભૂતકાળે ઉત્પન્ન થયો હતો, વર્તમાનકાળે પણ...**' ઘણા ઘણા વિચારવાનોને એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે. '**અને ભવિષ્યકાળે પણ...**' ઘણા ઘણા વિચારવાનોને એ પ્રશ્ન ઉત્પન્ન થશે. '**તે અનંત અનંત વિચારવાનોમાંથી અનંત વિચારવાનો તેના યથાર્થ સમાધાનને પામ્યા, અને દુઃખથી મુક્ત થયા.**' કોઈને એનો પત્તો નથી લાગતો, જગતના દુઃખ મટતા જ નથી માટે એ વાત પડતી મૂકો, દુઃખ એ અનિવાર્ય અનિષ્ટ છે, ન નિવારી શકાય એવું અનિષ્ટ છે એમ માનીને નિરાશ થવા જેવું નથી. અનંત અનંત જીવોને આ સમસ્યા નડી છે. એમાંથી અનંત જીવોને એનું સમાધાન પણ પ્રાપ્ત થયું છે.

'**વર્તમાનકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામે છે, તે પણ તથારૂપ ફળને પામે છે,...**' એટલે દુઃખથી મુક્ત થાય છે. '**અને ભવિષ્યકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામશે, તે તે તથારૂપ ફળને પામશે એમાં સંશય નથી.**' આ વાત પોતે પોતાના અનુભવથી સ્પષ્ટ કરી નાખી કે અત્યારે પણ આમ થાય છે, એ દુઃખથી મુક્ત થઈ શકાય છે, ભવિષ્યકાળે પણ દુઃખથી મુક્ત થઈ શકાશે. એમાં મને કોઈ સંશય લાગતો નથી.

વિશેષ વાત કરે છે કે '**શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત,...**' તો તો બધાને ઔષધી જેને જેને મળત એને શરીરનું દુઃખ જ ન થાત. અથવા કોઈ એવી ઔષધી વાપરવામાં આવત કે જેને લઈને દર્દની, શરીરની પિડા ઉત્પન્ન જ ન થાય. એને Preventive drug કહે છે. આગળથી પાળ બાંધવાની-રોગ ઉત્પન્ન ન થાય એના માટેની દવા. જો એ બધી દવાઓ અને ઔષધીઓ કામમાં આવતી હોત તો કોઈને પીડા કે દુઃખ થાત જ નહિ. તો આ જગતમાં દવાખાના જ ન હોત. પણ એવું બનતું નથી. જે દવા એ રોગને આવતો રોકવા માટે છે એ દવા લીધા પછી તરત જ એ રોગની ઉત્પત્તિ થવાનો સંભવ છે. કેમકે બીજા સમયે એ પરમાણુ સ્વતંત્ર છે. જો કે પ્રત્યેક સમયે સ્વતંત્ર છે એ તો. એટલે જો

ઔષધિથી શરીરનું (દુઃખ જતું હોત તો) એ જ પ્રકાર જગતમાં એટલો બધો ચાલતો હોત કે કોઈને શરીરના દુઃખ ઉત્પન્ન જ ન થાત. પણ એટલા બધા શરીરના દુઃખ ઉત્પન્ન થાય છે કે એનો પણ હિસાબ-કિતાબ કરી શકે એવું અત્યારે નથી.

**'મનનું દુઃખ ધનાદિ મળવાથી જતું હોત,...'** મનનું દુઃખ શેને છે ? ઈચ્છિત વસ્તુની અપ્રાપ્તિથી મનનું દુઃખ છે. પોતે જેમ ઈચ્છે છે એમ ન થાય, એમ ન બને, એવું પ્રાપ્ત ન થાય તો જીવને મનમાં દુઃખ થાય છે, આકુળતા થાય છે. એ જો ધનાદિ એટલે ઈચ્છિત પદાર્થો મળતા અથવા પોતાની ઈચ્છા પ્રમાણે બનતા જો બની જતું હોત તોપણ કોઈ દુઃખી ન થાત. પણ એવું પણ જોવામાં આવતું નથી. ઈચ્છા અનુસાર બને અને છતાં પાછો જીવ દુઃખી હોય. એવા માણસો ફરિયાદ કરતા જોવામાં આવ્યા છે કે અમારે કોઈ વાતે તકલીફ નથી. હામ, દામ ને ઠામ છે. એમ કહે. હિંમત આપનારા છે. હામ છે એટલે હિંમત આપનારા છે. દામ એટલે પૈસા છે, પાણીના બદલે દૂધ પીએ તો પણ વાંધો આવે એવું નથી. અને ઠામ એટલે બધા દુકાન, ધંધો, ઘર, મકાન, રહેવાના ઠેકાણા ઠામ બધું બરાબર છે. પણ બેચેની એટલી બધી છે. હામ, દામ ને ઠામ હોવા છતાં એટલી બેચેની છે કે કાંઈ સમજણ પડતી નથી કે આ બેચેની કેમ રહ્યા કરે છે ? આવા માણસો જોયા છે. આમ જુઓ તો લોકો અમને એમ કહે કે આ તો સર્વ વાતે સુખી છે. કુટુંબ, પરિવાર, બધી લીલી વાડી છે સંસારની. બધા અનુકૂળ છે. કોઈ પ્રતિકૂળ ચાલતા નથી. છતાં બેચેની ઘણી છે. શેની બેચેની છે ? કે આ બધું બરાબર મારું ગોઠવાય ગયું છે એનો રસ રેડાણો છે એની બેચેની છે. એ તીવ્ર અશુભરસ છે. અને એ તીવ્ર આકુળતાનો ઉત્પાદક છે. એની પરિણતિ થઈ જાય છે. અને એ પરિણતિ ઉગ્ર થાય છે ત્યારે એને ખબર પડે છે કે મને ક્યાંય ચેન પડતું નથી. એટલે એના ઉપર લીધું છે.

જો મનનું દુઃખ એ રીતે વસ્તુની પ્રાપ્તિથી મટી જતું હોત, વસ્તુ મળવાથી મટી જતું હોત. **'અને બાહ્ય સંસર્ગ સંબંધનું દુઃખ મનને કંઈ અસર ઉપજાવી શકતું ન હોત...'** અનુકૂળતા-પ્રતિકૂળતાના મન ઉપર કોઈ આઘાત-પ્રત્યાઘાત ન આવતા હોત તો. **'દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે તે તે સર્વ જીવોનું સફળ થાત;...'** દેવલોકમાં શરીરનું દુઃખ નથી, દેવલોકમાં ધનનું દુઃખ નથી અને છતાં કોઈ દેવ

મિથ્યાદૃષ્ટિ દેવ સુખી નથી. સમ્યગ્દૃષ્ટિ તો નારકીમાં પણ સુખી છે એટલે એને તો કાંઈ સવાલ નથી. પણ મિથ્યાદૃષ્ટિ કોઈ દેવ સ્વર્ગમાં સુખી નથી, ઊલટાનો વધારે દુઃખી છે. એટલે એ પણ પ્રયત્ન કરે છે, એ પણ સુખ મેળવવાનો પ્રયત્ન કરે છે. એ પ્રયત્ન ન થતો હોત. જો આ રીતે દુઃખ મટતું હોત તો ઘણા જીવો સુખી થયા હોત અને '**તે તે (પ્રયત્ન) સર્વ જીવોનું સફળ થાત;...**' અથવા સફળ ગણાત.

'**પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યું...**' પ્રત્યક્ષપણે એવો અનુભવ થાય છે કે આમાં દુઃખનો અભાવ થતો નથી. '**ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયું કે,...**' વિશેષ વિચારવાન હતા એને પ્રશ્ન ઉત્પન્ન થયું '**કે દુઃખ મટવા માટે બીજો જ ઉપાય હોવો જોઈએ;...**' જગતમાં માન્ય કરેલા ઉપાયો દુઃખને મટાડવા સમર્થ નહિ હોવાથી અથવા દુઃખ મટાડવા માટે નાકામિયાબ થતા હોવાથી ખરેખર દુઃખ મટાડવાનો ઉપાય કોઈ બીજો જ હોવો જોઈએ. એમ કોઈ કોઈ વિચારવાનોને વિશેષ વિચાર આવ્યો કે આનો ઉપાય કાંઈક બીજો હોવો જોઈએ. દવા લાગુ નથી થતી એનો અર્થ કે એ એની એ દવા નથી. એ રોગની એ દવા નથી. જે રોગ ઉપર દવા લેવામાં આવે અને એની કાંઈ અસર ન થાય અથવા વિપરીત અસર થાય (તો એ રોગની દવા નથી). જે પદાર્થની ઈચ્છા થઈ, એ પદાર્થ મળ્યો અને એ પદાર્થ મળ્યો છતાં તૃપ્તિ થવાને બદલે અતૃપ્તિ વધી. (એ) બતાવે છે કે એ રોગની એ દવા નથી. દવા કો'ક બીજી છે.

'**બીજો જ ઉપાય હોવો જોઈએ; આ જે કરવામાં આવે છે તે ઉપાય અયથાર્થ છે, અને બધો શ્રમ વૃથા છે,...**' એટલે નકામો શ્રમ થાય છે, પરિશ્રમ થાય છે. અને તે '**માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે અને તે જ પ્રમાણે ઉપાય કરવામાં આવે તો દુઃખ મટે; નહીં તો નહીં જ મટે.**' આ રીતે કેટલાક વિશેષ વિચારવાનોને આવી વિચારણા થઈ કે ઉપાય કો'ક બીજો છે, આ બધા ઉપાય ખોટા છે, જો સાચો ઉપાય કરવામાં આવે તો દુઃખ મટે, મટે ને મટે જ.

મુમુક્ષુ :- આમાં એમ બતાવ્યું છે કે દુઃખનું મૂળ કારણ જો બરોબર સમજવામાં આવે તો એનો ઉપાય સાચો શોધે.

પૂજ્ય ભાઈશ્રી : હા. દુઃખનું મૂળ કારણ જો યથાર્થ સમજવામાં આવે, નિદાન યથાર્થ થાય તો ઉપાય યથાર્થ થાય. નિદાન ખોટું થાય તો

ઉપાય સાચો થવાનો તો કોઈ અવસર જ નથી. નિદાન સાચું થયા પછી ઉપાય પણ સાચો થવો જોઈએ. ખાલી નિદાન થાય એથી પણ કાર્યસિદ્ધિ નથી. પણ જેને દુઃખ મટાડવું છે એ તો નિદાન થયા પછી એનો ઉપાય કર્યા વિના રહે નહિ. જેને ખરેખર દુઃખ મટાડવું છે એને તો એમ જ થાય. એટલે એ વાત અધ્યાહાર રહી.

હવે કહે છે કે, '**જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઊઠ્યા,...**' નહિતર અહીંયાં પ્રશ્ન થાય છે કે ચાલો, અમને તો ખબર પડી. સદ્ગુરુ કૃપાથી અમને ખબર પડી કે દુઃખનું મૂળ કારણ શું છે ? કે સુખ આત્મામાં હોવા છતાં આત્મામાં સુખ છે એમ માન્યું નહિ. અને સુખ બીજે છે, બાહ્ય પદાર્થમાં છે એમ માનીને એની પાછળ પ્રવૃત્તિ કરી માટે જાણ્યું. નિદાન તો બરાબર છે કે જેટલી પરાધીનતા એટલું દુઃખ છે. પરના આશ્રયે જેટલું પરિણમન થાય એટલું દુઃખ છે. નિદાન તો બરાબર સમજાણું પણ ઉપાય હાથમાં આવતો નથી એનું શું કારણ ? અહીં સુધી પ્રશ્ન થવા યોગ્ય છે.

આપણો વિચાર કરીએ. જે આ માર્ગથી સાવ અજાણ્યા છે, આ વિચારધારાથી જે અજાણ્યા છે એને તો કદાચ નિદાનની પણ ખબર નથી. પણ જેને નિદાનની ખબર પડી, નિદાન જાણવા મળ્યું, એને એ ઉપાય કેમ સાધ્ય થતો નથી ? સાધવામાં આવતો નથી, અંગીકાર થતો નથી ? એનો અર્થ એને ખરેખર જે રીતે દુઃખ લાગવું જોઈએ એ રીતે એને દુઃખ લાગ્યું નથી. નહિતર એ દુઃખને મટાડવાનો સાચો ઉપાય જાણે. દુઃખનું નિદાન તો થયું પણ ઉપાય પણ જાણવા મળ્યો છે. આપણે તો પાછી વિશેષ અનુકૂળતા છે. સુખ આત્મામાં છે અને આત્મસ્વરૂપનો આશ્રય કરતા સુખી થવાય એટલું જાણવા મળ્યું છે, ઉપાય પણ મળ્યો છે. ઠીક ! અને છતાં આત્મસ્વરૂપનો આશ્રય નથી થતો. પરાશ્રય મટતો નથી.

એનું કારણ છે કે એવું જે જાણ્યું છે એ જાણવામાં હજી વિશ્વાસ ઉત્પન્ન થયો નથી. એટલે જાણવા મળ્યું છે પણ .. નથી. બરાબર છે ? જાણવા મળ્યું છે પણ જૂનું જે વલણ છે એ એમ ને એમ ઊભું રહે છે. જાણ્યું છે પણ વિશ્વાસ આવ્યો નથી. ભગવાનની વાત ઉપર, તીર્થંકરદેવની વાત ઉપર, શ્રીગુરુની વાત ઉપર આ જીવને વિશ્વાસ આવ્યો નથી. એટલે એમ થયું કે જાણવા મળવું એક વાત છે, એનો વિશ્વાસ આવવો બીજી વાત છે. જો વિશ્વાસ આવે તો એ કામ આગળનું થયા

વિના રહે નહિ.

મુમુક્ષુ :- વિશ્વાસ આવો...

પૂજ્ય ભાઈશ્રી :- સીધી વાત છે. વિશ્વાસ છે એ એક નિર્ણયની ભૂમિકા છે અથવા યથાર્થ નિર્ણયની ભૂમિકામાં વિશ્વાસ આવે છે. અને એ નિર્ણય જ્ઞાનબળ અને નિર્ણયબળને ઉત્પન્ન કરે છે. એટલે જીવ એ પ્રયત્નને સાધ્ય થવામાં એનું બળ પ્રાપ્ત કરે છે. બીજા તબક્કામાં પ્રવેશ કરે છે. જાણીને એનો પ્રયત્ન થવો પુરુષાર્થ થવો એ તબક્કામાં જીવ પ્રવેશ કરે છે. જો નિર્ણય યથાર્થ હોય તો. નહિતર જાણેલું અને વગર જાણેલું એમાં કાંઈ ફેર નથી.

**'જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઊઠ્યા,...'** ગંભીરતાથી, હોં ! પૂરી ગંભીરતાથી. Seriously એકદમ. **'જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઊઠ્યા, તેમાં પણ કોઈક જ તેનું યથાર્થ સમાધાન પામ્યા...'** શું કહે છે ? બધાને તો યથાર્થ સમાધાનપણું મળ્યું નહિ. કોઈ તો એમાં પણ કલ્પનાએ ચડ્યા, એમ કહેવું છે. **'અને ઘણા યથાર્થ સમાધાન નહીં પામતાં છતાં...'** કોઈક જ એનું યથાર્થ સમાધાન પામ્યા. બાકીના જે ન પામ્યા એનું શું થયું ? કે એને યથાર્થ સમાધાન નહિ થયું હોવા છતાં **'મતિવ્યામોહાદિ કારણથી યથાર્થ સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા...'** ઠીક ! અનેક ધર્મમતમાં, દરેક ધર્મમતવાળા એમ માને છે કે અમારી વાત બરાબર અને યથાર્થ છે, સાચી છે. અમે જે સમજીએ છીએ એ બરાબર છે.

મુમુક્ષુ :- સો ટકા ?

પૂજ્ય ભાઈશ્રી : સો ટકા જ માને ને. શું કરવા અધૂરું માને કોઈ ? રસ્તો છોડી દે. એને શંકા પડી જાય. માનવા લાગ્યા કે નહિ, અમે બરાબર સમજ્યા છીએ. માનવા લાગ્યા એટલું નહિ, પોતે સમજ્યા, માન્યું તે પ્રમાણે ઉપદેશ પણ કરવા લાગ્યા. આ બરાબર છે. અમે તમને ઉપાય બતાવીએ છીએ. તમારે શાંતિ જોઈએ છે ને ? અમે કહીએ એ પ્રમાણે તમે યોગ અને ધ્યાનનો પ્રયોગ કરો. ચાલે છે કે નહિ ? ધ્યાન કેન્દ્ર અને યોગ કેન્દ્રો ચાલે છે. તમારે જો શાંતિ જોઈતી હોય, સુખ જોઈતું હોય તો અમે તમને સુખ પ્રાપ્ત થાય એવો રસ્તો બતાવીએ.

**'ઉપદેશ કરવા લાગ્યા અને ઘણા લોકો તેને અનુસરવા પણ લાગ્યા.'** સો વર્ષ પહેલા લખેલી વાત છે. ૧૯૫૩. ૯૫ વર્ષ થયા.

**'જગતમાં જુદા જુદા ધર્મમત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે.'** જે સુખ પ્રાપ્તિનો ઉપાય છે એ ઉપાયમાં વિચારભેદ છે. એ ઉપાયમાં મતભેદ છે. .. એ એમ કહે છે કે અમે જે રીત કહીએ તે સાચી, બીજા એમ કહે છે કે અમે જે રીત કહીએ તે સાચી છે.

બાર અંગમાં કોઈ સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિષય હોય અને પ્રયોજનભૂતમાં પ્રયોજનભૂત વિષય હોય તો આ ધર્મ પામવાની, સુખી થવાની રીતનો જે વિષય છે એ સૌથી સૂક્ષ્મ અને પ્રયોજનભૂત છે. સૂક્ષ્મ હોવાથી બધાની નજરે ચડતો નથી. સૂક્ષ્મ હોવાથી બધાની નજરે ચડતો નથી અને બધાની નજરે નહિ ચડતો હોવા છતાં અમને મળી ગયો છે અને અમને પ્રાપ્ત થઈ ગયું છે, એમ માની બેસીને પછી પોતાની માન્યતા અથવા કલ્પિત માન્યતા અનુસાર એ ઉપાયને કરવા લાગે છે, ઉપદેશવા લાગે છે. એને લોકો અનુસરવા લાગે છે. અને આમ ધર્મના જુદા જુદા ફાંટા એકમાંથી અનેક ઉત્પન્ન થાય છે.

''**ધર્મથી દુઃખ મટે**'' લ્યો ! આ એક સામાન્ય માન્યતા છે જગતમાં. ''**ધર્મથી દુઃખ મટે' એમ ઘણા ખરા વિચારવાનોની માન્યતા થઈ. પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એકબીજામાં ઘણો તફાવત પડ્યો.'** ધર્મ કરવો કઈ રીતે ? ધર્મથી દુઃખ મટે. ધર્મ કરશે તે સુખી થશે. આ એક રૂઢ માન્યતા થઈ. રૂઢિગત. .. કરવો કઈ રીતે ? એમાં ઘણો તફાવત પડ્યો. એ વિચારની અંદર મતભેદો ઊભા થયા. અને હંમેશા મતભેદો કાર્યપદ્ધતિમાં થાય છે. ધ્યેય એક હોવા છતાં .. વિચારભેદો અને મતભેદો. 'તુંડે તુંડે મતિર્ભિન્ના.' અનેક જીવોનો ક્ષયોપશમ અનેકવિધ પ્રકારે હોવાને લીધે કાર્યપદ્ધતિમાં વિચારભેદ જોવામાં આવે છે. અને એની જ્યારે પક્કડ થાય છે કે મારી જ કાર્યપદ્ધતિ બરાબર. ત્યારે એ ફાંટો જુદો પડી જાય છે. ત્યારે એ ફાંટો જુદો પડી જાય છે. એને અનુસરનારા મળે એટલે ફાંટો જુદો પડી જાય છે. બીજી કાર્યપદ્ધતિમાં અનુસરનારા મળે એટલે બીજો ફાંટો થઈ જાય. દરેક કાળે આમ બન્યું છે. અનંત કાળથી આમ બનતું આવ્યું છે. અત્યારે જ બને છે એવું કાંઈ નથી. અનંત કાળથી આમ બનતું આવ્યું છે.

મુમુક્ષુ :- ધર્મથી દુઃખ મટે એ વાત તો સાચી છે.

પૂજ્ય ભાઈશ્રી :- સાવ સાચી છે. એ વાત સાવ સાચી હોવાથી એ રૂઢિગત થઈ ગઈ પાછી. શું થયું ? એનું યથાર્થપણું છે એ ચાલ્યું ગયું.

ઓઘસંજ્ઞાએ લોકો માનવા લાગ્યા અને એનું યથાર્થ સ્વરૂપ સમજવાનું બંધ થઈ ગયું. ઓઘસંજ્ઞાની વૃદ્ધિ થઈ ગઈ. ઓઘસંજ્ઞામાં જેટલું જેટલું વધારે ચાલે એટલી સંપ્રદાયની રૂઢિ થઈ જાય.

મુમુક્ષુ :- યથાર્થ સમજણમાં શું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- યથાર્થ સમજણ એટલે... યથાર્થતાનો વિષય તો બહુ બહોળો છે. પણ જેમ છે એમ. યથા એટલે જેમ. અર્થ એટલો એનો ભાવ. એનો જેમ ભાવ છે તેમ જ સમજાવું તેનું નામ યથાર્થ છે. એની પરિભાષા-શબ્દાર્થ તો એટલો જ છે. પણ એક જ શાસ્ત્રવચન છે. એ શાસ્ત્રવચનનો શબ્દાર્થ બરાબર હોય. છતાં એ શાસ્ત્રવચન આત્મહિતાર્થે લખાયેલું હોવા છતાં આત્મહિતાર્થે એ અંગીકાર ન થતું હોય તો અર્થ સમજાયો તે યથાર્થ નથી.

ફરીથી. એક સત્પુરુષનું શાસ્ત્રનું વચન છે એ આપણને માન્ય છે. કે આ જિનાગમનું વચન છે, જિનોક્ત વાત છે પણ એ જિનોક્ત વાત બરાબર લાગી એ બરાબર યથાર્થ ક્યારે ? કે લખનારે લખ્યું કે આત્મહિત થાય એ હેતુથી. અને એવો હેતુ પોતાને જો સમજાતા ન લાગુ થાય, એવો હેતુ ન સરે, આત્મહિતનું એવું કારણ ઉત્પન્ન ન થાય, હેતુ એટલે કારણ, તો એ સમજાયું તે યથાર્થ નથી. સાચું સમજાયું હોવા છતાં તે યથાર્થ નથી. આમ વાત છે.

કેટલાકને તો મતિદોષથી સાચું સમજાતું નથી. કહેવા માગે છે કાંઈ અને સમજે છે કાંઈ. સાડલાનો સુંડલો. કીધું, સાડલો. તો કહે સુંડલો સમજ્યો. 'ગુરુદેવ' એક બીજો દૃષ્ટાંત દેતા હતા. એ યાદ આવ્યો. ફાનસ સળગાવો. શું કીધું ? ફાનસ સળગાવો. તો ફાનસને ભડકામાં નાખ્યું. ભાઈ ! ફાનસને સળગાવાનું નથી. ફાનસમાં વાટને પેટાવવાની વાત છે. પણ ભાષા એવી બોલાય કે ફાનસ સળગાવો. નાખ્યું ભડકામાં. સળગતું હતું એમાં ફાનસ નાખી દીધું. કેટલાક તો મતિવ્યામોહથી કહેવા... કેટલાક કહેવા માગે છે એ સમજે છે. છતાં એનો હેતુ સરે એ પ્રકારે સમજતા નથી. માટે તેને યથાર્થ કહેવામાં આવતું નથી. હેતુ તો સરવો જોઈએને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ હેતુથી કહેવાયું છે, એ હેતુ ન સરતો હોય તો એની યથાર્થતા શું કહેવી ? શા કારણે કહેવી ? તો એને યથાર્થ કહેવાનું કોઈ કારણ રહેતું નથી.

મુમુક્ષુ :- પોતાનો આશય અને શાસ્ત્રનો આશય એની એકરૂપતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક વાક્યતા થવી જોઈએ. આપણા માટે આ સમસ્યા છે. આપણા સમાજમાં આ સમસ્યા છે.

... નથી એમ પણ જોવામાં આવે છે. ત્યારે જે સમજાણું છે તે યથાર્થ સમજાણું નથી.

મુમુક્ષુ :- સાચી વાત.

પૂજ્ય ભાઈશ્રી :- સાચી વાત યથાર્થપણે નથી સમજાણી. વાત તો સાચી છે એ સાચી જ છે. ધર્મથી દુઃખ મટે એ વાત ખોટી કે સાચી ? કે વાત તો સાચી. પણ એનો હેતુ સરતો નથી. માટે એના માટે એ વાત સાચી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો દુઃખ લાગવું જોઈએ એ રીતે એને લાગ્યું નથી. ઉપર ઉપરથી દુઃખ સમજ્યો છે. અને બહુ ભાગ તો એ દુઃખ મટાડવાના અયથાર્થ એવા જે લૌકિક ઉપાયો એ (કર્યા) સિવાય બહુ કરતો નથી. અલૌકિક ઉપાયને આદરતો નથી. આ સીધી વાત છે. અંતર્મુખ થઈને જે સ્વરૂપ આશ્રય કરવો જોઈએ, એના માટે જે પ્રયત્ન કરવો જોઈએ, પુરુષાર્થ હોવો જોઈએ કે થવો જોઈએ, એવું ક્યાં થાય છે ? જો એમ ન થાય તો દુઃખ મટવાનો તો બીજો કોઈ ઉપાય આ જગતમાં છે નહિ.

‘**ધર્મનું સ્વરૂપ સમજવામાં એકબીજામાં ઘણો તફાવત પડ્યો. ઘણા તો પોતાનો મૂળ વિષય ચૂકી ગયા;...**’ પછી તો શું થયું ? કે જ્યારે એકબીજા વચ્ચે વિચારભેદ થયો ત્યારે એ વિચારભેદની ઉગ્રતાને લઈને મૂળ વિષય જ ચૂકી ગયા કે આપણે દુઃખ મટાડવા માટે આ વાત હતી એના બદલે દુઃખ વધારવાની વાત ક્યાં કરીએ છીએ ? અને ‘**ઘણા તો તે વિષયમાં મતિ થાકવાથી અનેક પ્રકારે નાસ્તિકાદિ પરિણામોને પામ્યા.**’ અને ઘણાની બુદ્ધિ થાકી ગઈ. મૂકો વાત પડતી. આ બધું ધતીંગ અને હંબક છે. ધર્મ-ફર્મ બધી વાત છે એ બધું ધતીંગ છે અને હંબક છે. અને એવું માનવાના પણ કેટલાક કારણો મળ્યા કે કેટલાક ધર્મના નામે ધતીંગ ચલાવવા પણ માંડ્યા. દુકાન માંડીને બેસી ગયા. બનાવો આશ્રમ, બનાવો મંદિર. જુદા જુદા પ્રકારે કેવી રીતે એમાં આવક થાય ? જેમ વેપાર કરતા કમાણી થાય. એ પ્રકાર જ્યારે શરૂ થઈ ગયા

(ત્યારે) નવા માણસને તો ખ્યાલમાં આવી જાય છે કે આ તો બધો ... લેવાની વાત છે. આ બહાને લોકોને બીજી રીતે ઊંધે રસ્તે ચડાવીને આવક મેળવવાની વાત છે, પૈસા મેળવવાની વાત છે. એમ બહુભાગ તો ધર્મના નામે દુકાનદારી ચાલવા લાગી. પછી એ દુકાનદારી ચાલે ત્યારે દુકાનદારો વચ્ચે જે હરીફાઈ હોય છે એ જાતની હરીફાઈ પણ ચાલવા લાગી. એ બધા પ્રકાર અત્યારે નજરે જોવા મળે એવું છે. પછી જે બુદ્ધિવાળા છે એને ખ્યાલ આવી જાય છે કે આમાં કાંઈ નથી. આ તો બધું ધતીંગ છે. આ તો લોકો નાસ્તિક થવા માંડ્યા છે. ધર્મની વાત જ સાંભળવી નહિ. ધર્મની વાત કરવી નહિ અને ધર્મની વાત સાંભળવી નહિ. કેમ ? કે આ બધું ધતીંગ છે, જાવ. આ 'રશિયા' માં સામ્યવાદનો બહુ મોટો સમૂહ આ વિચારધારામાં ઊભો થઈ ગયો હતો.

**'દુઃખના મૂળ કારણ અને તેની શી રીતે પ્રવૃત્તિ થઈ તેના સંબંધમાં થોડાક મુખ્ય અભિપ્રાયો અત્રે સંક્ષેપમાં જણાવવામાં આવે છે.'** આટલું વિવેચન કર્યા પછી દુઃખના મૂળ કારણ ઉપર વિવેચન કરવું છે. એ દુઃખની પ્રવૃત્તિ કઈ રીતે થઈ ? એમાં શું શું થવા લાગ્યું ? એ સંબંધીના અભિપ્રાયો સંક્ષેપમાં અહીંયાં કહેવામાં આવ્યા છે. **'દુઃખ શું છે ? તેના મૂળ કારણો શું છે ? અને તે શાથી મટી શકે ?'** એનો ઈલાજ. **'દુઃખ શું છે ?'** દ્રવ્ય છે ? ગુણ છે ? કે પર્યાય છે ? **'તેના મૂળ કારણો શું છે ?'** ક્યાંથી ઉત્પન્ન થયું ? વસ્તુના સ્વરૂપ અનુસાર, વસ્તુના વિજ્ઞાન અનુસાર. અને તે કઈ રીતે મટે ? **'તે સંબંધી જિનો એટલે વીતરાગોએ પોતાનો જે મત દર્શાવ્યો છે તે અહીં સંક્ષેપમાં કહીએ છીએ :'**

અહીંયાં એ વિચારવા જેવું છે કે એમણે જિનનો અને વીતરાગનો મત શા માટે દર્શાવ્યો ? અને બીજાનો મત ન દર્શાવ્યો ? જિનેશ્વર ભગવાનના નામે અનેક વ્યક્તિઓના નામ પ્રસિદ્ધ છે. છતાં બીજા કોઈની વાત ન લીધી અને જિન વીતરાગની વાત શા માટે લીધી ? જુઓ ! જિન વીતરાગમાં પણ કોઈ વ્યક્તિનું નામ નથી લીધું પાછું. 'કુંદકુંદાચાર્ય' જેવી વાત કરી. નમઃ સમયસારાય. કોઈ વ્યક્તિને નમસ્કાર ન કર્યો. ' મહાવીર' ભગવાનને નમસ્કાર હો, 'ઋષભદેવ' ભગવાનને નમસ્કાર હો એમ ન કહ્યું. 'સમયસાર'ને નમસ્કાર હો. ઠીક ! ગુણવાચક લેવું છે ને ? એટલે એમ (લીધું). વ્યક્તિવાચક નથી લેવું પણ ગુણવાચક લેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જેટલા ગુણવાન છે એ બધા આવી જાય છે. એવા એ ગુણો જેણે પ્રાપ્ત કર્યા છે તે બધા આવી જાય છે. અને ગુણોનું ઐશ્વર્ય જેણે પ્રગટ કર્યું છે એને ઈશ્વર કહેવાની વાત પણ એમાં આવી જાય છે.

જિનો એટલા માટે લીધા કે દુષણ અથવા દોષ ઉપર જેણે વિજય મેળવ્યો અને વીતરાગ એટલે રાગાદિ, પ્રશસ્ત પરિણામો છે એ પણ બધા રાગાદિ છે એના ઉપર પણ જેણે વિજય મેળવ્યો. એ પણ જેના વ્યતીત થઈ ગયા અને નિર્દોષ પરમાત્મા જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયા. રાગ વગરના. કેમકે સામાન્ય રીતે જિન વીતરાગ સિવાય જગતમાં બીજી વ્યક્તિઓને જ્યાં જ્યાં ઈશ્વર તરીક માનવામાં આવ્યા છે ... કેવા માન્યા છે ? રાગવાળા સ્થાપ્યા છે, ઈચ્છાવાળા સ્થાપ્યા છે. જૈનદર્શનમાં જેને ઈશ્વર કહીએ, ભગવાન કહીએ એને વીતરાગ માનવામાં આવ્યા છે. આ વિશેષતા છે. એટલે એનો મત દર્શાવ્યો છે કે જેને રાગ પણ નથી, દ્વેષ પણ નથી અને રાગ-દ્વેષ જેમાંથી ઉત્પન્ન થાય છે એવો મોહ પણ જેને નથી. એ કાંઈ નથી. એવા જે સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્ર છે એનો મત અહીંયાં દર્શાવીએ છીએ. એ નિર્દોષ હોવા યોગ્ય છે.

જગતમાં ધર્મના નામે વાત તો ઘણી છે. પણ કોની વાત માનવી ? આ સવાલ ઊભો થાય. કોઈ પણ વિચારવાન જીવને આ સવાલ ઊભો થાય. ત્યારે સત્તરમાં વર્ષ પહેલા એમણે આ વાતનો ફેસલો કર્યો. કે 'નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું' જેણે નિર્દોષતાનો સ્વાનુભવ કર્યો, નિર્દોષ થયા એવા નિર્દોષ નરનું કથન માનજો. જેનામાં દુષણ અને દોષ હોય એની વાત માનવા જેવી નથી. અહીંયાં એ સિદ્ધાંત છે.

**'તે સંબંધી જિનો એટલે વીતરાગોએ પોતાનો જે મત દર્શાવ્યો છે તે અહીં સંક્ષેપમાં કહીએ છીએ : હવે, તે યથાર્થ છે કે કેમ ? તેનું અવલોકન કરીએ છીએ :'** તેમનો મત પણ યથાર્થ છે કે કેમ ? એનું પણ આપણે અવલોકન કરવું જોઈએ. નહિતર એમણે કહ્યું છે માટે માની લેવું એમ થાય છે. મધ્યસ્થ વિચારવાવાળાએ અને સ્વતંત્રપણે વિચારવાવાળાએ એમ વિચારવું જોઈએ કે આમણે કહ્યું છે, ફલાણાએ કહ્યું છે, માટે સાચું છે એમ નથી. કેમકે નહિતર એના નામે કોઈ વાત કરશે તો કેવી રીતે ખબર પડશે ? કે એણે કહ્યું છે અને એને નથી કહ્યું. કહેનાર તો ભૂતકાળમાં થઈ ગયા છે. વર્તમાનમાં છે નહિ. 'મહાવીરે' આમ કહ્યું હતું.

તો ભગવાન ‘મહાવીર’ના નામે કો’ક નવી ખોટી અયથાર્થ વાત મૂકી દે તો ? માટે ‘મહાવીરે’ કહ્યું છે માટે સાચું છે એ સ્વતંત્ર વિચારકના વિચારની મર્યાદામાં એ વાત નથી.

‘શ્રીકૃષ્ણે’ કહ્યું છે, ‘રામે’ કહ્યું છે, ‘મહાવીરે’ કહ્યું છે, ‘મહંમદ પયગંબરે’ કહ્યું છે, ‘બૌદ્ધે’ કહ્યું છે માટે સાચું છે એમ છે નહિ. સાચું છે તે સાચું કહેનારાઓએ સાચું કહ્યું છે. તે સાચું છે કે કેમ ? તેને સત્યની કસોટી ઉપર પોતે ચડાવવું જોઈએ. તો એના માટે સાચું થાય. નહિતર સાચું કહેનારાનું સાચું એમના માટે સાચું અને કસોટી કર્યા વગર તારા માટે એ ખોટું. સાચું નહિ. ઠીક ! એમ છે. આટલી તૈયારી હોવી જોઈએ. વિચારની ભૂમિકામાં આટલી તૈયારી હોવી જોઈએ.

મુમુક્ષુ :- અનુભવથી પ્રમાણ કરજો.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવથી પ્રમાણ કરજો. એટલા માટે ‘સમયસાર’માં ‘કુંદકુંદાચાર્યે’ કહ્યું કે, હું કહું છું (એટલે) તમે એમ ને એમ હા પાડતા નહિ. અનુભવની કસોટીએ મારી વાતને ચડાવજો અને અનુભવની કસોટીએ એ ખરી ઊતરી તો માન્ય કરજો. નહિતર માન્ય કરતા નહિ. હું કહું છું માટે માનશો એવો મારો આગ્રહ નથી, એમ કહે છે. મારો એ આગ્રહ નથી કે હું કહું છું માટે માનો. જુઓ ! કેવી વાત લખી છે ! એમને સંખ્યા વધારવી નહોતી. હું કહું એમ તમે ઘણા માનતા થઈ જાવ, હું કહું એમ જાજા માનતા થઈ જાવ. એમ નહિ. જેને જેને અનુભવની કસોટી ઉપર ખરી ઉતરે એ માનજો. બાકી તમે નહિ માનતા. મારે કોઈ બીજો લેવા-દેવા નથી.

‘**હવે, તે યથાર્થ છે કે કેમ ? તેનું અવલોકન કરીએ છીએ : જે ઉપાયો દર્શાવ્યા તે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અથવા તે ત્રણેનું એક નામ ‘સમ્યક્મોક્ષ’**’ છે. મોક્ષઉપાયને મોક્ષમાર્ગ કહે છે. ઉપાય એટલે માર્ગ. એ ત્રણે આંશિક મોક્ષસ્વરૂપે હોવાથી એને સમ્યક્મોક્ષ કહેવામાં આવે છે. સમ્યક્ વિશેષણ બધાને લગાડ્યું. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને મોક્ષ એમ બધાને સમ્યક્ વિશેષણ લગાડ્યું.

મુમુક્ષુ : મૂળ પાયો આ છે.

પૂજ્ય ભાઈશ્રી : હા. આ પાયો છે. સૈદ્ધાંતિક રીતે આ પાયો છે.

‘**સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં...**’ હવે એ ત્રણની વાત કરતા ‘**સમ્યક્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે તે વીતરાગોએ કહી**

**છે;...'** 'ગુરુદેવ'નું ધ્યાન આ વાત ઉપર ચડ્યું. આપણે વિચારીએ તો એમણે જૈનશાસ્ત્રો વાંચ્યા, ઈતર શાસ્ત્રો પણ વાંચ્યા પણ એમનું ધ્યાન પડ્યું કે બધી વાતમાં સમ્યગ્દર્શનની મુખ્યતા છે, તેની મુખ્યતા વગર બધું ગડબડ થાય એવું છે.

મુમુક્ષુ :- એકડા વગરના મીંડા.

પૂજ્ય ભાઈશ્રી :- એકડા વગરના મીંડા. સમ્યગ્દર્શન એકડો છે. કહેતા હતા. બરાબર છે. બાકી એકડા વગરના બધા મીંડા છે. શાસ્ત્રજ્ઞાન અંગ પૂર્વનું કરે, તપ કરે, તપ તપે, મોટો તપસ્વી ગણાય એટલા તપ તપે. સમ્યગ્દર્શન વગરનું તપ છે એ મીંડું (છે).

શું કહે છે ? જુઓ ! દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ સમ્યગ્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે તે વીતરાગોએ કહી છે. મૂળની વાત આ છે. 'દંસણ મૂલો ધમ્મો.' ધર્મ છે એમાં પણ દર્શન છે તે મૂળ છે. જ્ઞાન કોનું ટકશે ? ચારિત્ર કોનું ટકશે ? કે જેનું સમ્યગ્દર્શન મજબૂત હશે એનું ટકશે. મૂળ મજબૂત તો વૃક્ષ, ડાળા, પાંદડા બધા સાજા રહેશે. મૂળ ગયું તો બધું ખલાસ. ઘણા ઝાડ એમ ને એમ સૂકાઈ જાય. મૂળમાં ક્યાંક રોગ થઈ ગયો હોય (તો) આખું ઝાડ ખલાસ થઈ જાય, સૂકાઈ જાય, લાકડું થઈ જાય.

**'જોકે સમ્યક્જ્ઞાનથી જ સમ્યક્દર્શનનું પણ ઓળખાણ થાય છે,...'** અથવા જ્ઞાનપૂર્વક જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. **'તોપણ સમ્યક્દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.'** આમ એક બીજાનું પૂરક છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવે છે અને સમ્યગ્દર્શન પૂર્વકનું જ્ઞાન છે એ જ ભવનિવૃત્તિનો હેતુ થાય છે અથવા સુખ પ્રાપ્તિનો હેતુ થાય છે, દુઃખ નિવૃત્તિનો હેતુ થાય છે. નહિતર બધી ગડબડ (થાય છે). જ્ઞાન પણ ઊંધુ કામ કરવા લાગે.

મુમુક્ષુ :- જે જ્ઞાન સમ્યગ્દર્શનનું કારણ થાય છે તે જ્ઞાનની પ્રાપ્તિ થવા છતાં પણ જો સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કરે તો એ દુઃખનું કારણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જાય. મતિ. જ્ઞાનનું બીજું નામ મતિ. તો સુમતિ અને કુમતિ. જ્ઞાન બે પ્રકારે હોય છે : સુમતિ અને કુમતિ. કોઈની બુદ્ધિ ઊંધુ કામ કરે ત્યારે આપણે એને શું કહીએ છીએ ? કે આને કુમતિ

સૂઝી. આપણી કાઠિયાવાડી ભાષામાં શું કહે છે એને ? કે એને કોઈ એવી કુમતિ સુઝી કે એણે ઊંધો રસ્તો પકડી લીધો. સુબુદ્ધિ સુમતિ ઊપજે તો આત્માનું હિત કરે, નહિતર પોતે પોતાનું અહિત કરે છે.

મુમુક્ષુ :- ખાસ કરીને આમાં જે રીતે કહ્યું છે એ રીતે અનુસર જ્ઞાન ચાલતું હોય છે. પણ એ તરફનો જો પ્રયત્ન ન કરે તો એ જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે સાચી સમજણ છે એ સાચા પ્રયત્નની ઉત્પાદક છે. એ પ્રયત્ન નથી કરતો એનો અર્થ કે સમજણ સાચી નથી. સમજણ સાચી નથી. એમ છે. એટલે જ્ઞાનીઓએ એક પ્રશ્ન મૂક્યો. આ જગ્યાએ જ્ઞાનીઓએ એક પ્રશ્ન મૂક્યો કે તું જ્ઞાનની વાત પછી કરજે. પહેલા હું તને પૂછું એનો જવાબ દે. જ્ઞાનપ્રાપ્તિની વાત પછી કરજે તું, પહેલા હું પૂછું એનો તો જવાબ દે કે તારે ખરેખર આત્મહિત કરવું છે અને આત્મહિત કરવા માટે અહીંયાં આવ્યો છો ? તો હવે જે તું જે સમજવા બેસીશ ને, એ તારા પ્રયત્નને ઉત્પન્ન કરશે એવી સમજણ ઉત્પન્ન થશે. પણ જો તું આત્મહિતના હેતુથી જ અહીં આવ્યો નથી એટલે કે નક્કી કોઈ અન્ય હેતુથી આવ્યો છો, તો તને સમજણ છે એ સાચી નહિ થાય. તારી સમજણ તારા પ્રયત્નનો ઉપાડ નહિ લાવે, એમ કહે છે. આ મૂળમાં વાત છે.

'લલ્લુજી'ને એકાંતમાં એકવાર 'કૃપાળુદેવે' પૂછ્યું છે કે તમે અમારી પાછળ લાગ્યા છો શું કરવા ? જ્યાં જાય ત્યાં પાછળ પાછળ જાય. જ્યાં જાય ત્યાં પાછળ-પાછળ જાય. જે ગામમાં જાય એ ગામમાં જાય. એમણે જોયું કે આ સાધુ છે અને મારી પાછળ ફરે છે તો નકામો એનો વિરોધ થશે અને સમાજમાં અશાંતિ થશે. માટે એ મર્યાદિત રીતે સમાગમ કરે તો સારું. એટલે ના પાડી દેવા માંડ્યા. તમારે આવવું નહિ. અમારી આજ્ઞા લઈને આવવું. અમારી આજ્ઞા વગર આવવું જ નહિ અમારી પાસે. અમે હા પાડીએ તો આવવું. આને એટલું બધું થઈ ગયું કે નહિ. મારે દર્શન કરવા છે... મારે દર્શન કરવા છે. તો કોઈ વખત તો એમ ને એમ પણ જતા, તો કોઈ વખત એમને કાઢી મૂકતા. નજીકના ગામડામાં હોય. પાંચ માઈલ-દસ માઈલ ચાલી નાખે. તો એ ગામને પાદરથી પૂછાવે કે સાહેબને જઈને કહો, દર્શન કરવા આવું ? ના પાડી દે. પાછા વયા જાય. ઠીક !

પછી એકવાર એકાંતમાં પૂછ્યું. તમે કેમ પાછળ પડી ગયા છો ?

તમે અમારી પાછળ શું કરવા લાગ્યા છો કાંઈ કહેશો ? ઠીક ! આવું કોઈ પૂછે ? તો કહે, સાચું કહું ? કે, આ આત્માને એમ લાગે છે કે મારું કલ્યાણ આપનાથી થશે એવું લાગે છે. એવું મને લાગી ગયું છે. એટલે હવે હું પાછળ પડી ગયો છું. પછી એમને મોકળાશ કરી દીધી. પછી પ્રતિબંધ ઓછો કરી નાખ્યો. આ વાત હતી. પણ એક વખત તો પૂછી લીધું કે તું આવ્યો છો શું કરવા એ તો કહે ? અહીં સુધી તું શું કરવા આવ્યો ? અહીંયાં આવવાનું તારે શું કારણ છે એ તો કહે ? આ પ્રશ્ન જેમ જ્ઞાનીએ મુમુક્ષુને પૂછ્યા, એમ એ પ્રશ્ન આત્માએ પોતાએ પોતાને પૂછવા જેવો છે. ખરી વાત આ છે. પછી વાંધો નથી. વાંધો આ પ્રશ્ન નહિ પૂછીને પોતાનો જ્યાં સુધી Test - ખાતરી નથી કરી, ચકાસણી નથી કરી ત્યાં સુધી વાંધો છે. પછી વાંધો નથી. કેવળ આત્મહિતાર્થે આવ્યો છો ? તો રસ્તો સાફ છે. જો કેવળ આત્મહિત નથી, એવો પ્રકાર નિશ્ચિત થયો નથી તો અન્યથા પ્રકાર જે છે એ બધો તારા માટે આ સમજણ અને પ્રયત્નને ઉત્પન્ન નહિ થવા દે. સમજણમાં યથાર્થતા નહિ આવે અને યથાર્થતા નહિ આવે એટલે પ્રયત્ન પણ નહિ થાય. આ સીધી વાત છે. ચોખવટ તો બધી છે. સત્પુરુષોએ બધી વાત બહુ સ્પષ્ટ કરી છે.

એટલે સમ્યક્જ્ઞાનથી સમ્યક્દર્શનનું ઓળખાણ થાય છે. સમ્યગ્દર્શન કેવું હોય, એ પણ જ્ઞાન જાણે છે અને જ્ઞાનથી જ એની પ્રાપ્તિ થાય છે. **'તોપણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.'** કેમકે એ વગરનું જ્ઞાન પણ વિકાસ પામેલું જ્ઞાન જોવામાં આવે છે કે જે પ્રાયઃ આત્માને નુકસાન કરનારું બને છે. માટે સમ્યગ્દર્શનની મુખ્યતા કરી છે, સમ્યગ્જ્ઞાનની મુખ્યતા એટલી કરી નથી. એના ગુણ જોઈને-સમ્યગ્દર્શનના ગુણ જોઈને સમ્યગ્દર્શનની મુખ્યતા કરી છે. સમ્યગ્જ્ઞાનની મુખ્યતા નથી કરી. એ પ્રકારનો ગુણ છે એનો.

મુમુક્ષુ :- 'રામચંદ્ર' ભગવાન જૈનધર્મી હતા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જૈનધર્મી હતા. આજે રામનવમી છે ને. મેં કીધું, પ્રશ્ન ક્યાંથી ઉઠાવ્યો ? સાંભર્યા ક્યાંથી 'રામચંદ્રજી' ? 'રામચદ્રજી' ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હતા. એટલે પૂર્વ જન્મથી જ એ જૈન હતા. આ જન્મમાં તો જૈન હતા એમ નહિ પણ જૈનપણું લઈને જ માતાના ઉદરમાં આવ્યા હતા. ઠીક ! 'કૌશલ્યા'ને એમના માતાનું નામ ? 'કૌશલ્યા'

માતાના ઉદરમાં આવ્યા ત્યારે જૈનપણું લઈને જ આવ્યા હતા. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હતા ને ? અને ચરમશરીરી તદ્‌ભવ મોક્ષગામી હતા. એ જ ભવમાં તે નિર્વાણમાં પધાર્યા.

મુમુક્ષુ :- આગલા ભવમાં સમ્યગ્દષ્ટિ હોય તો મનુષ્ય ન થાય. દેવમાંથી આવ્યા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, દેવમાંથી આવેલા. દેવલોકમાંથી આવેલા. આવ્યા હોય દેવલોકમાંથી. પૂર્વભવનો ઈતિહાસ મળતો નથી. પણ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તો દેવલોકમાંથી જ આવે. પણ કોઈ એવા જબરદસ્ત પુણ્ય લઈને આવેલા.

મુમુક્ષુ :- પુરુષોત્તમ પુરુષ.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષોત્તમ પુરુષ કહેવાણા. પુરુષોત્તમ પુરુષ કહેવાણા એનું કારણ તો એ છે કે સંસારની બધી કળાઓ એમણે સાધ્ય કરી હતી. કોઈ વાત એમને નહોતી આવડતી એવું નહોતું. હાંડલું ઘડવા બેસે તો કુંભાર એક કોર રહી જાય એવું સરસ હાંડલું ઘડી શકે. મૂર્તિ ઘડવી હોય તો શિલ્પકાર પાછળ રહી જાય.

મુમુક્ષુ :- સ્ત્રીનો વેશ...

પૂજ્ય ભાઈશ્રી : હા. બોતેર કળા. સ્ત્રીનો વેષ કરીને એક જગ્યાએ નૃત્યુ કર્યું તો ભલભલા પુરુષ મોહી ગયા એમના ઉપર. એટલી બધી એને એકે એક કળા સાધ્ય હતી. લૌકિક બોતેરે બોતેર કળા જેને એમ કહેવાય, પૂરેપૂરી કળા એમને સાધ્ય હતી. અને સૌથી વધારે વાત તો એ હતી કે એમણે જે રાજ્ય કર્યું, સત્તર હજાર વર્ષ રાજ્ય કર્યું છે, જૈન રામાયણ પ્રમાણે એમણે સત્તર હજાર વર્ષ અયોધ્યાની ગાદી ઉપર લંકાથી આવ્યા પછી રાજ્ય કર્યું. સત્તર હજાર વર્ષ જે રાજ્ય કર્યું.

મુમુક્ષુ :- સાડા સત્તર હજાર વર્ષનું આયુષ્ય...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ખબર નથી. બહુ યાદ નથી રહ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : બનવા યોગ છે. એ રાજ્ય કર્યું એ રાજ્યકાળની અંદર એમને બહુ પુણ્યનો પ્રકાશ કર્યો. અને આજે હજારો વર્ષ થઈ ગયા પછી, લાખો વર્ષ થઈ ગયા પછી રામ અને રામ રાજ્યનું નામ રહી ગયું. ઠીક ! રામ અને રામરાજ્ય. રામરાજ્ય કહો એટલે ખલાસ. પછી એવું રાજ કોઈએ કર્યું નથી. ઈતિહાસમાં 'રામચંદ્રજી' જેવું રાજ્ય કોઈએ કર્યું

નથી.

મુમુક્ષુ : ઘરના બારણા ખુલ્લા હોય તો રામ રાજ્ય કહે. દરવાજા ખુલ્લા.

પૂજ્ય ભાઈશ્રી : હા. દરવાજા ખુલ્લા. કોઈ ચોરી કરવા ન આવી શકે. જેમ તીર્થંકરોના પુણ્ય બહુ મોટા હોય છે અને હજારો વર્ષ સુધી જેમ તીર્થંકરોના નામ ચાલુ રહે છે, એમ 'રામચંદ્રજી' પણ એક એવા મોક્ષગામી પુરુષ થયા કે જેમનું નામ આજે હજારો-લાખો વર્ષ પછી એવું જ ચાલુ રહ્યું. એમની પાછળ તો એક આખો સંપ્રદાય ચાલે છે. બહુ મોટો સંપ્રદાય ચાલે છે. જૈનો કરતા પણ બહુ મોટો સંપ્રદાય ચાલે છે. એ લોકોને તો ખબર પણ નથી કે 'રામચંદ્રજી' જૈન હતા કે નહિ. એ પણ ખબર નથી. એ તો કહે, અમારા ભગવાન છે એમ જ કહે. એવી રીતે માને છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'તુલસીદાસજી'ની ચોપાઈ છે ને ? 'રઘુકૂલ રીતિ સદા ચલી આયી, પ્રાણ જાય પર વચન ન જાય.' પ્રાણ છૂટે પણ રઘુકૂળના રાજાઓ વચન આપેલું છોડતા નહોતા. એટલા વચનપ્રેમી હતા. એમ કહેવું છે. દશરથ રાજાનું બહુ મોટું, એમના પિતાશ્રીનું બહુ મોટું દૃષ્ટાંત છે. ઠીક છે. આજનો દિવસ છે ને એટલે યાદ કર્યા. ચાલતા (વિષયમાં) ક્યાંથી આવ્યું ? મોટો દિવસ છે. 'રામચંદ્રજી'નો જન્મદિવસ મોટો દિવસ છે. સંસારમાં પણ એમના કાર્યો બહુ ઉદાહરણરૂપ અને આદર્શરૂપે ગણાય છે. ભાઈનો પ્રેમ, પતિનો પ્રેમ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ અન્યમતમાં એવી રીતે આવે છે. સીતાજી એક જ પત્ની હતા. જૈન રામાયણમાં એવું નથી આવતું. જૈન રામાયણમાં જુદી જુદી વાત આવે છે. રામ જ્યારે ચૌદ વર્ષ વનવાસમાં રહ્યા તો શરૂઆતમાં ગુપ્ત રહ્યા છે. પછી કોઈ કોઈ જે જે નગરને વિષે એ જતા હતા કે બીજા દેશમાં જતા હતા તે તે દેશના રાજાઓ એમની કન્યા એની સાથે પરણાવતા હતા. એવી રીતે અનેક બીજી સ્ત્રીઓ સાથે પણ એમના લગ્ન પ્રસિદ્ધ છે. જૈન રામાયણમાં એ છે. 'પદ્મપુરાણ'માં એ વાત છે.

મુમુક્ષુ :- બળભદ્ર હતા.

પૂજ્ય ભાઈશ્રી : હા. એમને પણ બીજી પત્ની હતી. બળભદ્ર છે અને આ લક્ષ્મણ છે એ નારાયણ છે. એમને પણ એ રીતે એમને પણ બીજી કન્યાઓ સાથે લગ્ન કર્યા. (વિશેષ કહીશું...)

## તા. ૧૨-૪-૧૯૯૨, પત્રાંક - ૭૫૫
## પ્રવચન નં. ૩૫૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, આંક-૭૫૫ ચાલે છે. '**સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સમ્યક્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે તે વીતરાગોએ કહી છે;...**' મોક્ષમાર્ગમાં અનંત ગુણોનું શુદ્ધ પરિણમન, આંશિક શુદ્ધ પરિણમન છે. તેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, દર્શન-જ્ઞાન અને ચારિત્ર, શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ મુખ્ય ગુણો છે. અને એના નામથી મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. એ ત્રણમાં પણ સમ્યગ્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે વીતરાગોએ કહી છે. વીતરાગ જિનેન્દ્રે સમ્યગ્દર્શનને મુખ્ય ગણાવ્યું છે. મોક્ષમાર્ગના ત્રણ ગુણોમાં પણ સમ્યગ્દર્શનને મુખ્ય ગણ્યું છે.

મુમુક્ષુ :- જ્ઞાનપૂર્વક જ સમ્યગ્દર્શન છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનપૂર્વક થાય છે તોપણ સમ્યગ્દર્શનની મુખ્યતા એના ગુણસ્વભાવને લઈને છે. એના કારણોને વિચારીએ તો એ ગુણ એક એવો છે-શ્રદ્ધા અથવા દર્શનગુણ એવો છે કે જે પૂરી શક્તિથી શુદ્ધ થઈને પરિણમે છે. બીજા બધા ગુણ છે એનું પરિણમન શુદ્ધ છે પણ આંશિક છે. એક ગુણમાં શક્તિ કેટલી ? અનંત શક્તિ છે. પોતાની અનંત શક્તિએ કરીને પ્રથમ જ, શરૂઆતથી જ એ ગુણ શુદ્ધરૂપ પરિણમે છે એટલે એની મુખ્યતા છે. બીજા ગુણોમાં અનંત શક્તિ છે એ વહેંચાયેલી છે. થોડી શુદ્ધતારૂપ પરિણમે છે, થોડી અશુદ્ધતારૂપ પરિણમે છે. જ્યારે આ એક ગુણ એવો છે કે પૂરેપૂરો શુદ્ધ થઈને પહેલેથી જ પરિણમે છે. એક તો ખાસ કારણ આ છે.

બીજું, એનો પોતાનો સ્વભાવ કારણ છે. જેમ જ્ઞાનનું જાણવું એવો સ્વભાવ છે, એમ દૃષ્ટિનું શ્રદ્ધવું એવો સ્વભાવ છે અને એ શ્રદ્ધા છે. પરિણામોમાં જ્ઞાનનો પર્યાય છે, ચારિત્રનો પર્યાય છે, શ્રદ્ધાનો પર્યાય છે, સુખનો પર્યાય છે. વિભુત્વ-પ્રભુત્વ આદિ અનંત ગુણોના પર્યાય હોવા છતાં આની વિશેષતા એ છે કે બહુ જ બધા ગુણોને જાણે એ ખેંચતો

હોય એવું એનામાં નિમિત્તત્ત્વ રહેલું છે. શ્રદ્ધાગુણમાં નિમિત્તત્ત્વ રહેલું છે કે અનંત ગુણોને શુદ્ધ થવામાં જાણે કે શ્રદ્ધાન નિમિત્ત પડે છે. એવું એક એનું પોતાનું વિશિષ્ટ ગુણપણું જોઈને પણ, પરિણમનની ગુણવિશિષ્ટતા જોઈને પણ શ્રદ્ધાની મુખ્યતા વીતરાગોએ કહી છે. મોક્ષમાર્ગમાં શ્રદ્ધાની પ્રધાનતા વીતરાગોએ કહી છે.

હવે એને થોડો Cross examination જેને કહે છે એ રીતે વિચાર કરીએ. કોઈ જીવ એવા છે કે જેને શાસ્ત્રોનું અંગ પૂર્વનું, શાસ્ત્રો અનુસારી જ્ઞાન છે. એવું જ્ઞાન છે કે બીજા આશ્ચર્યચકિત થઈ જાય એવું જ્ઞાન છે. એટલી સ્મૃતિ હોય, એટલું કંઠસ્થ હોય અને સેંકડો શાસ્ત્રોમાંથી, હજારો શાસ્ત્રોમાંથી આધાર આપી શકે. છતાં જો એને શ્રદ્ધા નથી, આત્માનું અભેદ શ્રદ્ધાન નથી, સમ્યગ્દર્શન જ પ્રગટ્યું નથી તો એ જ્ઞાનની કિંમત કેટલી ? શૂન્ય છે. એકડા વિનાના મીંડા જેટલી છે. એ જ્ઞાનની કિંમત શૂન્ય છે. લોકોને આશ્ચર્ય થાય, આકર્ષિત થઈ જાય લોકો. હજારો માણસો આકર્ષિત થઈ જાય એવો ઉઘાડ હોય પણ સમ્યગ્દર્શન વગરના એ જ્ઞાનની કિંમત શૂન્ય છે.

એવી જ રીતે જિનોક્ત વ્યવહારરૂપ મુનિનું આચરણ હોય. કેવું ? જેને શાસ્ત્રની અંદર દ્રવ્યલિંગી કહે છે. ચોખ્ખું દ્રવ્યલિંગ હોય. અત્યારે ગડબડ છે એવી નહિ. ચોખ્ખે ચોખ્ખું. અઠ્યાવીશ મૂળગુણમાં ક્યાય અતિચાર લાગે નહિ. નિરતિચાર. અને સાથે સાથે ઘણું તપ હોય, બાહ્ય તપ. અનશનાદિ. પણ એને સમ્યગ્દર્શન ન હોય તો ? એની કિંમત કેટલી ? શૂન્ય છે એની કિંમત. એની કોઈ કિંમત નથી. એટલું મોક્ષમાર્ગને વિષે સમ્યગ્દર્શનનું મહત્ત્વ છે. અને તે યથાર્થ છે. જે મહત્ત્વ છે તે યથાર્થ છે. પણ વાત યથાર્થ કરે છે ને. એને કેમ તમે ના પાડો છો ? તો કહે છે, આજે યથાર્થ કરે છે, કાલે કેવી વાત કરશે એનું ઠેકાણું નહિ રહે. આજે ભગવાનને એમ કહેશે કે આપ કહો છો એ બરાબર છે. ગુરુને એમ કહેશે કે આપ કહો છો એ બરાબર છે. કાલે એમ કહેશે કે નહિ-નહિ, એમ નહિ આમ હોવું જોઈએ. એના પરિણમનનો ત્યાં પાયો નથી, એના પરિણમનને કોઈ આધાર નથી. ફરી જાશે.

'ટોડરમલજી'એ 'મોક્ષમાર્ગપ્રકાશક'માં એ દૃષ્ટાંત આપ્યું છે કે જેમ કોઈને દારૂનો નશો છે તો એ નશાવાળો પુરુષ માતાને માતા કહે છે તોપણ તેના ઉપર ભરોસો રાખી શકાય નહિ. એ ક્યારે બીજું શું બોલશે એનું

ઠેકાણું નથી. એ પરિસ્થિતિ શ્રદ્ધાન વગરના જ્ઞાન-આચરણની છે. આજે જિનોક્ત વ્યવહાર પાળે છે, કાલે ભવાંતરમાં જઈને કેટલા પાપ કરશે એનું કોઈ ઠેકાણું નથી. 'દુર્બળ દેહ ને માસ ઉપવાસી, જો છે માયા રંગ જો ને તોપણ ગર્ભ અનંતા લેશે. બોલે બીજું અંગ રે.' અંદરથી બીજું બોલે છે કે આ જીવ અનંત સંસારી છે. એનું કારણ મિથ્યાદર્શન છે. અને એક નવકાર મંત્ર બોલવા જેટલું વ્રત પચ્ચખાણ નથી પણ અલ્પકાળમાં મોક્ષગામી છે એનું કારણ સમ્યગ્દર્શન છે. એટલું શ્રદ્ધાનું મહત્વ છે. અને એટલો શ્રદ્ધાનો પરિણમનની અંદર વક્કર છે. બળવાનપણું એટલું છે. અનંત શક્તિએ પરિણમે છે ને !

અહીંયાં માણસને એમ થાય કે વેદના હોય તો જ્ઞાનને કેવી રીતે જુદું પાડવું ? વેદનામાં તો વીંટળાઈ જવાય છે. પણ સાતમી નારકીની વેદનાથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન આત્મા જ કરે છે કે (બીજું કોઈ ?). સાતમી નારકીની અનંતી વેદના, શરીરની પિડા, અશાતા એને ઓળંગી જાય છે, ઉલ્લંઘી જાય છે એ સમ્યગ્દર્શનની અંદર-શ્રદ્ધામાં એટલી શક્તિ છે. એટલે એની મુખ્યતા કહી છે.

'**જોકે સમ્યક્જ્ઞાનથી જ સમ્યક્દર્શનનું પણ ઓળખાણ થાય છે,...**' કેમકે ઓળખાણ કરનાર જ્ઞાનની પર્યાય છે. ઓળખાણ કરવી, જાણવું, સમજવું એ જ્ઞાનની પર્યાય છે અને એ સમ્યગ્દર્શનને પણ જ્ઞાન ઓળખે છે એટલી જ્ઞાનમાં વિશેષતા છે. જ્ઞાન, જ્ઞાનને પણ જાણે અને સમ્યગ્દર્શન આદિ બીજા ગુણોના પરિણામને પણ એ જાણે. '**તોપણ સમ્યક્દર્શનની પ્રાપ્તિ...**' ભલે જ્ઞાન એને ઓળખે છે તોપણ '**સમ્યક્દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.**' સમ્યગ્દર્શનનું મુખ્યપણું સ્વીકારવામાં આવ્યું છે અને તે યથાર્થ છે. એમાં કોઈ મીનમેખ નથી. એ યથાર્થ છે. આટલી મુખ્યતા સ્થાપી. મોક્ષમાર્ગની વાત શરૂ કરવી છે એમાં આટલી એક સમ્યગ્દર્શનની મુખ્યતાની ભૂમિકા બાંધી લીધી.

હવે એ સમ્યગ્દર્શનની મુખ્યતા (કરીને) મોક્ષ સુધીની વાત કરશે. બધે સમ્યગ્દર્શનની જ મુખ્યતા લેશે. '**જેમ જેમ સમ્યક્દર્શન શુદ્ધ થતું જાય છે, તેમ તેમ સમ્યક્ચારિત્ર પ્રત્યે વીર્ય ઉલ્લસતું જાય છે; અને ક્રમે કરીને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવાનો વખત આવે છે,...**' શું કહે છે ? '**જેમ જેમ સમ્યક્દર્શન શુદ્ધ થતું જાય છે,...**' એટલે સમ્યગ્દર્શનની

મુખ્યતાએ પરિણમન શુદ્ધ થતું જાય છે, સમ્યગ્દર્શનના કારણે આત્માના પરિણમનમાં નિર્મળતા વધતી જાય છે, તેમ તેમ સ્વરૂપસ્થિરતા પ્રત્યેનું વીર્ય છે એ જોર કરતું જાય છે.

દૃષ્ટાંત લઈએ કે જેમ કોઈ એક ચતુર્થ અથવા પંચમ ગુણસ્થાનવર્તી સાધક છે. એને મુનિપણું પ્રગટ થવાની તૈયારી પહેલા એને ખબર પડે છે નીચેના ગુણસ્થાનમાં. ક્યાંથી ખબર પડે છે ? શું વિચારવા જેવો વિષય છે ? દીક્ષા તો પછી લેશે ને ? દીક્ષા લેશે ત્યાં સુધી એ ગુણસ્થાન.. દીક્ષાની વિધિ ચાલે છે ત્યાં સુધી એ ગુણસ્થાન નથી. પછી ધ્યાનમાં બેસતા સપ્તમ ગુણસ્થાન આવશે. તો હું દીક્ષા લઉં અને મુનિપણાને પ્રાપ્ત કરું એ એને નીચેના ગુણસ્થાનમાં ખબર કેવી રીતે પડી ? કે એનો જે વીર્યોલ્લાસ છે, અંદરથી જે પુરુષાર્થ જોર કરે છે એનાથી અણસાર આવે છે કે હવે સ્વરૂપમાં જામવાની દશા વધતી જાય છે. મારે હવે બાહ્યાભ્યંતર અસંગપણું પ્રાપ્ત કરીને, સર્વસંગથી અસંગ થઈને હવે સ્વરૂપમાં લીન થઈ જવું. એટલે બુદ્ધિપૂર્વક જે વિચારો હતા એ એક પચખાણથી છૂટી જાય છે. મુનિદશાનું જ્યાં પચખાણ લે ત્યાં એને સંગના, બુદ્ધિપૂર્વકના બધા વિચારો છે એનું બળ તૂટી જાય છે. અને સ્વરૂપસ્થિરતા થતાં એકદમ મુનિદશાને યોગ્ય અસંગદશા પ્રગટે છે. એ સમ્યક્ચારિત્ર પ્રત્યેનું વીર્ય ઉલ્લસતું જાય છે. એ નીચે જ ખબર પડી જાય છે.

બહારમાં પણ ખ્યાલ આવે છે કે હવે આ ઉદય પૂરો થશે. પ્રવૃત્તિનો ઉદય હવે પૂરો થવાની તૈયારી છે. હવે પ્રવૃત્તિનો ઉદય મારાથી સહન થાય એવું નથી. કોઈ પ્રવૃત્તિના પરિણામ હું સહન કરી શકું એવું છે જ નહિ. અથવા જે સંગમાં રહેવું થાય છે એ સંગમાં પણ હું રહી શકું એ પરિસ્થિતિ છે નહિ. એટલે એ ક્રમે કરીને સમ્યક્ચારિત્રની સ્વભાવની સ્થિરતા થવાનો વખત આવે છે. અને એ વખત આવે છે જેને લીધે આત્મામાં સ્થિર સ્વભાવ સિદ્ધ થતો જાય છે. સિદ્ધ થતો જાય છે એટલે પ્રાપ્ત થતો જાય છે. આત્મસ્થિરતા વધતી જાય છે. નીચેના ગુણસ્થાનમાં પણ આત્મસ્થિરતા વધતી જાય છે.

એક ગુણસ્થાનના અસંખ્ય ભેદ છે. સ્થિરતાની તારતમ્યતાએ જોવામાં આવે તો એક એક ગુણસ્થાનના અસંખ્ય ભેદ છે. સાતમું ગુણ સ્થાન પા-અડધી Second નું હોય તો પણ એના અસંખ્ય ભેદ છે. આઠમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન અંતર્મુહૂર્તમાં જાય તો એક એક

ગુણસ્થાનના અસંખ્ય ભેદ છે. તારતમ્યતાની અપેક્ષાએ. અવિભાગ પ્રતિચ્છેદોની એમાં ગણતરી છે.

ચોથા કે પાંચમા ગુણસ્થાનમાં ઉત્કૃષ્ટ સ્થિરતા થાય એટલે ઉપરના ગુણસ્થાનમાં આવવાની પરિસ્થિતિ થાય છે. અને એ પરિણમનની ધર્માત્માને પોતાને ખબર પડે છે કે મારા પુરુષાર્થનું વિશેષપણું થઈ ગયું છે. હવે હું સ્વભાવમાં સ્થિર થાઉં કે જે આત્મામાં સ્થિર સ્વભાવ સિદ્ધ થતો જાય છે અને ક્રમે કરીને પૂર્ણસ્થિર સ્વભાવ પ્રગટે છે. એ સ્થિરતા સ્વરૂપની સ્થિરતા એ ચારિત્ર છે. અને છેવટે **'આત્મા નિજપદમાં લીન થઈ...'** જુઓ ! આત્મા પૂર્ણતામાં લીન થાય છે. પર્યાયમાં આત્મા લીન થાય છે એવી ભાષા લીધી છે. બીજી ગાથામાં 'કુંદકુંદાચાર્યે' લીધું ને ? દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત તેને સ્વસમય જાણવો. પુદ્‌ગલપ્રદેશોમાં સ્થિત તેને પરસમય જાણવો. દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ આત્મામાં સ્થિર થયા એમ નહિ. આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થયો. ઠીક ! એવી શૈલી છે. ભાવને વિશેષપણે વ્યક્ત કરવાની એ પદ્ધતિ છે.

કહે છે કે **'આત્મા નિજપદમાં લીન થઈ સર્વ કર્મકલંકથી રહિત થવાથી...'** મોક્ષદશામાં. **'એક શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષમાં પરમ અવ્યાબાધ સુખના અનુભવસમુદ્રમાં સ્થિત થાય છે.'** આત્મા અનુભવમાં સ્થિત થાય છે. આત્મા સુખસમુદ્રમાં સ્થિર થઈ જાય છે. આત્મા સ્થિર થાય છે એમ લે છે. એવી દશા ક્રમે કરીને પ્રગટ થાય છે.

એ **'સમ્યક્‌દર્શનની પ્રાપ્તિથી જેમ જ્ઞાન સમ્યક્‌સ્વભાવને પામે છે એ સમ્યક્‌દર્શનનો પરમ ઉપકાર છે,...'** મતિ-શ્રુતજ્ઞાન હતું એ જ મતિ-શ્રુતજ્ઞાન સમ્યગ્દર્શનની પ્રાપ્તિને લીધે સમ્યક્ સ્વભાવને પામ્યું એટલે સમ્યક્‌પણાને પામ્યું. અનંતા ગુણો પણ સમ્યક્‌પણાને પામ્યા. એ સમ્યક્‌દર્શનનો પરમ ઉપકાર છે. લ્યો ! સમ્યગ્દર્શનનો ઉપકાર ગાયો છે. આગળ નમસ્કાર કર્યા છે ને ? કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર હો. સમ્યગ્દર્શનને નમસ્કાર કરાય ? કે ન કરાય ?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનને કરાય પણ સમ્યગ્દષ્ટિને ન કરાય.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શનને નમસ્કાર કરાય પણ સમ્યગ્દષ્ટિને નમસ્કાર ન કરાય. કેમકે એમાં આત્મા સાથે આવે છે એટલે ? સમ્યગ્દર્શન પૂજ્ય છે અથવા વંદ્ય છે, નમસ્કારને યોગ્ય છે અને આત્મા નમસ્કારને યોગ્ય નથી ? એમ છે ? શું કહેવું છે ?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનની પૂજા આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવે છે ને.

મુમુક્ષુ :- રત્નત્રય ધર્મની પૂજા.

પૂજ્ય ભાઈશ્રી :- રત્નત્રયની પૂજામાં સમ્યગ્દર્શનની પૂજા, સમ્યગ્જ્ઞાનની પૂજા, દસલક્ષણ પર્વની અંદર છેલ્લા ત્રણ દિવસમાં એક એક દિવસ પૂજા કરવામાં આવે છે. એટલે કે સમ્યગ્દર્શનને અર્ઘ ચડાવવામાં આવે છે. જ્ઞાન અને ચારિત્રથી સમ્યગ્દર્શનને જુદું પાડીને અર્ઘ ચડાવ્યો છે. સમ્યગ્દર્શનની અષ્ટ દ્રવ્યથી પૂજા છે. પણ એનો મેળ મેળવવો જોઈએ ને. બધી જગ્યાએ એનું અનુસંધાન મેળવવું જોઈએ. તો ક્યાંય એને દોષ ન લાગે. અને સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજે એ તો સમ્યગ્દર્શન પ્રત્યે એનું મસ્તક તો નમ્યા વગર રહે જ નહિ. જે સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજે એ તો સમ્યગ્દર્શન પ્રત્યે નમ્યા વગર રહે નહિ. નિયમબદ્ધ વાત છે આ.

મુમુક્ષુ :- આગમમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું પૂજન...

પૂજ્ય ભાઈશ્રી :- દેવ-ગુરુ-શાસ્ત્ર અને સમ્યગ્દર્શનની પૂજા ક્યાંથી આવી તો પછી ? '**दंसण मूलो धम्मो**' આપણે (કર્યું) છે ને આ સંકલન ? એમાં ૫૫-૬૦ આગમમાં સમ્યગ્દર્શનની સ્તુતિની વાત લીધી છે. આચાર્યોએ અને મુનિઓએ કહી છે, હોં ! 'શ્રીમદ્જી'એ કે 'ગુરુદેવે' કહી છે કે 'ટોડમલજી'એ કે 'બનારસીદાસે' કહી છે એ તો વાત જ નથી. જ્ઞાનીઓએ, સમ્યગ્દષ્ટિઓએ સમ્યગ્દર્શનનો મહિમા ઘણો કર્યો એની તો વાત જ નથી કરી. આચાર્યો અને મુનિઓએ કર્યો એના આધાર એમાં દીધા છેસ, ફક્ત. બીજાના આધાર નથી લીધા. કેમકે એને તો કાઢી નાખે. એ તો વિદ્વાન કહેવાય, એ તો પંડિત કહેવાય. મુનિઓનું શું તો ? 'સમયસાર' એમ કહે, 'નિયમસાર' એમ કહે, 'અષ્ટપાહુડ' એમ કહે. પછી 'ગોમ્મટસાર' એમ કહે, 'રત્નકરંડ શ્રાવકાચાર' એમ કહે. ઠીક ! દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ અને કથાનુયોગમાં તો બહુ પ્રસિદ્ધ છે. કથાનુયોગમાં તો બહુ મોટા દષ્ટાંતો છે ઇન્દ્રો વગેરેના.

જેમ સજ્જન માણસોની આપણે સજ્જનતા જોઈએ છીએ તો શું કહે છે ? કે તરસ લાગી હોય અને ખાલી પાણી પાયું હોય તોપણ એમ કહે કે, ભાઈ ! આપણે જે દિ' તરસ્યા હતા, ભલે પાણીનું મૂલ્ય કાંઈ નથી, પણ એણે પાણી પાયું. આ સજ્જનતા છે. એમ લોકોત્તર સજ્જનતાનો વિષય શું છે ? કે સમ્યગ્દષ્ટિ નહિ સમ્યગ્દષ્ટિની વાણી જડ છે, એ પણ નિમિત્ત

મને થાય છે ? મને મારા જ્ઞાનમાં એ નિમિત્ત પડે છે ને ? શ્રદ્ધાનમાં તો એ નિમિત્ત પડે છે ને ? તો વાણી પૂજ્ય છે તો એની પૂજા કરો. દેવ-ગુરુ-શાસ્ત્રમાં શાસ્ત્ર અચેતન છે કે ચેતન છે ? અચેતનની પૂજા કરાય ? અને સમ્યગ્દર્શન સચેતન છે કે અચેતન છે ? તો અચેતનની પૂજા કરાય અને સચેતનની પૂજા ન કરાય ? કાંઈક ફરી ગયું લાગે છે.

વાણી છે તે અચેતન છે તોપણ સ્વભાવને દર્શાવતી, સ્વભાવને દેખવામાં નિમિત્ત પડે છે તો એની પણ પૂજા કરવામાં આવે છે. કે નહિ ? જિનવાણીની પૂજા કરવામાં આવે છે કે નહિ ? કેમ કરે છે ? એ શાસ્ત્ર આત્માને કાંઈ લાભ કરી દે છે ? શાસ્ત્ર કર્તા થાય અને કોઈ જીવનું પરિણામ કાર્ય થાય ખરું ? નિમિત્તનો અર્થ જ ભિન્ન છે કે નહિ ? છતાં એની પૂજા કરવામાં આવે છે. નિમિત્ત જોઈને, તો સમ્યગ્દર્શન તો સચેતન છે. સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દર્શન તો સચેતન છે. આમાં લીધું છે ને ? 'પરમાત્મપ્રકાશ'માં. નવધા ભક્તિથી. 'પરમાત્મપ્રકાશ' કે 'પદ્મનંદિ' ?

મુમુક્ષુ :- 'કાર્તિકિયાનુપ્રેક્ષા'

પૂજ્ય ભાઈશ્રી :- 'કાર્તિકિયાનુપ્રેક્ષા'. 'કાર્તિકિયાનુપ્રેક્ષા'માં નવધા ભક્તિવાળી વાત લીધી છે. મુનિની પણ નવધા ભક્તિ કરવી અને આહારદાન દેવું. ક્ષુલ્લક, ઈલ્લક સાચા હોય એની પણ નવધા ભક્તિ કરીને આહારદાન દેવું. અને સમ્યગ્દૃષ્ટિની પણ નવધા ભક્તિ કરીને આહારાદાન દેવું. આ 'ગુરુદેવ'ના ચરણ ધોતા હતા કે નહિ આપણે ? ધોવાય કે ન ધોવાય ? હવે કહો. નવધા ભક્તિમાં ચરણ ધોવા એ એક ભક્તિ છે. આહારદાન દેતા પહેલા ચરણ ધોવા. મુનિના ચરણ ધોવે, સમ્યગ્દૃષ્ટિના ચરણ ધોવે એ નવધા ભક્તિ છે. નહિતર મિથ્યાત્વ લાગે. જો એ શાસ્ત્રની આજ્ઞા બહાર હોય તો મિથ્યાત્વ લાગે. આજ્ઞા વિરુદ્ધતા થઈ જાય. ખબર પડતી નહિ હોય ? વર્ષો સુધી ચાલ્યું કે ન ચાલ્યું ? એવી વાત છે. એ ઊંડેથી સમજવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- વગર સમજણે ધોતા હતા તો થોડી ઘણી શલ્ય રહી જતી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- દિગંબર રહ્યા ને મૂળ. મૂળ દિગંબર હોય ને એને એમ થાય કે.. આ મૂળ દિગંબર રહ્યા ને ? આપણે Converted છીએ. ઈ કહે છે કે, થોડુંક શલ્ય રહી જતું હતું. મુનિના પગ ધોવાય પણ સમ્યગ્દૃષ્ટિના પગ ધોવાય એ દિગંબરમાં ક્યાં છે ? એ શલ્ય રહી જતું

હતું. એ વખતે ધોતા હતા ખરા પણ અંદરમાં શલ્ય રહેતું હતું કે આવું થાય કે ન થાય ? આ સાચું હશે કે ખોટું હશે ?

મુમુક્ષુ :- આ બરોબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરોબર નથી. એનું નામ શલ્ય કહેવાય ને. ઊંડેથી વિરોધ આવે એનો. 'ગુરુદેવ' પ્રસાદ વહેંચતા હતા ને એ પણ વિકલ્પ આવતો હતો. દિગંબરમાં તો આવું નથી. અન્યમતિમાં તો ઓલા બાવા-સાધુ પ્રસાદ વહેંચે. પણ 'ગુરુદેવ' પ્રસાદ વહેંચતા હતા. મૂળ દિગંબરમાં તો આવું કાંઈ જોયું ન હોય. પછી વિકલ્પ ઊઠે. પણ એમણે કહેલું, કરેલું સર્વ માન્ય કરવું જોઈએ. અને એ ઓળખાણ હોય તો થાય. ન ઓળખાણ હોય તો થાય નહિ. વિકલ્પ ઊઠ્યા વગર રહે નહિ. આ બરાબર છે અને આ બરાબર નથી. આટલું બરાબર છે અને આટલું બરાબર નથી. એટલે એનું બરાબર નથી એના કરતા પોતે દોઢ ડાહ્યો થાય એટલો. ડહાપણ વધ્યું કે નહિ ? કે આટલું બરાબર નથી.

એ ઉપકાર ગાયો છે કે જે '**સમ્યક્‌દર્શનની પ્રાપ્તિથી જેમ જ્ઞાન સમ્યક્‌સ્વભાવને પામે છે એ સમ્યક્‌દર્શનનો...**' ઉપકાર છે એમ નહિ. '**પરમ ઉપકાર છે,...**' ઉત્કૃષ્ટ ઉપકાર છે. એવો ઉપકાર બીજાનો થાતો નથી. '**તેમ સમ્યક્‌દર્શન ક્રમે કરી શુદ્ધ થતું જઈ પૂર્ણ સ્થિર સ્વભાવ સમ્યક્‌ચારિત્રને પ્રાપ્ત થાય...**' સમ્યગ્દર્શન સમ્યક્‌ચારિત્રને પ્રાપ્ત થાય. '**તેને અર્થે સમ્યક્‌જ્ઞાનના બળની...**' એટલે સમ્યક્‌પુરુષાર્થની '**તેને ખરેખરી આવશ્યકતા છે.**' એ પૂર્ણતા થવા માટે સમ્યગ્દર્શનપૂર્વક સમ્યક્‌પુરુષાર્થની આવશ્યકતા છે. સમ્યક્‌પુરુષાર્થે કરીને આ જીવ પૂર્ણ સ્થિરતાને, સમ્યક્‌ચારિત્રને, યથાખ્યાત ચારિત્રને પામે છે.

'**તે સમ્યક્‌જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય...**' તે સમ્યગ્જ્ઞાનનું બળ વધે છે. એની જે આવશ્યકતા છે તે સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિનો ઉપાય '**વીતરાગશ્રુત અને તે શ્રુતતત્ત્વોપદેષ્ટા મહાત્મા છે.**' હવે નિમિત્ત ઉપર આવ્યા. એ જે મોક્ષમાર્ગ છે એ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરવા માટે બહારમાં શું નિમિત્ત છે ? કે વીતરાગશ્રુત નિમિત્ત છે અને એ વીતરાગશ્રુતના જન્મદાતા... વીતરાગશ્રુત ક્યાંથી ઉત્પન્ન થયું ? કે તેને ઉપદેશનારા શ્રુત તત્ત્વના ઉપદેશનારા મહાપુરુષો છે એ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિમાં નિમિત્ત થાય છે.

તે '**વીતરાગશ્રુતના પરમ રહસ્યને પ્રાપ્ત થયેલા અસંગ અને પરમકરુણાશીલ મહાત્માનો યોગ પ્રાપ્ત થવો અતિશય કઠણ છે.**' તે

વીતરાગશ્રુતના પરમ રહસ્યને જે મુનિરાજો પામ્યા છે-ભાવલિંગી મુનિઓ, જે અસંગદશામાં વિચરે છે. બધાથી અસંગ હોવા છતાં જેમની પરમ કરુણા છે. શાસ્ત્રો શું કરવા રચ્યા ? પરમકરુણા. જગતના જીવો દુઃખી છે. કોઈ સગા-વહાલા નથી રહ્યા. આ મારા સગા છે એ વાત નથી. જગતના બધા જીવો મોક્ષમાર્ગને પામે એટલા માટે જેમની પરમ કરુણા છે એવા મહાત્માનો યોગ થવો એ અતિશય કઠણ છે, એ ઘણો દુર્લભ છે. એવા મહાત્માઓ સેંકડો વર્ષોથી નજરે ચડતા નથી.

**'મહદ્‌ભાગ્યોદયના યોગથી જ તે યોગ પ્રાપ્ત થાય છે...'** એવો મહદ્‌ભાગ્યોદયનો ઉદય થાય તો એવા મહાત્માના દર્શન થાય છે **'એમાં સંશય નથી.'** અને એવા મહાત્માના દર્શન કરવા માટે સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માઓ પણ આતુર રહ્યા કરે છે. આ ક્યાંથી બધું નીકળ્યું છે ? એ દર્શનની ભાવનામાંથી નીકળેલી વાતો છે. 'ગુરુદેવ'ને પણ એ ભાવો ઘણીવાર આવતા હતા. જ્યારે એ મહામુનિઓનો વિયોગ છે, એ ભાવનાની અંદર તો ઘણીવાર વ્યાખ્યાનમાં આંખમાંથી આંસુની ધાર નીકળી જતી હતી. એટલી ભક્તિ પ્રગટ થતી હતી. એ યોગ ઘણો દુષ્કર છે એમાં કોઈ સંશય નથી. કેમકે કોઈક જ જીવ એ દશાને પામે છે. સમ્યગ્દૃષ્ટિ કરતા પણ મુનિદશા પામનાર જીવ ઘણા અલ્પ હોય છે. સેંકડો હજારો સમ્યગ્દૃષ્ટિમાંથી કોઈક જીવ મુનિદશામાં આવે. એવા સેંકડો મુનિઓ, હજારો મુનિઓમાંથી કોઈક મોક્ષને પ્રાપ્ત થાય. એ ઉતરોત્તર દુર્લભતા છે.

**'કહ્યું છે કે,'**

**'तहा रुवाणं समणाणं–'** એટલે શ્રમણનું દુર્લભપણું છે એમ કહેવાનો આશય છે.**'તે શ્રમણમહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણ પરમપુરુષે આ પ્રમાણે કહ્યાં છે :'**

.. તેનું વર્ણન પરમપુરુષોએ એટલે તીર્થંકરદેવે આ પ્રમાણે કર્યું છે. સાધુની દશા કેવી હોય એની વાત કરી છે. **'અભ્યંતરદશાનાં ચિહ્ન તે મહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણથી નિર્ણીત કરી શકાય;...'** અભ્યંતરદશાના ચિહ્ન તે મહાત્માઓનાં બાહ્ય પ્રવૃત્તિના લક્ષણથી નિર્ણીત કરી શકાય. એટલે જેનો વ્યવહાર શુદ્ધ હોય તો પછી એનો નિર્ણય કરી શકાય કે અભ્યંતરદશા પણ કાંઈક હોવી ઘટે છે.

**'જોકે પ્રવૃત્તિલક્ષણ કરતા અભ્યંતરદશા વિષેનો નિશ્ચય અન્ય પણ**

**નીકળે છે.**’ એટલે દ્રવ્યલિંગ હોય અને ભાવલિંગ ન પણ હોય. અને દ્રવ્યલિંગ હોય અને ભાવલિંગ હોય પણ ખરું. બેય રીતે બનવાજોગ છે. પણ એક બાહ્યપ્રવૃત્તિલક્ષણ તો બરાબર હોવું જ જોઈએ. ન હોય તો એમાં ભાવલિંગ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેમકે એ વિભાવની મર્યાદા તે ગુણસ્થાન ઉલ્લંઘન કરે તો તે ગુણસ્થાનની અંદર તે ભાવમાં ભાવરૂપ ગુણસ્થાન તો હોઈ શકે નહિ. એટલે અન્ય પણ નીકળી શકે છે.

**‘કોઈ એક શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુને તેવી અભ્યંતરદશાની પરીક્ષા આવે છે.**’ મુમુક્ષુ હોય તો મુનિને ઓળખી શકે છે, એમ કહે છે. મુમુક્ષુ જ્ઞાનીને ઓળખી શકે અને મુમુક્ષુ મુનિને પણ ઓળખી શકે છે એ વાત અહીં લીધી છે. યોગ્યતા જોઈએ. શુદ્ધવૃત્તિમાન. શુદ્ધવૃત્તિમાન એટલે શું ? કે જેને એક આત્મહિત સિવાય, શુદ્ધ અંતઃકરણથી એક આત્મહિત સિવાય બીજી વૃત્તિ જીવનમાં નથી. આ એક જ મુખ્ય વૃત્તિ છે કે મારે મારું આત્મકલ્યાણ કરવું છે. આ જ એક મારા જીવનનું મુખ્ય ધ્યેય છે. આવી જેને શુદ્ધ અંતઃકરણથી વૃત્તિ ઉત્પન્ન થઈ છે એને શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુ કહેવામાં આવે છે. લ્યો ! આમાં પણ ધ્યેયની વાત આવે છે. શુદ્ધવૃત્તિમાન. એ જીવ ઓળખી શકે છે. બીજો જીવ ઓળખી શકતો નથી. કેમકે જેની અશુદ્ધ વૃત્તિ છે... એનો અર્થ શું થાય છે ? અશુદ્ધ વૃત્તિ છે એનો અર્થ શું થાય છે ? કે અંદરમાં એની નિયત બરાબર નથી. પૂર્ણ શુદ્ધ થવાની નિયત નથી. એ શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુ નથી ત્યાં સુધી ન તો એ સમ્યગ્દષ્ટિને ઓળખી શકે છે, ન તો કોઈ મુનિરાજને પણ એ ઓળખી શકે છે. એટલી યોગ્યતા આવે છે. જેને ધ્યેય પ્રાપ્તિ છે, એના પરિણમનમાં એટલી નિર્મળતા છે, જ્ઞાનમાં એટલી નિર્મળતા છે. નિર્ણય કરવાની શક્તિમાં એટલી નિર્મળતા છે કે એ સાધકદશાનો નિર્ણય કરી શકે છે કે આ જ્ઞાની છે અથવા આ મુનિ છે. એમ નિર્ણય કરી શકે છે અને ચોક્કસ નિર્ણય કરી શકે છે, આત્મવિશ્વાસ પૂર્વક એ નિર્ણય કરી શકે છે. એમાં એને અસ્થિરતા નથી, સંશય નથી કે આમ હશે કે નહિ હોય ? આમ હશે કે નહિ હોય ? જ્ઞાની હશે કે જ્ઞાની નહિ હોય ? વાત તો બરાબર કરે છે પણ જ્ઞાની હશે કે નહિ ? આપણને કેમ ખબર પડે ? વાત બરાબર આવે છે. એવું ત્યાં થતું નથી. આત્મવિશ્વાસ–Self confidence. આમ જ છે અને બીજી રીતે નથી એવી સ્પષ્ટ ઓળખાણ આવે છે.

**‘શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુને તેવી અભ્યંતરદશાની પરીક્ષા આવે છે.’**

અથવા ઓળખાણ થાય છે અને તે બરાબર ઓળખી શકે છે.

મુમુક્ષુ :- પ્રથમ પોતાની વૃત્તિને શુદ્ધ કરવી પડશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ખાલી સામાન્ય ઓળખાણ કરવા માટેની બુદ્ધિનો વિષય નથી પણ પાત્રતાનો વિષય છે. પાત્રતામાં, તથારૂપ પાત્રતામાં આવ્યા વિના પ્રગટ એવો આત્મા જેમાં પ્રગટ થયો છે, એ દશામાં આત્મા પ્રગટ થયો છે, આત્મા પ્રકાશિત થયો છે એ ન સમજાય, ન ઓળખાય તો હજી અંદરમાં આત્મા પ્રકાશિત નથી થયો, શક્તિરૂપે રહ્યો છે, એની ઓળખાણ ક્યાંથી આવશે ? કે એને તો સ્વરૂપલક્ષ સ્વરૂપ નિશ્ચય થવાનો પ્રસંગ જ આવતો નથી.

પહેલા જ્ઞાની ઓળખાય છે પછી જ્ઞાનસ્વભાવી આત્મા ઓળખાય છે. જ્ઞાની ઓળખાય નહિ અને જ્ઞાનસ્વભાવી આત્મા ઓળખાય એવું ત્રણ કાળમાં કોઈને બનતું નથી. કેમકે આ પ્રગટ દીવો છે. આ શક્તિરૂપ છે, એક વ્યક્તિરૂપ છે. વ્યક્તિને સમજે નહિ અને શક્તિને સમજે એ વાત ક્યાંથી આવી ?

મુમુક્ષુ :- અત્યાર સુધી જ્ઞાનસ્વભાવી આત્માને ઓળખવાની મહેનત કરી છે. જ્ઞાનીને ઓળખવાની મહેનત જ નથી કરી.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક વાત છે. ધ્યાન જ એ રીતે નથી ગયું. એનો અર્થ શું ? કે ખરેખર મારે આત્મા પ્રાપ્ત કરવો છે, મારે આત્મકલ્યાણ કરવું છે એવું જે પ્રયોજન છે, એ પ્રયોજન ચોખ્ખું નથી. ચોખ્ખું પ્રયોજન નક્કી કરેલું નથી. આત્મહિત જ કરવું છે એવું ચોખ્ખું પ્રયોજન જીવને નથી. દૂધમાં અને દહીંમાં બેયમાં પગ રાખે છે. સંસાર પણ વહાલો રાખવો છે અને આત્મકલ્યાણ પણ વહાલું કરવું છે. ૩૩૧માં કહ્યું છે. આ જ ગ્રંથમાં ૩૩૧મો જે પત્ર છે એમાં કહ્યું છે. પાનું-૩૧૮.

‘**વીતરાગપણે, અત્યંત વિનયપણે પ્રણામ. ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે...**’ છે નહિ, હોં ! ‘**એવા આ સંસારી પ્રસંગ...**’ કે જેમાં ભ્રાંતિએ કરીને સુખ ભાસે છે. ‘**એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે; ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે,...**’ એને સ્વરૂપ નહિ ભાસે-સ્વરૂપ નિશ્ચય નહિ થાય. ભાસવું કહો, નિશ્ચય થવો કહો, લક્ષ થવું કહો, ઓળખાણ થવી કહો. ‘**અને સત્સંગનું માહાત્મ્ય...**’ એટલે સત્સંગ એટલે અહીંયાં સત્પુરુષ લેવા. ‘**સત્સંગનું માહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું**

**અસંભવિત છે.'** એને તો સત્સંગની મહિમા પણ યોગ્ય પ્રકારે આવવાની નથી. સત્પુરુષની મહિમા પણ આવવાની નથી.

એટલે **'જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય...'** એટલે દૃઢ મોક્ષેચ્છા ન થાય **'ત્યાં સુધી ખચીત કરી અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે.'** ત્યાં સુધી બરાબર પુરુષાર્થનો સ્વીકાર કરવો. એટલે કે પોતાના ધ્યેયને બરાબર... પુરુષાર્થથી પણ ધ્યેયને નક્કી કરવું. આગળ બીજી ઘણી એ પ્રકારે વાતો કરી ગયા છે.

હવે પોતે એની સામે તર્ક ઊઠાવે છે કે **'એવા મહાત્માઓના ...'** શું જરૂર ? આગમ તો છે આપણા ઘરમાં. કબાટ ભર્યા છે. 'ગુરુદેવ'ની કૃપાથી, હોં ! આપણને તો ... ઘરેઘરમાં કબાટ ભર્યા છે અને છે. તો પછી મહાપુરુષની શું જરૂર છે ? સમાગમ શા માટે કરવો ? એ બધી માથાકૂટમાં ઉતારવું. ગમે તેવો પુરુષ હોય. કોઈ સારા વિદ્વાનને આપણે રોકી લઈએ. પગાર સારો આપીએ. ઠીક ! **'ગમે તેવો પુરુષ હોય પણ સારી રીતે શાસ્ત્ર વાંચી સંભળાવે.'** બરાબર એ વ્યાકરણ અને શબ્દાર્થનો જાણકાર હોય અથવા શબ્દકોષ લઈને બેસે. બરાબર શબ્દનો અર્થ કરી શકાય.

**'તેવા પુરુષથી જીવ કલ્યાણનો યથાર્થ માર્ગ શા માટે ન પામી શકે ?'** કોઈ વિદ્વાન બરાબર સમજાવનાર હોય તો એનાથી કલ્યાણની પ્રાપ્તિ કેમ ન થઈ શકે ? **'એવી આશંકાનું સમાધાન કરવામાં આવે છે.'** એટલે કોઈ ગમે તેમ આપણને શાસ્ત્ર સંભળાવનાર મળે એટલે વાંધો નહિ. 'સમયસાર' આપણને સંભળાવનાર જોઈએ. ગમે તે સંભળાવનાર હોય. એમ અહીંયાં વિચારવા યોગ્ય નથી, એમ કહેવું છે. એનું કારણ છે કે કોઈપણ માણસ કોઈપણ વાત કરે ત્યારે પોતાના અભિપ્રાયને ભેળવીને કરે. ભેળવીને કર્યા વિના રહી શકે નહિ. એવી એક વાત કરનારની વાસ્તવિક પરિસ્થિતિ છે. એટલે અભિપ્રાયનો દોષ હોય એ કહેનારમાં આવ્યા વિના રહે નહિ. એટલે 'સમયસાર'નું કથન નિર્દોષ છે પણ કહેનાર છે એ એમાં ગડબડ કરી જાય છે. એને ક્યાંક પણ રાગની, શુભરાગની ઉપાદેયતા આવ્યા વિના રહે નહિ. પાપાનુબંધી પુણ્યનો આદર ન કરવો પણ પુણ્યાનુબંધી પુણ્ય તો ઉપાસવું કે ન ઉપાસવું ? ભાઈ ! એ આસ્રવ તત્ત્વ છે, જે બંધનું કારણ છે. એ મોક્ષનું કારણ નથી. અથવા તો એ સ્વભાવ નથી અને વિભાવ છે અને વિભાવ ઉપાદેય હોઈ શકે નહિ. જો

સ્વભાવ ઉપાદેય હોય તો વિભાવ ઉપાદેય ન હોય અને વિભાવ ઉપાદેય હોય તો સ્વભાવ ઉપાદેય ન થાય. આમ બને છે.

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગ હોવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશસ્ત રાગ આવે, પણ હોવો જોઈએ એમ કરીને એ કૃત્રિમતાથી લાવવાનો વિષય નથી. (એમ કરે) તો કર્તાપણું થઈ જાય. કૃત્રિમતા કરે તો કર્તાપણું થયા વિના રહે નહિ.

**'એવા મહાત્માપુરુષનો યોગ બહુ બહુ દુર્લભ છે. સારા દેશકાળમાં પણ એવા મહાત્માનો યોગ દુર્લભ છે; તો આવા દુઃખમુખ્ય કાળમાં તેમ હોય એમાં કંઈ કહેવું રહેતું નથી.'** એ તો હોય જ. આવા દુષમકાળની અંદર તો એવા મહાત્માપુરુષના દર્શન થવા એ ઘણા ઘણા દુર્લભ છે. **'કહ્યું છે કે, યદ્યપિ...'**

મુમુક્ષુ :- અત્યારે વર્તમાન આપણું ભાગ્ય બહુ સારું કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે હિત કરી લે તો સર્વથી ઉત્કૃષ્ટ કાળ છે. અનંતા ચોથા આરાથી સારું છે. જે કાળમાં આ આત્મા પોતાનું આત્મહિત સાધે એ કાળ અનંતા ચોથા આરા કરતા પણ સારો છે. અને જે મહાપુરુષના યોગથી આત્મહિત સાધે તો એ અનંતા તીર્થંકરોથી પણ મહાન યોગ છે. કેમકે અનંતા તીર્થંકરોનો યોગ થઈ ગયો. સમવસરણના ક્ષેત્રનો યોગ પણ થઈ ગયો. ચોથા આરા પણ અનંતા આવી ગયા. આ જીવ ક્યારે નહોતો ? બધી વખતે એને લાભ મળ્યો છે. બહારનો લાભ મળ્યો છે, અંદરનો લાભ લીધો નથી. એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ને બધા ચોથા આરા નકામા ગયા અને આ પાંચમો આરો...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે જ. એટલે અનંત તીર્થંકરથી અધિક કહ્યા 'ગુરુદેવ'ને. એનું કારણ એ છે.

**'કહ્યું છે કે, યદ્યપિ તેવા મહાત્માપુરુષનો ક્વચિત્ યોગ બને છે, તો પણ શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુ હોય તો...'** ફરીને એ વાત લીધી. **'તે અપૂર્વ ગુણને તેવા મુહૂર્તમાત્રના સમાગમમાં પ્રાપ્ત કરી શકે છે.'** પહેલા ઓળખી શકે છે એમ લીધું. હવે કહે છે કે એ પ્રાપ્તિ પણ કરી શકે છે. જો એ શુદ્ધ વૃત્તિમાન હોય તો એને ગ્રહણ કરવાની યોગ્યતા હોય અને ગ્રહણ ન થાય એમ કેમ બને ? ગ્રહણ કરવાની યોગ્યતા હોય અને ગ્રહણ ન કરે એમ કેમ બને ? આ બ્લોટિંગ પેપર છે એ પણ શાહીને ચૂસી લે. ત્યાં

બીજો ચીકણો કાગળ મૂકો તો નહિ ચૂસે. મીણ લગાડેલો કાગળ નહિ ચૂસે. યોગ્યતા છે માટે ચૂસી લ્યે છે. એમ આ જીવ ઉપદેશને ગ્રહણ કરવાની યોગ્યતામાં અને તત્પરતામાં આવીને ઊભો હોય અને ઉપદેશ મળે તો કેમ ગ્રહણ ન થાય એને ? એ ઉપદેશ એને ગ્રહણ થાય છે. શુદ્ધવૃત્તિ છે એટલે.

મુમુક્ષુ :- શુદ્ધવૃત્તિમાનના લક્ષણો...

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખવું હોય તો પોતાના આત્માને પૂછવા જેવો વિષય છે. કાલે વાત લીધી હતી. કાલના સ્વાધ્યાયમાં. આ આત્માને પોતાએ પૂછવું કે તું આ ક્ષેત્રમાં આ બાહ્ય ધાર્મિક પ્રવૃત્તિ શું કરવા કરે છે ? જો તારી શુદ્ધ વૃત્તિ નથી આત્મકલ્યાણની તો પછી અહીંયાં પ્રવૃત્તિ તું શું કરવા કરે છે ? શું હેતુ છે તારો ? જે અન્યથા હેતુ છે એના માટે તો સંસારમાં ઘણા ક્ષેત્ર છે અને ઘણા પ્રસંગો છે. પણ જો એક આત્મકલ્યાણનો જ્યાં મુખ્યપણે વિષય ચાલે છે એવું જે આ ક્ષેત્ર છે એમાં જો તારી આત્મકલ્યાણની શુદ્ધ વૃત્તિ નથી તો પછી તું શું કરવાને આ પ્રવૃત્તિમાં ઊભો છો ? કે આ પ્રવૃત્તિ માટે આવ્યો છો ? બસ.

મુમુક્ષુ :- જવાબ આવી જશે.

પૂજ્ય ભાઈશ્રી :- જવાબ આવી જશે. આમ નક્કી કરવા જેવું છે.

જેમ ધર્મ રોકડિયો છે, જેને સમ્યગ્દર્શન થાય એને ... સુખ થાય. બીજી ક્ષણે થાય કે બીજા ભવે થાય એ વાત નથી. રોકડો ધર્મ છે. એમ પાત્રતાનો વિષય પણ બહુ રોકડિયો છે, જે ધર્મનું મૂળ છે, ધર્મનું બીજ છે ખરેખર તો, કે જ્યારે આ જીવની શુદ્ધવૃત્તિ થાય કે મારે આત્મકલ્યાણ જ કરવું છે આ જીવનમાં. આ ભવ એના માટે જ આવ્યો છે. આ મનુષ્યભવ આત્મકલ્યાણ માટે જ મને મળ્યો છે એવું જેને ભાસે, લાગે અને આત્મકલ્યાણની શુદ્ધવૃત્તિ થાય એને તત્કાળ જ તથારૂપ પાત્રતાની ત્યાં પ્રાપ્તિ છે. એને પાત્રતા પછી પ્રગટ થશે એવું નથી. તે જ કાળે એ પાત્રતા સંપન્ન થાય છે. અને એ જ ધર્મ પ્રાપ્તિનું બીજ છે, મૂળ છે. એ તો કહ્યું કે એવા '**શુદ્ધ વૃત્તિમાન મુમુક્ષુ હોય તો તે અપૂર્વ ગુણને તેવા મુહૂર્તમાત્રના સમાગમમાં પ્રાપ્ત કરી શકે છે.**'

એક પત્રમાં આપણે આગળ આવી ગયું છે કે આ જીવને ખરી મુમુક્ષુતા એકવાર પણ આવી નથી. ખરી મુમુક્ષુતા નથી આવી. આવે તો એનું આત્મહિત ન થાય એવું છે નહિ. અંદરથી પરમાત્મા એને મદદ કરે

છે. અંદર બેઠેલો પરમાત્મા એને મદદ કરે છે. જેમ કોઈ એમ કહે ને કે, ભાઈ ! હજાર હાથવાળો રક્ષા કરે એને કોણ મારી શકે ? કે સાતમે માળેથી પડતું મૂકે તો પણ બચી જાય. નીચે રૂના ધોકડા ભરેલું ગાડું નીકળ્યું હોય. બચી જાય. એમ આ હજાર હાથવાળો નહિ પણ અનંત શક્તિવાળો છે. એક હાથ ગણો તો અનંત હાથવાળો છે. પણ પોતાની દાનત શુદ્ધ હોવી જોઈએ. આમ છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ આવીને એક દિવસમાં લીધું. અમારી શુદ્ધ દાનત નથી

પૂજ્ય ભાઈશ્રી :- લીધું કે નહિ પણ ? એવી વાત છે.

મુમુક્ષુ :- અહીંયાંથી જ ... થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલેથી જ. આ ધર્મ જ રોકડિયો છે. ઉધારની વાત જ નથી. કર્મ અને કર્મના ફળ ઉધાર હોય. એ તો પાપના પણ ઉધાર છે અને પુણ્યના પણ ઉધાર છે. પણ ધર્મ અને ધર્મનો માર્ગ છે એ તો રોકડો છે. એ જ વખતે એનો લાભ છે. બીજી Second નહિ, બીજી પળ નહિ. આવો માર્ગ સુંદર છે, વ્યવસ્થિત છે.

**'જેવા મહાત્માપુરુષના વચનપ્રતાપથી મુહૂર્તમાત્રમાં ચક્રવર્તીઓ પોતાનું રાજપાટ છોડી ભયંકર વનમાં તપશ્ચર્યા કરવાને ચાલી નીકળતા હતા,...'** એવા મહામુનિઓ હતા. એ ચક્રવર્તીઓ એક મુહૂર્તમાત્ર સાંભળે ત્યાં મુનિદશામાં આવવાની તૈયારી થઈ જાય. કેવો ઉપદેશ હશે એ ! અને કેવી પાત્રતા હશે એ ! બેય સામેસામે કેવા હશે ! એટલે આટલો સંસારનો વૈભવ પણ વહાલો નહોતા કરતા, એમ કહેવું છે. એટલું આત્મહિત વહાલું કરતા હતા કે ભયંકર વનમાં તપશ્ચર્યા કરી. તપશ્ચર્યા કરવી એટલે આત્મામાં સ્થિર થવું, હોં ! એવા કાર્ય માટે બધું એકદમ (છોડી ચાલી નીકળે). એનો ઉપદેશ કેવો હશે ! **'તેવા મહાત્માપુરુષના યોગથી અપૂર્વ ગુણ કેમ પ્રાપ્ત ન થાય ?'** તેવા મહાપુરુષના યોગથી અપૂર્વ એવું આત્મહિત કેમ ન થાય ? એમ કહે છે. જો શુદ્ધ વૃત્તિમાન હોય તો થાય, થાય ને થાય જ. ન થાય એવું બને નહિ.

**'સારા દેશકાળમાં પણ ક્વચિત્ તેવા મહાત્માનો યોગ બની આવે છે,...'** ક્વચિત્ જ બની આવે છે, એમ કહેવું છે. સારા દેશકાળ હોય, ઘણા એવા મહાત્માઓ વિચરતા હોય તોપણ એવો યોગ તો ભાગ્યે જ મળે. કેમકે તેઓ અપ્રતિબદ્ધ વિહારી હોય છે. ક્યાંય કોઈ દ્રવ્ય, ક્ષેત્ર,

કાળ, ભાવ સાથે એને લગાવ નહિ હોવાથી, કોઈ જાતનો લગવાડ નહિ હોવાથી, કોઈની સાથે પ્રીતિ નહિ હોવાથી, રાગ નહિ હોવાથી એ ગમે ત્યારે ગમે ત્યાં વિચરતા હોય છે. એનું કોઈ ઠામ-ઠેકાણું નથી. એટલે એનો યોગ જલ્દી પ્રાપ્ત થતો નથી. **'ત્યારે એવા પુરુષોનો નિત્ય સંગ રહી શકે તેમ શી રીતે બની શકે ક'** તો પછી નિત્ય એની સાથે રહેવાનું કેમ બને ? એવો પોતે થઈ જાય તો નિત્ય રહી શકે એના સંગમાં. પોતે પણ એના જેવો થઈને એની સાથે રહી શકે. નહિતર તો રહી શકે નહિ.

**'જેથી મુમુક્ષુ જીવ...'** અને મુમુક્ષુને તો કાયમ સંગ ક્યાંથી રહે ? **'મુમુક્ષુ જીવ સર્વ દુઃખ ક્ષય કરવાનાં અનન્ય કારણોને પૂર્ણપણે ઉપાસી શકે ?'** તો એને ક્યાંથી એ પ્રકારનો યોગ બને કે નિરંતર એનો સમાગમ મળે ? એવું ક્યાંથી મળે ? **'તેનો માર્ગ આ પ્રમાણે ભગવાન જિને અવલોક્યો છે :'** તો પછી એણે શું કરવું ? એવા જીવે શું કરવું ? એનો એણે શું ઉપાય કરવો ? એમ કરીને પછી જે પ્રત્યક્ષ યોગની જ્યાં ઉપલબ્ધિ નથી ત્યાં જે વીતરાગશ્રુત છે એની ઉપાસનામાં જાવું. એ જાવું તો કઈ રીતે જાવું ? કેટલી પાત્રતાની તૈયારીથી જાવું ? એ વિષેનો જરા વિસ્તારથી અહીંયાં (વિષય લ્યે છે). અહીં સુધી રાખીએ...

**આત્મકલ્યાણની તીવ્ર ભાવના સહિત ઉદયમાં પ્રયોગ થવો જોઈએ, નહિ તો જીવ ઉદયમાં જોડાઈને નવો કર્મબંધ કરી લ્યે છે, મોક્ષાભિલાષી જીવ તો ઉદયને પ્રયોગનું સાધન બનાવી લ્યે છે. જેથી ઉદયથી ડરતા નથી કે ચિંતીત થતા નથી; કે ઉદયમાં પરિણામ બગડવા દેતા નથી અને આ રીતે ઉદયમાં પોતાપણું મટાડવાનો પ્રયાસ કરે છે. સચેત અચેત બંન્ને દ્રવ્યોની સ્વતંત્રતાનો સ્વીકાર કરીને પર્યાયમાં થયેલી કર્તાબુદ્ધિને તોડવાનો પ્રયાસ કરે છે. પોતાપણું ઓછું થતાં વિભાવોનો રસ તીવ્ર થતો નથી. આમ ભેદજ્ઞાનના પ્રયોગ દ્વારા અનઉદય પરિણામરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. (અનુભવ સંજીવની-૧૭૪૧)**

## તા. ૧૩-૪-૧૯૯૨, પત્રાંક ૭૫૫-૭૫૬
## પ્રવચન નં. ૩૫૮

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પાનું-૫૭૮. આંક-૭૫૫. મહાત્માપુરુષોનો યોગ ન બને ત્યારે સર્વ દુઃખ ક્ષય કરવાના અનન્ય કારણને મુમુક્ષુજીવ કેવી રીતે ઉપાસી શકે ? '**તેનો માર્ગ...**' એટલે તેનો ઉપાય '**આ પ્રમાણે ભગવાન જિને અવલોક્યો છે :**' પ્રત્યક્ષ મહાપુરુષનો યોગ ન હોય તો શું કરવું ?

'**નિત્ય તેમના સમાગમમાં આજ્ઞાધીનપણે વર્તવું જોઈએ, અને તે માટે બાહ્યાભ્યંતર પરિગ્રહાદિ ત્યાગ જ યોગ્ય છે.**' સમાગમ હોય તો સમાગમમાં આજ્ઞાધીનપણે વર્તવું જોઈએ. ન હોય તો સમાગમમાં આજ્ઞાધીનપણે વર્તવાની ભાવનામાં વર્તવું જોઈએ. અને એમ વર્તવા જતાં આરંભ અને પરિગ્રહ ઉપરના પરિણામો ઉપેક્ષિત થાય છે. આરંભ અને પરિગ્રહના વિષયમાં અનાદિની જીવની જે અપેક્ષાવૃત્તિ રહી છે એ પલટીને ઉપેક્ષાવૃત્તિમાં આવે. સત્સમાગમની અપેક્ષામાં સત્‌સ્વરૂપની પ્રાપ્તિની અપેક્ષા હોવાથી અસત્ એવા જે પદાર્થો, અસત્ એવા જે ભાવો, એ પ્રત્યે ઉપેક્ષા અને ઉદાસીનતા આવવી એ સહજ છે અથવા સહજ થવું ઘટે છે. નહિતર સત્‌સ્વરૂપની અપેક્ષા ખરેખર જાગૃત થઈ નથી.

જે જીવો અસ્તિથી સત્‌સ્વરૂપ પ્રત્યે જવાના પ્રયત્નવાન છે, ભલે પોતાની રીતે, પણ ઇચ્છા, ભાવના એ છે કે અમારે તો સ્વરૂપપ્રાપ્તિ કરવી છે, પણ એમ કરવા જતાં અસત્ એવા ઉદયભાવો અને ઉદયના સંયોગોથી ઉપેક્ષા અને ઉદાસીનતા ન આવતી હોય તો એ પ્રયત્ન છે એ યથાર્થ નથી અથવા પ્રયત્ન પ્રયત્નના સ્થાનમાં નથી. આ એક એવી વિકૃતિ છે કે જે વિકૃતિને લઈને એ પ્રયત્ન સફળ નથી થતાં, નિષ્ફળ જાય છે.

મુમુક્ષુ :- શાસ્ત્રના પોતાના પરિણામનું Judgement લઈ લેવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- લેવું જ જોઈએ. કેમકે અપેક્ષાવૃત્તિ બે વિરુદ્ધ વિષયમાં એકસાથે કામ નહિ કરી શકે. સત્‌ની પણ અપેક્ષા અને અસત્‌ની

પણ અપેક્ષા, બે તો નહિ બની શકે. અને આખા સંસારને એક નજરે જોવો હોય તો આ નજરે જોઈ શકાશે કે સંસારના તમામ પ્રાણીઓ ઉદયમાં કાંઈ ને કાંઈ અપેક્ષા રાખીને વર્તી રહ્યા છે. અને તેથી આત્માની ઉપેક્ષા-નિજ સ્વરૂપની ઉપેક્ષા સહજ વર્તે છે. આ અપેક્ષા-ઉપેક્ષાનું પડખું ઊલટાય નહિ અથવા ઊલટું છે તે સુલટાય નહિ ત્યાં સુધી વાસ્તવિક રીતે તો પરિસ્થિતિ છૂટે એમ નથી. પછી ગમે તે કરે. એ બધી માનેલી પોતાની રીત છે એમાં સિવાય ગૃહિત મિથ્યાત્વ બીજું કાંઈ નથી. કેમકે રીત ખોટી માની છે. રીત સાચી નથી.

મુમુક્ષુ :- થોડો વિચાર કરીએ તો એવું લાગે છે કે સત્પુરુષની આજ્ઞાકારીતામાં આ જીવ ઘણે ઠેકાણે વિપરીતપણે પરિણમે છે અથવા આજ્ઞાપણામાં બહુ ઓછપ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એને પ્રયોજન નથી ભાસ્યું. પોતાનું હિત જે રીતે એને ભાસવું જોઈએ એ સ્થાનમાં એ નથી ભાસ્યું. એટલે એમાં ઉપેક્ષા, બેદરકારી, અસાવધાની, બિનકાળજી આવ્યા વગર રહે નહિ.

(સંવત) ૨૦૧૭મી સાલમાં 'ગુરુદેવ' સાથે 'ગિરનારજી'ની યાત્રા કરી હતી. રાત્રે ત્રણ વાગે .. આગલે દિવસે આવી ગયા હતા. બીજે દિવસે રાત ઉપર રોકાઈને પાંચમી ટૂંકે જવાનું હતું. ત્રણ વાગેથી શરૂઆત થઈ. શિયાળાના દિવસો હતા. કડકડતી ઠંડી અને પવનનો સૂસવાટો. ઉપર જરા પવન વધારે હોય. હવે ત્યાં કોઈ કોઈ રસ્તો અને કેડી એવા આવે, જો પવનના સુસવાટાને લીધે પગ ફગી જાય તો જાય ખીણમાં, તો કેટલી સાવધાની રાખવી પડે ? અંધારું હોય, આછા પ્રકાશમાં જોઈ જોઈને પગ મૂકવાનો હોય તો કેટલી કાળજીથી ચાલે ? ગમે તેમ ચાલે ગપ્પા મારતા મારતા ? કે ઠેકડા મારતા મારતા ? જોઈ જોઈને ચાલે. એક એક પગલું જોઈ જોઈને ભરે. મુનિઓ વગર સાધને કેવી રીતે રહ્યા હશે ? એ ઠંડીમાં ધાબળા, કામળા વીંટી વીંટીને ધ્રુજતા માણસો ચાલતા હતા. નિર્વસ્ત્ર દશામાં કેવી રીતે મુનિઓ રહ્યા હશે ? એ જંગલ ને એ પહાડી. 'નેમિનાથ' ભગવાન, લ્યોને. બીજાની ક્યાં વાત કરવી ? 'નેમિનાથ' ભગવાન તો ત્યાંથી જ ગયા હતા ને ? પાંચમી ટૂંકેથી તો નિર્વાણ પામ્યા. એમની તપોભૂમિ પણ ગિરનાર જ છે. સહસ્ત્રામ્ર વન. શૈષાવન કહે છે અત્યારે. શૈશાવન કહે છે પણ એ અપભ્રંશ છે. સહસ્ત્ર આમ્રવન. એકહજાર આંબાનું વન. ત્યાં તપશ્ચર્યા, મુનિદશામાં જ્ઞાન ધ્યાનમાં ત્યાં રહ્યા છે.

એવો કાળજીવાળો માર્ગ, સાંકડો માર્ગ છે. પહેલેથી જ ઘણી દરકારથી આત્મહિતની ઘણી દરકારથી ચાલવું જોઈએ એવો માર્ગ છે. ઘણી સાવધાનીથી (ચાલવાનો માર્ગ છે).

અહીં તો સમાગમમાં આજ્ઞાધીનપણાની સાથે આ વાતને જોડી છે કે બાહ્યાભ્યંતર પરિગ્રહનો ત્યાગ. '**જેઓ સર્વથા તેવો ત્યાગ કરવાને સમર્થ નથી,...**' એવી પરિસ્થિતિ ન હોય. જો મુનિરાજ મળે તો એને તો ત્યાગી થઈને એની સાથે રહેવું જોઈએ, એમ કહે છે. પણ એવું ન બને તો '**તેમણે આ પ્રમાણે દેશત્યાગપૂર્વક કરવું યોગ્ય છે.**' તો થોડો બની શકે એટલો આરંભ-પરિગ્રહ ઘટાડીને પણ સમાગમમાં રહેવું.

મુમુક્ષુ :- આચાર્ય ભગવંતોની ઉપદેશ આપવાની જે Style રહી છે, આ જ Style અહીંયાં 'કૃપાળુદેવ'ની છે.

પૂજ્ય ભાઈશ્રી :- જિનાગમની મૂળ પદ્ધતિ આ છે.

'**તેમનું સ્વરૂપ આ પ્રમાણે ઉપદેશ્યું છે :**' મને તો ઘણીવાર યાદ આવે છે. 'ગુરુદેવ' 'મુંબઈ' પધાર્યા હોય તો એ (ઘણાં શ્રોતાઓ) સવારના વ્યાખ્યાનમાં આવે અને બપોરના વ્યાખ્યાનમાં ન આવે. આઠ, દસ, પંદર દિવસ રોકાવાના હોય તો એ પંદર દિવસ બપોરનો એક કલાક કાઢવો, આરંભ પરિગ્રહમાંથી, ધંધા ધાપામાંથી, પાછું નજીકમાં હોય પણ દુકાન, Office છોડીને, ધંધો છોડીને વ્યાખ્યાનમાં ન આવી શકે. હવે કેવી રીતે એ જ્ઞાન ચઢે ? એ તો સમજાવો. એક-બે જણા ન આવતા હોય તો કાંઈ ખબર પણ ન પડે. માણસ તો ત્યાં ઘણું ભેગું થાય. પણ હાજરી પાંખી હોય એમ ખ્યાલ આવી જાય. આગળ બેસવાવાળા જે સવારે આગળ બેઠા હોય એનો તો ખ્યાલ આવી જાય કે આગળ બેસવાવાળા જ નથી આવ્યા. આગળ બેસવાવાળા છે કે પાછળ બેસવાવાળા છે ? એવું છે. એટલે જીવને આ વિષયની કેટલી દરકાર છે ? કેટલી એની કિંમત આંકી છે ? કેટલું મૂલ્ય આંક્યું છે ? મૂલ્યાંકન કેટલું થયું છે ? એ બહુ ગંભીર રીતે વિચારવાનો વિષય છે.

'**તે મહાત્માપુરુષના ગુણાતિશયપણાથી,...**' એમને ગુણનો પણ અતિશય છે. શું ગુણનો અતિશય હોય છે ? એ વખતે તો એમ ને એમ વાંચી ગયા હશે. જેમાં પ્રગટ ગુણ જોઈને જોનારને ગુણ પ્રગટે તે ગુણાતિશયપણું છે. જે મહાત્માના પ્રગટ ગુણ જોઈને જોનારને ગુણ પ્રગટે. આ બીજાનું દુઃખ જોઈને દુઃખ થાય છે કે નહિ ? કોઈ પીડાતો

હોય તો અર..ર..! કેટલી પીડા છે ! કેવું શરીર થઈ ગયું છે ! જોનારને દુઃખ થાય છે કે નહિ ? એ સ્વભાવિક છે. નિમિત્તાધીન જ્યાં સુધી પરિણતિ છે ત્યાં સુધી આ જિનપ્રતિમાનું આલંબન, સત્સમાગમ શા માટે ઉપદેશ્યા છે ? કે નિમિત્તાધીન પરિણતિ છે એની અસર આવશે.

'**તે મહાત્માપુરુષના ગુણઅતિશયપણાથી, સમ્યક્ચરણથી,...**' તેનું આચરણ જે સમ્યક્ છે. નિર્દોષ અને પવિત્ર જેનું આચરણ છે. તેના '**પરમજ્ઞાનથી,...**' જે ભાવશ્રુતજ્ઞાન છે એ દ્વારા જે દ્રવ્યશ્રુત એમની વાણી પ્રગટે છે, એને પરમશ્રુત કહો કે પરમજ્ઞાન કહો. '**અપૂર્વવાણી પરમશ્રુત સદ્ગુરુલક્ષણ યોગ.**' અને તેમની '**પરમશાંતિથી,...**' જોનારને શાંતિ ઊપજે. શાંતિ એ ગુણ જ છે ને ? જોનારને પણ શાંતિ ઊપજે. મનુષ્યને તો ઊપજે પણ જંગલમાં ધ્યાનમાં મુનિરાજ બેઠા હોય તો જંગલી પ્રાણીને શાંતિ ઊપજે. હિંસક, જે અશાંતિના પ્રકૃતિવાળા હોય છે (એવા) વાઘ, સિંહ, અજગર, સર્પ, તીવ્ર જલદ પ્રકૃતિવાળા હોય છે, એ જીવ પણ ત્યાં ઠરી જાય. આજુબાજુમાં બેસી જાય. શાંતિથી જોયા કરે કે આ તે શું છે ! આશ્ચર્ય લાગે. એટલી શાંતિ હોય કે એમને આશ્ચર્ય લાગે. લાંબુ વિચારી ન શકે પણ આશ્ચર્યમાં ફરી જાય.

એવી '**પરમશાંતિથી, પરમનિવૃત્તિથી મુમુક્ષુ જીવની અશુભ વૃત્તિઓ પરાવર્તન થઈ શુભસ્વભાવને પામી સ્વરૂપ પ્રત્યે વળતી જાય છે.**' એ મહાત્માપુરુષના સમાગમમાં આટલું જેને મળે છે. એમનું ગુણ અતિશયપણું, એમના સમ્યક્ આચરણ વડે, એમના પરમજ્ઞાન વડે અને પરમશાંતિ વડે અને એમની પરમનિવૃત્તિ. પરમનિવૃત્તિ. બાહ્ય પરિણામોમાંથી નિવૃત્ત થયેલા પરિણામને, અંતર્મુખ થયેલા પરિણામને પરમ નિવૃત્તિ કહેવામાં આવે છે. એ પણ મુમુક્ષુને દેખાય છે. અને જોતા જ એની અશુભ વૃત્તિઓ તો પરાવર્તન થઈ જાય. શુભભાવને પામીને સ્વરૂપ પ્રત્યે જાય. અશુભમાંથી ખસીને શુભમાં આવે અને શુભમાંથી આગળ વધીને સ્વરૂપ પ્રત્યે વળતી જાય છે. મહાપુરુષોના સમાગમનો આવો પ્રતાપ છે. આવો લાભ છે અથવા ફાયદો છે. આવો ગુણ થાય છે. લખતી વખતે એમણે ભૂતકાળમાં એ સમાગમ કર્યો છે ને ? મહામુનિઓ. 'ઈડર'ના પહાડમાં, જંગલમાં મુનિઓ સાથે રહ્યા છે. એ બધું યાદ આવીને લખ્યું છે. આત્મામાંથી કાઢી કાઢીને એ બધું લખ્યું છે.

'**તે પુરુષનાં વચનો આગમસ્વરૂપ છે,...**' એવા મહાપુરુષના વચનો

સ્વયં જ આગમસ્વરૂપ છે. એમના વચનોથી કદિ પણ શંકિત થઈને શાસ્ત્રસંજ્ઞામાં જવા જેવું નથી. શાસ્ત્રમાં એવું લખ્યું છે કે નથી લખ્યું ? એવા પુરુષોથી જ શાસ્ત્રો જન્મ્યા છે. શાસ્ત્રોનો જન્મ જ એવા મહાપુરુષથી થયો છે ત્યાં શાસ્ત્રમાં જોવાની તારે જરૂર રહેતી નથી. એ તો જામીનગીરી માગવા જેવું છે. કોઈકને નાણા ધીરે. તો કહે, એમ નહિ. તમે કોઈ જામીન લઈ આવો. તો પૈસા આપું. એનો અર્થ કે કદાચ તમે ન આપો તો હું ઓલા પાસેથી લઈ શકું. એમ સત્પુરુષના વચનો મળ્યા પછી શાસ્ત્ર ગોતે ત્યારે એને સત્પુરુષ પ્રત્યે વિશ્વાસ નથી કે આ સાચું કહેતા હોય એ કોને ખબર ? ખોટું પણ કહેતા હોય. શાસ્ત્રમાં લખ્યું હોય તો આપણે સાચું માનીએ. બાકી એમનો ભરોસો રાખવા જેવો નથી. એના જેવું છે.

એક વિદ્વાનને પૂછ્યું હતું. આવી વાત આગમમાં નથી. પછી આમાં વિશ્વાસ છે કે નહિ ? તો પછી 'ગુરુદેવ'ની વાત ઉપર વિશ્વાસ છે કે નહિ ? કે હજી આગમ જોવાનું મન થાય ? એને વિશ્વાસ નથી. પાછી પોતાની યોગ્યતાનું ઠેકાણું ન હોય તોપણ (શંકા રાખે). અવિશ્વાસ કરવા લાયક તો પોતાની યોગ્યતા છે. એના બદલે અવિશ્વાસ કરે છે મહાપુરુષ ઉપર. જીવની કેવી વિચિત્રતા છે ! ગુનેગાર અપરાધી પોતે, નિર્દોષને અપરાધીની દૃષ્ટિએ જોવે છે. એવી વાત થઈ.

મુમુક્ષુ :- ભાવિમાં ધાતકી ખંડમાં સૂર્યકીર્તિ નાથ નથી થવાના એ જોવું. એ 'ગુરુદેવ'નો અવિનય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ્યારે કહ્યું છે ત્યારે તો અવિનય નહિ, અવિશ્વાસ છે. અવિશ્વાસ છે.

મુમુક્ષુ :- પૂરું માનીએ છીએ અમે. પૂરેપૂરા માનીએ છીએ 'ગુરુદેવ'ને. આ એક (ન માનીએ તો..)

પૂજ્ય ભાઈશ્રી :- આ કે તે. ગમે તે. એક જગ્યાએ વાંધો પડ્યો એટલે બધી જગ્યાએ એને વાંધો ઊભો જ છે. એ પોતે છેતરાય છે. પોતે પોતાને ધોખો દે છે કે હું માનું છું પણ વાતમાં કાંઈ માલ નથી.

મુમુક્ષુ :- બે જ્ઞાની કહી ગયા છે આ વાતને. અત્યારના બે જ્ઞાની કહી ગયા છે. માતાજી પણ કહી ગયા અને 'ગુરુદેવ' પણ પોતે કહી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- એથી પહેલા 'સીમંધર' ભગવાન કહી ગયા હતા. એ પહેલા તો 'સીમંધર' ભગવાન કહી ગયા હતા. એમને તો 'સીમંધર'

ભગવાનનું પણ નથી માનવું ને. તો પછી 'ગુરુદેવ'નું ક્યાંથી માને ? એમ છે.

**'તે પુરુષનાં વચનો આગમસ્વરૂપ છે, તોપણ વારંવાર પોતાથી વચનયોગની પ્રવૃત્તિ ન થાય તેથી, તથા નિરંતર સમાગમનો યોગ ન બને તેથી,...'** સત્પુરુષનો પ્રત્યક્ષ યોગ હોય તોપણ વારંવાર તેમનાથી વચનયોગની પ્રવૃત્તિ ન પણ થાય. કેમકે એ તો બોલવાનો વિકલ્પ આવે ત્યારે બોલવાની પ્રવૃત્તિ થાય. એવું નથી કે સમાગમમાં હોય એની સાથે બોલ્યા જ કરે અને એને કાંઈને કાંઈ સમજાવ્યા જ કરે. એવું નથી. **'વચનયોગની પ્રવૃત્તિ ન થાય તેથી, તથા નિરંતર સમાગમનો યોગ ન બને તેથી,...'** પોતાને પણ કાંઈ એવો ઉદય આવી જાય. નિવૃત્તિ લીધી હોય છતાં પણ સમાગમમાં ન રહી શકાય. કાંઈને કાંઈ પ્રવૃત્તિ આવી પડે.

**'તથા તે વચનનું શ્રવણ તાદશ સ્મરણમાં ન રહે તેથી,...'** તે વચનનું શ્રવણ. શ્રવણ છે તે વિસ્મૃત થતા વાર નથી લાગતી. કથન હોય, લખાણ હોય તો એક જ લખાણ કલાકો સુધી જોઈ શકાય છે. જ્યારે જે શબ્દો સાંભળવાના છે એ શબ્દો તો Second માં વિલિન થઈ જાય છે. એટલે એનું તાદશ્ય સ્મરણ, તાદશ્ય સ્મરણ એટલે જેવું સાંભળ્યું તેવું ને તેવું જે ક્ષણે સાંભળ્યું ત્યારે જે સંભળાયું એવું પછીના કાળમાં નથી રહેતું. કાળ છે એ વિસ્મૃતિનો હેતુ થાય છે. આ દુઃખના ઓસડ દા'ડા, કહે છે કે નહિ માણસ ? ઘરમાં એવો પ્રસંગ બને છે દરેકને. તો કેમ એ ઠંડુ પડી જાય છે દુઃખ ? ઓછું થતું જાય છે ? કેમ ? કે જેમ જેમ કાળ જાય એમ એની તાદશ્યતા સ્મરણમાં રહેતી નથી. સ્મરણ રહે તોપણ તાદશ્ય ન રહે. તેવું ને તેવું ન રહે. જેવું દશ્ય જોયું હોય તેવું ને તેવું ન રહે.

એટલે **'તે વચનનું શ્રવણ તાદશ સ્મરણમાં ન રહે તેથી, તેમ જ કેટલાક ભાવોનું સ્વરૂપ જાણવામાં પરાવર્તનની જરૂર હોય છે તેથી,...'** કેટલાક ભાવોનું સ્વરૂપ જાણવા માટે પોતાની યોગ્યતાનું પરાવર્તન થાય. કેળવાય. પરાવર્તન થાય એટલે પલટો મારવો. જે અયોગ્યતા હોય તે પલટીને સુયોગ્યતા થાય એવી જરૂરત હોય તેથી. એક વાતને કેટલા કારણથી વિચારે છે ! કહેવું તો એટલું છે કે આગમનો અભ્યાસ સત્શ્રુતનો સ્વાધ્યાય રાખવો. શું કરવા રાખવો એના કારણો કહે છે. આગમનો સત્શ્રુતનો અભ્યાસ રાખવા પાછળ એમણે કેટલું વિચાર્યું છે !

મુમુક્ષુ :- મંત્રો જેવી વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક સામી વાત આવે તો ચારેય પડખેથી

ઉપયોગ ફરી વળે છે. બધી વાત તપાસાય જાય છે અને એનું નિરૂપણ.. બહુ સમર્થ કલમ ચલાવી છે.

**'તેમ જ કેટલાક ભાવોનું સ્વરૂપ જાણવામાં પરાવર્તનની જરૂર હોય છે તેથી, અને અનુપ્રેક્ષાનું બળ વૃદ્ધિ પામવાને અર્થે...'** વારંવાર ભાવનામાં ભાવનાનું બળ વધે, ભાવના વૃદ્ધિગત થાય તેના અર્થે **'વીતરાગશ્રુત, વીતરાગ શાસ્ત્ર એક બળવાન ઉપકારી સાધન છે;...'** એટલે એને નમસ્કાર કરવામાં આવે છે. જેનો ઉપકાર થાય એટલે નિમિત્ત થાય. નિમિત્તપણે ઉપકારી થાય એના પ્રત્યે પણ નમસ્કાર કરવામાં આવે છે. **'જોકે તેવા મહાત્માપુરુષ દ્વારા જ પ્રથમ તેનું રહસ્ય જાણવું જોઈએ,...'** આ પાછી શરત મૂકી. સીધો વાંચવા બેસી જઈશ નહિ. પહેલા કોઈ મહાપુરુષ પાસેથી એનું રહસ્ય સમજવાનો પ્રયત્ન કરજે, રહસ્ય સમજશે. પછી ઓળખી, સમજ્યા પછી એની વારંવાર અનુપ્રેક્ષા કરજે. નહિતર ઓરનું ચોર (થશે), કહેશે કાંઈક ને સમજીશ કાંઈક.

**'તેનું રહસ્ય પ્રથમ જાણવું જોઈએ, પછી વિશુદ્ધ દૃષ્ટિ થયે...'** એટલે યોગ્યતા, નિર્મળતા. વિશુદ્ધ દૃષ્ટિ એટલે પ્રયોજનને પકડી રાખવાની, પ્રયોજનને ન છટકવા દે, ન છોડે એવી નિર્મળ દૃષ્ટિ થયે. વિશુદ્ધ એટલે નિર્મળ મુમુક્ષુની ભૂમિકામાં. **'મહાત્માના સમાગમના અંતરાયમાં પણ...'** સમાગમ મળતો હોય ત્યાં સુધી તો નહિ, એમ કહે છે. સમાગમ મળતો હોય તો પહેલો સમાગમ (કરવો), શાસ્ત્ર વાંચવાનું નહિ. **'મહાત્માના સમાગમના અંતરાયમાં પણ તે શ્રુત બળવાન ઉપકાર કરે છે,...'** આટલું હોય તો. નહિતર એમ ને એમ વાંચવા બેસે તો ઉપકાર કરે છે એ વાત છે નહિ.

**'અથવા જ્યાં કેવળ તેવા મહાત્માઓનો યોગ બની શકતો નથી,...'** એવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હોય કે જ્યાં એવા મહાત્માનો યોગ બની શકતો જ નથી. **'ત્યાં પણ વિશુદ્ધ દૃષ્ટિવાનને...'** ગમે તેને નહિ. નામધારી મુમુક્ષુ હોય એમ ન ચાલે. **'વિશુદ્ધ દૃષ્ટિવાનને વીતરાગશ્રુત પરમોપકારી છે,...'** પોતાની દૃષ્ટિની નિર્મળતા હોય તો એને ઉપકારી છે. પ્રયોજનને જોઈ શકતો હોય, પ્રયોજનની વાત છૂટતી ન હોય, અપ્રયોજન ઉપર એને પક્કડ આવતી ન હોય. બેય સાથે જ છે- અવિનાભાવી. **'અને તે જ અર્થે થઈને મહાત્માપુરુષોએ એક શ્લોકથી**

**માંડી દ્વાદશાંગપર્યંત રચના કરી છે.'** જે મહાપુરુષોએ કોઈએ એક શ્લોક રચ્યો છે કે કોઈએ બાર અંગ રચ્યા છે એ આટલા માટે રચ્યા છે. કે નિર્મળ દૃષ્ટિવાનને, પાત્રતાવાનને, અધિકારી જીવને એ સત્શ્રુત ઉપયોગી થાય. અનઅધિકારીને એ ઉપયોગી ન થાય. એમ છે સાથે સાથે.

**'તે દ્વાદશાંગના મૂળ ઉપદેષ્ટા સર્વજ્ઞ વીતરાગ છે,...'** તે મહાપુરુષોએ ભલે એની રચના કરી છે પણ એ સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર જૈન પરમેશ્વર છે, એ મૂળ ઉપદેશ એમણે કરેલો છે. પછી એ ઉપદેશને અહીંયાં બાર અંગની અંદર મૂકેલો છે. એવા સર્વજ્ઞ વીતરાગનું સ્વરૂપ **'જેના સ્વરૂપનું મહાત્માપુરુષો નિરંતર ધ્યાન કરે છે;...'** જેમણે અંગ પૂર્વની રચના કરી છે એવા મહાપુરુષો પણ એ સર્વજ્ઞ વીતરાગનું ધ્યાન કરે છે. **'અને તે પદની પ્રાપ્તિમાં જ સર્વસ્વ સમાયેલું છે એમ પ્રતીતિથી અનુભવે છે.'** અને આવું પૂર્ણ પદ પ્રાપ્ત કરવું એ જ અમારા જીવનનું સર્વસ્વ છે. એમ ન હોય તો અમારા જીવનમાં કાંઈ નથી, ખાલી છે. એમ ખાત્રીથી અનુભવે છે, વિશ્વાસથી અનુભવે છે. એવું પોતાનું જીવન અનુભવ કરે છે.

**'સર્વજ્ઞ વીતરાગનાં વચનને ધારણ કરીને, મહત્ આચાર્યોએ દ્વાદશાંગની રચના કરી હતી,...'** એ સર્વજ્ઞ વીતરાગના વચનને આત્મામાં ધારણ કરીને એ મહાન આચાર્યોએ, ગણધરાદિ આચાર્યોએ દ્વાદશાંગની રચના કરી હતી **'અને તદાશ્રિત આજ્ઞાંકિત મહાત્માઓએ...'** અને એને આશ્રયે એટલે બાર અંગને આશ્રયે. એથી વધારે નહિ. એથી આગળની વાત કહેવાની કોઈને રહેતી નથી. **'તદાશ્રિત આજ્ઞાંકિત મહાત્માઓએ...'** આજ્ઞાંકિત મહાત્મા. બીજા મુનિઓ પણ એ આચાર્યોના આજ્ઞાંકિત હતા. એમની આજ્ઞા બહાર જાય નહિ, એમ કહે છે. મુનિ હોય તોપણ આચાર્યદેવની આજ્ઞા બહાર જાય નહિ. એવું છે. આજ્ઞા ન .. મુનિ છે એ સમર્થ છે. છઠે-સાતમે ગુણસ્થાને જવાવાળા છે, રહેવાવાળા છે અને કોઈ કોઈ મુનિઓ તો આચાર્યો પહેલા કેવળજ્ઞાન લેવાવાળા છે, તોપણ જ્યાં સુધી એમના શિષ્યપદે હોય ત્યાં સુધી એમની વ્યવહાર આજ્ઞા પણ ઉથાપે નહિ. .. આચાર્ય છે ને ? એમ છે.

એવા **'આજ્ઞાંકિત મહાત્માઓએ બીજાં અનેક નિર્દોષ શાસ્ત્રોની રચના કરી છે.'** કેવા શાસ્ત્રોની રચના કરી છે ? નિર્દોષ શાસ્ત્રોની રચના

કરી છે. જે શાસ્ત્રોથી દોષ મટે અને પવિત્રતા પ્રાપ્ત થાય, એને મંગળ કહ્યા છે. શાસ્ત્રોને મંગળ કહ્યા છે. આ શાસ્ત્રોની સ્થાપના એટલા માટે કરવામાં આવી. મંગળિક છે માટે એ શાસ્ત્રોની સ્થાપના કરવામાં આવે છે. જેના દ્વારા આત્માને, જે વચનો દ્વારા આત્માને પણ મંગળ પ્રગટ થાય. દોષ જાય અને પવિત્રતાની પ્રાપ્તિ થાય. એની રચના કરી છે. '**આ પ્રમાણે દ્વાદશાંગના નામ છે :**' અને જે બાર અંગની રચના કરી એના નામ આ પ્રકારે છે. બારે બારના નામ લીધા છે.

'**(૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) ભગવતી, (૬) જ્ઞાતાધર્મકથાંગ, (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃતદશાંગ, (૯) અનુત્તરૌપપાતિક, (૧૦) પ્રશ્નવ્યાકરણ, (૧૧) વિપાક અને (૧૨) દષ્ટિવાદ.**' એ બાર અંગના નામ છે. '**તેમાં આ પ્રમાણે નિરૂપણ છે :**' એમાં આ પ્રમાણે નિરૂપણ છે. બારે અંગના વિષયો જુદા જુદા છે. વિષય અનુસાર એના નામ પણ જુદા જુદા છે. એ વિષય નિરૂપણ આ પ્રમાણે છે પણ એમાં કાંઈ આવતું નથી આ લખાણમાં.

મુમુક્ષુ :- આ નામ ત્રણે સંપ્રદાયમાં માન્ય છે કે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્રણે સંપ્રદાયમાં માન્ય છે. જેમ છ દ્રવ્યના નામ માન્ય છે, પંચ પરમેષ્ઠીના નામ માન્ય છે, નવ તત્ત્વના નામ માન્ય છે, ચોવીસ તીર્થંકરોના નામ માન્ય છે. એમ આ અંગ પૂર્વના નામ પણ માન્ય છે.

'**કાળદોષથી ઘણાં સ્થળો તેમાંથી વિસર્જન થઈ ગયાં, અને માત્ર અલ્પ સ્થળો રહ્યાં.**' આત્મા મોક્ષમાર્ગને પ્રાપ્ત થાય એ ભાગ રહી ગયો છે. જે મૂળ પ્રયોજનભૂત વિભાગ છે એ અત્યારે રહી ગયો છે એટલે અત્યારે પણ એ શાસ્ત્રોમાં નિમિત્તત્ત્વ છે. જે કોઈ સંસ્કારી જીવો છે એ મોક્ષમાર્ગ...

મુમુક્ષુ :- આ પ્રમાણે લખવું રહી ગયું લાગે છે. કાં તો પોતે લખ્યું ન હોય અથવા રહી ગયું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- કાં રહી ગયું હોય અને...

મુમુક્ષુ :- વિગત હશે...

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ પત્રો હાથમાં આવે તો જરા ખ્યાલ આવે.

મુમુક્ષુ :- પુસ્તકની કોઈ રચના કરી હોય એમ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- (પત્રાંક) ૫૫ થી ૬૫

પૂજ્ય ભાઈશ્રી :- કોઈનું નામ નથી ને ? (પત્રાંક) ૭૫૫ થી ૭૬૫માં. એટલે ક્યાંથી લખ્યું છે એ પણ નથી અને ક્યા ગામ લખ્યું છે એ પણ નથી. લખાણ હાથમાં આવ્યું છે ૧૯૫૩ની સાલમાં એટલે અહીંયાં મૂક્યું છે. એમ છે. સંવત ૧૯૫૩. .. સંકલન કર્યું છે.

**'જે અલ્પ સ્થળો રહ્યાં તેને એકાદશાંગને નામે શ્વેતામ્બર આચાર્યો કહે છે.'** એકાદશ એટલે અગિયાર અંગ. અગિયાર અંગને નામે શ્વેતામ્બર આચાર્યો કહે છે **'દિગંબરો તેમાં અનુમત નહીં થતાં એમ કહે છે કે,'** એ દિગંબરોનો અભિપ્રાય નથી છાપ્યો. આમાં નથી મળતો.

મુમુક્ષુ :- પોતે દેરાવાસી...

પૂજ્ય ભાઈશ્રી :- કેમ ખબર પડે ?

**'વિસંવાદ કે મતાગ્રહની દૃષ્ટિએ તેમાં બન્ને કેવળ ભિન્ન ભિન્ન માર્ગની પેઠે જોવામાં આવે છે.'** હવે આમાં શું છે કે જ્યાં ફેર પડે છે એમાંથી વિસંવાદ પણ ઉત્પન્ન થાય છે, એમાંથી જુદો મત પણ ઉત્પન્ન થાય છે. એ દૃષ્ટિથી જુઓ તો બે માર્ગ ભિન્ન ભિન્ન છે એમ જોવામાં આવે છે. **'દીર્ઘદૃષ્ટિએ જોતાં...'** એટલે કેટલીક એની અંદર જે મૂળ તત્ત્વ સ્મરણમાં રહી ગયું છે તો **'તેનાં જુદાં જ કારણો જોવામાં આવે છે.'** કેમકે સ્મૃતિમાં રહી જાય. જ્યારે એક મહાપુરુષ કે એક તીર્થંકરની પાછળ બે ફાંટા પડે. ત્યારે એમણે જે કહ્યું હોય એ મોટાભાગનું તો સ્મૃતિમાં બધાને હોય. જે સાચો હોય એને હોય અને જેમાં ફેર પડ્યો એને પણ હોય. સ્મૃતિમાં એ જ વાત હોય. એ વસ્તુ જ્યારે જુદા પડે ત્યારે તો ક્યાં જુદા પડે છે એ તારવી ન શકે માણસ. સામાન્ય બુદ્ધિવાળા તો એ તારવી ન શકે. 'ગુરુદેવ' કહે છે એ જ આ કહે છે. 'ગુરુદેવ' કહે છે એ જ આ કહે છે. ક્યાં તફાવત છે ? માટે વિસંવાદ કરવો નહિ. બેય 'ગુરુદેવ'ની જ વાત કરે છે. 'ગુરુદેવ'ના નામે વાત કરે છે, એમ કરીને લે. તીર્થંકરના નામે ભગવાન 'મહાવીરે' આમ જ કહ્યું હતું, ઓલા કહે, ભગવાન 'મહાવીરે' આમ જ કહ્યું હતું. તો જે અલ્પ ફેરફાર છે એ મતાગ્રહની કે વિસંવાદની દૃષ્ટિએ જોવામાં આવે તો ભિન્ન-ભિન્ન માર્ગ જોવાય છે. પણ જે ઘણી ખરી વાતો જે કહેલી છે તેની તે છે. એ રીતે જો જોવામાં આવે તો એના કારણો પણ કાંઈક જુદા જ છે. દીર્ઘદૃષ્ટિએ જોતાં તેના જુદા જ કારણો જોવામાં આવે છે. એટલે ઊંડાણથી જુઓ તો એમાં ક્યાં શ્રદ્ધામાં ફેર

પડ્યો અને આમાં ફેર પડ્યો. એ બહુ ઊંડી દૃષ્ટિનો વિષય છે. બહુ લાંબી દૃષ્ટિનો વિષય છે. અહીંયાં થોડો ફેર પડ્યો છે તો આગળ જતાં કેટલો બધો ફેર પડી જશે એ દીર્ઘદૃષ્ટિનો વિષય છે. સામાન્ય માણસો એ વાતને માપી શકતા નથી.

'**ગમે તેમ હો, પણ આ પ્રમાણે બંને બહુ નજીકમાં આવી જાય છે :**' એમ કરીને એ વાત લીધી છે. એમાં '**વિવાદનાં ઘણાં સ્થળો તો અપ્રયોજન જેવાં છે;...**' કેટલાક સ્થળોને તો પ્રયોજન પણ નથી. અને કેટલાક જે '**પ્રયોજન જેવાં છે તે પણ પરોક્ષ છે.**' અત્યારે એમનું પ્રત્યક્ષપણું (નથી). પરોક્ષ એટલે એવી ઐતહાસિક વાત હોય. 'મલ્લિનાથ' ભગવાન સ્ત્રી હતા કે પુરુષ હતા, કેમ નક્કી કરવું અત્યારે ? ..દૃષ્ટિએ જુઓ તો મેળ ન ખાય. પ્રયોજન છે, ત્યાં પ્રયોજન છે, પણ ઇતિહાસ પરોક્ષ છે. એમ કેટલાક પ્રયોજન જેવા છે પણ એ પાછા ઇતિહાસમાં પરોક્ષ છે. અત્યારે એ પ્રત્યક્ષ વિષય નથી. કથાનુયોગનો વિષય છે. ચાર અનુયોગમાં એ કથાનુયોગનો વિષય છે. તો કથાનુયોગના ઘણા વિષયો પરોક્ષ છે. જેમાં પ્રયોજન પણ હોય છે. તત્ત્વદૃષ્ટિએ કેટલુંક પ્રયોજન પણ હોય છે. હવે કેટલાક જે આ કરણાનુયોગના અથવા ક્ષેત્રાદિના જે માપ છે, બીજું છે, ત્રીજું છે એવા કેટલાક વિષયો તો અપ્રયોજનભૂત છે અને પરોક્ષ છે. કેટલાક પ્રયોજનભૂત છે અને પરોક્ષ પણ છે.

મુમુક્ષુ :- જે ફરક પડે છે, એનો તફાવત તુલનાત્મક દૃષ્ટિએ બતાવવાળા જે હોય એ કાંઈ ભૂલ કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એવું ક્યાં કહેવાનો મતલબ છે. એ ભૂલ કરે છે એમ કાંઈ કહેવાનો મતલબ નથી. તત્ત્વદૃષ્ટિ તો જેની સૂક્ષ્મ દૃષ્ટિ છે એ તો બધું સૂક્ષ્મતાથી માપે છે, જોવે છે, વિચારે છે અને આત્માને હિત થાય એ રીતે ગ્રહણ કરે છે.

મુમુક્ષુ :- એટલે બીજા જીવોની ઉપર કરુણા લાવીને એ સ્પષ્ટ કરે છે. બહાર મૂકે તો એ એની કરુણાની અને હિતની દૃષ્ટિથી વાત કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હિતની દૃષ્ટિથી જ વાત કરે છે. મહાપુરુષને તો કોઈપણ જીવનું અહિત ન થાય અને હિત થાય એ એક જ દૃષ્ટિકોણ નિરૂપણમાં હોય છે. બીજો દૃષ્ટિકોણ એમનો હોતો નથી. અને એ જ દૃષ્ટિકોણથી જીવ જો એ વિષયને સ્પર્શે, અભ્યાસ કરે કે અવલોકે તો એનું હિત થાય. દૃષ્ટિકોણ છોડીને વિચારે તો એનું અહિત થાય.

મુમુક્ષુ :- બહારમાં એમ દેખાય કે આનાથી તો ફાંટા પડી જાશે.

પૂજ્ય ભાઈશ્રી :- ફાંટા તો પડેલા છે એ તો પડેલા જ છે. એકમાંથી બે થયા એનો અર્થ શું ? કોઈના પાડ્યા તો પડે નહિ. પોતાનો મત ફરે ત્યારે પડે છે. પડ્યો એ તો પડ્યો જ. એકમાંથી બે થયા એનો અર્થ શું ? બેપણું આવ્યું ક્યાંથી ? કોઈના પાડ્યા તો પડતા નથી. સત્ય ગ્રહણ કરવું છે તો આત્મહિતાર્થે ગ્રહણ કરવું છે.

મુમુક્ષુ :- હિત થાય એ રીતે વાંચવું, એનો અર્થ કરવો. એમ થયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. હિતની દૃષ્ટિએ અભ્યાસ કરવો. આમાં શું છે, થોડો સાંકડો માર્ગ છે. કઈ યોગ્યતાએ, કેટલે હદે એ વિષય વિચારવો ? એ વિચાર માગી લે એવો વિષય છે. કઈ યોગ્યતાએ, કેટલી હદે એ વાતને વિચારવી. એટલે એની મર્યાદા એ પ્રકારે બાંધી અને માર્ગદર્શન એ રીતે લીધું કે, ભાઈ ! તું તારા કેવળ આત્મહિતની દૃષ્ટિએ જ એ વિષયને તું લેજે. જરાક એનાથી આઘોપાછો જઈશ તો તું પાછો મંડન-ખંડનમાં પડી જઈશ. તો એ પાછું એ સંપ્રદાયબુદ્ધિ થઈ જાય છે. તત્ત્વદૃષ્ટિ રહે અને સંપ્રદાયબુદ્ધિ ન થાય, એની ભેદ રેખા બરાબર જળવાવી જોઈએ તો વાંધો ન આવે. નહિતર વાંધો આવે.

જેમકે આ દિગંબર શ્વેતાંબરનો વિષય એવો થઈ ગયો કે આજે એ શ્વેતાંબરની અંદર કોઈ મહાત્મા થાય તો સ્વીકારવાનું મન ન થાય એટલી હદે એ (વિષય થઈ ગયો). તો એ સંપ્રદાય બુદ્ધિમાં જીવ આવી ગયો. જેમ કે 'આનંદઘનજી' શ્વેતાંબરમાં થયા. થઈ રહ્યું. જે ઓલો સંપ્રદાય બુદ્ધિનો કીડો બેઠો છે (એ એમ કહેશે), જાવા દ્યો... જાવા દ્યો... જાવા દ્યો... તત્ત્વદૃષ્ટિ હોય એ (એમ જોશે કે) ઓ..હો ! આમાં તો તત્ત્વ છે. એની નજર પકડશે.

'ગુરુદેવ' કેમ વારંવાર એનું ઉદ્ધરણ કરતા હતા ? એને ખબર નહોતી એ શ્વેતાંબરમાં છે ? શ્વેતાંબર અને દિગંબરનું સમજાવ્યું કોણે આપણને ? આ બધા ... કોણે સમજાવ્યું ? બરાબર ? ઈ પહેલા તો કાંઈ બહુ ખબર નહોતી ને ? એમાં જ હતા. ખબર નહોતી નહિ, એમાં જ હતા. છતાં એ જ્યારે નામ લે છે તો જરા ચોંકવું જોઈએ. અરે..! આ શ્વેતાંબરના સાધુ કહેવાતા હતા ને એનું નામ કેમ વારેઘડિએ લે છે ? જેમ 'શ્રીમદ્જી'નું નામ છે, એમને ખબર નથી 'શ્રીમદ્જી'એ એટલી ચોખવટ હું પોતે કરું છું એટલી નથી કરી. સ્પષ્ટતા એટલે બેધડક જે કહીએ. છતાં

કેમ એનું નામ લે છે ? મોટા ભાગના દિગંબરો તો એમને શ્વેતાંબર જ માને છે. દિગંબર સંપ્રદાયવાળા તો 'શ્રીમદ્ રાજચંદ્રજી'ને શ્વેતાંબર જ માને છે. 'કલકત્તા'માં તો (એમ કહે), આ તો 'શ્રીમદ્'નું વાંચે છે. આપણા મંદિરમાં બેસીને શ્વેતાંબરનું વાંચે છે. ઠીક ! હમણાં એવું જ થયું હતું. ... વાંચ્યું ને ? ૭૫૧ (પત્ર) વાંચ્યો હતો. ... એ શ્વેતાંબરનું વાંચે છે. દિગંબરો તો એમને શ્વેતાંબર જ સમજે છે. અને આપણામાં પણ ઘણાને શંકા છે. પણ એ શ્વેતાંબર, દિગંબરનું જેણે આપણને સમજાવ્યું એ પોતે એની મુખ્યતા કરીને કેમ બોલે છે ? એનો તો કાંઈ દિમાગમાં વિચાર આવવો જોઈએ કે ન આવવો જોઈએ ? ત્યાં તત્ત્વ પડ્યું છે. એમને તત્ત્વ સાથે સંબંધ છે. પછી શ્વેતાંબર દિગંબર છે. પહેલા તત્ત્વની ખબર હોવી જોઈએ. શ્વેતાંબર-દિગંબરની સ્થૂળ દૃષ્ટિએ ખબર પડી અને તત્ત્વની ખબર ન પડી તો શું લાભ થયો ? લાભ તો નથી થયો પણ મતવાદનું નુકસાન થયું છે, સંપ્રદાય બુદ્ધિનું નુકસાન થયું છે. એવી વાત છે. ભેદરેખા બહુ પાતળી છે.

મુમુક્ષુ :- 'જ્યાં લગી આત્મતત્ત્વ ચિહ્ન્યો નહિ, ત્યાં લગી...'

પૂજ્ય ભાઈશ્રી :- 'ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' 'નરસિંહ મહેતા'નું ગાયું છે એ તો. એ તો 'નરસિંહ મહેતા'નું પદ છે. જ્યાં તત્ત્વ જોયું ત્યાંથી ઉપાડ્યું છે. એ તો વૈષ્ણવમાં થયા ને ? પણ અન્યમતમાં જ્ઞાન થાય કે ન થાય, એ કહો.

મુમુક્ષુ :- જ્યારે .. થાય..

પૂજ્ય ભાઈશ્રી :- એમ નહિ. અન્યમતમાં. ચાર ગતિમાં બીજે તો મત નથી ત્રણ ગતિમાં, પણ મનુષ્યગતિમાં અન્યમત છે. જેને આપણે ગૃહિત કહીએ છીએ. એમાં જ્ઞાન થાય કે ન થાય ? છે પૂરાવો તમારી પાસે કોઈ ?

મુમુક્ષુ :- અન્યમતમાં જન્મેલાને જ્ઞાન થાય, માનેલાને જ્ઞાન ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ'નો પુરાવો છે. માનેલાને ન થાય. જન્મેલાને થાય. અન્યમતમાં જન્મ્યા હતા અને અન્યમતના સાધુ તરીકે પ્રસિદ્ધ હતા ત્યારે જ્ઞાન થયું છે. ત્યારે 'આનંદઘનજી' શ્વેતાંબરના સાધુ પ્રસિદ્ધ હતા ત્યારે એને જ્ઞાન થાય કે ન થાય ? જો 'ગુરુદેવ'ને થાય તો 'આનંદઘનજી'ને થાય કે ન થાય ? એ પોતે લખે છે, 'આનંદઘન ચેતન વ્હે ખેલે, દેખે લોક તમાશા.' લોકો ભલે તમાશો દેખવો હોય એવો દેખે. અહીં અમે તો અંદર ચેતનમાં ખેલીએ છીએ. એ મસ્તી છે.

મુમુક્ષુ :- અન્યમતમાં લાંબુ કાંઈ ...

પૂજ્ય ભાઈશ્રી :- લાંબુ કોનું કહેવું પણ ? એનું પરિમાણ શું ?

મુમુક્ષુ :- છ મહિના.

પૂજ્ય ભાઈશ્રી :- છ મહિના ? ખોટી વાત છે. 'ગુરુદેવ'ને (સંવત) ૧૯૭૮ની સાલમાં 'સમયસાર' હાથમાં આવ્યું.

મુમુક્ષુ :- (સંવત) ૧૯૯૧માં પરિવર્તન કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૯૯૧માં પરિવર્તન કર્યું. ૧૩ વર્ષ થયા. ૧૩ મહિના નહિ, ૧૩ વર્ષ થયા. એ તો ચર્ચા ચાલી હતી. 'ગુરુદેવ'ના શ્રીમુખેથી સાંભળેલી છે કે અન્યમતમાં હોય પણ અન્યમતનો આગ્રહ ન હોય. આ અમે બેઠા, આ અમે બેઠા. પોતાનો દાખલો આપ્યો. ચર્ચા ચાલી હતી, બરાબર રાત્રિ ચર્ચામાં ચાલી હતી. મારી હાજરીમાં ચાલેલી ચર્ચા છે. શંકા તો 'શ્રીમદ્' ઉપરની હતી. એમણે પરિવર્તન કર્યું નથી. અન્યમતમાં રહી ગયા હતા. તો કહે, અમે અન્યમતમાં હતા જ્યારે થયું ત્યારે. પોતાનો દાખલો દીધો. એટલો બધો સહેલો નથી. શ્વેતાંબર-દિગંબરનો વિષય એટલો બધો સહેલો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા તો અશરીરી છે. એ ભાવ તો અશરીરી છે. ઠીક. ... નો અનુભવ છે. ... ન થઈ જાય એ ધ્યાન રાખવા જેવું છે. નહિતર પાછું ઉલમાંથી ચૂલમાં પડે. એક સંપ્રદાય છોડ્યો, સાચા દિગંબરમાં આવ્યો અને પાછો સંપ્રદાય કર્યો ત્યાં, એટલે પાછું એને એ થયું.

**'અપાત્ર શ્રોતાને દ્રવ્યાનુયોગાદિ ભાવ ઉપેદશવાથી નાસ્તિકાદિ ભાવો ઉત્પન્ન થવાનો વખત આવે છે, અથવા શુષ્કજ્ઞાની થવાનો વખત આવે છે.'** પાત્રતા જોઈને એને ઉપદેશ આપવો, એમ કહે છે. વ્યક્તિગત ઉપદેશ આપવાનો પ્રસંગ હોય તો એની પાત્રતા જોયા વિના ગમે તે વાત કરાય નહિ. એને નુકસાન પણ થાય. **'હવે આ પ્રસ્તાવના અત્રે સંક્ષેપીએ છીએ;...'** જુઓ ! પ્રસ્તાવના જ લખે છે. કોઈ એક વાતની પ્રસ્તાવના લખે છે. કોઈ પુસ્તક હોય કે ગમે તે હોય પણ પ્રસ્તાવના લખે છે. **'અને જે મહાત્માપુરુષે'** એમ કરીને પાછી એ વાત કપાઈ ગઈ છે.

**'આ પ્રમાણે સુપ્રતીત થાય તો...'** વચ્ચેની વાત નથી.

**हिंसा रहिए धम्मे। अट्ठारस दोस विवज्जिए देवे।।**

**निग्गंथे पवयणे। सद्दहणं होई सम्मत्तं।।१।।**

હિંસા રહિત ધર્મમાં, અઢાર દોષ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે એવા દેવમાં અને નિર્ગ્રંથે પ્રરૂપેલો એવા ધર્મમાં જેને શ્રદ્ધા હોય તેને સમ્યક્ત્વ થાય. '**सद्दहणं होई सम्मत्तं**' જેને શ્રદ્ધા હોય તેને સમ્યક્ત્વ થાય. '**તથા જીવને મોક્ષમાર્ગ છે,...**' તો જીવને મોક્ષમાર્ગ છે. '**નહીં તો ઉન્માર્ગ છે.**'

મુમુક્ષુ :- શ્લોકને અનુલક્ષીને લખ્યું છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એમ લાગે છે.

મુમુક્ષુ :- તથા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તથા કરીને છે ને ?

મુમુક્ષુ :- તથા જીવને એટલે એવા જીવને...

પૂજ્ય ભાઈશ્રી :- એના અનુસંધાનમાં મેળ ખાય છે, વિષયનો મેળ ખાય છે.

'**સર્વ દુઃખનો ક્ષય કરનારો એક પરમ સદુપાય, સર્વ જીવને હિતકારી, સર્વ દુઃખના ક્ષયનો એક આત્યંતિક ઉપાય, પરમ સદુપાયરૂપ વીતરાગદર્શન છે.**' આ જગતમાં સર્વ જીવને હિતકારી. એકલા જૈનોને નહિ, એકલા દિગંબરોને નહિ, સર્વ જીવોને હિતકારી, સર્વ પ્રકારના દુઃખનો અત્યંત ક્ષય કરનારો અને પરમ સાચો સદુપાયરૂપ જે કાંઈ છે તે વીતરાગદર્શન છે, એ સિવાય બીજું કોઈ દર્શન નથી. એ પૂર્ણ પવિત્રતાને બોધનારું દર્શન છે.

'**તેની પ્રતીતિથી,...**' એટલે એમાં વિશ્વાસ પહેલી વાત છે. '**તેની પ્રતીતિથી, તેના અનુકરણથી,...**' પ્રતીતિથી અને અનુકરણથી. એકલી પ્રતીતિ નહિ. પ્રતીતિ આવે એ અનુકરણ કર્યા વગર રહે નહિ વિશ્વાસ આવે એ. અને '**તેની આજ્ઞાના પરમ અવલંબન વડે,...**' એટલે એકનિષ્ઠાથી એની આજ્ઞામાં, વીતરાગની આજ્ઞામાં ચાલવા વડે '**જીવ ભવસાગર તરી જાય છે.**' આ ભવભ્રમણના જે નવા આયુષ્ય બંધાવાના છૂટી જાય, જો એ વીતરાગના ઉપદેશનું અવલંબન આવે તો એને નવો ભવ થવાનું છૂટી જાય.

મુમુક્ષુ :- પરમ અવલંબને એવો શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરમ અવલંબન વડે. જરાય આઘોપાછો નહિ. એકનિષ્ઠાથી. થોડુંક પોતાનું પણ ડહાપણ કરે એમ નહિ. આજ્ઞા

એટલે આજ્ઞા. માથે ચડાવી એટલે માથે ચડાવી, પછી એમાં બીજી કાંઈ ગડબડ નહિ.

મુમુક્ષુ :- ૭૫૧નો પહેલો નંબર-પહેલું સમકિત.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમકિત, સમકિત છે. પ્રત્યક્ષ સમકિતનું કારણ છે.

''**સમવાયાંગસૂત્ર'માં કહ્યું છે કે : આત્મા શું ? કર્મ શું ? તેનો કર્તા કોણ ? તેનું ઉપાદાન કોણ ? નિમિત્ત કોણ ? તેની સ્થિતિ કેટલી ? કર્તા શા વડે ?**' શા માટે એનો કર્તા થયો ? '**શું પરિમાણમાં તે બાંધી શકે ?**' પરિમાણમાં એટલે પ્રમાણ. '**શું પરિમાણમાં તે બાંધી શકે ? એ આદિ ભાવોનું સ્વરૂપ...**' આત્મા અને કર્મ એ સંબંધીના ચારે પડખા, એમ કહે છે. એનું '**સ્વરૂપ જેવું નિર્ગ્રંથસિદ્ધાંતમાં સ્પષ્ટ,...**' દર્શાવ્યું છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મપણે દર્શાવ્યું છે '**અને સંકલનાપૂર્વક...**' એટલે વ્યવસ્થિત રીતે સમજાવ્યું છે. ક્રમસર, પદ્ધતિસર, Systemetically. '**તેવું કોઈ પણ દર્શનમાં નથી.**' જેવું વીતરાગદર્શનમાં છે એવું કોઈ દર્શનમાં નિરૂપણ જોવામાં આવતું નથી. એ એમણે વીતરાગદર્શનનો અભિપ્રાય આપ્યો છે.

એ ૭૫૫માં પ્રસ્તાવના અધૂરી રહી છે. ત્યાર પછી ૭૫૬મો આંક છે એ લખાણ પણ અધૂરું મળ્યું છે. ૭૫૭ પણ અધૂરું, ૭૫૮ પણ અધૂરું, ૭૫૯મું અધૂરું છે. ૬૦, ૬૧ સુધી અધૂરું છે. પછી ૬૨માં અપૂર્ણ નથી લખ્યું, ૬૩માં અપૂર્ણ છે. ૬૪માં નથી, ૬૫માં નથી. બે-ત્રણ આંક પૂરા છે.

મુમુક્ષુ :- ૬૫, ૬૪...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી 'પંચાસ્તિકાય'ને વર્ણવવા છે.

## પત્રાંક-૭૫૬

**સં. ૧૯૫૩**

### જૈનમાર્ગ વિવેક

**પોતાના સમાધાનને અર્થે યથાશક્તિએ જૈનમાર્ગને જાણ્યો છે, તેનો સંક્ષેપે કંઈ પણ વિવેક કરું છું :**

**તે જૈનમાર્ગ જે પદાર્થનું હોવાપણું છે તેને હોવાપણે અને નથી તેને નહીં હોવાપણે માને છે.**

**જેને હોવાપણું છે તે બે પ્રકારે છે એમ કહે છે : જીવ અને અજીવ. એ પદાર્થ સ્પષ્ટ ભિન્ન છે. કોઈ કોઈનો સ્વભાવ ત્યાગી શકે તેવા સ્વરૂપે નથી.**

**અજીવરૂપી રૂપી અને અરૂપી બે પ્રકારે છે.**

**જીવ અનંતા છે. પ્રત્યેકે પ્રત્યેક જીવ ત્રણે કાળ જુદા છે. જ્ઞાનદર્શનાદિ લક્ષણે જીવ ઓળખાય છે. પ્રત્યેક જીવ અસંખ્યાત પ્રદેશને અવગાહીને રહે છે. સંકોચવિકાસનું ભાજન છે. અનાદિથી કર્મગ્રાહક છે. તથારૂપ સ્વરૂપ જાણ્યાથી, પ્રતીતિમાં આણ્યાથી, સ્થિર પરિણામ થયે તે કર્મની નિવૃત્તિ થાય છે. સ્વરૂપે જીવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે. અજરઅમર, શાશ્વત વસ્તુ છે.** **અપૂર્ણ**

૭૫૬નું મથાળું છે '**જૈનમાર્ગ વિવેક**' એવું મથાળું લીધું છે. '**જૈન માર્ગ વિવેક**' લખાણ બહુ ઓછું છે. આવું લખાણ જરા પૂરું મળ્યું હોય તો ઘણું એની અંદર ઊંડાણ આવ્યું હોય.

'**પોતાના સમાધાનને અર્થે યથાશક્તિએ જૈનમાર્ગને જાણ્યો છે, તેનો સંક્ષેપે કંઈ પણ વિવેક કરું છું :**' આ સ્થળે અત્રે, પોતાના સમાધાનને અર્થે. શું વાત લીધી પહેલા ? પોતાના સમાધાનને અર્થે, મારા આત્માના સમાધાનને અર્થે. કોઈને ઉપદેશ કરવાને અર્થે નથી લખ્યું. જે જૈનમાર્ગ મેં જાણ્યો છે '**તેનો સંક્ષેપે કંઈ પણ વિવેક કરું છું :**'

'**તે જૈનમાર્ગ જે પદાર્થનું હોવાપણું છે તેને હોવાપણે અને નથી તેને નહીં હોવાપણે માને છે.**' જુઓ ! માન્યતાની પ્રધાનતાથી વાત કરે છે. જૈનમાર્ગ શું માને છે ? કે જે પદાર્થનું હોવાપણું... જુઓ ! પદાર્થવિજ્ઞાન લીધું સીધું. Science લીધું. કોઈ રૂઢિની, તીર્થંકરદેવના નામ નહિ, કોઈ વાત ન લીધી. સીધી પદાર્થવિજ્ઞાનથી વાત શરૂ કરી છે. તે જૈનમાર્ગ જે પદાર્થ છે તેને હોવાપણે માને છે અને જે પદાર્થ નથી તેને નહિ હોવાપણે માને છે. આમાં શું ખોટું છે ?

'**જેને હોવાપણું છે તે બે પ્રકારે છે એમ કહે છે :**' જે પદાર્થો છે એની બે જાત છે. એક જીવ અને એક અજીવ. જેમાં જીવ નથી તે અજીવ. જેમાં જીવ છે તે જીવ. જીવન છે તે જીવ અને જેમાં જીવ નથી

તે અજીવ. '**એ પદાર્થ સ્પષ્ટ ભિન્ન છે.**' એના સ્વભાવો ભિન્ન હોવાને લીધે તે પદાર્થો સ્પષ્ટ ભિન્ન છે. '**કોઈ કોઈનો સ્વભાવ ત્યાગી શકે તેવા સ્વરૂપે નથી.**' જીવ કદિ જીવસ્વભાવને ત્યાગે અને જડ થાય, અજીવ થાય અને અજીવ કદિ અજીવ સ્વભાવનો ત્યાગ કરીને જીવ થાય એવું કદિ બનતું નથી. આ વનસ્પતિમાં જીવ છે કે નહિ ? આપણે શું કહે છે ? લૌકિક ભાષામાં એને પ્રકૃતિ કહે છે. અત્યારે પ્રકૃતિની સુંદરતા, પ્રકૃતિ બહુ ખીલી ઉઠી છે. તો એ પ્રકૃતિમાં જીવ આવ્યો ? શું આવ્યું ? પ્રકૃતિમાં શું આવ્યું ? કર્મ જડ છે એ જડ રહ્યા અને જીવ છે તે જીવ જ રહ્યા. પણ સંયોગી દૃષ્ટિએ એની સુંદરતા જોવામાં આવે છે. એ તો રમ્યતા નામનો જીવનો ગુણ છે.

'**કોઈ કોઈનો સ્વભાવ ત્યાગી શકે તેવા સ્વરૂપે નથી. અજીવ રૂપી અને અરૂપી બે પ્રકારે છે.**' અજીવમાં પણ બે પ્રકાર છે. એક જડ છે તે રૂપી છે. રૂપી છે એટલે જેમાં વર્ણ છે, ગંધ છે, સ્પર્શ છે, શબ્દ છે. વગેરે. અરૂપી એટલે જેમાં એ જાતના કોઈ વર્ણ, ગંધ, સ્પર્શાદિ નથી. એ ચાર અરૂપી છે. જડમાં પણ, અજીવમાં પણ ચાર અરૂપી છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. અને જીવ પણ અરૂપી છે. પણ એ સચેતન અરૂપી છે અને આ અચેતન અરૂપી છે.

'**જીવ અનંતા છે. પ્રત્યેકે પ્રત્યેક જીવ ત્રણે કાળ જુદા છે.**' સર્વ મળીને એક છે એમ નથી. '**જ્ઞાનદર્શનાદિ લક્ષણે જીવ ઓળખાય છે. પ્રત્યેક જીવ અસંખ્યાત પ્રદેશને અવગાહીને રહે છે.**' તે એનું ક્ષેત્રફળ છે. '**સંકોચવિકાસનું ભાજન છે.**' એટલે એને સંકોચ અને વિસ્તાર નાના-મોટા ક્ષેત્ર જોવામાં આવે છે. '**અનાદિથી કર્મગ્રાહક છે.**' એટલે નવા પરમાણુઓ, કર્મના પરમાણુઓનો સંયોગ થાય એવા નૈમિત્તિક ભાવ નિમિત્ત-નૈમિત્તિક ભાવો ગ્રહ્યા કરે છે એને કર્મગ્રાહકપણું કહે છે. '**તથારૂપ સ્વરૂપ જાણ્યાથી, પ્રતીતિમાં આણ્યાથી, સ્થિર પરિણામ થયે તે કર્મની નિવૃત્તિ થાય છે.**' એ રીતે જીવ-અજીવનું સ્વરૂપ જાણીને, પ્રતીતિ કરીને સ્વરૂપમાં સ્થિર પરિણામ કરે તો કર્મગ્રાહક છે એ કર્મની નિવૃત્તિ થાય છે. '**સ્વરૂપે જીવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે. અજરઅમર, શાશ્વત વસ્તુ છે.**' આટલું નિરૂપણ કર્યું છે. બાકીનું લખાણ આ વિષયનું હાથમાં આવ્યું નથી. અહીં સુધી રાખીએ...

પત્રાંક-૭૫૭

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

મોક્ષસિદ્ધાંત

અનંત અવ્યાબાધ સુખમય પરમપદ તેની પ્રાપ્તિને અર્થે ભગવાન સર્વજ્ઞે નિરૂપણ કરેલો 'મોક્ષસિદ્ધાંત' તે ભગવાનને પરમ ભક્તિથી નમસ્કાર કરીને કહું છું.

દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગના મહાનિધિ એવા વીતરાગ પ્રવચનને નમસ્કાર કરું છું.

કર્મરૂપ વૈરીનો પરાજય કર્યો છે એવા અર્હંત ભગવાન; શુદ્ધ ચૈતન્યપદમાં સિદ્ધાલયે વિરાજમાન એવા સિદ્ધ ભગવાન; જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એવા મોક્ષના પાંચ આચાર જેના આચરણમાં પ્રવર્તમાન છે અને બીજા ભવ્ય જીવોને તે આચારમાં પ્રવર્તાવે છે એવા આચાર્ય ભગવાન; દ્વાદશાંગના અભ્યાસી અને તે શ્રુત શબ્દ, અર્થ અને રહસ્યથી અન્ય ભવ્ય જીવોને અધ્યયન કરાવનાર એવા ઉપાધ્યાય ભગવાન; મોક્ષમાર્ગને આત્મજાગૃતિપૂર્વક સાધતા એવા સાધુ ભગવાનને હું પરમ ભક્તિથી નમસ્કાર કરું છું.

શ્રી ઋષભદેવથી શ્રી મહાવીર પર્યંત વર્તમાન ભરતક્ષેત્રના ચોવીશ તીર્થંકરોના પરમ ઉપકારને વારંવાર સંભારું છું.

શ્રીમાન વર્ધમાન જિન વર્તમાન કાળના ચરમ તીર્થંકરદેવની શિક્ષાથી હાલ મોક્ષમાર્ગનું અસ્તિત્વ વર્તે છે એ તેમના ઉપકારને સુવિહિત પુરુષો વારંવાર આશ્ચર્યમય દેખે છે.

કાળના દોષથી અપાર શ્રુતસાગરનો ઘણો ભાગ વિસર્જન થતો ગયો અને બિંદુમાત્ર અથવા અલ્પમાત્ર વર્તમાનમાં વિદ્યમાન છે.

ઘણાં સ્થળો વિસર્જન થવાથી, ઘણાં સ્થળોમાં સ્થૂળ

નિરૂપણ રહ્યું હોવાથી નિર્ગ્રંથ ભગવાનના તે શ્રુતનો પૂર્ણ લાભ વર્તમાન મનુષ્યોને આ ક્ષેત્રે પ્રાપ્ત થતો નથી.

ઘણા મતમતાંતરાદિ ઉત્પન્ન થવાનો હેતુ પણ એ જ છે, અને તેથી જ નિર્મળ આત્મતત્ત્વના અભ્યાસી મહાત્માઓની અલ્પતા થઈ.

શ્રુત અલ્પ રહ્યા છતાં, મતમતાંતર ઘણાં છતાં, સમાધાનનાં કેટલાંક સાધનો પરોક્ષ છતાં, મહાત્માપુરુષોનું ક્વચિતત્વ છતાં, હે આર્યજનો ! સમ્યક્દર્શન, શ્રુતનું રહસ્ય એવો પરમપદનો પંથ, આત્માનુભવના હેતુ, સમ્યક્ચારિત્ર અને વિશુદ્ધ આત્મધ્યાન આજે પણ વિદ્યમાન છે, એ પરમ હર્ષનું કારણ છે.

વર્તમાનકાળનું નામ દુષમકાળ છે. તેથી દુઃખે કરીને, -ઘણા અંતરાયથી, પ્રતિકૂળતાથી, સાધનનું દુર્લભપણું હોવાથી, મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે; પણ વર્તમાનમાં મોક્ષમાર્ગનો વિચ્છેદ છે, એમ ચિંતવવું જોઈતું નથી.

પંચમકાળમાં થયેલા મહર્ષિઓએ પણ એમ જ કહ્યું છે. તે પ્રમાણે પણ અત્રે કહું છું.

સૂત્ર અને બીજાં પ્રાચીન આચાર્યે તદનુસાર રચેલાં ઘણાં શાસ્ત્રો વિદ્યમાન છે. સુવિહિત પુરુષોએ તો હિતકારી મતિથી જ રચ્યાં છે. કોઈ મતવાદી, હઠવાદી અને શિથિલતાના પોષક પુરુષોએ રચેલાં કોઈ પુસ્તકો સૂત્રથી અથવા જિનાચારથી મળતાં ન આવતાં હોય અને પ્રયોજનની મર્યાદાથી બાહ્ય હોય, તે પુસ્તકોના ઉદાહરણથી પ્રાચન સુવિહિત આચાર્યોનાં વચનોને ઉત્થાપવાનું પ્રયત્ન ભવભીરુ મહાત્માઓ કરતા નથી; પણ તેથી ઉપકાર થાય છે, એમ જાણી તેનું બહુમાન કરતા છતાં યથાયોગ્ય સદુપયોગ કરે છે.

દિગંબર અને શ્વેતાંબર એવા બે ભેદ જિનદર્શનમાં મુખ્ય છે. મતદૃષ્ટિથી તેમાં મોટો અંતર જોવામાં આવે છે. તત્ત્વદૃષ્ટિથી તેવો વિશેષ ભેદ જિનદર્શનમાં મુખ્યપણે પરોક્ષ છે; જે પ્રત્યક્ષ

કાર્યભૂત થઈ શકે તેવા છે, તેમાં તેવો ભેદ નથી; માટે બન્ને સંપ્રદાયમાં ઉત્પન્ન થતા ગુણવાન પુરુષો સમ્યગ્દ્રષ્ટિથી જુએ છે; અને જેમ તત્ત્વપ્રતીતિનો અંતરાય ઓછો થાય તેમ પ્રવર્તે છે.

જૈનાભાસથી પ્રવર્તેલાં મતમતાંતરો બીજા ઘણાં છે, તેનું સ્વરૂપ નિરૂપણ કરતાં પણ વૃત્તિ સંકોચાય છે. જેમાં મૂળ પ્રયોજનનું ભાન નથી, એટલું જ નહીં પણ મૂળ પ્રયોજનથી વિરુદ્ધ એવી પદ્ધતિનું અવલંબન વર્તે છે; તેને મુનિપણાનું સ્વપ્ન પણ ક્યાંથી ? કેમકે મૂળ પ્રયોજનને વિસારી ક્લેશમાં પડ્યા છે; અને જીવોને, પોતાની પૂજ્યતાદિને અર્થે, પરમાર્થમાર્ગના અંતરાયક છે.

તેં, મુનિનું લિંગ પણ ધરાવતા નથી, કેમકે સ્વકપોલરચનાથી તેમની સર્વ પ્રવૃત્તિ છે. જિનાગમ અથવા આચાર્યની પરંપરાનું નામ માત્ર તેમની પાસે છે, વસ્તુત્વે તો તે તેથી પરાङ્મુખ જ છે.

એક તૂમડા જેવી, દોરા જેવી અલ્પમાં અલ્પ વસ્તુના ગ્રહણત્યાગના આગ્રહથી જુદો માર્ગ ઉપજાવી કાઢી વર્તે છે, અને તીર્થનો ભેદ કરે છે, એવા મહામોહમૂઢ જીવ લિંગાભાસપણે પણ આજે વીતરાગના દર્શનને ઘેરી બેઠા છે, એ જ અસંયતિ પૂજા નામનું આશ્ચર્ય લાગે છે.

મહાત્મા પુરુષોની અલ્પ પણ પ્રવૃત્તિ સ્વપરને મોક્ષમાર્ગસન્મુખ કરવાની છે. લિંગાભાસી જીવો મોક્ષમાર્ગથી પરાઙ્મુખ કરવામાં પોતાનું બળ પ્રવર્તતું જાણી હર્ષાયમાન થાય છે, અને તે સર્વ કર્મપ્રકૃતિમા વધતા અનુભાગ અને સ્થિતિબંધનું સ્થાનક છે એમ હું જાણું છું. [અપૂર્ણ]

## તા. ૧૪-૪-૧૯૯૨, પત્રાંક - ૭૫૭
## પ્રવચન નં. ૩૫૯

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, આંક-૭૫૭. પાનું-૫૮૦. '**ૐ નમઃ સિદ્ધેભ્યઃ મોક્ષસિદ્ધાંત**' આ આંકમાં પણ અપૂર્ણપણે મોક્ષ સિદ્ધાંતનું લખાણ મળ્યું છે. અપૂર્ણ મળ્યું છે. મોક્ષ સિદ્ધાંત વિષેનું લખાણ છે એ અપૂર્ણ મળ્યું છે. જે અપૂર્ણ હોય છે એમાં જે કાંઈ લખાણ રહી ગયું હોય એનો નિર્ણય કરવો એ યોગ્ય નથી. એટલા માટે યોગ્ય નથી કે કોઈવાર છેલ્લે એ બધાનો સારાંશ એક વચનમાં આવી જતો હોય છે. જેમકે કોઈ નિષેધ કરવો હોય તેમાં ઘણી વાત કીધા પછી આ બધું બરાબર નથી, આટલું આટલું બરાબર નથી, એક વાક્ય કહે, એટલું જો વાક્ય ન મળે તો ઓલું બધું બરાબર છે એમ આવી જાય. એ રીતે એનો-કહેનારનો નિશ્ચય કરવો, નિર્ણય કરવો એ પર્યાપ્ત નથી. એટલું સમજીને આપણે વાંચી જઈએ છીએ.

'**અનંત અવ્યાબાધ સુખમય પરમપદ તેની પ્રાપ્તિને અર્થે ભગવાન સર્વજ્ઞે નિરૂપણ કરેલો 'મોક્ષસિદ્ધાંત' તે ભગવાનને પરમ ભક્તિથી નમસ્કાર કરીને કહું છું.**' શું કહે છે ? જે સર્વજ્ઞ ભગવાને, જિનેશ્વરદેવે મોક્ષનો સિદ્ધાંત કહ્યો છે. મોક્ષ એટલે અનંત અવ્યાબાધ સુખમય પરમપદ, ઉત્કૃષ્ટપદ. પરમપદ એટલે ઉત્કૃષ્ટ પદ. જેનો છેડો નથી, જે સુખનો અંત નથી, જે સુખને કોઈ બાધા પહોંચે એવી પરાધીનતા નથી, એવા ઉત્કૃષ્ટ સુખની, પરમપદની પ્રાપ્તિને અર્થે જે ભગવાને, સર્વજ્ઞ ભગવાને મોક્ષનો સિદ્ધાંત કહ્યો છે, તે કહું છું એમ નથી કહેતા પણ એ ભગવાનને પરમભક્તિથી નમસ્કાર કરીને કહું છું. સિદ્ધાંતિક વાત પણ નિરૂપણ કરતા પહેલા નિરૂપણ કરનારને ભક્તિભાવ આવ્યા વિના રહેતો નથી. આ એક જ્ઞાન સાથે અવિનાભાવે રહેલી બહુમાનની લાગણી, સહજ આપોઆપ વ્યક્ત થાય છે.

'**દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગના મહાનિધિ એવા વીતરાગ પ્રવચનને નમસ્કાર કરું છું.**' એ વીતરાગને તો

નમસ્કાર કરું છું પણ વીતરાગના પ્રવચનને પણ હું નમસ્કાર કરું છું. એમની વાણીને પણ નમસ્કાર કરું છું કે જે વાણી ચાર અનુયોગમાં વહેંચાયેલી છે. અનુયોગ એટલે પ્રકરણ.

દ્રવ્યાનુયોગ એટલે જેમાં પદાર્થવિજ્ઞાન છે તેને દ્રવ્યાનુયોગ કહીએ. જેમાં કર્મની વ્યવસ્થા ગણિતપૂર્વક વિચારવામાં આવી છે એને ગણિતાનુયોગ પણ કહે છે અને કરણાનુયોગ પણ કહે છે. કર્મ કેવા કેવા પ્રકારના છે ? એની સ્થિતિ કેવી પડે ? એના પ્રકારમાં પ્રવૃત્તિ આવી ગઈ. પછી એની સ્થિતિ કેટલી હોય ? એમાં ફેરબદલી શું થાય ? વધઘટ શું થાય ? કર્મના પરમાણુની સંખ્યા કેટલી બંધાય ? જેને પ્રદેશબંધ કહે છે. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ અને એમાં તીવ્ર મંદ એવા ફળ જે શક્તિ (છે) એને અનુભાગ કહે છે. એનો ઘણો મોટો વિસ્તાર છે. કેમકે સામે જીવના વિકારી પરિણામોનો પણ એટલો મોટો વિસ્તાર છે. એના-વિકારીભાવના પણ અનંત પ્રકાર છે. એમાં પણ તારતમ્યતાએ અલ્પ બહુત્વ ઘણું છે અને એની સ્થિતિ પણ લાંબી-ટૂંકી છે. એ વગેરે અનેક પ્રકારે જે દ્રવ્ય-ભાવની વ્યવસ્થા વિચારવામાં આવી છે અને એના ફળને બતાવવામાં આવ્યા છે. લ્યો ! કરણાનુયોગમાં એ પણ છે. ચૌદ રાજૂલોક, ચૌદ બ્રહ્માંડ, સ્વર્ગલોક, મનુષ્યલોક અને નરકના જે જે સ્થાનો છે એ કર્મના ફળ ભોગવવાના ભોગ્યસ્થાનો છે. એનો સમાવેશ પણ કરણાનુયોગમાં થાય છે. એટલે વિકારી ભાવ, તેમના નિમિત્તો અને તેના ફળનું જેમાં વર્ણન છે તેને કરણાનુયોગ કહીએ.

'**ચરણાનુયોગ...**' આચરણનો અનુયોગ. આચરણ ચૌદે ગુણસ્થાનમાં કેવા કેવા હોય ? મિથ્યાદષ્ટિના આચરણ, મિથ્યાત્વના ખરાબમાં ખરાબ અને સારામાં સારા કેવા હોય દ્રવ્યલિંગી પર્યંતના. ચતુર્થ ગુણસ્થાને આચરણ કેવું હોય ? પંચમ ગુણસ્થાને અંતર-બાહ્ય આચરણ કેવું હોય ? છઠા-સાતમા ગુણસ્થાને મોક્ષમાર્ગનું અંતર-બાહ્ય આચરણ કેવું હોય ? મુખ્યપણે તો મોક્ષમાર્ગના આચરણનો અધિકાર જેમાં છે એને ચરણાનુયોગ કહેવામાં આવે. પછી પ્રતિપક્ષ સાથે સ્પષ્ટ કરવા માટે સરખામણી કરવામાં આવે છે. એટલે બધી વાત એની અંદર આવી જાય છે.

'**અને ધર્મકથાનુયોગ...**' જેમાં ધર્માત્માના ચરિત્રો છે, પુરાણ પુરુષોની કથા. ધર્મની કથા, હોં ! રાગ-દ્વેષની કથા નહિ પણ ધર્મની કથા. ધર્મકથાનુયોગ એને કહ્યો છે. કથાનુયોગ નહિ કહેતા શું કહ્યું ?

ધર્મકથાનુયોગ. પાંડવો મહાભારતનું યુદ્ધ લડ્યા એ વાત મુખ્ય નથી. ‘રામચંદ્રજી’એ ‘રાવણ’ને માર્યો એ વાત ‘રામાયણ’ની મુખ્ય નથી. પણ પાંડવો અને ‘રામચંદ્રજી’નું ધર્મનું આચરણ કેવું હતું ગૃહસ્થ હોવા છતાં. અનેક પ્રકારના ચારિત્રમોહના ઝંઝાવાત વચ્ચે પણ એમણે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી ધર્મને કેવી રીતે ટકાવી રાખ્યો એ વિષય ધર્મકથાનુયોગમાંથી જાણવા મળે છે. એનો ‘**મહાનિધિ...**’ છે. વીતરાગ પ્રવચન છે એ ચારેય અનુયોગનો મહાનિધિ છે. તેને પણ હું નમસ્કાર કરું છું.

‘**કર્મરૂપ વૈરીનો પરાજય કર્યો છે એવા અર્હંત ભગવાન;...**’ અરિહંત. નામ જ છે હિંસા વાચક. જૈનધર્મ છે અહિંસાપ્રધાન, પણ એમના ભગવાનનું નામ છે હિંસા વાચક. હંત-હણ્યા. દુશ્મનોને જેણે હણી નાખ્યા. લ્યો, ઠીક ! કેવું લાગે ? સમજ્યા વગર વિચારે તો શબ્દો કેવા લાગે ? કેવી રીતે હણી નાખ્યા ? કે નિર્દય રીતે હણી નાખ્યા. ઠીક ! દયા ન રાખી. દયાપ્રધાન ધર્મ છે ને ? આ અંતરંગ દુશ્મનોની વાત છે. રાગ, દ્વેષ, મોહ વગેરે જે આત્માના જ્ઞાન અને આનંદનો ઘાત કરનારા છે એવા અંદરના દુશ્મનનો, અભ્યંતર દુશ્મનો છે એને નિર્દય રીતે જેમણે હણી નાખ્યા છે એને અરિહંત કહેવામાં આવે છે.

‘**કર્મરૂપ વૈરીનો પરાજય કર્યો છે...**’ એ ભાવકર્મ લઈ લેવા. ભાવકર્મ અને પછી નિમિત્તપણે દ્રવ્યકર્મ લેવા. ‘**એવા અર્હંત ભગવાન; શુદ્ધ ચૈતન્યપદમાં સિદ્ધાલયે વિરાજમાન એવા સિદ્ધ ભગવાન;...**’ મૂળમાં આત્મા જેવા સ્વરૂપે છે એવું મૂળ સ્વરૂપ જેમણે યથાતથ્ય પ્રગટ કર્યું છે. સાધના દ્વારા સિદ્ધ કર્યું છે. તેથી તેમને સિદ્ધપદ કહેવામાં આવે છે. અને જે લોકના અગ્ર ભાગે, ઉપર, સૌથી ઊંચે લોકના અગ્ર ભાગે જે બિરાજમાન છે, એવા સિદ્ધ ભગવાન એમને પણ હું નમસ્કાર કરું છું, એમ કહેવું છે. પંચ પરમેષ્ઠીને લેશે.

‘**જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એવા મોક્ષના પાંચ આચાર જેના આચરણમાં પ્રવર્તમાન છે અને બીજા ભવ્ય જીવોને તે આચારમાં પ્રવર્તાવે છે એવા આચાર્ય ભગવાન;...**’ આચાર્ય ભગવાન પોતે આચારને પાળે છે અને બીજાને આચાર પળાવે છે. એ પંચાચાર છે. જ્ઞાનનો આચાર, દર્શનનો આચાર. જ્ઞાન સંબંધીનું આચરણ, શ્રદ્ધા સંબંધીનું આચરણ, બાહ્ય ચારિત્ર સંબંધીનું આચરણ, બહારમાં અનશનાદિ તપનું આચરણ અને એ સંબંધીના પુરુષાર્થનું આચરણ, એને

લગતો મોક્ષમાર્ગનો વીતરાગભાવ એક પ્રકારનો છે. પાંચેનો આત્મભાવ તો એક પ્રકારનો છે પણ બહારમાં વિકલ્પની અપેક્ષાએ એના પાંચ ભેદ ગણવામાં આવ્યા છે. વિકલ્પ અને નિમિત્તની અપેક્ષાએ. એ મોક્ષમાર્ગ સ્વરૂપ છે એ આચરણ. એટલે એને મોક્ષનો આચાર કહેવામાં આવે છે. એવા મોક્ષના આચરણમાં જે પ્રવર્તે છે, પ્રવર્તી રહ્યા છે. પ્રવર્તમાન છે એટલે પ્રવર્તી રહ્યા છે અને બીજા ભવ્ય જીવોને પણ તેવા આચરણમાં પ્રવર્તાવે છે, એમના શિષ્યોને, જે એમના ઉપદેશને સાંભળે છે, એમને પ્રવર્તાવે છે એવા આચાર્ય ભગવાન છે.

'**દ્વાદશાંગના અભ્યાસી...**' જુઓ ! જ્ઞાનાચાર છે આચાર્ય ભગવાનને, પણ એમને આચરણની પ્રધાનતા છે. ઉપાધ્યાય મહારાજને શ્રુતની પ્રધાનતા છે. એ પણ પંચાચારને તો પાળે છે. પણ છતાં પ્રધાનતા જોઈને કહેવામાં આવે છે કે જે બાર અંગના અભ્યાસી છે. કેવા ઉપાધ્યાય છે ? બાર અંગના અભ્યાસી છે. જુઓ ! ઉપાધ્યાય. અત્યારે તો ગમે તેને ઉપાધ્યાયની Degree આપી દે એવું નથી. બાર અંગના જે અભ્યાસી છે '**અને તે શ્રુત શબ્દ, અર્થ અને રહસ્યથી...**' જુઓ ! શ્રુતના, દ્રવ્યશ્રુતના શબ્દો છે, એ શ્રુતના જે અર્થો થાય છે પછી ભાવાર્થ ન લીધો. રહસ્ય લીધું સીધું જ તે.

'**શબ્દ, અર્થ અને રહસ્યથી અન્ય ભવ્ય જીવોને અધ્યયન કરાવનાર...**' છે. એનું રહસ્ય પણ આપે. પોતે રહસ્યના જાણકાર છે, બીજાને પણ એ રહસ્ય ખોલીને સમજાવે છે. એ '**ભવ્ય જીવોને અધ્યયન કરાવનાર એવા ઉપાધ્યાય ભગવાન; મોક્ષમાર્ગને આત્મજાગૃતિપૂર્વક સાધતા એવા સાધુ...**' મુખ્યપણે જે આત્માને સાધે છે, મોક્ષમાર્ગને સાધે છે. કયો મોક્ષમાર્ગ છે ? કે શુદ્ધોપયોગ તે મોક્ષમાર્ગ છે. જે આત્મામાં રમણતારૂપ નિર્વિકલ્પ આત્મસ્થિરતાનો શુદ્ધોપયોગ છે, શુદ્ધ સ્વરૂપને અવલંબીને પ્રવર્તતો ઉપયોગ છે તે શુદ્ધોપયોગ છે. તે મોક્ષનો માર્ગ છે. પછી બાહ્યાચરણ છે એને તો જગપંથ કહ્યો છે. એને તો 'બનારસીદાસજી'એ જગપંથ કહ્યો છે.

'**મોક્ષમાર્ગને આત્મજાગૃતિપૂર્વક સાધતા એવા સાધુ ભગવાનને હું પરમ ભક્તિથી નમસ્કાર કરું છું.**' જુઓ ! મોક્ષનો સિદ્ધાંત એટલે મોક્ષમાર્ગ. મોક્ષ પ્રાપ્ત કરવાનો સિદ્ધાંત બતાવવો છે એમાં સર્વજ્ઞ ભગવાનને નમસ્કાર કર્યો, એ મોક્ષપદને પ્રાપ્ત છે અને પ્રાપ્તિને અર્થે જેમણે

એ સિદ્ધાંત નિરૂપણ કર્યો એવા સર્વજ્ઞને નામ લીધા વગર નમસ્કાર કર્યા. એ સર્વજ્ઞની વાણીને નમસ્કાર કર્યા, પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા. હવે નામ લઈને એ સર્વજ્ઞ ભગવાનને નમસ્કાર કરે છે.

**'શ્રી ઋષભદેવથી શ્રી મહાવીર પર્યંત વર્તમાન ભરતક્ષેત્રના ચોવીશ તીર્થંકરોના પરમ ઉપકારને વારંવાર સંભારું છું.'** પોતે આ ક્ષેત્રમાં છે ને અત્યારે ? ભરતક્ષેત્રમાં છે અને ભરતક્ષેત્રમાં કોનો ઉપકાર વર્ત્યો છે ? કે છેલ્લે છેલ્લે જે ચોવીસ તીર્થંકર ભગવાન થયા તેમણે ધર્મ પ્રવર્તાવ્યો છે પોતાના કાળમાં અને એ ધર્મની પરંપરા અત્યારે પણ ચાલુ રહી છે. પોતાને પણ પ્રાપ્ત થઈ છે માટે **'ચોવીશ તીર્થંકરોના પરમ ઉપકારને વારંવાર સંભારું છું.'** અત્યારે એક પણ તીર્થંકર વિદ્યમાન નહિ હોવા છતાં અને પહેલા તીર્થંકર તો એક ક્રોડાક્રોડી સાગર પહેલા ચોથા આરામાં થઈ ગયા હોવા છતાં અત્યારે એના ઉપકારને ગાય છે, સંભારે છે. આ ઉપકાર ગાવાની પણ એક વિશિષ્ટ પદ્ધતિ છે.

જૈનદર્શનમાં બે દ્રવ્યોની સર્વથા ભિન્નતાનો ન્યાય અને વસ્તુનું સ્વરૂપ જેટલા જોરથી પ્રકાશેલું છે એટલા જ જોરથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધના ઉપકારને પણ ગાવામાં આવ્યો છે. એવી ભક્તિ પણ કોઈએ નથી કરી. ઠીક ! એક ક્રોડા ક્રોડી સાગર પહેલા થયેલા તીર્થંકરને સંભારવામાં આવે છે. ખરેખર તો પંચ પરમેષ્ઠીમાં તો અનંતને સંભારવામાં આવે છે. ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વ અરિહંતાણં. મૂળ પદ તો એવી રીતે છે, આખું પદ તો એમ છે. પછી ટૂંકાવીને એનું નમો અરિહંતાણં કરી નાખ્યું છે. પણ નમો લોએ ત્રિકાળવર્તી... અંત્ય દીપક છે ને ? એ અંત્ય દીપક છે એટલે બધાને લાગુ પડે. નમો લોએ સવ્વ સાહૂણં. એમાં પણ ત્રિકાળવર્તી શબ્દ ટૂંકાવેલો છે.

અનંતા ભૂતકાળમાં થઈ ગયા. ચોવીશ નહિ, અનંતા ભૂતકાળમાં થઈ ગયા, અનંતા હજી થશે અને વર્તમાનમાં જે અરિહંતો વિહરમાન છે તે બધાને મારા નમસ્કાર છે. એટલો બધો વિનય કર્યો છે. અનંતાનો એક સાથે વિનય કરવામાં આવે છે. પણ સર્વથી ભિન્ન છું ને ? કહ્યા, સર્વથી ભિન્ન છું એ વાત પણ સાચી અને અત્યારે આ ભક્તિનો ભાવ આવે છે એમાં નમસ્કાર અને ઉપકાર ગવાય છે એ વાત પણ સાચી છે. સમજવું કઠણ પડે એવું છે. એનું કારણ આ છે કે પરસ્પર આવી વિરુદ્ધ વાત આવે છે.

'પ્રવચનસાર'ની અંદર એ વિષય ચાલ્યો છે. ૪૭ નયમાં પરસ્પર દ્રવ્યનય અને પર્યાયનય. પુરુષાર્થનય અને અપુરુષાર્થનય, સંસ્કારનય અને અસંસ્કારનય (એવો વિષય ચાલ્યો છે). સ્વભાવદષ્ટિએ જોવામાં આવે તો આત્મા સંસ્કારનયે.. આત્મદ્રવ્યને સંસ્કારનયે જોવામાં આવે તો તે સ્વભાવે કરીને પરના સંસ્કારને અસાર્થક કરનારો છે. એવું દ્રવ્ય છે. કોઈ સંસ્કાર એને ન પડે. એના સ્વભાવમાં જુઓ તો કોઈના સંસ્કાર આવે નહિ. પણ એ જ આત્મદ્રવ્યને અસ્વભાવે જોવામાં આવે, સંસ્કારનયે જોવામાં આવે તો અસ્વભાવે તે પરના સંસ્કારને સાર્થક કરનારું પણ છે. સંસ્કારનયે આ વાત છે. ભગવાનનો, અનંતા તીર્થંકરોનો આ આત્મા ઉપર ઉપકાર છે એ સંસ્કારનયનો વિષય છે. ઠીક ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભજે છે કે નહિ પર્યાયમાં ? ભલે એ અસ્વભાવિક છે, સ્વભાવિક નથી. પણ વિરુદ્ધ વાત આવે ત્યારે જરાક ગડબડ થાય છે.

શું કહે છે ? **'શ્રી ઋષભદેવથી શ્રી મહાવીર પર્યંત વર્તમાન ભરતક્ષેત્રના ચોવીશ તીર્થંકરોના પરમ ઉપકારને વારંવાર સંભારું છું.'** એકવાર નહિ પણ અનેક વાર સંભારું છું એમ કહે છે. હવે છેલ્લા લ્યે છે. **'શ્રીમાન વર્ધમાન જિન વર્તમાન કાળના ચરમ તીર્થંકરદેવની શિક્ષાથી હાલ મોક્ષમાર્ગનું અસ્તિત્વ વર્તે છે એ તેમના ઉપકારને સુવિહિત પુરુષો વારંવાર આશ્ચર્યમય દેખે છે.'** કેટલો ભાવ આવ્યો છે ! શ્રીમાન વર્ધમાન જિન, જે વર્તમાનકાળના ચરમ તીર્થંકરદેવ છે. અને જેમની શિક્ષાથી એટલે ઉપદેશથી અત્યારે હાલમાં મોક્ષમાર્ગનું અસ્તિત્વ વર્તે છે. જુઓ ! શું કીધું ? અત્યારે પણ મોક્ષમાર્ગનું અસ્તિત્વ વર્તે છે. નથી એમ નહિ. કોને ખબર કોને ધર્મ હશે અને કોને ધર્મ નહિ હોય ? પોતે જ છે ને એટલે ખાતરીથી કહે છે. વર્તે છે.

**'એ તેમના ઉપકારને સુવિહિત પુરુષો વારંવાર આશ્ચર્યમય દેખે છે.'** શેના ઉપરથી દેખે છે ? પોતાને જે ધર્મ પ્રગટ થયો તો આશ્ચર્યમયપણે દેખે છે કે અહો..! એમનો ઉપકાર હજી વર્તે છે. ૨૫૦૦ વર્ષ પહેલા ભગવાન 'મહાવીરસ્વામી'એ જે ધર્મ પ્રવર્તાવ્યો એનો પ્રભાવ હજી વર્તે છે. મારા આત્મા ઉપર ઉપકાર છે. આશ્ચર્યકારી વાત છે. ૨૫૦૦-૨૫૦૦ વર્ષથી તો એ સિદ્ધાલયમાં છે અને આ આત્માને ધર્મપ્રાપ્તિનું કારણ પરંપરાએ થાય એવી પરિસ્થિતિ મૂકતા ગયા છે. આશ્ચર્યકારી વાત છે.

મુમુક્ષુ :- મહાવીર જયંતી ઉત્સવ પાયો નખાણો. મહાવીર જયંતીનો ઉત્સવ... ચૈત્ર સુદ-૧૩.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવતીકાલનો જ દિવસ છે.

મુમુક્ષુ :- આજે પાયો નાખ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આજે મહાવીર જયંતીનું ઉદ્‌ઘાટન થયું. એ તો બાપના સંસ્કાર દીકરામાં ન આવે. બાપ ધર્મી હોય અને દીકરો ક્યાંયનો ક્યાંય નીકળે. આ કહે છે, હજી તો એક જ પેઢી. વીસ વર્ષનો આંતરો, પચ્ચીસ વર્ષનો આંતરો (હોય). ૨૫૦૦ વર્ષમાં હજી પણ એ ભગવાન પિતામહ જ કહેવાય ને ? ધર્મપિતા જ કહેવાય. હજી એમનો પ્રભાવ વર્તે છે. આ આત્મા ઉપર હજી એમનો પ્રભાવ વર્તે છે.

મુમુક્ષુ :- ... અમે મહાવીર સ્વામીના નાના શિષ્ય હતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક પત્રમાં આવે છે. અમે મહાવીર સ્વામીના શિષ્ય હતા.

મુમુક્ષુ :- લઘુ શિષ્ય હતા.

પૂજ્ય ભાઈશ્રી :- એ નાના-મોટા ઠીક છે, પણ શિષ્ય હતા એ વાત તો આવે છે. પછી એમ કે લઘુશંકા જેટલા નાના દોષથી પડી ગયા. એ ક્યા કાળમાં હશે ? ક્યા ભવમાં હશે એ બહુ ગણતરીથી આપણાથી નક્કી થાય એવું નથી.

શું કહે છે ? કે '**સુવિહિત પુરુષો...**' એ ઉપકારને સુવિહિત પુરુષો સારી રીતે ધર્મથી જે જાણકાર છે. સુવિહિતનો અર્થ એ થાય છે. હું સારી રીતે જાણું છું, આ વાતને હું સાંગોપાંગ જાણું છું. એટલે એમના ઉપકારને, મોક્ષમાર્ગને સાંગોપાંગ જાણનાર પુરુષો આશ્ચર્યમય દેખે છે. '**કાળના દોષથી અપાર શ્રુતસાગરનો ઘણો ભાગ વિસર્જન થતો ગયો...**' શું થયું ? કાળના દોષથી એટલે હીણા પરિણામવાળા જીવોની બાહુલ્યતા થવાને લીધે. એને કાળનો દોષ કહે છે. શું કહે છે ? કાળ તો એક કાળાણુ છે એ તો અજીવ પદાર્થ છે. કેવો ? જીવરહિત. અને એનું ત્રણે કાળે દ્રવ્યસ્વરૂપ તો એકસરખું જ છે. પણ જે વ્યવહારકાળ છે એના ઉપરથી, એમાં જીવોના અને પુદ્‌ગલોના પરિણામ જોઈને, પુદ્‌ગલો પણ એવા રસકસ વગરના થાય છે. ધર્મના નિમિત્તો પણ ઘટતા જાય છે. મંદિરો તૂટી જાય, મૂર્તિને લોકો લઈ જાય, મૂર્તિની તોડફોડ કરી નાખે, મંદિરોની તોડફોડ કરી નાખે, શાસ્ત્રોને બાળી દ્યે. એ વગેરે. એવા હીણા કાર્યો.

જીવ અને પુદ્ગલના પરિણામમાં ધર્મના વિષયમાં હીન પરિણામ, હીન પર્યાયો જેમાં થાય છે એવા વ્યવહારકાળને કાળદોષ કહેવામાં આવે છે. બોલવાની પદ્ધતિ છે કાળદોષ ખરેખર તો. કાળ એટલે જીવની પર્યાય ખરેખર તો. એમાં દોષ વધે છે. એવા કાળદોષને લઈને. '**અપાર શ્રુતસાગરનો ઘણો ભાગ વિસર્જન થતો ગયો...**' આ જે ચાર અનુયોગ છે એનો મોટો ભાગ વિસર્જન થઈ ગયો. એટલે વિચ્છેદ થઈ ગયો. '**અને બિંદુ માત્ર...**' એમાંથી અત્યારે કેટલો રહ્યો છે ? અત્યારે જે આ બાર અંગ ગણાવે છે એ કેટલો છે ? બિંદુમાત્ર છે. '**બિંદુમાત્ર અથવા અલ્પમાત્ર વર્તમાનમાં વિદ્યમાન છે.**' એ શ્રુતસાગર છે એ તો શ્રુતના સાગરની અપેક્ષાએ એક ટીપું છે. એટલો અલ્પમાત્રામાં અત્યારે રહ્યો છે.

'**ઘણા સ્થળો વિસર્જન થવાથી, ઘણાં સ્થળોમાં સ્થૂળ નિરૂપણ રહ્યું હોવાથી...**' જુઓ ! સૂક્ષ્મ વિષય ચાલ્યો ગયો. ઘણા શ્રુતના સ્થળો એટલે પ્રકરણના પ્રકરણો વિસર્જન થવાથી. રહ્યું એમાંથી કેટલુંક સ્થૂળ, '**ઘણા સ્થળોમાં સ્થૂળ નિરૂપણ રહ્યું હોવાથી નિર્ગ્રંથ ભગવાનના તે શ્રુતનો પૂર્ણ લાભ વર્તમાન મનુષ્યોને આ ક્ષેત્રે પ્રાપ્ત થતો નથી.**' પાછા મહાવિદેહ આદિ ક્ષેત્રે પ્રાપ્ત થાય છે એમ કહેવું છે. આ ક્ષેત્રે પ્રાપ્ત થતો નથી. એ નિર્ગ્રંથ ભગવાન થયા તેમણે જે દિવ્યધ્વનિ દ્વારા પ્રકાશ્યું એનો પૂરેપૂરો લાભ અત્યારના મનુષ્યોને આ ક્ષેત્રે મળે તેવી પરિસ્થિતિ અત્યારે રહી નથી.

એ સિવાય '**ઘણા મતમતાંતરાદિ ઉત્પન્ન થવાનો હેતુ પણ એ જ છે,...**' કે શ્રુત અલ્પ રહ્યું. એટલે આગમના આધારે જે ખુલાસા જોઈએ તે ખુલાસા શ્રુતના આધારે કોઈ મેળવી શકે નહિ. આપણે શું કહીએ, 'ગુરુદેવે' શું કહ્યું ? એમ જોઈએ છીએ ને ? એમાં પાછી તકલીફ થાય છે. એ તો શબ્દો છે. દરેક જગ્યાએ શબ્દ કાંઈ હોય છે એનો અર્થ પાછો કાંઈક હોય છે. વ્યવહારવચનમાં તો એવું જ બને છે. એટલે એમાં પણ મતમતાંતર થાય છે. શબ્દો તો બરાબર છે. પણ એનો એ જ અર્થ છે કે ત્યાં અર્થ આમ પણ થાય છે ? કોઈને કોઈ વાત ઠીક લાગે છે, કોઈને કોઈ વાત ઠીક લાગે છે. એમાં મતમતાંતર ઉત્પન્ન થાય છે.

'**ઘણા મતમતાંતરાદિ ઉત્પન્ન થવાનો હેતુ પણ એ જ છે,...**' કે ભગવાન વિદ્યમાન નથી. બાર અંગના શ્રુતના કહેનારા ભગવાન વિદ્યમાન

નથી. ચારે અનુયોગના કહેનારા વિદ્યમાન નથી. જાણનારા વિદ્યમાન નથી. **'અને તેથી જ નિર્મળ આત્મતત્ત્વના અભ્યાસી મહાત્માઓની અલ્પતા થઈ.'** લ્યો ઠીક ! સમ્યક્ ચારિત્ર અને વિશુદ્ધ આત્મધ્યાન આજે પણ વિદ્યમાન છે એ પરમ હર્ષનું કારણ છે. આટલું નાખ્યું છે. એટલા વર્ષે પ્રત્યક્ષ સત્પુરુષ નહિ મળવા છતાં વિચારણા કેટલી ચોખ્ખી છે ! આ બધી પરિસ્થિતિ આત્માને અનુકૂળ નથી. ધર્મ પામવા માટે વર્તમાનકાળની સંયોગિક પરિસ્થિતિ અનુકૂળ નહિ હોવા છતાં પણ, **'હે આર્યજનો !'** એટલે જેને પામવું છે એવા સરળ પરિણામી જનો !

શું કહ્યું ? આર્યમાં શું છે કે આર્યતા એટલે સરળતા. જેનામાં સરળતા છે એને આર્યતા કહેવામાં આવે છે. સમ્યક્દર્શન આદિ વિદ્યમાન છે, બાર અંગના શ્રુતનું રહસ્ય પણ આજે વિદ્યમાન છે. મોક્ષમાર્ગ. **'એવો જે પરમપદનો પંથ છે,...'** મોક્ષમાર્ગ છે કે જે સઘળા સર્વ શ્રુતનું જે રહસ્ય છે. જે પંથ **'આત્માનુભવના હેતુ,...'** છે. જુઓ ! પંથમાં બીજી વાત નથી. આત્માનુભવનો હેતુ છે. આત્માનો અનુભવ તે પંથ છે. તે મોક્ષ પંથ છે. બાકી બધો જગપંથ છે. અને **'સમ્યક્ચારિત્ર...'** સ્વરૂપાચરણ ચારિત્ર **'વિશુદ્ધ આત્મધ્યાન...'** નિર્મળ આત્મધ્યાન **'આજે પણ વિદ્યમાન છે,...'** પોતાને છે ને ! **'એ પરમ હર્ષનું કારણ છે.'** આટલું આજે પણ વિદ્યમાન રહી ગયું છે તે કોઈપણ પામવાવાળા સર્વ પરિણામી જીવ માટે અતિ અતિ હર્ષનું કારણ છે. આ કાળમાં જન્મવા છતાં એને એ બહુ ઉત્સાહ આવે એવું કારણ છે. અતિ ઉત્સાહ આવે એવું કારણ છે કે આજે પણ મોક્ષમાર્ગ વિદ્યમાન છે. એનું રહસ્ય વિદ્યમાન છે. કોઈપણ જીવ યોગ્યતા કેળવીને પામી શકે એવું છે. પામે છે, પામી રહ્યા છે અને આ એક ઉત્સાહ આવે એવી વાત છે કે આ વસ્તુનો હજી મૂળ ચીજનો, મૂળ રહસ્યનો વિચ્છેદ ગયો નથી.

મુમુક્ષુ :- પંચમઆરાના છેડા સુધી રહેશે.

પૂજ્ય ભાઈશ્રી :- છેડા સુધી રહેવાનો

મુમુક્ષુ :- Positive point લઈ લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ Positive વાત છે. આટલી Negative વાત કર્યા પછી આટલી વાત Positive કરી એ બહુ મહત્ત્વપૂર્ણ કરી છે. અને 'ગુરુદેવે' તો એનો બહુ ઊંડો પાયો નાખ્યો. 'ગુરુદેવે' બહુ ઊંડો પાયો નાખ્યો. એમની વાણી જે Tape માં રહી અને પ્રવચનો જે

પુસ્તકાકારે થશે એ હજારો વર્ષ સુધી ચાલશે. કેમકે હવે અત્યારે એવા સાધનો થઈ ગયા કે એની Copy કરતા વાર લાગે નહિ. ત્રણ Minute માં ૬૦ Minute ના Tape ની Copy થઈ જાય અને એક સાથે દસ-દસ Copy નીકળે એવા સાધનો નીકળ્યા છે. ત્રણ Minute માં દસ Cassette બીજી બહાર પડે. એવી રીતે એવા Printing press થઈ ગયા. હજારો પુસ્તકો છાપવા હોય તો ગણતરીના દિવસોમાં છાપી નખાય. એક કલાકની પાંચ હજાર Copy નીકળે, દસ હજાર Copy નીકળે. એટલા Machine થઈ ગયા. એટલે આ વસ્તુ છે એ પંચમઆરાના છેડા સુધી ચાલશે. હજારો વર્ષ સુધી ચાલશે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'નો કાલે ૫૮મો પરિવર્તન દિન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૫૮મો પરિવર્તન દિન છે.

મુમુક્ષુ :- મહાન ઉપકારનો દિવસ છે.

પૂજ્ય ભાઈશ્રી : અને આમ ભગવાન 'મહાવીર'નો જન્મકલ્યાણક દિવસ છે. કલ્યાણક દિવસ કહેવાય છે. એમનો જન્મ અનેક ભવ્ય જીવોને કલ્યાણમાં નિમિત્ત થયો તેથી તેને કલ્યાણક દિવસ, કલ્યાણ કરનારો દિવસ કહેવામાં આવે છે. દિવસ તો દિવસ છે પણ મહિમા પણ બીજી રીતે કરવામાં આવે છે. આ એક પાત્ર જીવને પોતાનું આત્મહિત કરવાનો ઉમંગ વધી જાય એવી વાત કરી છે. એવી Positive વાત કરી છે.

મુમુક્ષુ :- બેઠો હોય તો ઊભો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા અંદર ઊભો થઈ જાય. સૂતો હોય એ જાગી જાય એવું છે.

**'હે આર્યજનો ! સમ્યક્‌દર્શન, શ્રુતનું રહસ્ય એવો પરમપદનો પંથ, આત્માનુભવના હેતુ,...'** આત્માનુભવ પ્રાપ્ત થાય એવું કારણ અને **'સમ્યક્‌ચારિત્ર અને વિશુદ્ધ આત્મધ્યાન આજે પણ વિદ્યમાન છે,...'** આજે થઈ શકે એવું છે. અત્યારે પણ જીવ પુરુષાર્થ કરે તો પ્રાપ્ત થઈ શકે એમ છે. એ બહુ મોટા હર્ષનું કારણ છે. એ બહુ આનંદની વાત છે, ખુશીની વાત છે.

**'વર્તમાનકાળનું નામ દુષમકાળ છે. તેથી દુઃખે કરીને,'** દુઃખે કરીને એટલે કે **'ઘણા અંતરાયથી,...'** દુઃખે કરીને એટલે ઘણા અંતરાયથી **'પ્રતિકૂળતાથી,...'** કેમકે ધર્મના સાધનો બહારમાં એવા પ્રાપ્ય નથી. **'પ્રતિકૂળતાથી, સાધનનુ દુર્લભપણું હોવાથી, મોક્ષમાર્ગની પ્રાપ્તિ...'**

થવામાં આવી પરિસ્થિતિ છે. '**મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે...**' પણ આ બધી પરિસ્થિતિ વચ્ચે પ્રાપ્તિ થાય છે.

મુમુક્ષુ :- ઘણા અંતરાયથી એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઘણા અંતરાય. જ્ઞાનીનો યોગ ન મળે, યોગ મળે તોપણ સતત યોગ ન રહે. 'સોગાનીજી' સાત-સાત વર્ષ સુધી આવી નહોતા શકતા. આંખમાંથી આંસુ પડતા હતા. સાત-સાત વર્ષ સુધી નહોતા આવી શકતા. કેટલો અંતરાય ! એવો કાળ છે અત્યારે. નહિતર ધર્માત્મા હોય, એને પ્રવૃત્તિ કરવી પડે. 'શ્રીમદ્ રાજચંદ્ર' જુઓ.

મુમુક્ષુ :- આવું વાંચન ચાલતું હોય ત્યાં આડશ નાખવાવાળા હોય ને પાછા. એ અંતરાય કહેવાયને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આપણે વિચારવું એમ છે. ૧૦૦ વર્ષ પહેલા, ૯૫ વર્ષ પહેલા થયા. એમને પ્રવૃત્તિમાં સલવાવું પડ્યું. એટલો અંદરમાંથી વૈરાગ્ય હતો. છૂટવું... છૂટવું... છૂટવું... પ્રવૃત્તિમાંથી પણ છૂટાતું નહોતું. નહિતર આવા ધર્માત્મા હોય એને તો નિવૃત્તિ જ હોય. અરે..! આત્માર્થીને નિવૃત્તિ હોય. ધર્માત્માને તો નિવૃત્તિ હોય જ. આત્માર્થી હોય એ પણ નિવૃત્તિ લઈ લે. એના માટે ધર્માત્માને નિવૃત્તિ ન મળે એવો કાળ છે.

એવા ઘણા અંતરાયથી '**મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે; પણ વર્તમાનમાં મોક્ષમાર્ગનો વિચ્છેદ છે, એમ ચિંતવવું જોઈતું નથી.**' પણ અત્યારે છે, થઈ શકે છે ને આ બહુ મોટી વાત છે. ભલે અંતરાય હોય, એના સાધનો અલ્પ હોય કે દુર્લભ હોય, ભલે પરિશ્રમ વિશેષ પડે તોપણ પ્રાપ્તિ તો થાય છે ને ? બસ ! આ મોટી વાત છે. માટે '**મોક્ષમાર્ગનો વિચ્છેદ છે, એમ ચિંતવવું જોઈતું નથી.**' અત્યારે છે એ ચિંતવવું મુખ્યપણે. અત્યારે પ્રાપ્ત થાય છે એની મુખ્યતા કરવી. બાકી બધું ગૌણ છે. કેમકે એ તો અનિવાર્ય પરિસ્થિતિ છે. જે વર્તમાન દુષમકાળની પરિસ્થિતિ છે એ તો અનિવાર્ય પરિસ્થિતિ છે. અને એ પરિસ્થિતિની વચમાં રહીને પણ પોતે કરવા ધારે તો થાય તેવું છે. થાય તેવું છે એ મોટી વાત છે.

મુમુક્ષુ :- બીજા કામોની...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમકે જરૂરત છે. જરૂર હોય તો કર્યા વગર રહે નહિ. આનો પ્રયત્ન છોડી દે છે એનો અર્થ શું છે કે એને જરૂરત નથી. જેની જરૂરત છે એની પાછળ તો લાગ્યો જ રહેવાનો છે. સીધે સીધી વાત

છે. જીવના સ્વભાવમાં એવી વાત છે. સ્વભાવ છોડીને ક્યાં જાય જીવ ? જેની જરૂરત છે એ તો કર્યા જ કરે છે. જેની જરૂરત નહિ લાગે એ છૂટી જશે. મોક્ષમાર્ગનો પ્રયત્ન છોડી દે તો એનો અર્થ કે આ જીવને એની જરૂરત હવે લાગતી નથી. જાવ. આજે નવરો કયો જીવ રહે છે બતાવો જોઈ ? કયો જીવ નવરો છે પુરુષાર્થ વગરનો ? દેખાડો જોઈ. જેની જરૂર છે એની પાછળ લાગેલો છે, આ સીધી વાત છે.

'**પંચમકાળમાં થયેલા મહર્ષિઓએ પણ એમ જ કહ્યું છે. તે પ્રમાણે પણ અત્રે કહું છું.**' પાંચમા કાળમાં થયેલા મહાન ઋષિઓએ, યોગીઓએ, આચાર્યોએ જે વાત કરી છે એ પણ એમણે આ જ વાત કરી છે. તે પ્રમાણે હું અહીંયાં કહું છું. '**સૂત્ર અને બીજાં પ્રાચીન આચાર્યે તદનુસાર રચેલાં ઘણા શાસ્ત્રો વિદ્યમાન છે.**' મૂળ સૂત્રો કેટલાક વિદ્યમાન છે અને તે જ અનુસાર બીજા પુરાણ આચાર્યોએ રચેલા કેટલાક શાસ્ત્રો છે, ઘણા શાસ્ત્રો છે એ પણ આજે વિદ્યમાન છે. '**સુવિહિત પુરુષોએ તો હિતકારી મતિથી જ રચ્યાં છે.**' જે શાસ્ત્રોની રચના થઈ છે એ સ્વપર કલ્યાણક પ્રવૃત્તિ થઈ છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' ટીકા કરી તો કહે, મારી કલ્માશિત પરિણતિની વિશુદ્ધિ થવા અર્થે હું (આ ટીકા કરું છું). અનાદિથી જે મારી કલ્માશિત પરિણતિ છે એની વિશુદ્ધિ અર્થે હું ટીકા કરું છું. ટીકા કરવામાં પણ મારું આત્મકલ્યાણ છે અને એ ટીકા વાંચનારને પણ આત્મકલ્યાણની પ્રાપ્તિ થશે. એટલે '**સુવિહિત પુરુષોએ તો...**' સુવિહિત એટલે સારી રીતે આ વિષયના જાણકાર છે. આપણે જેને દક્ષ કહીએ છીએ, કાબેલ કહીએ છીએ, Expert કહીએ છીએ. ગુજરાતી સાહિત્યમાં (એને સુવિહિત કહે છે). સંસ્કૃતમાં પણ એ લે છે. સંસ્કૃત ઉપરથી ઉતરેલો શબ્દ છે.

'**સુવિહિત પુરુષોએ તો હિતકારી મતિથી જ રચ્યાં છે.**' સ્વપરના હિતની બુદ્ધિએ તેની રચના કરી છે. એ સિવાય બીજો કોઈ એમાં, આત્મહિત સિવાય બીજો હેતુ એની રચનામાં છે નહિ. '**કોઈ મતવાદી, હઠવાદી...**' હઠવાદી એટલે પોતે નક્કી કરેલું છોડી શકે નહિ. '**કોઈ મતવાદી, હઠવાદી અને શિથિલતાના પોષક પુરુષોએ રચેલાં કોઈ પુસ્તકો સૂત્રથી અથવા જિનાચારથી મળતાં ન આવતાં હોય અને પ્રયોજનની મર્યાદાથી બાહ્ય હોય,...**' જુઓ ! કેટલી વાત લીધી ?

જેની મતિ ભ્રષ્ટ થઈ એ મતવાદી થયા, પોતાના આગ્રહને ન છોડી શકે એવા હઠવાદી થયા અને શિથિલતાચાર પોતે પણ કરતા હોવાથી એનું પોષક કરનારા એ આચરણને પોષનારા થયા. તેવા પુરુષોએ રચેલા કોઈ પુસ્તકો હોય તે સૂત્રથી મળતા ન આવતા હોય. સૂત્રથી અન્યથા અથવા વિરુદ્ધ જતા હોય '**જિનાચારથી મળતાં ન આવતા હોય...**' જિનોક્ત આચરણથી મેળ ખાતા ન હોય અને '**પ્રયોજનની મર્યાદાથી બાહ્ય હોય.**' આત્મહિતના પ્રયોજનનું ઉલ્લંઘન કરતા હોય, પ્રયોજનની એમાં હાનિ થતી હોય.

'**તે પુસ્તકોના ઉદાહરણથી પ્રાચીન સુવિહિત આચાર્યોનાં વચનોને ઉત્થાપવાનું પ્રયત્ન ભવભીરુ મહાત્માઓ કરતા નથી;...**' શું કહે છે ? એવા પણ પુસ્તકો થઈ ગયા એમ કહે છે કે જેની અંદર શિથિલાચાર (કહીને), જિનોક્ત આચારને ઉડાવ્યો, પ્રયોજનની વિરુદ્ધતા થઈ. અને પોતાનો મતાગ્રહ પોષવા માટે જે રચાયેલા, આત્મહિત માટે નથી રચાયેલા એ પોતાનો મતાગ્રહ પોષવા માટે જે થાય એવા પુસ્તકોનો દાખલો લઈને પ્રાચીન આચાર્યોના વચનોનું ઉત્થાપન જે ભવભીરુ છે તે કરતા નથી. અથવા કરે છે તે ભવભીરુ નથી એમ કહે છે.

શું કહે છે ? પ્રાચીન આચાર્યોએ તીર્થંકર ભગવંતોથી પરંપરાએ જે મોક્ષમાર્ગની જાળવણી થઈ એને જાળવવા અર્થે, સ્વપર હિતાર્થે પુસ્તકો રચ્યા, શાસ્ત્રો રચ્યા. એ સિદ્ધાંતને ઉથલાવવો એ ભવભીરુપણું ન હોય તો થાય. ભવભીરુ તો એ કામ ન કરે. કેમકે એનાથી ભવભ્રમણ વધી જાય છે. સિદ્ધાંત વિરુદ્ધતા કરવાથી ભવભ્રમણ વધી જાય છે. સિદ્ધાંત વિરુદ્ધ કરવો, કોઈ કરતા હોય એની પાસે કરાવવો, કોઈ કરતા હોય એને અનુમોદન કરવું ત્રણેનું ફળ એક જ છે. તો એને ભવભ્રમણ વધી જાય છે. માટે જેને ભવભ્રમણનો ભય છે એવા મહાત્માઓ તો તે વચનોને ઉત્થાપવાનો કદિ પણ પ્રયત્ન કરતા નથી.

'**પણ તેથી ઉપકાર થાય છે, એમ જાણી...**' એ પ્રાચીન ગ્રંથો આચાર્યોના વચનોથી ઉપકાર થાય છે એમ જાણી '**તેનું બહુમાન કરતા છતાં યથાયોગ્ય સદુપયોગ કરે છે.**' એનું બહુમાન પણ કરે છે, એનો સદુપયોગ પણ કરે છે, ઉત્થાપવાનું તો બિલકુલ કરતા નથી. ઉપકારી જાણીને બહુમાન કરે છે, સદુપયોગ કરે છે પણ એનું ઉત્થાપન કરતા નથી. 'આનંદઘનજી'એ લીધું છે, 'પાપ નહિ ઉત્સૂત્ર પ્રરૂપણ સરીખો.' ઉત્સૂત્ર પ્રરૂપણ સરખું કોઈ પાપ જગતમાં નથી. મોટામાં મોટુ પાપ એ છે.

એટલા માટે તો એની પરંપરા ચાલે છે. જે પુસ્તકોમાં સિદ્ધાંત વિરુદ્ધતા થઈ એની જે પરંપરા ચાલે છે એમાં બીજા પણ હજારો જીવોને, અનેક જીવોને ભવભ્રમણ વૃદ્ધિનું એ કારણ થઈ જાય છે.

આટલું કીધા પછી એ દિગંબર શ્વેતાંબરની વાત કરે છે. આટલું સ્થાપ્યા પછી. આમાં બધું તાત્ત્વિક દૃષ્ટિએ ચોખ્ખું લીધું છે. અર્થ બધો નીકળી જાય છે એમાંથી. '**દિગંબર અને શ્વેતાંબર એવા બે ભેદ જિનદર્શનમાં મુખ્ય છે.**' અત્યારે. અત્યારે, હોં ! આ કાળમાં '**દિગંબર અને શ્વેતાંબર એવા બે ભેદ જિનદર્શનમાં મુખ્ય છે.**' જિનદર્શન એક છે પણ ભેદ બે થઈ ગયા છે એમ કહે છે. '**મતદૃષ્ટિથી તેમાં મોટો અંતર જોવામાં આવે છે.**' બંનેના મત છે એમાં ઘણો ફેર છે. મોટો ફેરફાર છે. અભિપ્રાયની દૃષ્ટિએ જુઓ તો એમાં (ઘણો ફેર છે). મત એટલે અભિપ્રાય. અભિપ્રાયની દૃષ્ટિએ એમાં ઘણો ફેર છે. તાત્ત્વિક દૃષ્ટિએ એમાં ઘણો ફેર જોવામાં આવે છે. હવે તત્ત્વ દૃષ્ટિથી એટલે ઊંડી '**તત્ત્વદૃષ્ટિથી તેવો વિશેષ ભેદ જિનદર્શનમાં મુખ્યપણે પરોક્ષ છે;...**'

મુમુક્ષુ :- પરોક્ષ લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પરોક્ષ કીધું. એમાં એનું શું કારણ છે ? કે પ્રત્યક્ષ કેવી રીતે કરી દે એને ? જેટલી અમુક વાતો છે એને પ્રત્યક્ષ કેવી રીતે કરે ?

મુમુક્ષુ :- તત્ત્વદૃષ્ટિથી ભિન્ન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. '**તત્ત્વદૃષ્ટિથી તેવો વિશેષ ભેદ...**' વિશેષ ભેદ, હોં ! સામાન્ય ભેદ તો પ્રત્યક્ષ છે. પણ વિશેષ ભેદ. એટલે જે તત્ત્વદૃષ્ટિનું ઊંડાણ છે... એમાં શું થયું છે કે એની અંદર પણ નયની પ્રરૂપણા લીધી છે. નયનો વિષય. અથવા જે કેટલીક મૂળ વસ્તુ છે એ જેટલી સ્મરણમાં રહી ગઈ એ બધી એમણે નાખી છે. એટલે આમાં ગોતવું હોય તો મુશ્કેલ પડે એવું છે. બહુભાગને એ મુશ્કેલી પડી છે. અત્યારે તો બહારમાં વિપરીતતા ઘણી વધી ગઈ. પણ જ્યારે એ મત શરૂ થયો ત્યારે તો બહારમાં એ ગોતી ન શકાય એવી રીતે હતું. અત્યારે તો અધ્યાત્મનું પ્રકરણ જ ચાલી ગયું છે. ઠામુકુ બંધ થઈ ગયું છે. તત્ત્વદૃષ્ટિ સાવ અત્યારે તો બંધ થઈ ગઈ છે. એમણે તો બધા શાસ્ત્રો પાછા જોયા છે ને ?

'**જે પ્રત્યક્ષ કાર્યભૂત થઈ શકે તેવા છે, તેમાં તેવો ભેદ નથી;...**' એટલે મુખ્ય મુખ્ય મુદ્દાઓને લઈએ તો એમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન,

સમ્યક્ચારિત્ર એ બધી વાતો શાસ્ત્રની અંદર કેટલીક વાતો રહી ગઈ છે. **'માટે બન્ને સંપ્રદાયમાં ઉત્પન્ન થતા ગુણવાન પુરુષો સમ્યગ્દષ્ટિથી જુએ છે;...'** અથવા જે ગુણવાન પુરુષ છે એ Positive side જોવે છે એમ કહે છે. કહેવાનો મતલબ એટલો છે. ગુણવાન કેમ લીધા ત્યાં ? કે ગુણગ્રાહી છે. એ ગુણને લે છે. જેમકે અન્યમતમાં કોઈ પાત્રજીવ છે, માર્ગાનુસારી જીવ છે. તો અન્યમતમાં વિપર્યાસ તો ઊભો જ છે પણ એ ગૌણ કરી નાખશે. શું કરી નાખશે ? અન્યમતમાં છે અને આવી વાત કરે છે ! તો એ વાતની મુખ્યતા કરશે. તો એનો ગુણો પકડ્યો છે ત્યાંથી. બાકી બધી વાત છે એ ગડબડવાળી છે. ઈશ્વરકર્તાપણામાં પડ્યા હોય છે. છતાં કોઈ આત્મતત્ત્વની અભ્યંતરની વાત કોઈ સૈદ્ધાંતિક રીતે અધ્યાત્મ તત્ત્વ સાથે મેળ ખાતી હોય અને એની પાત્રતા જોતા હોય તો એને મુખ્ય કરે અને બાકીનું બધું ગૌણ કરે. એવી રીતે ગુણવાન પુરુષો જોવે છે એમ કહેવું છે. એક જોવાની દૃષ્ટિ છે આખી.

જેમકે મુમુક્ષુઓ માટે એક વિચારણીય મુદ્દો એવો છે કે સામાન્ય રીતે કોઈપણ મુમુક્ષુ હોય તોપણ એમાં ગુણ અને દોષ બન્ને હોય છે. જો દોષની મુખ્યતા કરવામાં આવે તો દ્વેષ વધશે. દોષને ગૌણ કરીને એના ગુણની મુખ્યતા કરવામાં આવે તો અરસપરસનો ક્લેશ છે એ શાંત થઈ જશે. પરસ્પર ક્લેશ ક્યારે થાય ? દોષ અને ગુણ બે હોય છે. કોઈ માણસ એકલો દોષથી ભરેલો હોય એવું સંભવિત નથી. કોઈ મુમુક્ષુ એકલો ગુણથી ભરેલો હોય એ પણ સંભવિત નથી. જો દોષને મુખ્ય કરે તો ક્લેશ (થાય). ગુણને મુખ્ય કરીને એના દોષને ગૌણ કરે તો આપસની અંદર ક્લેશ શાંત થાય.

હવે ગુણવાન દૃષ્ટિ છે એ ગુણને મુખ્ય કરવાની છે. દોષ જોવે છતાં દોષને ગૌણ કરવાની છે. આમ છે. તે સાચી દૃષ્ટિ છે. એટલે અહીંયાં સમ્યગ્દષ્ટિપણું નાખ્યું. સમ્યગ્દષ્ટિથી જોવે છે તો આત્મદૃષ્ટિની અહીંયાં વાત નથી. સમ્યગ્દષ્ટિથી એટલે આવી સરળ અને સાચી દૃષ્ટિથી જોવે છે અને આ દૃષ્ટિ તે બરાબર છે એમ કહેવું છે.

**'અને જેમ તત્ત્વપ્રતીતિનો અંતરાય ઓછો થાય તેમ પ્રવર્તે છે.'** અને બધા જીવોને તત્ત્વની પ્રતીતિ થાય એવો પ્રયત્ન કરે છે. તત્ત્વની પ્રતીતિ વધે એવો પ્રયત્ન કરે છે. તત્ત્વની પ્રાપ્તિ વધે એવો પ્રયત્ન કરે છે, ઘટે એવો પ્રયત્ન કરતા નથી. **'જૈનાભાસથી પ્રવર્તેલાં મતમતાંતરો**

**બીજાં ઘણા છે,...**' તે સિવાય, દિગંબર શ્વેતાંબર સિવાય પણ જૈનના આભાસથી પ્રવર્તેલા મતાંતરો ઘણા છે. મત મતાંતરો પણ બીજા ઘણા છે. '**તેનું સ્વરૂપ નિરૂપણ કરતાં પણ વૃત્તિ સંકોચાય છે.**' કેમકે એના દોષની વાત કરવી છે ને ?

મુમુક્ષુ :- જૈનાભાસ એટલે જૈનમાં પણ એવા બીજા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજા પણ છે. જૈનના આભાસી એવા પણ બીજા સંપ્રદાયો છે કે જેની વાત કરતા અમને ક્ષોભ થાય છે. કોઈના દોષની શું વાત કરવી ? કોઈની વિપરીતતાની શું વાત કરવી અમારે ? અમારી વૃત્તિ સંકોચાય જાય છે. એ વાત કરતા પણ અમારી વૃત્તિ સંકોચાય જાય છે. જુઓ ! કેવો પ્રકાર લીધો છે ! ખ્યાલમાં છે પણ મુખ્ય કરતા નથી.

મુમુક્ષુ :- બધા પ્રશ્નો આ બહુ મીઠાશથી હલ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમની પદ્ધતિ એવી છે.

મુમુક્ષુ :- એકલી મીઠાશ-મીઠાશ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મૃદુતા ઘણી છે. મીઠાશ અને મૃદુતા ઘણી છે.

'**જેમાં મૂળ પ્રયોજનનું ભાન નથી, એટલું જ નહીં પણ મૂળ પ્રયોજનથી વિરુદ્ધ એવી પદ્ધતિનું અવલંબન વર્તે છે; તેને મુનિપણાનું સ્વપ્ન પણ ક્યાંથી** ?' જેને આત્મપ્રાપ્તિ, મૂળ પ્રયોજન જે છે એની વિરુદ્ધતાની પદ્ધતિનું અવલંબન વર્તે છે, એનો આધાર લઈને ચાલે છે અને જેમાં મૂળ પ્રયોજનનું ભાન નથી, એને મુનિપણું તો ન હોય પણ મુનિપણું કેવું હોય એનું સ્વપ્ન પણ એને ન હોય. એનું અનુમાન પણ ત્યાં ન પહોંચે કે મુનિપણું કેવું હોય, ભાવલિંગી દશા કેવી હોય ? એને એ સ્વપ્નું પણ હોઈ શકે નહિ.

'**કેમકે મૂળ પ્રયોજનને વિસારી ક્લેશમાં પડ્યા છે;...**' એ તો મૂળ પ્રયોજનને મૂક્યું પડતું અને અંદરોઅંદરની લડાઈમાં પડ્યા છે. '**અને જીવોને, પોતાની પૂજ્યતાદિને અર્થે, પરમાર્થમાર્ગના અંતરાયક છે.**' બીજા જીવોને પોતાની પૂજ્યતા વધારવાની પ્રવૃત્તિ કરતા હોવાથી સાચા માર્ગમાં જતા એને રોકે છે, અંતરાય કરે છે. એ અંતરાયના કરનારા છે. પરમાર્થમાર્ગને તો એ અંતરાય કરનારા છે. તોપણ એટલું તો કહી દીધું. વૃત્તિ સંકોચાય છે તોપણ આટલું તો કહી દીધું છે.

'**તે મુનિનું લિંગ પણ ધરાવતા નથી,...**' મુનિનું બાહ્ય ચિહ્ન છે એ પણ એમને નથી. '**કેમકે સ્વકપોલરચનાથી તેમની સર્વ પ્રવૃત્તિ છે.**' જે

પ્રવૃત્તિ છે એમાં કલ્પિતપણું ઘણું કરી નાખ્યું છે. '**જિનાગમ અથવા આચાર્યની પરંપરાનું નામ માત્ર તેમની પાસે છે,...**' અમારા પુસ્તકો પણ જિનાગમ છે, અમારા આચાર્યો પણ ભગવાનના શિષ્યો હતા. એમ. '**વસ્તુત્વે તો તે તેથી પરાઙ્મુખ જ છે.**' પણ વસ્તુદૃષ્ટિએદ વાસ્તવિકપણે જોઈએ તો તે પરાઙ્મુખ છે.

મુમુક્ષુ :- સ્વકપોલ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વકપોલકલ્પનાથી એટલે પોતાને.. કપાળમાં એટલે બુદ્ધિમાં કલ્પના થઈ એ પ્રમાણે શાસ્ત્રો રચ્યા છે. કપોળકલ્પના નથી કહેતા આપણે ? કપોલ એટલે કપાળ. મગજ અહીંયાં છે ને ? એવું ...

'**એક તૂમડા જેવી, દોરા જેવી અલ્પમાં અલ્પ વસ્તુના ગ્રહણત્યાગના આગ્રહથી જુદો માર્ગ ઉપજાવી કાઢી વર્તે છે,...**' દોરો આ બાંધે છે ને ? મુહપતિનો દોરો બાંધે છે. એવી એક બહુ ક્ષુલ્લક વાતને, મુખ્ય કરીને, એનો આગ્રહ કરીને જુદો માર્ગ ઉપજાવ્યો છે. '**એવા મહામોહમૂઢ જીવ લિંગાભાસપણે પણ આજે વીતરાગના દર્શનને ઘેરી બેઠા છે, એ જ અસંયતિ પૂજા નામનું આશ્ચર્ય લાગે છે.**' એને સંયમ તો હોય જ ક્યાંથી ? કહે છે. હજી તો પરદ્રવ્યનો આટલો આગ્રહ છે, વેશનો આટલો આગ્રહ છે, પરમાર્થ સંયમ બે દ્રવ્યની ભિન્નતા જાણતા નથી. એટલે મિથ્યાદૃષ્ટિ તો અસંયતી ગણાય છે. એની પણ પૂજા થાય છે. આ જગતમાં એની પણ પૂજા થાય છે. એ અસંયતી પૂજા નામનું આશ્ચર્ય છે.

'**મહાત્મા પુરુષોની અલ્પ પણ પ્રવૃત્તિ સ્વપરને મોક્ષમાર્ગને સન્મુખ કરવાની છે.**' મહાત્મા પુરુષો તો પોતે અને બીજાને પણ મોક્ષમાર્ગમાં વાળે છે. '**લિંગાભાસી જીવો મોક્ષમાર્ગથી પરાઙ્મુખ કરવામાં પોતાનું બળ પ્રવર્તતું જાણી હર્ષાયમાન થાય છે,...**' જુઓ ! આપણે એને ત્યાં જતા અટકાવ્યા, જુઓ ! આપણે એને પચ્ચખાણ આપી દીધા કે ત્યાં જવાને... રાજી થાય છે. '**અને તે સર્વ કર્મપ્રકૃતિના વધતા અનુભાગ અને સ્થિતિબંધનું સ્થાનક છે એમ હું જાણું છું.**' એ એવા આકરા કર્મ બાંધે છે. સર્વ પ્રકૃતિમાં એના અનુભાગ અને સ્થિતિ ગજબની બાંધે છે. એને જાણું છું. તીવ્ર બંધને કરનારા એ જીવો છે.

મુમુક્ષુ :- બધું વાંચીને આ કડક શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે. અહીં સુધી રાખીએ...

## તા. ૧૫-૪-૧૯૯૨, પત્રાંક-૭૫૭ થી ૭૫૯
## પ્રવચન નં. ૩૬૦

આજે ભગવાન 'મહાવીર'નો ૨૫૯૦મો જન્મ દિવસ છે. લગભગ ૨૬૦૦ વર્ષ થવા આવશે. અત્યારે મૂળ માર્ગ જે પ્રવર્તી રહ્યો છે એ તેઓશ્રીના સમયમાં જે વ્યાપક પ્રમાણમાં ધર્મપ્રચાર થયો (તેને કારણે છે). લાખો કરોડો જીવો સમવસરણમાં આવીને ધર્મ શ્રવણ કરતા. ધર્મ સભામાં સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાનનો ધર્મોપદેશ ચાલતો. અને અનેક અનેક જીવોને સત્ ધર્મની પ્રાપ્તિ થતી. અનેક જીવો જે ધર્મ પામ્યા હોય એ મુનિદશાની પ્રાપ્તિ કરતા. એ જ વાણીના યોગથી અનેક જીવો કેવળજ્ઞાનની પણ પ્રાપ્તિ કરતા. એટલા મોટા વ્યાપક પ્રમાણમાં ધર્મપ્રચાર થયેલો અને દરેક તીર્થંકરના સમયમાં બહુ વ્યાપક પ્રમાણમાં ધર્મપ્રચાર થાય છે કે જેને લઈને એની પરંપરા હજારો વર્ષ સુધી પાછી ચાલુ રહે છે.

અત્યારે આપણે ભગવાન 'મહાવીરસ્વામી'ના જિનશાસનમાં પરંપરાએ જે ધર્મ ચાલુ રહ્યો એમાં અત્યારે ધર્મ સાધના કરી શકીએ છીએ તે તેઓશ્રીનો ઉપકાર છે. એ ઉપકાર કેવો અને કેવડો છે એનું કોઈ માપ થઈ શકે એવું નથી. એક જીવને અનંત સંસારનો નાશ થાય તો એક જીવ ઉપર અનંતો ઉપકાર થાય. આ તો અનેક અનેક જીવોને એવો અનંતો ઉપકાર થયો છે. એવું છેલ્લા પરમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી'નું અત્યારે આ શાસન પ્રવર્તે છે.

એમના મુખ્ય'ગણધર જે 'ગૌતમસ્વામી' આદિ ગણધરો હતા, ૧૧ ગણધરો છે, એમણે એ દિવ્યધ્વનિ સાંભળીને બાર અંગની રચના કરી. અંતર્મુહૂર્તમાં શ્રુતજ્ઞાનની લબ્ધિથી બાર અંગની રચના થાય છે. એમને લખવા બેસવું પડે કે બોલવા બેસવું પડે એવું નથી. અને ત્યાર પછી તે જ બાર અંગની પરંપરામાં જે કાંઈ અત્યારે શ્રુત રહ્યું છે તે બહુ અલ્પ માત્રામાં રહ્યું હોવા છતાં કોઈ પણ આત્મા પોતાના સંસારનો અંત લાવી શકે એવું મૂળ પ્રયોજનભૂત અને મૂળમાર્ગનું રહસ્ય અત્યારે પણ વિદ્યમાન રહ્યું છે. અને તેથી કોઈપણ જીવ કૃતનિશ્ચય કરે, નિર્ધાર કરે કે મારે મારું

આત્મકલ્યાણ કરવું જ છે, કર્યા વિના રહેવું નથી. તો એ અવશ્ય આત્મકલ્યાણને-આત્મશ્રેયને પામી શકે છે. અત્યારે પણ પામે છે, હજી પણ પામશે એવી પરિસ્થિતિ રહી છે.

એ શ્રુત આચાર્યોની પરંપરાથી, મુનિઓની પરંપરાથી અને જ્ઞાનીઓની પરંપરાથી આજે ચાલ્યું આવે છે. વર્તમાનમાં આ જિનશાસનનો વિશેષ મૂળ માર્ગનો પ્રકાશ થવામાં પૂજ્ય 'ગુરુદેવશ્રી'નો પણ ઉદય થયો. આજથી ૫૮ વર્ષ પહેલા આજ ચૈત્ર સુદ ૧૩ એમણે પરિવર્તન કર્યું. કોઈ કર્મયોગે સ્થાનકવાસી સંપ્રદાયમાં આ ભવમાં તેમના શરીરનો જન્મ થયો. આત્મા તો જન્મ પામતો નથી. આત્મકલ્યાણના અંતરથી ઈચ્છુક એવા જીવને ગમે તે ક્ષેત્રમાં, ગમે તે સંપ્રદાયમાં પૂર્વ કર્મ અનુસાર ઉત્પન્ન થવાનું બને કે રહેવાનું બને પણ કુદરત એને સત્ય પાસે લઈ જાય છે. જેને સત્ય જોઈએ છે, કુદરત એને સત્ય પાસે લઈ જાય છે. એમણે સ્થાનકવાસીમાં રહેલા શાસ્ત્રો અને શ્વેતાંબર દેરાવાસીમાં રહેલા શાસ્ત્રો અને દિગંબર સંપ્રદાયમાં જે શાસ્ત્રો છે, એ બધા શાસ્ત્રોનું સારી રીતે અધ્યયન કર્યું. 'સમયસાર' આદિ શાસ્ત્ર હાથમાં આવતાં એમને શુદ્ધ આત્માની અનુભૂતિ પ્રગટ થઈ. પોતાના પરમ સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ થયો અને એ દ્વારા એમણે મૂળ માર્ગને પામીને મૂળ માર્ગનો પ્રકાશ કર્યો.

... માં 'સોનગઢ'માં સ્થાયી સ્થિરતા કરી. અને ૪૫ વર્ષ સુધી ૧૯૩૬. ૩૬ ને ૯, ૪૫ વર્ષ સુધી મૂળ માર્ગનો ઉપદેશ કર્યો. હજારો જીવો એમના સંપર્કમાં આવ્યા, હજારો જીવો એ વાત સમજતા થયા અને પામવાનો પ્રયત્ન કરતા થયા. એ બધો ઉપકાર મૂળમાં ભગવાન 'મહાવીરસ્વામી'નો છે અને વર્તમાનમાં વિશેષે કરીને આપણે સહુ એકત્ર થયા છીએ જેમના નિમિત્તે, એ ઉપકાર 'ગુરુદેવશ્રી કાનજીસ્વામી'નો છે.

આજનો દિવસ બંને રીતે મહાન દિવસ છે, મોટો દિવસ છે. મોટો દિવસ છે એટલે વિશેષ ભાવના ભાવવાનો દિવસ છે. બહારમાં જે કાંઈ પૂજા-ભક્તિ આદિ સમૂહપણે થાય કે એકલા થાય પણ વિશેષપણે પોતાના સ્વરૂપપ્રાપ્તિની ભાવના ભાવવાનો મુમુક્ષુ માટેનો ખાસ દિવસ ગણીને એ પ્રકારે પ્રવર્તવું જોઈએ. એ વાત થઈ પોતાના સ્વરૂપની પ્રાપ્તિની અથવા આત્મકલ્યાણની. પણ ભગવાનનો માર્ગ તો સ્વપર હિતકારક છે. પોતાનું પણ એ હિત કરતા ગયા અને બીજાને હિતમાં પણ એ નિમિત્ત

બન્યા. એ રીતે જે સામૂહિક પ્રવૃત્તિ છે એ સ્વપર હિતકારક હેતુથી કરવામાં આવે છે. આત્મકલ્યાણનો એમાં મુખ્ય હેતુ છે. અને બીજાને પણ આત્મકલ્યાણ થાય એવા પ્રકારે વર્તવું એ પણ એની અંદર એક હેતુ સમાયેલો છે અને એની વિશાળતા ઘણી છે. એની વિશાળતાને વિચારતા તીર્થંકરદેવ સ્વયં જ એના સૌથી મોટા ઉદાહરણ સ્વરૂપ છે. મુખ્ય એના ૧૪૮ ભેદ છે. એમાં બે ભેદ છે-શુભ અને અશુભના. એમાં શુભ પ્રકૃતિમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિ તીર્થંકર પ્રકૃતિની છે. એથી કોઈ ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિ નથી. એ તીર્થંકર પ્રકૃતિનો અનુબંધ કયા ભાવથી થયો ? કે જગતના સર્વ જીવો આવા આત્મધર્મને પામો, વીતરાગ ધર્મને પામો, આત્માની સુખ-શાંતિના ધર્મને પામો, આત્માના આનંદને પામો. એવી ભાવનામાં-એવા વિકલ્પમાં તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય છે.

મુમુક્ષુ :- તીર્થંકર પ્રકૃતિનો બંધ...

પૂજ્ય ભાઈશ્રી : હા. બંધ થાય છે, બંધ જ થાય છે. કર્મનો તો બંધ થાય છે. શુભભાવથી કર્મનો તો બંધ થાય છે. વાત તો ત્યાં લઈ જવી છે કે એ શુભભાવ આપણે જ્યારે તીર્થંકર ભગવાનના જન્મ દિવસે-જન્મ કલ્યાણક દિવસે એમના ચરિત્રને જોઈએ છીએ, અંતરંગને જોઈએ છીએ ત્યારે અંતર ચરિત્રમાં તો એકાંતે સ્વરૂપલીનતામાં જે આત્મસાધના થાય છે કે જેનું ફળ નિર્વાણપદ છે અને એ જ સાધનાને એ વાણી દ્વારા પ્રકાશે છે. વીતરાગ થયા પછી પણ એ પુણ્યોદય દિવ્યધ્વનિરૂપે પ્રકાશિત થઈને અનેક અનેક જીવોને આત્મસાધનામાં નિમિત્તભૂત થાય છે. એનો અર્થ એ થયો કે કેટલી વિશાળ એ ભાવના હતી ! કોઈ જીવને એ ભાવનામાં એમણે બાકાત રાખ્યા નહોતા. જો કોઈ જીવને બાકાત રાખ્યા નહોતા તો પછી કોઈ જીવને બાકાત ન રાખવા જોઈએ તેવો બોધ તો સ્વયં એમના જીવન ચરિત્રથી મળે છે.

'સર્વાત્મમાં સમદૃષ્ટિ ઘો આ વચનને હૃદયે લખો.' એ જે 'બહુ પુણ્ય કેરા પુંજ'માં વાત લીધી છે, એ જગ્યાએ બધા જીવો ઉપર દૃષ્ટિપાત કરતા ક્યાંય પણ કોઈના પ્રત્યેનો નિષેધ કર્તવ્ય નથી એ વાત એમાં આવી જાય છે. એનો અર્થ સાથે મળવું, સમૂહપણે મળીને સાધનામાં આગળ વધવાનો પ્રયત્ન કરવો. આમ તો દરેક વ્યક્તિગત રીતે ભિન્ન આત્મા હોવાથી સ્વયં કરે છે. પણ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો જે પ્રકાર ઉત્પન્ન થાય છે તે પણ જે-તે ભૂમિકામાં એનું મહત્ત્વ છે. એ મહત્ત્વ સ્વીકારવું રહે છે.

એ આજના દિવસ સંબંધી.

મુમુક્ષુ :- બાર અંગની રચના થાય ત્યારે ગણધરદેવનો વિકલ્પ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બાર અંગની રચનાનો વિકલ્પ આવે, અંદરમાં એમને શ્રુતની લબ્ધિ ઉત્પન્ન થઈ છે એટલે બારે અંગની રચના થઈ જાય. અભેદપણે. અંતર્મુહૂર્તમાં. કારણ કે ભેદ કરવા જાવ તો તો એટલું આયુષ્ય ન હોય.

મુમુક્ષુ :- અંતર્મુહૂર્તમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અંતર્મુહૂર્તમાં. બાર અંગનું જ્ઞાન વિકલ્પાત્મક છે. એટલે તો કહ્યું ને ? 'રાજમલજી'એ. બાર અંગ એ પણ એક વિકલ્પ છે. અપૂર્વ નથી. વિકલ્પ છે એમ કહ્યું છે. અને એમાં પણ અનુભૂતિ, સ્વાનુભવ કરવાનું મુખ્યપણે નિધાન છે. એમ છે. એટલે બાર અંગનું જ્ઞાન તે દ્રવ્યશ્રુત જ્ઞાન છે. વિકલ્પ હોય તો પણ દ્રવ્યશ્રુતજ્ઞાન છે. અને જે શુદ્ધાત્માનો અનુભવ છે, નિર્વિકલ્પ પ્રત્યક્ષ જ્ઞાન આનંદનો જે આસ્વાદ છે, વેદન છે એ ભાવશ્રુતજ્ઞાન છે. ભાવશ્રુતજ્ઞાનનું મહત્વ છે. દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત વચ્ચે સરખામણી કરવામાં આવે તો ભાવશ્રુતજ્ઞાનનું મહત્વ છે. દ્રવ્યશ્રુતજ્ઞાનનું એટલું મહત્વ નથી.

મુમુક્ષુ :- પશુની પર્યાયમાં સમ્યગ્દર્શન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પશુની પર્યાયમાં સંજ્ઞી પશુ હોય એને થાય. પશુ એટલે તિર્યંચ આપણે શાસ્ત્ર ભાષામાં કહીએ છીએ. જે મનવાળા પ્રાણી છે એને પણ સમ્યગ્દર્શન થાય છે. અત્યારે પણ સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય સમ્યગ્દષ્ટિઓ હયાત છે, મોજૂદ છે. અને કેટલાક તો તિર્યંચો જળચર પ્રાણીઓ પંચમ ગુણસ્થાને બિરાજે છે. ક્યા ? પંચમ ગુણસ્થાને બિરાજે છે.

મુમુક્ષુ :- એટલી લીનતા વધી ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલી લીનતા વધી છે. એ કેવી રીતે વ્રત, પચ્ચખાણ લેતા હશે ? કહો. શ્રાવક છે. નામધારી સંપ્રદાય વાડાના શ્રાવક નહિ પણ એ સાચા શ્રાવક છે કે જે શુદ્ધાત્મ સ્વરૂપમાં સ્થિરતા કરે છે. શુદ્ધાત્મ સ્વરૂપમાં લીનતા કરીને-સ્થિરતા કરીને ચાર ચોકડીમાંથી બે ચોકડીનો અભાવ કરીને આત્મામાં બિરાજે છે. શેમાં બિરાજે છે ? સર્વજ્ઞ સ્વભાવમાં સ્થિર થાય છે. આત્મા એટલે સર્વજ્ઞસ્વભાવી તત્ત્વ. એમાં વીતરાગભાવે સ્થિર થાય છે કે જેને લઈને અનંતાનુબંધીની અને

પ્રત્યાખ્યાનવરણી કષાયનો અભાવ થાય છે. એટલે દેહ તિર્યંચનો છે પણ અંદર આત્મા તો પરમાત્મા સ્વરૂપે છે. આત્મા છે એ પરમાત્મા સ્વરૂપે છે. તિર્યંચનું શરીર જોવાનું નથી. તિર્યંચના શરીરને જોવે છે એ તો ચમાર છે. ચમાર છે એ ચામડા જોવે. હાડકા-ચામડા કોણ જોવે ? ચમાર. તિર્યંચના શરીરને જોવાનું નથી, મનુષ્યના શરીરને જોવાનું નથી. અંદરમાં જે દિવ્ય ગુણોથી સંપન્ન છે એવા દિવ્ય પરમાત્માના સ્વરૂપને અવલોકવાનું છે. હવે કહો, કોનો અનાદર કરવો ? હવે કોઈનો અનાદર કરવાનો રહેતો નથી.

મુમુક્ષુ :- 'મહાવીર' ભગવાનને સિંહપર્યાયમાં થયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઠીક વાત છે. ઠીક એમાંથી પ્રશ્ન કાઢ્યો છે. પશુગતિની અંદર સમ્યગ્દર્શન થાય ? કે એનો દૃષ્ટાંત ભગવાન 'મહાવીરસ્વામી'નો જીવ પોતે છે. અનંત કાળમાં પરિભ્રમણ કરતા કરતા જે છેલ્લો ભવ તીર્થંકરનો ઉદય આવ્યો એ 'મહાવીર' ભગવાનનો ભવ છે એનાથી પાછળ જાવ તો દસમા ભવે સિંહની અવસ્થામાં, સિંહના ભવમાં એમને સમ્યગ્દર્શન અને ધર્મની પ્રાપ્તિ થઈ હતી. ત્યારથી એ ધર્માત્મા થયા. પછી દસ ભવ સુધી એ ધર્મ ચાલુ રહ્યો એમને.

અહીંયાં આપણે ચિત્ર છે. સિંહના ભવનું ચિત્ર છે. એક હરણના શિકાર કરતી વખતે. જુઓ ! કેવો યોગાનુયોગ છે કર્મનો ? એક હરણનો શિકાર કરે. હરણ સંજ્ઞી પંચેન્દ્રિય છે. પંચેન્દ્રિય જીવને મારે છે એ વખતે યોગાનુયોગ એવું બને છે કે ઉપરથી ચારણઋદ્ધિધારી બે મુનિરાજો (ઉતરે છે). આકાશગામીની વિદ્યા. ચારણઋદ્ધિધારી એટલે જેમને આકાશમાં ગમન કરવાની વિદ્યા હોય છે. હાથ-પગ ચલાવવા ન પડે. જેમ Aeroplane જાય એમ સ્થિર ઊભા-ઊભા કે બેઠા-બેઠા જાય. ધ્યાનસ્થ અવસ્થામાં ખડગાસને, પદ્માસને ગમે તેમ વિહરતા હોય. એવી રીતે તીર્થંકરદેવનો વિહાર થાય છે, એવી રીતે મુનિઓનો પણ વિહાર થાય છે. ચારણ ઋદ્ધિધારી હોય. એવી ઋદ્ધિ પ્રગટે ત્યારે. એ ઉપરથી (આવે છે). અવધિજ્ઞાન હોય છે એમને. અવધિજ્ઞાનથી ખબર પડે છે કે આ સિંહ છે એ તો હવે પછીના દસમા ભવે આ ભરતક્ષેત્રના ચરમ તીર્થંકર 'મહાવીરસ્વામી' છે. એમનો જીવ છે આ તો.

અત્યારે અજ્ઞાન દશામાં અને મિથ્યાત્વ દશામાં છે. પૂર્વકર્મને હિસાબે સિંહના ભવમાં છે. પોતાને કરુણા આવે છે. નીચે ઉતરે છે. સિંહ છે એ શિકારને છોડી દયે. કુતૂહલથી ઉપદેશ પ્રત્યે આકાંક્ષિત થાય છે, જિજ્ઞાસુ

થાય છે અને એ જિજ્ઞાસાની ભૂમિકામાં એમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ મળે છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' એ ઉપદેશ મળે છે. જીવ પ્રમત્ત પણ નથી, અપ્રમત્ત પણ નથી, એક જ્ઞાયકભાવ છે. એ ઉપદેશ સાંભળે છે. પોતાના શુદ્ધાત્મ સ્વરૂપ... પહેલા વ્યાખ્યાનમાં એ પણ કામ કરે છે. મનુષ્યની પર્યાયમાં નહિ, સિંહની પર્યાયમાં પણ મુનિરાજના એક જ વ્યાખ્યાનમાં શુદ્ધાત્માનો અનુભવ લઈને બહાર નીકળે છે. કેવો ઉપદેશ હશે ! અને કેવો પુરુષાર્થ હશે ! ત્યાર પછી તો પોતાની દશાની વૃદ્ધિ થતી જાય છે. દસમા ભવે ચરમશરીરી થઈને નિર્વાણપદને પ્રાપ્ત થાય છે. અત્યારે તો એમનો આત્મા 'પાવાપુરી'થી ઉપર સીધો બરાબર સિદ્ધાલયમાં બિરાજમાન છે. નમો લોએ ત્રિકાળવર્તી સવ્વ સિદ્ધાણં. એમાં એમના આત્માને પણ નમસ્કાર થઈ જાય છે.

મુમુક્ષુ :- તિર્યંચ પર્યાય હોય અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે એટલે આહારનો વિકલ્પ છૂટી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, એવું કાંઈ નથી. છૂટી જાય એવું નથી. પણ જો માંસાહારી પ્રાણી હોય. જેમકે સિંહ છે એ ખડ નથી ખાતા. સિંહને માંસાહાર એકલો જ હોય. ગાય, ભેંસ, બળદ, બકરા, ઘેટા, હાથી, ઊંટ એ બધા ખડ ખાય છે. પણ સિંહ, વાઘ છે એ ખડ ખાતા નથી. બહુ ક્રોધી પ્રાણી છે. અને અધોગતિમાં જનારા પ્રાણી છે. લગભગ એ જીવો નરકમાં જાય છે. પણ એવા જીવને પણ જો સમ્યગ્દર્શન થાય તો એ સંથારો લઈ લે છે.

મુમુક્ષુ :- જળચર તિર્યંચ હોય તોપણ ?

પૂજ્ય ભાઈશ્રી :- જળચર તિર્યંચ હોય તોપણ એ પાણીનો આહાર કરે પણ બીજા પ્રાણીનો આહાર ન કરે. જેમકે મગર હોય એ માછલા ન ખાય.

મુમુક્ષુ :- વનસ્પતિ ઊગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વનસ્પતિ ત્યાં ઊગે છે. માંસનો સીધો આહાર ન લે. એટલે ભગવાન 'મહાવીરસ્વામી'એ એ જ વખતે ભૂખ લાગી હતી અને શિકાર કર્યો હતો. પછી ઉપદેશ મળ્યો. ભૂખને ભૂલી ગયા. અંતરમાં લીન થયા ત્યારે ભૂખને ભૂલી ગયા સ્વાનુભવ કાળે. પણ બહાર નીકળ્યા અને ખ્યાલ આવ્યો કે અહો ! ક્યાં પૂર્વ ભવ ! ક્યાં વર્તમાન ભવ ! ક્યાં હવે પછીનો ભવ ! કારણ કે મુનિરાજે તો કહ્યું કે આપ તો જગદ્ગુરુ છો.

આજથી દસમા ભવે આપ તો જગદ્‌ગુરુની પર્યાયમાં છો. પછી માંસ ખાવાની જે તુચ્છ વૃત્તિ છે એ છૂટી જાય છે. વૃત્તિ છૂટી જાય છે. સંથારો લઈ લે છે. પછી આહાર લેતા નથી. દેહત્યાગ કરીને સીધા દેવલોકમાં જાય છે.

**પત્રાંક-૭૫૮**

**દ્રવ્યપ્રકાશ**

**સં. ૧૯૫૩**

**દ્રવ્ય એટલે વસ્તુ, તત્ત્વ, પદાર્થ. આમાં મુખ્ય ત્રણ અધિકાર છે.**

**પ્રથમ અધિકારમાં જીવ અને અજીવ દ્રવ્યના મુખ્ય પ્રકાર કહ્યા છે.**

**બીજા અધિકારમાં જીવ અને અજીવનો પરસ્પરનો સંબંધ અને તેથી જીવને હિતાહિત શું રહ્યું છે તે સમજાવા માટે તેના વિશેષ પર્યાયરૂપે પાપપુણ્યાદિ બીજાં સાત તત્ત્વોનું નિરૂપણ કર્યું છે. જે સાત તત્ત્વો જીવ અને અજીવ એ બે તત્ત્વોમાં સમાય છે.**

**ત્રીજા અધિકારમાં યથાસ્થિત મોક્ષમાર્ગ દર્શાવ્યો છે, કે જેને અર્થે થઈને જ સમસ્ત જ્ઞાનીપુરુષોનો ઉપદેશ છે.**

**પદાર્થના વિવેચન અને સિદ્ધાંત પર જેનો પાયો રચાયો છે અને તે દ્વારા જે મોક્ષમાર્ગ પ્રતિબોધે છે તેવાં છ દર્શનો છે : (૧) બૌદ્ધ, (૨) ન્યાય, (૩) સાંખ્ય, (૪) જૈન, (૫) મીમાંસક, અને (૬) વૈશેષિક. વૈશેષિક ન્યાયમાં અંતર્ભૂત કર્યું હોય તો નાસ્તિક વિચાર પ્રતિપાદન કરતું એવું ચાર્વાક દર્શન છઠ્ઠું ગણાય છે.**

**ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, ઉત્તરમીમાંસા અને પૂર્વમીમાંસા એમ છ દર્શન વેદ પરિભાષામાં ગણવામાં આવ્યાં છે, તે કરતાં ઉપર દર્શાવેલાં દર્શનો જુદી પદ્ધતિએ ગણ્યાં છે તેનું શું કારણ ? એમ પ્રશ્ન થાય તો તેનું સમાધાન એ છે કે :**

**વેદ પરિભાષામાં દર્શાવેલાં દર્શનો વેદને માન્ય રાખે છે તે દૃષ્ટિથી ગણ્યાં છે; અને ઉપર જણાવેલ ક્રમે તો વિચારની**

**પરિપાટીના ભેદથી ગણ્યાં છે. જેથી આ જ ક્રમ યોગ્ય છે.**

**દ્રવ્ય અને ગુણનું અનન્યત્વ અવિભકત્વ એટલે પ્રદેશભેદ રહિતપણું છે, ક્ષેત્રાંતર નથી. દ્રવ્યના નાશથી ગુણનો નાશ અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવો [1]ઐક્યભાવ છે. દ્રવ્ય અને ગુણનો ભેદ કહીએ છીએ તે કથનથી છે, વસ્તુથી નથી. સંસ્થાન, સંખ્યાવિશેષ આદિથી જ્ઞાન અને જ્ઞાનીને સર્વથા પ્રકારે ભેદ હોય તો બન્ને અચેતનત્વ પામે એમ સર્વજ્ઞ વીતરાગનો સિદ્ધાંત છે. જ્ઞાનની સાથે સમવાય સંબંધથી આત્મા જ્ઞાની નથી. સમવર્તિત્વ સમવાય.**

**વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પરમાણુ દ્રવ્યના વિશેષ છે.**

**અપૂર્ણ**

**૧. જુઓ આંક ૭૬૬ 'પંચાસ્તિકાય' ૪૬, ૪૮, ૪૯ અને ૫૦.**

ચાલતા વિષયમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, આંક-૭૫૮, પાનું-૫૮૨. 'દ્રવ્યપ્રકાશ' એ નામનો કોઈ લેખ છે. એ અપૂર્ણ સ્થિતિમાં મળેલો અહીંયાં છાપ્યો છે.

'**દ્રવ્ય એટલે વસ્તુ, તત્ત્વ, પદાર્થ.**' દ્રવ્ય એટલે વસ્તુ કહો, તત્ત્વ કહો, પદાર્થ કહો. '**આમાં મુખ્ય ત્રણ અધિકાર છે.**' દ્રવ્યના મુખ્ય ત્રણ અધિકાર છે. '**પ્રથમ અધિકારમાં જીવ અને અજીવ દ્રવ્યના મુખ્ય પ્રકાર કહ્યા છે. બીજા અધિકારમાં જીવ અને અજીવનો પરસ્પરનો સંબંધ...**' નિમિત્ત-નૈમિત્તિક. સંબધ એટલે નિમિત્ત-નૈમિત્તિક (સંબંધ). જેમ છએ દ્રવ્યો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સર્વથા ત્રણે કાળે ભિન્ન છે. તેમ છએ દ્રવ્યો અને ત્રણે કાળે નિમિત્ત-નૈમિત્તિક સંબંધો પણ છે. ભિન્ન પણ છે અને સંબંધિત પણ છે. આ બેય વસ્તુ ત્રિકાળ છે.

બે દ્રવ્યની પરસ્પર ભિન્નપણાનું જ્ઞાન પણ વીતરાગતાના હેતુભૂત છે અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધોનું જ્ઞાન પણ વીતરાગતાના હેતુભૂત છે. હેતુ ક્યાંય ફરતો નથી. માટે એ બંને ભિન્નત્વમાં અસંગપણું દર્શાવાય છે

અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં એકબીજા વચ્ચેનો સંબંધ દર્શાવાય છે. એમ વિરુદ્ધ ધર્મપણું હોવા છતાં હેતુના લક્ષે વિચારવામાં આવે, હેતુની દૃષ્ટિએ વિચારવામાં આવે તો અવિરોધપણું છે. વિરોધપણું નથી. બંનેને જાણીને વીતરાગ થવાય છે. બન્નેને જાણીને વીતરાગ થવાય છે. એકને જાણીને વીતરાગ નથી થવાતું. જુઓ ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ જણાય છે અને અસંગપણું પણ જણાય છે. વીતરાગ થવામાં બંને હેતુ છે. બંનેનું જ્ઞાન હેતુભૂત છે.

દ્રવ્યપ્રકાશની અંદર કેવી વાત લીધી છે ! કે '**પ્રથમ અધિકારમાં જીવ અને અજીવ દ્રવ્યના મુખ્ય પ્રકાર કહ્યા છે.**' જીવ છે તે અજીવ નથી, અજીવ છે તે જીવ નથી. બંને ભિન્ન છે. બંને ભિન્ન છે એટલે બંને દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી ભિન્ન છે. એટલે કોઈ કોઈના દ્રવ્યને કરે નહિ, કોઈ કોઈના ગુણને કરે નહિ, કોઈ કોઈની પર્યાયને કરે નહિ. છતાં પણ એ બંનેની પર્યાયો વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ખરો. આમ છે. એ પણ એક બંનેના વિજ્ઞાનનો જ એક વિભાગ છે.

'**બીજા અધિકારમાં જીવ અને અજીવનો પરસ્પરનો સંબંધ અને તેથી જીવને હિતાહિત શું રહ્યું છે તે સમજાવા માટે તેના વિશેષ પર્યાયરૂપે પાપપુણ્યાદિ બીજાં સાત તત્ત્વોનું નિરૂપણ કર્યું છે.**' એ જે સાત તત્ત્વોનું નિરૂપણ છે એમાં હિત અને અહિતની અપેક્ષા રાખીને જીવ અને અજીવ વચ્ચેના સંબંધો સંયોગ-વિયોગ દર્શાવવામાં આવ્યા છે. એમાં પુણ્ય-પાપ આદિ કહ્યા એટલે પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. સાત તત્ત્વ થયા ને ? એ સાતેય તત્ત્વોનું નિરૂપણ કર્યું છે. અને '**જે સાત તત્ત્વો જીવ અને અજીવ એ બે તત્ત્વોમાં સમાય છે.**' એ સાતેયનો સંક્ષેપ કરવામાં આવે તો એ જીવ અને અજીવની પર્યાયો છે. જીવ અને પુદ્ગલની. અજીવમાં પણ જીવ અને પુદ્ગલની પર્યાયો છે.

એ સાત વિભાગ શા માટે કરવામાં આવ્યા ? કે જીવનું હિત ક્યાં છે, અહિત ક્યાં છે એ સમજાવવા માટે કરવામાં આવ્યા. અને હિત-અહિત દર્શાવવાનો હેતુ એ છે કે જીવને હિત ઉપાદેય છે અને અહિત હેય છે. સાતેય તત્ત્વો જ્ઞેય છે અને સાતેય તત્ત્વો જ્ઞેય એટલે જાણવા યોગ્ય છે. એમાંથી ત્રણ ઉપાદેય છે અને ચાર હેય છે. સંવર, નિર્જરા અને મોક્ષ ઉપાદેય છે. કેમકે એ નિર્દોષ છે અને પવિત્ર પર્યાયો છે. પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ એ ચારેય તત્ત્વો હેય છે. કેમકે એ દૂષિત છે. માટે તેનું

હેયપણું વિચારવામાં આવ્યું છે. એમ હિત અને અહિતના દષ્ટિકોણના આધારે એના સાત વિભાગ ગણવામાં આવ્યા છે.

મુમુક્ષુ :- સરસ વિષય આવ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય પ્રકાશ કરીને કોઈ Article લખવા બેઠા છે. એમાં આટલી વાત છે શરૂઆતમાં તો.

'**ત્રીજા અધિકારમાં યથાસ્થિત મોક્ષમાર્ગ દર્શાવ્યો છે,...**' અધ્યાત્મ લીધું હવે. બે દ્રવ્યો, બે દ્રવ્યોની પર્યાયોમાંથી એના સાત વિભાગ કરીને હેય ઉપાદેયપણું અને એમાં મોક્ષમાર્ગને જુદો તારવીને પણ દર્શાવ્યો છે એ ત્રીજો અધિકાર પણ છે. '**કે જેને અર્થે થઈને જ સમસ્ત જ્ઞાનીપુરુષોનો ઉપદેશ છે.**' એ સાતેય તત્ત્વનો ઉપદેશ કહો, ચારેય અનુયોગનો ઉપદેશ કહો. શેના માટે છે ? કે મોક્ષમાર્ગ દર્શાવવા માટે છે. આત્માનો આશ્રય કરાવવા માટે છે અને બધા જ જ્ઞાનીઓનો હેતુ (અને) ઉપદેશ (આ જ છે). જો આ સિવાય ઉપદેશ હોય તો એ ઉપદેશનું કાંઈ પ્રયોજન છે તે ગણવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- મોક્ષ અમારે કરવો છે. કઈ રીતે કરવો ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વાનુભવ મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :- લાઈનદોરી બતાવો અમને.

પૂજ્ય ભાઈશ્રી :- એક સ્વાનુભવ સિવાય મોક્ષમાર્ગની પ્રાપ્તિ નથી. મોક્ષમાર્ગ નથી. અને એ સ્વાનુભવ થવા અર્થે સ્વાનુભવ કઈ રીતે થાય ? એની અપૂર્વ જિજ્ઞાસામાં રહેવું એ મુમુક્ષુ ધર્મ છે. લ્યો ઠીક !

મુમુક્ષુ :- સમજાણું નહિ હજી.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુએ શું કરવું ? કે આ આત્માને મોક્ષમાર્ગરૂપ આત્માનુભવની પ્રાપ્તિ કઈ રીતે થાય ? એના પાયા ગોતવા માટે જિજ્ઞાસામાં રહેવું. આમ છે. પ્રથમમાં પ્રથમ. 'અથા સૌ બ્રહ્મ જિજ્ઞાસા.' સૌથી પહેલા બ્રહ્મ નામ પરમ સ્વરૂપની જિજ્ઞાસા હોવી ઘટે છે. આ વેદ વાક્ય છે. બ્રહ્મની-આત્માની જિજ્ઞાસા કરવી.

મુમુક્ષુ :- પછી ?

પૂજ્ય ભાઈશ્રી :- બસ ! એ જિજ્ઞાસામાંથી એ આત્મજ્ઞાનને પ્રાપ્ત કોણ છે ? એ આત્મજ્ઞાનનો ઉપદેશ કોણ આપે છે ? એ માર્ગ કોણે જાણ્યો છે ? એના અનુભવી જાણકાર પુરુષો કોણ છે ? એક નોકર રાખે તો પણ અનુભવી જોઈએ. પાંચ વર્ષનો ઓછામાં ઓછો અનુભવ હોય

એણે અરજી કરવી. એમ કહે. નવા નિશાળીયાને શિખડાવવા માટે અમે નિશાળ ખોલી નથી, બેઠા નથી. અમારે અનુભવીનું કામ છે. નોકર પણ અનુભવી રાખે છે તો ગુરુ તો અનુભવી તો ઓછામાં ઓછા હોવા જોઈએ. અનુભવી ગુરુ વિના મોક્ષમાર્ગની પ્રાપ્તિ કોઈને કદિ થઈ નથી, કદિ કોઈને થવાની પણ નથી.

મુમુક્ષુ :- ગુરુ પાસે આવ્યા. હવે પછી ?

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુ પાસે આવ્યા હોય તો સર્વાર્પણબુદ્ધિએ એની આજ્ઞામાં જિજ્ઞાસાપૂર્વક, સરળતાપૂર્વક (રહેવું). કેટલીક શરતો છે એની. જિજ્ઞાસાપૂર્વક, સરળતાપૂર્વક અને ઉદયાદિ ભાવોથી ઉદાસીન થઈને સર્વાર્પણબુદ્ધિએ ગુરુઆજ્ઞામાં વર્તવું. ગુરુચરણમાં નિવાસ કરવો. પરમભક્તિએ વર્તવું. તો અવશ્ય-અવશ્ય પ્રાપ્તિ થાય. બહુ લાંબી વાત નથી. બે-ત્રણ શબ્દો જ કીધા છે. પણ એમાં ઘણું ઘણું આવી જાય છે.

મુમુક્ષુ :- આપે તો Gurantee આપી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચોક્કસ.

મુમુક્ષુ :- એની પારાશીશી ખરી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પારાશીશી ચોક્કસ (છે). કો'કનું માપવું છે કે પોતાનું ? ભાઈ !

મુમુક્ષુ :- પોતાનું...

પૂજ્ય ભાઈશ્રી :- આપણે કોઈનું પ્રયોજન તો નથી. બીજાનું જોવામાં જ અત્યાર સુધી રોકાણો છે. અને બીજાનું જોવામાં જોવાની પરિપક્વતા નહિ હોવાને લીધે નુકસાન કર્યું છે, રાગ-દ્વેષ કર્યા છે. માટે પહેલા પોતાનું જોતા શિખવું. જો પોતાની પારાશીશી માપી શકાશે તો બીજાને માપી શકાશે. પણ એ પરિપક્વ અવસ્થામાં માપી શકાશે એટલે પછી નુકસાન થાશે નહિ. પણ પોતાનું માપ્યા વગર બીજાનું માપવા જાશે તો માપી પણ નહિ શકે અને હેરાન થાશે એટલું નુકસાન વધારે. જે ગણો તે. આ પરિસ્થિતિ થાય છે.

મુમુક્ષુ :- એટલે પરિપક્વ થવું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજાનું જોવા માટે તો પરિપક્વ થવું પડે. એમ ને એમ બીજાનું જોવા જાય તો નુકસાન થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- .. પછી બીજાનું જોવાનો ભાવ જ ન રહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સહેજે જણાય જાય તો. કદાચ કોઈનો

સંયોગ થાય તો આ ધર્માત્મા છે એમ ખબર પડે. અથવા કોઈ ધર્મની વાત કરે છે પણ ધર્મ નથી પામ્યા એમ પણ ખ્યાલમાં આવે. ખ્યાલમાં તો આવે ને. જ્ઞાનનો તો ચિકિત્સા સ્વભાવ છે એટલે જાણવા મળે. પણ પરિપક્વતા આવી હોવાથી એને રાગ-દ્વેષ ન થાય.

મુમુક્ષુ :- હવે અમારે કરવું શું ? જિજ્ઞાસુ થવું...

પૂજ્ય ભાઈશ્રી :- આટલી તો વાત આવી. શું કરવું એ તો વાત આવી. જિજ્ઞાસામાં રહેવું. સત્પુરુષને શોધવા. સત્પુરુષ મળે તો એના શરણમાં સરળતાએ સર્વાર્પણબુદ્ધિએ વૈરાગ્ય, ભક્તિ સમેત સત્સંગ-સત્સમાગમ કરવો. લ્યો, આ કરવું. કરવું આવ્યું કે નહિ એમાં ? વૈરાગ્ય ભક્તિ, સરળતા આદિ સમેત સત્સમાગમ કરવો.

મુમુક્ષુ :- શું બોધ આપશે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ આત્માનો બોધ આપશે. આત્મા દર્શાવે છે, આત્માનું સ્વરૂપ કહે છે.

'**ત્રીજા અધિકારમાં યથાસ્થિત મોક્ષમાર્ગ દર્શાવ્યો છે, કે જેને અર્થે થઈને જ સમસ્ત જ્ઞાનીપુરુષોનો ઉપદેશ છે.**' બધા જ જ્ઞાનીઓનો આ મોક્ષમાર્ગ દર્શાવવા માટે ઉપદેશ છે. '**પદાર્થના વિવેચન અને સિદ્ધાંત પર જેનો પાયો રચાયો છે...**' જુઓ ! વૈજ્ઞાનિક છે. શું કહે છે ? જૈનદર્શન છે એ વૈજ્ઞાનિક છે. બીજા દર્શનમાં પણ ઓછા-વત્તા પ્રમાણમાં એને વિજ્ઞાન છે, એમ કહેશે હવે. '**પદાર્થના વિવેચન અને સિદ્ધાંત પર જેનો પાયો રચાયો છે અને તે દ્વારા જે મોક્ષમાર્ગ પ્રતિબોધે છે તેવાં છ દર્શનો છે :**' છ આસ્તિક્ય દર્શન છે એ મોક્ષમાર્ગનો ઉપદેશ કરે છે. '**(૧) બૌદ્ધ, (૨) ન્યાય, (૩) સાંખ્ય, (૪) જૈન, (૫) મીમાંસક, અને (૬) વૈશેષિક.**' એ છએ આત્માને માને છે. આત્માને મોક્ષ પામવો જોઈએ એમ માને છે અને મોક્ષનો ઉપાય પણ કરવો જોઈએ એમ માને છે. આ છ આસ્તિક્ય દર્શનો છે. '**વૈશેષિક ન્યાયમાં અંતર્ભૂત કર્યું હોય...**' નૈયાયિક છે ને ? નૈયાયિક અને વૈશેષિક. એક બીજામાં મળતા છે એટલે. '**તો નાસ્તિક વિચાર પ્રતિપાદન કરતું એવું ચાર્વાક દર્શન છઠ્ઠું ગણાય છે.**' તે નાસ્તિકતાનું (નિરૂપણ કરે છે). આત્મા છે જ નહિ ત્યાંથી શરૂ કરે.

'**ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, ઉત્તરમીમાંસા અને પૂર્વમીમાંસા એમ છ દર્શન વેદ પરિભાષામાં ગણવામાં આવ્યા છે,...**' આ વેદના

જુદા જુદા અભિપ્રાયો છે. જે વેદિક ધર્મ છે એમાં આ છ પ્રકારના અભિપ્રાયો છે અને એના શાસ્ત્રો છે, એનું Logic છે એ બધું છે એની અંદર.

'**તે કરતાં ઉપર દર્શાવેલાં દર્શનો જુદી પદ્ધતિએ ગણ્યા છે તેનું શું કારણ ? એમ પ્રશ્ન થાય તો તેનું સમાધાન એ છે કે : વેદ પરિભાષામાં દર્શાવેલાં દર્શનો વેદને માન્ય રાખે છે તે દૃષ્ટિથી ગણ્યાં છે; અને ઉપર જણાવેલ ક્રમે તો વિચારની પરિપાટીના ભેદથી ગણ્યાં છે.**' એ બધાની બૌદ્ધની પરિપાટી જુદી છે, જૈનની પરિપાટી જુદી છે. વિચારની પરિપાટી, માર્ગની પરિપાટી જુદી હોવાથી એના ભેદો દેખાડવામાં આવ્યા છે. '**જેથી આ જ ક્રમ યોગ્ય છે.**'

'**દ્રવ્ય અને ગુણનું અનન્યત્વ અવિભક્ત્વ એટલે પ્રદેશભેદ રહિતપણું છે, ક્ષેત્રાંતર નથી.**' દ્રવ્ય અને ગુણ છે તેમ એ અનન્યપણે છે. અનન્યપણે છે એટલે અન્ય-અન્યપણે નથી. દ્રવ્યના ભેદોને જ ગુણો કહેવામાં આવે છે. ગુણોના અભેદ સ્વરૂપને જ દ્રવ્ય કહેવામાં આવે છે. એટલે અનન્યત્વ છે. અવિભક્ત્વ છે એટલે એના ભાગ જુદા નથી. દ્રવ્ય ક્યાંય અને ગુણ ક્યાંય, એવા ભાગ પડતા નથી. અને તેથી તેમાં એક પ્રદેશપણું છે, એક ક્ષેત્રપણું છે, એને બે ક્ષેત્ર નથી. એક ક્ષેત્રમાં દ્રવ્ય પણ જે ક્ષેત્રમાં છે, એ જ ક્ષેત્રમાં ગુણો છે. ગુણો છે એ જ ક્ષેત્રમાં દ્રવ્ય છે.

'**દ્રવ્યના નાશથી ગુણનો નાશ અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવો ઐક્યભાવ છે.**' એકનો નાશ થાય તો બધાનો નાશ થાય. એક ગુણનો નાશ થાય તો દ્રવ્યનો નાશ થાય. જોકે નાશ થતો નથી. પણ શ્રદ્ધામાં કે અજ્ઞાનમાં કે અભિપ્રાયમાં નાશ કરે તો એને મૃત્યુતુલ્ય અનુભવ થાય છે. એને ભાવમરણ અને દ્રવ્યમરણ કહેવામાં આવે છે. '**દ્રવ્ય અને ગુણનો ભેદ કહીએ છીએ તે કથનથી છે, વસ્તુથી નથી.**' તે કથનથી કથંચિત્ એનો ભેદ જોઈને ભેદ કહેવામાં આવે છે પણ વસ્તુતાએ તો બંને એક જ વસ્તુ છે.

'**સંસ્થાન, સંખ્યાવિશેષ આદિથી જ્ઞાન અને જ્ઞાનીને સર્વથા પ્રકારે ભેદ હોય તો બન્ને અચેતનત્વ પામે એમ સર્વજ્ઞ વીતરાગનો સિદ્ધાંત છે.**' જુઓ ! અહીંયાં સર્વજ્ઞ ભગવાનને પોતે લીધા છે. '**સંસ્થાન, સંખ્યાવિશેષ આદિથી જ્ઞાન અને જ્ઞાની...**' જ્ઞાની એટલે દ્રવ્ય, જ્ઞાન

એટલે એનો ગુણ. તો બંને વચ્ચે સંખ્યાનો ભેદ છે. જેમકે ગુણ ઘણા છે, દ્રવ્ય એક છે. એમ જો સર્વથા ભેદ હોય તો બંને અચેતનપણું પામે. પણ સર્વથા ભેદ નથી. મર્યાદિત ભેદ છે, અપેક્ષિત ભેદ છે, કથંચિત્ ભેદ છે, સર્વથા ભેદ નથી. જો સર્વથા ભેદ હોય તો બંને અચેતન થઈ જાય.

**'એમ સર્વજ્ઞ વીતરાગનો સિદ્ધાંત છે. જ્ઞાનની સાથે સમવાય સંબંધથી આત્મા જ્ઞાની નથી.'** સમવાય એટલે આવીને મળવું. આય એટલે આવવું. જેમકે એક માણસને લાકડી આવે ત્યારે એ લાકડીવાળો કહેવાય. ચશ્મા પહેરે ત્યારે એ ચશ્માવાળો કહેવાય. એમ આત્માને જ્ઞાન આવે ત્યારે જ્ઞાની કહેવાય કે જ્ઞાનવાળો કહેવાય. એમ નથી. સંયોગ સંબંધ નથી. ચશ્મા અને લાકડીનો સંયોગ થાય એવી રીતે આત્મામાં જ્ઞાનનો અને જ્ઞાની-આત્માનો સંબંધ થતો નથી. એવી રીતે **'સમવાય સંબંધથી આત્મા જ્ઞાની નથી.'** પણ **'સમવર્તિત્વ સમવાય.'** છે. સમવર્તિત્વ એટલે એકસાથે વર્તે છે. દ્રવ્ય વર્તે અને ગુણ ન વર્તે એમ બને નહિ. ગુણ વર્તે અને દ્રવ્ય ન વર્તે એમ બને નહિ. 'પંચાસ્તિકાય'નો એ સિદ્ધાંત છે. 'સમવર્તિત સમવાય અપૃથક્કભૂત અને અપૃથક્કસિદ્ધ છે.' એવી એક ગાથા છે. આપણે 'પંચાસ્તિકાય' આના પછી તરત જ આવશે. ૭૬૬થી આવે છે. અને એમાં...

મુમુક્ષુ :- ૪૬, ૪૮, ૪૯, ૫૦ ગાથા. નીચે Referance આપી દીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'પંચાસ્તિકાય ૪૬, ૪૮, ૪૯, ૫૦.' એની જ ગાથાનો અર્થ આપ્યો છે. ત્યાં જ એકડો કર્યો છે ? ઐક્યભાવમાં કર્યો છે. એ ઐક્યભાવમાં એ ગાથાઓ લીધી છે. એ ૫૦મી ગાથા છે. 'સમવર્તિત્વ સમવાય અપૃથક્કભૂત અને અપૃથક્કસિદ્ધ છે.' માટે દ્રવ્ય અને ગુણોનો સંબંધ વીતરાગોએ અપૃથક્ક સિદ્ધ કહ્યો છે. આ ૫૦મી ગાથાની વાત લખી છે. છે ને એ જ શબ્દો ? **'સમવર્તિત્વ સમવાય અપૃથક્કભૂત...'** છે એટલે ન જુદા પાડી શકાય અને **'અપૃથક્કસિદ્ધ છે.'** એટલે કોઈ જુદા પાડી શક્યું નથી એવી જ એની સિદ્ધિ છે. સિદ્ધ થયેલા છે. નવા સિદ્ધ કરવા પડે એવું નથી. માટે દ્રવ્ય અને ગુણનો સંબંધ વીતરાગોએ અપૃથક્ક સિદ્ધ કર્યો છે. માટે દ્રવ્ય-ગુણને જુદા પાડી શકાતા નથી. એ 'પંચાસ્તિકાય'નો વિષય છે.

**'વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પરમાણુ દ્રવ્યના વિશેષ છે.'** જે વર્ણ

એટલે રંગ છે, ગંધ છે, રસ-ખારો, ખાટો વગેરે સ્વાદ છે, સ્પર્શ-સુંવાળો, ખરબચડો, ઠંડો, ગરમ વગેરે, હલકો, ભારે એ બધા પરમાણુ દ્રવ્યના, પુદ્ગલ દ્રવ્યના એ વિશેષ છે. એટલું મળ્યું છે. આ લેખ લખવાનું જે લખાણ છે એ આટલું મળ્યું છે.

આ તો રોજના સ્વાધ્યાયના ક્રમનો વિષય છે. આજના દિવસે તો જે નવા નવા આવ્યા એને હજી અનુસંધાન આગળપાછળ નથી કાંઈ આમાં એટલે કાંઈ વાંધો આવે એવું નથી. નહિતર તો વિષયનું અનુસંધાન ન બેસે. પણ આ કેટલાક લેખો એમણે સ્વતંત્ર લખેલા છે એમાં છૂટા છૂટા પાના અપૂર્ણ હાથમાં આવ્યા એ આની અંદર સંકલન કરીને છપાવેલા છે.

મુમુક્ષુ :- આ બોલનો વિષય સારો આવ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સિદ્ધાંતિક વિષય લીધો છે.

**પત્રાંક-૭૫૯**

**સં. ૧૯૫૩**

**અત્યંત સુપ્રસિદ્ધ છે કે પ્રાણીમાત્રને દુઃખ પ્રતિકૂળ, અપ્રિય અને સુખ અનુકૂળ, તથા પ્રિય છે. તે દુઃખથી રહિત થવા માટે અને સુખની પ્રાપ્તિ માટે પ્રાણીમાત્રનું પ્રયત્ન છે.**

**પ્રાણીમાત્રનું એવું પ્રયત્ન છતાં પણ તેઓ દુઃખનો અનુભવ જ કરતાં દૃષ્ટિગોચર થાય છે. ક્વચિત્ કંઈક સુખના અંશ કોઈક પ્રાણીને પ્રાપ્ત થયા દેખાય છે, તોપણ દુઃખની બાહુલ્યતાથી કરીને જોવામાં આવે છે.**

**પ્રાણીમાત્રને દુઃખ અપ્રિય હોવા છતાં, વળી તે મટાડવાને અર્થે તેનું પ્રયત્ન છતાં તે દુઃખ મટતું નથી, તો પછી તે દુઃખ ટળવાનો કોઈ ઉપાય જ નહીં એમ સમજાય છે; કેમકે બધાનું પ્રયત્ન નિષ્ફળ જાય તે વાત નિરુપાય જ હોવી જોઈએ, એમ અત્રે આશંકા થાય છે.**

**તેનું સમાધાન આ પ્રમાણે છે : દુઃખનું સ્વરૂપ યથાર્થ ન સમજાવાથી, તે થવાનાં મૂળ કારણો શું છે અને તે શાથી મટી શકે**

તે યથાર્થ ન સમજાવાથી, દુઃખ મટાડવા સંબંધીનું તેમનું પ્રયત્ન સ્વરૂપથી અયથાર્થ હોવાથી દુઃખ મટી શકતું નથી.

દુઃખ અનુભવવામાં આવે છે, તોપણ તે સ્પષ્ટ ધ્યાનમાં આવવાને અર્થે થોડુંક તેનું વ્યાખ્યાન કરીએ છીએ.

પ્રાણીઓ બે પ્રકારનાં છે : એક ત્રસ એટલે પોતે ભયાદિનું કારણ દેખી નાસી જતાં, હાલતાં ચાલતાં એ આદિ શક્તિવાળાં. બીજા સ્થાવર : જે સ્થળે દેહ ધારણ કર્યો છે, તે જ સ્થળે સ્થિતિમાન, અથવા ભયાદિ કારણ જાણી નાસી જવા વગેરેની સમજણશક્તિ જેમાં નથી તે.

અથવા એકેન્દ્રિયથી માંડી પાંચ ઈંદ્રિય સુધીનાં પ્રાણીઓ છે. એકેંદ્રિય પ્રાણીઓ સ્થાવર કહેવાય, અને બે ઈંદ્રિયવાળાં પ્રાણીથી માંડીને પાંચ ઈંદ્રિયવાળાં પ્રાણી સુધીનાં ત્રસ કહેવાય. પાંચ ઉપરાંત કોઈ પણ પ્રાણીને ઈંદ્રિય હોતી નથી.

એકેંદ્રિય પ્રાણીના પાંચ ભેદ છે : પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ.

વનસ્પતિનું જીવત્વ સાધારણ મનુષ્યોને પણ કંઈક અનુમાનગોચર થાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુનું જીવત્વ, આગમપ્રમાણથી, વિશેષ વિચારબળથી કંઈ પણ સમજી શકાય છે, સર્વથા તો પ્રકૃષ્ટજ્ઞાનગોચર છે.

અગ્નિ અને વાયુના જીવો કંઈક ગતિમાન જોવામાં આવે છે. પણ તે પોતાની સમજણશક્તિપૂર્વક હોતું નથી, જેથી તેને સ્થાવર કહેવામાં આવે છે.

એકેંદ્રિય જીવમાં વનસ્પતિમાં જીવત્વ સુપ્રસિદ્ધ છે, છતાં તેનાં પ્રમાણો આ ગ્રંથમાં અનુક્રમે આવશે. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુનું જીવત્વ આ પ્રમાણે સિદ્ધ કર્યું છે : અપૂર્ણ

૭૫૯ની અંદર પ્રયોજનનો વિષય લીધો છે. જે પહેલા અગાઉ એમણે વાત લીધી હતી એને મળતી વાત છે. '**અત્યંત સુપ્રસિદ્ધ છે કે પ્રાણીમાત્રને દુઃખ પ્રતિકૂળ, અપ્રિય અને સુખ અનુકૂળ તથા પ્રિય છે.**' છે ને ? સત્ય છે ને ? આ વાત બધાના અનુભવથી સારી રીતે પ્રસિદ્ધ છે કે કોઈપણ પ્રાણીને, મનુષ્યને એકલાને નહિ, કોઈપણ પ્રાણીને દુઃખ છે એ અપ્રિય અને પ્રતિકૂળ છે. સુખ એને પ્રિય અને અનુકૂળ છે. '**તે દુઃખથી રહિત થવા માટે અને સુખની પ્રાપ્તિ માટે પ્રાણીમાત્રનું પ્રયત્ન છે.**' આ પ્રયોજન છે અને પ્રયોજનને અનુસરીને બધાનો પુરુષાર્થ વર્તે છે. આ એક સામાન્ય વ્યાખ્યા કરી.

એક કીડી દરની બહાર નીકળીને અનાજનો એક કણ શોધે છે. લોટનો એક કણ શોધે છે. શું કરવા ? સુખી થવા માટે. અને 'મુંબઈ'ની ૧૦x૧૦ની ખોલીમાંથી હડિયાપાટું કરીને Station દોડતો માણસ પણ સુખને માટે દોડે છે. Station જાય છે ને જલ્દી ટ્રેન પકડવા માટે ? ત્યાં રોજે રોજ એ Scene જોવા મળે. એક કીડી પણ સુખ માટે દરની બહાર નીકળે છે અને મનુષ્ય પણ ઘરની બહાર નીકળે છે તો સુખ માટે. આ રોજ દુકાને જાય છે કે નહિ ? પ્રાણીમાત્રનો પ્રયત્ન સુખ પ્રાપ્તિ માટે છે.

'**પ્રાણીમાત્રનું એવું પ્રયત્ન છતાં પણ તેઓ દુઃખનો અનુભવ જ કરતાં દૃષ્ટિગોચર થાય છે.**' છતાં દુનિયામાં કોઈ સુખી જીવ જોવામાં આવતો નથી. તમામ સંસારી પ્રાણી દુઃખી છે. કાંઈ ને કાંઈ દુઃખ, કાંઈ ને કાંઈ દુઃખ. દુઃખ.. દુઃખ.. ને દુઃખ જ છે. દુઃખ સિવાય કાંઈ જોવામાં આવતું નથી.

મુમુક્ષુ :- ઘરમાં આવે તો સુખ માટે.

પૂજ્ય ભાઈશ્રી :- દુકાનેથી ઘરે આવે તો સુખ માટે અને ઘરેથી દુકાને જાય તો પણ સુખ માટે. ઘરે આવીને જમવા બેસે તોપણ સુખ માટે અને જમતા જમતા જમવાનું બંધ કરે તોપણ સુખ માટે. થાકી ગયો હોય તો આરામ કરે તોપણ સુખ માટે અને આરામ કરીને ઊભો થાય તોપણ સુખ માટે છે. એકે એક પ્રવૃત્તિ એની સુખ માટે છે. અને છતાં કોઈને સુખ મળતું નથી એટલે પ્રવૃત્તિ બદલ્યા કરે છે. આમથી આમ ને આમથી આમ. એક પ્રવૃત્તિ છોડીને બીજી, બીજી છોડી ને ત્રીજી, ત્રીજી છોડીને વળી બીજી. જ્યાં સુધી સુખનો સાચો ઉપાય નહિ મળે ત્યાં સુધી અનંત કાળથી સુખ પ્રાપ્ત કરવાની જૂઠી પ્રવૃત્તિ, વ્યર્થ પ્રવૃત્તિ જીવ કર્યા

વિના રહી શકવાનો નથી. આ નિયમબદ્ધ છે.

મુમુક્ષુ :- અમારે તો ધર્મ પ્રાપ્ત કરવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મ પ્રાપ્ત કરવો હોય તો એ તો કહ્યું એમણે આગળ કે ધર્મ કરશે તે સુખી થશે. એવું જાણીને ઓઘે ઓઘે પણ લોકો ધર્મ કરે છે. આવ્યું આપણે ? ધર્મથી દુઃખ મટે. ૫૭૭ પાને. બીજો Paragraph. ''**ધર્મથી દુઃખ મટે' એમ ઘણાખરા વિચારવાનોની માન્યતા થઈ.**' શ્રદ્ધા થઈ ઘણાને. '**પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એકબીજામાં ઘણો તફાવત પડ્યો.**' ઓલો કહે, નહિ, હું કહું છું એમ ધર્મ થાય, પેલો કહે, નહિ, હું કહું એમ ધર્મ થાય. ધર્મનું આવું સ્વરૂપ હોય, ઓલો કહે ધર્મનું આવું સ્વરૂપ હોય. આમ બધી ગડબડ ચાલી અને ઘણા તો એ પછી ગડબડમાં મૂળ વિષય જ ધર્મ પ્રાપ્તિનો ચૂકી ગયા અને ઘણા તો એમાં મતિ થાકી જવાથી નાસ્તિક પણ થઈ ગયા. પણ જેને કાંઈક સમજાણું, ઓછુંવત્તું સમજાણું, કોઈને પૂરું સમજાણું, કોઈને અધુરું સમજાણું. એ સમજાણું એ બધા ઉપદેશ આપવા લાગી ગયા અને એ પ્રમાણે જગતમાં ભિન્ન ભિન્ન ધર્મમતો ઉત્પન્ન થઈ ગયા. આમ ગડબડ થઈ ગઈ. એ વિષય આપણે ચાલી ગયો. અગાઉ એ ચાલી ગયો.

'**પ્રાણીમાત્રનું એવું પ્રયત્ન છતાં પણ તેઓ દુઃખનો અનુભવ જ કરતાં દૃષ્ટિગોચર થાય છે. ક્વચિત્ કંઈક સુખના અંશ કોઈક પ્રાણીને થયા દેખાય છે,...**' ક્યારેક ક્યારેક કોઈ જીવને કાંઈક થોડુંક સુખ જોવામાં આવે છે '**તોપણ દુઃખની બાહુલ્યતાથી કરીને જોવામાં આવે છે.**' તોપણ એ સુખીને માણસને કોઈ પૂછે કે તમે બહુ સુખી, ભાઈ ! તો કહે કે 'દૂરથી ડુંગર રળિયામણા.' અમારે ઘણી ઉપાધિ છે. કોઈ કહે કે ભાઈ ! ફલાણો રોગ છે એની ઉપાધિ છે. અમારે રોગ નથી પણ અમારા ઘરવાળાને રોગ છે, દીકરાને રોગ છે, ફલાણાને આમ છે કે કાંઈક બીજી ઉપાધિ આવીને પડી છે, કાંઈક ત્રીજી ઉપાધિ આવીને પડી છે. કાંઈને કાંઈ, કાંઈ ને કાંઈ દુઃખની બાહુલ્યતાથી થોડા સુખી જોવામાં આવે છે. ઉપાધિ વગરનો કોઈ જોવામાં આવતો નથી.

અત્યારે તો બહુ પૈસા થાય ત્યાં ઓલી ચિઠ્ઠી આવે આતંકવાદીઓની. હવે તો બધે ચાલુ થઈ ગયું છે 'મુંબઈ', 'અમદાવાદ'માં. નહિતર 'આસામ' અને 'પંજાબ'માં હતું. હવે તો બધે ચાલુ થઈ ગયું છે. થોડા Timeમાં એવો વખત આવશે કે પૈસાવાળા બધા

Bodyguard વગર નહિ બહાર નીકળે. નહિતર અપહરણ થઈ જાય. અપહરણ કરે છે ને ? આટલા પૈસા મૂકી જાવ નહિતર ઉપાડી જઈશું.

મુમુક્ષુ :- સાચા ગુનેગાર જ પૈસાવાળા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી વાતો છે એમાં. ચર્ચા કરવા બેસીએ તો આ રહી જાય એવું છે. પણ આ તો કહેવાનો મતલબ શું છે કે આ કહે છે ઈ સાચું છે, ઉપાધિ વગરનો કોઈ જોવામાં આવતો નથી. ગુનેગાર છે એટલે એને વધારે ઉપાધિ છે, વધારે દુઃખી છે બિચારા. જે ગુનાહિત ભાવો થયા છે, એ સ્વયં ઉપાધિ ભાવ છે અને એ દુઃખદાયી પરિણામ છે. એનાથી એ દુઃખી જ છે, એ જરાય સુખી નથી.

મુમુક્ષુ :- ઉગરવાનો કાંઈ આરોવારો કાંઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે ને આરોવારો છે. એક વીતરાગમાર્ગ છે એ સંસારથી છૂટવાનો સાચો મોક્ષનો માર્ગ છે અને મોક્ષનો ઉપાય છે. છે આરોવારો, નથી એવું કાંઈ નથી. વીતરાગતા પ્રાપ્ત કરવા માટે વીતરાગમાર્ગને ગ્રહણ કરવો જોઈએ. 'એગંત સો હિ મુનિ વીતરાગી.' છે કે નહિ ? કોણ સુખી છે આ જગતમાં ? વીતરાગી મુનિરાજ સુખી છે. મુનિરાજ સુખી છે એમ ન કહ્યું. વીતરાગી મુનિરાજ સુખી છે. બાકી રાગી બધાય (દુઃખી). રાગી પ્રાણી બધાય દુઃખી છે. કેમકે રાગ સ્વયં દુઃખસ્વરૂપે હોવાથી જે રાગી છે તે દુઃખી હોય, હોય ને હોય જ.

**'પ્રાણીમાત્રને દુઃખ અપ્રિય હોવા છતાં, વળી તે મટાડવાને અર્થે તેનું પ્રયત્ન છતાં તે દુઃખ મટતું નથી, તો પછી તે દુઃખ ટળવાનો કોઈ ઉપાય જ નહીં એમ સમજાય છે; કેમકે બધાનું પ્રયત્ન નિષ્ફળ જાય તે વાત નિરુપાય જ હોવી જોઈએ, એમ અત્રે આશંકા થાય છે.'** આવો કોઈ બુદ્ધિવાળા તર્ક લડાવે છે કે જુઓ બધા જ મરે છે. માટે મરવું અનિવાર્ય છે. બધા દુઃખી થાય છે માટે દુઃખ અનિવાર્ય છે, બધાને રોગ આવે છે માટે રોગ અનિવાર્ય છે. આમ કોઈ વિચારે છે કે આ તો નિરૂપાયતા છે. તો કહે છે, એવી વાત નથી. ખરેખર એમ નથી. બધાનો ઈલાજ છે.

**'તેનું સમાધાન આ પ્રમાણે છે :'** જુઓ ! આવા સત્પુરુષોના વચનોમાં, વીતરાગી શાસ્ત્રોમાં, જગતમાં દેખાતા અનિવાર્ય દુઃખોનું સમાધાન છે. નથી એવું નથી. છે એનું સમાધાન. કેવી રીતે છે ? કે **'દુઃખનું સ્વરૂપ યથાર્થ ન સમજાવાથી, તે થવાનાં મૂળ કારણો શું છે અને તે શાથી મટી શકે...'** છે ? નિદાન અને ઈલાજ. **'તે યથાર્થ ન**

**સમજાવાથી, દુઃખ મટાડવા સંબંધીનું તેમનું પ્રયત્ન સ્વરૂપથી અયથાર્થ હોવાથી દુઃખ મટી શકતું નથી.**' દુઃખ મટાડવાના ખોટા ઉપાય કરે તો દુઃખ મટે નહિ. રોગ મટાડવાની ખોટી દવા કરે તો રોગ મટે નહિ. એમ સંસારી પ્રાણીઓ દુઃખી છે. પણ એ દુઃખ મટાડવા માટે પોતાનું કપોલકલ્પિત ઈલાજ કરે છે પણ તે ઈલાજ સાચો નહિ હોવાથી કોઈ પ્રાણીનું દુઃખ મટતું નથી. જે સંસારીએ સાચો ઈલાજ કર્યો તે સંસારથી પરિમુક્ત થઈને સુખી થઈ ગયા. અનંત... અનંત... અનંત કાળ સુધી અનંતસુખમાં બિરાજમાન રહી ગયા. માટે એનો ઈલાજ છે એ વિચારવાન જીવે શોધી કાઢવો જોઈએ. એમ છે. વિશેષ લેશે...

**મુમુક્ષુની ભૂમિકામાં કેટલાક ગુણ હોવા આવશ્યક છે; જેમાં આત્મરુચિની પ્રધાનતા છે. જેના કારણે સરળતા, પ્રયોજનની પક્કડ, યથાર્થ ઉદાસીનતા, વગેરે ગુણ ઉત્પન્ન થાય છે. આત્મરુચિ વિના ક્ષયોપશમજ્ઞાન કાર્યકારી થતું નથી, કેમકે પ્રયોજનભૂત વાત ઉપર લક્ષ જતુ નથી; પારમાર્થિક સરળતા ઉત્પન્ન થતી નથી. દેવ,ગુરુ પ્રત્યે અર્પણતા, આત્માર્થીતા આદિના મૂળમાં આત્મરુચિ હોવા યોગ્ય છે. આત્મરુચિ જ જીવને સંસારથી યથાર્થ ઉદાસીનતામાં રાખે છે. અને અંતર જિજ્ઞાસાપૂર્વક અંતર ખોજને ઉત્પન્ન કરે છે. દર્શનમોહને મંદ કરવાવાળો આ મુખ્ય ગુણ છે. સ્વરૂપના ભાવભાસનપૂર્વક ઉત્પન્ન થયેલી અનન્ય રુચિ સમ્યક્ત્વ ઉત્પન્ન કરવાવાળો મુખ્ય ગુણ છે. જેને મુમુક્ષુજીવે પોતાની અંદર દેખવો જરૂરી છે. (અનુભવ સંજીવની – ૧૭૪૦)**

## તા. ૧૭-૪-૧૯૯૨, પત્રાંક ૭૫૯ થી ૭૬૨
## પ્રવચન નં. ૩૬૧

આંક-૭૫૯, પાનું-૫૮૩. ઉપરથી શરૂઆતથી છે કે '**પ્રાણીમાત્રને દુઃખ અપ્રિય હોવા છતાં, વળી તે મટાડવાને અર્થે તેનું પ્રયત્ન છતાં તે દુઃખ મટતું નથી, તો પછી તે દુઃખ ટળવાનો કોઈ ઉપાય જ નહીં એમ સમજાય છે; કેમકે બધાનું પ્રયત્ન નિષ્ફળ જાય તે વાત નિરુપાય જ હોવી જોઈએ, એમ અત્રે આશંકા થાય છે.**' શંકા નથી કરી. આશંકા કરી છે. અને સામાન્ય રીતે બુદ્ધિશાળી માણસો પણ એવું વિચારતા થઈ જાય છે કે જે દુઃખ બધાને આવી પડતું હોય અને કોઈને મટતું ન હોય એ દુઃખ અનિવાર્ય ગણીને તેના નિવારણનો ઉપાય પછી છોડી દેવો જોઈએ. જેમકે મૃત્યુ છે. તો ગમે ત્યારે પણ દરેકને સૌથી વધારે દુઃખ મૃત્યુનું હોવા છતાં ગમે ત્યારે પણ બધાને મરવાનું તો છે જ અને એનો જગતમાં હજી સુધી ઉપાય કોઈ શોધી શક્યા નથી. માટે એનો ઉપાય નહિ જ હોય. હોય તો તો કોઈને કોઈ શોધી કાઢે. નહિ જ હોય. માટે હવે એના ઉપાયમાં આપણે કાંઈ વખત બગાડવાની જરૂર નથી. સમય અને શક્તિનો ઉપયોગ એમાં કરવાની જરૂર રહેતી નથી.

એમ દર્દ. શરીરના દર્દો ડૉક્ટરને આવી પડે છે. તબીબી વિજ્ઞાનના નિષ્ણાંત માણસો હોય અને પહેલેથી રોગ ન થાય એવા ઔષધોનો પ્રયોગ કરનારા હોય. Preventive drug કહે છે. છતાં એ દવા ખાધા પછી તરત જ એને એ રોગ શરૂ થાય. પરમાણુની પર્યાય બીજા સમયે પલટી મારી જાય. માટે આનો કોઈ ઉપાય નહિ હોય એમ સમજીને ... આવું બને છે. તે સમસ્યાનું સમાધાન આ પ્રમાણે છે.

'**દુઃખનું સ્વરૂપ યથાર્થ ન સમજાવાથી,...**' પહેલા તો દુઃખ કોને કહેવું ? દુઃખનું સ્વરૂપ શું ? બહારમાં પ્રતિકૂળતાઓ આવે અથવા અણગમતા સંયોગ-વિયોગ થાય, ઈષ્ટ વિયોગ થાય, અનિષ્ટ સંયોગ થાય તેથી એને દુઃખ કહેવું ? કે દુઃખનું બીજું કોઈ તાત્ત્વિક સ્વરૂપ છે એને સમજવું જરૂરી છે ?

**'દુઃખનું સ્વરૂપ યથાર્થ ન સમજાવાથી,...'** અને તે દુઃખ થવાના મૂળ કારણો શું છે ? એ પણ યથાર્થ ન સમજાવાથી. એટલે એનું નિદાન. એનું સ્વરૂપ, એનું નિદાન. અને તે શાથી મટી શકે એટલે એનો ઈલાજ. એ દુઃખ કેવી રીતે મટે તે યથાર્થ ન સમજાવાથી **'દુઃખ મટાડવા સંબંધીનું તેમનું પ્રયત્ન સ્વરૂપથી અયથાર્થ હોવાથી દુઃખ મટી શકતું નથી.'** આ પોતે સમાધાન આપ્યું કે દુઃખ મટાડવા માટે એના ચાર પડખાં બરાબર જો સમજાય તો એ દુઃખ મટી શકે છે. એક તો દુઃખનું સ્વરૂપ સમજવું જોઈએ. બીજું, એ દુઃખ ઉત્પન્ન થવાના મૂળ કારણો સમજવા જોઈએ. અને એ દુઃખ પ્રગટ્યું તે મટવાનો ઈલાજ શું છે ? એ પણ સમજાવું જોઈએ અને એનો પ્રયત્ન પણ કેવી રીતે કરવો એ પણ સમજાવો જોઈએ. જો આ યથાર્થ રીતે ચારે પડખાં સમજાય જાય તો દુઃખ ન મટે એવું બને નહિ. આ તો સીધો એનો વૈજ્ઞાનિક Process લીધો છે. દુઃખ મટાડવાની વૈજ્ઞાનિક પ્રક્રિયા આ છે. દુઃખ મટે, મટે ને મટે જ. ન શા માટે મટે ?

મુમુક્ષુ :- દુઃખનું સ્વરૂપ શું, એ પણ આ જીવે અનાદિઅનંત કાળથી...

પૂજ્ય ભાઈશ્રી :- નથી નક્કી કર્યું. દુઃખનું સ્વરૂપ બધાએ જે માન્યું તે દુઃખનું સ્વરૂપ. જે ઘણાએ સ્વીકાર કર્યું દુઃખ તે દુઃખ. જે ઘણાએ સ્વીકાર કર્યું સુખ તે સુખ. એમ માને છે. ખરેખર દુઃખના, સુખના સ્વરૂપની ખબર નથી.

તાત્ત્વિક રીતે તો આકુળતા લક્ષણ, આકુળતા સ્વરૂપ દુઃખ છે. આકુળતાના એક અંશથી માંડીને અનંત બધા દુઃખ તે દુઃખ જ છે. કોઈ સુખ નથી. પણ આકુળતામાં પણ સુખનો અનુભવ જીવ કરે છે. આ ઘરે પ્રસંગ આવે છે કે નહિ ? દીકરા-દીકરીના .. ઘણી હોય. હોંશ કેટલી કરે છે ! ઉપાધિ છે કે બીજું કાંઈ છે ? એને સુખનો પ્રસંગ માન્યો છે. પછી પાછળથી પછી હાશ (થાય છે). ખબર પડે છે, પૂરું થયા પછી ખબર પડે છે.

મુમુક્ષુ :- તત્ત્વરૂપે આકુળતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખનું તત્ત્વ છે એ આકુળતા, દુઃખનું સ્વરૂપ છે એ આકુળતા. અને એ આકુળતા કોઈપણ પરાશ્રયપણાને લીધે ઉત્પન્ન થઈ છે. અથવા સ્વરૂપનો આશ્રય-સુખસ્વરૂપ, સુખનિધાન, સુખધામ આત્મા, એનો આશ્રય નહિ લેવાના કારણે ઉત્પન્ન થઈ છે. અસ્તિ અને

નાસ્તિ એક જ પર્યાય છે. પડખાં બે છે કહેવાના. માણસને ભૂખ લાગે અને આહાર લે તો એને સુખ થાય કે ન થાય ? જો આહાર લેવાથી સુખ થાય તો જેટલો આહાર વધારે એટલું સુખ એને વધી જવું જોઈએ. થાકી ગયો હોય અને આરામ લે, ઉજાગરો હોય ને ઊંઘી જાય તો એને સુખ થાય કે ન થાય ? ન થાય. પણ કલ્પ્યું છે ત્યાં સુખ. ત્યાં કલ્પ્યું છે સુખ. એટલે ઘણી આકુળતા હતી એમાંથી એ આકુળતા ઘટી, મંદ થઈ માટે તેને સુખ કહ્યું. પણ એ દુઃખનું સ્વરૂપ છે, સુખનું સ્વરૂપ બિલકુલ નથી. એમ.

મુમુક્ષુ :- ખુજલીના રોગની જેમ.

પૂજ્ય ભાઈશ્રી :- ખંજવાળ આવે, ચળ આવે. ખંજવાળે એટલે સારું લાગે. સુખ થતું હશે ત્યાં ? દુઃખ છે, આકુળતા છે.

મુમુક્ષુ :- શાતા, અશાતા છે એમાં શાતામાં દુઃખ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાતામાં પણ દુઃખ છે.

મુમુક્ષુ :- લાગતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પના કરી છે. દુઃખમાં સુખની કલ્પના કરી છે. આ બધા દાખલા લીધા એવી રીતે. આહારમાં, નિદ્રામાં.

મુમુક્ષુ :- ખુજલીમાં.

પૂજ્ય ભાઈશ્રી : ખુજલીમાં. કલ્પના કરી છે. એ દુઃખનું સ્વરૂપ યથાર્થ સમજાય કે આકુળતા લક્ષણ દુઃખ છે. થોડી આકુળતા હોય તો થોડું પણ દુઃખ છે. ઝાઝી આકુળતા હોય તો ઝાઝું પણ દુઃખ જ છે. એ દુઃખ તો વેદનનો વિષય છે કે સમજવાનો વિષય છે ? દુઃખ છે એ વેદનનો વિષય છે કે સમજવાનો વિષય છે ? સ્વાદ છે એ સમજવાનો વિષય છે કે ચાખવાનો વિષય છે ? ઠંડી-ગરમી સમજવાનો વિષય છે કે અનુભવ કરવાનો વિષય છે ? એમ દુઃખ પણ અનુભવનો વિષય છે અને સુખ પણ અનુભવનો વિષય છે.

જો સુખ-દુઃખ અનુભવનો વિષય હોય તો એને અનુભવથી સમજવું જોઈએ. માત્ર એને વિચારથી સમજે સમજાય નહિ. આપણે શું કરીએ છીએ ? એના પુસ્તકો લઈને બેસીએ છીએ. એના સંભળાવનારા મળે તો સાંભળવા બેસીએ છીએ, એની ચર્ચા કરનારા નીકળે તો ચર્ચા કરીએ છીએ. અનેક પડખેથી એ વાત સમજીને આપણે સંતોષ માનીએ છીએ કે બરાબર, હવે આપણને તાત્ત્વિક રીતે સમજાઈ ગયું. પણ એ રીતે સમાધાન નહિ થાય. એ રીતે સમાધાન નહિ થાય.

એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પનો કણ પણ દુઃખ છે. એ વિકલ્પના અનુભવને તપાસીને સમજવામાં જ્યાં સુધી નહિ આવે, અવલોકનમાં એ વિકલ્પને પકડીને અનુભવથી એને સમજવામાં નહિ આવે ત્યાં સુધી દુઃખનું સ્વરૂપ નહિ સમજાય. દુઃખનું સ્વરૂપ જ્યાં સુધી નહિ સમજાય ત્યાં સુધી સુખનું સ્વરૂપ સમજાશે, એ વાતનો તો વિચાર કરવાની પણ જરૂર રહેતી નથી. ન્યાયથી પણ એ વાત બેસે એવી નથી. એટલે આ એક સુખ-દુઃખના પ્રકરણમાં વિચાર અને વેદન, એ બંને વચ્ચેનો તફાવત સમજીને કઈ રીતે સમજવું એ નક્કી કરવા જેવો વિષય છે. નહિતર જે ઢાંચામાં વાંચન-શ્રવણ અને વિચારનો જે ઢાંચો છે, એમાં જે ગોખણિયું જ્ઞાન થાય છે. કેવું જ્ઞાન છે એ ?

મુમુક્ષુ :- ગોખણિયું.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે સુખ-દુઃખ અનુભવનો વિષય છે. અને આ ગોખી નાખે છે. આકુળતા એટલું દુઃખ અને નિરાકુળતા એટલું સુખ. જાવ ! આવડી ગયું. અને પરીક્ષામાં બેસાડે તો પાસ પણ થાય. આપણે પરીક્ષા લે છે ને ? એ રીતે એનું સમાધાન અંદરથી થવાનું નથી.

આમાં બહુ ભાગ લોકો ભૂલેલા છે. જેમકે અન્યમતિઓ પરમાત્માનું સ્મરણ કરે છે. જૈનમતમાં નિજ આત્માનું સ્મરણ કરવામાં આવે છે. પોતાનો આત્મા નિર્વિકલ્પ છે એનો પણ એક વિકલ્પ છે. પોતાનો આત્મા અભેદ છે એ અભેદનો પણ એક વિકલ્પ છે અને તે પણ આકુળતા છે. એવું ન સમજાય તો એને એ અંદર ચાલુ રાખે. શું કરે ? કે આપણે આત્મસ્વરૂપનું, પરમાત્મસ્વરૂપનું ચિંતવન કરો. એ ચિંતવન કરતા કરતા ધ્યાન થઈ જાશે. એ જીવ સ્વભાવને ઉપાસવાને બદલે વિભાવની ઉપાસના કરે છે. ગૃહિત મિથ્યાત્વ થાય છે. શું થાય છે ? જે સ્વભાવની ઉપાસના થવી જોઈએ એના બદલે વિભાવની ઉપાસના થાય છે, એ વિકલ્પની ઉપાસના થાય છે. અને એ વધારતો જાય એટલે એમાં સ્થૂળતા વધ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- સ્વરૂપનું ચિંતવન કરતા કરતા પણ ગૃહિત મિથ્યાત્વ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વરૂપનું ચિંતવન કરનારને ગૃહિત મિથ્યાત્વ થાય. આગમ અનુસાર સ્વરૂપનું ચિંતવન કરે, હોં ! જિનાગમમાં આત્મસ્વરૂપ કહ્યું છે એવું ચિંતવન કરે અને એ ચિંતવનને ઉપાય માને, એ ચિંતવનને ઈલાજ માને. જે બાધક છે એને સાધક માને. લ્યો, ઠીક ! એ

વિપરીતતા નથી ? બાધકને સાધક માનવું એ વિપરીતતા નથી ? એ ચોખ્ખી વિપરીતતા છે. સોએ સો ટકા એ વિપરીતતા છે. આવી ભૂલ થાય છે.

મુમુક્ષુ :- સ્વરૂપ ચિંતવન કેવી રીતે કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- આ તો ઘણીવાર કહ્યું છે. એકવાર વધારે. વસ્તુ પ્રત્યક્ષ છે એને પ્રત્યક્ષપણે અનુભવવું. વસ્તુ જે પ્રત્યક્ષ છે એને અવલોકનમાં લઈને સીધો અનુભવ ન થાય તો એ પગથિયું છે. અવલોકનમાં લઈને અવલોકનની Practice કરીને એનો અનુભવનો પ્રયત્ન કરવો. અનુભવ માટે અનુભવનો પ્રયત્ન કામમાં આવે. અનુભવ માટે વિચારનો પ્રયત્ન બિલકુલ સફળ થઈ શકે નહિ. બહુ ચોખ્ખી વાત છે. પણ પેલું થતું નથી એટલે આ કરી લ્યો. આપણે અવલોકન કરી શકતા નથી માટે વિચાર કરી લ્યો.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ થાય છે. પહેલા તો આમ કરવું જોઈએ ને. લ્યો, ઈ આવે છે. ઠીક !. પહેલા તો નિમિત્ત હોય ને, પહેલા તો વિકલ્પ હોય ને. પણ પહેલા પહેલા કરીને ક્યાં સુધી તારે હવે છેલ્લે સુધી પહેલા રાખવું છે ? હવે આયુષ્યનો છેડો આવ્યો ત્યાં સુધી હજી પહેલા ? એ પહેલાનો અર્થ જ એ છે કે એને એ સિવાય બીજું કાંઈ કરવું નથી. પહેલું એ જ રાખવું છે. પહેલું અને છેલ્લું બધે એ જ રાખવું છે. એમ એનો અર્થ થાય છે. વજન ઊઠી જવું જોઈએ. પહેલું કહેતા વજન આવે છે. એ વજન છૂટી જવું જોઈએ. હો, વિકલ્પ કાળમાં હો, પણ એ સાધક નથી ને બાધક છે એમ જાણશે તો છૂટશે. સાધક જાણશે તો એ વધારશે. પહેલા હું અડધી કલાક સ્વરૂપનું ચિંતવન કરતો હતો, હવે એક કલાક કરું છું, હવે વધારીને પછી દોઢ કલાક કરવો છે. એમ ને એમ વધારતા જાવું છે. બે કલાક, અઢી કલાક, ત્રણ કલાક, ચાર કલાક, સાડા ચાર, પાંચ-પાંચ, છ-છ કલાક સુધી ચિંતવન કરવું છે. ઠીક ! ચોવીસ કલાકમાં પા દિવસ તો સ્વરૂપ ચિંતવનમાં. ઠીક !

મુમુક્ષુ :- નુકસાનનો ધંધો.

પૂજ્ય ભાઈશ્રી :- નફાનો વેપાર ન આવડે તો નુકસાનનો કરવો આપણે. એમ કોઈ કરે ખરું ? માલ નફેથી ન વહેંચાતો હોય તો નુકસાનથી વહેંચી નાખો. માલ વેચાવો જોઈએ આપણો. એમ કોઈ વેપાર કરે ખરું ?

વેપાર બંધ કરવાનો વારો આવે.

મુમુક્ષુ :- કોઈ અનુભવી દેખાતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ન દેખાતા હોય તો પણ આપણે સુખી થાવું છે કે નથી થાવું ? ભાઈ ! કરોડપતિ નથી દેખાતા, અબજપતિ નથી દેખાતા એટલે નથી થાવું એમ કોઈ કહે છે ? એમ કોઈ કહે છે ? એમ કોઈ નથી કહેતું. જરૂર છે કે નહિ એ પહેલી વાત છે, હોં ! પહેલી વાત એ છે કે આ જીવને એની જરૂર છે કે નહિ ? દુઃખમુક્ત થવાની જરૂર છે કે નહિ ? એ પહેલી વાત છે. એ વગર રુચિ નહિ ઉત્પન્ન થાય. જરૂરિયાત વગર રુચિ ઉત્પન્ન નહિ થાય. રુચિ વગર પદાર્થનું ગ્રહણ નથી. રુચિ વગર વાંચે, સાંભળે ગમે એટલું, પણ પદાર્થનું ગ્રહણ નહિ થાય. ચિંતવન થશે પણ ગ્રહણ નહિ થાય. એ સમાધાનની વ્યાખ્યા આપી. પરિણમન તો પરિણમન છે અને વ્યાખ્યા છે એ વ્યાખ્યા છે.

'**દુઃખ અનુભવવામાં આવે છે, તોપણ તે સ્પષ્ટ ધ્યાનમાં આવવાને અર્થે થોડુંક તેનું વ્યાખ્યાન કરીએ છીએ.**' કોઈ પુસ્તક લખે છે. એનો આ Article છે એ થોડો રહી ગયો છે. અધૂરો આવી ગયો છે. '**પ્રાણીઓ બે પ્રકારનાં છે : એક ત્રસ એટલે પોતે ભયાદિનું કારણ દેખી નાસી જતાં, હાલતાં. ચાલતા એ આદિ શક્તિવાળાં. બીજાં સ્થાવર : જે સ્થળે દેહ ધારણ કર્યો છે, તે જ સ્થળે સ્થિતિમાન, અથવા ભયાદિ કારણ જાણી નાસી જવા વગેરેની સમજણશક્તિ જેમાં નથી તે.**' ઝાડ છે એમ ને એમ રહી જાય છે. અથવા જે એકેન્દ્રિય છે પૃથ્વી, પાણી, વનસ્પતિ એ બધાને ત્રાસ પામીને ખસવાનો પ્રકાર ઉત્પન્ન થતો નથી. એટલી સમજણ બિડાઈ ગઈ છે.

'**અથવા એકેન્દ્રિંયથી માંડી પાંચ ઇંદ્રિય સુધીનાં પ્રાણીઓ છે. એકેંદ્રિય પ્રાણીઓ સ્થાવર કહેવાય છે, અને બે ઇંદ્રિયવાળાં પ્રાણીથી માંડીને પાંચ ઇંદ્રિયવાળા પ્રાણી સુધીનાં ત્રસ કહેવાય. પાંચ ઉપરાંત કોઈ પણ પ્રાણીને ઇંદ્રિય હોતી નથી.**' આ તો આપણે સામાન્ય જાણપણું બધાને આવી ગયેલું હોય છે. '**એકેંદ્રિય પ્રાણીના પાંચ ભેદ છે : પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ.**' એમાં '**વનસ્પતિનું જીવત્વ સાધારણ મનુષ્યોને પણ કંઈક અનુમાનગોચર થાય છે.**' કેમ કે એ ઊગે છે, વધે છે, કરમાય છે, વગેરે. એમાં રોગ આવે છે. એટલે વનસ્પતિનું

જીવન અનુમાનગોચર થાય છે. અને અત્યારે તો આ 'શરદચંદ્ર બોઝે' એમાં જોયું છે. વૈજ્ઞાનિક રીતે..

મુમુક્ષુ :- 'જગદીશચંદ્ર'

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'જગદીશચંદ્ર બોઝે' સાબિત કર્યું છે તે અત્યારે લોકો પણ માને છે. પણ જિનાગમમાં તો એ અનાદિથી વાત ચાલુ જ છે. જૈન વિજ્ઞાનમાં એ વાત કાંઈ નવી નથી.

'**પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુનું જીવત્વ, આગમપ્રમાણથી, વિશેષ વિચારબળથી કંઈ પણ સમજી શકાય છે, સર્વથા તો પ્રકૃષ્ટજ્ઞાનગોચર છે.**' પ્રકૃષ્ટ એટલે ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ એટલે કેવળજ્ઞાન. સર્વથા તો કેવળજ્ઞાનગોચર છે. '**અગ્નિ અને વાયુના જીવો કંઈક ગતિમાન જોવામાં આવે છે. પણ તે પોતાની સમજણશક્તિપૂર્વક હોતું નથી, જેથી તેને સ્થાવર કહેવામાં આવે છે.**' .. પણ એ ત્રાસ પામીને ગતિ કરે છે એવું નથી. '**એકેન્દ્રિય જીવમાં વનસ્પતિમાં જીવત્વ સુપ્રસિદ્ધ છે, છતાં તેનાં પ્રમાણો આ ગ્રંથમાં અનુક્રમે આવશે.**' એટલે આ ગ્રંથ લખવા બેઠા છે. એમ છે. '**પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુનું જીવત્વ આ પ્રમાણે સિદ્ધ કર્યું છે.**' એમ કરીને નીચે કહેવું છે પણ એ લખાણ મળ્યું નથી. એટલો લેખ અપૂર્ણ રહી ગયો છે. એ ૭૫૯ (પત્ર પૂરો) થયો.

## પત્રાંક-૭૬૦

**સં. ૧૯૫૩**

જીવલક્ષણ {

**ચૈતન્ય જેનું મુખ્ય લક્ષણ છે,**

**દેહ પ્રમાણ છે,**

**અસંખ્યાત પ્રદેશ પ્રમાણ છે. તે અસંખ્યાત પ્રદેશતા લોકપરિમિત છે,**

**પરિણામી છે,**

**અમૂર્ત છે,**

**અનંત અગુરુલઘુ પરિણત દ્રવ્ય છે,**

**સ્વાભાવિક દ્રવ્ય છે;**

જીવલક્ષણ
- કર્તા છે,
- ભોક્તા છે,
- અનાદિ સંસારી છે,
- ભવ્યત્વ લબ્ધિ પરિપાકાદિથી મોક્ષસાધનમાં પ્રવર્તે છે,
- મોક્ષ થાય છે,
- મોક્ષમાં સ્વપરિણામી છે.

સંસારી જીવ
- સંસાર અવસ્થામાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ,
- કષાય અને યોગ ઉત્તરોત્તર બંધના સ્થાનક છે.

સિદ્ધાત્મા
- સિદ્ધાવસ્થામાં યોગનો પણ અભાવ છે.
- માત્ર ચૈતન્યસ્વરૂપ આત્મદ્રવ્ય સિદ્ધપદ છે.

વિભાવ પરિણામ 'ભાવકર્મ' છે.

પુદ્‌ગલસંબંધ 'દ્રવ્યકર્મ' છે.

અપૂર્ણ

૭૬૦માં જીવના લક્ષણ લીધા છે અને તે અપૂર્ણ રહી ગયો છે. **'ચૈતન્ય જેનું મુખ્ય લક્ષણ છે,...'** જીવમાં અનેક લક્ષણો હોવા છતાં જીવ લક્ષણમાં ચૈતન્ય છે એ એનું અસાધારણ ખાસ પ્રકારનું વિશિષ્ટ પ્રકારનું Specify કરી શકાય એવું લક્ષણ હોય તો તે ચૈતન્ય લક્ષણ છે. **'દેહ પ્રમાણ છે,...'** ચેતન કેવું છે દરેકનો ? દેહ પ્રમાણ છે. **'અસંખ્યાત પ્રદેશ પ્રમાણ છે. તે અસંખ્યાત પ્રદેશતા લોકપરિમિત છે,...'** લોકમાં ચૌદ બ્રહ્માંડના જેટલા અસંખ્ય પ્રદેશ છે એટલા એક જીવના પ્રદેશ છે. **'પરિણામી છે,...'** પરિણમન થઈ રહ્યું છે એના માટે પરિણામી છે. **'અમૂર્ત છે,...'** એટલે રંગ છે, સ્પર્શ છે એ વગેરે એમાં જે પુદ્‌ગલના ધર્મો છે રૂપ, રસ, ગંધ, વર્ણ એ એનામાં નથી.

**'અનંત અગુરુલઘુ પરિણત દ્રવ્ય છે,...'** અગુરુલઘુ નામનો ગુણ છે જેનું પરિણમન કેવળજ્ઞાનગોચર છે. ષટ્‌સ્થાન હાનિ-વૃદ્ધિ સહિત. તે દિવસે ચર્ચા ચાલી હતી ને ? ભાઈનો પ્રશ્ન હતો. ધ્રુવ અને ઉત્પાદ-વ્યય.

એમાં અગુરુલઘુત્વ ઉત્પાદ-વ્યયને સાબિત કરે છે. ધ્રુવમાં અગુરુલઘુત્વનું ષટ્સ્થાન હાનિ-વૃદ્ધિ હોતી નથી. એક સમયની પર્યાયમાં છ પ્રકારની હાનિવૃદ્ધિ છે પણ ધ્રુવમાં હાનિવૃદ્ધિ નથી. ધ્રુવ અને ઉત્પાદ-વ્યય જુદા છે. એ અગુરુલઘુમાંથી પણ સિદ્ધ થાય છે.

'**સ્વાભાવિક દ્રવ્ય છે;...**' જીવ છે એ સ્વભાવિક દ્રવ્ય છે. '**કર્તા છે,...**' નિજ પરિણામનો એ કર્તા છે. અને પોતાના હરખ, શોક, આનંદાદિનો '**ભોક્તા છે,...**' '**અનાદિથી સંસારી છે,...**' કેવો છે ? કોઈપણ જીવ અનાદિથી સિદ્ધ હોય કે સાધક હોય એવું બનતું નથી. અનાદિથી સંસારી છે. '**ભવ્યત્વ લબ્ધિ પરિપાકાદિથી મોક્ષસાધનમાં પ્રવર્તે છે,...**' એનો ભવ્યત્વ અથવા લબ્ધિ પરિપાક આવે તો ત્યારથી એ સંસારી જીવ છે એ મોક્ષ થવાના ઉપાયમાં વર્તે છે. મોક્ષ પણ કોઈ કોઈ જીવનો થાય છે અને '**મોક્ષમાં સ્વપરિણામી છે.**' ત્યાં ધ્રુવ નથી. મોક્ષમાં સ્વપરિણામી છે. ત્યાં પણ પરિણમન એનું ચાલું છે. છે ને ? અનેક જગ્યાએ એ વાત નીકળે છે.

મુમુક્ષુ :- મુદ્દા જ પકડી લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષયોપશમ ઘણો છે. ક્ષયોપશમ ઘણો હતો. મુનિ છે એ દિગંબર હોય છે. એનો પુરાવો આમાં મળે છે. (પત્રાંક)૭૬૪માં. પાછળ ૫૮૬ પાને છે ને ? '**યથાજાતલિંગ સર્વવિરતીધર્મ.**' લીધું છે ? ભાઈ ! છે કે નહિ ? '**યથાજાત...**' એટલે નગ્ન. જેવું જન્મે. બાળક જેવું જન્મે એવું જેનું લિંગ એટલે વેશ હોય તે સર્વવિરતીધર્મ છે. સાધુનો. અવિરતી, દેશવિરતી અને સર્વવિરતી. એમાં સર્વવિરતી યથાજાત લિંગ હોય છે. એટલે કપડાવાળા સાધુ સર્વવિરતી નથી હોતા એમ આવ્યું કે ન આવ્યું ? છે કે નહિ ? એમ છે. સર્વવિરતી આવી ગયું ને. દેશવિરતી નથી આવ્યું. એમાં સર્વવિરતી દ્વાદશવાદ દેશવિરતી છે. યથાજાતલિંગ સર્વવિરતી ધર્મ છે. એ બહુ સ્પષ્ટ પુરાવો મળે છે. આ તો કોઈ શંકા કરે છે ને ? એની વાત છે.

મુમુક્ષુ :- 'અપૂર્વ અવસર'માં તો બધા...

પૂજ્ય ભાઈશ્રી :- 'અપૂર્વ અવસર'માં તો નગ્નભાવ એવો શબ્દ જ વાપર્યો છે. મૂંડભાવ, નગ્નભાવ સહ અસ્નાનતા. જે અઠ્યાવીશ મૂળગુણ છે એનો જ ઉલ્લેખ છે એ બધો. પછી સૌથી શરૂઆતમાં કરપાત્રમાં ભીક્ષા માગનારના ચરણમાં અમે વંદન કરીએ છીએ. કરપાત્રમાં ભીક્ષા. દિગંબર

સાધુ સિવાય કરપાત્રમાં કોઈ ભીખા લેતું નથી. અન્યમતમાં પણ નગ્ન બાવાઓ હોય છે. પણ એ લોકો તુંબડીમાં જમે છે. એ પાત્ર રાખે છે અને તુંબડી રાખે છે. જંગલમાં એવી તુંબડી થતી હોય તો એને ગામમાંથી વાસણ ખરીદવું ન પડે. જંગલની તુંબડી હોય એ તુંબડીમાં પીવાનું પાણી પણ એમાં પીએ, શૌચ જાય તો પણ એ વાપરે અને આહાર લે તોપણ એમાં લઈ લે. બધું ભેગુ કરીને ખાઈ લે. એવી રીતે વાસણ વાપરે. એક દિગંબર મુનિ છે, જૈન દિગંબર મુનિ છે એ જ કરપાત્રની અંદર આહાર લે છે. બીજે ક્યાંય એવી પદ્ધતિ નથી. બહુ શરૂઆતના પત્રમાં એ વાત લીધી છે. સુખી એ વધારે છે. કરપાત્રમાં આહાર લેનાર સુખી છે એમ કરીને વાત લીધી છે.

'**સંસારી જીવ સંસાર અવસ્થામાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ ઉત્તરોત્તર બંધનાં સ્થાનક છે.**' આ મિથ્યાત્વ પછી બંધ થાય છે એમાં લીધું છે. આ અત્યારે માને છે ને ? મિથ્યાત્વથી બંધ નથી. આ બંધના સ્થાનો છે. પણ આસ્રવ છે એ બંધનું કારણ છે. અને એ તત્ત્વાર્થસૂત્રનું તો સૂત્ર છે. 'ઉમાસ્વામી'ના સૂત્રો તો બધા એવા છે કે જે શ્વેતાંબરોમાં કોઈએ અમાન્ય કર્યા નથી. 'તત્ત્વાર્થસૂત્ર'ના સૂત્રો તો શ્વેતાંબરોએ પણ માન્ય કર્યા છે. પછી અર્થ પોતપોતાની રીતે કરે છે. પણ સૂત્રની અંદર ભૂલ છે એ વાત ક્યાંય .. નથી. એ સંસારી જીવ લીધા.

પછી સિદ્ધ આત્મા. '**સિદ્ધાત્માસિદ્ધાવસ્થામાં યોગનો પણ અભાવ છે.**' એટલે મન, વચન અને કાયાનું જોડાણ ત્યાં નથી. અશરીરી છે. '**માત્ર ચૈતન્યસ્વરૂપ આત્મદ્રવ્ય સિદ્ધપદ છે.**' માત્ર ચૈતન્યસ્વરૂપ. શરીર વિનાનું વિદેહી. વિદેહી સ્વરૂપ છે એ. '**વિભાવ પરિણામ 'ભાવકર્મ' છે.**' અને '**પુદ્‌ગલસંબંધ 'દ્રવ્યકર્મ' છે.**' એ પણ અપૂર્ણ રહ્યો છે.

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાનમાં યોગનો અભાવ છે તો અરિહંતમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- અરિહંતમાં તો યોગ છે ને ? મન, વચન, કાયાના યોગ છે. અરિહંતમાં તો યોગ છે.

મુમુક્ષુ :- સયોગી કેવળી

પૂજ્ય ભાઈશ્રી :- સયોગી કેવળી. યોગ છે. યોગાસ્રવ છે ને ? ત્યાં તો યોગ છે અને યોગાસ્રવ પણ છે. ત્યાં સર્વથા આસ્રવ નથી એવું નથી. છેલ્લી કક્ષાનો આસ્રવ ત્યાં છે. કરપાત્ર નથી. કરપાત્રનું આમાં છે. આ બાજુ જમણા હાથ બાજુ ઉપર છે. છે, લ્યો મળી ગયું. ૨૫૩ પાને. ..

મળે એવું નથી પણ કુદરતી (મળી ગયું). ૧૭૬મો આંક. પત્રાંક-૧૭૬. 'સોભાગ્યભાઈ' ઉપરનો પત્ર છે.

**'આ સમજણ સમીપે આવેલા જીવની હોય છે,...'** શું કહે છે ? કે **'જે (જીવ) છૂટવા માટે જ જીવે છે તે બંધનમાં આવતો નથી આ વાક્ય નિઃશંક અનુભવનું છે. બંધનનો ત્યાગ કર્યે છૂટાય છે, એમ સમજ્યા છતાં તે જ બંધનની વૃદ્ધિ કર્યા કરવી, તેમાં પોતાનું મહત્વ સ્થાપન કરવું,...'** બંધાઈને પણ મહત્વ સ્થાપન કરવું. **'પૂજ્યતા પ્રતિપાદન કરવી, એ જીવને બહુ રખડાવનારું છે.'** આ ધર્મના સ્થાનમાં પણ પૂજ્યતાનું બંધન જે વ્હોરવામાં આવે છે એના ઉપર લખાણ છે. **'આ સમજણ સમીપે આવેલા જીવને હોય છે,...'** આવી સમજણ કોને હોય છે ? કે જેનો હવે સંસાર મટવાનો છે (એવા) આસન્નભવ્ય જીવનો. **'અને તેવા જીવો સમર્થ ચક્રવર્તી જેવી પદવીએ છતાં તેનો ત્યાગ કરી, કરપાત્રમાં ભિક્ષા માગીને જીવનાર સંતના ચરણને અનંત અનંત પ્રેમે પૂજે છે,..'** લ્યો ! દિગંબર મુનિઓને એ ચક્રવર્તીઓ પૂજે છે એમ કહી દીધું છે. ૨૪મા વર્ષના કારતક મહિનાની વાત છે હજી. શરૂઆતમાં જ તે.

**'અને તેવા જીવો સમર્થ ચક્રવર્તી જેવી પદવીએ છતાં તેનો ત્યાગ કરી, કરપાત્રમાં ભિક્ષા માગીને જીવનાર સંતના ચરણને અનંત અનંત પ્રેમે પૂજે છે,...'** એના પ્રત્યે એને અનંત ભક્તિ આવે છે. **'અને જરૂર તે છૂટે છે.'** એ છૂટી જાય છે. પણ **'દીનબંધુની દૃષ્ટિ જ એવી છે...'** જુઓ ! ભગવાન ઉપર નાખે છે. **'કે છૂટવાના કામીને બાંધવો નહીં; બાંધવાના કામીને છોડવો નહીં.'** એવા કોઈ અવર્ણવાદ બોલે છે. કોઈ મુનિ છે સંપ્રદાયના. પછી 'સોભાગભાઈ' લખે છે કે આપણે એના ઉપર કરુણા રાખીને જરાક એને સમજાવીએ. તો કહે છે, ઈશ્વર જેને રખડાવવા માગે છે એને છોડાવવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે. માટે તમે તમારો સમય અને શક્તિ નહિ બગાડતા. એટલે એમ કહેવું છે કે હજી એને રખડવાનું ઘણું છે એવું દેખાય છે. સત્પુરુષનો વિરોધ કરે છે. સત્પુરુષનો વિરોધ કરે છે તે અનંત સંસારને રખડવાનું કારણ થાય છે. એટલે હજી ઈશ્વર એને રખડાવવા માગે છે. ઈશ્વરની આજ્ઞાને ઉલ્લંઘન કરીને તમે છોડાવવા જાશો તો નહિ છૂટે એ કાંઈ. બહુ શરૂઆતમાં પણ એ મળે છે, પાછળ પણ મળે છે. એ ૭૬૦ (પત્ર) પૂરો થયો.

## પત્રાંક-૭૬૧

સં. ૧૯૫૩

જ્ઞાનાવરણીયાદિ કર્મને યોગ્ય જે પુદ્‌ગલ ગ્રહણ થાય છે તે 'દ્રવ્યાસ્રવ' જાણવો. જિનભગવાને તે અનેક ભેદથી કહ્યો છે.

જીવ જે પરિણામથી કર્મનો બંધ કરે છે તે 'ભાવબંધ'. કર્મપ્રદેશ, પરમાણુઓ અને જીવનો અન્યોન્ય પ્રવેશરૂપે સંબંધ થવો તે 'દ્રવ્યબંધ.'

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એમ ચાર પ્રકારનો બંધ છે. પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી થાય છે; સ્થિતિ તથા અનુભાગબંધ કષાયથી થાય છે.

આસ્રવને રોકી શકે એવો ચૈતન્યસ્વભાવ તે 'ભાવસંવર' અને તેથી દ્રવ્યાસ્રવને રોકે તે 'દ્રવ્યસંવર' બીજો છે.

વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા અને પરિષહજય તથા ચારિત્રના ઘણા પ્રકાર તે 'ભાવસંવર'ના વિશેષ જાણવા.

જે ભાવ વડે, તપશ્ચર્યાએ કરીને કે યથાકાળે કર્મના પુદ્‌ગલો રસ ભોગવાઈ જઈ ખરી પડે છે, તે 'ભાવનિર્જરા'. તે પુદ્‌ગલપરમાણુઓનું આત્મપ્રદેશથી ખરી પડવું તે 'દ્રવ્યનિર્જરા',

સર્વ કર્મનો ક્ષય થવારૂપ આત્મસ્વભાવ તે 'ભાવમોક્ષ'. કર્મવર્ગણાથી આત્મદ્રવ્યનું જુદું થઈ જવું તે 'દ્રવ્યમોક્ષ'.

શુભ અને અશુભ ભાવને લીધે પુણ્ય અને પાપ જીવને હોય છે. શાતા, શુભાયુષ, શુભનામ અને ઉચ્ચ ગોત્રનો હેતુ 'પુણ્ય' છે. 'પાપ'થી તેથી વિપરીત થાય છે.

સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર મોક્ષનાં કારણ છે. વ્યવહારનયથી તે ત્રણે છે. 'નિશ્ચય'થી આત્મા એ ત્રણેમય છે.

આત્માને છોડીને એ ત્રણે રત્ન બીજા કોઈ પણ દ્રવ્યમાં વર્તતાં નથી, તેટલા માટે આત્મા એ ત્રણેમય છે; અને તેથી મોક્ષકારણ પણ આત્મા જ છે.

જીવાદિ તત્ત્વો પ્રત્યે આસ્થારૂપ આત્મસ્વભાવ તે 'સમ્યક્દર્શન'; જેથી માઠા આગ્રહથી રહિત 'સમ્યક્જ્ઞાન' થાય છે.

સંશય, વિપર્યય અને ભ્રાંતિથી રહિત આત્મસ્વરૂપ અને પરસ્વરૂપને યથાર્થપણે ગ્રહણ કરી શકે તે 'સમ્યક્જ્ઞાન', સાકારોપયોગરૂપ છે. તેના ઘણા ભેદ છે.

ભાવોનું સામાન્ય સ્વરૂપ જે ઉપયોગ ગ્રહણ કરી શકે તે 'દર્શન', એમ આગમમાં કહ્યું છે. 'દર્શન' શબ્દ શ્રદ્ધાના અર્થમાં પણ વપરાય છે.

છદ્મસ્થને પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે. કેવળી ભગવાનને બન્ને સાથે થાય છે.

અશુભભાવથી નિવૃત્તિ અને શુભભાવમાં પ્રવૃત્તિ તે 'ચારિત્ર'. વ્યવહારનયથી તે ચારિત્ર વ્રત, સમિતિ, ગુપ્તિ રૂપે શ્રી વીતરાગોએ કહ્યું છે.

સંસારના મૂળ હેતુઓનો વિશેષ નાશ કરવાને અર્થે બાહ્ય અને અંતરંગ ક્રિયાનો જ્ઞાનીપુરુષને નિરોધ થાય તેનું નામ 'પરમ સમ્યક્ચારિત્ર' વીતરાગોએ કહ્યું છે.

મોક્ષના હેતુરૂપ એ બન્ને ચારિત્ર ધ્યાનથી અવશ્ય મુનિઓ પામે છે, તેટલા માટે પ્રયત્નવાન ચિત્તથી ધ્યાનનો ઉત્તમ અભ્યાસ કરો.

જો તમે અનેક પ્રકારના ધ્યાનની પ્રાપ્તિને અર્થે ચિત્તની સ્થિરતા ઇચ્છતા હો તો પ્રિય અથવા અપ્રિય વસ્તુમાં મોહ ન કરો, રાગ ન કરો, દ્વેષ ન કરો.

પાંત્રીશ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક અક્ષરના એમ પરમેષ્ઠીપદના વાચક મંત્ર છે તેનું જપપૂર્વક ધ્યાન કરો. વિશેષ સ્વરૂપ શ્રી ગુરુના ઉપદેશથી જાણવું યોગ્ય છે.

અપૂર્ણ

૭૬૧માં જૈન પરિભાષામાં જે કેટલાક શાસ્ત્રીય પરિભાષાના શબ્દો છે, જૈનશાસ્ત્રની પરિભાષાના, એના એમણે વ્યાખ્યા કરીને અર્થ સમજાવ્યા છે. દ્રવ્યાસ્રવ લીધો છે. '**જ્ઞાનાવરણીયાદિ કર્મને યોગ્ય જે પુદ્‌ગલ ગ્રહણ થાય છે તે 'દ્રવ્યાસ્રવ' જાણવો. જિનભગવાને તે અનેક ભેદથી કહ્યો છે.**' જુઓ ! આ પાઠમાળાનું શિક્ષણ મળી જાય એવા બધા પાઠ આવી ગયા છે. જે પુદ્‌ગલકર્મનું જ્ઞાનાવરણીયાદિના પ્રકૃતિના પુદ્‌ગલકર્મનું ગ્રહણ થાય છે, આવવું થાય છે એને દ્રવ્યાસ્રવ કહ્યો છે અને એના અનેક ભેદો છે. જેટલી પ્રકૃતિ એટલા એના ભેદો. જેનો જથ્થો થાય એટલા એને ભેદો, જે એની સ્થિતિ પડી હોય એટલા એના ભેદો. એવા ઘણા ભેદો છે.

'**જીવે જે પરિણામથી કર્મનો બંધ કરે છે...**' જીવ જે પરિણામથી કર્મનો બંધ કરે છે '**તે 'ભાવબંધ''** છે. ભાવમાં આખે આખો પ્રતિબદ્ધ થઈને, એકાકાર થઈને, પ્રતિબદ્ધ થઈને રોકાઈ જાય છે માટે એને ભાવબંધ કહેવામાં આવે છે. એ ભાવ પ્રમાણે શબ્દ છે અથવા શબ્દ પ્રમાણે એનો ભાવ છે. ગુણ પ્રમાણે. '**કર્મપ્રદેશ, પરમાણુઓ અને જીવનો અન્યોન્ય પ્રવેશરૂપે સંબંધ થવો તે 'દ્રવ્યબંધ'.**' પુદ્‌ગલ પરમાણુનો સંબંધ થવો તે દ્રવ્યબંધ છે અને જે દ્રવ્યબંધ થવામાં નિમિત્તભૂત એવા જીવના પરિણામ છે એને ભાવબંધ કહેવામાં આવે છે. .. ભાવાસ્રવ લઈ લે.

'**પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એમ ચાર પ્રકારનો બંધ છે. પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી થાય છે; સ્થિતિ તથા અનુભાગબંધ કષાયથી થાય છે.**' એક બંધ થાય એના ચાર પાસા છે. પ્રકૃતિ એટલે પ્રકાર. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય વગેરે એવા જે પ્રકાર પડે છે એ. સ્થિતિ એટલે એને જીવના પ્રદેશો સાથે સંયોગપણે રહેવાની મુદત, એનું નામ સ્થિતિ. અનુભાગ એટલે એની ફળ દેવાની શક્તિ. તીવ્રતા અને મંદતાથી જે ઉદય આવે છે એને અનુભાગ કહે છે. અને પ્રદેશ એટલે પરમાણુની સંખ્યા. જેટલી સંખ્યામાં એ બંધાય એને એના પ્રદેશો ગણવામાં આવે છે. એમ ચાર બંધ છે. એમાં '**પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી થાય છે;...**' મન, વચન, કાયાના યોગથી જીવના પ્રદેશોનું જે કંપન થાય છે એને અહીંયાં પ્રકૃતિ અને પ્રદેશનો બંધ થાય છે. અને

જીવના કષાયનો રસ જેટલો તીવ્ર-મંદ હોય છે એના પ્રમાણમાં સ્થિતિ અને અનુભાગની ઉત્પત્તિ થાય છે.

**'આસ્રવને રોકી શકે એવો ચૈતન્યસ્વભાવ તે 'ભાવસંવર''** છે. આસ્રવને રોકી શકે એવો ચૈતન્યસ્વભાવ તે ભાવસંવર છે. **'અને તેથી દ્રવ્યાસ્રવને રોકે તે 'દ્રવ્યસંવર' બીજો છે.'** એક ચૈતન્ય પરિણામ છે અને એક પુદ્ગલના પરિણામ છે. પુદ્ગલની સ્થિતિ છે. જે આસ્રવ કહ્યો એ આસ્રવને રોકી રાખે એવો જે આત્માનું શુદ્ધ પરિણમનરૂપ પરિણામ છે, ચૈતન્યસ્વભાવે પરિણામ છે એને ભાવસંવર કહે છે. અને એના નિમિત્તે પુદ્ગલ પરમાણુ આવતા રોકાય જાય તેને દ્રવ્યસંવર કહેવામાં આવે છે. ન સમજાય તો પૂછવું. બહુ સીધી સાદુ સમજાય એવું છે આમાં.

મુમુક્ષુ :- ભાવસંવરની શરૂઆત ચોથા ગુણસ્થાનથી જ થાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવસંવરની શરૂઆત સમ્યક્ પ્રકારે ચોથા ગુણસ્થાનથી થાય અને અસમ્યક્ પ્રકારે તો અનાદિથી બધા જીવને છે જ. કેવી રીતે ? કે જેટલી પ્રકૃતિનો આસ્રવ થાય છે, બાકીની પ્રકૃતિનો અનાસ્રવ છે તે સંવર છે. લીધા છે ને ? અનાદિથી નવ તત્ત્વ લીધા છે કે નથી લીધા ૧૩મી ગાથામાં ? અનાદિથી .. નવ તત્ત્વ લીધા છે. એમાં મોક્ષતત્ત્વ લઈ લીધું છે. છૂટે છે તો મોક્ષ છે. એટલે મુખ્યપણે 'સંવર' શબ્દ છે એ મોક્ષમાર્ગમાં જ વપરાય છે. પછી અપેક્ષાથી ગમે ત્યાં અર્થ કરવામાં આવે છે પણ મુખ્યપણે મોક્ષમાર્ગમાં જ સંવરનો સમ્યક્ પ્રકાર છે. ત્યાંથી જ એને ગણવામાં આવ્યો છે.

**'વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા અને પરિષહજય તથા ચારિત્રના ઘણા પ્રકાર તે 'ભાવસંવર'ના વિશેષ જાણવા.'** ભેદો જાણવા. વિશેષ એટલે ભેદો જાણવા. કોઈ વ્રતને કારણે આ દ્રવ્યાસ્રવ રોકાય જાય અથવા ભાવાસ્રવ રોકાય જાય. એવી રીતે સમિતિ, ગુપ્તિ એ બધા પ્રકારને લઈને જે આસ્રવો રોકાય જાય છે એને ભાવસંવરના અનેક ભેદો જાણવા. **'જે ભાવ વડે, તપશ્ચર્યાએ કરીને કે યથાકાળે...'** સ્થિતિ પૂરી થતાં **'કર્મના પુદ્ગલો રસ ભોગવાઈ જઈ ખરી પડે છે, તે 'ભાવનિર્જરા'.'** જે ભાવ વડે, જીવના જે ભાવ વડે. તપશ્ચર્યા થાય અથવા તો યથા કાળે કર્મના પુદ્ગલોનો રસ પૂરો થઈને ભોગવાઈ જાય અને ખરી પડે તે ભાવ જેમાં નિમિત્ત થાય છે તેને ભાવનિર્જરા કહે છે. અને **'તે પુદ્ગલપરમાણુઓનું આત્મપ્રદેશથી ખરી પડવું તે**

'**દ્રવ્યનિર્જરા**'' કહેવામાં આવે છે. એ રીતે ભાવનિર્જરા અને દ્રવ્યનિર્જરા એ સામે સામે છે.

મુમુક્ષુ :- દરેક સમયે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. દર સમયે જે જે ઉદય આવે છે એની સ્થિતિ પૂરી થઈ એટલે ઉદયમાં આવ્યા. જ્યારે બંધાણા હતા એ તો .. કાળે બંધાણા હતા. જેની જેની સ્થિતિ પાકી એ દરેક વર્તમાનમાં જેની જેની સ્થિતિ પાકે એનો ઉદય આવે છે. અને ઉદય આવે એ ખરે જ. બસ ! એ વખતે રાગ-દ્વેષ કરે ત્યારે નવા બંધાય અને રાગ-દ્વેષ ન કરે તો સંવર થાય. એટલે નવો બંધ ન પડે. પણ જો ઉદય આવ્યા એ તો ખરવા જ આવ્યા. વગર પ્રયત્ને. યથા કાળે-પરિપાક કાળે. પાકી ગયું. જેમ એક પડ્યું પડ્યું ફળ પાકે છે કે નહિ ? પડ્યું પડ્યું પાકે. એને રાખી મૂકો. આને હજી પાંચ દિ' લાગશે પાકતા. એ પાંચ દિ' લાગે એમાં પાંચ દિ' લાગે એટલે લાગે જ તે પછી. એને કાંઈ જલ્દી પકવી શકાય નહિ. એ યથા કાળે જ પાકે. એમ કેટલાક કર્મ એવા છે કે એ યથા કાળે પાકે.

મુમુક્ષુ :- જે ફળ પાક્યું છે એ ખરવા માટે. કર્મ ફળ પાકે ત્યારે અની યોગ્યતા...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે કે એ ખરી જાય છે, ખલાસ થઈ જાય છે. પછી એનો ઉપયોગ રહેતો નથી. એની પ્રકૃતિ નાશ પામી જાય છે. અને એ સામાન્ય કર્મ પુદ્ગલ થઈ જાય છે. જે કાર્મણવર્ગણા છે આખા લોકમાં પડેલી, એમાં કોઈ પ્રકૃતિ નથી. બધા કર્મ પરમાણુ સામાન્ય કર્મ પ્રકૃતિવાળા છે. એનો પ્રકાર બીજા પરમાણુ કરતાં જુદો છે એટલે એને કાર્મણ વર્ગણા કહે છે. ભાષાના પરમાણુઓ જે છે એને ભાષાવર્ગણા કહે છે. એમ વર્ગણા એટલે સમૂહ છે. એમ કર્મના પરમાણુ છે એ જીવના ભાવનું નિમિત્ત પામીને જુદી જુદી પ્રકૃતિએ પરિણમે છે. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ પડે છે. એ પાછું એની સ્થિતિ પૂરી થાય ત્યારે ઉદય આવે અને ખરી જાય ત્યારે એ પ્રકૃતિનો નાશ થઈને સામાન્ય કર્મ પરમાણુ થઈને કાર્મણ વર્ગણા લોકમાં ભળી જાય છે અને જીવનો સંયોગ છોડી દે છે.

મુમુક્ષુ :- રસ ભોગવાઈ જાય એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- રસ ભોગવાઈ જાય એટલે માનો કે આ અશાતાવેદનીનો ઉદય આવે છે. પીડા ભોગવાઈ જાય. શાતા વેદનીનો

ઉદય આવે તો શાતા ભોગવાઈ જાય. આ પુણ્ય-પાપના ઉદય આવે છે કે નહિ ? બસ ! સીધી સમજાય એવી વાત છે. એ બધા ભોગવાઈ ભોગવાઈને ખરી જાય. આ શરીર છે, લ્યો ! યુવાનમાંથી વૃદ્ધ થયું.

મુમુક્ષુ :- ઈ રસ ભોગવાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- ભોગવાઈ ગયું કે નહિ ? બસ ! એવી રીતે છે. એમ એને રોકવું હોય તો રોકી શકે ? ન રોકી શકાય.

**'સર્વ કર્મનો ક્ષય થવારૂપ આત્મસ્વભાવ તે 'ભાવમોક્ષ'.'** સર્વ કર્મનો ક્ષય થવારૂપ આત્મસ્વભાવ જેવો છે તેવો પ્રગટ થાય કે જેનાથી નિમિત્તપણે સર્વ કર્મનો ક્ષય થાય છે. અને **'કર્મવર્ગણાથી આત્મદ્રવ્યનું જુદું થઈ જવું તે 'દ્રવ્યમોક્ષ'.'** ભાવમોક્ષ અને દ્રવ્યમોક્ષ. દ્રવ્ય જુદા પડે તેને દ્રવ્યમોક્ષ કીધો. દ્રવ્ય એટલે પુદ્‌ગલદ્રવ્ય. અને ભાવ જે મલિન ભાવ છે એ જુદો પડી જાય, છૂટો પડી જાય, અભાવ થઈ જાય. એને ભાવમોક્ષ કહે છે.

**'શુભ અને અશુભ ભાવને લીધે પુણ્ય અને પાપ જીવને હોય છે.'** શું કહે છે ? શુભ અને અશુભ ભાવને લીધે પુણ્ય અને પાપ જીવને હોય છે. **'શાતા, શુભાયુષ, શુભનામ અને ઉચ્ચ ગોત્રનો હેતુ 'પુણ્ય' છે. 'પાપ'થી તેથી વિપરીત થાય છે.'** એ પાપ અને પુણ્ય સામ સામે પ્રતિપક્ષમાં રહેલા છે. એટલે પાપના ઉદયથી અશાતા, અશુભ આવ્યું. અશુભ નામ અને નીચ ગોત્રનો ઉદય આવે છે. એમ સામે સામે લેવું.

**'સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર મોક્ષનાં કારણ છે.'** સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર છે એ મોક્ષના કારણ છે. **'વ્યવહારનયથી તે ત્રણે છે. 'નિશ્ચય'થી આત્મા એ ત્રણેમય છે.'** આપણે સાંજના સ્વાધ્યાયમાં કળશ ચાલી ગયા. વ્યવહારથી ત્રણ ભેદ છે, નિશ્ચયથી કોઈ ભેદ નથી, અભેદ છે. **'આત્માને છોડીને એ ત્રણે રત્ન બીજા કોઈ પણ દ્રવ્યમાં વર્તતા નથી, તેટલા માટે આત્મા એ ત્રણેમય છે; અને તેથી મોક્ષકારણ પણ આત્મા જ છે.'** એક રત્નત્રય કારણ છે એમ કહો કે રત્નત્રયમય આત્મા મોક્ષનું કારણ છે એમ કહો, બંને એક જ છે.

**'જીવાદિ તત્ત્વો પ્રત્યે આસ્થારૂપ આત્મસ્વભાવ તે 'સમ્યક્‌દર્શન';...'** ત્રણેની વ્યાખ્યા કરશે. **'જીવાદિ તત્ત્વો પ્રત્યે આસ્થારૂપ આત્મસ્વભાવ તે 'સમ્યગ્દર્શન'; જેથી માઠા આગ્રહથી રહિત 'સમ્યક્‌જ્ઞાન' થાય છે.'**

સમ્યગ્દર્શન કારણ છે અને સમ્યગ્જ્ઞાન કાર્ય લીધું અહીંયાં. મૂળમાં સમ્યગ્દર્શન છે ને ? એટલે **'જીવાદિ તત્ત્વો પ્રત્યે આસ્થારૂપ આત્મસ્વભાવ તે 'સમ્યક્દર્શન''** છે અને તેનાથી જૂઠો આગ્રહ, પૂર્વગ્રહ છે એ મિથ્યા આગ્રહ છૂટી જાય છે એ સમ્યક્જ્ઞાન થાય છે. પછી સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા કરે છે.

**'સંશય, વિપર્યય અને ભ્રાંતિથી રહિત આત્મસ્વરૂપ અને પરસ્વરૂપને યથાર્થપણે ગ્રહણ કરી શકે...'** જુઓ ! સ્વપરપ્રકાશક લીધું. સમ્યગ્જ્ઞાનમાં પણ. **'સંશય, વિપર્યય અને ભ્રાંતિથી રહિત આત્મસ્વરૂપ અને પરસ્વરૂપને યથાર્થપણે ગ્રહણ કરી શકે તે 'સમ્યક્જ્ઞાન', સાકારોપયોગરૂપ છે. તેના ઘણા ભેદ છે.'** એ જ્ઞાનના પણ ઘણા ભેદ છે. પછી **'ભાવોનું સામાન્ય સ્વરૂપ જે ઉપયોગ ગ્રહણ કરી શકે તે 'દર્શન', એમ આગમમાં કહ્યું છે.'** દર્શનઉપયોગ લીધો આમાં. દર્શન શબ્દનો અહીંયાં દર્શનઉપયોગ લીધો. ઓલું સમ્યગ્દર્શન લીધું એ નહિ. **'દર્શન શબ્દ શ્રદ્ધાના અર્થમાં પણ વપરાય છે.'** દર્શન શબ્દના બે અર્થ છે : એક દર્શન ઉપયોગ અને એક શ્રદ્ધા. જ્યાં જે અર્થ હોય તે સમજવો. ઘણા બે એક જ અર્થ લે છે એ વાત બરાબર નથી. આ બધું આવી તો ગયું છે. ત્યાં જરા એ અર્થમાં ફેર પડતો હતો. દર્શનને શ્રદ્ધા અને શ્રદ્ધાને દર્શન ઉપયોગ, દર્શનઉપયોગને શ્રદ્ધામાં લઈ લેતા હતા. પોતે ચોખવટ કરી છે. 'શ્રીમદ્જી'એ ચોખવટ કરી છે. એ ધ્યાન જાવું જોઈએ.

**'છદ્મસ્થને પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે. કેવળી ભગવાનને બન્ને સાથે થાય છે.'** આ શ્વેતાંબર માન્યતાથી જુદું પડે છે. આ દિગંબર માન્યતા છે. દિગંબર આગમમાં એ પ્રમાણે વાત છે. ત્યાં (-શ્વેતાંબર મતમાં) કેવળી ભગવાનને પણ છદ્મસ્થની જેમ થાય છે. પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે. પ્રથમ સમયે કેવળદર્શન ઉપયોગ થાય છે અને પછીના સમયે કેવળજ્ઞાનોપયોગ થાય છે. એમ નથી. છદ્મસ્થને પ્રથમ દર્શન અને જ્ઞાન થાય, કેવળીને બંને સાથે થાય છે.

**'અશુભભાવથી નિવૃત્તિ અને શુભભાવમાં પ્રવૃત્તિ તે 'ચારિત્ર'. વ્યવહારનયથી તે ચારિત્ર વ્રત, સમિતિ, ગુપ્તિ રૂપે શ્રી વીતરાગોએ કહ્યું છે.'** આ વ્યવહારચારિત્રના ભેદ લીધા છે. **'સંસારના મૂળ હેતુઓનો વિશેષ નાશ કરવાને અર્થે બાહ્ય અને અંતરંગ ક્રિયાનો જ્ઞાનીપુરુષને**

**નિરોધ થાય તેનું નામ 'પરમ સમ્યક્ચારિત્ર' વીતરાગોએ કહ્યું છે.'** આ ભાવચારિત્ર અથવા અંદરનું ચારિત્ર જે છે એ આત્મચારિત્ર, કે જેમાં સંસારના મૂળ હેતુનો નાશ થાય છે. અને બાહ્યાભ્યંતર જે ક્રિયા છે એટલે અસ્થિરતાની જે ક્રિયા છે એનો જે જ્ઞાનીપુરુષને નિષેધ થાય છે કે મોક્ષમાર્ગમાં જે નિરોધ થાય છે એની વાત લીધી. તેને પરમ સમ્યક્ચારિત્ર કહેવામાં આવ્યું છે. અજ્ઞાનીને એવો અંતરબાહ્ય ક્રિયાનો નિરોધ હોતો નથી.

મુમુક્ષુ :- નિશ્ચય ચારિત્ર આ.

પૂજ્ય ભાઈશ્રી :- એ નિશ્ચય ચારિત્ર.

**'મોક્ષના હેતુરૂપ એ બન્ને ચારિત્ર ધ્યાનથી અવશ્ય મુનિઓ પામે છે,...'** મોક્ષના હેતુરૂપ એ બંને ચારિત્ર ધ્યાનથી અવશ્ય મુનિઓ પામે છે, **'તેટલા માટે પ્રયત્નવાન ચિત્તથી ધ્યાનનો ઉત્તમ અભ્યાસ કરો.'** સ્થિરતા માટે આ ધ્યાન લઈ લીધું.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા, 'દ્રવ્યસંગ્રહ'ની ગાથા-૪૭માં. બેય ધ્યાનમાં પ્રાપ્ત થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વ્યવહાર અને નિશ્ચય નિર્વિકલ્પ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એ તો વ્યવહારનો જન્મ, નિશ્ચયનો જન્મ એક સાથે જ થાય છે. શુદ્ધોપયોગ થાય ત્યારે જ વ્યવહાર અને નિશ્ચયનો જન્મ થાય. કેમકે પ્રમાણ ત્યારે જન્મે છે ને ? એ પહેલા તો નિશ્ચયાભાસ અને વ્યવહારાભાસ અથવા ઉભયાભાસ હોય છે. એટલે એ તો ત્યાંથી જ શરૂ થાય છે.

**'જો તમે અનેક પ્રકારના ધ્યાનની પ્રાપ્તિને અર્થે ચિત્તની સ્થિરતા ઈચ્છતા હો તો પ્રિય અવા અપ્રિય વસ્તુમાં મોહ ન કરો, રાગ ન કરો, દ્વેષ ન કરો.'** ધ્યાનની સ્થિરતા અર્થે પદાર્થનું સ્વરૂપ પ્રિય પણ નથી અને અપ્રિય પણ નથી. એટલે રાગનો વિષય પણ નથી અને દ્વેષનો પણ વિષય નથી. એવું સ્વપર પદાર્થનું યથાર્થ સ્વરૂપજ્ઞાન જેને હોય એને જ ધ્યાન થઈ શકે. બીજાને ધ્યાન થઈ શકે નહિ. પદાર્થજ્ઞાન ન હોય અને ધ્યાન કરે તો એ માઠું ધ્યાન થાય. પ્રયોગ હોય છે. મન, વચન, કાયાના પ્રયોગથી ઉપયોગની ચંચળતા ઘટે છે પણ એમાં આત્મધ્યાન કે સ્વરૂપધ્યાન કે ધર્મધ્યાન થતું નથી. એમ લેવું.

મુમુક્ષુ :- આદેશ આપ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવા ધ્યાનને અર્થે મોહ ન કરો, રાગ ન કરો અને દ્વેષ ન કરો. સારું-નરસું એવો મોહ, ઠીક-અઠીકપણું થાય તે મોહ અને રાગ અને દ્વેષ એ ન કરવો. એની અભિલાષા ન કરવી, એનો તિરસ્કાર પણ ન કરવો. કોઈ પદાર્થનો.

'**પાંત્રીશ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક અક્ષરના એમ પરમેષ્ઠીપદના વાચક મંત્ર છે તેનું જપપૂર્વક ધ્યાન કરો. વિશેષ સ્વરૂપ શ્રી ગુરુના ઉપદેશથી જાણવું યોગ્ય છે.**' એ તો બહુ બધું એમને તો ઘણું જ્ઞાન હતું. એટલે એ બધા ઘણા ભેદથી એવી વાતો એમણે મૂકી છે. એક પંચ પરમેષ્ઠીના પાંત્રીશ, સોળ, છ, પાંચ, ચાર, બે એટલા અક્ષરો છે. એ બધા અક્ષરો છે...

મુમુક્ષુ :- નવકાર મંત્રના ૩૫ અક્ષર જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૩૫ અક્ષર હોય. વધુમાં વધુ ૩૫. પછી...

મુમુક્ષુ :- ઘણા ગડબડ કરે છે પણ ૩૫ અક્ષર જ હોય. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ૩૫ અક્ષરનો .. આપ્યો છે. પહેલે પાને. આપણે લોકો નમો બોલીએ છીએ પણ એ ખોટું છે. ણમો છે. ઘણા પુસ્તકો છપાય એમાં નમો-નમો લખી નાખે છે. એવો કોઈ અર્થ જ છે નહિ. એ શ્વેતાંબર લોકો કરે છે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. એનું સંસ્કૃત '**नमोअरहद्‌भ्यः**' થાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પહેલા શરૂથી જ. પહેલું-બીજું પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- '**હવે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક નામના ગ્રંથનો ઉદય થાય છે, ત્યાં પ્રથમ ગ્રંથકર્તા મંગલાચરણ કરે છે.**'

'**णमो अरहंताणं। णमो सिद्धाणं। णमो आयरियाणं।**

**णमो उवज्झायाणं। णमो लोए सव्वसाहूणं।।**'

'**આ પ્રાકૃતભાષામય નમસ્કાર મંત્ર છે તે મહામંગલસ્વરૂપ છે, તેનું સંસ્કૃત નીચે પ્રમાણે થાય છે :**'

'**नमोअरहद्‌भ्यः, नमः सिद्धेभ्यः, नमः आचार्येभ्यः, नमः उपाध्यायेभ्यः, नमो लोके सर्वसाधुभ्यः।**'

સંસ્કૃતમાં નમઃ છે અને માગધિમાં ણમો છે.

મુમુક્ષુ :- એ માગધિને બધા ણમોનો અર્થ સંસ્કૃત સમજે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૬. બે અડધાનો એક કરીએ તો ૩૬ અને બે

અડધા ન ગણીએ તો ૩૫. કેમકે '**उवज्झायाणं**'માં 'જ' અડધો છે અને અને '**सव्वसाहूणं**' માં એક 'વ' અડધો છે. એ બેને એક અક્ષર ગણીએ તો ૩૫ થાય. બેનો અડધો-અડધો સરવાળો કરીએ તો ...

મુમુક્ષુ :- અ, સિ, આ, ઉ, સા. પાંચ. ઓમમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઓમમાં એક અક્ષર છે.

મુમુક્ષુ :- આખી લીટી દિગંબરને માન્ય છે. શ્વેતાંબર નમો અરહંતાણં કરે છે. નમો અરહંતાણં એવો કોઈ શબ્દ જ નથી. પ્રાકૃત કે સંસ્કૃત કોઈ.

પૂજ્ય ભાઈશ્રી :- અરિહંતાણં એ માગધિ છે. સાથે માગધિ લેવું હોય તો ણમો લેવું જોઈએ.

મુમુક્ષુ :- આપણા બહારગામમાં ઘણા પુસ્તકો છપાવે છે એ બધું આવી રીતે ઊંધું છપાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શાસ્ત્ર અભ્યાસ સામાન્ય રીતે તો કોઈને નથી.

મુમુક્ષુ :- પરિપાટી તૂટી જાય ને

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો અપભ્રંશ (થાય). ભાષાનો અપભ્રંશ તો જેમ જેમ સમય થાય એમ થવાનો જ છે. વિદ્વાન તો સમાજમાં ઓછા હોય. આમ સમાજમાં તો એટલી વિદ્વતા એટલી નથી. એટલે એ જાતનો (થાય) છે.

મુમુક્ષુ :- આપણી પૂજાની ચોપડીમાં બરોબર છે. 'સોનગઢ'ની ચોપડી બરોબર છે. મંત્ર છાપેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે.

એ ૭૬૧ (પત્ર પૂરો) થયો. એમાં બધા અર્થ કર્યા છે. જુદા જુદા શબ્દોના અર્થ કર્યા છે.

મુમુક્ષુ :- જૈનસિદ્ધાંત પ્રવેશિકા આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જૈનસિદ્ધાંત પ્રવેશિકાનો વિષય.

પત્રાંક-૭૬૨

ૐ નમઃ

સં. ૧૯૫૩

**સર્વ દુઃખનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ છે અને તે જ પરમહિત છે.**

**વીતરાગસન્માર્ગ તેનો સદુપાય છે.**

**તે સન્માર્ગનો આ પ્રમાણે સંક્ષેપ છે :**

**સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકત્રતા તે 'મોક્ષમાર્ગ' છે.**

**સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્પ્રતીતિ થવી તે 'સમ્યક્દર્શન' છે.**

**તે તત્ત્વનો બોધ થવો તે 'સમ્યક્જ્ઞાન' છે.**

**ઉપાદેય તત્ત્વનો અભ્યાસ થવો તે 'સમ્યક્ચારિત્ર' છે.**

**શુદ્ધ આત્મપદ સ્વરૂપ એવા વીતરાગપદમાં સ્થિતિ થવી તે એ ત્રણેની એકત્રતા છે.**

**સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથગુરુ અને સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી તત્ત્વપ્રતીતિ પ્રાપ્ત થાય છે.**

**સર્વ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, સર્વ મોહ અને સર્વ વીર્યાદિ અંતરાયનો ક્ષય થવાથી આત્માનો સર્વજ્ઞવીતરાગ સ્વભાવ પ્રગટે છે.**

**નિર્ગ્રંથપદના અભ્યાસનો ઉત્તરોત્તર ક્રમ તેનો માર્ગ છે. તેનું રહસ્ય સર્વજ્ઞોપદિષ્ટ ધર્મ છે.**

પછી ૭૬૨. એ પૂરેપૂરો મળ્યો છે. ૭૬૨નો આંક છે એ પૂરેપૂરો મળ્યો છે. **'ૐ નમઃ' 'સર્વ દુઃખનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ છે અને તે જ પરમહિત છે.'** આત્માનું હિત એક મોક્ષ જ છે. આ નવમો અધ્યાય શરૂ કરતા 'ટોડરમલજી'એ સ્થાપના કરી છે. આત્માનું હિત એક મોક્ષ જ છે. કેમકે મોક્ષમાં જ પરમહિત છે. હિત કહો કે સુખ કહો. **'સર્વ દુઃખનો આત્યંતિક**

**અભાવ...**' કહો એ નાસ્તિથી '**અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ...**' એ અસ્તિથી. '**એ જ મોક્ષ છે અને તે જ પરમહિત છે.**' મોક્ષથી શરૂઆત કરે છે. પછી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વાત કરશે. પહેલો મોક્ષ શું કરવા લે છે ? એમાં સંકેત શું છે ? કે પૂર્ણતાને લક્ષે ધ્યેય આ રીતે હોવું જોઈએ. માર્ગની વાત પછી કરશે. પહેલા ધ્યેયની વાત કરે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' શરૂમાં જ સ્થાપી ગયા છે. (સંવત) ૧૯૯૧ની સાલમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. 'ગુરુદેવે' સૂત્ર સિદ્ધાંત ગજબનું આપ્યું છે.

'**વીતરાગસન્માર્ગ તેનો સદુપાય છે.**' એ મોક્ષનો ઉપાય શું છે ? વીતરાગ સન્માર્ગ. એ જિનમાર્ગને વીતરાગી માર્ગ કહ્યો છે, વીતરાગનો માર્ગ કહ્યો છે, રાગવાળો માર્ગ કહ્યો નથી. '**તે સન્માર્ગનો આ પ્રમાણે સંક્ષેપ છે :**' કયો ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકતા તે ત્રણે કાળે મોક્ષનો માર્ગ છે. 'ઊમાસ્વામી'એ સૂત્ર '**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः**' '**સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્પ્રતીતિ થવી તે 'સમ્યગ્દર્શન' છે.**' નવ તત્ત્વ લઈ લેવા. '**સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમાન...**' જુઓ ! સર્વજ્ઞથી વાત લીધી પાછી. ગમે એમ કહે છે એમ નહિ. જે તત્ત્વો જે રીતે સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યું છે એ પ્રકારે પ્રતીતિ થાય છે. ચોથા ગુણસ્થાને કેવળજ્ઞાન અનુસાર પ્રતીતિ થાય છે એમ કહે છે. જીવનું પણ કેવળજ્ઞાનમાં સ્વરૂપ જણાયું એવું પ્રતીતિમાં આવે છે. '**તે તત્ત્વનો બોધ થવો તે 'સમ્યક્જ્ઞાન' છે. ઉપાદેય તત્ત્વનો અભ્યાસ થવો તે 'સમ્યક્ચારિત્ર' છે.**' જુઓ ! સંક્ષેપમાં પણ પરિભાષા એક એક લીટીમાં કરી નાખી છે.

મુમુક્ષુ :- અભ્યાસ થવો એનો અર્થ...

પૂજ્ય ભાઈશ્રી :- Practice. અભ્યાસ થવો એટલે વાંચી જવું નહિ. ઉપાદેયપણે. વારંવાર ઉપાદેયતાથી. કેમકે ચારિત્ર ક્રમથી પૂર્ણ થાય છે. સમ્યગ્દર્શનની જેમ સીધું પરિણમન નથી આવતું. વારંવાર થાય એને અભ્યાસ કહેવામાં આવે છે.

'**શુદ્ધ આત્મપદ સ્વરૂપ એવા વીતરાગપદમાં સ્થિતિ થવી...**' શુદ્ધ આત્મપદ સ્વરૂપ એવું જે પોતાનું નિજ વીતરાગપદમાં સ્થિતિ થવી '**તે એ ત્રણેની એકત્રતા છે.**' પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જવું એમાં સમ્યગ્દર્શન

પણ આવે છે. ઉપયોગ શુદ્ધ થાય, સ્થિર થાય એમાં સમ્યગ્જ્ઞાન પણ આવે છે અને સમ્યક્ચારિત્ર પણ આવે છે. ત્રણે એવી રીતે આવે છે કે જેમાં ત્રણ ભેદ પડતા નથી. માટે એનું એકત્વ કહ્યું છે. અથવા એક હોય અને બીજું ન હોય એવું પણ એમાં બનતું નથી. ઘણાં એમ માને કે ચોથા ગુણસ્થાને ચારિત્ર નથી. એકલું શ્રદ્ધાનું જ ગુણસ્થાન છે. એ વાત ખોટી છે. જો ત્યાં મોક્ષમાર્ગ છે તો ત્યાં સમ્યક્ચારિત્ર છે. પછી આ સવિકલ્પ ઉપયોગમાં શ્રદ્ધા છે અને વીતરાગતા છે પણ જ્ઞાન નથી. તોપણ એ વાત બરાબર નથી. મોક્ષમાર્ગ છે તે દર્શન-જ્ઞાન-ચારિત્રપણે હોય છે. ઉપયોગ બહાર છે ને ? કે એ બહાર છે એ બીજું અને અંદર જ્ઞાન છે એ બીજું. એ પર્યાયનો બીજો અંશ છે.

'**સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથગુરુ અને સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી તત્ત્વપ્રતીતિ પ્રાપ્ત થાય છે.**' જુઓ ! સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથગુરુ અને (સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી) પોતાના આત્માને તત્ત્વની પ્રતીતિ થાય છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર લઈ લીધાં. '**સર્વ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, સર્વ મોહ અને સર્વ વીર્યાદિ અંતરાયનો ક્ષય થવાથી આત્માનો સર્વજ્ઞ વીતરાગ સ્વભાવ પ્રગટે છે.**' આ ચાર ઘાતિ કર્મનો નાશ લીધો. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય. એનો '**ક્ષય થવાથી આત્માનો સર્વજ્ઞવીતરાગ સ્વભાવ પ્રગટે છે.**' તેરમા ગુણસ્થાને આ પ્રગટે છે.

'**નિર્ગ્રંથપદના અભ્યાસનો ઉત્તરોત્તર ક્રમ તેનો માર્ગ છે. તેનું રહસ્ય સર્વજ્ઞોપદિષ્ટ ધર્મ છે.**' સર્વજ્ઞને બધે સાથે રાખે છે. એ રીતે અહીંયાં ૭૬૨ પત્ર પૂરો થયો.

**પ્રથમ આત્માનો વિચાર હોય, તેથી આગળ વધી જ્ઞાન-વેદનથી પોતાને જોતાં, સ્વયંનું અંતર્મુખપણું, સુખ સ્વભાવપણું, પ્રત્યક્ષતા અને જ્ઞાનના સાતત્યથી અનંત સામર્થ્ય શાશ્વતપણું આદિ ભાસે છે જેથી આત્મભાવના વર્ધમાન થાય છે. આ ભાવના-વૃદ્ધિનો પ્રયોગ છે. (અનુભવ સંજીવની ૧૭૦૬)**

પત્રાંક-૭૬૩

સં. ૧૯૫૩

સર્વજ્ઞે કહેલું ગુરુઉપદેશથી આત્માનું સ્વરૂપ જાણીને, સુપ્રતીત કરીને તેનું ધ્યાન કરો.

જેમ જેમ ધ્યાનવિશુદ્ધિ તેમ તેમ જ્ઞાનાવરણીયનો ક્ષય થશે.

પોતાની કલ્પનાથી તે ધ્યાન સિદ્ધ થતું નથી.

જ્ઞાનમય આત્મા જેમને પરમોત્કૃષ્ટ ભાવે પ્રાપ્ત થયો, અને જેમણે પરદ્રવ્યમાત્ર ત્યાગ કર્યું છે, તે દેવને નમન હો ! નમન હો !

બાર પ્રકારના, નિદાનરહિત તપથી કર્મની નિર્જરા, વૈરાગ્યભાવનાભાવિત, અહંભાવરહિત એવા જ્ઞાનીને થાય છે.

તે નિર્જરા પણ બે પ્રકારની જાણવી : સ્વકાલપ્રાપ્ત, અને તપથી. એક ચારે ગતિમાં થાય છે, બીજી વ્રતધારીને જ હોય છે.

જેમ જેમ ઉપશમની વૃદ્ધિ થાય તેમ તેમ તપ કરવાથી કર્મની ઘણી નિર્જરા થાય.

તે નિર્જરાનો ક્રમ કહે છે. મિથ્યાદર્શનમાં વર્તતો પણ થોડા વખતમાં ઉપશમ સમ્યક્દર્શન પામવાનો છે એવા જીવ કરતાં અસંયત સમ્યક્દૃષ્ટિને અસંખ્યાતગુણ નિર્જરા, તેથી દેશવિરતિ, તેથી સર્વવિરતિ જ્ઞાનીને, તેથી.. [અપૂર્ણ]

**તા. ૧૮-૪-૧૯૯૨, પત્રાંક ૭૬૩, ૭૬૪**
**પ્રવચન નં. ૩૬૨**

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, આંક-૭૬૩. પાનું-૫૮૫. આ પણ અપૂર્ણ સ્થિતિમાં મળેલો છે. '**સર્વજ્ઞે કહેલું ગુરુઉપદેશથી આત્માનું સ્વરૂપ જાણીને, સુપ્રતીત કરીને તેનું ધ્યાન કરો.**' શું કહ્યું ? સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવે આત્માનું જેવું સ્વરૂપ જાણીને કહ્યું છે અથવા અનુભવીને કહ્યું, એમ ગુરુ ઉપદેશથી અત્યારે જાણવું. સીધે સીધું નહિ જાણી શકાય. આ

એક વસ્તુસ્થિતિ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અહીંથી પ્રસ્થાપિત થાય છે. એને સુપ્રતીત કરીને જાણવું, જાણીને એની નિર્વિકલ્પ પ્રતીતિ કરવી. શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક એમાં સ્થિર થવું એને ધ્યાન કહે છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ કહે છે એ આ પ્રકારે છે.

**'જેમ જેમ ધ્યાનવિશુદ્ધિ તેમ તેમ જ્ઞાનાવરણીયનો ક્ષય થશે.'** એટલે કે આત્મામાં જેમ જેમ એકાગ્રતા વિશેષ થશે, તેમ તેમ જ્ઞાનાવરણીય આદિ ઘાતિકર્મ છે એનો ક્ષય થવા લાગશે. અથવા ધ્યાનની વિશુદ્ધિ થતાં, સ્વરૂપમાં એકાગ્ર થતાં થતાં આત્મશુદ્ધિ, આત્મામાં નિર્મળતા વધતી જશે. આવરણ ખસશે એનો અર્થ કે નિર્મળતા વધશે. દ્રવ્યઆવરણ અને ભાવઆવરણને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. દ્રવ્યઆવરણનો ક્ષય થશે એનો અર્થ કે ભાવઆવરણનો પણ ક્ષય થશે. વાત નિમિત્તથી કહો કે વાત ઉપાદાનથી કહો, જે વાત કહેવી છે તે જ કહેવી છે.

**'પોતાની કલ્પનાથી તે ધ્યાન સિદ્ધ થતું નથી.'** ધ્યાન શબ્દ પ્રચલિત છે. અને આત્મામાં એકાગ્ર થવું તેને ધ્યાન કહ્યું છે. તોપણ એ પોતાની ગમે તેવી કપોળકલ્પનાથી તે ધ્યાન પ્રાપ્ત થતું નથી. અથવા કોઈ ઇચ્છા કરે કે સ્વરૂપમાં એકાગ્ર થઈને રહેવું છે એથી કોઈ ધ્યાન થતું નથી. અથવા ધ્યાનને યોગ્ય બાહ્ય નિમિત્તો મળે તેથી કોઈ ધ્યાન થઈ જાય (એમ નથી). કોઈ એકાંત સ્થળ છે, કોઈપણ પ્રકારનો Disturbance ઊભો થાય, પરિણામ ચલિત થાય એવા કોઈ નિમિત્તો નથી. શરીર પણ નિરોગી છે અને સામાન્યપણે કોઈ મોટી ઉપાધિ પણ નથી, ઉપાધિ હોય તો માણસ ઉપાધિમાંથી પરિણામ બહાર નથી રાખી શકતો, તો ધ્યાન થઈ જાય કે ન થઈ જાય ? એ રીતે પણ ધ્યાન, કોઈ કલ્પનાથી ધ્યાન થતું નથી. તો કહે છે, ધ્યાન કેવી રીતે થાય છે ? એ પહેલી જ પંક્તિમાં એમણે કહી દીધું, પહેલા જ વચનમાં કહી દીધું.

**'સર્વજ્ઞે કહેલું ગુરુપદેશથી આત્માનું સ્વરૂપ...'** ગુરુ ઉપદેશ એટલે અનુભવી પુરુષ દ્વારા જાણેલું. સંપ્રદાયના ગુરુ એમ નહિ. અનુભવીપુરુષ છે તે ગુરુ છે. એમનાથી જાણીને અંદરમાં અનુભવ કરીને, સુપ્રતીત કરીને તેને વારંવાર ધ્યાન કરવા જેવું છે. એમાં એકાગ્ર રહેવું. એવું ધ્યાન બીજા કોઈ પ્રકારે સિદ્ધ થતું નથી. બીજી કોઈ કલ્પનાથી એટલે આ સિવાય કોઈ બીજી રીતે પ્રાપ્ત થતું નથી.

**'જ્ઞાનમય આત્મા જેમને પરમોત્કૃષ્ટ ભાવે પ્રાપ્ત થયો, અને જેમણે પરદ્રવ્યમાત્ર ત્યાગ કર્યું છે, તે દેવને નમન હો ! નમન હો !'** સર્વજ્ઞ વીતરાગ દેવને નમસ્કાર કરે છે કે **'જ્ઞાનમય આત્મા જેમને પરમોત્કૃષ્ટ ભાવે પ્રાપ્ત થયો,...'** છે. હવે આગળ કોઈ પછી પ્રાપ્ત કરવા માટેનો વધારાનો ભાવ બાકી રહ્યો નથી. સંપૂર્ણપણે જેને આત્મસ્વરૂપનું જ્ઞાન ધ્યાન વર્તે છે. પ્રતીત તો પહેલેથી સંપૂર્ણ થાય છે.

**'અને જેમણે પરદ્રવ્યમાત્ર ત્યાગ કર્યું છે,...'** કોઈપણ તિલતુષમાત્ર પરિગ્રહ મુનિદશા તો નથી, પણ તેરમા ગુણસ્થાને આવતા આહાર, પાણી, નિદ્રા આદિ સર્વ દોષોનો ક્ષય થઈ ગયો છે. એથી કોઈપણ પરદ્રવ્ય માત્રનો ગ્રહણ કરવાનો અહીંયાં પ્રસંગ નથી. એવા નિર્દોષ પરમાત્માને, દેવ છે એ કોણ છે ? નિર્દોષ પરમાત્મા છે. એમને નમસ્કાર હો, નમસ્કાર હો. તેવા થવા અર્થે. અથવા જેવા આ વીતરાગદેવ છે, જિનેશ્વરદેવ છે તેવું જ થવાનો પોતાનો આદર્શ છે માટે એમને નમસ્કાર કરવામાં આવે છે.

'સંમતભદ્રાચાર્યે' કહ્યું, 'વંદે તદ્ગુણ લબ્ધયે.' હું નમસ્કાર કરું છું. શું કરવા ? કે એમણે જેવા ગુણો પ્રગટ કર્યા છે એવા જ ગુણોની લબ્ધિ-પ્રાપ્તિ અર્થે હું નમસ્કાર કરું છું. બીજી કોઈ આકાંક્ષા નથી. અનુકૂળતાઓ મારી ચાલી ન જાય, ન હોય તો તે આવતી રહે, ભવભવાંતરમાં ક્યાંય દુઃખ ન પામું અને ક્યાંય મને પ્રતિકૂળતાઓ ન થાવ. એવી કોઈ આકાંક્ષા નથી. આ લોકની, પરલોકની કોઈ આકાંક્ષા નથી.

મુમુક્ષુ :- સુખ તો રહેવું જ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- કયું પણ ? સુખ રહેવું જોઈએ એ વાત સાચી છે. એની ના નથી. પણ કયું સુખ રહેવું જોઈએ ? જે આ કલ્પેલું છે એ સુખ રહેવું જોઈએ ? સંસારમાં તો એમ કહે કે, ભાઈ ! સંસારની લીલી વાડી રહે એ સુખી ગણાય. સાચી વાત છે ? 'ગુરુદેવ' ના પાડે છે. જિનેન્દ્રદેવ ના પાડે છે કે એ સુખ નથી. એ તારી કલ્પના છે. એ તો ભારોભાર દુઃખ છે. સુખ તો નથી પણ ભારોભાર દુઃખ છે.

એટલે તો બાર ભાવનામાં એ વાત લીધી છે કે જે અનિત્ય છે, કોઈપણ અનુકૂળ સંયોગો મળ્યા તોપણ જે અનિત્ય છે અને જે અશરણરૂપ છે. તને શરણ થવાના નથી. જ્યારે પણ ભીંસ પડશે ત્યારે તને એ કોઈ સંયોગો શરણ નહિ થાય. જે અનિત્ય છે અને જે અશરણરૂપ છે અને જે તારાથી સર્વથા ભિન્ન છે તેથી તને સુખ માટે કામ આવે એવા

નથી. તેની પ્રીતિ આ જીવ શા માટે કરે છે ? બસ ! આટલું પૂછવાનું છે પોતે પોતાને. તો પછી એના પ્રત્યે આ જીવ શા કારણે પ્રીતિ કરે છે ? રાગ કરે છે ? આવું ચોખ્ખું હોય તો તો રાગ કરવાનું કારણ દેખાતું નથી. છતાં એક ભ્રમિત દશામાં સુખના આભાસે કરીને જીવ એના રાગમાંથી એક ક્ષણ પણ હટી શકતો નથી. એક ક્ષણ માટે પણ ખસતો નથી.

મુમુક્ષુ :- એક ક્ષણ હટે તો તો કામ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એક ક્ષણ હટવા માટેની તૈયારી મોટી છે ને, ભાઈ ! એક ક્ષણ એની જે ધારાવાહી રાગની ધારા ચાલી આવી છે, એ જે રાગની શ્રૃંખલા છે એ શ્રૃંખલાને એક ક્ષણ માટે તોડી નાખે એ બહુ મોટી વાત છે. પછી રાગ રહેશે પણ ભિન્ન પડેલો રહેશે. પછી પહેલા જેવો નહિ રહે. એ ધારા બદલાઈ જાશે. રાગ થશે, છતાં રાગથી જુદાપણું રહેશે.

મુમુક્ષુ :- કરોડરજ્જુ તૂટી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખલાસ થઈ ગઈ. તાકાત તૂટી ગઈ. રાગની શક્તિ તૂટી ગઈ. નિર્બળ થયેલો, નિરાધાર થયેલો. નિર્બળ થયેલો એટલો જ નહિ પણ નિરાધાર થયેલો એવો રાગ બિચારો કોના આધારે જીવશે હવે ? એને પોષણ મળતું બંધ થઈ ગયું. જે આત્મા એને રુચિથી પોષતો હતો એ પોષણ મળતું બંધ થઈ ગયું. ગમે તેવું ઝાડ હોય પણ પોષણ ન મળે તો શું થાય ? ખલાસ થઈ જાય, સૂકાય જાય.

'**બાર પ્રકારના, નિદાનરહિત તપથી કર્મની નિર્જરા,...**' જુઓ ! નિદાનરહિત તપ. કોઈ આશા, આકાંક્ષા નહિ. આ તપનું ફળ મને આવું હજો. વ્રત, તપ કરીને કોઈ રિદ્ધિ, સિદ્ધિની આકાંક્ષા જેને નથી. કોઈપણ પ્રકારની. '**બાર પ્રકારના, નિદાનરહિત તપથી કર્મની નિર્જરા, વૈરાગ્યભાવનાભાવિત, અહંભાવરહિત એવા જ્ઞાનીને થાય છે.**' જ્ઞાનીને નિર્જરા થાય છે એમ કહેવું છે. કેવા છે જ્ઞાની ? કે જે બાર પ્રકારના નિદાનરહિત તપને કરે છે, વૈરાગ્યભાવનાથી જે ભાવિત છે. વૈરાગ્યભાવનાથી એટલે પોતાના પરિપૂર્ણ આત્મસ્વરૂપના અવલંબનને લીધે જેને પરિપૂર્ણતામાં કોઈ અપેક્ષા નથી. પરિપૂર્ણતા પોતાની અનુભવાવાને લીધે જેને અપેક્ષા નથી. અપેક્ષા નથી એનું કારણ એ છે કે પોતે પૂર્ણ છે માટે અપેક્ષા નથી. પોતે પોતાને એવો પૂર્ણ જોવે છે કે મારામાં કાંઈ પણ સમાવાની જગ્યા નથી. હું કોની અપેક્ષા રાખું ?

જેમ એક કળશ છે એ પાણીથી પૂરેપૂરો ભરેલો હોય. એક ટીપું

પાણી નાખો તોપણ પછી હેઠું પડે એમ હોય. અંદર જગ્યા નથી હવે. છેક સુધી ભરેલો છે. એમ આત્મા એટલો પરિપૂર્ણ છે કે એમાં કાંઈ આવવાની જગ્યા નથી. માટે જે સર્વ પરદ્રવ્ય અને પરભાવથી ઉદાસીન છે, ઉપેક્ષિત છે તે વૈરાગ્યભાવનાથી ભાવિત છે. તે ખરેખર વૈરાગ્યભાવનાથી ભાવિત છે. અને અહંભાવરહિત છે. એવી નિર્મળ પવિત્ર દશા હોવા છતાં પણ તેનું અહંપણું નથી, તેનો મદ નથી, તેનું અભિમાન નથી. પર્યાયબુદ્ધિ નથી ને. **'એવા જ્ઞાનીને (કર્મની નિર્જરા) થાય છે.'**

મુમુક્ષુ :- આ શુદ્ધોપયોગરૂપ નિર્જરા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શુદ્ધોપયોગ જ છે. તપ છે એ શુદ્ધોપયોગ નહિ, વિશેષ શુદ્ધોપયોગ (છે). વિશેષ શુદ્ધોપયોગને તપ કહે છે. સામાન્ય શુદ્ધોપયોગ નહિ, વિશેષ શુદ્ધોપયોગ.

મુમુક્ષુ :- આમ તો એક જ પ્રકાર ને ? બાર પ્રકાર કીધાં...

પૂજ્ય ભાઈશ્રી :- બાર પ્રકાર તો એ બાર પ્રકારના પ્રતિકૂળતાઓ, અનુકૂળતાઓના કોઈ વિકલ્પ કે પ્રકારથી જેને વિચલિતતા થતી નથી. જેના પરિણામ અસ્થિરતાને પ્રાપ્ત થતા નથી. એના બાર નિમિત્તના ભેદ છે. ઉપાદાનમાં એકેય ભેદ નથી. એ તો એક જ સ્વરૂપ સ્થિરતારૂપ એક જ પ્રકાર છે. બાવીશ પ્રકારના પરિષહ કહે છે ને ? એ બાવીસેય પ્રકારના પ્રતિકૂળતાના સંયોગ ઊભા થાય, છતાં સ્વરૂપસ્થિરતા જે નથી છોડતા એને પરિષહજય કહેવામાં આવે છે.

**'તે નિર્જરા પણ બે પ્રકારની જાણવી :...'** (શ્વતાંબર સાધુને) પહેલુંવહેલું મળવાનું થયું ત્યારે એ પ્રશ્ન પૂછ્યો હતો. કે, અરિહંત દેવને આહાર હોય ? તો કહે, હોય. શ્વેતાંબરમાં તો છે ને ? કોઈ શાસ્ત્ર આધાર છે ? તો કહે, હા. 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું છે 'એકાદશે જિને.' 'એકાદશે જિને' એનો અર્થ શું ? કે અગિયાર પ્રકારના પરિષહ હોય છે જિનને. જિન થાય પછી પણ અગિયાર પ્રકારના પરિષહ હોય છે. એમાં ક્ષુધા પરિષહ લીધો છે, તૃષા પરિષહ લીધો છે. મેં કહ્યું એવું નથી. તે તે પ્રકારના કર્મનો ઉદય હોવા છતાં, અગિયાર પ્રકારના પરિષહના કર્મનો ઉદય હોવા છતાં જિન છે. જેણે વિજય મેળવ્યો છે તે જિન છે. એને એકાદશે જિને એમ ત્યાં કહ્યું છે. એ અગિયાર પ્રકારના પરિષહથી હારી જઈને ખાવા બેસી જાય છે એમ નથી.

મુમુક્ષુ :- પરિષહજય ક્યાં થયો ખાવામાં ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિષહ જય થયો કે પરિષહથી હારી ગયા ? જિન રહ્યા કે અજિન રહ્યા ? ... આ લોકો અર્થ બીજી રીતે કરે છે અને આપણે વાંચીએ છીએ એ બીજી રીતે અર્થ કરીએ છીએ. 'તત્ત્વાર્થસૂત્ર' તો એમને પણ માન્ય છે. પણ સૂત્રનો અર્થ ઊંધો કરે તો કાંઈ સૂત્ર તો કહે નહિ એને. સૂત્ર કહે એને ? કોઈને કહે કે, ભાઈ ! તમે સમજો છો ઊંધું. એટલે અહીંયાં ગુરુ ઉપદેશ લીધો છે. બહુ શરૂઆતમાં મળ્યા હતા. પહેલી વાર. પછી તો ... કર્યો હતો.

**'તે નિર્જરા પણ બે પ્રકારની જાણવી : સ્વકાલપ્રાપ્ત અને તપથી.'** તે નિર્જરા પણ બે પ્રકારની જાણવી. એક સ્વ કાળે એટલે કે કર્મનો વિપાક આવી જાય અને ઉદય આવીને ખરી જાય એને સ્વકાલપ્રાપ્ત નિર્જરા કહેવામાં આવે છે. અથવા અવિપાકી અને સવિપાકી જે છે ને ? એમાં એ સવિપાક નિર્જરા છે. અને તપથી.

મુમુક્ષુ :- કર્મ ક્ષય થાય અને નિર્જરા થાય, એમાં ફરક ખરો ?

પૂજ્ય ભાઈશ્રી :- કર્મ ક્ષય થાય. એ નિર્જરા થાય ત્યારે જ ક્ષય થાય ને ?

મુમુક્ષુ :- બે એક જ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ ક્ષય થવામાં શું છે કે સવિપાક નિર્જરા નથી. અવિપાક નિર્જરા છે. અવિપાક નિર્જરા છે. એટલે કે સાધનાને લઈને જે કર્મોની સ્થિતિ લાંબી પડી હતી તે અપકર્ષણ થઈને તે સ્થિતિ ટૂંકાઈ ગઈ. ઓછી થઈ અને વહેલા ઉદયમાં આવી ગયા તેને અવિપાક નિર્જરા કહેવામાં આવે છે. એ પ્રકારની સાધના, તપ, આરાધના, એના નિમિત્તે સત્તામાં રહેલા કર્મ છે એની સ્થિતિ સંક્ષેપ થઈ જાય છે. વહેલા ઉદયમાં આવીને એ ખરી જાય છે. એનો રસ પણ ઘટી જાય છે. સ્થિતિ પણ ઘટે છે અને ફળદાન શક્તિ છે એવો રસ પણ ઘટે છે.

એટલે તો 'શ્રીમદ્જી' કહે છે કે, અમે આ વ્યાપાર નામનું કર્મ ભોગવીએ છીએ. લોકો કાંઈક લેવાને માટે વેપાર કે વ્યવસાય પ્રવૃત્તિ કરે છે. અમે દેવાને માટે કરીએ છીએ. ભાષા બહુ ગૂઢ હતી. દેવાના બે પ્રકાર. એક તો જે આ ભાગીદાર અને કુટુંબ છે એ બધા લેણદારો બેઠા છે એનું દેવું ચૂકવીએ છીએ. અમારે કાંઈ એમાંથી જોઈતું નથી. બીજું પૂર્વ કર્મ છે એનું ખાતુ ચોખ્ખું કરીએ છીએ હવે. કેમકે એ કર્મનો ઉદય આવતા અમે જોડાતા નથી. એમાં અમને પોતાપણું નથી. પૈસા કમાઈને પછી

ભવિષ્યકાળમાં, વૃદ્ધાવસ્થામાં શાંતિથી, સુખ-સગવડથી રહેશું. માટે અત્યારે કમાઈ લેવું છે, એ ભાવનાથી પણ એ વેપારની પ્રવૃત્તિ કરતા નહોતા. સામાન્ય રીતે આ વિચાર હોય છે માણસનો, કે જે ઉંમરમાં એને આર્થિક પ્રયોજન સિદ્ધ કરવાનું હોય છે એમાં સાથે સાથે એ ભવિષ્યની ચિંતા અને ભવિષ્યનો વિચાર રાખે. આપણે ભવિષ્યની વ્યવસ્થા કરી લ્યો. પણ તું કેટલા વર્ષની વ્યવસ્થા કરીશ ? એ તો કહે. ૨૫-૫૦ વર્ષની વ્યવસ્થા કરીશ એની પણ તારી તો Gurantee નથી. એક વાત. પછી ૨૫-૫૦ વર્ષ પછી શું ? કે એનો કાંઈ વિચાર ન મળે. એની સાથે કાંઈ લેવા કે દેવા. ત્યારે એ વ્યવસ્થા પહેલા વિચારને. આ ૨૫-૫૦ ગમે તેમ જાશે. એ તો બાંધીને જ આવ્યો છો. આયુષ્ય પર્યંતના કર્મ તો બાંધીને આવ્યો છો. એ તો તારી Fix deposit છે. તો Fix deposit ની ચિંતા કરે છે. અને જે હજી Deposite નથી, જેનું કાંઈ ઠેકાણું નથી હજી એની વ્યવસ્થાનો વિચાર કરતો નથી. જેની વ્યવસ્થા થઈ ચૂકી છે એની ચિંતા કરે છે, જેની વ્યવસ્થા કરવાની બાકી છે એની જરાય ચિંતા કરતો નથી. આ તે કાંઈ વિચિત્રતા છે જીવની ? અને પાછો કહેવાય કે બહુ બુદ્ધિવાળો છે. બહુ સરસ વ્યવસ્થા કરી, જુઓ ! સો વર્ષ સુધી હવે એને વાંધો નહિ આવે. ઘર માટે એવું સરસ Pure સાગ લીધું છે કે સો વર્ષે પણ એમાં સડો નહિ થાય. ઠીક ! મકાન બાંધે ને ? પણ તારું શું ? તારે ક્યાં સો વર્ષ રહેવાનું છે ? અને પછી શું ? એટલે એને અજ્ઞાન કહ્યું છે. અજ્ઞાન કહેવાનું કારણ એ કે એને અવિચારપણું છે. પોતાના હિત સંબંધીનું અવિચારપણું છે માટે એને અજ્ઞાન કહેવામાં આવ્યું છે.

**'તે નિર્જરા પણ બે પ્રકારની જાણવી : સ્વકાલપ્રાપ્ત, અને તપથી.'** એટલે અકાલપ્રાપ્ત. **'એક ચારે ગતિમાં થાય છે,...'** સ્વકાલપ્રાપ્ત તો ચારે ગતિમાં થાય છે, નિગોદના જીવને પણ થાય છે અને **'બીજી વ્રતધારીને જ હોય છે.'** સમ્યક્ વ્રતધારી, હોં ! પંચમ ગુણસ્થાનથી લીધું છે. ત્યાંથી નિર્જરા વિશેષ લીધી છે. ગુણશ્રેણી નિર્જરા સાતમે ગુણસ્થાનથી લીધી છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન જ્યાં સુધી ન થાય...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં સુધી વ્રત થાય નહિ. ત્યાં સુધી વ્રત હોય જ નહિ. વ્રત છે જ નહિ એ. વ્રત તો.. આપણે છે ને અંદરનું સ્વરૂપ નથી જાણ્યું. બહારનું સ્વરૂપ જાણ્યું છે. જે ત્યાગ કર્યો એટલું જ વ્રત આપણે ગણીએ છીએ. એનો પ્રકાર બીજો છે. આત્માને વીંટળાઈ વળે તેનું નામ

વ્રત. આત્માની સાથે પરિણામ વીંટળાઈ જાય તેનું નામ વ્રત. અને એ પરિણામો આત્માની સાથે વીંટળાઈ ગયા એટલે બહારમાં ગ્રહણ ત્યાગની વૃત્તિ છૂટી ગઈ એટલે એનો ત્યાગ દેખાણો. તો આપણે એને વ્રત માની લીધું.

'ગુરુદેવ' કહેતા હતા કે લોકો જ્ઞાનીઓના ચાળા પાડે છે. જુઓ ! એણે ત્યાગ કર્યો, જ્ઞાનીએ ત્યારે કર્યો. આપણે પણ કરવો જોઈએ. એ ત્યાગ કરે તો આપણે તો કરવો જોઈએ ને ? તીર્થંકરે ત્યાગ કર્યો હતો. 'મહાવીર' ભગવાને સાડા બાર વર્ષ સુધી તપ કર્યું હતું. આપણે પણ એવું તપ કરો. 'ઋષભદેવ' ભગવાને પણ વર્ષીતપ કર્યું હતું. આપણે એવું કરો. જોકે એવું તો કરતા નથી. એવું કરવાની અત્યારે કોઈની શક્તિ પણ નથી. છ મહિના સુધી આહાર ન લીધો. એમ તો બે વખત છ-છ મહિના સુધી આહાર નહોતો લીધો. આ તો એક દિવસ આહાર લે અને બીજે દિવસે આહાર ન લે. એમ કરીને આખા વર્ષના છ મહિના ગણાવે. એ છ મહિના કામ આવતા હશે ? એક વર્ષ સુધી કરે એટલે એને વર્ષીતપ કહે. પણ એ બધા કાંઈ નકલ કરવાના વિષય નથી. અસલમાં વાત અંદર પરિણામ સ્વરૂપમાં વીંટળાય જાય છે એને વ્રત કહેવામાં આવે છે અને એને તપ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અંદરની મૂળની...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વસ્તુ. સાપ ગયા અને લીસોટા રહ્યા. એવું થઈ ગયું.

**'જેમ જેમ ઉપશમની વૃદ્ધિ થાય તેમ તેમ તપ કરવાથી કર્મની ઘણી નિર્જરા થાય.'** ઉપશમ એટલે પરિણામ આત્મામાં ઠરે. જેમ જેમ આત્મામાં અંતર્મુખ થઈને પરિણામ ઠરે અને એ પરિણામ ઠરવાથી જેમ જેમ વિશેષ સ્થિરતારૂપ તપ થાય, તેમ તેમ કર્મની ઘણી ઘણી નિર્જરા થાય. એ ઉપરના ગુણસ્થાનોમાં ગુણશ્રેણી નિર્જરા લીધી છે.

મુમુક્ષુ :- આ ભૂલ ત્રણે ફીરકામાં આવી ગઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ શું છે કે તત્ત્વજ્ઞાન ન રહ્યું. કારણ શું થયું ? મંદિરો રહી ગયા પણ તત્ત્વજ્ઞાન ન રહ્યું. તત્ત્વજ્ઞાન વગર સંસ્કાર ન જળવાય. મૂળ સંસ્કારો છે એ તત્ત્વજ્ઞાન વિના ન જળવાય.

**'તે નિર્જરાનો ક્રમ કહે છે.'** એ નિર્જરા જે છે એનો ક્રમ કહે છે. **'મિથ્યાદર્શનમાં વર્તતો પણ થોડા વખતમાં ઉપશમ સમ્યક્દર્શન**

**પામવાનો છે એવા જીવ કરતાં અસંયત સમ્યક્દષ્ટિને અસંખ્યાતગુણ નિર્જરા, તેથી દેશવિરતિ, તેથી સર્વવિરતિ જ્ઞાનીને, તેથી...**' પણ અસંખ્યાત ગુણની નિર્જરા થાય છે. આમ નિર્જરા છે એ મુમુક્ષુ કરતાં... કેવો મુમુક્ષુ લીધો ? કે અત્યારે ભલે મિથ્યાદર્શનમાં વર્તતો (હોય) પણ થોડાક વખત પછી એ સમ્યગ્દર્શન પામવાનો છે. સમ્યક્ સન્મુખ છે, જેને ભૂમિકાની નિર્મળતા પ્રાપ્ત થઈ છે, પાત્રતા પ્રાપ્ત થઈ છે. અથવા જે વિશુદ્ધ ભૂમિકામાં આવ્યો છે એને વિશુદ્ધિ કહી છે. એને મંદ કષાય નથી કહેતા એને વિશુદ્ધિ કહે છે. એના '**કરતાં અસંયત સમ્યક્દષ્ટિને અસંખ્યાતગુણ નિર્જરા, તેથી દેશવિપરતિ, તેથી સર્વવિરતિ...**' સાધુને. '**તેથી...**' એમ કરીને આગળનું લખાણ જે છે એ પછી (અપૂર્ણ પ્રાપ્ત થયું છે).

મુમુક્ષુ :- સ્વરૂપનિશ્ચયમાં નિર્જરા ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાંથી શરૂ થાય. ત્યાંથી શરૂ થાય છે.

મુમુક્ષુ :- એથી પછી સમ્યગ્દષ્ટિની વધારે.

પૂજ્ય ભાઈશ્રી : હા. સમ્યગ્દષ્ટિથી પાંચમા ગુણસ્થાનવાળાને, પાંચમા ગુણસ્થાન કરતા છઠા-સાતમા ગુણસ્થાનવાળાને. એ રીતે.

મુમુક્ષુ :- મુમુક્ષુને પેંડો ખવડાવ્યો ?

પૂજ્ય ભાઈશ્રી :- કેમ પેંડો ખવડાવ્યો ?

મુમુક્ષુ :- આ મિથ્યાત્વનો.

પૂજ્ય ભાઈશ્રી :- કેવો પણ મુમુક્ષુ ? ત્યાં ને ત્યાં પડ્યો રહે એવો નહિ.

મુમુક્ષુ :- બીજા નંબરનો-પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિવાળો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. થોડા જ વખતમાં સમ્યગ્દર્શન પામવાનો છે એવો જીવ લીધો છે.

મુમુક્ષુ :- આ જે ત્રણ સમ્યગ્દર્શન કીધા, એમાં બીજા સમ્યગ્દર્શનથી નિર્જરાની શરૂઆત થઈ જાય. એવું થયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. થઈ જાય. સમ્યક્ સન્મુખ છે ને. તો એ આત્માની સન્મુખ છે. આત્મા નજરાય છે ને ! ત્યાં શું થાય છે ? આત્મા નજરાય છે. એમ છે.

મુમુક્ષુ :- જિન થઈ ગયો એમ કીધું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું છે. એટલે એ દશાનો સ્વીકાર કરવો.

એને તો સમકિત કીધું. 'શ્રીમદ્જી'એ એને સમકિત કીધું. સમકિતનું અનન્ય કારણ છે એટલે એને સમકિત કીધું. એ દશાને સ્વીકારવી, એનો સત્કાર કરવો, એનો આદર કરવો અને એની ભક્તિ કરવી. આટલું લખ્યું છે.

મુમુક્ષુ :- ત્રણે સમકિત માટે લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રણે સમકિત માટે. કેમકે મુમુક્ષુ બીજા મુમુક્ષુ પ્રત્યે ભૂલ ન કરે એટલા માટે એ વાત લીધી છે. કોઈ જીવ એ રીતે જ્ઞાનીના ચરણમાં આવી ગયો, એની યોગ્યતાને પોતે પિછાણતો ન હોય પણ આવી યોગ્યતા સંભવિત છે એમ સમજીને પણ એ અનાદર અને અભક્તિ કરે નહિ. એમ લેવું છે.

૭૬૩ (પત્ર પૂરો) થયો.

## પત્રાંક-૭૬૪

ૐ

**સં. ૧૯૫૩**

**હે જીવ ! આટલો બધો પ્રમાદ શો ?**

**શુદ્ધ આત્મપદની પ્રાપ્તિને અર્થે વીતરાગ સન્માર્ગની ઉપાસના કર્તવ્ય છે.**

**સર્વજ્ઞદેવ.**

**નિર્ગ્રંથ ગુરુ.**
**દયા મુખ્ય ધર્મ.** } **શુદ્ધ આત્મદૃષ્ટિ થવાનાં અવલંબન છે.**

**સર્વજ્ઞે અનુભવેલો એવો શુદ્ધઆત્મપ્રાપ્તિનો ઉપાય શ્રી ગુરુ વડે જાણીને, તેનું રહસ્ય ધ્યાનમાં લઈને આત્મપ્રાપ્તિ કરો.**

**યથાજાતલિંગ સર્વવિરતિધર્મ.**

**દ્વાદશવિધ દેશવિરતિ ધર્મ.**

**દ્રવ્યાનુયોગ સુસિદ્ધ-સ્વરૂપદૃષ્ટિ થતાં,**

**કરણાનુયોગ સુસિદ્ધ-સુપ્રતીત દૃષ્ટિ થતાં,**

**ચરણાનુયોગ સુસિદ્ધ-પદ્ધતિ વિવાદ શાંત કરતાં,**

**ધર્મકથાનુયોગ સુસિદ્ધ-બાળબોધહેતુ સમજાવતાં.**

(પત્રાંક) ૭૬૪. '**હે જીવ ! આટલો બધો પ્રમાદ શો ?**' હવે પોતે પોતાને સંબોધન કરે છે. '**હે જીવ ! આટલો બધો પ્રમાદ શો ? શુદ્ધ આત્મપદની પ્રાપ્તિને અર્થે વીતરાગ સન્માર્ગની ઉપાસના કર્તવ્ય છે.**' બીજે કેમ પડ્યો છે ? પ્રમાદ કરીને બીજી પ્રવૃત્તિમાં કેમ લાગ્યો રહ્યો છે ? તારી ચોવીસ કલાકની પરિણામની પ્રવૃત્તિમાં નિજ શુદ્ધાત્મ પદની પ્રાપ્તિ ક્યાં ? છે ? આટલો બધો પ્રમાદ શો ? ઘણો પ્રમાદ છે. આ તો પૂરેપૂરો પ્રમાદ છે. '**હે જીવ આટલો બધો પ્રમાદ શો ? શુદ્ધ આત્મપદની પ્રાપ્તિને અર્થે વીતરાગ સન્માર્ગની ઉપાસના કર્તવ્ય છે.**' જે જિનેશ્વરદેવનો સન્માર્ગ છે, જિનમાર્ગ છે એને પરમ ઉપાદેયબુદ્ધિથી ઉપાસવા યોગ્ય છે. પરમ ઉપાદેયબુદ્ધિ આવવી જોઈએ. તો જ બધું ગૌણ થાય. નહિતર સંસારના કાર્યો ગૌણ થાય એવું નથી. માર્ગની ઉપાસનાની First priority આવવી જોઈએ. નહિતર અનાદિની Last priority છે એ રહી જશે. Second priority નહિ, Last છે. બીજા સ્વાધ્યાય નથી કરતા, અમે તો રોજ સ્વાધ્યાય કરીએ છીએ. માટે અમે Second priority માં આવ્યા કે ન આવ્યા ? રોજ શાસ્ત્ર વાંચીએ છીએ, રોજ દેવદર્શન કરીએ છીએ, રોજ પૂજા-ભક્તિ કરીએ છીએ. અહીંયાં તો બે જ Praiority છે. એક First (અને એક) Last. ... ક્યાં ગયો એનો પત્તો લાગશે નહિ.

'ગુરુદેવ' તો બહુ .. કે અહીંયાં મોટો કરોડપતિ, અબજપતિ મોટો શેઠિયો હોય, ચારે કોરથી ખમા, ખમા થતી હોય. પણ જ્યાં આંખ મીંચાણી ત્યાં ગયો ઢેઢગરોળીની કૂંખમાં. ઢેઢગરોળીનું બચ્ચું થઈને જન્મ થઈને જન્મ થયો એના ઘરમાં. પછી ભલેને ફેરા માર્યા કરે એક ઓરડામાંથી, બીજા ઓરડામાં. જોશે તો હડ-હડ-હડ કરશે. બીજું કાંઈ નહિ થાય. જેને ખમા ખમા કરતા હતા એને શું કહેશે. કાઢો-કાઢો-કાઢો આને. કેમ ? કે જે રસથી એણે ઉદયમાં રસ લીધો છે એ એને દુર્ગતિનું કારણ ઊભું જ રહે છે. સામાન્ય બહુ પાપ ન કરનારા જીવો માટે એ વાત લીધી છે. બહુ પાપ કરે એ તો પછી એની નીચે જાય છે. પણ સામાન્ય જે અત્યારે આપણા જીવન છે એ જીવન જોઈને એ વાત કરી છે.

'**શુદ્ધ આત્મપદની પ્રાપ્તિને અર્થે વીતરાગ સન્માર્ગની ઉપાસના કર્તવ્ય છે. સર્વજ્ઞદેવ. નિર્ગ્રંથ ગુરુ. દયા મુખ્ય ધર્મ. શુદ્ધ આત્મદૃષ્ટિ થવાનાં અવલંબન છે.**' જેને નિજ આત્માની દયા મુખ્ય થાય એને બીજાની દયા પણ મુખ્ય થાય છે. અથવા જે જીવ નિજ કલ્યાણની

અનંત ભવભ્રમણ કરી ચૂકેલા, જન્મ-મરણ કરી ચૂકેલા એવા આત્માની કરુણામાં આવે છે અને અધિકારી થાય છે, પાત્ર થાય છે. એને એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના સર્વ જીવો પ્રત્યે પ્રતિકૂળ ન થવું અને અનુકૂળ રહેવું, એવી ભાવના ઉત્પન્ન થઈ આવે છે. એટલે એને દયા મુખ્ય ધર્મ કહેવામાં આવે છે. આ તો ધર્મ પ્રગટ્યા પહેલા મૂળિયા બધા કેવા ઊભા થાય છે. એ વાત છે. એ '**શુદ્ધઆત્મદૃષ્ટિ થવાનાં અવલંબન છે.**' એટલે કે શુદ્ધ આત્મદૃષ્ટિ થવાના એ કારણો છે. આધારભૂત કારણો છે એમ લ્યે છે.

'**સર્વજ્ઞે અનુભવેલો એવો શુદ્ધઆત્મપ્રાપ્તિનો ઉપાય શ્રી ગુરુ વડે જાણીને,...**' જુઓ ! એ વચ્ચે નાખતા જાય છે. અનાદિનો અજાણ્યો છે ને ? '**સર્વજ્ઞે અનુભવેલો એવો શુદ્ધઆત્મપ્રાપ્તિનો ઉપાય શ્રી ગુરુ વડે જાણીને, તેનું રહસ્ય ધ્યાનમાં લઈને આત્મપ્રાપ્તિ કરો.**' તેનું રહસ્ય ધ્યાનમાં લઈને એટલે કે એની જે કળા છે, અંતર્મુખ થવાની કળા છે એ લક્ષમાં લઈને આત્મપ્રાપ્તિ કરો. કેવી રીતે અંતર્મુખ થવાય ? એ સમજીને, એનો પ્રયત્ન કરીને આત્મપ્રાપ્તિ કરો.

મુમુક્ષુ :- ગુરુ વડે, ગુરુ વડે બધામાં આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ છે.

મુમુક્ષુ :- નિમિત્તનું અવલંબન.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિમિત્ત વચ્ચે આવ્યા વિના રહેતું નથી. અનાદિનો જે અજાણ્યો માર્ગ છે એમાં જ્ઞાની ગુરુ વચ્ચે આવ્યા વિના સીધો કોઈને માર્ગ પ્રાપ્ત થયો હોય એવો ત્રણ કાળ, ત્રણ લોકમાં એકેય બનાવ બન્યો નથી, બનવાનો નથી, બનતો નથી. આ વસ્તુસ્થિતિ છે. એટલે તો કહે છે, કે એક અંશ શાતાથી માંડીને શૈલેષી ગુણસ્થાન પર્યંતની, બારમા ગુણસ્થાન પર્યંતની અવસ્થામાં જે કાંઈ આત્માને સુખ-શાંતિ છે એ આ જગતમાં સત્પુરુષનો ઉપકાર છે. આમ નાખ્યું છે એમણે તો. એવી વાત લીધી છે. કેવું ગુરુનું મહત્વ છે !

જેનું જે સ્થાનમાં મહત્વ છે તેનું એ સ્થાનમાં મહત્વ જાણવામાં ન આવે તો એને એ સમજણ યથાર્થ નથી. આ વાત છે નિમિત્તની. 'ગુરુદેવ'ના શબ્દોમાં કહીએ તો જેને નિમિત્તનો વિવેક નથી, એને આત્માનો વિવેક નથી. આ બધા દસ્તાવેજ કરી ગયા છે 'ગુરુદેવ'. 'પરમાગમસાર' ૮૨૭. '**જેને સાચા નિમિત્તનું બહુમાન આવતું નથી.**

**તેને આત્માનું માહાત્મ્ય તો આવતું જ નથી.**' કેમકે નિમિત્ત છે એ બહારમાં સ્થૂળ વિષય છે અને ઉપાદાન છે અંતરમાં સૂક્ષ્મ વિષય છે. જેને સ્થૂળ વિષયમાં અવિવેક વર્તે છે એને સૂક્ષ્મ વિષયમાં વિવેક ક્યાંથી લાવવાનો હતો ?

હવે કહે છે કે, '**નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે.**' લ્યો ઠીક ! શું કીધું ? '**નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે.**' આ 'ગુરુદેવ' બોલતા હશે આવું ? લોકો એમ કહેતા હતા કે, 'કાનજીસ્વામી' તો નિમિત્તને માનતા નથી અને 'કાનજીસ્વામી'વાળા પણ નિમિત્તને માનતા નથી. ભાઈ ! આટલા બધા દૂરથી પૂર્વગ્રહ બાંધીને અવસર ચૂકી જવા જેવું થયું. એટલો પૂર્વગ્રહ થાય છે. બહુ દૂર રહે માણસ, પછી સાંભળી વાતો ઉપર એનું વજન જાય. નિમિત્તને માનતા નથી, નિમિત્તને માનતા નથી.

'મોક્ષમાર્ગ પ્રકાશક' ઉપરના પ્રવચનોમાંથી આ (બોલ) ખેંચેલો છે. 'આત્મધર્મ'નો ૩૩૮, ૩૪૦, ૩૪૨, ૩૪૪, ૩૪૬, ૩૪૮, ૩૫૦, ૩૫૨, ૩૫૪. Serial માં છે આટલા અંકો. એમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના Article આવ્યા છે. એ ૨૨૭ થી ૨૩૩ સુધીના બોલ એમાંથી ચુંટેલા છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના પ્રથમ અધિકારમાંથી, હોં ! પહેલા અધિકારના પ્રવચનોમાંથી. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિષય ચાલ્યો છે ને ત્યાં ? પંચ પરમેષ્ઠી આદિ. એમાંથી 'ગુરુદેવે' આ કાઢ્યું છે કે પોતાના જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો હોવાથી અર્હંતાદિને સંભારી સંભારીને નમસ્કાર કરે છે. કોણ નમસ્કાર કરે છે ? 'કુંદકુંદાચાર્ય' નમસ્કાર કરે છે. 'પ્રવચનસાર'માં.

'**પોતાના જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો હોવાથી અર્હંતાદિકને સંભારીને નમસ્કાર કરે છે. એ જ વ્હાલા-સગા છે.**' આ સંસારના નહિ. બાયડી-છોકરા નહિ. આ સાચા સગા છે. '**જેમ લગ્નપ્રસંગમાં વ્હાલાં સગાંને આમંત્રણ આપે છે, એમ ધર્મમાં ઈષ્ટ એવા સિદ્ધો, અર્હંતો, જિનબિંબો વગેરેને યાદ કરીને નમસ્કાર કરવામાં આવે છે. એમના ઉપકારને ભૂલતા નથી.**' સત્પુરુષો પણ એમના ઉપકારને ભૂલતા નથી. '**કેટલાક જીવો સનાતન દિગંબર પરંપરાના શાસ્ત્રો વાંચીને, કુદેવાદિના નામથી ચલાવે છે.**' આ ઘૂસી ગયું ને ? '**માટે તે અનંત સંસારી છે.**' કેવા કીધા ? '**જેને સાચા નિમિત્તનું બહુમાન આવતું નથી તેને આત્માનું તો મહાત્મ્ય**

**આવતું જ નથી. નિમિત્તનો વિવેક છે તે ખરેખર આત્માનો વિવેક છે.'**

કહે છે, '**સ્વરૂપદૃષ્ટિ જેને થઈ...**' ઉપાદાનની. '**તેને નિમિત્તનો વિનય આવ્યા વિના રહેતો નથી.**' આમ છે. જેમ જેમ સ્વરૂપદૃષ્ટિની ઉગ્રતા વધે તેમ તેમ સાચા નિમિત્ત પ્રત્યે એને ભક્તિ વધે, વધે ને વધે જ. આ નિયમ છે. '**લોકો નિશ્ચયના બહાને ભૂલ્યા છે.**' શું કીધું ? '**લોકો નિશ્ચયના બહાને ભૂલ્યા છે. અને વ્યવહારને સમજતા નથી. તે નિશ્ચય વ્યવહાર બન્નેને ભૂલ્યા છે.**' એનો નિશ્ચય સાચો નથી અને વ્યવહાર તો ચોખ્ખો એનો બગડેલો છે. એ ૮૨૭ નંબરનો બોલ છે.

મુમુક્ષુ :- આમાં એમ .. ઉપાદેય છે ?

પૂજ્ય ભાઈશ્રી : કેમ ? આ ઉપાદેય તો આ થયું કે નહિ ? જાણવા યોગ્ય બધું છે અને વ્યવહારે વ્યવહાર ઉપાદેય છે અને નિશ્ચયે નિશ્ચય ઉપાદેય છે. એમ છે. પોતપોતાના સ્થાનમાં ઉપાદેય છે. નિશ્ચયે વ્યવહાર ઉપાદેય નથી. પણ વ્યવહારે તો વ્યવહાર ઉપાદેય છે. વ્યવહાર-વ્યવહારના સ્થાનમાં ન રહે તો નિશ્ચય-નિશ્ચયના સ્થાનમાં પણ ન રહે. એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- વર્તમાન જીવનમાં ઘર છોકરા, છોકરી, પરિવાર ઉપાદેય થયેલા છે.

પૂજ્ય ભાઈશ્રી :- વર્તમાનમાં કુટુંબ-પરિવાર ઉપાદેય થઈ જાય છે, કહે છે. માટે નિમિત્તનો વિવેક નથી. એટલે ઉપાદાનનો વિવેક ક્યાંથી આવવાનો હતો ? નિમિત્તનો વિવેક રહે નહિ અને ઉપાદાનનો વિવેક ક્યાંથી આવવાનો હતો ? કે કોઈ કાળે આવે નહિ. એટલે બધે ગુરુને નાખે છે એનું કારણ એ છે.

મૂળ તો દિવ્યધ્વનિમાં ગુરુનો મહિમા બહુ આવેલો છે. એમાંથી એક પંથ નીકળ્યો. આજે વાહે ગુરુ... વાહે ગુરુ... વાહે ગુરુ... કરે છે ને આ લોકો ? સિંધ-પંજાબ એ બાજુનો વિસ્તાર (છે). પછી આ જે 'ટોડરમલજી'ના સાથીદારો હતા. 'મુલતાન' સિંધ-મુલતાન. એ બાજુ ગુરુનો ઘણો મહિમા. ગુરુ જ સર્વસ્વ. ગુરુ એટલે ભગવાન ! મૂળ શું છે કે પછી મૂળ માર્ગ ચૂકી ગયા તો એક બાજુનું એકાંત વધી ગયું. યથાસ્થાને એનું બહુમાન અને વિનય હોવો જોઈએ. એ વાત છે.

કેમકે માર્ગ છે એ રહસ્યભૂત છે. ઘણું રહસ્ય ઊંડું છે એનું. અને એ જેને રહસ્ય પ્રાપ્ત થયું છે ત્યાંથી જ એ રહસ્ય મળે છે. બીજી રીતે એ

રહસ્યની પ્રાપ્તિ થતી નથી. એવી કોઈ વસ્તુસ્થિતિ જોઈને યથાસ્થાને એનું મહત્વ સ્થાપવામાં આવ્યું છે તે યથાર્થ છે.

'**યથાજાતલિંગ સર્વવિરતિધર્મ.**' જે સર્વવિરતિ સાધુનું પદ છે તે નગ્ન જ હોય. યથાજાત-જેવું જન્મ્યા તેવા. કોઈ વસ્ત્રધારી સાધુ હોતા નથી એમ આમાંથી નીકળે છે. અસ્તિમાંથી નાસ્તિ નીકળે છે.

મુમુક્ષુ :- આમાં ચોખ્ખું નીકળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે ને. ચોખ્ખું છે જ.

મુમુક્ષુ :- યથાજાત તો દિગંબર છે

પૂજ્ય ભાઈશ્રી :- દિગંબર થઈ ગયા. બે જગ્યાએથી છે. કાઢ્યું હતું બે દિવસ પહેલા. કરપાત્રમાં ભીક્ષા માગરનારના ચરણમાં પડી જાય છે. ૧૭૬ ને ? ૧૭૬માં છે ને ? પાનું-૨૫૩. પહેલી લીટીથી.

'**આ સમજણ સમીપે આવેલા જીવને હોય છે,...**' એટલે શું ? કે પોતામાં પૂજ્યતા ન પ્રગટ થઈ હોય તોપણ પૂજ્યતા પ્રતિપાદન કરાવવી એ જીવને બહુ રખડાવનારું છે. એવી '**સમજણ સમીપે આવેલા જીવને હોય છે, અને તેવા જીવો સમર્થ ચક્રવર્તી જેવી પદવીએ છતાં તેનો ત્યાગ કરી, કરપાત્રમાં ભિક્ષા માગીને જીવનાર સંતના ચરણને અનંત અનંત પ્રેમે પૂજે છે,...**' કરપાત્રમાં ભીક્ષા કોણ માગે ?

મુમુક્ષુ :- ભાવલિંગી મુનિરાજ.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવલિંગી મુનિ સિવાય કરપાત્રમાં ભીક્ષા માગનાર સંત ગણાતા નથી. એ એક જ વ્યવહાર એવો છે. આખા જગતમાં કોઈપણ સંપ્રદાયના સાધુ કરપાત્રમાં ભીક્ષા નથી લેતા. કોઈ તુંબડી રાખે, કોઈ પાતરા રાખે, કોઈ કાંઈ રાખે, કોઈ કાંઈ રાખે. એક ભાવલિંગી દિગંબર મુનિ છે એને કરપાત્રમાં ભીક્ષા હોય છે.

મુમુક્ષુ :- નામ હોય છે કરપાત્રી જીવ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ લોકોમાં નામ હોય છે કરપાત્રી જીવ. પણ એ નામ હોય છે. આ તો ભાવ હોય છે. નામ તો બધા દિવ્યધ્વનિમાં આવ્યા છે ને ? એટલે સારા લાગ્યા એ એણે ઉપાડ્યા. એ લોકોમાં નામ તો સચ્ચિદાનંદ પણ હોય છે. સહજાનંદ, સચ્ચિદાનંદ, નિત્યાનંદ, નિર્મળાનંદ બધા હોય છે. એવા બધા નામ રાખે છે. કેમકે નામમાં તો કાંઈ તકલીફ પડતી નથી. નામ લેવામાં. શબ્દ પકડવામાં કાંઈ તકલીફ નથી. વસ્તુસ્થિતિ હોવી જોઈએ. એ પહેલેથી એમણે ૨૪ મા વર્ષથી આ વાત

લખી છે, પહેલેથી ખ્યાલમાં છે.

‘**યથાજાતલિંગ સર્વવિરતિધર્મ.**’ એ છઠ્ઠું-સાતમું ગુણસ્થાન છે. ‘**દ્વાદશવિધ દેશવિરતિ ધર્મ.**’ બાર પ્રકારનો દેશવિરતિ ધર્મ એટલે શ્રાવકનો. આ પડિમા આદિ વગેરે. ‘**દ્રવ્યાનુયોગ સુસિદ્ધ-સ્વરૂપદષ્ટિ થતાં,...**’ દ્રવ્યાનુયોગ સુસિદ્ધ એટલે પ્રાપ્ત થતાં એટલે કે સ્વરૂપદષ્ટિ થતાં. સ્વરૂપદષ્ટિ થાય તો એને દ્રવ્યાનુયોગ સિદ્ધ થયો. જો સ્વરૂપદષ્ટિ ન થાય તો દ્રવ્યાનુયોગના સિદ્ધાંત જાણવા છતાં એ સિદ્ધ થયા નથી. ‘**દ્રવ્યાનુયોગ સુસિદ્ધ-સ્વરૂપદષ્ટિ થતાં, કરણાનુયોગ સુસિદ્ધ-સુપ્રતીત દષ્ટિ થતાં,..**’ લ્યો ! એમાં એ સુપ્રતીત લીધી. ‘**ચરણાનુયોગ સુસિદ્ધ-પદ્ધતિ વિવાદ શાંત કરતાં,...**’ ઠીક ! ચરણાનુયોગ સુસિદ્ધ થાય એમાં પદ્ધતિનો વિવાદ શાંત થઈ જાય છે. કોઈપણ લિંગ છે એ માર્ગ નથી એમ કહે છે આચરણમાં. આચરણની જ્યાં વાત આવી તો કહે છે, કોઈ લિંગમાર્ગ નથી. ‘સમયસાર’માં કહે છે. ૪૧૩-૧૪. વિવાદ શાંત થાય છે, હોં ! સહેજે-સહેજે જે વીતરાગદશામાં થઈ જાય તે યથાજાતલિંગ થઈ જાય છે. પણ એનો વિવાદ નથી. અમુક વસ્તુ વિવાદાસ્પદ જ નથી, એમ કહે છે. એ તો આ કાળે હીણો કાળ આવ્યો એટલે વિવાદ થાય છે. બાકી મૂળ ચીજ જે વીતરાગ પ્રણિત છે એમાં વિવાદ શેનો ? એનો વિવાદ કેમ હોઈ શકે ? સર્વજ્ઞ તીર્થંકરે કહ્યું એટલે Full & Final. વાત પૂરી થઈ જાય.

જ્યારે સ્વરૂપમાં સ્થિરતા થાય, એટલી સ્થિરતા થાય કે એ સ્થિરતાનો ભંગ ન થાય એવું જ એનું આચરણ સહેજે-સહેજે જ હોય બહારમાં. નહિતર ભંગ થઈ જાય. એટલે સ્થિરતા ન ટકી શકે. પછી એનો વિવાદ શું ? એમ કહે છે. અને વિવાદ કરનાર સ્થિરતા લાવીને તો વાત કરે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની સ્થિરતા લાવીને વાત કરવી જોઈએ ને ? એ તો છે નહિ. વસ્ત્રધારી સાધુને નથી. પણ અત્યારના દિગંબર સાધુ જે સંપ્રદાયમાં છે, ટીકાનો વિષય નથી, જાણવાનો વિષય છે, એ કહે છે, શુદ્ધોપયોગ તો બારમા ગુણસ્થાને હોય. શું કહે છે ? શુદ્ધોપયોગ તો બારમા ગુણસ્થાને હોય. એટલે કે અમે તો છઠ્ઠે-સાતમે છીએ પણ અમારે શુદ્ધોપયોગ ન હોય એનો વાંધો નહિ. કેમકે એ તો બારમા ગુણસ્થાનની ચીજ છે. તકલીફ પડે. જો સ્વીકારે તો લાવો દશા એમ કહે. જો સાતમે ગુણસ્થાને શુદ્ધોપયોગ થતો હોય તો કહે, લાવો દશા. એ તો છે નહિ. એ તો પ્રગટ વાત છે. અંતર્મુહૂર્તમાં અંદર જાવું. આખી જિંદગી ન ગયો.

અંતર્મુહૂર્તમાં ક્યાંથી જાય ? એને માર્ગ નથી. .. ગૃહિતમાં તો ઊભો હોય. આવે ક્યાંથી અંદરમાં ? હજી તો ગૃહિતમાં હોય. અંદરમાં આવે ક્યાંથી ?

મુમુક્ષુ :- 'ગુરુદેવે' આખા જગતની પોલ ઉઘાડી પાડી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગુરુદેવે' તો જેઓ સનાતન જૈન માર્ગ છે એવો સ્થાપ્યો. એટલે જે સનાતન જૈનમાર્ગમાંથી વિકૃતિમાં આવ્યા હતા એ બધાયને તકલીફ થઈ. તકલીફ થઈ એટલે માનસિક તકલીફ થઈ. વિરોધમાં આવી ગયા. સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબરો બધા વિરુદ્ધમાં આવ્યા. 'ગુરુદેવ' કહે, અમે તો દુનિયાની સામે બળવો કર્યો છે આ. કોની સામે કર્યો છે ? આખા જગતની સામે બળવો કર્યો છે. તાકાત લઈને આવ્યા હતા ને. બળવો કરવાની શક્તિ લઈને આવ્યા છે.

મુમુક્ષુ :- સ્વરૂપદૃષ્ટિ સંપ્રાપ્ત કર્યા વિના દ્રવ્યાનુયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધ નથી. એની પ્રતીતિ ખાતરી થતા કરણાનુયોગ પણ સુસિદ્ધ નથી. બીજો એમાં વિવાદનો જ સવાલ નથી એમ કહે છે. વિવાદનો અવકાશ નથી. સર્વજ્ઞ તીર્થંકર જે માર્ગે વિચર્યા ત્રણ કાળમાં, ત્રણ લોકમાં એક જ પરમાત્માનો માર્ગ છે અંતર-બાહ્ય. બીજી ગડબડ એમાં વિવાદની હોઈ શકે નહિ. સીધી વાત છે.

'**ધર્મકથાનુયોગ સુસિદ્ધ-બાળબોધહેતુ સમજાવતાં.**' ધર્મકથાનો યોગ છે એ બાળબોધ હેતુ છે. કથા-વાર્તાથી જેમ બાળકોને બોધ આપી શકાય. બાળકોને બોધ આપવો હોય તો એને વાર્તા કહેવી પડે. તો એ સમજે, નહિતર ન સમજે. એ ૭૬૪ (પૂરો) થયો.

મુમુક્ષુ :- ચરણાનુયોગ પદ્ધતિ વિવાદ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- પદ્ધતિ વિવાદ એટલે આ માર્ગની પદ્ધતિનો વિવાદ ચાલે છે ને ? ભગવાન જે માર્ગે ચાલ્યા એમાં વિવાદ શું પણ ? તીર્થંકરદેવ જે માર્ગે ચાલ્યા, જિનેશ્વરનો માર્ગ છે આપણે એમ કહીએ છીએ ને ? નિમિત્ત પ્રધાનતાથી તો જિનેશ્વરનો માર્ગ કહીએ છીએ ને ? તો એ જે માર્ગે વિચર્યા, જે પ્રકારે વિચર્યા એમાં વળી બીજો ફેરફારનો વિકલ્પ શું ? અને વિવાદ શું ? વિકલ્પ જ ન ઉઠવો જોઈએ. વિવાદની તો જગ્યા જ શું ? એ તો શાંત થઈ જવો જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહુ ગંભીર. એમની તો એક એક શબ્દમાં ગંભીરતા છે. પૂર્વભવનું ઘણું લઈને આવેલા. ગંભીર શાસ્ત્રો આમ ફટાફટ

પાના ફેરવીને વાંચી લેતા. રોકાવું ન પડે. અને આખું શાસ્ત્ર પૂરું કરે. કલાક-બે કલાકમાં તો એનું તાત્પર્ય કાઢી નાખે. અને એની અંદર ધ્યાન ખેંચવા યોગ્ય વાત હોય એ તો કંઠસ્થ થઈ ગઈ હોય એમને પાછી. એ તો શ્લોકના શ્લોક પાણીના રેલાની જેમ બોલવા માંડે. આમ પાના આમ ફેરવી ગયા હોય તોપણ. તો એ શ્રુતની અતિશયતા લબ્ધિ લઈને આવેલા. સાધારણ માણસોને સમજાય નહિ.

મુમુક્ષુ :- આખા ગ્રંથમાં ... એટલું ગૂઢ વાક્ય મૂકી દીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- બે જ શબ્દો મૂક્યા. મુનિદશા માટે બે જ શબ્દો મૂક્યા. સર્વવિરતીપણું અને યથાજાતલિંગ. જાવ. ચિહ્ન એનું શું ? યથાજાતલિંગ. એ તો ચરણાનુયોગનો વિષય છે ને ? તો કહે છે, એનો વિવાદ ન હોય. No question. સવાલ ઉઠાવવાની જગ્યા નથી એની સામે. એનું નામ વિવાદ શાંત કરવાની વાત છે. એ પહેલા ઉપર નાખ્યું છે એમણે. યથાજાતલિંગ સર્વવિરતી ધર્મ ઉપર નાખ્યું છે. અને એમાં વિવાદ ન કરવો એ નીચે નાખ્યું છે. કહેવાની શૈલી પણ બહુ ગંભીર હતી. અને એ તો એમના ૧૫-૧૬માં વર્ષના લખાણ તમે જુઓ. 'ગુરુદેવ' આફરીન થઈ ગયા છે. ૧૫ માં વર્ષના લખાણ ઉપર 'ગુરુદેવ' આફરીન થયા છે. પહેલા જે દસ વચનો લીધા છે ને ? સ્વદ્રવ્યમાં ત્વરાથી વ્યાપક થાઓ. 'ગુરુદેવ' તો પ્રવચન કરતા કરતા મહિમા કરે છે એમનો કાંઈ ! જુઓ તો ખરા. હજી તો ૧૭ વર્ષ પહેલા ૧૫માં વર્ષના વચનો છે એ ખાસ પ્રવચનોમાં લીધા છે. જે ૩૨૦ ગાથા ખાસ પ્રવચનોમાં લીધી. આ દસ બોલ ખાસ પ્રવચનોમાં લીધા. સંકલન ચાલે છે ને એનું ? ૧૪૩ પ્રવચનોમાં દસ બોલ એ છે.

મુમુક્ષુ :- મહારાજાને ... વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ક્યાંના ? 'વવાણિયા'ના રાજા ?

મુમુક્ષુ :- ના. 'મોરબી'ના.

પૂજ્ય ભાઈશ્રી :- 'મોરબી'ના રાજા. 'મોરબી' સ્ટેટના રાજા. એ માનપત્ર તો અત્યારે હિન્દુસ્તાનના વડાપ્રધાને વાંચવા જેવું છે. એટલી બુદ્ધિ હતી ! ૧૩-૧૪ વર્ષે એની બુદ્ધિ એટલી હતી કે હિન્દુસ્તાનનું રાજ ચલાવે એટલી બુદ્ધિ હતી. અત્યારના Prime minister માં એટલી બુદ્ધિ નથી એટલી એને ૧૩-૧૪ વર્ષે હતી. 'શ્રીમદ્'નું તો એવું છે કે ગમે તેવો બુદ્ધિવાળો ઊભો રહી જાય એવું છે. સાત ચોપડી એક વર્ષમાં ભણ્યા

છે પણ ગુજરાતીમાં પી.એચડી. થયેલો ઊભો રહી જાય. કે આ કોઈ ગુરુ ધારવા જેવા વ્યક્તિ છે. પી.એચડી. થયા પછી એને એમ લાગે કે આના શિષ્ય થઈને બેસું.

'રાજકોટ'માં મળ્યા એક ભાઈ. ગુજરાતીમાં ડૉક્ટરેટ થયેલા. પી.એચડી. છે. ગુજરાતીમાં પી.એચડી. થયેલા Professor છે. (એ કહે), ગજબની ભાષા છે. 'રવિન્દ્રનાથ ટાગોર' એની પાસે કાંઈ નથી. નહિતર ગુજરાતી સાહિત્યમાં 'રવિન્દ્રનાથ'નું નામ છે. કાંઈ નથી. પણ તમે પી.એચડી. થયા ને ? તો કહે, અમે એના શિષ્ય થવાને લાયક નથી. ભાષામાં એના શિષ્ય થવું કઠણ પડે એવું છે. એટલું ભાષાજ્ઞાન છે. એટલે ગમે તેવો બુદ્ધિવાળો હોય ને એમનું વાંચે તો ઊભો રહી જાય એવું છે.

મુમુક્ષુ :- ...માં બોલવાનો એનો વારો નહિ

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ ભાવનાવાળો જીવ છે. બહુ ભાવનાવાળો.

મુમુક્ષુ :- આગમ-અધ્યાત્મના બધા ફેંસલા કરી નાખ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આગમ-અધ્યાત્મ બધું લઈ લીધું. આટલા ટૂંકા વચનોમાં આગમ-અધ્યાતમ બધાનો નીચોડ કાઢી નાખ્યો. ચાર અંગો, મુનિ માર્ગ, સમ્યગ્દર્શન, દેવ-ગુરુ-ધર્મ બધું લઈ લીધું. આટલા એક નાના Article માં બધું લઈ લીધું. બધાના Judgement જ મૂક્યા છે સીધા અમણે. (વિશેષ લઈશું...)

**જીવને કેટલીક પાત્રતારૂપ યોગ્યતા આવ્યે, સત્પુરુષ અને મુમુક્ષુઓ તરફથી આદર મળે છે. તેને પચાવવુ એ વિશિષ્ટ યોગ્યતા માગે છે. ન પચે તો જીવ સહજમાત્રમાં સ્વચ્છંદમાં આવી જાય છે, અને પચાવી જાય તો પાત્રતા વૃદ્ધિગત થઈ જીવ સન્માર્ગ સમીપતાની આદર્શ આત્માર્થીતાની ભૂમિકાને પ્રાપ્ત કરે છે. પ્રગાઢ દશા આવ્યા પહેલાં, આવો પ્રકાર સંભવિત છે, તેથી અવગાઢ આત્મકલ્યાણની ભાવના પાયામાં હોવા યોગ્ય છે.**

**(અનુભવ સંજીવની ૧૭૩૧)**

## પત્રાંક-૭૬૫

સં. ૧૯૫૩

| (૧) | (૨) | (૧) | (૨) |
|---|---|---|---|
| મોક્ષમાર્ગનું અસ્તિત્વ. | પ્રમાણ. | નિર્જરા. | આગમ. |
| આપ્ત. | નય. | બંધ. | સંયમ. |
| ગુરુ. | અનેકાંત. | મોક્ષ. | વર્તમાનકાળ |
| ધર્મ. | લોક. | જ્ઞાન. | ગુણસ્થાનક. |
| ધર્મની યોગ્યતા. | અલોક. | દર્શન. | દ્રવ્યાનુયોગ. |
| કર્મ. | અહિંસા. | ચારિત્ર. | કરણાનુયોગ |
| જીવ. | સત્ય. | તપ. | ચરણાનુયોગ. |
| અજીવ. | અસત્ય. | દ્રવ્ય. | ધર્મકથાનુયોગ. |
| પુણ્ય. | બ્રહ્મચર્ય. | ગુણ. | મુનિત્વ |
| પાપ. | અપરિગ્રહ. | પર્યાય. | ગૃહધર્મ. |
| આસ્રવ. | આજ્ઞા. | સંસાર. | પરિષહ. |
| સંવર. | વ્યવહાર. | એકેંદ્રિયનું અસ્તિત્વ | ઉપસર્ગ |

**તા. ૧૯-૪-૧૯૯૨, પત્રાંક ૭૬૫, ૭૬૬**
**પ્રવચન નં. ૩૬૩**

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, આંક-૭૬૫. પાનું-૫૮૬. **'મોક્ષમાર્ગનું અસ્તિત્વ. આપ્ત. ગુરુ. ધર્મ. ધર્મની યોગ્યતા. કર્મ. જીવ. અજીવ. પુણ્ય. પાપ. આસ્રવ. સંવર.'** પછી આ બાજુનો એકડો. **'નિર્જરા. બંધ. મોક્ષ. જ્ઞાન. દર્શન. ચારિત્ર. તપ. દ્રવ્ય. ગુણ. પર્યાય. સંવર. એકેંદ્રિયનું અસ્તિત્વ.'** વિષયના મુદ્દા ટપકાવ્યા હોય એવું લાગે છે. એક એક વિષય ઉપર કાંઈક સ્પષ્ટીકરણ પોતાને લખવું હશે એટલે કોઈ મુદ્દા ટપકાવેલા છે. પછી બગડો કર્યો છે.

**'પ્રમાણ. નય. અનેકાંત. લોક. અલોક. અહિંસા. સત્ય. અસત્ય.**

**બ્રહ્મચર્ય. અપરિગ્રહ. આજ્ઞા. વ્યવહાર. આગમ. સંયમ. વર્તમાનકાળ. ગુણસ્થાનક. દ્રવ્યાનુયોગ. કરણાનુયોગ. ચરણાનુયોગ. ધર્મકથાનુયોગ. મુનિત્વ (મુનિપણું). ગૃહધર્મ. પરિષહ. ઉપસર્ગ.'** એટલા વિષયો લીધા છે. આ છેલ્લા બધા આંક છે એ કોઈ પુસ્તકના વિષયમાં લખાણ કરતા હોય એવા આંક છે. કોઈ મુદ્દા ટપકાવ્યા હોય. એક એક વિષય ઉપર આગળ ઉપર એમણે લખવા ધાર્યું હોય. અથવા લખ્યું હોય ને મળ્યું ન હોય. કેમકે એમનું ઘણું લખેલું સાહિત્ય ગેરવલ્લે ગયું છે. અથવા બિનકાળજીને લઈને નાખી દેવામાં આવ્યું હશે. એવું બન્યું હશે. એમાં તો એટલા મુદ્દા જ લખેલા છે કે જે શાસ્ત્રના વિષયો છે. ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં આ વિષયો ઉપર લખાણ જોવામાં આવે છે. પોતે પણ કાંઈક આ વિષય ઉપર લખવાનું વિચારતા હશે.

## પત્રાંક-૭૬૬

### ૐ સર્વજ્ઞાય નમઃ નમઃ સદ્ગુરવે

### પંચાસ્તિકાય૧

**સં. ૧૯૫૩**

**૧. સો ઈન્દ્રોએ વંદનિક, ત્રણ લોકને કલ્યાણકારી, મધુર અને નિર્મળ જેનાં વાક્ય છે, અનંત જેના ગુણો છે, જેમણે સંસારનો પરાજય કર્યો છે એવા ભગવાન સર્વજ્ઞ વીતરાગને નમસ્કાર.**

**૨. સર્વજ્ઞ મહામુનિના મુખથી ઉત્પન્ન થયેલું અમૃત, ચાર ગતિથી જીવને મુક્ત કરી નિર્વાણ પ્રાપ્ત કરાવનાર એવાં આગમને નમન કરીને, આ શાસ્ત્ર કહું છું તે શ્રવણ કરો.**

**૩. પાંચ અસ્તિકાયના સમૂહરૂપ અર્થસમયને સર્વજ્ઞ વીતરાગદેવે 'લોક' કહ્યો છે. તેથી ઉપરાંત માત્ર આકાશરૂપ અનંત એવો 'અલોક' છે.**

**૪-૫. 'જીવ', 'પુદ્ગલસમુહ', 'ધર્મ', 'અધર્મ' તેમ જ 'આકાશ', એ પદાર્થો પોતાના અસ્તિત્વમાં નિયમથી રહ્યા છે;**

૧ જુઓ આંક ૮૬૬

પોતાની સત્તાથી અભિન્ન છે અને અનેક પ્રદેશાત્મક છે. અનેક ગુણ અને પર્યાયસહિત જેનો અસ્તિત્વસ્વભાવ છે તે 'અસ્તિકાય'. તેનાથી ત્રૈલોક્ય ઉત્પન્ન થાય છે.

૬. તે અસ્તિકાય ત્રણે કાળે ભાવપણે પરિણામી છે; અને પરાવર્તન જેનું લક્ષણ છે એવા કાળસહિત છયે 'દ્રવ્યસંજ્ઞા'ને પામે છે.

૭. એ દ્રવ્યો એકબીજામાં પ્રવેશ કરે છે, એકમેકનો અવકાશ આપે છે, એકમેક મળી જાય છે, અને જુદાં પડે છે; પણ પોતપોતાના સ્વભાવનો ત્યાગ કરતાં નથી.

૮. સત્તાસ્વરૂપે સર્વ પદાર્થ એકત્વવાળા છે. તે સત્તા અનંત પ્રકારના સ્વભાવવાળી છે; અનંત ગુણ અને પર્યાયાત્મક છે. ઉત્પાદવ્યયધ્રુવત્વવાળી સામાન્ય વિશેષાત્મક છે.

૯. પોતાના સદ્ભાવ પર્યાયને દ્રવે છે, તે તે ભાવે પરિણમે છે તે માટે દ્રવ્ય કહીએ છીએ, જે પોતાની સત્તાથી અનન્ય છે.

૧૦. દ્રવ્યનું લક્ષણ સત્ છે, જે ઉત્પાદવ્યયધ્રુવતાસહિત છે; ગુણ પર્યાયના આશ્રયરૂપ છે, એમ સર્વજ્ઞદેવ કહે છે.

૧૧. દ્રવ્યની ઉત્પત્તિ અને વિનાશ થતો નથી; તેનો 'અસ્તિ' સ્વભાવ જ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવત્વ પર્યાયને લઈને છે.

૧૨. પર્યાયથી રહિત દ્રવ્ય ન હોય, દ્રવ્ય વિના પર્યાય ન હોય, બન્ને અનન્યભાવથી છે એમ મહામુનિઓ કહે છે.

૧૩. દ્રવ્ય વિના ગુણ ન હોય, અને ગુણ વિના દ્રવ્ય ન હોય; બન્નેનો–દ્રવ્ય અને ગુણનો અભિન્ન ભાવ તેથી છે.

૧૪. 'સ્યાત્ ૧અસ્તિ', 'સ્યાત્ ૨નાસ્તિ', 'સ્યાત્ ૩અસ્તિ નાસ્તિ', 'સ્યાત્ ૪અવક્તવ્યં', 'સ્યાત્ ૫અસ્તિ અવક્તવ્યં', 'સ્યાત્ ૬નાસ્તિ અવક્તવ્યં', 'સ્યાત્ ૭અસ્તિ નાસ્તિ અવક્તવ્યં' એમ વિવક્ષાને લઈને દ્રવ્યના સાત ભંગ થાય છે.

૧૫. ભાવનો નાશ થતો નથી, અને અભાવની ઉત્પત્તિ થતી નથી. ઉત્પાદ, વ્યય ગુણપર્યાયના સ્વભાવથી થાય છે.

૧૬. જીવ આદિ પદાર્થો છે. જીવનો ગુણ ચૈતન્ય-ઉપયોગ છે. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચાદિ તેના અનેક પર્યાયો છે.

૧૭. મનુષ્યપર્યાય નાશ પામેલો એવો જીવ તે દેવ અથવા બીજે સ્થળે ઉત્પન્ન થાય છે. બન્ને સ્થળે જીવભાવ ધ્રુવ છે. તે નાશ પામીને કંઈ બીજો થતો નથી.

૧૮. જે જીવ જન્મ્યો હતો; તે જ જીવ નાશ પામ્યો. વસ્તુત્વે તો તે જીવ ઉત્પન્ન થયો નથી, અને નાશ પણ થયો નથી. ઉત્પન્ન અને નાશ દેવત્વ, મનુષ્યત્વનો થાય છે.

૧૯. એમ સત્‌નો વિનાશ, અને અસત્ જીવની ઉત્પત્તિ થતી નથી. જીવને દેવત્વ, મનુષ્યત્વાદિ પર્યાય ગતિનામકર્મથી હોય છે.

૨૦. જ્ઞાનાવરણીય આદિ કર્મભાવો જીવે સુદૃઢ (અવગાઢ)પણે બાંધ્યા છે; તેનો અભાવ કરવાથી પૂર્વે નહીં થયેલો એવો તે 'સિદ્ધ ભગવાન' થાય.

૨૧. એમ ભાવ, અભાવ, ભાવાભાવ અને અભાવભાવથી ગુણપર્યાયસહિત જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.

૨૨. જીવ, પુદ્‌ગલસમૂહ અને આકાશ તેમ જ બીજા અસ્તિકાય કોઈના કરેલા નથી, સ્વરૂપથી જ અસ્તિત્વવાળાં છે; અને લોકના કારણભૂત છે.

૨૩. સદ્‌ભાવ સ્વભાવવાળાં જીવ અને પુદ્‌ગલના પરાવર્તનપણાથી ઓળખાતો એવો નિશ્ચયકાળ કહ્યો છે.

૨૪. તે કાળ પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શથી રહિત છે, અગુરુલઘુ છે, અમૂર્ત છે, અને વર્તનાલક્ષણવાળો છે.

૨૫. સમય, નિમેષ, કાષ્ઠા, કલા, નાલી, મુહૂર્ત, દિવસ,

રાત્રિ, માસ, ઋતુ અને સંવત્સરાદિ તે વ્યવહારકાળ છે.

૨૬. કાળના કોઈ પણ પરિમાણ (માપ) વિના બહુ કાળ, થોડો કાળ એમ કહી શકાય નહીં. તેની મર્યાદા પુદ્‌ગલદ્રવ્ય વિના થતી નથી, તેથી કાળને પુદ્‌ગલદ્રવ્યથી ઉત્પન્ન થવાપણું કહીએ છીએ.

૨૭. જીવત્વવાળો, જાણનાર, ઉપયોગવાળો, પ્રભુ, કર્તા, ભોક્તા, દેહપ્રમાણ, વસ્તુતાએ અમૂર્ત અને કર્માવસ્થામાં મૂર્ત એવો જીવ છે.

૨૮. કર્મમલથી સર્વ પ્રકારે મુક્ત થવાથી ઊર્ધ્વ લોકાંતને પ્રાપ્ત થઈ તે સર્વજ્ઞ સર્વદર્શી ઈન્દ્રિયથી પર એવું અનંતસુખ પામે છે.

૨૯. પોતાના સ્વાભાવિક ભાવને લીધે આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી થાય છે, અને પોતાનાં કર્મથી મુક્ત થવાથી અનંતસુખ પામે છે.

૩૦. બળ, ઈન્દ્રિય, આયુષ અને ઉચ્છ્વાસ એ ચાર પ્રાણ વડે જે ભૂતકાળે જીવતો હતો, વર્તમાનકાળે જીવે છે, અને ભવિષ્યકાળે જીવશે તે 'જીવ'.

૩૧. અનંત અગુરુલઘુ ગુણથી નિરંતર પરિણમેલા અનંત જીવો છે. અસંખ્યાત પ્રદેશપ્રમાણ છે. કોઈક જીવો લોકપ્રમાણ અવગાહનાને પામ્યા છે.

૩૨. કોઈક જીવો તે અવગાહનાને પામ્યા નથી. મિથ્યાદર્શન, કષાય અને યોગસહિત અનંત એવા સંસારી જીવો છે. તેથી રહિત એવા અનંત સિદ્ધ છે.

૩૩. જેમ પદ્મરાગ નામનું રત્ન દૂધમાં નાખ્યું હોય તો તે દૂધના પરિમાણ પ્રમાણે પ્રભાસે છે. તેમ દેહને વિષે સ્થિત એવો આત્મા તે માત્ર દેહપ્રમાણ પ્રકાશક-વ્યાપક છે.

૩૪. એક કાયામાં સર્વ અવસ્થામાં જેમ તેનો તે જ જીવ છે,

તેમ સર્વત્ર સંસાર-અવસ્થામાં પણ તેનો તે જ જીવ છે. અધ્યવસાયવિશેષથી કર્મરૂપી રજોમલથી તે જીવ મલિન થાય છે.

૩૫. જેમને પ્રાણધારણપણું નથી, તેનો જેમને સર્વથા અભાવ થયો છે, તે દેહથી ભિન્ન અને વચનથી અગોચર જેમનું સ્વરૂપ છે એવા – 'સિદ્ધ' છે.

૩૬. વસ્તુદૃષ્ટિથી જોઈએ તો સિદ્ધપદ ઉત્પન્ન થતું નથી, કેમકે તે કોઈ બીજા પદાર્થથી ઉત્પન્ન થતું કાર્ય નથી, તેમ તે કોઈ પ્રત્યે કારણરૂપ પણ નથી, કેમકે અન્ય સંબંધે તેની પ્રવૃત્તિ નથી.

૩૭. શાશ્વત, અશાશ્વત, ભવ્ય, અભવ્ય, શૂન્ય, અશૂન્ય, વિજ્ઞાન અને અવિજ્ઞાન એ ભાવ જો મોક્ષમાં જીવનું અસ્તિત્વ ન હોય તો કોને હોય ?

૩૮. કોઈએક જીવો કર્મનું ફળ વેદે છે, કોઈએક જીવો કર્મબંધકર્તૃત્વ વેદે છે; અને કોઈએક જીવો માત્ર શુદ્ધ જ્ઞાનસ્વભાવ વેદે છે; એમ વેદકભાવથી જીવરાશિના ત્રણ ભેદ છે.

૩૯. સ્થાવરકાયના જીવો પોતપોતાનાં કરેલાં કર્મોનું ફળ વેદે છે. ત્રસ જીવો કર્મબંધચેતના વેદે છે, અને પ્રાણથી રહિત એવા અતીંદ્રિય જીવો શુદ્ધજ્ઞાનચેતના વેદે છે.

૪૦. ઉપયોગ જ્ઞાન અને દર્શન એમ બે પ્રકારનો છે. જીવને સર્વકાળ તે અનન્યભૂતપણે જાણવો.

૪૧. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એમ જ્ઞાનના પાંચ ભેદ છે. કુમતિ, કુશ્રુત અને વિભંગ એમ અજ્ઞાનના ત્રણ ભેદ છે. એ બધા જ્ઞાનોપયોગના ભેદ છે.

૪૨. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અવધિદર્શન અને અવિનાશી અનંત એવું કેવળદર્શન એમ દર્શનોપયોગના ચાર ભેદ છે.

૪૩. આત્માને જ્ઞાનગુણનો સંબંધ છે, અને તેથી આત્મા જ્ઞાની છે એમ નથી; પરમાર્થથી બન્નેનું અભિન્નપણું જ છે.

૪૪. જો દ્રવ્ય જુદું હોય અને ગુણ પણ જુદા હોય તો એક

દ્રવ્યના અનંત દ્રવ્ય થઈ જાય; અથવા દ્રવ્યનો અભાવ થાય.

૪૫. દ્રવ્ય અને ગુણ અનન્યપણે છે; બન્નેમાં પ્રદેશભેદ નથી. દ્રવ્યના નાશથી ગુણનો નાશ થાય, અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવું એકપણું છે.

૪૬. વ્યપદેશ (કથન), સંસ્થાન, સંખ્યા અને વિષય એ ચાર પ્રકારની વિવક્ષાથી દ્રવ્યગુણના ઘણા ભેદ થઈ શકે; પણ પરમાર્થનયથી એ ચારેનો અભેદ છે.

૪૭. પુરુષની પાસે ધન હોય તેનું ધનવંત એવું નામ કહેવાય; તેમ આત્માની પાસે જ્ઞાન છે તેથી જ્ઞાનવંત એવું નામ કહેવાય છે. એમ ભેદ અભેદનું સ્વરૂપ છે, જે સ્વરૂપ બન્ને પ્રકારથી તત્ત્વજ્ઞો જાણે છે.

૪૮. આત્મા અને જ્ઞાનનો સર્વથા ભેદ હોય તો બન્ને અચેતન થાય, એમ વીતરાગ સર્વજ્ઞનો સિદ્ધાંત છે.

૪૯. જ્ઞાનનો સંબંધ થવાથી આત્મા જ્ઞાની થાય છે એવો સંબંધ માનવાથી આત્મા અને અજ્ઞાન, જડત્વનો ઐક્યભાવ થવાનો પ્રસંગ આવે.

૫૦. સમવર્તિત્વ સમવાય અપૃથક્ભૂત અને અપૃથક્સિદ્ધ છે; માટે દ્રવ્ય અને ગુણનો સંબંધ વીતરાગોએ અપૃથક્સિદ્ધ કહ્યો છે.

૫૧. વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ ચાર વિશેષ પરમાણુદ્રવ્યથી અનન્યપણે છે. વ્યવહારથી તે પુદ્ગલદ્રવ્યથી ભેદપણે કહેવાય છે.

૫૨. તેમ જ દર્શન અને જ્ઞાન પણ જીવથી અનન્યભૂત છે. વ્યવહારથી તેનો આત્માથી ભેદ કહેવાય છે.

૫૩. આત્મા (વસ્તુપણે) અનાદિ અનંત છે, અને સંતાનની અપેક્ષાએ સાદિસાંત પણ છે, તેમ સાદિઅનંત પણ છે. પાંચ ભાવના પ્રાધાન્યપણાથી તે તે ભંગ છે. સદ્ભાવથી જીવદ્રવ્ય

અનંત છે.

૫૪. એમ સત્ (જીવ પર્યાય)નો વિનાશ અને અસત્ જીવનો ઉત્પાદ, પરસ્પર વિરુદ્ધ છતાં જેમ અવિરોધપણે સિદ્ધ છે તેમ સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યો છે.

૫૫. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ નામકર્મની પ્રકૃતિ સત્નો નાશ અને અસત્ભાવનો ઉત્પાદ કરે છે.

૫૬. ઉદય, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ અને પારિણામિક ભાવથી જીવના ગુણોનું બહુ વિસ્તીર્ણપણું છે.

૫૭, ૫૮, ૫૯.

૬૦. દ્રવ્યકર્મનું નિમિત્ત પામીને ઉદયાદિક ભાવે જીવ પરિણમે છે; ભાવકર્મનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મ પરિણમે છે. કોઈ કોઈના ભાવના કર્તા નથી; તેમ કર્તા વિના થયા નથી.

૬૧. સર્વ પોતપોતાના સ્વભાવ કરે છે; તેમ આત્મા પણ પોતાના જ ભાવનો કર્તા છે; પુદ્ગલકર્મનો આત્મા કર્તા નથી; એ વીતરાગનાં વાક્ય સમજવા યોગ્ય છે.

૬૨. કર્મ પોતાના સ્વભાવાનુસાર યથાર્થ પરિણમે છે, જીવ પોતાના સ્વભાવાનુસાર તેમ ભાવકર્મને કરે છે.

૬૩. કર્મ જો કર્મ કરે, અને આત્મા આત્મત્વ જ કરે, તો પછી તેનું ફળ કોણ ભોગવે ? અને તે ફળ કર્મ કોને આપે ?

૬૪. સંપૂર્ણ લોક પૂર્ણઅવગાઢપણે પુદ્ગલસમૂહથી ભર્યો છે, સૂક્ષ્મ અને બાદર એવા વિવિધ પ્રકારના અનંત સ્કંધોથી.

૬૫. આત્મા જ્યારે ભાવકર્મરૂપ પોતાનો સ્વભાવ કરે છે, ત્યારે ત્યાં રહેલા પુદ્ગલપરમાણુઓ પોતાના સ્વભાવને લીધે કર્મભાવને પ્રાપ્ત થાય છે; અને એકબીજા એકક્ષેત્રાવગાહપણે અવગાઢતા પામે છે.

૬૬. કોઈ કર્તા નહીં છતાં પુદ્ગલદ્રવ્યથી જેમ ઘણા સ્કંધોની ઉત્પત્તિ થાય છે, તેમ કર્મપણે પણ સ્વાભાવિકપણે પુદ્ગલદ્રવ્ય

પરિણમે છે એમ જાણવું.

૬૭. જીવ અને પુદ્‌ગલસમૂહ અરસપરસ મજબૂત અવગ્રાહિત છે. યથાકાળે ઉદય થયે તેથી જીવ સુખદુઃખરૂપ ફળ વેદે છે.

૬૮. તેથી કર્મભાવનો કર્તા જીવ છે અને ભોક્તા પણ જીવ છે. વેદક ભાવને લીધે કર્મફળ તે અનુભવે છે.

૬૯. એમ કર્તા અને ભોક્તા આત્મા પોતાના ભાવથી થાય છે. મોહથી સારી રીતે આચ્છાદિત એવો તે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.

૭૦. (મિથ્યાત્વ) મોહનો ઉપશમ થવાથી અથવા ક્ષય થવાથી વીતરાગના કહેલા માર્ગને પ્રાપ્ત થયેલો એવો ધીર, શુદ્ધ જ્ઞાનાચારવંત નિર્વાણપુર પ્રત્યે જાય છે.

૭૧.-૭૨. એક પ્રકારથી, બે પ્રકારથી, ત્રણ પ્રકારથી, ચાર ગતિના પ્રકારથી, પાંચ ગુણોની મુખ્યતાથી, છકાયના પ્રકારથી, સાત ભંગના ઉપયોગપણાથી, આઠ ગુણ અથવા આઠ કર્મરૂપ ભેદથી, નવ તત્ત્વથી, અને દશસ્થાનકથી જીવનું નિરૂપણ છે.

૭૩. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધથી સર્વથા મુક્ત થવાથી જીવ ઊર્ધ્વગમન કરે છે. સંસાર અથવા કર્માવસ્થામાં વિદિશા વિના બીજી દિશાઓમાં જીવ ગમન કરે છે.

૭૪. સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણુ એમ પુદ્‌ગલ અસ્તિકાય ચાર પ્રકારે જાણવો.

૭૫. સકળ સમસ્ત તે 'સ્કંધ', તેનું અર્ધ તે 'દેશ', તેનું વળી અર્ધ તે 'પ્રદેશ' અને અવિભાગી તે 'પરમાણુ'.

૭૬. બાદર અને સૂક્ષ્મ પરિણામ પામવા યોગ્ય સ્કંધમાં પૂરણ (પુરાવાનો), ગલન (ગળવાનો, છૂટા પડી જવાનો) સ્વભાવ જેનો છે તે પુદ્‌ગલના નામથી ઓળખાય છે. તેના છ

ભેદ છે, જેનાથી ત્રૈલોક્ય ઉત્પન્ન થાય છે.

૭૭. સર્વ સ્કંધનું છેલ્લામાં છેલ્લું કારણ પરમાણુ છે. તે સત્, અશબ્દ, એક, અવિભાગી અને મૂર્ત હોય છે.

૭૮. વિવક્ષાએ કરીને મૂર્ત, ચાર ધાતુનું કારણ જે છે તે પરમાણુ જાણવા યોગ્ય છે; તે પરિણામી છે, પોતે અશબ્દ છે, પણ શબ્દનું કારણ છે.

૭૯. સ્કંધથી શબ્દ ઉત્પન્ન થાય છે. અનંત પરમાણુઓના મેલાપ, તેનો સંઘાત, સમૂહ તેનું નામ 'સ્કંધ'. તે સ્કંધો પરસ્પર સ્પર્શાવાથી, અથડાવાથી નિશ્ચય કરીને 'શબ્દ' ઉત્પન્ન થાય છે.

૮૦. તે પરમાણુ નિત્ય છે, પોતાના રૂપાદિ ગુણોને અવકાશ, આધાર આપે છે, પોતે એકપ્રદેશી હોવાથી એક પ્રદેશથી ઉપરાંત અવકાશને પ્રાપ્ત થતો નથી, બીજા દ્રવ્યને અવકાશ (આકાશની પેઠે) આપતો નથી, સ્કંધના ભેદનું કારણ છે-સ્કંધના ખંડનું કારણ છે, સ્કંધનો કર્તા છે, કાળના પરિમાણ (માપ) સંખ્યા(ગણના)નો હેતુ છે.

૮૧. એક રસ, એક વર્ણ, એક ગંધ અને બે સ્પર્શ, શબ્દની ઉત્પત્તિનું કારણ અને એકપ્રદેશાત્મકપણે અશબ્દ, સ્કંધપરિણમિત છતાં વ્યતિરિક્ત દ્રવ્ય તે પરમાણુ જાણવો.

૮૨. ઇન્દ્રિયોએ કરી ઉપભોગ્ય, તેમ જ કાયા, મન અને કર્મ આદિ જે જે અનંત એવા મૂર્ત પદાર્થો છે તે સર્વ પુદ્ગલદ્રવ્ય જાણવું.

૮૩. ધર્માસ્તિકાય અરસ, અવર્ણ, અગંધ, અશબ્દ અને અસ્પર્શ છે; સકળલોકપ્રમાણ છે, અખંડિત, વિસ્તીર્ણ અને અસંખ્યાતપ્રદેશાત્મક દ્રવ્ય છે.

૮૪. અનંત અગુરુલઘુગુણપણે તે નિરંતર પરિણમિત છે. ગતિક્રિયાયુક્ત જીવાદિને કારણભૂત છે; પોતે અકાર્ય છે, અર્થાત્ કોઈથી ઉત્પન્ન થયેલું તે દ્રવ્ય નથી.

૮૫. જેમ મત્સ્યની ગતિને જળ ઉપકાર કરે છે, તેમ જીવ અને પુદ્‌ગલદ્રવ્યની ગતિને ઉપકાર કરે છે તે 'ધર્માસ્તિકાય' જાણવો.

૮૬. જેમ ધર્માસ્તિકાય દ્રવ્ય છે તેમઅધર્માસ્તિકાય પણ છે એમ જાણો. સ્થિતિક્રિયાયુક્ત જીવ, પુદ્‌ગલને તે પૃથ્વીની પેઠે કારણભૂત છે.

૮૭. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને લીધે લોક અલોકનો વિભાગ થાય છે. એ ધર્મ અને અધર્મ દ્રવ્ય પોતપોતાના પ્રદેશથી કરીને જુદાં જુદાં છે. પોતે હલનચલન ક્રિયાથી રહિત છે; અને લોકપ્રમાણ છે.

૮૮. ધર્માસ્તિકાય જીવ, પુદ્‌ગલને ચલાવે છે એમ નથી; જીવ, પુદ્‌ગલ ગતિ કરે છે તેને સહાયક છે.

૮૯.

૯૦. સર્વ જીવોને તથા બાકીના પુદ્‌ગલાદિને સંપૂર્ણ અવકાશ આપે છે તેને 'લોકાકાશ' કહીએ છીએ.

૯૧. જીવ, પુદ્‌ગલસમૂહ, ધર્મ અને અધર્મ એ દ્રવ્યો લોકથી અનન્ય છે; અર્થાત્ લોકમાં છે; લોકથી બહાર નથી. આકાશ લોકથી પણ બહાર છે, અને તે અનંત છે; જેને 'અલોક' કહીએ છીએ.

૯૨. જો ગમન અને સ્થિતિનું કારણ આકાશ હોત તો ધર્મ અને અધર્મદ્રવ્યના અભાવને લીધે સિદ્ધ ભગવાનનું અલોકમાં પણ ગમન હોત.

૯૩. જે માટે સિદ્ધ ભગવાનનું સ્થાન ઊર્ધ્વલોકાંતે સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે; તેથી ગમન અને સ્થાનનું કારણ આકાશ નથી એમ જાણો.

૯૪. જો ગમનનો હેતુ આકાશ હોત અથવા સ્થાનનો હેતુ આકાશ હોત, તો અલોકની હાનિ થાય અને લોકના અંતની

વૃદ્ધિ પણ થાય.

૯૫. તેથી ધર્મ અને અધર્મ દ્રવ્ય ગમન તથા સ્થિતિનાં કારણ છે, પણ આકાશ નથી. આ પ્રમાણે લોકનો સ્વભાવ શ્રોતા જીવો પ્રત્યે સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યો છે.

૯૬. ધર્મ, અધર્મ અને (લોક) આકાશ અપૃથક્ભૂત (એકક્ષેત્રાવગાહી) અને સરખાં પરિમાણવાળાં છે. નિશ્ચયથી ત્રણે દ્રવ્યની પૃથક ઉપલબ્ધિ છે; પોતપોતાની સત્તાથી રહ્યાં છે. એમ એક્તા અનેકતા છે.

૯૭. આકાશ, કાળ, જીવ, ધર્મ અને અધર્મ એ દ્રવ્યો મૂર્તતારહિત છે, અને પુદ્ગલદ્રવ્ય મૂર્ત છે. તેમાં જીવ દ્રવ્ય ચેતન છે.

૯૮. જીવ અને પુદ્ગલ એકબીજાને ક્રિયાનાં સહાયક છે. બીજાં દ્રવ્યો (તે પ્રકારે) સહાયક નથી. જીવ પુદ્ગલદ્રવ્યનાં નિમિત્તથી ક્રિયાવાન હોય છે. કાળના કારણથી પુદ્ગલ અનેક સ્કંધપણે પરિણમે છે.

૯૯. જીવને જે ઈંદ્રિયગ્રાહ્ય વિષય છે તે પુદ્ગલદ્રવ્ય મૂર્ત છે; બાકીનાં અમૂર્ત છે. મન પોતાના વિચારના નિશ્ચિતપણાથી બન્નેને જાણે છે.

૧૦૦. કાળ પરિણામથી ઉત્પન્ન થાય છે. પરિણામ કાળથી ઉત્પન્ન થાય છે. બન્નેનો એમ સ્વભાવ છે. 'નિશ્ચયકાળ'થી 'ક્ષણભંગુરકાળ' હોય છે.

૧૦૧. કાળ એવો શબ્દ સદ્ભાવનો બોધક છે, તેમાં એક નિત્ય છે, બીજો ઉત્પન્નવ્યયવાળો છે, અને દીર્ઘાંતર સ્થાયી છે.

૧૦૨. એ કાળ, આકાશ, ધર્મ, અધર્મ અને પુદ્ગલ તથા જીવ એ બધાને દ્રવ્ય એવી સંજ્ઞા છે. કાળને અસ્તિકાય એવી સંજ્ઞા નથી.

૧૦૩. એમ નિર્ગ્રંથના પ્રવચનનું રહસ્ય એવો, આ

પંચાસ્તિકાયના સ્વરૂપવિવેચનનો સંક્ષેપ તે જે યથાર્થપણે જાણીને, રાગ અને દ્વેષથી મુક્ત થાય તે સર્વ દુઃખથી પરિમુક્ત થાય.

૧૦૪. આ પરમાર્થને જાણીને જે મોહના હણનાર થયા છે અને જેણે રાગદ્વેષને શાંત કર્યા છે તે જીવ સંસારની દીર્ઘ પરંપરાનો નાશ કરી શુદ્ધાત્મપદમાં લીન થાય.

ઈતિ પંચાસ્તિકાય પ્રથમ અધ્યાય.

------------

**ૐ જિનાય નમઃ નમઃ શ્રી સદ્‌ગુરવે**

૧૦૫. મોક્ષના કારણ શ્રી ભગવાન મહાવીરને ભક્તિપૂર્વક મસ્તક નમાવી તે ભગવાનનો કહેલો પદાર્થપ્રભેદરૂપ મોક્ષનો માર્ગ કહું છું.

૧૦૬. સમ્યક્ત્વ, આત્મજ્ઞાન અને રાગદ્વેષથી રહિત એવું ચારિત્ર, સમ્યક્‌બુદ્ધિ જેને પ્રાપ્ત થયેલ છે, એવા ભવ્યજીવને મોક્ષમાર્ગ હોય.

૧૦૭. તત્ત્વાર્થની પ્રતીતિ તે 'સમ્યક્ત્વ', તત્ત્વાર્થનું જ્ઞાન તે 'જ્ઞાન', અને વિષયના વિમૂઢ માર્ગ પ્રત્યે શાંતભાવ તે 'ચારિત્ર'.

૧૦૮. 'જીવ', 'અજીવ', 'પુણ્ય', 'પાપ', 'આસ્રવ', 'સંવર', 'નિર્જરા', 'બંધ' અને 'મોક્ષ' એ ભાવો તે 'તત્ત્વ' છે.

૧૦૯. 'સંસારસ્થ' અને 'સંસારરહિત' એમ બે પ્રકારના જીવો છે. બન્ને ચૈતન્યોપયોગ લક્ષણ છે. સંસારી દેહસહિત અને અસંસારી દેહરહિત જીવો છે.

૧૧૦. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ જીવસંશ્રિત છે. તે જીવોને મોહનું પ્રબળપણું છે અને સ્પર્શઈંદ્રિયના વિષયનું તેને જ્ઞાન છે.

૧૧૧. તેમાં ત્રણ સ્થાવર છે. અલ્પ યોગવાળા અગ્નિ અને વાયુકાય તે ત્રસ છે. તે મનના પરિણામથી રહિત 'એક ઈંદ્રિય

જીવો’ જાણવા.

૧૧૨. એ પાંચે પ્રકારનો જીવસમૂહ મનપરિણામથી રહિત અને એકેંદ્રિય છે, એમ સર્વજ્ઞે કહ્યું છે.

૧૧૩. ઈંડામાં જેમ પક્ષીનો ગર્ભ વધે છે, જેમ મનુષ્યગર્ભમાં મૂર્છાગત અવસ્થા છતાં જીવત્વ છે, તેમ ‘એકેંદ્રિય જીવો’ પણ જાણવા.

૧૧૪. શંબુક, શંખ, છીપ, કૃમિ એ આદિ જે જીવો રસ, અને સ્પર્શને જાણે છે; તે ‘બે ઈંદ્રિય જીવો’ જાણવા.

૧૧૫. જૂ, માંકડ, કીડી, વીંછી આદિ અનેક પ્રકારના બીજા પણ કીડાઓ રસ, સ્પર્શ અને ગંધને જાણે છે; તે ‘ત્રણ ઈન્દ્રિય જીવો’ જાણવા.

૧૧૬. ડાંસ, મચ્છર, માખી, ભમરી, ભમરા, પતંગ આદિ રૂપ, રસ, ગંધ અને સ્પર્શને જાણે છે તે ‘ચાર ઈન્દ્રિય જીવો’ જાણવા.

૧૧૭. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ, જળચર, સ્થલચર અને ખેચર તે વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણે છે; તે બળવાન ‘પાંચ ઈન્દ્રિયવાળા જીવો’ છે.

૧૧૮. દેવતાના ચાર નિકાય છે. મનુષ્ય કર્મ અને અકર્મ ભૂમિનાં એમ બે પ્રકારનાં છે. તિર્યંચના ઘણા પ્રકાર છે; તથા નારકી તેની પૃથ્વીઓની જેટલી જાતિ છે તેટલી જાતિના છે.

૧૧૯. પૂર્વે બાંધેલું આયુષ ક્ષીણ થવાથી જીવ ગતિમાનકર્મને લીધે આયુષ અને લેશ્યાના વશથી બીજા દેહમાં જાય છે.

૧૨૦. દેહાશ્રિત જીવોના સ્વરૂપનો એ વિચાર નિરૂપણ કર્યો; તેના ‘ભવ્ય’ અને ‘અભવ્ય’ એવા બે ભેદ છે. દેહરહિત એવા ‘સિદ્ધભગવંતો’ છે.

૧૨૧. ઈંદ્રિયો જીવ નથી, તથા કાયા પણ જીવ નથી પણ

જીવનાં ગ્રહણ કરેલાં સાધનમાત્ર છે. વસ્તુતાએ તો જેને જ્ઞાન છે તેને જ જીવ કહીએ છીએ.

૧૨૨. જે સર્વ જાણે છે, દેખે છે, દુઃખ ભેદીને સુખ ઇચ્છે છે, શુભ અને અશુભને કરે છે અને તેનું ફળ ભોગવે છે તે 'જીવ' છે.

૧૨૩.

૧૨૪. આકાશ, કાળ, પુદ્‌ગલ, ધર્મ અને અધર્મ દ્રવ્યને વિષે જીવત્વગુણ નથી; તેને અચૈતન્ય કહીએ છીએ, અને જીવને સચૈતન્ય કહીએ છીએ.

૧૨૫. સુખદુઃખનું વેદન, હિતમાં પ્રવૃત્તિ, અહિતમાં ભીતિ તે ત્રણે કાળમાં જેને નથી તેને સર્વજ્ઞ મહામુનિઓ 'અજીવ' કહે છે.

૧૨૬. સંસ્થાન, સંઘાત, વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દ એમ પુદ્‌ગલદ્રવ્યથી ઉત્પન્ન થતા ગુણપર્યાયો ઘણા છે.

૧૨૭. અરસ, અરૂપ, અગંધ, અશબ્દ, અનિર્દિષ્ટ સંસ્થાન, અને વચન અગોચર એવો જેનો ચૈતન્ય ગુણ છે તે 'જીવ' છે.

૧૨૮. જે નિશ્ચય કરી સંસારસ્થિત જીવ છે તેના અશુદ્ધ પરિણામ હોય છે. તે પરિણામથી કર્મ ઉત્પન્ન થાય છે, તેથી સારી અને માઠી ગતિ થાય છે.

૧૨૯. ગતિની પ્રાપ્તિથી દેહ થાય છે, દેહથી ઇંદ્રિયો અને ઇંદ્રિયોથી વિષય ગ્રહણ થાય છે, અને તેથી રાગ દ્વેષ ઉત્પન્ન થાય છે.

૧૩૦. સંચારચક્રવાલમાં તે ભાવે કરીને પરિભ્રમણ કરતા જીવોમાં કોઈ જીવોનો સંસાર અનાદિસાંત છે, અને કોઈનો અનાદિઅનંત છે, એમ ભગવાન સર્વજ્ઞે કહ્યું છે.

૧૩૧. અજ્ઞાન, રાગદ્વેષ અને ચિત્તપ્રસન્નતા જે જે ભાવમાં વર્તે છે, તેથી શુભ કે અશુભ પરિણામ થાય છે.

૧૩૨. જીવને શુભ પરિણામથી પુણ્ય થાય છે, અને અશુભ

પરિણામથી પાપ થાય છે. તેનાથી શુભાશુભ પુદ્‌ગલના ગ્રહણરૂપ કર્મપણું પ્રાપ્ત થાય છે.

૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬.

૧૩૭. તૃષાતુરને, ક્ષુધાતુરને, રોગીને અથવા બીજા દુઃખી મનના જીવને તેનું દુઃખ મટાડવાના ઉપાયની ક્રિયા કરવામાં આવે તેનું નામ 'અનુકંપા'.

૧૩૮. ક્રોધ, માન, માયા અને લોભની મીઠાશ જીવને ક્ષોભ પમાડે છે અને પાપભાવની ઉત્પત્તિ કરે છે.

૧૩૯. ઘણા પ્રમાદવાળી ક્રિયા, ચિત્તની મલિનતા, ઈન્દ્રિયવિષયમાં લુબ્ધતા, બીજા જીવોને દુઃખ દેવું, તેનો અપવાદ બોલવો એ આદિ વર્તનથી જીવ 'પાપ-આસ્રવ' કરે છે.

૧૪૦. ચાર સંજ્ઞા, કૃષ્ણાદિ ત્રણ લેશ્યા, ઈન્દ્રિયવશતા, આર્ત અને રૌદ્ર ધ્યાન, દુષ્ટભાવવાળી ધર્મક્રિયામાં મોહ એ 'ભાવ પાપ-આસ્રવ' છે,

૧૪૧. ઈન્દ્રિયો, કષાય અને સંજ્ઞાનો જય કરવાવાળો કલ્યાણકારી માર્ગ જીવને જે કાળે વર્તે છે તે કાળે જીવને પાપ-આસ્રવરૂપ છિદ્રનો નિરોધ છે એમ જાણવું.

૧૪૨. જેને સર્વ દ્રવ્ય પ્રત્યે રાગ, દ્વેષ તેમજ અજ્ઞાન વર્તતું નથી એવા સુખદુઃખને વિષે સમાનદૃષ્ટિના ધણી નિર્ગ્રંથ મહાત્માને શુભાશુભ આસ્રવ નથી.

૧૪૩. જે સંયમીને જ્યારે યોગમાં પુણ્ય પાપની પ્રવૃત્તિ નથી ત્યારે તેને શુભાશુભકર્મકર્તૃત્વનો 'સંવર' છે, 'નિરોધ' છે.

૧૪૪. યોગનો નિરોધ કરીને જે તપશ્ચર્યા કરે છે તે નિશ્ચય બહુ પ્રકારનાં કર્મોની 'નિર્જરા' કરે છે.

૧૪૫. જે આત્માર્થનો સાધનાર સંવરયુક્ત, આત્મસ્વરૂપ જાણીને તદ્રૂપ ધ્યાન કરે છે તે મહાત્મા સાધુ કર્મરજને ખંખેરી નાંખે છે.

૧૪૬. જેને રાગ, દ્વેષ તેમ જ મોહ અને યોગપરિણમન વર્તતા નથી તેને શુભાશુભ કર્મને બાળીને ભસ્મ કરવાવાળો ધ્યાનરૂપી અગ્નિ પ્રગટે.

૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧,

૧૫૨. દર્શનજ્ઞાનથી ભરપૂર, અન્ય દ્રવ્યના સંસર્ગથી રહિત એવું ધ્યાન નિર્જરાહેતુથી ધ્યાવે છે તે મહાત્મા 'સ્વભાવસહિત' છે.

૧૫૩. જે સંવરયુક્ત સર્વ કર્મની નિર્જરા કરતો છતો વેદનીય અને આયુષ્યકર્મથી રહિત થાય તે મહાત્મા તે જ ભવે 'મોક્ષ' પામે.

૧૫૪. જીવનો સ્વભાવ અપ્રતિહત જ્ઞાનદર્શન છે. તેનું અનન્યમય આચરણ (શુદ્ધનિશ્ચયમય એવો સ્થિર સ્વભાવ) તે 'નિર્મલ ચારિત્ર' સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે.

૧૫૫. વસ્તુપણે આત્માનો સ્વભાવ નિર્મલ જ છે, ગુણ અને પર્યાય પરસમયપરિણામીપણે અનાદિથી પરિણમ્યા છે તે દૃષ્ટિથી અનિર્મલ છે. જો તે આત્મા સ્વસમયને પ્રાપ્ત થાય તો કર્મબંધથી રહિત થાય.

૧૫૬. જે પરદ્રવ્યને વિષે શુભ અથવા અશુભ રાગ કરે છે તે જીવ 'સ્વચારિત્ર'થી ભ્રષ્ટ છે અને 'પરચારિત્ર' આચરે છે એમ જાણવું.

૧૫૭. જે ભાવ વડે આત્માને પુણ્ય અથવા પાપઆસ્રવની પ્રાપ્તિ થાય તેમ પ્રવર્તમાન આત્મા પરચારિત્રમાં વર્તે છે એમ વીતરાગ સર્વજ્ઞે કહ્યું છે.

૧૫૮. જે સર્વ સંગમાત્રથી મુક્ત થઈ, અનન્યમયપણે આત્મસ્વભાવમાં સ્થિત છે, નિર્મલ જ્ઞાતા-દૃષ્ટા છે તે 'સ્વચારિત્ર' આચરનાર જીવ છે.

૧૫૯. પરદ્રવ્ય પ્રત્યેના ભાવથી રહિત, નિર્વિકલ્પ

જ્ઞાનદર્શનમય પરિણામી આત્મા છે તે સ્વચારિત્રાચરણ છે.

૧૬૦. ધર્માસ્તિકાયાદિના સ્વરૂપની પ્રતીતિ તે 'સમ્યક્ત્વ', બાર અંગ અને પૂર્વનું જાણપણું તે 'જ્ઞાન', તપશ્ચર્યાદિમાં પ્રવૃત્તિ તે 'વ્યવહાર-મોક્ષમાર્ગ' છે.

૧૬૧. તે ત્રણ વડે સમાહિત આત્મા, આત્મા સિવાય જ્યાં અન્ય કિંચિત્ માત્ર કરતો નથી, માત્ર અનન્ય આત્મામય છે ત્યાં 'નિશ્ચય-મોક્ષમાર્ગ' સર્વજ્ઞ વીતરાગે કહ્યો છે.

૧૬૨. જે આત્મા આત્મસ્વભાવમય એવાં જ્ઞાનદર્શનને અનન્યમય આચરે છે, તેને તે નિશ્ચય જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે.

૧૬૩. જે આ સર્વ જાણશે અને દેખશે તે અવ્યાબાધ સુખ અનુભવશે. આ ભાવોની પ્રતીતિ ભવ્યને થાય છે, અભવ્યને થતી નથી.

૧૬૪. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ 'મોક્ષમાર્ગ' છે, તેની સેવનાથી 'મોક્ષ' પ્રાપ્ત થાય છે; અને (અમુક હેતુથી) 'બંધ' થાય છે એમ મુનિઓએ કહ્યું છે.

૧૬૫.

૧૬૬. અર્હંતસિદ્ધચૈત્યપ્રવચનમુનિગણજ્ઞાનભક્તિસંપન્ન ઘણું પુણ્ય ઉત્પન્ન કરે છે, પણ તે સર્વ કર્મનો ક્ષય કરતો નથી.

૧૬૭. જેના હૃદયને વિષે અણુમાત્ર પરદ્રવ્ય પ્રત્યે રાગ વર્તે છે, તે સર્વ આગમનો જાણનાર હોય તોપણ 'સ્વસમય' નથી જાણતો એમ જાણવું.

૧૬૮.

૧૬૯. તે માટે સર્વ ઇચ્છાથી નિવર્તી નિઃસંગ અને નિર્મમત્વ થઈને જે સિદ્ધસ્વરૂપની ભક્તિ કરે તે નિર્વાણને પ્રાપ્ત થાય.

૧૭૦. પરમેષ્ઠીપદને વિષે જેને તત્ત્વાર્થ પ્રતીતિપૂર્વક ભક્તિ છે, અને નિર્ગ્રંથપ્રવચનમાં રુચિપણે જેની બુદ્ધિ પરિણમી છે, તેમ જ તે સંયમતપસહિત વર્તે છે તો તેને મોક્ષ કંઈ દૂર નથી.

**૧૭૧. અર્હંતની, સિદ્ધની, ચૈત્યની, પ્રવચનની ભક્તિસહિત જો તપશ્ચર્યા કરે છે તો તે નિયમથી દેવલોકને અંગીકાર કરે છે.**

**૧૭૨. તેથી ઈચ્છામાત્રની નિવૃત્તિ કરો. સર્વત્ર કિંચિત્‌માત્ર પણ રાગ કરો મા; કેમકે વીતરાગ ભવસાગરને તરે છે.**

**૧૭૩. માર્ગનો પ્રભાવ થવાને અર્થે, પ્રવચનની ભક્તિથી ઉત્પન્ન થયેલી પ્રેરણાથી પ્રવચનના રહસ્યભૂત 'પંચાસ્તિકાય'ના સંગ્રહરૂપ આ શાસ્ત્ર મેં કહ્યું.**

**ઈતિ પંચાસ્તિકાયસમાપ્તમ્‌.**

(પત્રાંક) ૭૬૬. '**ૐ સર્વજ્ઞાય નમઃ નમઃ સદ્‌ગુરવે**' દેવ અને ગુરુને નમસ્કાર કરીને 'પંચાસ્તિકાય' શાસ્ત્રની ગાથાઓનો અનુવાદ કર્યો છે. જે 'કુંદકુંદાચાર્ય' રચિત પ્રધાન ચાર આગમ છે એમાં 'પંચાસ્તિકાય' પણ એક પ્રધાન શાસ્ત્ર છે. પાંચ અસ્તિકાય : જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ. એ પાંચ અસ્તિકાય છે. એટલે હયાતી ધરે છે અને ક્ષેત્ર વિસ્તારવાળા પદાર્થો છે. એમનું વર્ણન કરવા માટે પાંચ અસ્તિકાય નામનું શાસ્ત્ર લખ્યું છે. ગૌણપણે છઠ્ઠો કાળાણુનું પણ એની અંદર વર્ણન કરેલું છે. મુખ્યપણે આ પાંચનું વર્ણન છે. 'પંચાસ્તિકાય' જેણે નહિ વાંચ્યું હોય એને સંક્ષેપમાં 'પંચાસ્તિકાય'નો વિષય આમાં આવી જાય છે.

મુમુક્ષુ :- આ છ મુદ્દા -

પૂજ્ય ભાઈશ્રી :- ખાસ કરીને કોઈના અભ્યાસાર્થે પોતે અનુવાદ કર્યો છે. ૮૬૬માં એ ખુલાસો કર્યો છે કે કોઈ એક ભાગ્યશાળી જીવને લક્ષમાં રાખીને કર્યો છે. આંક-૮૬૬, પાનું-૬૩૨. '**કોઈ મહત્‌ પુરુષના મનનને અર્થે પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું; તે મનન અર્થે આ સાથે મોકલ્યું છે.**' આ પત્ર એમણે 'ધારશીભાઈ કુશળચંદ, મોરબી'ને લખેલો છે. એને એમ લખે છે કે તમને પણ મોકલું છું. લખ્યું છે બીજાને માટે પણ અત્યારે તમને પણ મોકલું છું. એ Referance આ પત્રની અંદર આપ્યો છે. ૩૨મા વર્ષે. લખ્યું છે ૩૦મા વર્ષે. આગળ ૩૨મા વર્ષે એ વાતનો ઉલ્લેખ કર્યો છે.

(૧). '**સો ઈન્દ્રોએ વંદનિક, ત્રણ લોકને કલ્યાણકારી, મધુર અને નિર્મળ જેનાં વાક્ય છે, અનંત જેના ગુણો છે, જેમણે સંસારનો પરાજય કર્યો છે એવા ભગવાન સર્વજ્ઞ વીતરાગને નમસ્કાર.**' તીર્થંકરદેવ વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરને નમસ્કાર કરે છે. પહેલી માંગળિકની ગાથા છે. માંગળિકમાં સર્વજ્ઞ ભગવાનને નમસ્કાર કરે છે.

કેવા છે સર્વજ્ઞ ભગવાન ? કે '**સો ઈન્દ્રોએ વંદનિક,...**' છે. જગતમાં ત્રણે લોકના થઈને સો ઈન્દ્રો હોય છે. ત્રણે લોકના થઈને. દેવલોક, મનુષ્યલોક અને પાતાળમાં નાગેન્દ્ર વગેરે. ઈન્દ્રો એટલે જેના લોકની અંદર ઊંચામાં ઊંચા પુણ્ય હોય એને ઈન્દ્ર કહેવામાં આવે છે. એને માથે ધણી ન હોય પછી. પ્રધાનને માથે રાજા હોય, ખંડ્યા રાજાને માથે બીજો મોટો રાજા હોય પણ ઈન્દ્રની ઉપર કોઈ રાજા નથી હોતો. એવા જગતના ઉત્કૃષ્ટ સો પ્રાણીઓ ગણીએ, આખા જગતના ઉત્કૃષ્ટ સો (૧૦૦) પ્રાણીઓ ગણીએ (આમ તો) અનંત જીવો છે જગતમાં તો. એ અનંત જીવોમાં સો એ ઉત્કૃષ્ટ પુણ્યવાળા એકસો લીધા. એ સોએ સો જગતના ઉત્કૃષ્ટ પુણ્યવાળા જીવો ભગવાનને સમવસરણમાં વંદન કરવા આવે છે. પછી એને જે વંદન કરતા હોય પૈસાવાળાને, પુણ્યવાળાને, સત્તાવાળાને, અધિકારવાળાને, એ તો એમાં આપોઆપ આવી ગયા. બીજા બધા તો પછી નીચેના પુણ્યવાળા, ઉપરના પુણ્યવાળાને તો નમતા-ભજતા જાય છે.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ દેવો હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એવું કાંઈ નથી. સમ્યગ્દષ્ટિ દેવો નહિ. આમાં તો ચક્રવર્તીઓ લીધા છે. એ મનુષ્યના ઈન્દ્ર છે. એવી રીતે નાગમાં નાગેન્દ્ર છે પણ પુણ્યવંત જીવોનું અહીંયાં કહેવું છે.

'**સો ઈન્દ્રોએ વંદનિક,...**' જગતમાં અનંત જીવોમાંથી જેમકે પ્રાણીઓમાં સિંહ છે એ ઈન્દ્ર છે. એની માથે કોઈ નથી. એ પણ ભગવાનની સભામાં વંદન કરવા આવે છે. એવા ઉત્કૃષ્ટ પુણ્યવાળા બધા જીવો ભગવાનને નમસ્કાર કરે છે. એવું ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવનું પુણ્ય એથી પણ સર્વોત્કૃષ્ટ છે. અનંત જીવોમાંથી સો મોટામાં મોટા પુણ્યવાળા જીવોથી પણ મોટું પુણ્ય. અહીંયાં પુણ્યના લક્ષે વાત છે. પવિત્રતા તો છે જ ભગવાનની, એ તો સામાન્ય અરિહંત કેવળીની પણ એટલી પવિત્રતા હોય છે પણ તીર્થંકરદેવની પુણ્ય અને પવિત્રતા સર્વોત્કૃષ્ટ હોય છે.

**'સો ઈન્દ્રોએ વંદનિક, ત્રણ લોકને કલ્યાણકારી,...'** ત્રણે લોકને જે કલ્યાણકારી છે. ત્રણે લોકના જીવોને. નારકીના લોકોને પણ ઉપકારી થાય છે. એને પણ શાતાનું નિમિત્ત થાય છે. **'મધુર અને નિર્મળ જેનાં વાક્ય છે,...'** જેમના વચનોમાં એવી મધુરતા છે કે જાણે કોઈ કાનમાં અમૃતને રેડતું હોય ! એમના વચનોનું શ્રવણ કરતાં એવું લાગે કે જાણે કોઈ કાનમાં અમૃતની ધાર કરે છે. સાંભળ્યા જ કરો. સાંભળવાનું મન છે એ સાંભળવાનું જ મન રહ્યા કરે. **'અને નિર્મળ જેનાં વાક્ય છે,...'** વચનની પણ નિર્મળતા (છે). ભાવ નિર્મળ છે ને ? પવિત્ર છે. એટલે એ ભાવપ્રિય વચનો પણ નિર્મળ છે. અથવા નિર્મળતામાં બધા જીવોને નિમિત્ત થાય છે. બીજા જીવોને પણ આત્માની પવિત્રતા અને નિર્મળતામાં નિમિત્ત થાય છે. બીજા જીવોને નિર્મળતા પ્રગટ થાય એવો જેની અંદર ઉપદેશ છે, હિતોપદેશ છે એટલે એ વચનને પણ નિર્મળ કહેવામાં આવે છે. અથવા સત્ય વચન છે. અસત્ય વચન નથી.

**'અનંત જેના ગુણો છે,...'** ભગવાનને ગુણો કેટલા પ્રગટ થયા છે ? અનંતે અનંત ગુણો પ્રગટ થયા છે, ... થયા છે. અને **'જેમણે સંસારનો પરાજય કર્યો છે...'** અરિ-હંત. અંદરના બધા શત્રુઓને જેમણે હરાવ્યા છે. અને અનંતવીર્ય-અનંતપુરુષાર્થ જેમણે પ્રગટ કર્યો છે. **'એવા ભગવાન સર્વજ્ઞ વીતરાગને (માંગલિકમાં) નમસ્કાર'** કરવામાં આવ્યા છે.

મુમુક્ષુ :- ૮૬૬મો પત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૮૬૬માં 'ધારશીભાઈ કુશળચંદ'ને લખેલો પત્ર છે. એમાં એમ લખ્યું છે કે, **'કોઈ મહત્ પુરુષના મનન અર્થે આ પંચાસ્તિકાયનો સંક્ષિપ્ત અનુવાદ લખેલો છે. જે આજે તમને મોકલું છું.'** એક લીટી નાખી છે. 'ધારશીભાઈ કુશળચંદ'ના પત્રમાં આ એક લીટી નાખી છે. હમણા આપણે વાંચી.

મુમુક્ષુ :- આમાં પાત્રતામાં લખે છે કે આત્મારામ પરિણામી, પરમવીતરાગદષ્ટિવંત, પરમઅસંગ એવા મહાત્માપુરુષો તેના મુખ્ય પાત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૮૬૬માં ?

મુમુક્ષુ :- એની ઉપરની લીટી. આપણે વાંચ્યું એની ઉપરની લીટી.

પૂજ્ય ભાઈશ્રી :- **'સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે.'** દ્રવ્યાનુયોગ છે એ કાચો પારો છે. ઉપદેશમાં કાચો પારો છે.

પાત્રતા વગર એને પચાવી શકાતું નથી. પાત્રતા ન હોય તો દ્રવ્યાનુયોગનો ઉપદેશ ગ્રહણ કરવા જાય (તો) પ્યાલો ફાટી જાય, ગુણ થવાને બદલે અવગુણમાં આવી પડે. સ્વચ્છંદ થઈ જાય, નિશ્ચયાભાસી થઈ જાય, એમ કહેવું છે. '**સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે.**' પણ દ્રવ્યાનુયોગના પાત્ર છે. હવે એમ કહે છે કે જે '**આત્મારામપરિણામી, પરમવીતરાગદૃષ્ટિવંત,...**' છે એટલે સમ્યગ્દૃષ્ટિ જીવો છે અથવા સમ્યગ્દૃષ્ટિ થવાની યોગ્યતાવાળા છે. '**પરમઅસંગ એવા મહાત્માપુરુષો...**' છે એટલે મુનિઓ છે તે '**તેનાં મુખ્ય પાત્ર છે.**' એ દ્રવ્યાનુયોગ સાંભળીને મુનિઓ તો શુક્લધ્યાનને પ્રાપ્ત થતા હતા. દ્રવ્યાનુયોગનું શ્રવણ કરીને મુનિઓ તો શુક્લધ્યાનને પામતા હતા. એ તો પહેલા એમણે લીધું છે. પહેલી લીટીમાં એ વાત લીધી છે.

'**દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે,...**' જે બાર અંગ છે એ નિર્ગ્રંથ પ્રવચન છે એનું એ રહસ્ય છે. '**શુક્લ ધ્યાનનું અનન્ય કારણ છે.**' જે જે જીવોએ શુક્લધ્યાનને ઉત્પન્ન કર્યું તે દ્રવ્યાનુયોગના ચિંતવનથી, દ્રવ્યાનુયોગના અવલંબનથી ઉત્પન્ન કર્યું છે. એટલે એ શુક્લધ્યાનનું અનન્ય કારણ છે. એટલે કે શુક્લધ્યાનમાં બીજા ત્રણ અનુયોગ કારણ નથી. અનન્ય કારણ લીધું છે. અન્ય કારણ બીજા નથી એમ કહે છે. '**શુક્લધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે.**' દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય તો મહાભાગ્ય સમજવું. પ્રાપ્તિ એટલે સાંભળવા મળે એમ નહિ. ગ્રહણ થાય, અંગીકાર થાય તો સમજવું કે હવે આ જીવનો છૂટકો થઈ ગયો. એટલે દ્રવ્યાનુયોગ ઉપર આ પત્રની અંદર બહુ સારું લખાણ આવ્યું છે. આવશે, પત્ર આવશે ત્યારે વિસ્તારથી લેશું. ઘણી વાતો લીધી છે. દ્રવ્યાનુયોગના વિષયમાં આ પત્રની અંદર બહુ ઊંડા ભાવો વ્યક્ત કર્યા છે. 'પંચાસ્તિકાય' પણ દ્રવ્યાનુયોગનો જ એક ગ્રંથ છે. એટલે એમાં એનો સંદર્ભ નાખ્યો છે. Reference નાખ્યો છે એ કારણ છે.

મુમુક્ષુ :- મુખ્ય પાત્ર જોઈએ તો વર્તમાનમાં યોગ્યતા નથી. તો ગૌણ પાત્ર કેવા પ્રકારના હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- ગૌણ પાત્રમાં સમ્યગ્દૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિનું સમ્યક્પણું યોગ્યતામાં હોય એવા. એમ લેવું. વીતરાગદૃષ્ટિવંત.

વીતરાગદષ્ટિ એટલે સમ્યગ્દષ્ટિ. અને વીતરાગદષ્ટિ પ્રાપ્ત કરવાની યોગ્યતામાં આવી ગયા હોય-સમ્યક્ સન્મુખ થયા હોય એ દ્રવ્યાનુયોગને પાત્ર છે. દ્રવ્યાનુયોગનો ઉપદેશ એને ઉપકારી થાય છે. એને નુકસાનનું કારણ થતા નથી. આમ છે.

મુમુક્ષુ :- ...શું કાળજી રાખે કે જેથી એને નુકસાનનું કારણ ન થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- આત્મહિતની કાળજી રાખે. પોતાનું આત્મહિત શીઘ્રાતિ શીઘ્રપણે કેવી રીતે થાય ? કેમ થાય ? એની જેટલી કાળજી એટલા બધા જ પડખાંથી એના પ્રયત્નો સફળ થવાના બનશે. આ એક વાતને કેન્દ્રસ્થાનમાં મુખ્યે કરીને જો સાંભળવામાં આવે તો પછી બધા એ જ આત્મહિતના આનુશંગિક પરિણામો ઉત્પન્ન થવાના છે. આ મુખ્ય વાત છે. સુવિચારણાનું આ કેન્દ્રસ્થાન છે.

જે 'આત્મસિદ્ધિ'માં એમણે પદ નાખ્યું છે, કે 'જો પ્રગટે સુવિચારણા તો પ્રગટે નિજજ્ઞાન.' આત્મજ્ઞાન, સમ્યગ્દષ્ટિ કોણ થાય ? કે જેને સુવિચારણા પ્રગટે તે. કેમકે એમનું ૨૪મું વર્ષ સમ્યગ્દર્શનનું છે. પણ ૨૪માં વર્ષ પહેલાના જે વચનો છે એ સુવિચારણાના છે. સુવિચારણાના છે એટલે સમ્યગ્દર્શન થવામાં કારણભૂત છે. માટે તે પણ સત્કારવા યોગ્ય છે, તે પણ આદર કરવા યોગ્ય છે અને તે પણ ભક્તિ કરવાને યોગ્ય છે. એમ લેવું. કેમકે એ સમ્યગ્દર્શનનું કારણ છે. 'જો પ્રગટે સુવિચારણા, તો પ્રગટે નિજજ્ઞાન; જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.' એક મુમુક્ષુની સુયોગ્ય ભૂમિકાથી માંડીને નિર્વાણપદ સુધીની આખી Link બેસાડી છે. એક કડીમાં ! એમનું સામર્થ્ય જુઓ ! નિરૂપણ કરવાની શક્તિ જુઓ !

મુમુક્ષુ :- અવતારી પુરુષો હોય એનાથી આવી રચના થઈ શકે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમર્થ પુરુષોથી જ રચના થઈ શકે. સાધારણ પ્રાણીનું તો કામ નથી. એ વાત જરૂર છે. અવતારી એટલે કોઈ આપણે ઈશ્વરના અવતારમાં તો માનતા નથી. અન્યમતમાં અવતારી એટલે કોઈ ઈશ્વર.

મુમુક્ષુ :- એકાવતારી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એકાવતારી તો છે જ પોતે. અથવા નિકટ મોક્ષગામી હોય એવા મહા સમર્થ પુરુષો છે એ આવું નિરૂપણ કરી શકે છે.

મુમુક્ષુ :- ૮૬૬ પત્ર લ્યોને.

પૂજ્ય ભાઈશ્રી :- એમ કરીએ. પત્ર ૮૬૬ લ્યો. આપણે ક્યાં વાંચવામાં કાંઈ પુનરાવર્તનનો દોષ આપણને નથી લાગતો. સ્વાધ્યાયમાં એ દોષ નથી લાગતો.

મુમુક્ષુ :- પાનું-૬૩૨.

પૂજ્ય ભાઈશ્રી :- પાનું-૬૩૨ છે. '**વવાણિયા, ચૈત્ર સુદ ૫, ૧૯૫૫.**' ૧૯૫૫ એટલે આજથી ૯૩ વર્ષ પહેલા લખાયેલો આ પત્ર છે. ૪૮ ચાલે છે ને ? ચૈત્ર મહિનો ચાલે છે. સાત વર્ષ બાદ કરો. ૪૮ ને ૭ = ૫૫. ૧૦૦માંથી ૭ બાદ કરો એટલે ૯૩ વર્ષ પહેલા લખાયેલો પત્ર છે.

મુમુક્ષુ :- ૨૩માં વર્ષ પહેલાના પત્રો સમ્યગ્દર્શન પહેલાના છે. એટલે આમાં ભૂલ રહેવાની સંભાવના છે એમ કરીને કાઢી દેવાના નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જો એમાં ભૂલ હોય તો સમ્યગ્દર્શનનું કારણ ન થાય. એમને સમ્યગ્દર્શનનું કારણ થયું છે માટે ભૂલનો વિચાર આપણે કરવા યોગ્ય નથી. પહેલા તો ભૂલનો વિચાર કરવાને આપણે યોગ્ય છીએ કે નહિ ? અધિકારી છીએ કે નહિ ? એ તો પહેલા વિચાર કરવો કે ન કરવો ? નહિતર નફાનો વેપાર નુકસાનમાં આવી જાશે. પહેલી તો એવી સુવિચારણાની ભૂમિકા આપણી ઉત્પન્ન થઈ છે કે નહિ કે જે સમ્યગ્દર્શનને કારણ થાય ? પછી એનું Judgement બાંધવું. અપરાધી થઈને નિરઅપરાધીને અપરાધી ઠરાવવાનો પ્રયત્ન કરવો એ તો ઘણી વિપરીતતા છે.

'**દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે.**' બાર અંગની અંદર અથવા આખા નિર્ગ્રંથ પ્રવચનમાં પરમ ગંભીર, પરમ સૂક્ષ્મ અને પરમ રહસ્યભૂત કોઈ નિર્ગ્રંથ પ્રવચન હોય તો એ દ્રવ્યાનુયોગમાં ગુંથાયેલું છે. ગંભીર છે એટલે એનું ઊંડાણ ઘણું છે એમ લેવું. દ્રવ્યાનુયોગનું ઊંડાણ ઘણું છે. એક દ્રવ્યમાં અનંત અનંત ગુણધર્મો સંગ્રહાયેલા પડ્યા છે. એક દ્રવ્યમાં અનંત અનંત ગુણધર્મો સંગ્રહાયેલા (પડ્યા છે). એકલા અનંત નહિ, હોં ! અનંતાઅનંત ગુણધર્મો સંગ્રહાયેલા પડ્યા છે. એક દ્રવ્ય આ બધું સંગ્રહીને બેઠું છે. કેટલું ગંભીર ગણવું ? એનો સ્વભાવ કેટલો ગંભીર ગણવો ? સ્વભાવ. સાડા ત્રણ અક્ષરનો શબ્દ છે. સ અડધો છે ને ? સ્વભાવ સાડા ત્રણ અક્ષરનો શબ્દ છે પણ અનંત અનંત ગુણધર્મોની ગંભીરાત લઈને બેઠેલું દ્રવ્ય છે, સ્વભાવ એટલે. એવું જેનું નિરૂપણ કરવું છે, એમ એમાં જેનું નિરૂપણ એ પ્રકારે કરવું છે તે દ્રવ્યાનુયોગ છે.

વિષય તો એટલો બધો સૂક્ષ્મ છે કે એક વખત રાત્રિ ચર્ચામાં 'ગુરુદેવ'ની પાસે એક પ્રશ્ન ચાલ્યો. સાહેબ ! આમાં આપણે ઘણી સૂક્ષ્મ ચર્ચાઓ કરીએ છીએ. સર્વાર્થસિદ્ધિના દેવો આવી સૂક્ષ્મ ચર્ચા કરતા હશે ને ? ત્યારે કહ્યું કે, સર્વાર્થસિદ્ધિના દેવો એટલી બધી સૂક્ષ્મ વિષયોની ચર્ચા કરે છે કે એની પાસે તો આ બધી ચર્ચાઓ સ્થૂળમાં.. સ્થૂળમાં... સ્થૂળમાં... સ્થૂળમાં... એટલું સ્થૂળ ન આવે એટલી બધી સ્થૂળ ચર્ચાઓ આપણે અહીંયાં ચાલે છે. એવી સૂક્ષ્મ ચર્ચાઓ ત્યાં ચાલતી હોય છે.

જેમ કે એક ગુણ અને અનંત ગુણનું રૂપ. બધા ગુણોમાં લાગુ કરવા જાય તો ક્યાં મળે એવું છે ? અત્યારે એવો સૂક્ષ્મ ક્ષયોપશમ બધા ગુણોને સિદ્ધ કરી દે, એક ગુણમાં અનંત ગુણનું રૂપ સિદ્ધ કરી દે એવો સૂક્ષ્મ જ્ઞાનનો ક્ષયોપશમ અત્યારે કોઈને જોવામાં આવતો નથી. વ્યાખ્યા બરાબર છે. કેટલાક ગુણોથી એ પ્રમાણ થાય છે. પણ સર્વ ગુણોમાં ઉપયોગ પહોંચી શકે એવું જોવામાં આવતું નથી. એવી સૂક્ષ્મ ચર્ચાઓ હોય છે. એ બધો દ્રવ્યાનુયોગનો વિષય છે. ઘણો સૂક્ષ્મ છે. વિધીનો વિષય ઘણો સૂક્ષ્મ છે. એ પણ દ્રવ્યાનુયોગમાં જાય છે.

અંતર્મુખ થવાની કાર્યપદ્ધતિ શું છે ? અનાદિથી બહિર્મુખ ભાવે વર્તતા જીવના પરિણામોને અંતર્મુખ કઈ વિધિએ વાળવા ? ક્યા પ્રકારે વાળવા ? અને વાળવા એટલે શું ? એ વિષય પણ ઘણો ગંભીર અને ઘણો સૂક્ષ્મ છે. અને એની સૂક્ષ્મતા એટલી છે કે બહુ અલ્પ મર્યાદામાં એ વચનગોચર અને વિકલ્પ ગોચર થાય છે. કેમકે વિષય મનાતીત છે. મનથી પારનો એ વિષય છે. અતીન્દ્રિય પરિણમન છે. જીવનું એ અંતર્મુખી પરિણમન એ અતીન્દ્રિય પરિણમન હોવાને લીધે જે મનાતીત હોય એ વચનાતીત તો હોય જ. મનાતીત હોય એને કહેવાની જરૂર નથી કે એ વચનાતીત તો હોય જ. છતાં પણ એની ઘણા હદ સુધીની સૂક્ષ્મતા દ્રવ્યાનુયોગમાં સમર્થ મહાપુરુષો, ગણધરદેવ જેવા સમર્થ મહાપુરુષો એને ગુંથે છે. એને યથાશક્તિ અભિવ્યક્તિ આવે છે. એ દ્રવ્યાનુયોગનો વિષય એટલો ગંભીર છે, એટલો સૂક્ષ્મ છે. અને એ જ આખા નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે કે જે અતીન્દ્રિય પરિણમન વડે આત્મા શુદ્ધિને પામે, નિર્વાણપદને પામે, સિદ્ધપદને પામી જાય. એવું એ '**નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે,...**' છે. રહસ્ય એટલે Top secret –ખાનગી જેને કહેવામાં આવે.

જગતમાં જૈન ધર્મ જ પ્રચલિત નથી. અન્યમતો તો જૈનધર્મને ન

જાણે. પણ કહેવાતા જૈનો જૈનધર્મને નથી જાણતા કે જૈનધર્મ શું ચીજ છે ? 'ગુરુદેવ' કહેતા ને, કોથળા ઉપર નામ લખ્યું છે સાકરનું અને અંદર ભર્યું છે કરિયાતું. એમ નામ જૈન છે પણ જૈનપણું શું છે, એ વસ્તુ જગતમાં અપ્રસિદ્ધ છે.

એ નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય એવું જે જૈનત્વ છે-જિનપણું છે એ એક રહસ્યભૂત વિષય છે અને એ જગતની અંદર પ્રચલિત નથી થયો. અત્યારે તો હીણો કાળ છે પણ સારા કાળની અંદર પણ એ રહસ્યભૂત વિષય રહ્યો છે. ત્રણે કાળે એ વચનાતીત હોવાને લીધે, મનાતીત હોવાને લીધે ચિંતવનથી પણ પાર એવો અચિંત્ય વિષય હોવાને લીધે તે રહસ્યભૂત રહ્યો છે.

એ '**શુક્લ ધ્યાનનું અનન્ય કારણ છે.**' જે ધર્માત્માઓ ધર્મધ્યાને બિરાજમાન છે અને જે અસંગ દશાને પ્રાપ્ત છે એવા જે મહાન મુનિરાજો છે એને એ શુક્લધ્યાનનું કારણ થાય છે. આવા જે દ્રવ્યાનુયોગના ગંભીર વચનો છે, એના આલંબને એ શુક્લધ્યાનની શ્રેણીએ ચડી જાય છે. એના રહસ્યના ઊંડાણમાં જાતા જાતા વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ દશાની ઉગ્રતામાં શુક્લધ્યાનની શ્રેણી માંડે છે. એને નિમિત્ત પડે છે દ્રવ્યાનુયોગ. આત્મસ્વભાવ એ અનંત ગંભીર છે કે જેની ગંભીરતાનો પણ અંત નથી. એવા ઊંડા... ઊંડા.. ઊંડા (રહસ્યોથી ભરેલું છે).

જીવમાં સરળપણું અને મધ્યસ્થતા તો મુખ્ય છે. (એ ન હોય) ત્યાં સુધી તો સત્ય-અસત્યનો નિર્ણય નહિ થાય. જ્યાં સુધી સરળપણું અને મધ્યસ્થતા નહિ આવે ત્યાં સુધી સાચા-ખોટાનો નિર્ણય નહિ થાય અને અનાદિનો ખોટાના પક્ષમાં એ કોઈને કોઈ પ્રકારે એ પક્ષને દૃઢ કરી જાશે.

હવે કહે છે.. એ ૩૨ ગાથા થઈ. માત્ર મતનો આગ્રહ સ્વચ્છંદાદિ દોષ જવા માટે આ લક્ષણો અમે પક્ષપાત રહિત મુમુક્ષુજીવોના હિત માટે કહ્યા છે. આ જીવનું મતાર્થીપણું છૂટે, સ્વચ્છંદનો દોષ જાય એટલા માટે એને નિષ્પક્ષપણે કેવળ મુમુક્ષુના હિતથી કેવળ નિઃસ્પૃહ અને નિષ્કારણ કરુણાબુદ્ધિથી આ વાત કહી છે.

**લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;**
**હવે કહું આત્માર્થીના, આત્મ-અર્થ સુખસાજ. ૩૩.**

માત્ર નિષ્કારણ કરુણાથી આ લક્ષણો દ્વારા મુમુક્ષુ જીવો પોતાના દોષને સમજીને ટાળે તે માટે મતાર્થીના લક્ષણો પક્ષપાત રહિત કહ્યા છે.

આવી સરસ વાત કરી છે પણ સંપ્રદાયમાં એટલો પૂર્વગ્રહ છે કે 'શ્રીમદ્'નું નામ ન લેવાય.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' આ પ્રવચન કરી ગયા છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગુરુદેવે' પ્રવચન કર્યું છે. કેમ ?

મુમુક્ષુ :- તમે કહ્યું ને નામ ન લેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- સંપ્રદાયમાં નામ ન લેવાય. 'ગુરુદેવ' ક્યાં સંપ્રદાયમાં હતા ? સંપ્રદાય છોડીને બેઠા 'ગુરુદેવ' તો. આ તો અત્યારે ચાલતા સંપ્રદાય છે ને ? દિગંબર ને શ્વેતાંબર ને સ્થાનકવાસી. લોકોમાં 'શ્રીમદ્ રાજચંદ્ર'નું નામ તો પ્રસિદ્ધ છે અને અત્યારે તો હજારો અનુયાયીઓ છે. એમના નામથી અનેક આશ્રમો અને સંસ્થાઓ ચાલે છે. અત્યારે નામ મોટું થઈ ગયું છે. સંપ્રદાયમાં જાવને તો નામ ન લેવાય.

કેવી વાતો કરી છે એમણે ! નિષ્કારણ કરુણાથી આત્મહિતને લક્ષે કેવી સુંદર વાતો કરી છે ! પાછું એમાંથી કોઈ કાઢી શકે એવું નથી. પોતે એટલા વિચિક્ષણ છે કે એમણે જે પ્રતિપાદન કર્યું છે એમાં આમ વાંધો છે, એ વાંધો કાઢી શકે એવું નથી. પણ પોતાની દુકાન ચલાવવી છે અને આત્માનું હિત કરવું નથી.

મુમુક્ષુ :- આપણા કોઈ કોઈ મુમુક્ષુને 'શ્રીમદ્'નું નામ આવે ત્યાં ભડકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હવે થોડું એવું થવા માંડ્યું છે. 'ગુરુદેવ' તો નહિતર બહુ સ્મરણ કરતા, બહુ સ્મરણ કરતા. કોઈ વ્યાખ્યાન ખાલી નહિ હોય 'ગુરુદેવ'નું કે જેમાં 'શ્રીમદ્જી'નું સ્મરણ કરીને કોઈને કોઈ એમની વાતનું ઉદ્ધરણ-વચનોનો આધાર ન લીધો હોય, એવું કોઈક જ પ્રવચન હોય.

મુમુક્ષુ :- એમની તસ્વીર પણ પ્રવચન કરતી વખતે બાજુમાં જ રાખતા. સ્વાધ્યાયમંદિરમાં છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. છે ને. હજી સ્વાધ્યાય હોલમાં છે. પણ એટલા બધા પડખેથી એમણે પ્રતિપાદન કર્યું છે. .. કહે છે એ જ હું કહું છું.

મુમુક્ષુ :- સાધુ વેશમાં હતા ત્યારે 'શ્રીમદ્'નું વાંચતા એટલે એને કપડાં કાઢીને માર્યા.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ?

મુમુક્ષુ :- એ જ્યારે અહીં 'ભાવનગર'માં સાધુવેશમાં હતા ત્યારે

એને મારતા. 'શ્રીમદ્'નું વાંચતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- માર્યા હતા એ સાધુઓએ માર્યા કે ગૃહસ્થોએ માર્યા ?

મુમુક્ષુ :- એમના ગુરુએ.

પૂજ્ય ભાઈશ્રી :- એમના ગુરુએ માર્યા !

મુમુક્ષુ : વયો જ જા અહીંથી.

પૂજ્ય ભાઈશ્રી : હા. કાઢી મૂકે, કાઢી જ મૂકે. સાચી વાત છે. એ તો ઘણી મોટી Allergy. નામ ન લેવાય. નામ લે તો Allergy થઈ ગઈ હોય ને એ રીતે નામ ન લેવાય. આવા પ્રસંગ બન્યા એ તો આપણને ખબર પણ ન હોય. કે મારે. સાધુ થઈને મારે. સાધુ તો એક વેણ ખરાબ ન બોલે, એના બદલે હાથ ઉપાડે. કહેવાય સાધુ !

મુમુક્ષુ :- કપડા પણ લઈ લીધા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાધુના કપડા લઈ લીધા એમ ને ? પછી ત્યારથી છોડી દીધું ?

મુમુક્ષુ :- નહિ. પછી શાંત પડી ગયું. અમારી જેવા બધા હોય ને પાછા એ શાંત પાડી દે એટલે ચાલ્યુ ગયું. કાળધર્મ પામી ગયા પછી 'સોનગઢ' આવીને પાંચ વર્ષ રહ્યા. 'ગુરુદેવ'નું સાંભળ્યું અને પછી છોડી દીધું. કલ્યાણજી બાપાનો આશ્રમ છે ત્યાં પાંચ વર્ષ સાધુવેશમાં રહ્યા. સાંભળવા આવે. પછી નક્કી કર્યું હવે...

પૂજ્ય ભાઈશ્રી :- એ 'કલ્યાણ સંઘવી'નો આશ્રમ એવો છે કે એ કાંઈ સાધુ પ્રમાણે ચાલે નહિ. અને એને ન મારી શકે. જો ધર્માત્માનું અનુસરણ કરવા જાય તો એને મારે સંપ્રદાયવાળા. પણ એ સિવાય સાધુ બીજા દોષ કરે તો એને ન મારે પાછા. .. કરનારો જીવ પણ ... વધારે ..

... વિધિનો પત્તો લાગ્યો નથી. કેવી રીતે અંતર્મુખ થવું ? એ અંતર્મુખી પુરુષાર્થનું સ્વરૂપ શું ? અને એ અંતર્મુખી વેગ કેમ ઉત્પન્ન થાય ? ઉત્પન્ન થાય તો કેવો હોય ? ખાસ કરીને એની કાર્યપદ્ધતિ શું ? આ વિષય ગહન છે, ઊંડો છે. બહુ સંકેતમાત્ર એટલો વચનગોચર છે. કેટલો ? સંકેતમાત્ર એટલો જ વચનગોચર છે. એટલે એની સૂક્ષ્મતા ઘણી છે. અને એ જો કોઈને પણ ગ્રહણ થાય છે, અપૂર્વ જિજ્ઞાસાના કાળમાં જો કોઈને ગ્રહણ થાય છે તો એને મોક્ષમાર્ગનો પત્તો લાગી જાય. એ અંતર્મુખ થઈ જાય છે. એવી કોઈ અપૂર્વ જિજ્ઞાસામાં જીવ આવે.

અંતર્મુખ થવાના હેતુથી અંતર્મુખી ચિત્તની વિચારધારામાં આવ્યો હોય અને એવા કહેનારા કોઈ અનુભવી ધર્માત્મા હોય, એવો બધો યોગાનુયોગ થાય, ત્યારે કોઈ પામી જાય. એનો પત્તો લાગી જાય છે એટલે પામી જાય છે.

મુમુક્ષુ :- બાકીના ત્રણ અનુયોગ છે એ કરતાં દ્રવ્યાનુયોગમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં છે પણ આમાં વિશિષ્ટ પ્રકારે ખાસ એ જ વિષય હાથમાં લીધો છે. Agenda ઉપર અહીંયાં દ્રવ્યાનુયોગમાં વિષય છે. બાકી ત્રણેમાં છે. ચારે ચાર અનુયોગમાં અધ્યાત્મ છે. અથવા એ અધ્યાત્મ કહેવા માટે જ ચારે અનુયોગની રચના છે પણ આ Direct speech છે અને પેલી Indirect speech છે એટલો ફેર છે. આડકતરો નિર્દેષ છે. આમાં સીધો જ નિર્દેષ છે. આમાં Agenda ઉપર વિષય જ એ છે. ઓલામાં Agenda ઉપર એ વિષય નથી. બીજો વિષય છે અને છતાં એ કહે છે. કેમકે કહેવાનો હેતુ એ છે પાછો. બીજું કાંઈ કહેવાનો હેતુ નથી. એમ છે.

હવે કેવી રીતે એની પ્રાપ્તિ થાય ? કે '**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી...**' લ્યો ! આ મુખ્ય વાત લીધી છે. કઈ વાત લીધી ? '**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી...**' ભાવદર્શનમોહ, હોં ! પરમાણુની વાત નથી લેતા. એ તો એને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. દર્શનમોહની પ્રકૃતિ એવી છે કે જેવા અહીંયાં પરિણામમાં ફેરફાર થાય એવા પરમાણુમાં ફેરફાર થાય. અહીંયાં પરમાણુનો ઉદય હોય તો અહીંયાં પરિણમન એનું હોય જ એમ સમજી લેવું. મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય અને ભાવમાં મિથ્યાત્વ ન હોય એવું કદિ બને નહિ.

એ દર્શનમોહ છે, જીવનો જે દોષ છે, દર્શનમોહ રૂપી ભાવ એ જે જીવનો દોષ છે એ સૌથી મોટામાં મોટો દોષ છે. ૨૫૪ પત્રમાં એ વાત કરી છે. સૌથી મોટામાં મોટો દોષ છે. ત્યાં ભાષા બીજી વાપરી છે કે જીવના દોષ તો અનંત પ્રકારના છે પણ સૌથી મોટો દોષ કયો ? કે એને મુમુક્ષુતાની જ ઉત્પત્તિ થઈ નથી. જુઓ ! કાઢો ૨૫૪મો પત્ર. આ મુમુક્ષુ મંડળમાં નામ લખાવે એ મુમુક્ષુ નહિ, હોં ! એને મુમુક્ષુ અહીંયાં નથી કહેતા.

મુમુક્ષુ :- પાનું-૨૮૮.

પૂજ્ય ભાઈશ્રી :- બીજી લીટી. પહેલી લીટીમાં એમ છે '**પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે;...**'

ચિત્ર-વિચિત્ર દોષમાં જીવો હોય છે. **'અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે; પણ સર્વથી મોટો દોષ...'**જેમાં દર્શનમોહનો અનુભાગ ઘટતો નથી. **'સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય, અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.'** આ જીવનો સૌથી મોટો દોષ છે, સર્વથી મોટો દોષ છે. અનંત કાળમાં સમ્યગ્દર્શન તો પામ્યો નથી, પણ અનંત કાળમાં સાચી મુમુક્ષુતા પણ પામ્યો નથી. કે જે સમ્યગ્દર્શનનું કારણ થાય. આમ છે. આ સર્વથી મોટો દોષ છે.

**'મુમુક્ષુતા તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ...'** મુમુક્ષુતાની વ્યાખ્યા કરી છે નીચે, જુઓ ! ત્રણ લીટી છોડીને. મુમુક્ષુતાને અવતરણ ચિહ્નમાં મૂક્યું છે. કેમકે ઉપર મુમુક્ષુતા અવતરણ ચિહ્નમાં લીધી છે ને ? એ જ મુમુક્ષુતાની વાત કરવી છે. **'તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ એક 'મોક્ષ'ને વિષે...'** સમ્યગ્દર્શનને વિષે નહિ. મોક્ષને વિષે જ યત્ન કરવો. ધ્યેયનો વિષય લઈ લીધો. ધ્યેય બાંધે તે મુમુક્ષુ, ધ્યેય ન બાંધે તે મુમુક્ષુ નહિ. જેણે મોક્ષનું ધ્યેય બાંધ્યું તે મુમુક્ષુ. જેણે મોક્ષનું ધ્યેય પૂર્ણતાના લક્ષે શરૂઆત નથી કરી તે મુમુક્ષુ નહિ. ભલે ગમે તેટલા વર્ષ થયા હોય. 'સોનગઢ' જાતા-જાતા કે 'સોનગઢ'માં રહેતા ગમે તેટલા વર્ષ થયા હોય. આપણે બીજાની ક્યાં વાત કરવી ? આપણું તો તીર્થધામ 'સોનગઢ' છે ને ? મુખ્ય ધામ. પણ પૂર્ણતાને લક્ષે શરૂઆત ન કરી (તો તે મુમુક્ષુ નથી). આ 'ગુરુદેવ'નો સિદ્ધાંત છે. ૫૫ વર્ષ પહેલા આ નિરૂપણ કરેલું. બહુ શરૂઆતમાં. ઉપદેશ શરૂ કર્યો ત્યારે આ વાત કરી છે. શરૂઆતમાં વાત કરી. એ પૂર્ણતાને લક્ષે એ વાત અહીંયાં એમણે નાખી. 'શ્રીમદ્જી'એ આ જગ્યાએ નાખી. 'ગુરુદેવે' જે સૂત્ર આપ્યું એ વાત એમણે આ જગ્યાએ નાખી.

મુમુક્ષુ :- 'સોનગઢ'ના સ્વાધ્યાય હોલમાં મોટા અક્ષરે લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક એક ફૂટનો અક્ષર છે. એક એક ફૂટનો-બાર-બાર ઈંચનો અક્ષર છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ આ પત્ર અમને લખ્યો લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. છે તો એમ જ છે. મુમુક્ષુઓને. 'ખંભાત'ના મુમુક્ષુઓને જ લખેલો છે. લખ્યું છે. આ ૨૮૯ પાને નીચે જુઓ. **'અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.'** છે ? લખ્યું છે ? નીચેથી પાંચમી લીટી. ૨૮૯ પાને. **'અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ**

**પણ પ્રતિપાદન કર્યો છે.**' મુમુક્ષુની શરૂઆત કેવી રીતે થાય ? વૃદ્ધિગત કેવી રીતે થાય ? એ વૃદ્ધિગત થવામાં એની યોગ્યતાને રોકનારા પ્રતિબંધ કારણો અનુક્રમે કેવા હોય ? અને એનો કેવી રીતે નાશ થાય ? એ આખી Link એમણે ૨૫૪ માં બેસાડી છે. આ એક જ પત્ર એવો છે કે જે આખી મુમુક્ષુતા પ્રારંભથી માંડીને પદાર્થ નિર્ણય સુધીની Line of coordination જેને કહેવાય. આખી Line બેસાડી દીધી છે. એ આ એક પત્રમાં બેસાડી છે.

મોહના અને આસક્તિના પરિણામમાં સંસારમાં પરિભ્રમણ કરતો જીવ તીવ્ર રસે પરિણામ કરીને માઠી ગતિમાં જાય છે, દુર્ગતિમાં જાય છે. એક મુમુક્ષુજીવ એવો છે કે જેનો દર્શનમોહ ઘટવાથી મોહાસક્તિના પરિણામ એને ચારિત્રમોહમાં થઈ જાય, પણ એ મોહાસક્તિનો રસ ચારિત્રમોહનો રસ, દર્શનમોહ સાથે સંબંધ ધરાવતો હોવાથી રસના પરિણામ (થાય છે). આને મુંઝવણ થાય છે. એને રસ વધવાને બદલે મુંઝવણ થાય. મૂંઝવણ થાય ત્યાં રસ ઘટી જાય છે. વધતો નથી પણ ઘટી જાય છે. જુઓ ! કેવું લક્ષણ બાંધ્યું છે !

મુમુક્ષુ :- મુમુક્ષુને મૂંઝવણ તો હોય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુને મૂંઝવણ પોતાના સ્વરૂપની અપ્રાપ્તિની હોય છે. પોતાના નિજ પરમેશ્વર પદનો વિયોગ રહે છે એની મૂંઝવણ એને થાય છે. એને રોગ આવે એની મૂંઝવણ નથી થતી, નિર્ધનતા હોય એની મૂંઝવણ એને નથી થતી અને કોઈ પ્રતિકૂળતા આપનારા કોઈ ઉદયો ઉત્પન્ન થાય એની પણ મૂંઝવણ એને નથી થતી. એમ છે.

મુમુક્ષુ :- સ્વરૂપની અપ્રાપ્તિની મૂંઝવણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપની અપ્રાપ્તિને લઈને થતી મૂંઝવણ છે. એનું નામ મુમુક્ષુ છે. ઓલી મૂંઝવણ તો જગતના બધા પ્રાણીઓને થાય છે. એમાં મુમુક્ષુ મૂંઝાતો નથી. મુમુક્ષુ એમાં મૂંઝાતો તો નથી પણ મુમુક્ષુ એવા મૂંઝવણના પ્રસંગોની અંદર વિશેષ માર્ગના પ્રાપ્તિની અંદર પુરુષાર્થવંત અને ઉદ્યમવંત થાય છે. એનું નામ મુમુક્ષુ છે. એનું નામ યોગ્યતા છે.

એ વાત લે છે કે '**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી...**' પહેલી વાત આ છે કે મુમુક્ષુતામાં ચારિત્રમોહનો અનુભાગ ઘટવાનો વિષય નહિ લેતાં દર્શનમોહનો અનુભાગ કેમ ઘટે એ પહેલા વિચારવાનું છે. કેમકે મોટામાં મોટો બળવાન દુશ્મન કોઈ હોય, સર્વથી મોટો દોષ હોય તો આ જગ્યાએ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કેટલાક વર્ષ આ જ ગાયું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ વાત કરી છે. એટલે તો દ્રવ્યલિંગીનો દૃષ્ટાંત આપતા. ચારિત્રમોહ ઘટાડનારનો સમર્થમાં સમર્થ દૃષ્ટાંત શું કરવા આપતા ? કે આટલો ચારિત્રમોહ દબાશે તોપણ દર્શનમોહ છે એ તગડો થઈ ગયો હશે, ઊલટાનો બળવાન થઈ ગયો હશે. જો તારું ધ્યાન નહિ હોય તો. દર્શનમોહ દબાવવાનો છે. તો ઉપશમ થશે. પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન થાય છે ને ? આ તો પહેલો એનો અનુભાગ છે એ ઘટવો જોઈએ. તો એ ઉપશમિત થાય, નહિતર ઉપશમિત ન થાય.

'**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી,...**' એટલે ત્યાં તો પછી સમ્યગ્દર્શન થઈ ગયું. દર્શનમોહનો નાશ થાય એટલે અનઉદય થાય. મિથ્યાત્વનો ઉદય ન થાય એને નાશ થયો એમ કહેવામાં આવે અથવા અભાવ થયો એમ કહેવામાં આવે છે. '**વિષય પ્રત્યે ઉદાસીનતાથી...**' લ્યો ! આ એક ચોખ્ખું એક પરિણમન લીધું છે. એમાં મુખ્યપણે ચારિત્રમોહની પ્રવૃત્તિ છે. વિષયોમાં પ્રવૃત્તિ છે એ મુખ્યપણે ચારિત્રમોહની છે. પણ અહીંયાં બીજું પડખું સમજાવવું છે કે જે અપેક્ષાવૃત્તિ છે એ ઉપેક્ષાવૃત્તિ થવી ઘટે.

મોક્ષનું ધ્યેય હોવાને લીધે અથવા આત્મકલ્યાણનો બળવાન દૃષ્ટિકોણ હોવાને લીધે જે વિષયોની અપેક્ષાવૃત્તિ રહે છે તે વિષયો પ્રત્યે જીવને ઉપેક્ષાવૃત્તિ થાય તો એને દ્રવ્યાનુયોગ પરિણમે. અહીંયાં દ્રવ્યાનુયોગના શાસ્ત્રો વાંચે. આ ઉત્સવ હોય ને ? ઉત્સવમાં તો પછી મિષ્ઠાન બનાવ્યું હોય. રોટલી, દાળ, ભાત ન આપે. અને ત્યાં પછી સરખાયની ઝાપટ મારે. દ્રવ્યાનુયોગ ન પરિણમે. આ તો એક દૃષ્ટાંત છે ખાલી રસના ઇન્દ્રિયનો, પણ પાંચે ઇન્દ્રિયના વિષયો. એના પ્રત્યે ઉદાસ... ઉદાસ... ઉદાસ... પરિણામ, અપેક્ષા રહિતના પરિણામ થઈ જવા જોઈએ. કેમકે એમ તો શ્રવણ કર્યું ને ? બે દ્રવ્યોની ભિન્નતાથી એટલું તો શ્રવણ કર્યું ને ? કે એ દ્રવ્ય મને સુખનું કારણ થઈ શકે એમ નથી. કોઈપણ ભિન્ન પદાર્થો મારી ભિન્નતાને લઈને એ સુખનું કારણ નથી. જે સુખનું કારણ ન હોય એના પ્રત્યે અપેક્ષા રહેવાનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી. જો સમજાણું હોય તો. નહિતર સમજાણું પણ નથી. અથવા સમજાણું છે એમાં કાંઈ ગેરસમજણ રહી ગઈ. નહિતર ઉદાસીનતા આવ્યા વિના રહે નહિ.

દ્રવ્યાનુયોગનો મુખ્ય સિદ્ધાંત તો આ છે. જબરદસ્ત કોઈ મુખ્ય સિદ્ધાંત હોય તો આ છે કે પ્રત્યેક દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. બીજો જીવ પણ ભિન્ન છે, બીજો પરમાણુ પણ ભિન્ન છે. એક પરમાણુથી માંડીને કોઈ સ્કંધ હો. અને પરમાણુએ કોઈપણ પ્રકારે એની પર્યાય ધારણ કરી હોય, રૂપની, રસની, ગંધની, સ્પર્શની, વર્ણની, શબ્દની તોપણ એમાં આ આત્માનું સુખ ભિન્નતા હોવાને લીધે નથી. શેને લીધે નથી ? ભિન્નતા હોવાને લીધે નથી. એ ભિન્નતા બેસે છે ને ? તો એની ઉદાસીનતા આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- થોડી સગવડતા તો હોવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ને એમ અટક્યો છે. વાત ખરી છે. અટકવા માટે એ વાત ખરી છે. એમ જ અટક્યો છે. એક મને આટલી સગવડ હોય ને પછી વાંધો નહિ. એક મારી ટેવ પ્રમાણેની થોડીક સગવડ હોયને પછી વાંધો નહિ. બસ ! એ આખે આખો ત્યાં સલવાણો. સલવાણો એટલે ભેખડમાં માથુ નાખ્યું છે. ક્યાં ? ભેખડમાં માથુ નાખ્યું છે. પાણીની અંદર નીચે ભેખડ હોય ને ? એક મને થોડીક આટલી સગવડ હોય ને, એ ભેખડમાં માથુ નાખ્યું છે.

મુમુક્ષુ :- છોડીને...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ. ઉદાસીનતા નથી આવી. આમ તો ત્યાગ તો કરી દે છે માણસો. એમ તો જોરુકા હોય છે ને ? તો સગવડ બહુ હોય તો ત્યાગ કરી દે છે. પણ અપેક્ષાવૃત્તિ ન છૂટે. એટલે રસ ધરબાયેલો હોય. અપેક્ષાનો રસ. એટલે બહારમાં શું કરે ? વૃત્તિ દમન કરે. એ માર્ગ નથી. દમન કરવો એ માર્ગ નથી. એટલે તો પહેલા દર્શનમોહ લીધો છે કે ઉપશમ થાય. વૈરાગ્ય ઉપશમ સાથેનો હોવો જોઈએ. એકલો વૈરાગ્ય નહિ. વૈરાગ્ય છે એ ઉપશમ સાથેનો ન હોય તો એ રુંધાયેલો કષાય થઈ પડે છે. જે વિચારણીય મુદ્દો છે એ એટલો છે.

મુમુક્ષુ :- ખતરનાક છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ખતરનાક છે.

‘**વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે.**’ આ એક વાત નિમિત્તની નાખી. જે મહત્પુરુષે દ્રવ્યાનુયોગનું નિરૂપણ કર્યું છે અથવા જે મહાપુરુષથી દ્રવ્યાનુયોગ સાંભળવાનો યોગ પ્રાપ્ત થયો છે, સુયોગ પ્રાપ્ત

થયો છે એના ચરણકમળની ઉપાસના નહિ, બળવાન ઉપાસના. બળ એનું પાછું. એ પણ જોરદાર હોય છે. એના ચરણકમળના.. ભાષા કેવી કરી છે ! આગળ લખ્યું છે ને ? કે પરમાત્માનું ધ્યાન કરવાથી પરમાત્મા થવાય છે. અને આ તો અન્યમતિઓ જાણે છે. પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે પણ તે પરમાત્માનું ધ્યાવન સત્પુરુષના ચરણકમળની વિનય ઉપાસના વિના થઈ શકતું નથી. આ નિર્ગ્રંથ પ્રવચન છે.

મુમુક્ષુ :- પત્ર નંબર-૬૨.

પૂજ્ય ભાઈશ્રી :- ૬૨મો આંક છે. એનું મથાળું છે. મથાળું છે ને ?

મુમુક્ષુ :- પહેલી બે લીટી છે. ૧૮૮ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલી બે લીટી છે.

**'પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે; પણ તે ધ્યાવન આત્મા સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી, એ નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્કૃષ્ટ વચનામૃત છે.'** વચનામૃત છે એમ ન કહ્યું, સર્વોત્કૃષ્ટ વચનામૃત છે. કોનું સર્વોત્કૃષ્ટ વચનામૃત છે ? નિર્ગ્રંથ ભગવાનનું આ વચનામૃત છે. કેવી વાતો નાખી છે !

મુમુક્ષુ :- ૯૮ વર્ષ પહેલાની.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૧૯૪૫. બરાબર ૯૮ વર્ષ પહેલાની વાત છે. આ સમ્યગ્દર્શન પહેલા ૨૨મા વર્ષે નાખ્યું એ ઘણી વાતો કરી છે. દસ વચનો ઉપર 'ગુરુદેવ' ફીદા થઈ ગયા છે. આ પહેલા છે. દસ વચનો તો બહુ શરૂઆતમાં લખ્યા છે. ૧૭મા વર્ષ પહેલા લખ્યા છે. સ્વદ્રવ્યને ત્વરાથી પ્રાપ્ત કરો. દસ વચનોમાં તો 'ગુરુદેવ'ને એમ થયું, ઓ..હો..હો..! શું લખે છે આ !

મુમુક્ષુ :- ૧૩મું પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- આ પુસ્તકનું ૧૩મું પાનું. ૧૦૮ છે. **'સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.'** ૧૨૫ વચનામૃત લખ્યા છે. એ જો લખવા બેસે તો અડધો કલાક, કલાકમાં આટલું બધું લખાય જાય. એવી અંદરની ધારા મુમુક્ષુતામાં ચાલેલી છે. ૧૭મા વર્ષ પહેલા.

**'સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો (દો). પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો. પરદ્રવ્યની રમણતા**

**ત્વરાથી તજો. પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.**' .. જવાય એવું છે. 'ગુરુદેવે' એક એક વચનામૃત ઉપર કલાકો સુધી વ્યાખ્યાન કર્યા છે.

મુમુક્ષુ :- આ વિષય... સાતમા ગુણસ્થાનથી પડીને સીધા અહીંયા આવ્યા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ કહેવાય નહિ. આપણે ... તો શું કહીએ ?

મુમુક્ષુ :- કેવું અંદર જોર આવે છે !

પૂજ્ય ભાઈશ્રી :- બહુ જોર છે. ગજબની યોગ્યતા લઈને આવ્યા છે. સાધારણ પ્રાણી તો એમને સમજી શકે એવું નથી. આ તો 'ગુરુદેવે' ખોલી ખોલીને મૂક્યું છે. ત્યારે કાંઈક હજી લક્ષ જાય એવું છે. એ આપણા પહેલા જ ભાગમાં, પ્રવચન નવનીત'ના પહેલા જ ભાગમાં આ દસ વચનના બોલનું સંકલન છે. પહેલા જ ભાગમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એકાવતારી છે. સત્પુરુષનો યોગ, ગુરુનો યોગ થયા પહેલા એટલું સાધ્યું છે. અને દસ જ વર્ષની યોગસાધના છે. માર્ગની સાધના કેટલી છે ? પ્રત્યક્ષ તો દસ જ વર્ષ છે. ૨૪ વર્ષથી ૩૩ વર્ષને પાંચ મહિના. સાડા દસ વર્ષની સાધના છે. બધા ભવનો સંકેલો વાવટો કરી એક ભવ બાકી રહ્યો. બહુ પુરુષાર્થ કરેલો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

એ રીતે છે કે '**મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે.**' એક્લો નમ્રીભૂત થઈ ગયો હોય. સત્પુરુષના ચરણમાં બેસવાથી એટલો નમ્રીભૂત થઈ ગયો હોય. નરમ... નરમ... નરમ... એને દ્રવ્યાનુયોગ પરિણમે છે.

મુમુક્ષુ :- પંચેન્દ્રિયના વિષયથી ઉદાસ થવા કરતાં કોઈ જીવ હોય એના શબ્દો સામે આવે એનાથી ઉદાસીન થવું કઠણ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સીધું જોડાણ એ વખતે તીવ્રતાથી થાય છે ને. અને એમાં શું છે કે મનુષ્યપણામાં શબ્દોની જે વાત છે એ માનને સ્પર્શતો વિષય છે. એટલે માનની પ્રકૃતિનું બળવાનપણું છે. અને દર્શનમોહનો એને.. આ બધી પ્રકૃતિ તો સૈન્ય છે પણ દર્શનમોહનો રાજાનો એને ટેકો છે પાછો. દર્શનમોહરૂપી રાજાનો એને ટેકો છે. બળવાન રાજા બેઠો છે એની પાછળ એટલે સૈન્યો પણ જોર કરે છે. રાજાને મારો એટલે સૈન્ય છે

એના મોતિયા મરી જાય. એમ છે. અને દર્શનમોહનો અનુભાગ ઘટવાનું સૌથીમાં સૌથી અને સુગમમાં સુગમ અને સહેલામાં સહેલો ઉપાય આ છે. મહત્પુરુષના ચરણકમળની ઉપાસના કરવી. સહેલામાં સહેલો ઉપાય છે.

જે મહાપુરુષોએ દર્શનમોહને ખતમ કર્યો, દર્શનમોહને જેણે માર્યો એવા દર્શનમોહના અભાવરહિત જે પ્રગટ પરમપુરુષ છે, એના માટે પરમપુરુષ ગણાય છે, એના ચરણકમળની ઉપાસના એ એને દર્શનમોહને શીઘ્રપણે ઘટાડવાનો, અનુભાગ ઘટવાનો શીઘ્ર ઉપાય છે. સીધો જ દર્શનમોહ દબાય. ઓળખાણપૂર્વક થવું જોઈએ. એક શરત આટલી છે. ઓળખાણપૂર્વક હોવું, થવું જોઈએ. ઓળખાણ ન હોય તો ઓઘે ઓઘે હોય તો પલટો મારશે. ઓઘે ઓઘે સત્પુરુષની સમીપમાં ગયો હશે તો આજે સત્પુરુષના ચરણમાં બેસશે અને કાલે પાછો એમ કહેશે નહિ, આમ નહિ. તમે કહો છો એમ નહિ. એ ઓઘસંજ્ઞાનું કારણ છે. એમાં જીવ બદલી જાય છે, પલટો મારી જાય છે. ઓળખાણ હોય તો એને પરમેશ્વરબુદ્ધિ આવે છે. એટલે એમાં ફરવાનો અવકાશ નથી. એને બદલવાનો અવકાશ નથી. એટલા હદે દર્શનમોહ દબાય છે. ઓલાપણે દબાણો નથી. ચારિત્રમોહ દબાણો છે પણ દર્શનમોહ દબાણો નથી હજી.

મુમુક્ષુ :- દર્શનમોહ....

પૂજ્ય ભાઈશ્રી :- 'દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે'

મુમુક્ષુ :- એમાં દર્શનમોહ લીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલી જ વાત હોય છે. આ વિષયના જ્ઞાતાપુરુષ છે ને એ તો. અધ્યાત્મના જ્ઞાતાપુરુષ છે. બધી Line એટલી બધી... મુમુક્ષુતાની આટલી Lineની Coordination સાંધી છે. મોક્ષમાર્ગનું તો પૂછવું ક્યાં હવે. ચોથા ગુણસ્થાનથી માંડીને તેરમા ગુણસ્થાન સુધીનું તો અપૂર્વ અવસર પદ ગાયું છે. ખાટલામાં ઉપર બેઠા બેઠા ફળિયામાં. ખાટલે આવીને બેઠા અને ધારા ચાલતી હતી ચિંતવનની. નહિતર તો એમનો એક રૂમ જુદો છે. ત્યાં જ એ બેઠા બેઠા ચિંતવન કરતા અંદર રૂમમાં.

મુમુક્ષુ :- પૂર્વ ભવના ...

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વ ભવની મૂડી ઘણી લઈને આવેલા. એમાં કાંઈ સવાલ નહિ. એ તો છે જ. પણ હવે એ પહેલા પૂર્વભવમાં જે દિ' મૂડી પ્રાપ્ત કરી તે દિ' એના પૂર્વ ભવે કાંઈ નહોતું પાછું. એ તો ગમે ત્યારે થઈ શકે છે. એવું નથી. વિશેષ લઈશું...

## તા. ૨૦-૪-૧૯૯૨, પત્રાંક-૮૬૬, ૭૬૬
## પ્રવચન નં. ૩૬૪

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, ૮૬૬-પત્ર. દ્રવ્યાનુયોગનું મહત્ત્વ સમજાવતો 'કૃપાળુદેવ'ના જ્ઞાનમાં દ્રવ્યાનુયોગનું ચિત્ર કેવું છે, એ આ પત્રથી સ્પષ્ટ થાય છે. ફરીથી લઈએ.

'**દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે,...**' દ્રવ્યાનુયોગના વિષયની ગંભીરતા ઘણી છે. શબ્દો, ભાષા, વ્યાખ્યા મર્યાદિત હોય છે. પણ દ્રવ્યાનુયોગ જે દ્રવ્યના સ્વભાવને, દ્રવ્યના ગુણધર્મોને દર્શાવે છે એ વાત એટલી છીછરી નથી. ઘણો ગંભીર વિષય છે અને પરમ સૂક્ષ્મ વિષય છે. એટલે જેને આત્માની રુચિ હોય, જેને આત્મહિત કરવાની જરૂરત ઘણી લાગી હોય એની એ વિષયમાં ચાંચ બૂડે એમ છે. ચંચુપાત થાય, જેને એમ કહેવાય. ચાંચમાં કેટલું આવે ? ગમે તેટલો ઢગલો હોય પણ ચાંચમાં કેટલું આવે ?

ક્ષયોપશમ ઘણો હોય માટે દ્રવ્યાનુયોગ સમજાય જાય એવું નથી. કારણ કે ક્ષયોપશમને વિશાળતા સાથે સંબંધ છે, ક્ષયોપશમને સૂક્ષ્મતા સાથે સંબંધ નથી. તેને ધારણામાં લઈ શકે, લાંબા લાંબા વિચારો, વિકલ્પો ચાલે પણ વિષયની સૂક્ષ્મતાને એ સ્પર્શી ન શકે. પોતે સ્વયં સ્થૂળ હોવાથી વિષયની સૂક્ષ્મતાને એ સ્પર્શી ન શકે. દ્રવ્યાનુયોગ છે એ સૂક્ષ્મ છે એનો અર્થ કે આત્માની રુચિવાળાનો એ વિષય છે, રુચિવાળાનું એમાં કામ છે, બીજાનું એમાં કામ નથી.

'**નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે,...**' ભગવાન નિર્ગ્રંથ છે, મુનિરાજ નિર્ગ્રંથ છે, ભગવાન પણ નિર્ગ્રંથ છે. વીતરાગ હોવાથી નિર્ગ્રંથ છે. એમના પ્રવચનનું એ રહસ્ય છે. ચાર અનુયોગમાં રહસ્યભૂત વિષય દ્રવ્યાનુયોગની અંદર નિરૂપણ કરેલો છે. મહામુનિઓને તે '**શુક્લ ધ્યાનનું અનન્ય કારણ છે.**' જે જે શુક્લધ્યાનની શ્રેણીએ ચડે છે તેને બહારમાં દ્રવ્યાનુયોગનું આલંબન છે, બીજું આલંબન નથી. એમ કહેવું છે. શ્રુતમાં પણ દ્રવ્યાનુયોગનું આલંબન છે. અને '**મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ**

**થાય છે.**' જેને પ્રાપ્તિ થાય છે, એમાંથી કાંઈક મળે છે, એ મહાભાગ્યશાળી સમજવો. દ્રવ્યાનુયોગમાંથી કાંઈ લઈ શકતો હોય જીવ, દ્રવ્યાનુયોગને સ્પર્શી શકતો હોય તો એ મહાભાગ્યશાળી સમજવા યોગ્ય છે. એ એની યોગ્યતાનો વિષય રહે છે.

'**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી...**' જેને દર્શનમોહનો અનુભાગ ઘટે છે એ દ્રવ્યાનુયોગને પરિણમાવવા માટે યોગ્ય થાય છે. કોને પરિણમે છે એ વાત કરવી છે. દ્રવ્યાનુયોગ કોને પરિણમે ? કે જેને દર્શનમોહનો અનુભાગ ઘટી ગયો હોય અથવા જેણે દર્શનમોહને ઉપશમ કરી નાખ્યો હોય, નાશ કરી નાખ્યો હોય તો એને દ્રવ્યાનુયોગ પરિણમે છે, નહિતર દ્રવ્યાનુયોગ પરિણમતો નથી. તીવ્ર દર્શનમોહમાં વર્તતા જીવને દ્રવ્યાનુયોગથી ઘણું દૂરવર્તીપણું રહે છે, એ દૂર રહે છે. એની એને ગંધ પણ આવી શકે એવું નથી. એવો દર્શનમોહનો પ્રભાવ છે.

એક પત્રમાં એમણે લખ્યું છે કે આવા હીણા કાળમાં જો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ મળે, જૈનધર્મ સમજવાનો યોગ મળે ટૂંકામાં. પછી કુળધર્મે જૈન હોય કે અજૈન હોય, છતાં જો જીવને આત્મલાભ ન થાય, મોક્ષમાર્ગ ન મળે, હિતના માર્ગે પોતે ન પ્રવેશ કરી શકે તો મહામોહનીયનું બળવાનપણું સમજવા યોગ્ય છે. મહામોહનીય કહો કે દર્શનમોહ કહો. દર્શનમોહ બળવાન હોય તો જ એ એમાં નિષ્ફળ જાય, નહિતર નિષ્ફળ જાય નહિ.

Practically બહુ સીધો સાદો દૃષ્ટાંત લઈએ તો એ છે, કે દર્શનમોહને તોડે એવા પરમાગમોના અને શ્રીગુરુના વચનો શ્રવણ કરવા છતાં પોતાને એમ લાગે છે કે આ આત્મા ઉપર એની અસર કેમ થતી નથી ? આ એક અનુભવ થાય છે કે નથી થતો ? 'સમયસાર' આદિ મહાન પરમાગમ છે. 'ગુરુદેવ' જેવા શ્રીગુરુના સીધા પ્રત્યક્ષ યોગે વચનો મળે છે, મળ્યા છે કે નહિ ? છતાં મારા આત્માને અસર કેમ ન થઈ ?

એ સમસ્યાનો ઉત્તર અહીંયાં છે, કે દર્શનમોહને લઈને એની અસર થતી નથી. જેમ બહેરા કાને કાંઈ સંભળાય નહિ. કાન બહેરો હોય તો કાંઈ સંભળાય નહિ. અવાજ નથી ઉત્પન્ન થતો એવું નથી. પણ કાન બહેરો છે. એમ સામે સદ્‌ઉપદેશ નથી, હિતોપદેશ નથી એવું નથી. પણ પોતે દર્શનમોહનું ગોદડું ઓઢ્યું છે એટલે શ્રીગુરુના ઉપદેશની લાકડી વાગતી નથી. ગોદડું ઓઢીને બેઠો છે. લાકડી મારે તોપણ વાગતી નથી. એટલે જે

કાંઈ ધ્યાન દેવા જેવી વાત છે નાસ્તિપક્ષમાં એ દર્શનમોહનીય છે. નાસ્તિપક્ષમાં કોઈ ધ્યાન દેવા જેવી વાત હોય તો દર્શનમોહનીય છે.

મુમુક્ષુ :- દર્શનમોહ મંદ કર્યો હોય ત્યારે તો એને આ બધો સમાગમ થયો. જિનવાણી, જિનદર્શન, જિનમંદિર, બધાનો સમાગમ થયો. વર્તમાન જે દર્શનમોહની એને અસર થવા નથી દેતી એ વર્તમાન અપરાધ છે કે ભૂતકાળનો અપરાધ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- વર્તમાન છે. દર્શનમોહના મંદ થવાના પણ અનેક ભંગભેદ છે. કોઈ માત્રામાં દર્શનમોહ મંદ થાય છે તોપણ દર્શનમોહનો અભાવ થાય, ઉપશમ ન થાય ત્યાં સુધી ખેંચવું જરૂરી છે. નહિતર એ મંદ થયેલો દર્શનમોહ તીવ્ર થતાં ક્ષણમાત્રની વાર લાગશે. વધારે નહિ વાર લાગે. કેટલી ? એક ક્ષણમાં તીવ્ર થઈ જશે. એટલે મંદ થયો છે એનો ન તો ભરોસો રાખવા યોગ્ય છે કે મંદ થયો છે એનો ન તો સંતોષ ગ્રહણ કરવા યોગ્ય છે. એમાં સંતોષ પામવા જેવું નથી. દર્શનમોહ મંદ પડ્યો ત્યારે મને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા ને ? દર્શનમોહ મંદ કર્યો ત્યારે મને સત્પુરુષ મળ્યા ને ? એટલો તો મારો દર્શનમોહ મંદ થયો હતો ને ? થયો છે ને ? એ ગણવાનો વિષય નથી. એવી ગણતરી કરવાનો એ વિષય નથી. થોડો રહ્યો છે તો હળવે હળવે કાઢી નાખશે. હવે થોડો દર્શનમોહ રહ્યો છે તે હળવે હળવે શાસ્ત્ર વાંચી વાંચીને, 'સમયસાર' વાંચી વાંચીને કાઢી નાખશું.

ઝેરનું એક ટીપું રાખવા માગે છે ? ઝેરની બાટલી હોય એને એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકવી હોય તો ત્રણ વખત સાબુથી હાથ ધોઈ નાખે. શું કરે ? ભાઈ ! તમે બાટલીને અડ્યા છો ને ? માટે હાથ ધોઈ નાખજો હવે. શું કહે ? એમાં શું ? એટલામાં શું હવે ? આપણે ક્યાં.. એમાં શું થઈ જવાનું હતું ? એવો વિશ્વાસ રાખે છે ? ઝેરનો એટલો વિશ્વાસ નથી રાખતો તો આ શું છે ? ઝેરનો બાપ છે. ઝેર નથી, ઝેરનો બાપ છે. કાળકૂટ (ઝેર) છે. એટલે થોડો રહી ગયો છે એનો વાંધો નહિ, એ ગણતરી ભૂલભરેલી છે અથવા વિપરીત ગણતરી છે.

મુમુક્ષુ :- જે મોહ મંદ થયો એટલે એને ફળમાં આ બધું મળ્યું ? અને વર્તમાનમાં એ પાછો તીવ્ર કરે છે. એનું ફળ ભવિષ્યમાં આવશે ?

પૂજ્ય ભાઈશ્રી :- થોડો ઉપર આવ્યો. ડૂબતો-ડૂબતો પાણીની સપાટી ઉપર આવ્યો, નીચે ડૂબતો હતો એમાંથી. હવે અહીંયાં બેદરકાર

રહે. જે પરિસ્થિતિ સારી મળી, એ પરિસ્થિતિનો સદુપયોગ ન કરે અને દેહાર્થે જીવન વ્યતીત કરે, આત્માર્થે વ્યતીત કરવાને બદલે એ સમય દેહાર્થમાં વ્યતીત કરે તો એ અપરાધનો દંડ પણ ભોગવ્યા વિના કુદરત નહિ છોડે. આ તો કુદરતના કાનુન છે. જે પરિસ્થિતિની ઉપેક્ષા કરી, જે પરિસ્થિતિની અપેક્ષાએ આગળ વધવાની તક હતી, એ જ પરિસ્થિતિની આ જીવે ઉપેક્ષા કરી તો શું થાય ? એનો દંડ ભોગવવો પડે. બીજું શું ? એ વિચાર માગે એવો વિષય છે.

કાલે જરાક લીધું હતું. સંક્ષેપમાં લઈ લઈએ. '**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી...**' આ અપેક્ષા છોડવાની વાત છે. દેહાર્થની અપેક્ષા છોડવી. એ વિષય પ્રત્યે ઉદાસીનતાથી '**અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી...**' તીવ્ર ભાવનાથી જે મહાપુરુષના આશ્રયે આત્મહિત કરવા માગે છે. તીવ્ર ભાવના એ બળવાન ભાવના. એવા જીવને '**દ્રવ્યાનુયોગ પરિણમે છે.**' એ દ્રવ્યાનુયોગ પરિણમાવવાને લાયક છે. એવા જીવને દ્રવ્યાનુયોગ પરિણમે છે.

'**જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે.**' વિશેષ પછી મોક્ષમાર્ગની અંદર દર્શનમોહનો અભાવ કરીને જેમ જેમ એ આત્મામાં વૃત્તિ સ્થિર થાય છે. સંયમ એટલે પરમાર્થ સંયમ. વીતરાગતા જેમ જેમ વર્ધમાન થાય છે. એનું બીજું નામ સંયમ છે. '**તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે.**' વિશેષ વિશેષ દ્રવ્યાનુયોગનું ઊંડાણ હાથમાં આવે છે. એ '**સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્દર્શનનું નિર્મલત્વ છે,...**' જુઓ ! સમ્યગ્દર્શનની મહત્તા લે છે. જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે એ સમ્યગ્દર્શનના સમયે સમયે પરિણમનથી આત્માને પૂટ લાગે છે.

'દીપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં આ વાત કરે છે. સમ્યગ્દર્શનના સમય સમયના સતત પરિણમન દ્વારા આત્માને એનો પૂટ લાગે છે. તો કહે, એનું ફળ શું આવ્યું ? કે સંયમનું વર્ધમાનપણું. વીતરાગતાની વૃદ્ધિ થઈ. એ પરિસ્થિતિ આવતી જાય છે. અને '**તેનું કારણ પણ...**' અને એ બધાનું કારણ મૂળમાં ''**દ્રવ્યાનુયોગ' થાય છે.**' સમ્યગ્દર્શનનું કારણ પણ દ્રવ્યાનુયોગ અને નિર્મળત્વનું કારણ પણ દ્રવ્યાનુયોગ અને વીતરાગતા

અને સંયમની વૃદ્ધિનું કારણ પણ દ્રવ્યાનુયોગ છે. કેટલું મહત્વ છે એ સમજાવે છે.

**'સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે.'** એ પ્રકારની યોગ્યતા આવવી એ અનંતકાળથી જીવને આવી નથી એવી અપૂર્વ યોગ્યતા છે એ દુર્લભ છે. મુખ્યપણે એના પાત્ર કોણ છે ? કે જે **'આત્મારામપરિણામી,...'** છે. જુઓ ! કેવા ? આત્મારામપરિણામી છે. મહા મુનિઓ, નિર્ગ્રંથ મુનિઓ છે એ આત્માની મસ્તીમાં જે પડ્યા છે એ દ્રવ્યાનુયોગના મુખ્ય પાત્રો છે. જે મહાત્માનો શુદ્ધોપયોગ સ્વરૂપમાં સ્થિર થઈને નિજ દ્રવ્યમાં ઊંડે... ઊંડે... ઊંડે... ચાલ્યો જાય છે, સ્વરૂપના વેદનમાં, તો દ્રવ્યાનુયોગના ઊંડા રહસ્યનો પત્તો લઈને બહાર આવે છે. જાય છે ને પાણીમાં નીચે ? દરિયામાં પાણીમાં નીચે જાય, મોતી લઈને બહાર આવે છે ને ? એમ એ મુનિરાજોનો ઉપયોગ જંગલમાં આત્મારામપરિણામી થઈને અંદર ડૂબેલા રહે છે. અનુભવના ઊંડાણમાં જઈને દ્રવ્યાનુયોગના રહસ્યો બહાર લઈને આવે છે. પછી શાસ્ત્ર ગૂંથે છે.

'ગુરુદેવ' તો 'સમયસાર' વાંચતા એમ કહેતા, અમારી શક્તિ છે એટલું કાઢીએ છીએ આમાંથી. આચાર્યદેવે તો ઘણું ભર્યું છે અંદર. 'કુંદકુંદાચાર્યદેવે' તો એક એક સૂત્રમાં એટલું ભર્યું છે કે અમારી શક્તિ છે એટલું વાતમાં બહાર આવે છે. એટલે ભેદ-પ્રભેદથી જેટલું એ પોતે વિસ્તાર કરી શકે છે એટલી પોતાની શક્તિ છે અને જ્ઞાન એક ન્યાયે, અભેદ જ્ઞાન એટલું ઊંડે જાય છે કે એ માપે છે કે આમાં ઘણું છે. સ્પષ્ટ ઓછું થાય છે. ક્ષયોપશમની મૂડી મર્યાદિત હોવાથી, એ પાછો બહિર્લક્ષી ક્ષયોપશમ નહિ, અંતરલક્ષી ક્ષયોપશમ છે, એની મૂડી પણ મર્યાદિત હોવાથી આપણી શક્તિ છે એટલું કાઢીએ છીએ. બાકી છે અંદર ભર્યું છે ઘણું એ વાત નક્કી છે. એટલે લેવા જાય એને ખબર પડે છે કે આપણે ઊંડે જઈએ છીએ પણ અમુક ઊંડાણ સુધી જઈએ છીએ. બાકી હજી ઊંડું છે. હજી તળિયું હાથમાં આવતું નથી. એ 'સમયસાર'ના આવા વ્યાખ્યાનો કર્યા પછી આ ઉદ્‌ગારો કાઢેલા છે 'ગુરુદેવે'. શક્તિ છે એટલું કાઢીએ છીએ. આચાર્યદેવે તો ઘણું ભર્યું છે. ઘણું ઊંડું શાસ્ત્ર છે.

મુમુક્ષુ :- દ્રવ્યાનુયોગમાં શું ભાવ કહેવા માગે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ચાર અનુયોગ છે કે નહિ ? જેમાં કથાનું નિરૂપણ છે તે કથાનુયોગ છે. કર્મનું અને કર્મના ફળોનું અને ભોગ્યસ્થાનોનું

લોકાલોકનું નિરૂપણ છે એ કરણાનુયોગ છે. શ્રાવકના અને મુનિરાજના આચરણનું પ્રતિપાદન કર્યું છે એવો ચરણાનુયોગ છે. અને વસ્તુ સ્વરૂપના ગુણધર્મોનું પ્રતિપાદન કર્યું છે એ દ્રવ્યાનુયોગ છે. વસ્તુ વ્યવસ્થા જેની અંદર નિરૂપણ કરી છે એ દ્રવ્યાનુયોગ છે. એ દ્રવ્યાનુયોગ છે એ પરમગંભીર, શુક્લધ્યાનનું અનન્ય કારણ, અતિ સૂક્ષ્મ અને નિર્ગ્રંથ પ્રવચનનું એ રહસ્ય છે. આમ છે. કેટલું મહત્ત્વ છે ! દ્રવ્યાનુયોગનું કેટલું પોતાના જ્ઞાનમાં મહત્ત્વ છે એ આ પત્રમાં આવ્યું છે.

મુમુક્ષુ :- ગણિતાનુયોગ...?

પૂજ્ય ભાઈશ્રી :- કરણાનુયોગ કહો કે ગણિતાનુયોગ કહો. નામ જુદાં જુદાં છે. એક જ અનુયોગ છે. કેમકે કર્મમાં જે ગણિત છે, કર્મનું ગણિત છે એ ગણિત અનુસાર એના ફળ આવે છે એટલે એને કોઈ ગણિતાનુયોગ કહે છે અને કોઈ કરણાનુયોગ કહે છે. કોઈ કર્મગ્રંથ કહે છે, કર્મનો વિષય કહે છે. અને એમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એ બધું આવી જાય છે. અને ચૌદ બ્રહ્માંડમાં જે જે કર્મને ભોગવવાના ભોગ્ય સ્થાનો છે એનું વર્ણન પણ કરણાનુયોગમાં છે. ...

મુમુક્ષુ :- દ્રવ્યાનુયોગ પરિણમે છે આમાં શું કહેવા માંગે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યાનુયોગ પરિણમે છે એટલે સ્વદ્રવ્ય અનુસાર જે દ્રવ્યાનુયોગનું પરમ રહસ્ય કહ્યું છે એનું સાક્ષાત્ પરિણમન થાય છે. ઉપદેશ સાંભળ્યો અને ઉપદેશ પરિણમ્યો. આપણે કહીએ છીએ કે નહિ ? કે તમે 'ગુરુદેવ'નો ઉપદેશ સાંભળ્યો છે એ વાત ઠીક છે પણ તમને ઉપદેશ પરિણમ્યો છે ? એમ નથી પૂછતા ? એનું નામ પરિણમ્યો, લ્યો ! પરિણમ્યો એટલે શું ? એનું નામ. દ્રવ્યાનુયોગ એ તીર્થંકરદેવનો એક ઉત્કૃષ્ટ કોટીનો ઉપદેશ છે અને એ પરિણમે છે ત્યારે જીવને દર્શનમોહનો નાશ થાય છે, આત્માનું નિર્મળત્વ પ્રાપ્ત થાય છે. વીતરાગતારૂપી પરમસંયમ-પરમાર્થ સંયમ છે એ વર્ધમાન થાય છે. કોને થાય છે ? એ વિષય ચાલે છે.

જે મહાત્માઓ '**આત્મારામપરિણામી,...**' છે. કેવા છે ? આત્મામાં મસ્ત રહે છે. જેને રમવા માટેનું ક્રિડાવન આત્મા છે. એ શબ્દ 'અમૃતચંદ્રાચાર્યદેવે' વાપર્યો છે. ક્રિડાવન લીધું છે. આત્મા-આરામ. જેમ વનમાં, ઉપવનમાં જઈને માણસ શાંતિથી બગીચામાં સૂઈ જાય. ઠંડક લાગે. ઘણા ફુવારા છૂટતા હોય. એમ આત્માના પ્રદેશે પ્રદેશેથી શાંતિના

ફૂવારા છૂટે છે. એ આત્મારામ પરિણામી છે એને છૂટે છે. **'આત્મારામપરિણામી, પરમવીતરાગદષ્ટિવંત,...'** પરમવીતરાગસ્વરૂપ પોતાનો આત્મા છે. પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ છે. તેના જેઓ દષ્ટિવંત છે. એના ઉપરથી જેની દષ્ટિ એક સમય માત્ર પણ ખસતી નથી. ઊંઘી જાય ત્યારે ? ત્યારે પણ ખસે નહિ. આ દેહ પરની દષ્ટિ ક્યાં ખસે છે ? ઊંઘમાં સાદ પાડે છે તો હોંકારો દે છે કે નહિ ?

**'પરમવીતરાગદષ્ટિવંત, પરમઅસંગ...'** આખા જગતથી, જે લોકોનો સંગ છોડીને જેઓ વનવાસી થઈ ગયા છે, જંગલવાસી થઈ ગયા છે **'એવા મહાત્માપુરુષો તેનાં મુખ્ય પાત્ર છે.'** આત્મા સ્વરૂપે કરીને પરમ અસંગ છે. અસંગ તત્ત્વ છે. અને એ અસંગ તત્ત્વની સાથેનું પરિણમન છે, એને અનુસરતું પરિણમન છે એ બહારમાં પણ અસંગતા સાથે સુસંગતતા દર્શાવે છે. એને મેળ અસંગતા સાથે છે. સંગ સાથે એને મેળ નથી. સંગ તો વિસંગત છે. સંસારીજીવને કોઈના સંગ વગર ગમતું નથી. એકલો એકલો ઘરમાં હોય તો ગાંડો થઈ જાય. ન કરવાના વિચારો કરી બેસે. અને મુનિઓને કોઈનો સંગ જોઈતો નથી. કોઈનો સંગ ન હોય ત્યાં ચાલ્યા જાય છે. કોઈનો પગરવ પણ જ્યાં ન હોય. પગે ચાલે એનો અવાજ પણ જ્યાં ન હોય એવી નિર્જન જગ્યાએ આત્મધ્યાનમાં આત્મારામપરિણામી થઈને અસંગપણે બિરાજમાન થાય છે.

**'એવા મહાત્માપુરુષો તેનાં મુખ્ય પાત્ર છે.'** આ દ્રવ્યાનુયોગની પાત્રતા, દ્રવ્યાનુયોગ પામવાની પાત્રતા આવા જીવને વિશેષપણે મુખ્યપણે હોય છે કે જેના ફળમાં ધર્મધ્યાનથી એ પ્રાપ્ત હોવા છતાં શુક્લધ્યાનની શ્રેણીમાં આવી શકે છે. આપણને શું છે નામ બધા સાંભળ્યા છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન. બહારના આવનારને ખબર હોય કે બીજી વાત કોઈ થાય નહિ. **'કોઈ મહત્પુરુષના મનનને અર્થે...'** પોતે નામ નથી ખોલ્યું. કોને 'પંચાસ્તિકાય' લખ્યું છે એ નામ નથી કહ્યું. દ્રવ્યાનુયોગનો ગ્રંથ છે ને એટલે.

મુમુક્ષુ :- એ પુરુષ છે મહત્, જેને માટે લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ જ્ઞાન હતું ને. એટલે એની ભાવી પર્યાય જોઈ હશે. કોઈની ભાવી પર્યાય જોઈ લીધી હશે. પોતે 'પંચાસ્તિકાય'નો અનુવાદ લખવાનો પરિશ્રમ લીધો છે. **'પંચાસ્તિકાય'નું સંક્ષિપ્ત સ્વરૂપ,...'** એક-એક ગાથાનો સંક્ષિપ્ત ભાવ **'લખ્યું હતું; તે મનન અર્થે**

**આ સાથે મોકલ્યું છું.**' આ 'મોરબી'ના જજ હતા ને 'ધારશીભાઈ'. ન્યાયાધીશ હતા. 'મોરબી'માં ન્યાયાધીશ હતા.

મુમુક્ષુ :- લખ્યું કોઈને માટે અને પહેલા ભાગ્ય બન્યું કોઈનું.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ છે. કોનું કોને ફળે. પણ એ પણ કોઈ પાત્ર જીવ છે. 'ધારશીભાઈ' પણ એક કોઈ વિશેષ પાત્ર જીવ છે એટલે એમને મોકલવાનું એમને મન થયું છે. પરીક્ષા બહુ કરી છે. 'મોરબી'ની ઊભી બજારે 'શ્રીમદ્જી'ને છત્રી ઓઢાડીને નીકળેલા છે. ગામમાં ન્યાયાધીશ ચાલીને નીકળે ને... પહેલા ઘોડાગાડી રાખતા હતા. એ જમાનામાં ન્યાયાધીશ હોય, મામલતદાર હોય તો અત્યારે જેમ ગાડી Supply કરે છે, Car આપે છે Dignity વાળા માણસને. એ જમાનામાં ઘોડાગાડી આપે. એને આવવું જાવું હોય, Court માં આવવું હોય તો ઘોડાગાડીમાં આવે. ન્યાયાધીશ ચાલીને નીકળે તો લોકો એ ગામમાં જોઈ રહે. અરે..! આ ન્યાયાધીશ આજે ચાલીને નીકળ્યા છે ? હવે એમનાથી નાની ઉંમરના. આ તો છોકરડા જ કહેવાય ને ? ૨૫-૨૭ વર્ષના જુવાન છોકરા (કહેવાય). તડકો હતો એટલે માથે છત્રી રાખીને આખી ભરબજારમાં સોંસરવા નીકળ્યા છે 'મોરબી'માં. Test કર્યો હતો. આમને લોકસંજ્ઞા કેવીક છે અથવા જ્ઞાની પ્રત્યેનું બહુમાન કેવું છે ? પ્રશ્નો તો પૂછે છે, જ્ઞાન લેવા તો આવે છે. તો મફતમાં મળે છે માટે આવે છે કે કાંઈક એને નમ્ર થાવું છે ને આવે છે ? Test કર્યો હતો. જોકે એ તો ગૌતમને આમ ન હોય તો... આમ ન હોય તો.. આમ ન હોય તો... એમાં એમ લખ્યું હતું કે અમારી વાત સાંભળ્યા પછી શાસ્ત્રસંજ્ઞાનો .. તો તમને કાંઈક કહેવું છે, નહિતર કહેવું નથી અમારે.

શાસ્ત્રસંજ્ઞા એટલે શું ? આ તો કહે છે પણ હવે શાસ્ત્રમાં, આગમમાં એવી વાત છે કે નહિ ? આગમની વાત સંમત કરે છે કે એ કહે છે ? એ કહે એ શું કામ લાગે ? આગમ કહે છે કે નહિ ? એ શાસ્ત્રસંજ્ઞા કીધી છે. એ બધી શરતો કરી છે. આવી ગયું આપણે એક પત્રમાં. આપણે એ પત્ર વંચાઈ ગયો છે. આ બાજુ ડાબા હાથ બાજુ નીચે છે. કેટલી શરતો નાખી છે. તો અમે તમને કાંઈક કહેવા ધારીએ છીએ ખરા. મૂળ રહસ્ય કાંઈક કહેવાની ઇચ્છા છે પણ આટલી તમારી તૈયારી છે ? એમ પૂછાવ્યું છે. બહુ ચોખ્ખું કોઈ કોઈ વાર લખતા હતા. શાસ્ત્રસંજ્ઞા ઉપર એક જ જગ્યાએ શાસ્ત્રસંજ્ઞા શબ્દ વાપર્યો છે. આમાંથી મળશે.

પાછળના જે શાસ્ત્રના શબ્દો છે ને ? નથી લીધું એ. શાસ્ત્રો અને શાસ્ત્રાકાર ત્યાં સુધી લીધું છે. શાસ્ત્રસંજ્ઞા નથી લીધી. એક જ જગ્યાએ આખા ગ્રંથમાં એ શબ્દનો પ્રયોગ છે.

મુમુક્ષુ :- શાસ્ત્રીય અભિનિવેશ.

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્રીય અભિનિવેશ જુદી વસ્તુ છે. આ તો શાસ્ત્રસંજ્ઞા છે ને એ પત્ર પકડવો છે.

મુમુક્ષુ :- ૩૭૩.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૭૩ પાનું કે પત્ર ?

મુમુક્ષુ :- પત્ર-૩૭૩. પાનું-૩૩૦. છેલ્લા બે Paragraph.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. 'ધારશીભાઈ' તથા 'નવલચંદભાઈ'ને લખેલો પત્ર છે. ૨૫મા વર્ષમાં. પાનું-૩૩૦. નીચેથી ઉપરનો Paragraph.

'**ધ્યાન, જપ, તપ, ક્રિયા માત્ર એ સર્વ થકી, અમે જણાવેલું કોઈ વાક્ય જો પરમ ફળનું કારણ ધારતા હો તો,...**' હવે તો તો કરીને આ શરત મૂકે છે. આમ હોય તો... આમ હોય તો... કે '**ધ્યાન, જપ, તપ, ક્રિયા, માત્ર એ...**' બધા કરતા. સમજ્યા ? એ થકી એટલે એ બધા કરતા '**અમે જણાવેલું કોઈ વાક્ય જો પરમ ફળનું કારણ ધારતા હો તો,...**' ધારતા હો એમ નહિ, '**નિશ્ચયપણે ધારતા હો તો.**' અને '**પાછળથી બુદ્ધિ લોકસંજ્ઞા, શાસ્ત્રસંજ્ઞા પર ન જતી હોય તો,...**' કે લોકો શું કહેશે અને શાસ્ત્રનો આધાર મળે છે કે નહિ ? અને '**જાય તો...**' કદાચ તમારી બુદ્ધિ જાય. '**તો તે ભ્રાંતિ વડે ગઈ છે એમ ધારતા હો તો;...**' પાછી ભૂલ થાય અને ભૂલ તમને પકડાય તો. '**તે વાક્યને ઘણા પ્રકારની ધીરજ વડે વિચારવા ધારતા હો તો,...**' અમે એક વાક્ય કહ્યું છે એ ઘણી ધીરજથી તમારી વિચારવાની તૈયારી હોય તો. '**લખવાને ઈચ્છા થાય છે.**' નહિતર લખવાને ઈચ્છા થાતી નથી. જાવ. 'ધારશીભાઈ'ને કેવી શરતો મૂકી છે !

મુમુક્ષુ :- નિષેધ નથી કર્યો ?

પૂજ્ય ભાઈશ્રી :- આ બધું યથાસ્થાને સ્થાપન કર્યું છે અને અયસ્થાસ્થાને એનો નિષેધ કર્યો છે. કોઈ જે અયથાર્થપણે અભિમાનના કારણમાં આવી જાય છે તો એનો નિષેધ કર્યો છે. ૮૬૬.

મુમુક્ષુ :- જ્ઞાનીના દરેક વચનમાં આ Condition લાગી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દરેક વચનમાં આ શરત લાગુ પડે. એ તો 'ધારશીભાઈ'ને કીધું છે. બધાએ સમજી લેવાનું. કહ્યું છે 'ધારશીભાઈ'ને પણ સમજવાનું બધાને.

મુમુક્ષુ :- બધાય જ્ઞાની આવું જ કહે છે ? આમ કીધું હોય કે ન કીધું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એ શું છે પોતે નજીક આવેલા કોઈ સુપાત્ર જીવોને સ્પષ્ટ વક્તવ્યથી કેટલીક વાત કરી દેતા હતા કે જેથી ઊંડે ઊંડે પણ કાંઈ કચરો રહે નહિ, સાફ થઈ જાય.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' નજીક આવેલા હોય એને બહુ વઢતા. જરાક ભૂલ થાય એટલે વઢે.

પૂજ્ય ભાઈશ્રી :- જવાબદારી વધારે છે ને. એની જવાબદારી વધારે છે.

**'કોઈ મહત્ પુરુષના મનનને અર્થે 'પંચાસ્તિકાય'નું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું; તે મનન અર્થે આ સાથે મોકલ્યું છે. હે આર્ય !'** જુઓ ! કેવું સંબોધન કર્યું છે 'ધારશીભાઈ'ને ! '**હે આર્ય !**' સરળ પરિણામી જીવ છે ને. '**હે આર્ય ! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.**' દ્રવ્યાનુયોગને અમે એ રીતે જાણ્યો છે કે જે દ્રવ્યાનુયોગને જાણે એ બધા ભાવથી વિરામ પામીને સ્વરૂપમાં સમાય જાય. એ દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. '**તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં.**' હવે તુંકારે બોલાવે છે. ઉંમરમાં તો એમનાથી ઘણા મોટા છે. બહારમાં મોટા Dignity વાળા માણસ છે. ન્યાયધીશ છે ને. બહુ પ્રેમથી વાત કરી છે. ઘણા પ્રેમથી વાત કરે છે. ઘણા નજીક છે.

મુમુક્ષુ :- સાધર્મી વાત્સલ્ય.

પૂજ્ય ભાઈશ્રી : હા. વાત્સલ્યથી વાત કરી છે.

**'તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું ? સમાધિનું રહસ્ય એ જ છે.'** સ્વરૂપમાં લીન થવા માટેનું રહસ્ય દ્રવ્યાનુયોગ છે અને '**સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.**' આ એક જ છે. બીજો કોઈ ઉપાય નથી. આવી કિંમતી ચીજ હોવાથી 'ગુરુદેવે' પ્રધાનપણે દ્રવ્યાનુયોગનો સ્વાધ્યાય કરાવ્યો છે.

સ્વાધ્યાયમાં મુખ્યપણે દ્રવ્યાનુયોગ જ લીધો છે. અને ક્યાંક ક્યાંક સ્તુતિ અને એવું લીધું હોય તો એમાંથી દ્રવ્યાનુયોગ કાઢ્યો છે. ક્યારેક ક્યારેક ભગવાનની સ્તુતિ લેતા હતા ને ? પર્યુષણના દિવસોમાં બહુ ઝાઝાં માણસો હોય તો સ્થૂળ વિષય લેવો હોય તો સ્તુતિ લે, પણ એમાંથી દ્રવ્યાનુયોગ કાઢે.

હવે પંચાસ્તિકાય લેવું છે ને ? પાનું-૫૮૬. ફરીથી. પહેલી ગાથા લીધી હતી. પહેલેથી લઈએ. '**૧. સો ઈન્દ્રોએ વંદનિક, ત્રણ લોકને કલ્યાણકારી,...**' એટલે ત્રણ લોકના સમસ્ત જીવોના કલ્યાણ કરનારા '**મધુર અને નિર્મળ જેનાં વાક્ય છે, અનંત જેના ગુણો છે, જેમણે સંસારનો પરાજય કર્યો છે એવા ભગવાન સર્વજ્ઞ વીતરાગને નમસ્કાર.**' કરીને ભગવાન 'કુંદકુંદાચાર્ય' આ શાસ્ત્રની રચનાનો પ્રારંભ કરે છે, મંગળિક કરે છે.

'**૨. સર્વજ્ઞ મહામુનિના મુખથી ઉત્પન્ન થયેલું અમૃત, ચાર ગતિથી જીવને મુક્ત કરી નિર્વાણ પ્રાપ્ત કરાવનાર એવાં આગમને નમન કરીને, આ શાસ્ત્ર કહું છું તે શ્રવણ કરો.**' સુણો ! સાંભળો ! સુણો તમે. 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે હું તમને અમૃત પીરસું છું. ક્યાંથી ઉત્પન્ન થયેલું છે ? કે સર્વજ્ઞ ભગવાનના મુખથી ઉત્પન્ન થયેલું જે અમૃત છે એ હું તમને પીરસું છું. 'કુંદકુંદાચાર્યદેવ' પીરસવા નીકળ્યા. ભાવતું નથી એમ કહીશ નહિ, એમ કહે છે. '**ચાર ગતિથી જીવને મુક્ત કરી નિર્વાણ પ્રાપ્ત કરાવનાર...**' છે. અમૃત છે ને એ તો ! જન્મ-મરણનો નાશ કરે છે. '**એવા આગમને નમન કરીને,..**' એવા આગમને પોતે નમન કરીને '**આ શાસ્ત્ર કહે છે.**'

મુમુક્ષુ :- મોટાના કહેણ પાછા ન ઠેલાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગુરુદેવ' કહેતા હતા. મોટાના કહેણ પાછા ઠેલાય નહિ. એ એટલા માટે કહેતા હતા કે કેટલાક જીવોની અસરળતા કેવી હોય છે ? અરે..! અરે..! આ તો બહુ ઊંચી વાત. આપણું કામ નહિ. આપણને તો કોઈ દયા પાળવાનું કહે, દાન કરવાનું કહે તો આપણે આપી દઈએ. આ બધી તત્ત્વની, આવી આત્માની ઊંચી વાત ! આપણું કામ નહિ... આપણું કામ નહિ... આપણું કામ નહિ. એમ કરીને જેને અરુચિ થાય છે એને 'ગુરુદેવ' કહેતા. કે, ભાઈ ! આ મહાપુરુષના કહેણ

છે. એને પાછા ન ઠેલાય. આ આપણે નથી (કહેતા) ? કહે છે તો ભાઈ એમનો હાથ પાછો ઠેલતા નહિ. થોડું પણ લઈ લ્યો એમ નથી કહેતા ? એનું માન રાખો. આમ નકાર ન કરવો એમ એનો અર્થ છે. થોડુંક ભલે રૂપિયાભાર પણ તમે લઈ લ્યો. એનો હાથ પાછો ઠેલોમાં. એટલું તો કરે છે કે નહિ ? સગાસંબંધીનો પ્રેમ હોય. મીઠાશ રાખવા માટે તો બધી પદ્ધતિ છે ને.

મુમુક્ષુ :- 'જૂનાગઢ'ના ..નો દાખલો આપતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

એ સર્વજ્ઞ મહામુનિથી નીકળેલું અમૃત હું પીરસું છું. શ્રવણ કરો એનો અર્થ કે એક ધ્યાને આત્મહિતના લક્ષે આ શાસ્ત્ર તમે શ્રવણ કરજો, સાંભળજો.

'**૩. પાંચ અસ્તિકાયના સમૂહરૂપ અર્થસમયને સર્વજ્ઞ વીતરાગદેવે 'લોક' કહ્યો છે. તેથી ઉપરાંત માત્ર આકાશરૂપ અનંત એવો 'અલોક' છે.**' આખા વિશ્વને એક શ્લોકમાં લઈ લીધું. જેમાં પાંચ અસ્તિકાય છે, એવો જે પદાર્થોનો સમય છે. અર્થ સમય એટલે પદાર્થરૂપી સમય છે. જ્યાં પાંચ એકસાથે છે. પાંચે અસ્તિકાયનો વિસ્તાર છે. એટલા ભાગને ભગવાન વીતરાગદેવે લોક કહ્યો છે. અને એ સિવાય બાકીનો જે આકાશરૂપ અનંત એવો ભાગ છે એને અલોક કહ્યો છે. લોક અને અલોક એવા વિશ્વના બે ભાગ છે.

પછી ચોથી અને પાંચમી ગાથા સાથે લીધી છે. ''**જીવ', 'પુદ્‌ગલસમૂહ', 'ધર્મ', 'અધર્મ', તેમજ 'આકાશ', એ પદાર્થો પોતાના અસ્તિત્વમાં નિયમથી રહ્યા છે; પોતાની સત્તાથી અભિન્‍ન છે અને અનેક પ્રદેશાત્મક છે.**' કેવા છે ? આ પાંચ પદાર્થો છે એ પોતાના અસ્તિત્વમાં રહ્યા છે એટલે કોઈના અસ્તિત્વમાં કોઈ જતું નથી. એક ક્ષેત્રે હોવા છતાં કોઈના અસ્તિત્વમાં કોઈ જતું નથી. પોતાની સત્તાથી હંમેશા સદાય અભિન્‍ન રહે છે અને તે દરેકને અનેક પ્રદેશ છે. એકથી વધારે પ્રદેશ છે. ક્ષેત્રફળવાળા છે, એમ કહે છે.

મુમુક્ષુ :- પરમાણુ...

પૂજ્ય ભાઈશ્રી :- એ છૂટા પરમાણુની વાત નથી. આખો લોક લીધો છે એટલે સ્કંધ લીધો છે. મહાસ્કંધ. કે જેમાં અનંતાઅનંત પરમાણુઓનો પિંડ છે. ચૌદ બ્રહ્માંડ. એટલે એમના સ્કંધને અહીંયાં

પુદ્ગલાસ્તિકાય એમ કહ્યું છે. પુદ્ગલ, અસ્તિ અને કાય. પુદ્ગલ છે, છે પણે છે અને કાયપણે એટલે ક્ષેત્ર વિસ્તારપણે પણ છે.

મુમુક્ષુ :- પુદ્ગલ સમૂહ લીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પુદ્ગલસમૂહ જ છે ને. પુદ્ગલ સમૂહ. જીવ, પુદ્ગલ સમૂહ. એકલો પુદ્ગલ નથી લીધું. પુદ્ગલસમૂહ.

''**ધર્મ', 'અધર્મ' તેમ જ 'આકાશ', એ પદાર્થો પોતાના અસ્તિત્વમાં નિયમથી રહ્યા છે; પોતાની સત્તાથી અભિન્ન છે અને અનેક પ્રદેશાત્મક છે. અનેક ગુણ અને પર્યાયસહિત જેનો અસ્તિત્વસ્વભાવ છે...**' જેના અસ્તિત્વમાં અનેક અનેક ગુણ પર્યાયો છે. '**તે 'અસ્તિકાય'.**' અસ્તિ એટલે જેના અસ્તિત્વમાં, કાય-ક્ષેત્રમાં અનેક ગુણ અને પર્યાયો રહેલા છે. તે અસ્તિકાય. '**તેનાથી ત્રૈલોક્ય ઉત્પન્ન થાય છે.**' એ લોક છે એના ત્રણ વિભાગ પાડીને એને ત્રણ લોક અથવા ત્રિલોક કહેવામાં આવ્યા છે. ત્રણ ભેદ પાડ્યા છે. કર્મફળને ભોગવવાના ક્ષેત્રના ત્રણ વિભાગ પાડી દીધા છે. ત્રણે વિભાગની કુદરતી સંપત્તિ જુદી જુદી છે. છે બધા પુદ્ગલો, પણ કુદરતની રચના છે એ ત્રણેની જુદી જુદી છે.

મુમુક્ષુ :- કાય એટલે વિસ્તાર ?

પૂજ્ય ભાઈશ્રી :- કાય એટલે કાય આપણે નથી કહેતા ? આની મોટી કાયા છે, આની લાંબી કાયા છે. ક્ષેત્રવિસ્તારને કાય કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈ બ્રહ્મા, કોઈ પરમ બ્રહ્મ, કોઈ પૃથ્વીની ઉત્પત્તિ કરી છે એ વાત ખોટી છે. ચૌદ બ્રહ્માંડની રચના કરી છે એ વાત ખોટી છે. અનાદિથી અનંત કાળ પર્યંત આ છએ દ્રવ્યો જગતમાં છે. એ પોતપોતાના સ્વરૂપે પોતાના અસ્તિત્વમાં રહેવાના જ છે અને પર્યાયથી પર્યાયાંતર થતા જ રહેવાના છે. પોતાના ગુણધર્મોની સાથે. પોતાના ગુણધર્મની મર્યાદામાં રહીને જેઓ હંમેશા પરિણમનશીલ રહેવાના છે અને જેઓ હંમેશા પોતાના અસ્તિત્વને અનાદિઅનંતપણે ધારી રાખવાના છે. એ કોઈ બનાવાના નથી અને એનો નાશ એટલે પ્રલય પણ થવાનો નથી.

એ પ્રશ્ન 'ગાંધીજી'એ પૂછ્યો છે. ૨૭ પ્રશ્નમાં એ પ્રશ્ન પૂછ્યો છે કે આ વિશ્વનો, આ દુનિયાનો પ્રલય થશે કે નહિ ? આ દુનિયાની છેવટની સ્થિતિ શું છે ? તો કહે છે, આ દુનિયાનો કદિ' પ્રલય થવાનો નથી. આમ

ને આમ જ ચાલવાની છે. જે રીતે ચાલી રહી છે દુનિયા એ રીતે ચાલવાની જ છે. ૨૭મા વર્ષમાં છેલ્લે ૫૩૦ નંબરનો પત્ર છે.

'**દુનિયાની છેવટ શી સ્થિતિ થશે ?**' એ એક પ્રશ્ન જુદો છે. ૨૧મો છે. અને ૨૩મો પ્રશ્ન '**દુનિયાનો પ્રલય છે ?**' કે '**પ્રલય એટલે જો કેવળ નાશ એવો અર્થ કરવામાં આવે તો તે વાત ઘટતી નથી,...**' અને '**કેવળ આ દુનિયાનો નાશ થાય, તેવું બનવું મને પ્રમાણરૂપ લાગતું નથી.**' ૨૧માં એ વાત કરી છે. એ જ વાત એમણે ૨૩માં પણ કરી છે. '**પ્રલય એટલે સર્વ પદાર્થોનું ઈશ્વરાદિને વિષે લીનપણું તો કોઈના અભિપ્રાયમાં તે વાતનો સ્વીકાર છે, પણ મને તે સંભવિત લાગતું નથી,..**' એક પરમબ્રહ્મમાં બધા વિલિન થઈ જશે. એ સંભવિત નથી. '**કેમકે સર્વ પદાર્થ, સર્વ જીવ એવાં સમપરિણામ શી રીતે પામે કે એવો યોગ બને, અને જો તેવાં સમપરિણામનો પ્રસંગ આવે તો પછી ફરી વિષમપણું થવું બને નહીં. અવ્યક્તપણે જીવમાં વિષમપણું હોય અને વ્યક્તપણે સમપણું એ રીતે પ્રલય સ્વીકારીએ તોપણ દેહાદિ સંબંધ વિના વિષમપણું શા આશ્રયે રહે ?**' ઘણી ઘણી ઊંડી વાતો કરી નાખી છે. સર્વ જીવ આશ્રયી પ્રલય સંભવતો નથી. કેમકે કોઈના ઊંચી ગતિના પરિણામ છે, કોઈના નીચી ગતિના પરિણામ છે. બધાયના સરખા પરિણામ થાય ત્યારે સરખી સ્થિતિ થાય ને ?

મુમુક્ષુ :- આ પત્રમાં એ વાંચનાર કેટલું સમજ્યા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બીજી વાત છે.બહાર એટલા Barrister થયેલાને એટલે એમણે શું કર્યું છે કે પદ્ધતિ છે એ Logic ની લીધી છે કે, જો બધાના પરિણામ સમપરિણામ થાય તો એનું ફળ સરખું આવે. આ દુનિયામાં બધાના પરિણામ સરખા થાય એવું દેખાય છે ? કે બે સગા ભાઈના સરખા દેખાય એવું નથીને. આખી દુનિયાના જીવોના પરિણામ એકસરખા થાય તો જ બધા એક સ્થિતિને પામે ને ? એના ફળરૂપે એ સત્ય બાજુ જાય એમ ન્યાયથી વાત લીધી છે.

'**૬. તે અસ્તિકાય ત્રણે કાળે ભાવપણે પરિણામી છે; અને પરાવર્તન જેનું લક્ષણ છે એવા કાળસહિત છયે 'દ્રવ્યસંજ્ઞા'ને પામે છે.**' છયેને દ્રવ્યસંજ્ઞા છે એ વાત દિગંબર આગમ છે એને અહીંયાં માન્ય કરી છે. એ તો દિગંબર આગમ જ છે ને 'પંચાસ્તિકાય' એ તો. શ્વેતાંબરમાં

કાળને દ્રવ્ય માનવામાં આવતું નથી. ઉપચારિક દ્રવ્ય કહે છે. ખરેખર એને કોઈ દ્રવ્ય માનવામાં આવતું નથી.

હવે આ કહે છે કે '**કાળસહિત છયે 'દ્રવ્યસંજ્ઞા'ને પામે છે.**' પાંચ અસ્તિકાય છે પણ દ્રવ્ય તો છ છે. એટલે '**અસ્તિકાય ત્રણે કાળે ભાવપણે પરિણામી છે;...**' એ પાંચે પદાર્થો ભાવપણે પરિણામી છે '**અને પરાવર્તન જેનું લક્ષણ છે એવા કાળસહિત.**' પછી છઠ્ઠું લઈ લીધું. એ છયે દ્રવ્યસંજ્ઞાને પામે છે.

'**૭. એ દ્રવ્યો એકબીજામાં પ્રવેશ કરે છે, એકમેકને અવકાશ આપે છે, એકમેક મળી જાય છે, અને જુદા પડે છે; પણ પોતપોતાના સ્વભાવનો ત્યાગ કરતા નથી.**' ક્ષેત્ર અપેક્ષાએ એકબીજામાં પ્રવેશ કરે છે, એકબીજાને જગ્યા આપે છે, એકબીજા મળી ગયેલા દેખાય છે. પાછા જુદા પડતા પણ દેખાય છે. દેહનો યોગ થયો, દેહનો વિયોગ થયો. તેમ છતાં પોતપોતાના સ્વભાવનો અને સ્વરૂપનો ત્યાગ કરતા નથી. પોતાના સ્વરૂપને છોડ્યા વિના આ જાતના ફેરફારો-સંયોગિક ફેરફારો જે થાય છે એ જોવામાં આવે છે.

'**૮. સત્તાસ્વરૂપે સર્વ પદાર્થ એકત્વવાળા છે. તે સત્તા અનંત પ્રકારના સ્વભાવવાળી છે; અનંત ગુણ અને પર્યાયાત્મક છે. ઉત્પાદવ્યયધ્રુવત્વવાળી સામાન્ય વિશેષાત્મક છે.**' 'કુંદકુંદાચાર્યે' એક ગાથામાં કેટલું નાખ્યું ! '**તે સત્તાસ્વરૂપે સર્વ પદાર્થ એકત્વવાળા છે.**' એટલે પોતાના એકત્વને ક્યારેય છોડતા નથી. વહેંચાય જાય, ટૂકડા થઈ જાય, વિભાજન થઈ જાય એવું કદિ બનતું નથી. એ સત્તાસ્વરૂપે એકત્વમાં રહે છે. તેની હયાતી. સત્તા એટલે હયાતી-મોજુદગી અનંત પ્રકારના સ્વભાવવાળી છે. એક એક પદાર્થનો અનંત સ્વભાવ છે, અનંત ગુણ છે, અનંત પર્યાયો છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણું છે. ઉત્પાદ છે, વ્યય છે. સત્તાને ઉત્પાદ છે, સત્તાને વ્યય છે અને સત્તાને ધ્રુવત્વ પણ છે.

આ એક વિચિત્ર વાત છે. સત્તા એક અને ભેદ એના ત્રણ. અને ત્રણેનો સ્વભાવ જુદો જુદો. ધ્રુવનો સ્વભાવ તે ઉત્પાદનો નહિ, ઉત્પાદનો તે વ્યયનો નહિ, વ્યયનો તે ધ્રુવનો નહિ. સત્તા એક અને ત્રણ લક્ષણ એના. આ લોકોને જે અન્યમતિમાં વાત નથી સમજાતી એનું કારણ આ છે. આ પરસ્પર ત્રણે વિરુદ્ધ છે. એક હયાતી. સત્તાએ. સત્તાનું વિભાજન થયા વિના, ટૂકડા થયા વિના ત્રણેના સ્વભાવો પરસ્પર વિરુદ્ધ છે. ઉત્પાદ

અને વ્યય સામેસામા છે. ધ્રુવ અને ઉત્પાદ સામેસામા છે. વ્યય અને ધ્રુવ પણ સામેસામા છે. આવો એક વિચિત્ર સત્તાનો પ્રકાર છે. પદાર્થની સત્તાનો ઘણો વિચિત્ર પ્રકાર છે.

મુમુક્ષુ :- એ લોકો કહે છે, જૈનધર્મમાં કોઈ નિર્ણય જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ આમણે કહ્યું ને, શંકરાચાર્ય. આદિશંકરાચાર્ય બહુ ઉઘાડવાળા હતા. જૈનદર્શન હૈ, સ્યાદ્વાદ હૈ સો સંશયવાદ હૈ. વસ્તુ કા સ્વરૂપકા ઠિકાના નહીં હૈ. જાવ. ... કેવી રીતે બને ? 'ઉલટ પલટ ધ્રુવ સત્તા રાખે ઉપજે, વિણસે તબહી. અબધુ નટનાગરકી બાજી, ક્યા જાને બ્રાહ્મણ કાજી ?' બ્રાહ્મણની કે કાજીની કોઈ આમાં ચાંચ બૂડે એવું નથી. આ નટનાગરની બાજી બીજી જાતની છે. ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે. ઉલટે-પલટે ને પાછો ધ્રુવ રહે. એવી વાત છે. 'આનંદઘનજી'એ ગાયું છે. 'ગુરુદેવ' તો બહુ લલકારતા.

શું કહે છે ? કે '**ઉત્પાદવ્યયધ્રુવત્વવાળી સામાન્ય વિશેષાત્મક છે.**' એનું સામાન્યપણું એકરૂપપણું છે અને વિશેષમાં અનેક ભેદપણું પણ છે. ગુણ પર્યાયો. વિશેષ છે તે સામાન્ય નથી અને સામાન્ય છે તે વિશેષ નથી. એક જ સત્તામાં બે છે.

'**૯. પોતાના સદ્ભાવ પર્યાયને દ્રવે છે, તે તે ભાવે પરિણમે છે તે માટે દ્રવ્ય કહીએ છીએ, જે પોતાની સત્તાથી અનન્ય છે.**' દ્રવ્ય એનું નામ શા માટે પાડ્યું ? કે દ્રવતી ઈતિ દ્રવ્યમ્. સૂત્ર બાંધ્યું છે. પદાર્થનું નામ દ્રવ્ય શા માટે છે ? કે ગુણપર્યાયને દ્રવે છે માટે તે દ્રવ્ય છે. પદાર્થનું નામ દ્રવ્ય શા માટે ? કે ગુણપર્યાયે સદાય દ્રવી રહ્યું છે (એટલે). '**પોતાના સદ્ભાવ પર્યાયને દ્રવે છે,...**' એટલે એ કાંઈ કલ્પના નથી. સદ્ભૂત ઉપચરિત વ્યવહારનયનો એ વિષય થયો. દ્રવ્યની શુદ્ધપર્યાય કેવળજ્ઞાનની હોય, એક પરમાણુની શુદ્ધપર્યાય હોય તો તે સદ્ભુત છે. સદ્ભુત ઉપચરિત વ્યવહારનયનો એ વિષય છે. ગુણભેદ છે તે સદ્ભુત અનુપચરિત વ્યવહારનયનો વિષય છે.

એ '**પોતાના સદ્ભાવ પર્યાયને દ્રવે છે, તે તે ભાવે પરિણમે છે...**' એ જે સદ્ભાવ છે એ ભાવરૂપે પરિણમે છે. '**તે માટે દ્રવ્ય કહીએ છીએ,...**' એટલા માટે એને દ્રવ્ય કહીએ છીએ, કે '**જે પોતાની સત્તાથી અનન્ય છે.**' એ દ્રવ્ય અને સત્તા જુદા જુદા નથી. દ્રવ્ય અને સત્તા એક જ છે. દ્રવ્યનું લક્ષણ હવે પછી કહેશે. દ્રવ્યનું લક્ષણ સત્ છે. સત્ દ્રવ્ય

લક્ષણમ્. આમાં 'પંચાસ્તિકાય' છે ને.

મુમુક્ષુ :- ૨૭ વર્ષમાં આ બધું વાંચવાનો ટાઈમ..

પૂજ્ય ભાઈશ્રી :- વેપાર કરતા કરતા. લાખોના પરદેશ સાથેના વેપાર કરતા કરતા એ બધું વાંચ્યું છે. વાંચ્યું છે નહિ, અંદર ઉતાર્યું છે. વાંચીને અંદર ઉતાર્યું છે.

મુમુક્ષુ :- બધાય શાસ્ત્રની વાત આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

**दव्वं सल्लक्खणयं उप्पादव्वयधुवत्तसंजुत्तं।**
**गुणपज्जयासयं वा जं तं भण्णंति सव्वण्हू।।१०।।**

આ દસમી ગાથા છે. દ્રવ્યનું લક્ષણ સત્ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવતા સહિત છે, ગુણ-પર્યાયના આશ્રયરૂપ છે એમ સર્વજ્ઞદેવ કહે છે. આ તો બધો અર્થ કર્યો છે. શબ્દાર્થ જ કર્યા છે. દ્રવ્ય સત્ લક્ષણં, એવો શબ્દ વાપર્યો છે. જે 'ઊમાસ્વામી'નું સૂત્ર છે ને ? એ જ વાત લીધી છે. વિશેષ લઈશું...

**ધર્મક્ષેત્રમાં પ્રમાણિકપણે દોષ મટાડનાર, યથાર્થ કાર્ય પદ્ધતિને નહિ સમજવાથી પ્રાયઃ અન્યથા ઉપાય કરે છે; જેથી મૂળમાંથી દોષ મટતાં નથી, પરંતુ મંદ પડીને ફરી પાંગરી જાય છે. જીવને પાત્રતા આવે તે મુખ્ય થવું જોઈએ. યોગ્યતા આવ્યે જ્ઞાન પરિણમે છે અને તે માટે પ્રથમ અભિપ્રાય યોગ્ય થવો જોઈએ, અભિપ્રાયમાં સુધાર થયા વિના પરિણમનમાં સુધાર થતો નથી તેવો નિયમ-સિદ્ધાંત છે. તેથી મુમુક્ષુજીવે જ્ઞાનીના માર્ગે સૌ પ્રથમ અભિપ્રાયની વિપરીતતા મટાડવી જોઈએ.**

**(અનુભવ સંજીવની - ૧૭૬૧)**

## તા. ૨૧-૪-૧૯૯૨, પત્રાંક-૭૬૬
## પ્રવચન-૩૬૫

'પંચાસ્તિકાય' ગ્રંથની ૧૦મી ગાથા. પાનું-૫૮૭. ચૈત્ર વદ ૫. આજે ૪ કે ૫ છે ? ૫ છે ? ચૈત્ર વદ ૫ એ સમાધિ દિવસ છે.

મુમુક્ષુ :- ગયા મહિનાની આ ગુજરાતી સાલ.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં તો એમણે ગુજરાતી સાલ લખી છે.

'રાજકોટ'માં બપોરે બે વાગે દેહ છોડ્યો છે. ચૈત્ર વદ ૫, ૧૯૫૭. સમાધિમરણ એટલે સમાધિ... જીવન સમાધિપૂર્વકનું હોય છે એટલે દેહાંત પણ આત્મજાગૃતિમાં સમાધિભાવે (થાય છે). ફાટેલું કપડું બદલતા જેમ શોક નથી. કપડું જળી જાય, જૂનું થાય અને જીર્ણ થાય એ બદલતા જેમ દુઃખ નથી. એમ દેહત્યાગમાં ઉદયના કાળમાં ધર્માત્માને એનું દુઃખ નથી. આખા જગતથી જુદી સ્થિતિ છે. જગતના પ્રાણીઓને એના જેવું મોટું દુઃખ નથી. મરણના દુઃખ જેવું કોઈને મોટું દુઃખ નથી. પણ ધર્માત્માનો સમાધિ પ્રસંગ છે.

જે સમાધિભાવે દેહ ત્યાગ કરતાં ઉત્તરપર્યાયમાં નવા ભવમાં જે જીવન શરૂ થાય છે એ પણ સમાધિભાવે શરૂ થાય છે. એટલે સમાધિમય જીવન, સમાધિમય દેહત્યાગ, પાછું સમાધિમય જીવન. એ સામાન્ય ધારા ચાલુ રહે છે. એવું પુરુષાર્થનું બળવાનપણું છે. ... સ્થિતિમાં પણ પરિણતિ છૂટતી નથી. આત્મધામ છૂટતું નથી.

શરીર તો બે-ત્રણ વર્ષથી રોગથી ગ્રસિત થઈ ગયેલું. જ્યોતિષનો ખ્યાલ હતો પણ એમણે પોતાનું આયુષ્ય નથી જોયું. જ્યોતિષનું જ્ઞાન હતું પણ એમણે પોતાનું આયુષ્ય નથી જોયું. ૩૬માં વર્ષે આમ છે અને આવો ભાવ છે. એટલે ૨૦ વર્ષ પછી લખે છે કે ચાર-પાંચ વર્ષ પછી સર્વસંગપરિત્યાગ કરવાની ભાવના છે. સારી રીતે વીતરાગમાર્ગનો પ્રચાર કરવો, વીતરાગમાર્ગનો ઉદ્યોત કરવો. એ બધી વાત લીધી છે.

મુમુક્ષુ :- ધર્માત્માની અચિંત્ય નિઃસ્પૃહતા કેવી હોય !

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ૨૯મા વર્ષે લખે છે. પાનું-૫૧૮.

Paragraph છે ત્યાંથી.

**'એ રીતે જો મૂળમાર્ગ પ્રગટતામાં આણવો હોય તો પ્રગટ કરનારે સર્વસંગપરિત્યાગ કરવો યોગ્ય; કેમકે તેથી ખરેખરો સમર્થ ઉપકાર થવાનો વખત આવે.'** ગૃહસ્થદશામાં એટલો મોક્ષમાર્ગ માને, ન માને, અડધું માને. ત્યાગી હોય એનું તો માને જ. સાધુએ કહ્યું છે, આપણા ગુરુએ આમ કહ્યું છે. **'વર્તમાન દશા જોતાં,...'** હવે પોતે પોતાની વાત કરે છે કે મારી **'વર્તમાન દશા જોતાં, સત્તાનાં કર્મો પર દૃષ્ટિ દેતાં કેટલાક વખત પછી તે ઉદયમાં આવવો સંભવે છે.'** સર્વસંગપરિત્યાગનો ઉદય આવવો સંભવે છે.

**'અમને સહજસ્વરૂપ જ્ઞાન છે,...'** અત્યારે સહજસ્વરૂપજ્ઞાન, આત્મજ્ઞાન તો છે. **'જેથી યોગસાધનની એટલી અપેક્ષા નહીં હોવાથી તેમાં પ્રવૃત્તિ કરી નથી,...'** અમારે ધ્યાનની Practice કરવાની જરૂર પડે એવું નથી. **'તેમ તે સર્વસંગપરિત્યાગમાં અથવા વિશુદ્ધ દેશપરિત્યાગમાં સાધવા યોગ્ય છે.'** અને એ વખતે યોગસાધના કરવી હોય તો કાંઈ વાધો નથી. **'એથી લોકોને ઘણો ઉપકાર થાય છે, જોકે વાસ્તવિક ઉપકારનું કારણ તો આત્મજ્ઞાન વિના બીજું કોઈ નથી.'** એ યોગના પ્રયોગ તો ઠીક છે. આત્મજ્ઞાન છે એ મૂળ ચીજ છે.

હવે મુદ્દત લખે છે કે, **'હાલ બે વર્ષ સુધી તો તે યોગસાધન વિશેષ કરી ઉદયમાં આવે તેમ દેખાતું નથી.'** એટલે ૩૧-૩૨ વર્ષ સુધી તો હજી કાંઈ દેખાતું નથી. **'તેથી ત્યાર પછીની કલ્પના કરાય છે, અને ૩ થી ૪ વર્ષ તે માર્ગમાં ગાળવામાં આવ્યા હોય તો ૩૬ મે વર્ષે સર્વસંગપરિત્યાગી ઉપદેશકનો વખત આવે, અને લોકોનું શ્રેય થવું હોય તો થાય.'** એટલે ૩૬માં વર્ષના આયુષની પોતે કલ્પના કરી છે કે ૩૬મા વર્ષે મુનિદશામાં આવશું. જેટલાનું ભલું થવું હશે એટલાનું થશે. ૩૩ વર્ષ અને ૫ મહિને દેહ છોડ્યો છે. ચૈત્ર વદ ૫. આ લખાણ એમ બતાવે છે કે એમને પોતાનું આયુષ ૨૯ વર્ષ સુધી જોયું નથી કે હવે કેટલું બાકી છે એ. 'જૂઠાભાઈ'નું જોઈ લીધું હતું કે આ દિવસે આટલા વાગે આનો દેહત્યાગ થાશે. એ બાર કલાકનો ફેર પડ્યો.

ચાલતો વિષય છે, 'પંચાસ્તિકાય સંગ્રહ'. એમાં ૧૦મી ગાથામાં **'દ્રવ્યનું લક્ષણ સત્ છે,...'** સત્ નામ હોવાપણું. સત્ એટલે હયાતી.

કોઈપણ પદાર્થની હયાતી ન હોય અને એ પદાર્થ હોય એ તો કલ્પના પણ કરી શકાતી નથી. દ્રવ્ય છે એ હયાત છે. ત્રણે કાળે હયાત છે એટલું જ નહિ **'જે ઉત્પાદવ્યયધ્રુવતાસહિત છે;...'** ત્રણે કાળે હયાત છે અને સમય સમયનો ઉત્પાદવ્યય પણ છે. પોતાના **'ગુણ પર્યાયના આશ્રયરૂપ છે,...'** પોતાના ગુણ અને પર્યાય એ દ્રવ્યના આશ્રયે રહેલા છે. **'એમ સર્વજ્ઞદેવ કહે છે.'** કેવળજ્ઞાનીના જ્ઞાનમાં પદાર્થનું સ્વરૂપ સિદ્ધાંતિક રીતે ત્રણે કાળે આવું જ આવ્યું છે. એમાં કાંઈ ફેરફાર નથી.

પદાર્થના ગુણ-પર્યાય દ્રવ્યના આશ્રયે હોય, ઉત્પાદવ્યયધ્રુવ એ ત્રણ પ્રકાર સત્તામાં હોય અને એ પ્રકારની સત્તા, સત્ એટલે એ પ્રકારની સત્તા કહી. કૂટસ્થ છે એમ પણ નહિ અને ક્ષણિક છે એમ પણ નહિ. કેવળ કૂટસ્થ નહિ, કેવળ ક્ષણિક નહિ. કૂટસ્થ અને ક્ષણિક ઉભયાત્મક સત્તા છે. સ્થિર અને ચલિતપણું-અસ્થિરપણું. નિત્યપણું અને અનિત્યપણું. એ ઉભયાત્મક સત્તા છે. એ દસમી ગાથાનો સંક્ષેપ છે.

**'૧૧. દ્રવ્યની ઉત્પત્તિ અને વિનાશ થતો નથી; તેનો 'અસ્તિ' સ્વભાવ જ છે.'** દ્રવ્યની ઉત્પત્તિ અને વિનાશ થતો નથી. પદાર્થનું મૂળ નવી ઉત્પત્તિ થાય કે દ્રવ્યનો સર્વનાશ થાય, અભાવ પામી જાય એવું કદિ બનતું નથી. તો ધ્રુવત્વ ન હોય સત્તામાં. અને ઉત્પત્તિ મટીને વિનાશ હોય તો ધ્રુવત્વ ન હોય. **'તેનો 'અસ્તિ' સ્વભાવ જ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવત્વ પર્યાયને લઈને છે.'** જે ઉત્પાદ-વ્યય છે એ પર્યાય અપેક્ષાએ છે અને એની અપેક્ષાએ એને ધ્રુવત્વ કહેવામાં આવે છે. એટલે પર્યાયની જેમ એનો ઉત્પાદ-વ્યય થતો નથી. પર્યાયનો ઉત્પાદ-વ્યય થાય છે, પદાર્થ તો ધ્રુવ રહી જાય છે.

મુમુક્ષુ :- વ્યયને સત્‌માં ગણ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પણ એક હકીકત છે ને. પર્યાય ઉત્પન્ન થાય છે એ જેમ હકીકત છે, એમ એ પર્યાયનો વ્યય થાય છે એ એટલી જ નક્કર હકીકત છે. એનું પણ હોવાપણું છે, વ્યયનું પણ હોવાપણું છે. બાળ, યુવાન, વૃદ્ધ. બાલ્ય અવસ્થાનો વ્યય થાય છે ને ? એ પણ એક હકીકત છે. નહિતર તો એકલો ઉત્પાદ લ્યો તો એ વસ્તુનું સ્વરૂપ સિદ્ધ થાતું નથી. કેમકે શેનો વ્યય થઈને ઉત્પાદ થયો ? ઉત્પાદ થયો તો કાંઈ વ્યય થઈને ઉત્પાદ થયો કે એમનેમ ઉત્પાદ થઈ ગયો ? ઉત્પાદ... ઉત્પાદ.. ઉત્પાદ.. થાય તો પછી ઉત્પાદ જ થયા કરે. વ્યયનો કાંઈ પ્રસંગ

જ નથી ? એ રીતે કોઈ વસ્તુનું સવરૂપ સિદ્ધ થાતું નથી.

મુમુક્ષુ :- ઉત્પાદ વ્યય બે...

પૂજ્ય ભાઈશ્રી :- અનંત પર્યાયો સાથે થાય. જો બે સાથે થાય તો અનંત પર્યાયો સાથે થાય. એક માણસ બાળક જ હોય તે જ વખતે એ યુવાન પણ હોય, વૃદ્ધ હોય એ વખતે યુવાન અને બાળક બેય હોય પાછો. કેવી રીતે બને ? અથવા આ આંગળી સીધી હોય પછી વાંકી થાય ત્યારે પણ સીધી જ હોય. સીધાપણું રહી જાય અને વાંકી થાય. કેવી રીતે બને ? જે આંગળી સીધી છે, એ જ આંગળી વાકી થાય છે તો સીધાપણું રહીને વાંકાપણું કેવી રીતે થાય ? એનો વ્યય થઈને જ વાંકી થાય છે. કપડું છે એ ખોલી નાખો અને ઘડી કરો. જો બે અવસ્થા સાથે હોય તો કેવી રીતે થાય ? એકના વ્યયમાં જ બીજાનો ઉત્પાદ થાય. સંકેલું હોય ત્યારે ખુલેલું ન હોય, ખુલેલું હોય ત્યારે સંકેલેલું ન હોય. કેવી રીતે બની શકે ? અશક્ય છે. સંભવિત જ નથી. બે પર્યાયનું સાથે ઉત્પાદ થવું કે સાથે રહેવું એ સંભવિત જ નથી.

મુમુક્ષુ :- એક ઉત્પાદ એક સમયમાં થઈ ગયો તો એ ધ્રુવ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એ કાયમ માટે ધ્રુવ થઈ ગયો, જો વ્યય ન હોય તો. એટલે જેટલો ઉત્પાદ એક હકીકતરૂપ છે એટલો જ વ્યય એક હકીકતરૂપ છે.

મુમુક્ષુ :- ધ્રુવમાં કેવી રીતે હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- પદાર્થ-પદાર્થ છે ને ? એનો એ પદાર્થ છે. જે બાળક છે એ જ એમ કહે છે કે હું બાળક હતો અત્યારે યુવાન થયો છું. વૃદ્ધ છે એ એમ કહે છે કે હું પહેલા બાળક હતો પછી યુવાન હતો અને હવે વૃદ્ધ છું. હું નો હું જ છું. એમ ભવાંતર થાય છે એને જાતિસ્મરણ થાય છે એમ કહે છે કે ઓલા ભવમાં હું આમ હતો. એ હું જ હતો. ઓલા ભવમાં આમ હતો તે હું જ હતો. એવો અનુભવ થાય છે. પૂર્વ અવસ્થાનું જ્ઞાન થાય છે. એને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. હું નો હું હતો અથવા તેનો તે પદાર્થ હતો, અવસ્થાંતર થવા છતાં પણ પદાર્થ તેનો તે હતો.

કાલે આ માણસને મેં માંદો જોયો હતો, તે જ આજે સાજો થઈને આવ્યો છે. કે બીજો આવ્યો છે ? એની રોગીષ્ટ અવસ્થા મટીને તંદુરસ્ત અવસ્થા થઈ એ તેનો તે માણસ છે એ શેનાથી નક્કી થયું ? એ પર્યાય

તો ચાલી ગઈ, માણસ તેનો તે છે. એવા જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. ધ્રુવ છે એ પ્રત્યભિજ્ઞાનનું કારણ છે. પર્યાય આખી બદલી જાય છે. એક માણસ મનુષ્ય થઈને દેવ થઈ જાય. મનુષ્યનો કોઈ અંશ દેવમાં નથી રહેતો. જે તિર્યંચ હોય છે એ મનુષ્ય થાય છે, તિર્યંચપણાનો કોઈ અંશ મનુષ્યપણામાં ન હોય. મનુષ્ય હોય એ તિર્યંચ થઈ જાય.

એક મોટો રાજા મહારાજા હોય અને સર્પ થાય. હવે ક્યાં રાજાની પર્યાય અને ક્યાં સર્પની પર્યાય ! છે ક્યાંય મેળ ? જાતિસ્મરણજ્ઞાન થાય તો એને ખબર પડે કે જે રાજા હતો તે જ હું અત્યારે સર્પ છું. અથવા બીજા કોઈને એવું ભવાંતરનું જ્ઞાન થાય. આ એ જ જીવ છે કે જે પહેલા આ હતો પછી અત્યારે આ થયો. એ એના ધ્રુવત્વનું કારણ છે. ધ્રુવત્વ છે એ પ્રત્યભિજ્ઞાનનું કારણ છે.

'પ્રવચનસાર'ના ૧૮-૧૯ બોલમાં એ વાત લીધી છે. ૧૭૨ ગાથા. 'પ્રવચનસાર' ૧૭૨ ગાથાનો અલિંગગ્રહણનો જે ૧૭-૧૮ બોલ છે એમાં પ્રત્યભિજ્ઞાનનું કારણ એમ કરીને (વાત લીધી છે). ગુણ અને દ્રવ્યને પ્રત્યભિજ્ઞાનના કારણ કહ્યા છે. ગુણ અને દ્રવ્ય વિશેષ કીધો છે ત્યાં. પ્રત્યભિજ્ઞાનનું કારણ દ્રવ્ય. વિશેષ ત્યાં ગુણની વાત કરી છે અને પ્રત્યભિજ્ઞાનનું કારણ દ્રવ્ય સામાન્ય તે દ્રવ્યની વાત કરી છે. બે બોલ આવે છે-૧૮-૧૯.

હવે ૧૨મી ગાથા. ૧૧માં એ કહ્યું કે '**દ્રવ્યની ઉત્પત્તિ અને વિનાશ થતો નથી; તેનો 'અસ્તિ' સ્વભાવ જ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવત્વ પર્યાયને લઈને છે.**' એ એકબીજા અપેક્ષિત છે. ધ્રુવ છે તે ઉત્પાદ-વ્યય નથી, ઉત્પાદ-વ્યય છે તે ધ્રુવ નથી.

'**૧૨. પર્યાયથી રહિત દ્રવ્ય ન હોય,...**' કોઈ પદાર્થ એની અવસ્થા વિનાનો ન હોય. ભલે અવસ્થા ચલિત છે, એક એક સમયે પલટો મારી જાય છે તોપણ પર્યાયથી રહિત કોઈ દ્રવ્ય ન હોય. ક્યારે પણ કોઈ પદાર્થ અવસ્થા વિનાનો ન હોય. જે અવસ્થા વ્યય થાય છે, ત્યારે તો અવસ્થા વિનાનો કહે કે નહિ ? નહિ. નવી અવસ્થાનું ગ્રહણ તે જ કાળે થાય. જે કાળે વ્યય થાય છે એક અવસ્થાનો, ત્યારે બીજી અવસ્થાનું એ જ વખતે ગ્રહણ થાય છે. એટલે પદાર્થ અવસ્થા વિનાનો ક્યારેય રહેતો નથી.

'**પર્યાયથી રહિત દ્રવ્ય ન હોય, દ્રવ્ય વિના પર્યાય ન હોય,..**' અને દ્રવ્ય વિના કોઈ અધ્ધર જ એ પર્યાય હોય એમ બને નહિ. સમ્યગ્દર્શન

હોય અને સમ્યગ્દષ્ટિ ન હોય જીવ એમ કેમ બને ? સમ્યગ્દર્શનની પૂજા કરવા જાવ તો સમ્યગ્દષ્ટિની પૂજા થયા વિના રહે નહિ. ત્યારે કોઈ એમ કહે કે અમે સમ્યગ્દર્શનની પૂજા કરીએ પણ સમ્યગ્દષ્ટિને અમે અર્ઘ ચડાવીએ નહિ. અહીંયાં ભૂલ થાય. દ્રવ્ય વિના પર્યાય ન હોય. દ્રવ્ય હોય તો પર્યાય હોય, દ્રવ્યના આધારે પર્યાય હોય. એકલી પર્યાય દ્રવ્ય વિના ક્યાંય હોતી નથી. '**દ્રવ્ય વિના પર્યાય ન હોય, બન્ને અનન્યભાવથી છે...**' બંને દ્રવ્ય પર્યાય છે તે અનન્યભાવથી છે. અન્યભાવથી નથી પણ અનન્યભાવથી છે '**એમ મહામુનિઓ કહે છે.**' આ મહામુનિઓએ એ પદાર્થનું સ્વરૂપ આ રીતે નિરૂપણ કર્યું છે.

'**૧૩. દ્રવ્ય વિના ગુણ ન હોય,...**' જેમ દ્રવ્ય વિના પર્યાય ન હોય તેમ દ્રવ્ય વિના ગુણ ન હોય. એકલો ગુણ ક્યાંય ન હોય. જ્ઞાનગુણ, આત્મા ન હોય અને જ્ઞાનની શક્તિ હોય એવું બને નહિ. આ Computer ગમે તેટલા કરોડો-અબજોના હિસાબ ગણી દે, માણસ કદાચ એટલું ન ગણી શકે, ક્ષયોપશમ ઓછો હોવાને લીધે, પણ ત્યાં આત્મદ્રવ્ય નહિ હોવાથી ત્યાં જ્ઞાનગુણ ત્યાં નથી. Computer માં પ્રશ્ન મૂકો એટલે જવાબ Automatic આવે. એનામાં કાંઈક જ્ઞાન હશે તો જવાબ દેતું હશે ને ? જ્યાં આત્મા હોય ત્યાં આત્માનો જ્ઞાનગુણ હોય, આત્મા ન હોય ત્યાં આત્માનો જ્ઞાનગુણ હોય નહિ. આવું છે.

'**દ્રવ્ય વિના ગુણ ન હોય અને ગુણ વિના દ્રવ્ય ન હોય;...**' દ્રવ્ય હોય અને ગુણથી શૂન્ય હોય એવું બને નહિ. આ શૂન્યવાદી છે ને ? ભીતરમેં કુછ નહિ હૈ. આત્મા હૈ સો શૂન્ય હૈ. અંદર બધું ખાલીખમ છે. કાંઈ છે જ નહિ આત્મામાં. માટે નિર્વિકલ્પ થઈ જાઓ. કેમકે આત્મા શૂન્ય સ્વરૂપે છે. ખોટી વાત છે. આત્મા અનંત ગુણથી ભરેલો છે. એક ગુણવાળો નથી, બે ગુણવાળો નથી કે સંખ્યાત્-અસંખ્યાત ગુણવાળો પણ નથી, અનંત ગુણવાળો આત્મા છે. એ ગુણ વિના દ્રવ્ય ન હોય. પછી પુદ્ગલમાં એ લઈ લેવા. બધા છએ છ દ્રવ્ય અનંત ગુણવાન છે.

મુમુક્ષુ :- બધા જ જીવના ગુણો મળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પછી ?

મુમુક્ષુ :- બધા જીવના ગુણો એક થાય.

પૂજ્ય ભાઈશ્રી :- બે આત્મા ભેગા નથી થતા. અનંત ક્યાંથી ભેગા થાય ? દ્રવ્યથી બીજું દ્રવ્ય કદી મળતું નથી. પછી ક્યાં વ્યવસ્થા કરવાનો

સવાલ ઊભો થાય છે. સિદ્ધાલયમાં તો એક પ્રદેશે અનંત સિદ્ધોના પ્રદેશો છે. સિદ્ધાલયમાં પ્રત્યેક પ્રદેશે અનંતા સિદ્ધો છે. એટલે અનંતા સિદ્ધાત્માઓના પ્રદેશો છે. ત્યાં કોઈ જગ્યા ખાલી નથી. અનંત સિદ્ધો થયા અને હજી અનંત થાશે. એ ૪૫ લાખ યોજનની જે સિદ્ધશિલા છે, ત્રસનાડીની પહોળાઈની, એટલામાં ખીચોખીચ સિદ્ધ ભગવાનો અનંતા સિદ્ધ ભગવાનો બિરાજમાન છે. એક એક જગ્યાએ અનંતા સિદ્ધ ભગવાનના આત્મપ્રદેશો છે. પણ કોઈ ભેગા થાતા નથી, ભળતા નથી.

અહીંયાં પણ એવું છે. અનંત નિગોદરાશિ છે. કેટલા ? અનંત નિગોદરાશિ છે. એક પ્રદેશે ઘણા જીવો રહી શકે છે. આ શરીરમાં આપણો જીવ છે. બીજા જીવ હશે કે નહિ અંદર ? બીજા અનંતા નિગોદના જીવો છે. જેમ આ દેહના ક્ષેત્રમાં આ એક જીવ છે, જેમ આપણે કહીએ છીએ કે હું એક જીવ છું એમ જે કહીએ છીએ, એ જ ક્ષેત્રમાં બીજા અનંતા જીવો છે. કોઈ આપણામાં ભળી જાય છે ? આપણામાં કોઈ ભળતું નથી. એક જીવમાં કોઈ બીજો જીવ ભળતો નથી. અનંતા હોય તો બીજો પણ ન ભળે. પછી ત્રીજાનો સવાલ નથી રહેતો. કોઈ દ્રવ્યથી કોઈ દ્રવ્ય મળતું નથી.

**'દ્રવ્ય વિના ગુણ ન હોય, અને ગુણ વિના દ્રવ્ય ન હોય; બન્નેનો દ્રવ્ય અને ગુણનો અભિન્ન ભાવ તેથી છે.'** તેથી દ્રવ્ય અને ગુણનો એક અભિન્ન ભાવ છે. પેલાપણે અનન્ય ભાવ કહ્યો, અહીંયાં અભિન્ન ભાવ કહ્યો.

**'૧૪. 'સ્યાત્ અસ્તિ', 'સ્યાત્ નાસ્તિ', 'સ્યાત્ અસ્તિ નાસ્તિ', ' સ્યાત્ અવકતવ્યં', 'સ્યાત્ અસ્તિ અવકતવ્યં', 'સ્યાત્ નાસ્તિ અવક્તવ્યં', 'સ્યાત્ અસ્તિ નાસ્તિ અવક્તવ્યં' એમ વિવક્ષાને લઈને દ્રવ્યના સાત ભંગ થાય છે.'** કથનમાં, હોં ! વિવક્ષા એટલે કહેવા ધારેલી વાતમાં, કહેવા ધારેલી વાતમાં સાત ભેદથી એક પદાર્થને કહી શકાય છે. એટલી વાત છે. એને આપણે અહીંયાં સ્યાદ્‌વાદની સપ્તભંગી કહેવામાં આવે છે. એ કથનપદ્ધતિનો વિષય છે. જૈનદર્શનમાં શાસ્ત્રની કથનપદ્ધતિ પણ વ્યવસ્થિત છે. કથનના નિયમો અનુસાર વ્યવસ્થિત છે. કહેવાના પણ નિયમો છે એની અંદર. એમ ને એમ ગમે તે વાત ગમે તેમ કહેવામાં આવે છે કેમકે સ્યાદવાદ છે. એવું ચાલતું નથી. બધું વ્યવસ્થિત ચાલે છે.

મુમુક્ષુ :- સપ્તભંગી જૈનદર્શનનો પ્રવેશદ્વાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઠીક છે. સમજવા માટે તો ઠીક છે. એને બરાબર વ્યવસ્થિત સમજવું હોય તો એ પ્રવેશદ્વાર છે.

**'૧૫ ભાવનો નાશ થતો નથી, અને અભાવની ઉત્પત્તિ થતી નથી. ઉત્પાદ, વ્યય ગુણપર્યાયના સ્વભાવથી થાય છે.'** ભાવનો નાશ થતો નથી એટલે મૂળમાં જે દ્રવ્યભાવ છે એનો કદિ નાશ થતો નથી. અને નવું કાંઈ, અભાવમાંથી-શૂન્યમાંથી કોઈ નવી ઉત્પત્તિ થતી નથી. છે એનું -પદાર્થનું શૂન્યપણું થતું નથી. નવો પદાર્થ કોઈ ઉત્પન્ન થતો નથી. ભાવ એટલે પદાર્થ લ્યો. હવે જે ઉત્પાદ-વ્યય છે એ ગુણપર્યાયના સ્વભાવથી થાય છે. અવસ્થાનો જે ઉત્પાદ-વ્યય છે એ એવો જ કોઈ પર્યાયનો સ્વભાવ છે-ગુણ છે. આમ બધું છે એ સીધું સાદુ લાગે. પણ દ્રવ્યાનુયોગનો વિષય છે એટલે દ્રવ્યને સિદ્ધ કરવા માટે એકેએક વાત પૂરી મહત્વની છે. જે આ વિષયના મતાંતરો છે એની સામે આ ત્રિકાળી અફર સિદ્ધાંતો છે. આ એક એક વાતની સામે મતમતાંતરો થયેલા છે. અને એકે એક મતમતાંતરોની સામે આ ત્રિકાળ અફર સિદ્ધાંતો છે.

મુમુક્ષુ :- માનવધર્મ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા માનવ છે ? એ ગામમાં માનવધર્મનું .. છે ને ? આત્મા કાંઈ માનવ-ફાનવ નથી. આત્મા આત્મા છે. માનવધર્મ પહેલો એમ કહે છે. અત્યારે જૈનના સાધુ થઈને શું કહે છે ? માનવધર્મ પહેલો. પછી તમારા સંપ્રદાયના ધર્મની વાત કરો, જૈનધર્મની વાત પછી કરો. પહેલા માનવધર્મની વાત કરો. માનવધર્મ વગરનું બધું નકામું છે. એટલે શું છે ? કે મનુષ્યને લાયક પણ તમારા પરિણામ ન હોય તો પછી ધર્મને લાયક તમારા પરિણામ ક્યાંથી થવાના ? એટલી વાત છે. પણ પછી એનો અતિરેક થાય છે એટલે કે બીજા ધર્મને મૂકો પડતો, એકલો મનુષ્યને લાયક વ્યવહાર સુધારી નાખો તોપણ ઘણું છે. એમ કરીને બીજાનો લોપ કરે છે.

મુમુક્ષુ :- માનવ હશે તો ધર્મની રક્ષા થશે એવી વાત ચાલે છે. માનવ નહિ હોય તો ધર્મની રક્ષા કરનાર કોણ ?

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મ તો ચારે ગતિમાં રક્ષિત થાય છે કે નહિ ? ઉત્પન્ન થાય છે કે નહિ ?

મુમુક્ષુ :- ધર્મ તો ધર્મની રીતે ટકેલો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ ધર્મ શું ? દરેક પોત પોતાના સંપ્રદાયને ધર્મ

માને છે. એ સિવાય શું ખબર છે ? ધર્મની લોકોને શું ખબર છે ? પોતાનો સંપ્રદાય એ પોતાનો ધર્મ. વાત પૂરી થઈ ગઈ.

મુમુક્ષુ :- વસ્તુ સહાવો ધમ્મો.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુનો સ્વભાવ (તે) ધર્મ છે. માનવ તો એક પર્યાય છે. અને ધર્મમાં પર્યાયબુદ્ધિનો ત્યાગ કરવાનું વિધાન છે. ધર્મમાં તો પર્યાયબુદ્ધિનો ત્યાગ કરવાનું વિધાન છે. પર્યાયબુદ્ધિની પક્કડ કરવાનો આદેશ કે ઉપદેશ નથી. એમ છે ખરેખર તો. એ વાત ક્યાં છે ત્યાં ? માનવધર્મમાં એ વાત નથી. એ વિસ્મરણ થઈ ગયું.

મુમુક્ષુ :- એવું મીઠું લાગે ને. માનવધર્મ-માનવધર્મ. ઊંધે રવાડે ચડાવી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ ચાલે. જગત તો જગતની રીતે જ ચાલવાનું.

૧૬મી ગાથા. '**જીવ આદિ પદાર્થો છે. જીવનો ગુણ ચૈતન્ય-ઉપયોગ છે.**' જીવ આદિ છે તે પદાર્થો છે. જીવનો ગુણ-મુખ્ય ગુણ ચૈતન્ય અથવા ઉપયોગ છે. ચૈતન્ય ન સમજાય તો ઉપયોગથી સમજાવે છે. '**દેવ, મનુષ્ય, નારક, તિર્યંચાદિ તેના અનેક પર્યાયો છે.**' એ કોઈ મૂળ વસ્તુ નથી. ચાર ગતિની પર્યાયો એ કોઈ મૂળ વસ્તુ નથી. એ પણ એની વિભાવપર્યાયો છે. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ એ કોઈ એની સ્વભાવપર્યાયો નથી. એ પણ વિભાવપર્યાયો છે.

૧૭મી. '**મનુષ્યપર્યાય નાશ પામેલો એવો જીવ તે દેવ અથવા બીજે સ્થળે ઉત્પન્ન થાય છે. બન્ને સ્થળે જીવભાવ ધ્રુવ છે. તે નાશ પામીને કંઈ બીજો થતો નથી.**' કોઈ જીવ મનુષ્યપર્યાય છોડીને દેવપર્યાય કે તિર્યંચપર્યાય કે નારકની પર્યાયે ઉત્પન્ન થઈ શકે છે. પોતાના પૂર્વ કર્મ અનુસાર. પણ બંને સ્થળે જીવભાવ છે એ તો તેનો તે ધ્રુવ જીવ છે. બીજો કોઈ જીવ એમાં નથી. જીવ નથી બદલાણો. તેનો નાશ પામીને તે બીજો થતો નથી. ભલે એને યાદ ન હોય, ભલે એને બધો ફેરફાર દેખાતો હોય પણ એ બધો અવસ્થાનો ફેરફાર છે. જીવદ્રવ્યનો મૂળમાં ફેરફાર નથી.

એટલા માટે તો 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં લીધું કે હું નિગોદમાં હોઉં કે હું સિદ્ધાલયમાં હોઉં. ક્યાં ? સિદ્ધપણે હોઉં. નિગોદના જીવપણે અવસ્થામાં હોઉં કે સિદ્ધપણે અવસ્થામાં હોઉં, મારા દ્રવ્યસ્વભાવ, ધ્રુવમાં લાભ-નુકસાન કાંઈ નથી. એટલે શું ? કે બે જગ્યાએ હું એટલો ને એટલો ને

એવો ને એવો જ છું. મારામાં તો ફેરફાર થયો જ નથી. સિદ્ધપર્યાય આવી માટે મારામાં કાંઈ વધી ગયું કે નિગોદની પર્યાય થઈ માટે મારામાં ઘટી ગયું એ મૂળ સ્વરૂપમાં નથી. જેણે એવું પોતાનું સ્વરૂપ અસ્તિત્વપણે શ્રદ્ધામાં અંગીકાર કર્યું એને કઈ પર્યાયની ચિંતા થાય ? હવે કહો જોઈ.

એક હકીકત જરૂર છે કે ભોગવટો પર્યાયમાં છે, ધ્રુવમાં નથી. એટલે નિગોદમાં અનંત દુઃખનો ભોગવટો પર્યાયમાં છે અને સિદ્ધમાં અનંત સુખને ભોગવટો પણ પર્યાયમાં છે. પણ હું એ બંનેથી રહિત છું એમ કહેવું છે. હુંપણું ત્યાં સ્થાપવું છે. હું એ બંનેથી ભિન્ન છું. એવું મૂળ સ્વરૂપ છે. મારું એવું મૂળ સ્વરૂપ છે.

૧૮મી. **'જે જીવ જન્મ્યો હતો; તે જ જીવ નાશ પામ્યો.'** જે જીવ જન્મ્યો હતો તે જ જીવ નાશ પામ્યો. **'વસ્તુત્વે તો તે જીવ ઉત્પન્ન થયો નથી, અને નાશ પણ થયો નથી. ઉત્પન્ન અને નાશ દેવત્વ, મનુષ્યત્વનો થાય છે.'** સ્થૂળ પર્યાયોથી સમજાવ્યું છે. બાકી તો સમય સમયની પર્યાયમાં ઉત્પાદ-વ્યય છે. માણસનો નાશ થાય એટલે એમ કહે કે જુઓ ! માણસ મરી ગયો. જગતમાં કોઈ મરતું નથી. બધા હયાત જ રહે છે. મનુષ્યત્વનો અવશ્ય નાશ થયો છે. પણ એ આત્માએ કોઈ બીજી અવસ્થાનું ગ્રહણ કર્યું છે. આત્મા તેનો તે જ છે.

**'૧૯. એમ સત્‌નો વિનાશ, અને અસત્ જીવની ઉત્પત્તિ થતી નથી.'** વસ્તુપણે તો કોઈ જીવ ઉત્પન્ન-નાશ નહિ થતો હોવાથી સત્‌નો વિનાશ થાય છે-ત્રિકાળી સત્‌નો વિનાશ થાય છે કે કોઈ નવા અસત્‌ની ઉત્પત્તિ થાય છે-જીવની, એવું કદિ બનતું નથી. **'જીવને દેવત્વ, મનુષ્યત્વાદિ પર્યાય ગતિનામકર્મથી હોય છે.'** એ ગતિનામકર્મના નિમિત્તે એવી જીવની યોગ્યતા પ્રાપ્ત થાય છે. એટલે તે અવસ્થામાં, તેવી યોગ્યતામાં એને અમુક સ્થિતિ પર્યંત રહેવાનું થાય છે.

૨૦મી ગાથા. આ ઘણા સામાન્ય પ્રશ્નો બધા આમાં ઉકલી જાય એવા છે. જે નાના-મોટા નવા નવા માણસોને પ્રશ્ન થતા હોય તો એનું સમાધાન આવી જાય એવું છે. **'જ્ઞાનાવરણીય આદિ કર્મભાવો જીવે સુદૃઢ(અવગાઢ) પણે બાંધ્યા છે; તેનો અભાવ કરવાથી પૂર્વે નહીં થયેલો એવો તે 'સિદ્ધ ભગવાન' થાય.'** જ્ઞાનાવરણીય આદિ કર્મભાવો જીવે સારી રીતે બાંધ્યા છે અને એની મુદ્દત પૂરી થાય ત્યારે સંસારમાં સંસારીપણે હોય ત્યાં સુધી તે નવા નવા પાછો બાંધે છે. અનાદિનું તેનું તે

જ્ઞાનાવરણીય નથી રહેતું. પ્રવાહક્રમે જ્ઞાનાવરણી એમને એમ રહે છે. પણ તેનો સર્વથા જો અભાવ કરવામાં આવે તો અપૂર્વ એવી સિદ્ધ દશા પ્રાપ્ત થાય છે. ક્યારેય એ સિદ્ધ અવસ્થા પોતાની થયેલી નથી.

‘**૨૧. એમ ભાવ, અભાવ, ભાવાભાવ અને અભાવભાવથી ગુણપર્યાયસહિત જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.**’ આ રીતે આ તો બધી શક્તિઓ લીધી છે. ‘સમયસાર’માં તો ભાવશક્તિ, અભાવશક્તિ, ભાવ-અભાવ શક્તિ અને અભાવ-ભાવશક્તિ. એ ગુણ પર્યાયથી જીવ સંસારમાં એને એ પ્રકાર થયા જ કરે છે. તેનો તે જીવ રહે છે. અથવા ઉત્પાદ છે એ ભાવ છે, વ્યય છે તે અભાવ છે. પછી ભાવનો અભાવ થાય છે, ઉત્પાદનો વ્યય થાય છે અને અભાવનો ભાવ થાય છે. ન હોય એવી પર્યાય નવી પણ ઉત્પન્ન થાય છે. એમ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. ન સમજાય એ પૂછવું. આ તો સામાન્ય વાત આપણે તો બધાનો અભ્યાસ છે એટલે લઈ લઈએ છીએ.

‘**૨૨. જીવ, પુદ્‌ગલસમૂહ, અને આકાશ તેમ જ બીજા અસ્તિકાય કોઈના કરેલા નથી,...**’ આ ઈશ્વર કર્તૃત્વનો નિષેધ કર્યો. જીવને, પુદ્‌ગલોને, આકાશ કે બીજા કોઈ અસ્તિકાય કોઈના કરેલા નથી. જગતના છએ દ્રવ્યો કોઈના બનાવેલા નથી. ‘**સ્વરૂપથી જ અસ્તિત્વવાળાં છે;...**’ અનાદિથી સ્વરૂપથી અસ્તિત્વવાળાં છે ‘**અને લોકના કારણભૂત છે.**’ એ બધાના સમૂહને, છએ દ્રવ્યના સમૂહને જ લોક કહેવામાં આવ્યો છે. એટલે લોકના કારણભૂત છે. આમાં ઈશ્વરકર્તાવાદનું નિરાકરણ આવી જાય છે.

‘**૨૩. સદ્‌ભાવ સ્વભાવવાળાં જીવ અને પુદ્‌ગલના પરાવર્તનપણાથી ઓળખાતો એવો નિશ્ચયકાળ કહ્યો છે.**’ જેનાથી એને ઉપલક્ષણથી ઓળખવામાં આવે છે. સદ્‌ભાવ સ્વભાવવાળા જીવ અને પુદ્‌ગલના પર્યાયોનું જે પરાવર્તન છે એનાથી કાળને ઓળખવામાં આવે છે. ત્યાંથી કાળનો નિર્દેષ થાય છે. પરાવર્તનમાં નિમિત્ત છે ને ? એટલે ત્યાંથી એ પકડી શકે છે. આમ તો બાકીના પાંચેયને પરાવર્તનમાં નિમિત્ત છે. પણ જીવ-પુદ્‌ગલ છે એ અનુભવગોચર થાય છે. બાકીના ત્રણ છે એના પર્યાયો છદ્મસ્થને અનુભવગોચર થતા નથી.

‘**૨૪. તે કાળ પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શથી રહિત છે,...**’ એટલે અમૂર્ત છે. એમાં વર્ણ નથી, રસ નથી, ગંધ નથી

અને સ્પર્શ નથી. પછી એક એકના જેટલા પર્યાય મુખ્યભાવે ... એ લઈ લીધા છે. વર્ણને પાંચ હોય છે, રસને પાંચ હોય છે, ગંધ : સુગંધ અને દુર્ગંધ એમ બે પ્રકારે છે. આઠ સ્પર્શ છે : ભારે, હલકું, ચીકણું, લુખું, સુંવાળુ, ખરબચડું વગેરે. '**અગુરુલઘુ છે,...**' અમૂર્ત છે છતાં અગુરુલઘુ ષટ્ગુણ હાનિવૃદ્ધિ છે. '**અમૂર્ત છે, અને વર્તનાલક્ષણવાળો છે.**' વર્તનામાં બંને પદાર્થોને નિમિત્ત થાય એવું જેનું સ્વરૂપ છે. એવો કાળ નામનો પણ એક પદાર્થ છે. એની અસ્તિ સ્થાપી છે. ગ્રંથ 'પંચાસ્તિકાય' છે. પણ ગૌણપણે કાળનું અસ્તિત્વ પણ આમાં સ્થાપ્યું છે. 'કુંદકુંદાચાર્યદેવ'ની રચના છે ને. ન માનતા હોય તો લે ? ન માનતા હોય તો એ વાત લે નહિ. સ્વીકારી છે એ વાત. પોતે અનુવાદ કર્યો છે એનો અર્થ એ કે એ વાત પોતે સ્વીકારી છે.

'**૨૫. સમય, નિમેષ, કાષ્ઠા, કલા, નાલી, મુહૂર્ત, દિવસ, રાત્રિ, માસ, ઋતુ અને સંવત્સરાદિ તે વ્યવહારકાળ છે.**' આ બધા વ્યવહારકાળ આપણે બોલવામાં રોજ થાય છે એટલા વ્યવહારકાળ છે. એ નિશ્ચયકાળ નથી પણ એ વ્યવહારકાળ છે.

મુમુક્ષુ :- આ વ્યવહાર છે ત્યાંથી સ્થાપિત થયું કે નિશ્ચયકાળ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વ્યવહારકાળ એમ બતાવે છે કે નિશ્ચયકાળ પણ છે.

મુમુક્ષુ :- એ સિવાય વ્યવહાર હોય ક્યાંથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હોય ક્યાંથી ? સીધી વાત છે.

મુમુક્ષુ :- સિદ્ધના જીવો તો કાળને કોળિયો કરી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- કાળનો કોળિયો કરી ગયા એટલે ત્રણે કાળને એક સમયમાં જાણી લે છે. એનું નામ કાળનો કોળિયો કરી જાય છે. એમ કહેવાય છે. ત્રણે કાળને એક સમયમાં જાણી લે છે. પી જાય છે. ત્રણે કાળને એક સમયમાં પી જાય છે એમ પણ કહેવાય છે. કોળિયો કરી જાય છે એમ પણ કહેવાય છે. સમજાવવાની પદ્ધતિ છે.

'**૨૬. કાળના કોઈ પણ પરિમાણ (માપ) વિના બહુ કાળ, થોડો કાળ એમ કહી શકાય નહીં. તેની મર્યાદા પુદ્ગલદ્રવ્ય વિના થતી નથી,...**' એવું જે માપ છે પુદ્ગલ વિના થતું નથી. '**તેથી કાળને પુદ્ગલદ્રવ્યથી ઉત્પન્ન થવાપણું કહીએ છીએ.**' વ્યવહારકાળ પુદ્ગલદ્રવ્યથી ઉત્પન્ન થાય છે એમ કહેવાય છે. જુઓ ! ઘડિયાળમાં એક

કલાક પૂરો થયો. આખો ચક્કર મિનિટ કાંટાએ પૂરો કર્યો. એમ. એ ૨૬ થઈ.

'**૨૭. જીવત્વવાળો, જાણનાર, ઉપયોગવાળો, પ્રભુ, કર્તા, ભોક્તા, દેહપ્રમાણ, વસ્તુતાએ અમૂર્ત અને કર્માવસ્થામાં મૂર્ત એવો જીવ છે.**' ઠીક! જીવનું વર્ણન કેવી રીતે એક ગાથામાં કરી નાખ્યું ! કેટલી વાત લઈ લીધી ! જીવત્વપણું છે, જીવે છે, જાણનાર છે. જાણનારનો ઉપયોગ નામનો વ્યાપાર છે. પોતે પ્રભુ છે. પોતાનું પ્રભુત્વ એવું છે કે કોઈને ગાંઠે નહિ. તીર્થંકરને ન ગાંઠે. સંસારમાં પણ પ્રભુ છે અને સિદ્ધ અવસ્થામાં પણ પ્રભુ જ છે. એના પ્રભુત્વને કોઈ તોડી શકે એવું નથી. કર્તા-ભોક્તા. પોતાના પરિણામનો-નિજ પરિણામનો કર્તા છે. હરખ-શોકાદિનો ભોક્તા છે. ક્ષેત્ર દેહપ્રમાણ છે. જેને જેટલો દેહ હોય એ પ્રમાણે એનું માપ ક્ષેત્રનું છે. વસ્તુતાએ મૂળ વસ્તુએ તે અમૂર્ત છે. અમૂર્ત છે એટલે સ્પર્શ એનામાં નથી. અને કર્મ અવસ્થામાં મૂર્ત એટલે દેખાય છે. નક્કી થાય છે કે આ મનુષ્યનો જીવ, આ ગાયનો જીવ, આ સર્પનો જીવ. એ જીવની મૂર્ત અવસ્થા એની કહેવામાં આવે છે. ખરેખર મૂળ વસ્તુપણે મૂળ નથી.

મુમુક્ષુ :- વ્યવહારથી એમ કહેવાય કે સર્વ અવસ્થામાં મૂર્ત છે.

પૂજ્ય ભાઈશ્રી : હા, મૂર્ત કહેવાય છે. નહિતર ખબર કેમ પડે ? જો અમૂર્ત હોય તો ઇન્દ્રિયજ્ઞાનનો તો અમૂર્ત પદાર્થ છે એ વિષય નથી. છતાં અહીંયાં જીવ છે એમ ઇન્દ્રિયજ્ઞાનથી નક્કી થાય છે, એ કર્મ અવસ્થાના મૂર્તિકપણાને લઈને થાય છે.

મુમુક્ષુ :- કાર્મણશરીર...

પૂજ્ય ભાઈશ્રી :- કાર્મણશરીર કે ઔદારિક શરીર કે તૈજસ શરીર, ગમે તે શરીર. પણ એ કર્મ અવસ્થા છે ને ? એની સાથે જે જીવનો સંયોગ છે એટલે જીવને પણ ઉપચારથી મૂર્ત કહેવામાં આવે છે. અનંત કાળે તો અમૂર્ત જ છે. પણ ઉપચારે એને મૂર્ત કહેવામાં આવે છે.

'**૨૮. કર્મમલથી સર્વ પ્રકારે મુક્ત થવાથી ઊર્ધ્વ લોકાંતને પ્રાપ્ત થઈ તે સર્વજ્ઞ સર્વદર્શી ઇન્દ્રિયથી પર એવું અનંતસુખ પામે છે.**' કર્મમળથી સર્વ પ્રકારે મુક્ત થઈ જવાથી. ભાવકર્મનો નાશ થતાં નિમિત્તપણે દ્રવ્યકર્મનો પણ નાશ થાય છે. ઊર્ધ્વમાં ઊંચે લોકાંતે જીવ સિદ્ધાલયમાં બિરાજમાન થાય છે. તે સર્વજ્ઞ અને સર્વદર્શી થાય છે. ઇન્દ્રિયના સુખથી

પાર એવા અનંત અનંત સુખને એ પ્રાપ્ત કરે છે. દેહાતીત દશામાં અથવા વિદેહી દશામાં અનંત સુખને ભોગવે છે. લોકો માને છે કે શરીર હોય તો સુખ ભોગવાય. કેમકે દુઃખ શરીરથી ભોગવાય છે માટે સુખ પણ શરીરથી ભોગવાય. એ વાત અહીંયાં નથી. આત્માનુ અનંત સુખ છે એ સિદ્ધ અવસ્થામાં સર્વજ્ઞ દશામાં પૂરેપૂરું ત્યાં અનુભવગોચર થાય છે.

'**૨૯. પોતાના સ્વાભાવિક ભાવને લીધે આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી થાય છે,...**' કેવા ? સ્વાભાવિક ભાવને લીધે થાય છે. એ એનો સ્વભાવ છે. સર્વજ્ઞ અને સર્વદર્શીપણું એ આત્માનો સ્વભાવ છે. '**અને પોતાના કર્મથી મુક્ત થવાથી અનંતસુખ પામે છે.**' એ ફરીને લીધું.

મુમુક્ષુ :- આવું સુખ અમારે પ્રાપ્ત કરવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો પોતાના કર્મથી મુક્ત થવું. કર્મના ઉદયમાં ફરીને બંધાવું નહિ. બસ ! એનું નામ મુક્ત. મુક્ત થાય ત્યાં સુખ પ્રગટે છે. એ વધતું વધતું અનંત સુખ થઈ જાય છે. અને જીવનો એમ થવાનો સ્વભાવ છે. એવું એનું સ્વરૂપ છે.

'**૩૦. બળ, ઈન્દ્રિય, આયુષ અને ઉચ્છ્વાસ એ ચાર પ્રાણ વડે જે ભૂતકાળે જીવતો હતો, વર્તમાનકાળે જીવે છે, અને ભવિષ્યકાળે જીવશે તે 'જીવ'.**' આ વ્યવહાર પ્રાણથી, વ્યવહાર જીવત્વથી અહીંયાં જીવ છે એમ દર્શાવ્યું છે. જીવે તે જીવ. જીવ કોને કહેવું ? કે જીવે તે જીવ. વ્યવહારે જીવ શું કહેવાય ? કે એનામાં બળ છે, કાયબળ છે, ઈન્દ્રિયબળ છે, આયુષ્યબળ છે અને શ્વાસોચ્છ્વાસ એનો ચાલે છે. આ ચાર પ્રાણ તો ઓછામાં ઓછા હોય. પછી ઉપર ઉપરની ઈન્દ્રિયમાં પાંચ પ્રાણ, છ પ્રાણ, સાત પ્રાણ, આઠ પ્રાણ, નવ પ્રાણ અને દસ પ્રાણ વધીને.

મુમુક્ષુ :- ત્રણ બળ, પાંચ ઈન્દ્રિય, આયુષ્ય અને...

પૂજ્ય ભાઈશ્રી :- ચાર Common છે એટલે ચાર લીધા છે. દસ બધાને નથી હોતા પણ ચાર તો બધાને હોય જ.

મુમુક્ષુ :- હિન્દીમાં લ્યોને.

પૂજ્ય ભાઈશ્રી :- હિન્દીમાં લઈએ.

'**૩૧. અનંત અગુરુલઘુ ગુણોંસે નિરંતર પરિણત અનંત જીવ હૈં.**' અનંત જીવ વિશ્વમેં હૈં, વે સભી અનંત અગુરુલઘુ ગુણોંસે નિરંતર પરિણત હૈ. કેવલજ્ઞાન મેં જાનને લાયક ઐસા એક ગુણ હૈ. અગુરુ ઔર અલઘુ. જિસકી પર્યાય ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપ હોતી હૈ, જો કેવલજ્ઞાનગોચર હૈ.

લેકિન એક દ્રવ્ય, ગુણ ઔર પર્યાય અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપસે ગુરુ હોકરકે, બઢક કે નહિ જાવે ઔર લઘુ હોકરકે શૂન્ય નહિ હો જાવે. ઐસા ઉસમેં .. હૈ. ઐસે ગુણોંસે પરિણત સભી અનંત જીવ હૈં. વિશ્વમેં સભી જીવ હૈં વહ અનંત અગુરુલઘુ ગુણોંસે નિરંતર અનંતાનંત પરિણત હૈ.

'**વે અસંખ્યાત પ્રદેશપ્રમાણ હૈ.**' ઔર સભી જીવોંકા ક્ષેત્ર હૈ, ઉસકા એક પરમાણુકે Unit સે, પરિમાણસે ઉસકા નાપ કિયા જાયે તો અસંખ્ય પરમાણુકા નાપ ઉસમેં હો જાવે, ઐસા અસંખ્યાત્ પ્રદેશ પ્રમાણ હૈ. ઉસકા ક્ષેત્ર પ્રમાણ હૈ વહ અસંખ્યાત પરમાણુ કે માપસે નાપા જાયે ઐસા હૈ. '**અસંખ્યાત પ્રદેશપ્રમાણ હૈ. કુછ જીવ લોકપ્રમાણ અવગાહનાકો પ્રાપ્ત હુએ હૈં.**' ઔર કુછ જીવ હૈ વો લોકપ્રમાણ ઉસકી ક્ષેત્ર અવગાહના હો જાતી હૈ. ચૌદ બ્રહ્માંડમેં એક જીવ કે પ્રદેશકી વ્યાપ્તિ હો જાવે. કેવલી સમુદ્ઘાત હોતા હૈ ન.

ગુજરાતીમાં એમ લીધું છે કે, '**કોઈક જીવો લોકપ્રમાણ અવગાહનાને પામ્યા છે.**' ભૂતકાળમાં કોઈ કેવળી સમુદ્ઘાત થયો હોય તો લોકપ્રમાણ અવગાહનાને પામ્યા છે.

મુમુક્ષુ :- 'દીપાયન' મુનિને જે લોકપ્રમાણ પૂતળું નીકળ્યું હતું. પોતે ભસ્મ થઈ ગયા અને બધા.

પૂજ્ય ભાઈશ્રી :- પૂતળું નીકળ્યું હોય એ તો લોકપ્રમાણ ક્યાંથી હોય ? પૂતળું નીકળે એ તો નાનું જ હોય ને. તો જ એને પૂતળું કહેવાય. પૂતળું કહીએ એટલે એનું ક્ષેત્ર જ નાનું થઈ ગયું ને.

મુમુક્ષુ :- કેવળી સમુદ્ઘાત વખતે જ.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળી સમુદ્ઘાત વખતે જ લોકપ્રમાણ (થાય છે).

મુમુક્ષુ :- એ કોઈ કોઈને થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કોઈ કોઈ કેવળીને થાય.

કર્મકી ઐસી કોઈ સ્થિતિ ભોગનેમેં ઐસા પ્રયોગ હો જાતા હૈ, પ્રયોગ હો જાતા હૈ. કિયા નહીં જાતા લેકિન હો જાતા હૈ. સર્વ કર્મકા અંત હોનેકા કાલ નજદીક હોવે ઔર સત્તામેં રહે કર્મકી સ્થિતિ લંબી હોવે. તો વહ કૈસે પૂરી હોવે ? સમુદ્ઘાતમેં ઉસકા ભોગવટા હો જાયે. ઐસે.

મુમુક્ષુ :- આયુષ્યકર્મ પૂરું થવાનું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. આયુષ્ય કે સાથ નામ હૈ, ગોત્ર હૈ...

'**૩૨. કુછ જીવ ઉસ અવગાહનાકો પ્રાપ્ત નહીં હુએ હૈં.**' અથવા એ લોકપ્રમાણ સમુદ્‌ઘાત સિવાયના બાકીના છે એ પામ્યા નથી. '**મિથ્યાદર્શન, કષાય ઔર યોગસહિત અનંત સંસારી જીવ હૈં.**' અનંત સંસારી જીવમેં મિથ્યાદર્શન હૈ, કષાય હૈ ઔર મન-વચન-કાયા કા યોગ હૈ. ઐસે અનંત સંસારી જીવ હૈં '**ઉનસે રહિત અનંત સિદ્ધ હૈં.**' દોનોં મેં અનંતતા હૈ. સિદ્ધ સે સંસારી અનંતાઅનંત હૈ. સંખ્યા દોનોંકી અનંત હૈ. લેકિન સંસારીકી અનંતાઅનંત હૈ.

'**૩૩. જિસ પ્રકાર પદ્મરાગ નામકા રત્ન દૂધમેં ડાલનેસે દૂધકે પરિમાણકે અનુસાર પ્રકાશિત હોતા હૈ, ઉસી પ્રકાર દેહમેં સ્થિત આત્મા માત્ર દેહપ્રમાણ પ્રકાશક-વ્યાપક હૈ.**' દૃષ્ટાંત લિયા હૈ કિ દૂધસે ભરે હુએ બરતનમેં પદ્મરાગ નામક રત્ન કો ડાલા જાયે તો જિતના દૂધ હૈ ઉસમેં પ્રકાશ-પ્રકાશ લગે. આ આપણે Fluorescent colour આવે છે કે નહિ ? White fluorescent colour હોય, ... colour નથી આવતા ? Light મારે. અંધારાની અંદર પણ એની Light દેખાય. એને Fluorescent colour કહે છે. દૂધમેં પદ્મરાગ નામકા મણિ રખેતો ઐસા Fluorescent colour જૈસા White colour દિખે. તેજોમય. સફેદાઈ ભી તેજોમય દિખે. કિતના ? જિતના દૂધ હો ઉતના સબ. પૂરે બરતનમેં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... Light થઈ જાય છે ને ? Bulb ની અંદર તો Filament હોય એટલી જ થઈ રહે. આમાં ... કેમકે અંદર Fluorescent છે. ... બરાબર છે.

'**જિસ પ્રકાર પદ્મરાગ નામકા રત્ન દૂધમેં ડાલનેસે દૂધકે પરિમાણકે અનુસાર...**' જિતના દૂધ હો. એક લિટર હો તો એક લિટર ઔર દસ લિટર હો તો દસ લિટર. '**પ્રકાશિત હોતા હૈ, ઉસી પ્રકાર દેહમેં સ્થિત આત્મા માત્ર દેહપ્રમાણ પ્રકાશક-વ્યાપક હૈ.**' બાલકના છોટા દેહ હો યા યુવાન કા બડા દેહ હો. જિતના દેહકા નાપ હૈ ઉસમેં આત્મા વ્યાપક હૈ ઔર પ્રકાશક હૈ.

'**૩૪. જૈસે એક કાયામેં સર્વ અવસ્થાઓંમેં વહીકા વહી જીવ રહતા હૈ,...**' બાલ, યુવાન ઔર વૃદ્ધ. '**વૈસે સર્વત્ર સંસારાવસ્થામેં ભી વહી કા વહી જીવ રહતા હૈ.**' કિતના ભી ભવભવાંતર હોવે. દૂસરે ભવમેં જાવે

લેકિન જીવ તો વહી કા વહી હૈ. ઔર '**અધ્યવસાયવિશેષસે કર્મરૂપી રજોમલસે વહ જીવ મલિન હોતા હૈ.**' અનેક પ્રકારકે અધ્યવસાય હોનેસે કર્મરૂપી રજ ઔર મલસે ઉસકો મલિનતા ભી પ્રાપ્ત હોતી હૈ ઔર સંસાર અવસ્થા મેં વહી જીવ ફિરતા હૈ, કહીં ભી પરિભ્રમણ કરતા હૈ.

'**૩૫. જિનકો પ્રાણધારિતા નહીં હૈં, જિનકો પ્રાણધારિતકા સર્વથા અભાવ હો ગયા હૈ; વે દેહસે ભિન્ન ઔર વચનસે અગોચર જિનકા સ્વરૂપ હૈ ઐસે 'સિદ્ધ' જીવ હૈ.**' ૩૪ ગાથામેં સંસારીજીવ કી બાત કહી, ૩૫ ગાથામાં સિદ્ધ જીવકા વર્ણન કિયા. સંસારી જીવ હૈ વહ કિતના ભી પરિભ્રમણ કરતા હૈ, વહ વહી કા વહી હૈ. વહ બદલતા નહીં. ઔર અધ્યવસાય અનેક પ્રકાર કા કરકે વહ મલિન હોતા હૈ. ઔર જિનકો પ્રાણધારિતા નહીં હૈ અર્થાત્ વ્યવહારપ્રાણ નહીં. જિસકો ઉચ્છવાસ, આયુ વગેરે નહિ હૈ. ઔર '**પ્રાણધારિતાકા સર્વથા અભાવ હો ગયા હૈ;...**' નયા પ્રાણ ધારણ કરનેવાલા નહીં હૈ. ઈસલિયે અવતાર કા નિષેધ હો ગયા. મુક્ત આત્માઓંકો જન્મ-મરણ હોતા નહીં. ભગવાન હોવે ઔર નયા અવતાર ધારણ કરે ઐસી બાત કભી બનતી નહીં.

'રામચંદ્રજી' અવતારી પુરુષ થે. 'રામચંદ્રજી' અવતારી પુરુષ થે. ઐસા અન્યમતિ મેં કહા જાતા હૈ. જૈનમતમેં કોઈ ભગવાન અવતારી હોતે નહીં. સભી સંસારી હોતે હૈં ઔર સંસારીમેં સે સિદ્ધ હો જાતે હૈં. ફિર કભી અવતાર ધારણ કરતે નહીં. '**જિનકો પ્રાણધારિતાકા સર્વથા અભાવ હો ગયા હૈ;...**' એક ભવ ભી નહીં રહા. '**વે દેહસે ભિન્ન ઔર વચનસે અગોચર જિનકા સ્વરૂપ હૈ...**' દેહસે રહિત હૈ ઔર જિસકા સ્વરૂપ વર્ણન કરનેમેં વચનકી શક્તિ નહીં હૈ. વચનકે પાર જિસકા સ્વરૂપ હૈ '**ઐસે સિદ્ધજીવ હૈં.**' ઐસે લોકાંતમેં સિદ્ધજીવ ભી હૈ. વહ ૩૬ ગાથા હુઈ. યહાં તક રખતે હૈં...

## તા. ૨૨-૪-૧૯૯૨, પત્રાંક - ૭૬૬
## પ્રવચન-૩૬૬

'પંચાસ્તિકાય સંગ્રહ' પાનું-૫૮૮. '૩૬. **વસ્તુદૃષ્ટિથી જોઈએ તો સિદ્ધપદ ઉત્પન્ન થતું નથી, કેમકે તે કોઈ બીજા પદાર્થથી ઉત્પન્ન થતું કાર્ય નથી, તેમ તે કોઈ પ્રત્યે કારણરૂપ પણ નથી, કેમકે અન્ય સંબંધે તેની પ્રવૃત્તિ નથી.**' ૩૫મી ગાથામાં સિદ્ધપદનું પ્રાણધારણપણું નથી એમ કહીને સિદ્ધપદની સિદ્ધિ કરી છે. હવે એમાં કોઈ કારણ-કાર્ય નથી. સિદ્ધ પદ છે એ આત્માની સહજ સ્વભાવિક અવસ્થા છે. એને કોઈનું કારણ નથી અને કોઈનું કાર્ય પણ એ નથી. કોઈના કારણે એ સિદ્ધપદ ઉત્પન્ન થયું નથી. અન્ય કોઈ પદાર્થના કારણે. કોઈના કારણે એટલે ? અન્ય કોઈ પદાર્થના કારણે ઉત્પન્ન થયેલું કાર્ય નથી. અને કોઈ પણ પદાર્થને, બીજા પદાર્થને એ કારણરૂપ પણ નથી થતું. પોતાના સહજ સ્વભાવને કારણે એ સ્થિતિ છે. કોઈ અન્યના કારણ-કાર્ય સાથે એને સંબંધ નથી, એમ કહેવું છે.

મુમુક્ષુ :- અકાર્યકારણત્વ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અકાર્યકારણત્વશક્તિ સંપૂર્ણપણે અહીંયાં શુદ્ધ થઈને પરિણમી છે. એટલે એ કોઈનું કારણ નથી, કોઈનું કાર્ય પણ એ નથી. બીજા પદાર્થનું કાર્ય નથી અને બીજા કોઈ પ્રત્યે એ કારણ નથી. એમ સ્પષ્ટ કરેલું છે. કેમકે તેને અન્ય સંબંધથી કોઈ પ્રવૃત્તિ નથી. સિદ્ધપદની અન્ય સંબંધથી બીજા કોઈની સાથે સંબંધવાળી પ્રવૃત્તિ પણ નથી. સિદ્ધ ભગવાન સિદ્ધપદ પ્રાપ્ત થવા માટેના ઉપદેશમાં પણ નિમિત્ત નથી. અરિહંત ભગવાનને વીતરાગપદની પ્રાપ્તિ છતાં પણ ઇચ્છા વિના વર્તે છે. સિદ્ધપદમાં એવું કાંઈ વર્તતું નથી. તેમ લોકની અગ્રે છે, લોકની વચ્ચે પણ નથી. અરિહંત ભગવાન તો સંસારી જીવોની વચ્ચે છે. એટલે કોઈ ક્યાંય કારણ-કાર્ય સંબંધી પ્રવૃત્તિ નથી.

**'શાશ્વત, અશાશ્વત, ભવ્ય, અભવ્ય, શૂન્ય, અશૂન્ય, વિજ્ઞાન અને અવિજ્ઞાન એ ભાવ જો મોક્ષમાં જીવનું અસ્તિત્વ ન હોય તો કોને હોય ?'**

શું કહે છે ? જગતમાં એક એવો પણ મિથ્યા અભિપ્રાય ચાલે છે, એવા પણ મિથ્યાવાદી કહે છે પોતાના અભિપ્રાયને કે, સર્વનો અભાવ તે મુક્તિ છે. મુક્તિ કોને કહેવી ? બધું નાશ થઈ જાય, શૂન્ય થઈ જાય. આત્મા છે એ પોતાનું અસ્તિત્વ ગુમાવી દે, ખલાસ થઈ જાય એટલે તેની મુક્તિ થઈ જાય. જ્યોતમાં જ્યોત ભળી ગઈ જાવ ! એવું નથી. સદ્ભાવ તે મુક્તિ છે. અભાવ તે મુક્તિ નથી. એટલે ભાવ શબ્દ વાપર્યો છે.

**'શાશ્વત, અશાશ્વત, ભવ્ય, અભવ્ય, શૂન્ય, અશૂન્ય, વિજ્ઞાન અને અવિજ્ઞાન એ ભાવ જો મોક્ષમાં જીવનું અસ્તિત્વ ન હોય તો કોને હોય ?'** એ બધા સદ્ભાવો છે એ મોક્ષના અસ્તિત્વમાં રહેલા છે. એ જીવને છે. જીવને ન હોય તો એ વાત રહેતી નથી. એમ કરીને સદ્ભાવથી મુક્તિ સ્થાપી છે. મુક્તિમાં સર્વ ભાવોનો અભાવ તે મુક્તિ, એનું નિરાકરણ કર્યું છે. જોકે એ દાર્શનિક અર્થમાં એ ગાથા લખાયેલી છે. બીજા અન્ય દર્શનના વિષય ...

**'૩૮. કોઈએક જીવો કર્મનું ફળ વેદે છે, કોઈએક જીવો કર્મબંધકર્તૃત્વ વેદે છે; અને કોઈએક જીવો માત્ર શુદ્ધ જ્ઞાનસ્વભાવ વેદે છે; એમ વેદકભાવથી જીવરાશિના ત્રણ ભેદ છે.'** અહીંયાં કર્મફળચેતના, કર્મચેતના અને જ્ઞાનચેતનાના ભેદે તમામ જીવોને ત્રણ વિભાગમાં, ત્રણ ભેદની અંદર વહેંચી નાખવામાં આવ્યા છે. કેટલાક જીવો તો કર્મનું ફળ વેદે છે. એકેન્દ્રિય આદિ છે એ કર્મફળને એકાંતે વેદે છે. અને કર્મફળ ભોગવવા સિવાય પરિણામની અંદર બીજો પ્રકાર નથી. જ્યારે કેટલાક જીવો કર્મબંધકર્તૃત્વને વેદે છે. નવો કર્મબંધ થાય એવા પરિણામને એ અનુભવ કરે છે. વેદે છે એટલે અનુભવ કરે છે. અલ્પ માત્રામાં કર્મનો ઉદય આવ્યો હોય અને પોતે અધિકપણે કર્મને બાંધે છે. જે સંસારીજીવો છે એની પ્રાયઃ આ સ્થિતિ છે કે એને ઉદય આવે છે એના કરતા એ નવું બંધન ઘણું કરી લે છે. એટલે કર્મબંધના કર્તાપણાને એ વેદે છે. નવા કર્મ બહુ બાંધે છે. સંસારની અંદર જીવ નવા કર્મ એટલા બાંધે છે કે જેને લઈને એ ઉત્તરોત્તર અધોગતિને પ્રાપ્ત થાય છે, નિગોદમાં ચાલ્યો જાય છે. બે હજાર સાગરથી વધારે કાળ ત્રસનો કેમ નથી ? કે કર્મબંધના કર્તૃત્વને વેદી રહ્યા છે માટે નથી. કર્મબંધ વધારે થાય એવા કરવાપણાના કાર્યમાં એ લીન વર્તે છે. એ બંને અજ્ઞાનચેતનામાં જાય છે. આમ જોઈએ તો બંને અજ્ઞાન ચેતનામાં જાય છે.

આપણે ત્યાં કર્મચેતનાને બીજી રીતે લેતા હતા. બંને અજ્ઞાન ચેતનામાં જાય છે. અને '**કોઈએક જીવો માત્ર શુદ્ધ જ્ઞાનસ્વભાવ વેદે છે...**' તે સમ્યગ્દષ્ટિથી માંડીને સિદ્ધ પર્યંતના સર્વ જીવો છે એ શુદ્ધ જ્ઞાનચેતનાને વેદે છે. શુદ્ધ જ્ઞાનસ્વરૂપને વેદે છે. એ સિવાય કોઈને વેદતા નથી. એમ વેદકભાવથી એટલે અનુભવ ભાવથી જીવરાશીના અનુભવની અપેક્ષાએ ત્રણ ભેદ છે.

અનંતાનંત જીવોને ત્રણ વિભાગમાં વહેંચી નાખ્યા. સર્વ જીવોનું જ્ઞાન આવી ગયું. ત્રણ ભેદમાં સર્વ જીવોનું જ્ઞાન આવી ગયું. તો સર્વનું જ્ઞાન કોને થાય ? કે સર્વજ્ઞને થાય. સર્વજ્ઞ નહિ હોવા છતાં જો આવી વાત કોઈ કરે છે તો તે સર્વજ્ઞ અનુસારી વાણી છે એમ કહેવામાં આવે છે. માટે એને પણ છદ્મસ્થની વાણીને પણ જિનવાણી કહેવામાં આવી છે. જે જે જ્ઞાનીઓ છે, જે જે મુનિઓ છે, આચાર્યો છે, એમની વાણીને જિનવાણી કહેવામાં આવી છે. એ રીતે ત્રણ ભેદ છે. કેમકે સર્વજ્ઞ અનુસારી ઘણી વાતો એમની વાણીમાં અનુભવથી હોય છે. આગમમાં તો છે, સર્વજ્ઞના આગમની પરંપરામાં તો એ વાતો ચાલી આવી છે. પણ એમનો અનુભવ પણ એમ જ બોલે છે. એટલે અનુભવથી પ્રમાણ કરીને એ સત્ય કહે. એ ૩૮ થઈ.

'**૩૯. સ્થાવરકાયના જીવો પોતપોતાના કરેલાં કર્મોનું ફળ વેદે છે. ત્રસ જીવો કર્મબંધચેતના વેદે છે, અને પ્રાણથી રહિત એવા અતીંદ્રિય જીવો શુદ્ધજ્ઞાનચેતના વેદે છે.**' આમ ત્રણ ભેદ પાડ્યા. સ્થાવર જીવો છે એ કર્મનું ફળ વેદે છે. એકેન્દ્રિયને બધાને સ્થાવર જ ગણવામાં આવ્યા છે. ભલે આ વાયુકાય વગેરે સ્થાવર નથી તોપણ એને સ્થાવર જ ગણવામાં આવ્યા છે. કેમકે એ જીવો પોતાની મેળે કોઈ ક્ષેત્રાંતર કરતા નથી. ક્ષેત્રાંતર કરવાના ભાવથી કોઈ ક્ષેત્રાંતર કરતા નથી. કુદરતી એનું ક્ષેત્રાંતર થાય છે માટે. પછી બે ઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના સર્વ જીવો છે એ કર્મબંધચેતનાને વેદે છે. અને '**પ્રાણથી રહિત એવા અતીંદ્રિય જીવો...**' લ્યો ! અતીન્દ્રિયભાવ છે એ જ્ઞાનચેતનાનો છે. ૫૦૧માં છે ને ? ..માં ગુણસ્થાનભેદ લીધો છે. કેવળજ્ઞાનીઓ જ્ઞાનને ચેતે છે. એવો અર્થ કર્યો છે 'અમૃતચંદ્રાચાર્યે'. કેવળજ્ઞાનીનું જ્ઞાન ચેતયંત ઇતિ. એટલે કેવળજ્ઞાનીમાં પૂર્ણ શુદ્ધ જ્ઞાનચેતના છે. સાધકદશામાં અપૂર્ણ જ્ઞાનચેતના છે. એટલે કર્મચેતના પણ છે અને જ્ઞાનચેતના પણ છે. એમ મિશ્ર ધર્મ છે. એ વાત

નથી કરી. કેવળજ્ઞાનીની વાત લીધી છે. પછી એમાં સિદ્ધ કે અરિહંતનો ભેદ નથી પાડ્યો. Footnote બાંધી છે.

અહીં પરિપૂર્ણ જ્ઞાનચેતનાની વિવિક્ષા હોવાથી કેવળી ભગવંતો અને સિદ્ધ ભગવંતોને જ જ્ઞાનચેતના કહેવામાં આવી છે. આંશિક જ્ઞાનચેતનાની વિવિક્ષાથી તો મુનિઓ, શ્રાવકો અને અવિરત સમ્યગ્દૃષ્ટિઓને પણ જ્ઞાનચેતના કહી શકાય છે. તેનો અહીં નિષેધ ન સમજવો. માત્ર વિવિક્ષા ભેદ છે એમ સમજવું. કેવળજ્ઞાની લીધા છે માટે ચોથાથી બારમા સુધીનાને ન લેવા એવો કહેવાનો અહીંયાં અભિપ્રાય નથી. Footnote માં ચોખવટ છે.

મુમુક્ષુ :- અહીંયાં ચોથા ગુણસ્થાનથી પછી બધાને એક જ કક્ષામાં લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાધકપણું તો સામાન્ય છે ને. પછી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એ સાધકપણાના ભેદ છે. પણ સાધકપણું તો સામાન્ય છે અથવા બધા મોક્ષમાર્ગી છે. પછી કોઈ જઘન્ય મોક્ષમાર્ગમાં વર્તે છે, કોઈ મધ્યમપણે મોક્ષમાર્ગમાં વર્તે છે, કોઈ ઉત્કૃષ્ટપણે મોક્ષમાર્ગમાં વર્તે છે. એ અપેક્ષાએ (વાત છે).

'**૪૦. ઉપયોગ જ્ઞાન અને દર્શન એમ બે પ્રકારનો છે. જીવને સર્વકાળ તે અનન્યભૂતપણે જાણવો.**' જીવનો ઉપયોગ છે એ જ્ઞાન અને દર્શન ચૈતન્યનો ઉપયોગ બે વિભાગે છે : જ્ઞાનઉપયોગ અને દર્શનઉપયોગ. અહીં દર્શન એટલે દેખવું, હોં ! શ્રદ્ધા નહિ. અને જીવને સર્વ કાળે તે અનન્યભૂતપણે જાણવો. સર્વ કાળે જ્ઞાનદર્શનનો ઉપયોગ દરેક જીવને હોય, હોય ને હોય જ. નિગોદનો જીવ હોય, સંસારી જીવ હોય કે શુદ્ધાત્મા હોય. બધાને હોય જ. આ તો આમ સીધું સાદુ લાગે. પણ એ સંબંધીના વિવાદો જેટલા છે એ બધાનું નિરાકરણ છે. એવા એક એક ત્રિકાળી સિદ્ધાંત, અફર સિદ્ધાંતો એક એક ગાથામાં મૂક્યા છે.

આપણને તો 'ગુરુદેવ'ની કૃપાથી એ વાત સીધે સીધી કોઈપણ જાતના દખલ વગર સંમત થાય છે. એટલે એમાં એનું સાધારણપણું સમજવા જેવું નથી. અસાધારણ ત્રિકાળી અફર સિદ્ધાંતો છે કે એ સંબંધીના કોઈપણ તર્કને, વિવાદને પછી સ્થાન રહેતું નથી. એવી વાતો છે. કેમકે આવા બધા વિષયોમાં ખૂબ જ મતમતાંતર ચાલે છે.

'**૪૧. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એમ જ્ઞાનના**

**પાંચ ભેદ છે.**' મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એમ જ્ઞાનના પાંચ પ્રકાર છે. એમાં '**કુમતિ, કુશ્રુત અને વિભંગ...**' એટલે કુઅવધિ. '**એમ અજ્ઞાનના ત્રણ ભેદ છે. એ બધા જ્ઞાનોપયોગના ભેદ છે.**' જ્ઞાનોપયોગના એ પ્રકાર છે. આઠ પ્રકારે જ્ઞાનોપયોગ વર્તે છે. જે અજ્ઞાન સહિત અને મિથ્યાત્વ સહિત છે એ કુમતિ, કુશ્રુત અને કુઅવધિ અથવા વિભંગ એને કહેવામાં આવે છે. બાકીના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ સુજ્ઞાનના, સમ્યગ્જ્ઞાનના ભેદ છે. બંને મળીને આઠ પ્રકાર છે.

'**૪૨. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને અવિનાશી અનંત એવું કેવળદર્શન એમ દર્શનોપયોગના ચાર ભેદ છે.**' એમ કુલ ઉપયોગના આઠ અને ચાર, બાર ભેદ છે. બંને ઉપયોગ કીધા ને ? જ્ઞાનઉપયોગ અને દર્શનઉપયોગ. તો બંને થઈને આઠ અને ચાર બાર પ્રકારના ઉપયોગ છે. એમાં આઠ જ્ઞાનોપયોગ છે અને ચાર દર્શનોપયોગ છે. આંખ વડે દેખાય તે ચક્ષુદર્શન, આંખ સિવાયની ઈન્દ્રિય વડે જે કાંઈ મતિજ્ઞાન પહેલાનો સામાન્ય જે ઉપયોગ છે એ અચક્ષુદર્શન છે. અવધિજ્ઞાન પહેલા થનાર દર્શનોપયોગને અવધિદર્શન કહેવામાં આવે છે. અને કેવળજ્ઞાનની સાથે સાથે વર્તતો, એમાં પહેલો-પછી નથી, કેવળજ્ઞાનની સાથે સાથે વર્તતો તે કેવળદર્શનોપયોગ કહેવામાં આવે છે. જે ઉપયોગ માત્ર પદાર્થની સામાન્ય સત્તાને ગ્રહે છે, દેખે છે એને દર્શનોપયોગ કહેવામાં આવે છે.

'**૪૩. આત્માને જ્ઞાનગુણનો સંબંધ છે, અને તેથી આત્મા જ્ઞાની છે એમ નથી; પરમાર્થથી બંન્નેનું અભિન્નપણું જ છે.**' ગુણ-ગુણીનો ભેદ હોવા છતાં પદાર્થની-વસ્તુની દૃષ્ટિએ જોવામાં આવે તો બંને અભેદ છે. એટલે કે જેમ કોઈને ચશ્મા પહેરાવો ત્યારે ચશ્માવાળો કહેવાય. ચશ્માનો સંબંધ થયો એટલે એ ભાઈ ચશ્માવાળા. લાકડી હાથમાં લીધી ત્યારે એ ભાઈ લાકડીવાળા (કહેવાય). એવી રીતે જ્ઞાન આવ્યું ત્યારે આત્મા જ્ઞાનવાળો જ્ઞાની એમ નથી. એમ કહેવું છે. એ એનો સ્વભાવ છે. આત્માને જ્ઞાન સાથે કોઈ સંયોગ સંબંધ નથી પણ સ્વભાવ સંબંધ છે. એમ કહેવું છે. માટે પરમાર્થ સંબંધીનું અભિન્નપણું જાણવું.

'**૪૪. જો દ્રવ્ય જુદું હોય અને ગુણ પણ જુદા હોય તો એક દ્રવ્યના અનંત દ્રવ્ય થઈ જાય; અથવા દ્રવ્યનો અભાવ થાય.**' બધા છૂટા પડીને. દ્રવ્ય અને ગુણ એ પરમાર્થે જુદા નથી. કથંચિત એનો ભેદ સ્વીકારવામાં

આવ્યો છે તોપણ એ દ્રવ્યની જ વિશેષતા છે. કઈ રીતે ભેદ છે એ ? દ્રવ્યની એક વિશેષતા ગણીને એનો ભેદ ગણવામાં આવ્યો છે. પણ દ્રવ્યની વિશેષતા દ્રવ્યથી અભિન્ન છે, દ્રવ્યથી અભેદ છે એમ લેવું. નહિતર એક દ્રવ્યના અનંત દ્રવ્યો થઈ જાય અને કાં તો એ છૂટા પડીને દ્રવ્યનો સર્વથા નાશ થઈ જાય.

એટલે એનો અર્થ એમ થાય છે કે જો જીવની શ્રદ્ધામાં ગુણનો ભેદ અભિન્નતા રાખીને ન થાય, દ્રવ્યની વિશેષતા છે, છતાં દ્રવ્યથી અભિન્ન વિશેષતા છે દ્રવ્યની, એમ રાખીને જો ગુણનો સ્વીકાર ન થાય તો શ્રદ્ધામાં દ્રવ્યનો નાશ થઈ જાય. ગુણના ભેદનો એકાંત થવાને લીધે શ્રદ્ધામાં અને જ્ઞાનમાં દ્રવ્યનો નાશ થઈ જાય. એમ લેવું. આમ તો દ્રવ્યનો નાશ ન થાય. પણ શ્રદ્ધા-જ્ઞાનમાં દ્રવ્યનો નાશ સ્વીકારવામાં આવે છે. એમ થાય છે. એ ૪૪ થઈ.

'**૪૫ દ્રવ્ય અને ગુણ અનન્યપણે છે; બન્નેમાં પ્રદેશભેદ નથી.**' એ ત્રીજી ગાથા પણ એ જ છે. દ્રવ્ય અને ગુણ અનન્યપણે છે. એને સિદ્ધ કરવા માટે ઉપરની બે ગાથા આપી. હવે વધારે એમાં એક કારણ આપ્યું કે '**બન્નેમાં પ્રદેશભેદ નથી.**' એક જ ક્ષેત્રની અંદર જે ક્ષેત્રમાં જેટલું દ્રવ્ય વ્યાપીને રહ્યું છે, તે ક્ષેત્રમાં તેની સર્વ વિશેષતાઓ રૂપ ગુણો વ્યાપીને રહ્યા છે. એ જ ક્ષેત્રે. '**દ્રવ્યના નાશથી ગુણનો નાશ થાય, અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવું એકપણું છે.**' દ્રવ્ય નાશ થાય અને એનો કોઈ ગુણ એક બચી જાય એવું બને નહિ. અને કોઈ ગુણનો અભાવ માનવામાં આવે તો દ્રવ્યનો અભાવ માનવો પડે. એટલે આમાં તકલીફ થાય છે કે દ્રવ્યની જે શક્તિઓ છે એ શક્તિઓમાં કોઈ મતિદોષથી કોઈ શક્તિને નથી સ્વીકારતો ત્યારે એ દ્રવ્યને જ સ્વીકારતો નથી એમ કહેવામાં આવે છે. અમુક શક્તિઓના વિષયમાં વિચારભેદ થઈ જાય છે પણ એ ગંભીર વિષય છે. જો એની કોઈ શક્તિનો સ્વીકાર કરવામાં ન આવે તો દ્રવ્યનો સ્વીકાર કરવામાં આવતો નથી. અથવા એણે આત્માને જાણ્યો નથી. આત્મદ્રવ્યને એણે જાણ્યું નથી. નહિતર એની વિશેષતા સમજાવામાં ભૂલ થાય નહિ.

મુમુક્ષુ :- દૃષ્ટાંત આપોને.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટાંતમાં જેમ કે આ સ્વપરપ્રકાશકમાં વિવાદ ચાલે છે. એ જેમ છે એમ એનું સ્વરૂપ જાણવું જોઈએ. જરાક ફેરફાર થયો

એટલે એ શક્તિનું સ્વરૂપ નથી જાણ્યું. શક્તિને માની નથી. શક્તિને નથી માની તો એ દ્રવ્યને (નથી માન્યું), દ્રવ્યની શ્રદ્ધા નથી, આત્માની શ્રદ્ધા નથી. એમ.

મુમુક્ષુ :- સ્વપરપ્રકાશક...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વપ્રકાશક જ છે અને પરપ્રકાશક નથી. એમ લેવા જાય તો એ દ્રવ્યની શક્તિનો સ્વીકાર નથી.

મુમુક્ષુ :- દ્રવ્યને જ ઉડાડી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય શ્રદ્ધામાંથી નાશ પામે છે. પછી બીજી પણ શક્તિઓ છે. જો એ શક્તિઓને ન સ્વીકારે તો દ્રવ્યનો સ્વીકાર રહેતો નથી.

દ્રવ્યના નાશથી ગુણનો નાશ અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ. અથવા એ દ્રવ્યને વિકૃત સ્વરૂપે સ્વીકારે છે. એવું દ્રવ્ય નથી એમ સમજે છે તો ત્યાં ગૃહિત મિથ્યાત્વ થઈ જાય છે. ગૃહિત મિથ્યાત્વ કહો કે દ્રવ્યનો નાશ શ્રદ્ધમાં થયો, બધું એક જ થઈ ગયું. દ્રવ્યાનુયોગનો વિષય પરમ ગંભીર છે, એ શબ્દ લીધો ને ૮૬૬માં. પહેલો શબ્દ શું લીધો ? કે દ્રવ્યાનુયોગ છે તે પરમ ગંભીર છે. પરમ ગંભીર છે એટલે અગંભીરપણે એને હાથમાં લઈ શકાય એવું નથી. જીવન-મરણનો સવાલ છે. જ્યાં જીવન-મરણનો સવાલ હોય ત્યાં ગંભીરતા કેટલી આવે ? ત્યાં ઠઠ્ઠા-મશ્કરી કરે કોઈ ? ઘરમાં કોઈ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો હોય ત્યારે કોઈ મશ્કરીઓ ચાલે નહિ. એટલે ગંભીર વાતાવરણ થઈ જાય છે. આ તો અનંતા જીવન-મરણનો સવાલ છે, સમ્યક્ત્વ મિથ્યાત્વ તો.

દ્રવ્યાનુયોગ એટલો ગંભીર છે. કહેવાય એમ કે, ભાઈ ! દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણવું. જાણવામાં ફેર પડ્યો તો શ્રદ્ધામાંથી ગયો. અથવા બુદ્ધિપૂર્વક અન્યથા જાણ્યું માટે ગૃહિતમાં ચાલ્યો ગયો. આમ છે. એ બહુ જ ગંભીર છે. અત્યંત ગંભીર છે, પરમ ગંભીર છે. પરમ શબ્દ લીધો ને. પરમ ગંભીર છે.

મુમુક્ષુ :- જિજ્ઞાસામાં રહેવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્યાં સુધી પોતાને જ્ઞાન સન્મુખ થઈને જ્ઞાનની સ્વસન્મુખતામાં જ્યાં સુધી જેવું સ્વરૂપ છે એવું ન ભાસે ત્યાં સુધી એને સ્વરૂપના વિષયમાં જિજ્ઞાસુ રહેવું તે ઇષ્ટ છે. પણ એણે નિર્ણય બાંધી લેવો તે ઇષ્ટ નથી. અથવા જ્ઞાન જ્યાં સુધી સમીચીનતા ધારણ ન

કરે ત્યાં સુધી ધર્મના કોઈ વિષયમાં અને કોઈ Issue માં જિજ્ઞાસુ રહેવું યોગ્ય છે. પોતે Judgement બાંધવું નહિ. તે વિષયના તજજ્ઞ હોય, તે વિષયના સમયજ્ઞ હોય એને જાણીને એની આજ્ઞામાં રહેવું. એટલો ગંભીર વિષય છે. ક્યારે કેટલા કઈ જાતના કર્મ બંધાય જાય અને કેટલો સંસાર વધી જાય એની પોતાને ખબર પડે નહિ.

મુમુક્ષુ :- દ્રવ્યાનુયોગ સિમિત નહિ રાખીને...

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યાનુયોગ અને ધર્મનો કોઈપણ વિષય એવો જ છે. એ તો આપણે જોયું. હીરાના વેપાર કરતા પણ ધર્મના ઉપયોગનો વેપાર છે એ વધારે કિંમતી છે. હીરાનો કાંટો Electrical balance રાખવા છતાં પણ એને પંખાની હવા, Office ના પંખાની હવા ન લાગે એવી રીતે કાચની દીવાલો વચ્ચે રાખવામાં આવે છે. કેમ ? ફેર પડી જાય. એક કેરેટના બે લાખ રૂપિયાનો ભાવ હોય એવડો મોટો હીરો હોય, ચણાના દાણા જેવડો. ચોખ્ખો હીરો હોય ચણાના દાણા જેવડો, તો બબ્બે-ત્રણ-ત્રણ ચાર લાખ રૂપિયા એક કેરેટનો ભાવ હોય. એક સેન્ટનો ફેર પડે તો બે-ચાર હજારનો ફેર પડે છે. હવા લાગી જાય તો એક સેન્ટ આઘું-પાછું થઈ જાય. એટલી કાળજીથી જો હીરાને જોખવામાં આવે છે તો ધર્મને એથી ઓછી કાળજીથી જોખવામાં આવે છે એને ધર્મની ગંભીરતા નથી. દ્રવ્યાનુયોગને (અને) ધર્મને તો સીધો સંબંધ છે.

અહીંથી એ વાત નીકળે છે. '**દ્રવ્યના નાશથી ગુણનો નાશ થાય, અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવું એકપણું છે.**' એવું એકપણું છે. બે વચ્ચે દ્રવ્ય-ગુણનું એકપણું છે.

'**૪૬. વ્યપદેશ (કથન), સંસ્થાન, સંખ્યા અને વિષય એ ચાર પ્રકારની વિવક્ષાથી દ્રવ્યગુણના ઘણા ભેદ થઈ શકે; પર પરમાર્થનયથી એ ચારેનો અભેદ છે.**' વ્યપદેશ, સંસ્થાન, સંખ્યા અને વિષય. સંખ્યા ગુણોની અનેક છે, દ્રવ્યની એક સંખ્યા છે. ...એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવાનું આ સમર્થન છે. ૪૬માં. પ્રથમ તો જ્ઞાની જ્ઞાનથી પૃથક્ નથી. કારણ કે બંને એક અસ્તિત્વથી રચાયા હોવાથી બંનેને એક દ્રવ્યપણું છે. દ્રવ્યપણું એક છે. બંનેના અભિન્ન પ્રદેશો હોવાથી બંનેને એક ક્ષેત્રપણું છે, બંને એક સમયે રચાતા હોવાથી બંનેને એક કાળપણું છે. બંનેનો એક સ્વભાવ હોવાથી બંનેનું એક ભાવપણું છે. પરંતુ આમ કહેવામાં આવતું હોવા છતાં એક આત્મામાં અભિનીબોધિ એટલે મતિ

આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતા નથી. કારણ કે દ્રવ્ય ઈશ્વરરૂપ છે. દ્રવ્ય ખરેખર સહવર્તી અને ક્રમવર્તી એવા અનંત ગુણોની પર્યાયોનો આધાર હોવાને લીધે અનંત રૂપવાળું હોવાથી એક હોવા છતાં પણ વિશ્વરૂપ કહેવાય છે. દ્રવ્ય અનેકરૂપ છે. ગુણ અનેકરૂપ નથી. ગુણ એકરૂપ છે. એટલું સિદ્ધ કર્યું છે.

અહીંયાં ૪૯ ગાથામાં આ જ્ઞાન અને જ્ઞાનીને સમવાય સંબંધ હોવાનું નિરાકરણ થઈ જાય છે. લ્યો ! સમવાય સંબંધ એટલે સંયોગ સંબંધ થવો. જ્ઞાન અને જ્ઞાનીને સંયોગ નથી. સ્વભાવથી જ બંને સાથે છે. એકત્વ વર્તે છે. એટલે અર્થાંતરભૂત નથી. બીજો સંયોગ નવા દ્રવ્યનો સંયોગ થઈને જ્ઞાની થાય છે એમ નથી.

મુમુક્ષુ :- એક ગુણ બીજા ગુણ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. એક ગુણ બીજા ગુણ સ્વરૂપે નથી. રૂપે નથી એટલે સ્વરૂપે નથી. જ્ઞાન છે તે આનંદ સ્વરૂપે નથી, જ્ઞાન છે તે શ્રદ્ધા સ્વરૂપે નથી. એમ. એટલે એક એક ગાથામાં થોડું-થોડું Logic પણ લીધું છે.

'**૪૯. જ્ઞાનકા સંબંધ હોનેસે આત્મા જ્ઞાની હોતા હૈ ઐસા માનને સે આત્મા ઔર અજ્ઞાન-જડત્વકા ઐક્ય હોનેકા પ્રસંગ આતા હૈ.**' જ્ઞાનના સંબંધ થયા પહેલા એ આત્મા જડ હતો તો પછી. જ્યારે સંબંધ થયો ત્યારે જ્ઞાની થઈને ચેતન થયો. એવી પરિસ્થિતિ ઊભી થાય છે. એટલે સમવાય સંબંધ નથી એનો.

'**૫૦. સમવર્તિત્વ સમવાય હૈ. વહ અપૃથક્ભૂત ઔર અપૃથક્ સિદ્ધ હૈ; ઈસલિયે વીતરાગોનેં દ્રવ્ય ઔર ગુણકે સંબંધકો અપૃથક્ સિદ્ધ કહા હૈ.**' દ્રવ્ય અને ગુણનો સંબંધ કેવો છે ? અપૃથક્ સિદ્ધ છે. દ્રવ્ય ઔર ગુણકો ભિન્ન નહીં કર સકતે. દ્રવ્ય ઔર ગુણ કો ભિન્ન નહીં કર સકતે. અપૃથક્ સિદ્ધ હૈ. પૃથક્ સિદ્ધ નહીં કર સકતે. અપૃથક્ સિદ્ધ હૈ. ક્યોંકિ સમવર્તિત્વ સમવાય હૈ. એકસાથ વર્તતા હૈ ઔર એકસાથ રહતા હૈ. તીનોં કાલ. તીનોં કાલ રહના ઔર પરિણમન કરના દોનોં એકસાથ હૈ, અભિન્નરૂપ સે. દ્રવ્ય પરિણમે ઔર (કોઈ) એક ગુણ ભી પરિણમે નહીં, ઐસા કભી બન સકતા નહીં.

ઐસા કહતે હૈ ન, પુરુષાર્થ કરના ચાહિયે. ક્યા કોઈ જીવ બિના પુરુષાર્થકા હોતા હૈ કભી ? વીર્યગુણકા પરિણમન તો સભી જીવકો

અનાદિ-અનંત નિરંતર વર્તતા હૈ. લેકિન જિસકા પુરુષાર્થ સંસારકી રચના કરતા હૈ ઉસકો અપુરુષાર્થ કહનેમેં આતા હૈ. જૈસે કોઈ વ્યાપાર કરતા હૈ ઔર નુકસાન કરતા હૈ. તો કહે કિ, તુમ ક્યા વ્યાપાર કરતે હો ? ક્યા વ્યાપાર નહીં કિયા હમને ? કિયા નુકસાનીકા. કિયા તો સહી લેકિન નુકસાનીકા કિયા.

'**૫૧. વર્ણ, રસ, ગંધ ઔર સ્પર્શ યે ચાર વિશેષ** (ગુણ) **પરમાણુ દ્રવ્યસે અભિન્ન હૈં.**' '**વર્ણ, રસ, ગંધ ઔર સ્પર્શ યે ચાર વિશેષ** (ગુણ) **પરમાણુ દ્રવ્યસે અભિન્ન હૈં.**' પુદ્ગલ પરમાણુસે. '**વ્યવહારસે વે પુદ્ગલદ્રવ્યસે ભિન્ન કહે જાતે હૈં.**' ઉસકા જો ભિન્નત્વ હૈ વહ તો વ્યવહારસે કહનેમેં આયે હૈં. નિશ્ચયસે વહ પરમાણુસે અભિન્ન હૈ. ક્યોંકિ ઉસકા વહ વિશેષગુણ હૈ વહ પરમાણુકા સ્વરૂપ હી હૈ. એક તરહસે વહ પરમાણુકા સ્વરૂપ હી હૈ. વૈસે કોઈ પરમાણુ અલગ ચીજ નહીં હૈ.

'**૫૨. ઈસી તરહ દર્શન ઔર જ્ઞાન ભી જીવસે અનન્યભૂત હૈં. વ્યવહારસે ઉનકા આત્માસે ભેદ કહા જાતા હૈ.**' જો ભેદ કહા વહ વ્યવહાર સે હૈ, નિશ્ચયસે ભેદ નહીં હૈ. સીધી બાત યહ હૈ. વ્યવહાર-નિશ્ચય જિસકો સમજમેં આવે ઉસકો ફિર કોઈ આપત્તિ નહીં હૈ ઔર ઉલઝન નહીં હોતી.

'**૫૩. આત્મા (વસ્તુતઃ) અનાદિઅનંત હૈ, ઔર સંતાનકી અપેક્ષાસે સાદિસાંત ભી હૈ, ઔર સાદિઅનંત ભી હૈ. પાંચ ભાવોંકી પ્રધાનતાસે વે સબ ભંગ હોતે હૈં. સદ્ભાવસે જીવદ્રવ્ય અનંત હૈ.**' એક ગાથામેં કિતની બાત લી ! '**આત્મા (વસ્તુતઃ) અનાદિઅનંત હૈ,...**' કોઈ નયા પૈદા હોતા નહીં, કભી ઉસકા નાશ ભી હોતા નહીં. ઈસલિયે શાશ્વત કહો યા અનાદિઅનંત કહો. '**ઔર સંતાનકી અપેક્ષાસે સાદિસાંત ભી હૈ,...**' એક એક પર્યાય ઉસકી સંતાન હૈ, વહ સાદિ ભી હૈ ઔર સાંત ભી હૈ. ઉસકી શરૂઆત ભી હોતી હૈ ઔર નાશ ભી હોતા હૈ. '**ઔર સાદિઅનંત ભી હૈ.**' સિદ્ધપર્યાય કી અપેક્ષાસે દેખો તો સાદિઅનંત ભી હૈ. શુરૂ હોતી હૈ (ઔર) અનંત કાલ રહતી હૈ.

'**પાંચ ભાવોંકી પ્રધાનતાસે વે સબ ભંગ હોતે હૈં.**' પાંચ ભાવ લિયે ન ? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ઔર પરમપારિણામિક. ઉસકી પ્રધાનતાસે સબ ભંગ હોતે હૈં. અલગ અલગ પ્રધાનતા લો તો વહ સબ

ભંગ ઉસમેં સિદ્ધ હોતે હૈં. પારિણામિકભાવ અનાદિઅનંત હૈ. ક્ષાયિકભાવ સાદિઅનંત હૈ ઔર બાકી કે તીન હૈ વહ સાદિસાંત હૈ. પારિણામિકભાવ અનાદિઅનંત હૈ. ઉદયભાવ, ઉપશમભાવ ઔર ક્ષયોપશમભાવ હૈ વહ સાદિસાંત હૈ ઔર ક્ષાયિકભાવ સાદિઅનંત હૈ. પાંચ ભાવમેં સે યહ તીન ભંગ ઉત્પન્ન હોતે હૈં.

**'સદ્‌ભાવસે જીવદ્રવ્ય અનંત હૈ.'** સદ્‌ભાવ સે અર્થાત્ મોજૂદગીસે દેખેં તો જીવદ્રવ્ય એક નહીં હૈ લેકિન અનંત હૈ. જાતિ અપેક્ષાસે એક હોનેપર ભી સંખ્યાસે વે અનંત હૈં. ક્યુંકિ ઈસમેં ભી ગડબડ હૈ. એક દ્રવ્ય (હૈ). મેરા-તેરા કરનેસે રાગ-દ્વેષ હોગા. હમ સબ એક હી હૈ. એક પરમબ્રહ્મ કા અંશ હૈ. કોઈ મેરા નહિ, કોઈ તેરા નહિ ઈસલિયે રાગ-દ્વેષ નહિ કરના. રાગ-દ્વેષ કો મિટાનેકી યુક્તિ. અન્યમતમેં ભી ઉન લોગોં ને રાગ-દ્વેષ તો નહીં કરના ચાહિયે ઐસા તો સોચા. ક્યોંકિ રાગ-દ્વેષ કરનેમેં આકુલતા ઉત્પન્ન હોતી હૈ. તો કૈસે મિટાયા જાય ? તો ઉસકા Logic બના લિયા. રાગ-દ્વેષ ક્યોં હોતા હૈ ? કિ મેરા હૈ. ઉસમેં રાગ હોતા હૈ. જો મેરા નહીં હૈ ઉસમેં દ્વેષ હોતા હૈ. તો મેરા-તેરા હૈ હી નહીં. એક પરમબ્રહ્મ એક હી દ્રવ્ય હૈ. કોઈ મેરા નહીં, કોઈ તેરા નહીં. .... ઐસા કરકે Logic બનાતે હૈ. ઐસી બાત હૈ નહીં. **'સદ્‌ભાવસે જીવદ્રવ્ય અનંત હૈ.'**

**'૫૪. ઈસ તરહ સત્ (જીવ-પર્યાય)કા વિનાશ ઔર અસત્ જીવકા ઉત્પાદ, પરસ્પર વિરુદ્ધ હોને પર ભી જૈસા અવિરોધરૂપસે સિદ્ધ હૈ વૈસા સર્વજ્ઞ વીતરાગને કહા હૈ.'** ઈસ તરહ સત્‌કા વિનાશ ભી હોતા હૈ. ક્યોંકિ વહ પર્યાય હૈ. જીવપર્યાય કા વિનાશ ભી હોતા હૈ. ઔર અસત્ જીવકા ઉત્પાદ ભી હોતા હૈ. જો પર્યાય નહિ ઉત્પન્ન હુઈ વહ અસત્ જીવકા ઉત્પાદ હૈ. વહ દોનો વિરુદ્ધ હોને પર ભી સત્ જીવકા નાશ, અસત્ જીવકા ઉત્પાદ પરસ્પર વિરુદ્ધ હૈ. ફિર ભી **'જૈસા અવિરોધરૂપસે સિદ્ધ હૈં વૈસા સર્વજ્ઞ વીતરાગને કહા હૈ.'** જૈસા અવિરોધરૂપસે પદાર્થવિજ્ઞાનકા એક અંગ હૈ, દોનોં પદાર્થ વિજ્ઞાનકા એક અંગ હૈ. ઉત્પાદ ભી એક અંગ હૈ, વ્યય ભી એક અંગ હૈ. દોનોં અવિરોધ હૈ. ઐસા સર્વજ્ઞ ભગવાનને કહા હૈ વહ સહી હૈ. ઐસા માનના, ઐસા સમજના.

યહી તો ગડબડ હોતી હૈ ન. અન્યમતિકો બાત નહીં બૈઠતી ઉસકા કારણ યહી હૈ, કિ એક પદાર્થમેં, એક સત્તામેં તીન અંગ પરસ્પર ભિન્ન

ભિન્ન ધર્મકો ધારણ કરતે હુએ રહતા હૈ. ઉત્પાદસે વિરુદ્ધ વ્યય, વ્યયસે વિરુદ્ધ ઉત્પાદ. ઔર ઉત્પાદવ્યય સે વિરુદ્ધ ધ્રુવ, ધ્રુવ સે વિરુદ્ધ ઉત્પાદવ્યય. તીનોં કા વિરુદ્ધ ધર્મ હોને પર ભી એક સત્તા, એક પદાર્થ લેકર બૈઠા હૈ ઉસકો અવિરોધરૂપ સે સમજના ચાહિયે. વહાં તક સમાધાન નહીં હોગા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ફિર ભી કોઈ કિસી કા નહીં. હજારોં સંબંધ હોને પર ભી એક ભી સંબંધ નહીં હૈ. હૈ ? સંબંધકી ભી અપેક્ષા હૈ ઔર નિરપેક્ષપને સંબંધ બિનાકા ભી હૈ. ઉસે કોઈ અપેક્ષા હી નહીં. ઉસમેં ભી પરસ્પર વિરુદ્ધતા હૈ વહ સ્વીકારતે હૈં કિ એક હી સમય એક જીવ એક કા પિતા હૈ ઔર દૂસરે કા બેટા હૈ. તો એક હી સમયમેં વહ પિતા ભી સહી હૈ ઔર બેટા ભી સહી હૈ. કૈસે ? અલગ-અલગ વિવક્ષાસે વહ ભી સહી હૈ. ઠીક ઐસી બાત હૈ.

મુમુક્ષુ :- સમજણમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હાં. સબ સમજમેં આયે ઐસા હૈ. સમજણકા પિંડ હૈ. જ્ઞાનપિંડ આત્મા હૈ. નહિ સમજે વહ બાત હી આત્મામેં નહીં હૈ. નહીં સમજમેં આવે વહ બાત હી નહીં હૈ.

'**૫૫. નારક, તિર્યંચ, મનુષ્ય ઔર દેવ યે નામકર્મકી પ્રકૃતિયાં સત્‌કા વિનાશ ઔર અસત્‌ભાવકા ઉત્પાદ કરતી હૈ.**' સત્‌કા વિનાશ કરતી હૈ ઔર અસત્‌ભાવ કા ઉત્પાદ કરતી હૈ. એક ગતિ કા નાશ કરતી હૈ વહ સત્‌કા નાશ હો ગયા. દૂસરી ગતિ થી વહ ઉત્પન્ન હુઈ વહ અસત્‌કા ઉત્પાદ કર દિયા. ચારોં ગતિ કા બહુત બડા દૃષ્ટાંત હૈ. સત્‌કા નાશ ઔર અસત્‌કા ઉત્પાદ. ઈતના બડા પરિવર્તન હૈ કિ માનને મેં નહીં આવે. ઘરકા જો પિતા, પિતામહ હો વહ ગુજર જાવે ઔર સર્પ બનકર કે ઘરમેં આવે, ઔર યદિ ઉનકો ભાષા કા યોગ હો જાવે. તર્ક હૈ. કિ મૈં તુમ્હારે સબકા બાપ હૂં, યે સબ તુમ મેરે પરિવાર હો.

મુમુક્ષુ :- નહીં માનેગેં.

પૂજ્ય ભાઈશ્રી :- લકડી લે. નહીં માને ક્યા ? તુમ જાતે હો યા નહીં જાતે હો ? મુજે રહને દો. યહ મેરા બનાયા હુઆ ઘર હૈ. તુમ લોગ તો બાદમેં પૈદા હુએ હો. યહ તો મેરા બનાયા હુઆ ઘર હૈ. મુજે યહાં રહના હૈ ઈસલિયે આયા હૂં. જાતા હૈ કિ નહીં જાતા હૈ ? ક્યા કહે ? કિ

તુમ જાતે હો યા નહીં જાતે હો ? મરના હૈ કિ જિંદા રહના હૈ ? બોલો અબ ક્યા હૈ ? ઈતના પરિવર્તન આતા હૈ. જીવ વહી કા વહી હૈ. જીવ બદલા નહીં હૈ.

કોઈ બોલે કિ, અરે..! દાદાજી ! તુમ્હારે લિયે અચ્છા પલંગ બનાયા હૈ. તુમકો સુલાયેંગે. તુમ્હારી પગચંપી કરેંગે ઔર તુમકો અચ્છા-અચ્છા ખિલાયેંગે. દેખના ભી નહીં ચાહેંગે. તુમ્હારે દર્શન ભી હમેં કરના નહીં હૈ. Photo કો હાર લગાયેગા. ઉસકા Photo લગાકર ઉસ પર હાર લગાયેગા. લેકિન વહ ખુદ આયેગા તો (સ્વીકાર કરેગા નહીં). ઐસા હોતા હૈ. ઈસકા નામ સંસાર. જિસ પર અતિ-અતિ રાગ કિયા હો, ઐસા રાગ કિયા હો કિ મૈં તેરે બિના જિંદા નહીં રહ સકતા. ઉસ પર ઉતના દ્વેષ કરે... ઉતના દ્વેષ કરે કિ ઉસે માર ડાલો. ઐસા હોતા હૈ.

'**૫૬. ઉદય, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ ઔર પારણામિક ભાવોંસે જીવકે ગુણોંકા બહુત વિસ્તાર હૈ.**' પાંચ પ્રકારકે યહ ભાવોંસે જીવકા અનેક બહુત વિસ્તાર હૈ. સારે સંસાર કા વિસ્તાર ઈસમેં આ જાતા હૈ. ૫૬ ગાથા કે બાદ ૫૭, ૫૮, ૫૯ ગાથાકા ઈધર અનુવાદ નહીં લિખને મેં આયા હૈ. મૂલ શાસ્ત્રમેં સે સંક્ષેપમેં પઢ લેવે. ઐસા ક્યોં હુઆ હૈ. કુછ કુછ જગહ આગે ભી ઐસી કોઈ-કોઈ ગાથા કા અનુવાદ નહીં લિયા હૈ. ૮૯ ગાથામાં નહીં હૈ. અનુવાદ તો કિયા હોગા. ગાથા છોડ નહીં દે. સંકલન મેં ક્યોં છૂટી હૈ (યહ સમજ મેં નહીં આતા).

'**૫૭. યહ, જીવકે ઔદયિકાદિ ભાવોંકે કર્તૃત્વ પ્રકારકા કથન હૈ.**' ક્યા કહતે હૈં ? કિ, પુદ્ગલ કર્મકો વેદતા હુઆ, આત્મા ઉસ ભાવ કો કર્તા હૈ. ઉસ ભાવ કો વહ જીવ કરતા હૈ ઐસા જિનશાસનમેં કહતે હૈં ? ક્યા કહતે હૈં ? કિ ઔદયિકાદિ ભાવોંકો, નિજ પરિણામકો આત્મા સ્વયં કરતા હૈ. ઔદયિકાદિ ભાવોંકા ઉસકો કર્તૃત્વ હૈ. વહ ઉસ ભાવરૂપ ખુદ પરિણમતા હૈ ઈસલિયે ઉસકા કર્તા હૈ.

૫૮ મેં કહતે હૈં કિ, '**યહાં, (ઔદયિકાદિ ભાવોંકે) નિમિત્તમાત્ર રૂપસે દ્રવ્યકર્મો કો ઔદયિકાદિ ભાવોંકા કર્તાપના કહા હૈ.**' પુદ્ગલ કર્મ બિના જીવકો ઉપશમ, ઉદય, ક્ષાયિક અને ક્ષાયિકસમ્યક ન હો તો વહ કર્મકૃત ભાવ હૈ. ક્યા કહતે હૈં ? કિ ઉન ચાર ભાવોંકો કર્મોકી અપેક્ષા નિમિત્તરૂપસે લાગુ હોતી હૈ. નિમિત્ત નહીં હોવે ઔર ચાર ભાવોંકા યહ ચાર પ્રકાર હો ઐસા કભી બનતા નહીં હૈ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ૫૮

મેં સિદ્ધ કિયા હૈ. ભિન્ન હૈ ફિર ભી નિમિત્ત નહીં હૈ ઐસા નહીં હૈ.

'**૫૯. કર્મકો જીવભાવકા કર્તૃત્વ હોનેકે સમ્બન્ધમેં યહ પૂર્વપક્ષ હૈ.**' ક્યા પૂર્વપક્ષ હૈ ?

**જો ભાવકર્તા કર્મ, તો શું કર્મકર્તા જીવ છે ?**

**જીવ તો કદી કરતો નથી, નિજ ભાવ વિણ કંઈ અન્યને. ૫૯.**

જીવ અપને ભાવ કે સિવા કુછ કરતા નહીં. યદિ જીવ કર્મ કો કરે તો ક્યા કર્મ કા કર્તા જીવ હૈ ? ઐસા એક પૂર્વપક્ષ ઉપસ્થિત કિયા હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઈસમેં ક્યા  હૈ કિ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કા જો વિષય ઉઠાયા કિ ચાર ભાવકા નિમિત્ત ચાર પ્રકાર કે કર્મ હૈં ઔર કર્મ કે બિના હોતે નહિ. તો ક્યા એકદૂસરે કો કરતે હૈં ? ઐસા પ્રશ્ન ઉઠાયા હૈ. ૬૦ ગાથામેં ના કહતે હૈં એક દૂસરે કર્તા નહીં હૈ, નિમિત્તમાત્ર હૈ. ઐસી બાત કહી.

'**કર્મકો જીવભાવકા કર્તૃત્વ હોનેકે સમ્બન્ધમેં યહ પૂર્વપક્ષ હૈ. યદિ ઔદયિકાદિરૂપ જીવકા ભાવ કર્મ દ્વારા કિયા જાતા હો, તો જીવ ઉસકા કર્તા નહીં હૈ ઐસા સિદ્ધ હોતા હૈ.**' કર્મ ઉસકા કર્તા હૈ. જીવ વહ ઔદયિકાદિક ભાવ કો નહીં કરતા હૈ. '**ઔર જીવકા અકર્તૃત્વ તો ઈષ્ય(-માન્ય) નહીં હૈ.**' જીવકો ઈસકા અકર્તાપના માન્ય નહીં હૈ. જીવ ઉસકે પરિણામ કો કરતા હૈ. '**ઈસલિયે, શેષ યહ રહા કિ જીવ દ્રવ્યકર્મકા કર્તા હોના ચાહિયે. લેકિન વહ તો કૈસે હો સકતા હૈ ? ક્યોંકિ નિશ્ચયનયસે આત્મા અપને ભાવકો છોડકર અન્ય કુછ ભી નહીં કરતા.**' યહ ૫૯ ગાથા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અર્થાત્ દૂસરે પદાર્થ કે ભાવકો નિશ્ચય સેં કહાં કરતા હૈ ? નિમિત્તપને તુમ કર્તા કહો કિ જીવને કર્મ બાંધે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અપને પરિણામ. ઔદયિકાદિ ચારોં ભાવ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ઔર ક્ષાયિક. યહાં પર ઈતની હી અપેક્ષા હૈ. પરભાવ કા કર્તા નહીં, પરપદાર્થ કે પરિણામકા કર્તા નહીં હૈ. નિજ પરિણામ કે કાર્ય કા કર્તા હૈ. ઈતની બાત હૈ. ઉસકા ઉત્તર ૬૦વીં ગાથામેં દિયા હૈ.

૬૦. '**દ્રવ્યકર્મકા નિમિત્ત પાકર જીવ ઉદય આદિ ભાવોંમેં પરિણમન કરતા હૈ;...**' ક્યા ? દ્રવ્યકર્મકા નિમિત્ત પાકર. નિમિત્ત પાકર અર્થાત્ ક્યા ? કિ અવલંબન કરકે નિમિત્ત બનાતા હૈ તો. સ્વાવલંબનમેં રહતા હૈ તો દ્રવ્યકર્મકા નિમિત્ત વહાં બન સકતા નહીં હૈ. ક્યોંકિ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નહીં રહા. '**દ્રવ્યકર્મકા નિમિત્ત પાકર જીવ ઉદય આદિ ભાવોંમેં પરિણમન કરતા હૈ;...**' ઉદયકા ભાવ પાકર, નિમિત્ત પાકરકે ઉદયભાવ કો કરતા હૈ, ઉપશમ કા નિમિત્ત પાકરકે ઉપશમભાવ કો કરતા હૈ, ક્ષયોપશમ કા નિમિત્ત પાકરકે ક્ષયોપશમભાવ કો કરતા હૈ. ઐસે.

'**ભાવકર્મકા નિમિત્ત પાકર દ્રવ્યકર્મકા પરિણમન હોતા હૈ.**' જૈસા જૈસા ભાવ કરતા હૈ વૈસા દ્રવ્યકર્મમેં ભી પરિણમન હોતા હૈ. ક્રોધ કરતા હૈ તો દ્રવ્યકર્મમેં ક્રોધકી પ્રકૃતિકા પરિણમન હોતા હૈ. લોભ કરતા હૈ તો દ્રવ્યકર્મ મેં લોભ કી પ્રકૃતિ કા પરિણમન હોતા હૈ. વૈસે તો કાર્મણવર્ગણા સમાન્ય હૈ. પ્રકૃતિ કૈસે ઉત્પન્ન હોતી હૈ ? કિ જૈસા ભાવ કરે, જિસ પ્રકારકા ભાવ કરે ઉસ પ્રકાર કા કર્મબંધન હોતા હૈ. '**કોઈ કિસીકે ભાવકા કર્તા નહીં હૈ,...**' પરંતુ જીવકા પુદ્ગલમેં કર્મકે ભાવમેં કોઈ આપસમેં કિસીકા ભાવ કા કર્તા નહીં. ઔર કર્તા કે બિના હોતા નહીં હૈ. આપસમેં એકદૂસરે કે કર્તા નહીં હૈ ઔર જો કાર્ય હુઆ વહ બિના કર્તા હુઆ નહીં. જીવદ્રવ્ય જીવભાવ કા કર્તા જીવ હૈ ઔર કર્મકા કર્તા પુદ્ગલ હૈ. કર્તા કે બિના દોનોં કાર્ય નહીં હુએ હૈં. લેકિન દોનોં કાર્ય હુએ તો એક-દૂસરે કે કર્તા હૈં, વહ બાત નહીં હૈ. દો દ્રવ્ય કી ભિન્નતા સિદ્ધ કી હૈ. દો દ્રવ્ય કી ભિન્નતા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કરકે ફિર દો દ્રવ્યકી ભિન્નતા લિ હૈ. દો દ્રવ્ય કી ભિન્નતા લે કરકે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નહીં લિયા. પહલે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ લિયા હૈ. ફિર દો દ્રવ્ય કી ભિન્નતા ભી સિદ્ધ કર દી હૈ.

ફિરસે. '**દ્રવ્યકર્મકા નિમિત્ત પાકર જીવ ઉદય આદિ ભાવોંમેં પરિણમન કરતા હૈ;...**' દ્રવ્યકર્મકે ઉદયમેં જીવકો ઔદયિકભાવ કરવાયા, ઐસા નહીં હૈ. ઐસા કહતે હૈં. યહ બહુત તકરાર કા વિષય હૈ. જૈન સંપ્રદાયમેં યહ તકરારકા વિષય, વિવાદકા વિષય હો ચૂકા હૈ. કર્મ જીવકો રાગ કરાતા હૈ. શ્વેતાંબર સંપ્રદાયમેં ભી યહ બાત પ્રચલિત હૈ ઔર દિગંબર પંડિત ભી યહી બાત કહતે હૈ કિ કર્મકા ઉદય જીવકો રાગ કરાતા હૈ. 'ગુરુદેવ'ને ઈસ બાતકા આગમ સે ફૈંસલા કિયા.

મુમુક્ષુ :- ચેતન કી પ્રેરણા ન હો તો...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર હૈ, તો કર્મ કો ગ્રહણ કરને કા કાર્ય ચેતનને કિયા ? ક્યા પ્રશ્ન હૈ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : તો ફિર ઉસ પર સે યહ બાત હુઈ ન ? કિ ચેતનકી પ્રેરણાને દ્રવ્યકર્મકો ગ્રહણ કરનેકી પ્રેરણા દી. કાર્મણવર્ગણા સે ક્રોધાદિ પ્રકૃતિકા દ્રવ્યકર્મ બના વહ ચેતનકા કાર્ય હો ગયા કિ નહીં ? ઐસા હૈ નહીં. યહ 'ગુરુદેવ'ને ફૈસલા કિયા. ઐસા હોતા નહીં. નિમિત્ત બિના ભી નહીં ઔર નિમિત્ત સે ભી નહીં. નિમિત્તસે માને તો ભી ગૃહિત મિથ્યાત્વ ઔર નિમિત્ત બિના માને તો ભી ગૃહિત મિથ્યાત્વ. ઐસી બાત હૈ. બહુત સ્પષ્ટીકરણ કિયા હૈ.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ને પૂરા પ્રવાહ, સમજણનો પ્રવાહ...

પૂજ્ય ભાઈશ્રી :- સમર્થ પુરુષ હૈ ન ! સમર્થ પુરુષકા ઐસા કામ હૈ. નદી કે પ્રવાહ કો તો કોઈ બદલ સકતા હૈ લેકિન સમર્થ પુરુષ હોવે તો સમુદ્રકા પ્રવાહ ભી બદલ દેવે. ફિર ભી કર્તા હર્તા નહીં હોતા. ઐસી બાત હૈ. વિશેષ લેંગે....

**અવલોકનમાં આગળ વધેલા મુમુક્ષુજીવે અપૂર્વ અંતર જિજ્ઞાસામાં આવવું ઘટે છે. સ્વરૂપ સામર્થ્યનો યથાર્થ નિશ્ચય થવા અર્થે આવી જિજ્ઞાસા કારણભૂત છે; કે જે જિજ્ઞાસા વશ સહજ ઉદાસીનતા, ઉદયમાં, રહે અને દર્શનમોહનો અનુભાગ અત્યંત મંદ થઈ જાય, જેથી જ્ઞાન નિર્મળ થઈ નિજમાં નિજ સ્વભાવને નિજરૂપે ગ્રહણ કરે. જ્ઞાનમાં સ્વભાવ પ્રગટ છે, પરંતુ નિર્મળતા વિના નિર્મળ સ્વભાવ લક્ષમાં આવતો નથી.**

**(અનુભવ સંજીવની – ૧૭૬૯)**

## તા. ૨૭-૪-૧૯૯૨, પત્રાંક - ૭૬૬
## પ્રવચન - ૩૬૭

'પંચાસ્તિકાય' પાનું-૫૯૦. ૬૦મી ગાથા. **'દ્રવ્યકર્મનું નિમિત્ત પામીને ઉદયાદિક ભાવે જીવ પરિણમે છે; ભાવકર્મનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મ પરિણમે છે. કોઈ કોઈના ભાવના કર્તા નથી; તેમ કર્તા વિના થયાં નથી.'** શું કહે છે ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ કર્તા-કર્મ સંબંધ નથી. જીવના વિભાવભાવ અને દ્રવ્યકર્મ આ બંને વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ કર્તા-કર્મ સંબંધ નથી. **'દ્રવ્યકર્મનું નિમિત્ત પામીને ઉદયાદિક ભાવે જીવ પરિણમે છે;...'** કયા દ્રવ્યકર્મો ? કે પૂર્વે જે નિબંધન કર્યા છે એ દ્રવ્યકર્મનો વિપાક આવે છે ત્યારે એના નિમિત્તે જીવ પણ ઉદય આદિ ભાવે પરિણમે છે. સામાન્યપણે. વિશેષપણે કોઈ જ્ઞાની ધર્માત્મા અનુદયભાવે પરિણમે છે એ અપવાદ છે.

**'ભાવકર્મનું નિમિત્ત પામીને...'** જગતમાં જે જીવો વિભાવ ભાવે પરિણમે છે ત્યારે કોઈપણ અપવાદ એમાં નથી કે એને દ્રવ્યકર્મનો આસ્રવ બંધ ન થાય. એનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મનો આસ્રવ બંધ થાય, થાય ને થાય જ. બે વચ્ચે ફેર શું છે ? કે દ્રવ્યકર્મનો ઉદય થાય તો Degree to degree સામે વિભાવ થાય એવો સિદ્ધાંત નથી. થાય એવો પણ સિદ્ધાંત નથી. Degree to degree થાય એવો નથી. વધુ પણ થાય, એટલો પણ થાય અને ઓછો પણ થાય. જ્યારે ભાવકર્મનું નિમિત્ત પામીને તો દ્રવ્યકર્મ Degree to degree બંધાય છે. આ બે વચ્ચે ફેર છે.

મુમુક્ષુ :- કર્મનો ફોટો જ્યારે જ્ઞાનમાં પડે છે ત્યારે જેટલા પ્રમાણમાં રસ છે એ કેટલા ઓલાનો પડે તો એટલા જ Degree નું ભાવકર્મ કેમ ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે કોઈ જીવને વધુ ક્રોધનો ઉદય આવ્યો, એક જીવને ક્રોધ પ્રકૃતિનો ઉદય આવ્યો. અને જેટલા પ્રમાણમાં એનો વિપાક છે, પ્રકૃતિનો રસ છે એના કરતા વધારે ક્રોધ કરી બેસે, એને કરતા સહેજ મંદ કષાય પણ રહી શકે. જ્ઞાની હોય તો અનુદયભાવે પણ પરિણમે. અજ્ઞાનીમાં પણ બેય પ્રકાર થાય છે. જેમકે નિગોદ છે.

નિગોદમાંથી બે ઇન્દ્રિય ક્યારે થયો ? કે પંચેન્દ્રિય ક્યારે થયો ? કે ઉદય કરતા બીજી રીતે પરિણમ્યો ત્યારે. નહિતર તો ત્યાં નિગોદને લાયક જ કર્મનો ઉદય છે. નિગોદના ભવમાં ગયો છે તો એવા કર્મ બાંધીને ગયો છે અને એવા જ કર્મનો ઉદય છે એટલે ત્યાં જ જન્મ-મરણ, ત્યાં જ જન્મ-મરણ કર્યા કરે છે. કેમકે ત્યાં તો કોઈ બુદ્ધિપૂર્વકનો પ્રયાસ નથી. છતાં અબુદ્ધિપૂર્વક કોઈ જીવને કષાયની મંદતા થતાં બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિયમાં આવી જાય છે. કેમકે આયુષ્ય ત્યાં બહુ અલ્પ છે. તરત બીજા ભવમાં ફરી જાય બધું. એટલે આ તો બે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બંને છે પણ બંનેમાં આટલો તફાવત સમજવા યોગ્ય છે. એટલી વાત છે.

તેનો અર્થ એ છે કે '**કોઈ કોઈના ભાવના કર્તા નથી;...**' એક બીજાના ભાવના એક બીજા કર્તા નથી. '**તેમ કર્તા વિના થયાં નથી.**' એટલે કર્તા વિના થયા નથી. એકબીજાના કર્તા થઈને થયા છે એમ નહિ. પોતપોતાના કર્તા છે. પોતાના પરિણામના પોતે કર્તા છે, પોતાના પરિણામના પણ કર્તા નથી એમ નથી. એમ. એકબીજાના કર્તા નથી તેમ પોતે કર્તા વિના થયાં નથી. એટલે પોતે જ એ પરિણામ કર્યા છે. વિભાવ પણ જીવે જ કર્યો છે અને પુદ્ગલ પર્યાય પણ કર્મના પરમાણુઓ જ કરી છે. બીજા કોઈએ કરી નથી. એ ૬૦ ગાથાનો સામાન્ય અર્થ છે.

'**૬૧. સર્વ પોતપોતાનો સ્વભાવ કરે છે;...**' સ્વભાવ એટલે પોતાનો ભાવ કરે છે. '**સર્વ પોતપોતાનો સ્વભાવ કરે છે; તેમ આત્મા પણ પોતાના જ ભાવનો કર્તા છે; પુદ્ગલકર્મનો આત્મા કર્તા નથી; એ વીતરાગનાં વાક્ય સમજવા યોગ્ય છે.**' લ્યો ! આમ નાખ્યું છે. શા માટે એમ કહ્યું ? કે વીતરાગતા ઉત્પન્ન કરાવવા માટે એમ કહ્યું. વીતરાગના વાક્યો લીધાને ? ૬૧ ગાથા. પોતાના સ્વભાવના કર્તા કહ્યું ને ? '**स्वकं स्वभावं**'

**कुर्वन् स्वकं स्वभावं आत्मा कर्ता स्वकस्य भावस्य।**
**न हि पुद्गलकर्मणामिति जिनवचनं ज्ञातव्यम्।।६१।।**

સ્વભાવ એટલે પોતાનો ભાવ લીધો છે. '**કેવળજ્ઞાનાદિ શુદ્ધ ભાવો સ્વભાવો કહેવાય છે તોપણ અશુદ્ધનિશ્ચયથી રાગાદિક પણ સ્વભાવો કહેવાય છે.**'

**'પોતાના સ્વભાવને કરતો આત્મા ખરેખર પોતાના ભાવનો કર્તા છે, પુદ્ગલકર્મનો નહિ; આમ જિનવચન જાણવું. નિશ્ચયથી જીવને પોતાના ભાવોનું કર્તાપણું છે અને પુદ્ગલકર્મોનું અકર્તાપણું છે એમ અહીં આગમ વડે દર્શાવવામાં આવ્યું છે.'** **'जिनवचनं ज्ञातव्यम्'** એમાંથી આગમ વડે દર્શાવવામાં આવ્યું છે એમ કીધા કરે. મૂળમાં **'जिनवचनं ज्ञातव्यम्'** લખ્યું છે.

મુમુક્ષુ : 'ગુરુદેવશ્રી' ૬૨ ગાથાનો આધાર આપતા હતા.

પૂજ્ય ભાઈશ્રી : આવે છે. એ જ આવે છે.

**'૬૨. કર્મ પોતાના સ્વભાવાનુસાર યથાર્થ પરિણમે છે, જીવ પોતાના સ્વભાવાનુસાર તેમ ભાવકર્મને કરે છે.'** કર્મ છે એ પોતાની યોગ્યતા અનુસાર પરિણમે છે. જીવ પોતાની યોગ્યતા અનુસાર પરિણમે છે. પોતાના સ્વભાવ અનુસાર પરિણમે છે એમ લીધું ને ? ૬૨ માં.

મુમુક્ષુ :- ઈસરીની ચર્ચા થઈ હતી તે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં ટીકા લાંબી છે. **'નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ સ્વયં સ્વરૂપના (પોતપોતાના રૂપના) કર્તા છે એમ અહીં કહ્યું છે.'** છ કારકો ઉતાર્યા છે. **'એ પ્રમાણે જીવ પણ ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો, (૨) ભાવપર્યાયે પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતો,...'** ચર્ચા થઈ હતી ને ? વિભાવભાવ કોણ કરે છે ? કર્મ સાપેક્ષ છે કે નહિ ? ત્યારે 'ગુરુદેવે' કીધું, નિશ્ચયથી કર્મ નિરપેક્ષ છે. આ ૬૨ ગાથામાં આપ્યું. એના ષટ્કારકો (થી થાય છે). જીવના વિભાવના ષટ્કારકો જીવ કરે છે એ અહીંયાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' ખોલીને કહ્યું છે.

**'માટે નિશ્ચયથી કર્મરૂપ કર્તાનો જીવ કર્તા નથી અને જીવરૂપ કર્તાને કર્મ કર્તા નથી.'** ચોખ્ખી વાત છે. બહુ સ્પષ્ટ વાત છે. દિગંબરના ખાસ વિદ્વાન ગણાતા હતા. ક્ષુલ્લક અને વિદ્વાન હતા. છતાં કર્મના વિષયમાં.. આ તો સ્થૂળ વિષય છે, એવો અધ્યાત્મનો વિષય નથી. તો પણ ગોટા રહી ગયેલા. એવું છે. પાછો એવો સૂક્ષ્મ વિષય નથી. એના છ કારકોની વાત ચોખ્ખી છે. ગ્રંથો તો વાંચેલા હોય કે ન વાંચેલા હોય ? શું વાંચતા હશે અંદર ? આવું ચોખ્ખુ લખેલું છે કે આના છ કારકો જુદા, આના છ કારકો જુદા, પછી વળી આ કરે છે, એ વાત ક્યાં રહી ?

મુમુક્ષુ :- 'સમયસાર' તો કંઠસ્થ હતું.

પૂજ્ય ભાઈશ્રી :- 'સમયસાર' તો ટીકા સાથે કંઠસ્થ હતું. 'વર્ણીજી'ને 'સમયસાર' તો ટીકા સાથે કંઠસ્થ હતું. કેટલી બધી વાર વાંચ્યું હશે. દૃષ્ટિ હોવી જોઈએ. કઈ દૃષ્ટિથી શાસ્ત્ર વંચાય છે એના ઉપર એ વાંચનના ફળનો આધાર છે. શાસ્ત્ર વંચાય છે એમ ન લેવાય, કઈ દૃષ્ટિથી વંચાય છે એમ લેવાય.

'**કર્મ પોતાના સ્વભાવાનુસાર યથાર્થ પરિણમે છે,...**' એટલે એના છ કારકો પ્રમાણે. એ એનો સ્વભાવ છે. '**જીવ પોતના સ્વાભાવાનુસાર...**' એ સ્વભાવમાંથી છ કારકો કાઢ્યા છે. કેમકે છ કારકો એનો સ્વભાવ છે ને ? છ શક્તિ છે એની. કરણશક્તિ, કર્તાશક્તિ. શક્તિ લીધી છે. એટલે સ્વભાવ લીધો. સ્વભાવમાંથી છ કારકની શક્તિઓ કાઢી છે.

મુમુક્ષુ :- યથાર્થ એમ શબ્દ લખ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. યથા એટલે જેમ છે તેમ. એની છ શક્તિઓ એનામાં છે. આની છ શક્તિઓ એનામાં છે. કોઈ કોઈની શક્તિઓ કોઈ કોઈમાં કામ કરતી નથી.

'**૬૩. કર્મ જો કર્મ કરે, અને આત્મા આત્મત્વ જ કરે, તો પછી તેનું ફળ કોણ ભોગવે ? અને તે ફળ કર્મ કોને આપે ?**' લ્યો, ઠીક ! આ સામે પ્રશ્ન ઉઠાવ્યો છે કે કર્મ પોતાના કર્મને કરે-કાર્યને કરે. આત્મા આત્મત્વને એટલે આત્મપણાને કરે. તો પછી આનું ફળ કોણ ભોગવે ? આ ફળ કોણ ભોગવે છે ? સુખી થાય છે, દુઃખી થાય છે. સાજો સારો હતો અને તાવ આવ્યો અમથો-અમથો. રોજ રોટલી, દાળ, ભાત, શાક ખાય. તે દિ'એ રોટલી, દાળ, ભાત, શાક ખાધા અને તાવ શું કરવા આવ્યો ? તો કોને આવ્યો અને કોને ખાધું ? આ સવાલ છે. '**તો પછી તેનું ફળ કોણ ભોગવે ? અને તે ફળ કર્મ કોને આપે ?**' આ પ્રશ્ન ઉઠાવ્યો. કર્મ ફળ કોને આપે ? કે કર્મ ફળ પોતાને આપે. કર્મ ફળ કાંઈ જીવને આપે નહિ.

'**૬૪. સંપૂર્ણ લોક પૂર્ણઅવગાઢપણે પુદ્ગલસમૂહથી ભર્યો છે, સૂક્ષ્મ અને બાદર એવા વિવિધ પ્રકારના અનંત સ્કંધોથી.**' હવે લોકની વાત લીધી. આખો લોક છે એમાં પુદ્ગલ પરમાણુઓ ઠાંસી ઠાંસીને ભર્યા છે. એમાં અનંતા સૂક્ષ્મ પરમાણુઓ પણ છે, જે ઇન્દ્રિયગમ્ય નથી. અને બાદર એટલે ઇન્દ્રિયજ્ઞાનથી જણાય એવા પણ છે. બાદર એટલે સ્થૂળ. '**એવા વિવિધ પ્રકારના અનંત સ્કંધો..**' છે. સૂક્ષ્મ સ્કંધો પણ એવા છે.

કાર્મણ વર્ગણામાં પણ સ્કંધ છે. છતાં સૂક્ષ્મ પર્યાયે છે. ઇન્દ્રિયજ્ઞાનથી ગમ્ય થતા નથી.

'**૬૫. આત્મા જ્યારે ભાવકર્મરૂપ પોતાનો સ્વભાવ કરે છે,...**' પોતાનો સ્વભાવ કરે છે. જુઓ ! ભાવકર્મને અહીંયાં સ્વભાવ જ કહે છે બધી વખતે. '**આત્મા જ્યારે ભાવકર્મરૂપ પોતાનો સ્વભાવ કરે છે, ત્યારે ત્યાં રહેલા પુદ્ગલપરમાણુઓ પોતાના સ્વભાવને લીધે કર્મભાવને પ્રાપ્ત થાય છે; અને એકબીજા એકક્ષેત્રાવગાહપણે અવગાઢતા પામે છે.**' જીવને આ દ્રવ્યકર્મનો બંધ કેવી રીતે થાય છે ? કર્મ કેવી રીતે બંધાય છે, એનું સ્પષ્ટીકરણ છે. જ્યારે કોઈ આત્મા ભાવકર્મરૂપ કરે છે. ભાવકર્મ એટલે રાગ, દ્વેષ, મોહ આદિ અનેક પ્રકારના વિકાર પરિણામ કરે છે એ ભાવકર્મ છે.

'**ત્યારે ત્યાં રહેલા...**' ક્યાં ? જ્યાં જીવ છે ત્યાં જ રહેલા છે કાર્મણ વર્ગણાના પરમાણુ. અહીંયાં જીવ વિભાવ કરે અને પેલી બાજુથી હિમાલયમાંથી કર્મ આવીને વળગે છે એમ નથી. દૂરના ક્ષેત્રે કાર્મણ વર્ગણા છે, દેવલોકમાં છે બધે, ત્યાંથી આવી આવીને વળગે છે એમ નથી. કાર્મણ વર્ગણા આખા લોકમાં ભરેલી છે. જે ક્ષેત્રે જીવ છે ત્યાં પણ કાર્મણ વર્ગણા છે. જે જીવ જે ક્ષેત્રે છે તે ક્ષેત્રના કાર્મણ વર્ગણાના પરમાણુઓ ત્યાં પ્રકૃતિ ભાવ ધારણ કરે છે. કર્મભાવ ધારણ કરે છે એટલે શું ? કર્મની પ્રકૃતિનો ભાવ ધારણ કરે છે. કાર્મણ વર્ગણામાં તો છે જ. વચન વર્ગણાના પરમાણુઓ પણ છે બધે, કાર્મણ વર્ગણાના પરમાણુ પણ છે અને બીજા સાદા પણ શુદ્ધ પરમાણુઓ પણ ઘણા છે અને સૂક્ષ્મ સ્કંધો પણ ઘણા છે. પણ એમાં જે કાર્મણ વર્ગણાના છે એમાંથી કેટલાક જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ પ્રકૃતિ ભાવને પામે છે એને અહીંયાં કર્મભાવ કહેવામાં આવે છે. એક તો એનામાં પ્રકૃતિ ઉત્પન્ન થાય છે. એક વાત.

બીજી વાત, કે એ ત્યાં હતા પણ જીવ ત્યાંથી ખસતો હતો ત્યારે એ સાથે નહોતા જતા. જેમકે અહીંયાં કાર્મણ વર્ગણાના પરમાણુ છે. પણ આ જીવ અહીંથી બીજે જાય એટલે અહીંયાંના પરમાણુ સાથે ન જાય. પણ જો એ પરમાણુ અહીંયાં બાંધ્યા. ભાવકર્મ દ્વારા...

મુમુક્ષુ :- એવી રીતે છે કે સાથે ન જાય અને થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. સાથે ન જાય. સાથે જવાનું એને કોઈ કારણ

નથી. કયા પરમાણુ સાથે જાય ? કે જે જ્ઞાનાવરણી આદિ કર્મપ્રકૃતિએ પરિણમીને જીવની સાથે, પ્રદેશની સાથે અવગાઢ સંબંધ કર્યો, એ પછી સાથે જાય. ઓલા કાર્મણ વર્ગણાવાળા ન જાય. એ અહીં ને અહીં રહી જાય. હવે ત્યાં જાય તો ત્યાં વિભાવ કરે તો ત્યાં જે કાર્મણ વર્ગણાના છે એ બંધાય, અહીં વાળા ન બંધાય. અહીંના અહીં રહી જાય. ત્યાંના ત્યાં બંધાય. જ્યાં જાય ત્યાં બધે છે જ તે. ક્યાંયથી લાવવા પડતા નથી.

મુમુક્ષુ :- ઉદયમાં આવ્યા સિવાય અહીં રહી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એ નહિ. જે બંધાણા હોય એ તો સાથે જ જાય. જેમકે અહીંયાં બધે કાર્મણ વર્ગણાના પરમાણુઓ ભરેલા છે. એની સાથે જીવને કાંઈ સંબંધ નથી. હવે અહીંથી જીવ બીજા ક્ષેત્રે ગયો. અહીંથી આપણે Office ગયા. તો અહીંના કાર્મણ વર્ગણાના પરમાણુ સાથે ન આવે.

મુમુક્ષુ :- બધા સાથે આવે તો તો પછી કર્મનો પાર જ ન રહે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ વ્યવસ્થા જ ન રહે. તો તો જે બંધાયેલા છે અને નથી બંધાયેલા એની કોઈ વ્યવસ્થા ન રહે.

મુમુક્ષુ :- પાર જ ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવ્યવસ્થા જ થઈ જાય. કેમકે બંધાયેલા સાથે જાય અને ન બંધાયેલા (જ્યાં છે ત્યાં છે જ). નથી બંધાયેલા એની ખાત્રી શું અને બંધાયેલા એની ખાત્રી શું ? કેમકે આમ તો જીવ ચેતન છે. પુદ્‌ગલ પરમાણુ અચેતન છે. બંધનનો અર્થ શું ? કે અમુક મુદ્દત સુધી સાથે ને સાથે સંયોગપણે રહેવું એનું નામ બંધન છે. કર્મ કાંઈ જીવભાવને પામતું નથી, જીવ કાંઈ પુદ્‌ગલ થતો નથી. પણ બંનેનો સંયોગ અમુક કાળ સુધી, અમુક મુદત સુધી સાથે રહે છે એને સંબંધ અથવા બંધ કહે છે. સ-બંધ એટલે સારો એવો બંધ તે સંબંધ. સારો એવો બંધ. એટલે સાથે ને સાથે રહે. જ્યાં જાય ત્યાં સાથે આવે, જ્યાં જાય ત્યાં સાથે આવે. એ બંધાયેલા. બાકી અહીંયાં બીજા હોય એ કાંઈ સાથે જાય નહિ.

મુમુક્ષુ :- આમ ખરેખર તો બંધ જ નથી. કારણ કે બેયની જાત જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બેયની જાત જુદી છે પણ સંયોગસંબંધ છે ને ? સંયોગસંબંધ તો ખરો ને. આ જ્યાં જાય ત્યાં જાય. જેમકે આ જીવે કર્મ બાંધ્યા છે. હવે અહીંથી હજારો માઈલ Planeની મુસાફરી કરીને ગમે

ત્યાં જાય તો જે બંધાયેલા છે એ સાથે જ રહે. બંધાયેલા છે એ સાથે જ રહે. એમાં જે ઉદયમાં આવીને ખરી જાય એ પાછા સાથે ન જાય. એ ખરીને અહીંને અહીંયાં રહ્યા. અહીં ખર્યા એ અહીંયાં રહ્યા.

મુમુક્ષુ :- આત્માની વિભાવદશા ઘટે ત્યારે એ સંસ્કાર સાથે આવે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- સંસ્કાર જુદી વસ્તુ છે અને વિભાવનું વધવું-ઘટવું જુદી વસ્તુ છે. સંસ્કાર તો તીવ્ર રુચિએ કરીને, તીવ્ર રસે કરીને કોઈ યોગ્યતાનું રહી જવું, થઈ જવું એને સંસ્કાર કહે છે. એ અવળી-સવળી બંને હોય છે. અવળા-સવળા બંને હોય. દરેક ભાવના સંસ્કાર પડે એવું નથી. સામાન્ય ભાવ છે એમાં એટલો રસ નથી હોતો. એટલે વિરુદ્ધ રસે કરીને એ બધા રસ ધોવાતા જાય છે. નાશ પામે છે.

'**૬૫. આત્મા જ્યારે ભાવકર્મરૂપ પોતાનો સ્વભાવ કરે છે, ત્યારે ત્યાં રહેલાં પુદ્‌ગલપરમાણુઓ પોતાના સ્વભાવને લીધે કર્મભાવને પ્રાપ્ત થાય છે;...**' એટલે જ્ઞાનાવણરણાદિ કર્મ પ્રકૃતિભાવને પ્રાપ્ત થાય છે. એમ લેવું. પ્રકૃતિ સ્વભાવને પ્રાપ્ત થાય છે. કાર્મણ વર્ગણામાં કર્મભાવને તો પ્રાપ્ત થયેલા છે જ. અને એકક્ષેત્રાવગાહઢતા પામે છે. પછી એક ક્ષેત્રાવગાહ સંબંધ થઈ જાય છે એટલે ક્ષેત્ર બદલે તો સાથે ને સાથે જ રહે. ૬૫ થઈ.

'**૬૬. કોઈ કર્તા નહીં છતાં પુદ્‌ગલદ્રવ્યથી જેમ ઘણા સ્કંધોની ઉત્પત્તિ થાય છે, તેમ કર્મપણે પણ સ્વાભાવિકપણે પુદ્‌ગલદ્રવ્ય પરિણમે છે એમ જાણવું.**' કોઈ કર્તા, બીજો કોઈ કર્તા નથી. પુદ્‌ગલ કર્મનો જીવ કર્તા નથી. '**છતાં પુદ્‌ગલદ્રવ્યથી જેમ ઘણા સ્કંધોની ઉત્પત્તિ થાય છે,...**' આ વાદળા થયા. કોણ કરે એને ? ધરતીકંપ થાય એને કોણ કરે ? વાદળા હોય છતાં વરસાદ આવે પણ ખરો અને ન પણ આવે. કોણ કરે ? એ પરમાણુનું વિજ્ઞાન છે. સ્વયં જ પરમાણુ એ કાર્યોને કરે છે અથવા નથી કરતા.

એટલે બીજો '**કોઈ કર્તા નહીં છતાં પુદ્‌ગલદ્રવ્યથી જેમ ઘણા સ્કંધોની ઉત્પત્તિ થાય છે,...**' એક ધરતીકંપ થાય. દરિયો હોય ત્યાં પર્વત થઈ જાય અને પર્વત હોય ત્યાં દરિયો જળબંબાકાર થઈ જાય. મોટો પર્વત હોય પણ જુઓ તો જળબંબાકાર પાણી... પાણી.. પાણી... થઈ ગયો હોય. પાંચ માઈલનો ખાડો પડી ગયો હોય. '**તેમ કર્મપણે પણ સ્વાભાવિકપણે પુદ્‌ગલદ્રવ્ય પરિણમે છે એમ જાણવું.**' એમ કર્મપણે

એટલે જ્ઞાનાવર્ણાદિ કર્મપણે પણ પુદ્‌ગલદ્રવ્યમાં પરિણમવાની યોગ્યતા છે અને પરિણમે છે. જીવ એને કરતો નથી. એમ કહેવું છે. એ કેમ માનવું પણ ? અહીંયાં ક્રોધ કરે અને અહીંયાં ક્રોધની પ્રકૃતિ બંધાય છે. તો જીવે કર્યું નથી એમ માનવું કેવી રીતે ?

ફરી વખત. એક ભાવ જીવ કરે છે ત્યારે સાત કે આઠ જાતના કર્મની પ્રકૃતિ મુખ્ય-મુખ્ય લઈએ તો, પેટામાં તો ઘણી છે, સાત કે આઠ કર્મ પ્રકૃતિ બંધાય છે. આયુષ્ય ન ગણો તો સાત. તો કાર્મણવર્ગણામાં તો કાર્મણવર્ગણા એક જાતિની છે. એમાં કેટલોક જથ્થો જ્ઞાનાવરણીની પ્રકૃતિએ પરિણમ્યો, કેટલોક જથ્થો દર્શનાવરણીની (પ્રકૃતિએ) પરિણમ્યો, કેટલોક જથ્થો અંતરાયમાં પરિણમ્યો, કેટલોક જથ્થો શાતા-અશાતામાં પરિણમ્યો. જો કર્મ સ્વતંત્ર ન હોત તો આવા ભેદ પડત નહિ. કેમ ભેદ પડ્યા ? જીવને તો ખબર પણ નથી. જેણે શાતા કર્મો બાંધ્યા એ જીવને ખબર નથી કે કેટલી સંખ્યામાં મને કઈ પ્રકૃતિના કર્મો બંધાય છે. એ એને ખબર છે ? નથી ખબર.

બીજું. કાર્મણ વર્ગણામાં અહીંયાં અનંતા કર્મો અત્યારે રહેલા છે. એમાંથી અમુક જ જથ્થો કેમ પરિણમે છે અને બાકીના નથી પરિણમતા ? બધા નથી પરિણમી જતા. અહીંયાં એક ભાવ કર્યો ત્યારે અહીંયાં હતા એ બધા નથી પરિણમી ગયા. એમાંથી કેટલાક પરિણમ્યા છે કે જેટલા પરિણમવા યોગ્ય હતા તેટલા. (એમ કેમ ?) જે પરિણમવા યોગ્ય નહોતા તે ન પરિણમ્યા. જે પરિણવા યોગ્ય હતા તે પણ પોતાની યોગ્યતાથી, નહિ પરિણમવા યોગ્ય હતા તે પણ પોતાની યોગ્યતાથી.

મુમુક્ષુ :- ધારો કે અહીં આટલા બધા બેઠા છે. અમુક મારા આત્મા સાથે બંધાયેલા અને અમુક બીજાની સાથે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. એમાં પણ સ્વતંત્રતા.

મુમુક્ષુ :- મારે આમના જોડે નથી બંધાવું, આની જોડે બંધાવું.

પૂજ્ય ભાઈશ્રી :- હવે એમાં એવું છે કે હજી તમે તો આટલા બે-ત્રણ ફૂટ દૂર છે. પણ આ જીવ છે ત્યાં બીજા ઘણા જીવો છે. શ્લેષ્મના, વિષ્ટાના, લોહીના એવા બધા જીવો છે આની અંદર. આ કૃમિ તો દેખાવામાં આવે છે. .. નીકળે છે ને પેટમાંથી ? એક ફૂટના, બે ફૂટના, ત્રણ ફૂટના. તો એ પણ કર્મ બાંધે છે. એ જીવો પણ સમયે સમયે વિભાવ ભાવે પરિણમીને કર્મ બાંધે છે. હવે એ તો બધા એક ક્ષેત્રે છે. જે કાર્મણ

વર્ગણાનું ક્ષેત્ર આ જીવને છે એ જ બીજા જીવોને છે. અને બેય એકસાથે કરે છે. અથવા અનેક જીવો એકસાથે વિભાવ કરે છે. છતાં કેટલાક કો'કને બંધાય છે અને કેટલાક કો'કને બંધાય છે. એ શું બતાવે છે ? કે એ સ્વતંત્રપણે કામ કરે છે. કોઈ જીવને આધીન કોઈ હોય તો તો ખેંચાખેંચી થઈ જાય. આ શાતાના મારે જોઈએ છે, આ શાતાના મારે જોઈએ છે. શાતા તો સૌને જોઈએ છે.

મુમુક્ષુ :- શાતાની .. જ હોય તો તો ખેંચાખેંચ કરે જ નહિ. તો તો અશાતા થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એનો અર્થ એ છે કે કર્મભાવે જે પુદ્ગલ પરિણમે છે, સ્કંધોની ઉત્પત્તિ થાય છે એ સ્વયં જ પરિણમે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... ચર્ચામાં લઈએ તો ઠીક રહેશે. આના પછીની ચર્ચામાં લઈએ તો ઠીક રહેશે. યાદ રાખજો, હું ભૂલી જાઉં તો. તમારો પ્રશ્ન યાદ રાખજો. બરાબર છે ? નહિતર થોડું વિષયાંતર થશે ને. કેમકે ત્યાં શું કહેવું છે ? કહેવાનો હેતુ શું છે ? નહિતર સીધો સાદો અર્થ ત્યાં એવો થાય છે કે જીવની પ્રેરણાથી કર્મ બંધાય છે. શબ્દનો અર્થ એવો થાય છે કે જે ચાલતા પ્રકરણથી વિરુદ્ધ જાય છે.

કેટલાક નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવું છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ આ જગતમાં પારિણામિક ભાવે છે. પારિણામિક ભાવે છે એટલે શું ? અનાદિ-અનંત છે. પણ તે જીવનો, તે પુદ્ગલનો મૂળ સ્વભાવ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધરૂપ છે તે મૂળ સ્વભાવ નથી. એમ કહેવું છે.

જ્યારે જે બે પદાર્થો વચ્ચેનો સાદશ્ય પરિણામ થાય છે-મેળવાળા, ત્યારે એ સંબંધને જોવામાં આવે છે. .. વિશેષ આપણે ચર્ચામાં લેશું, હોં ! કારણકે એમાંથી ઘણા પ્રશ્નો ઉઠવાની શક્યતા છે. અને બીજા પ્રશ્નો ચાલશે તો ચાલતો વિષય નહિ રહે.

'**કોઈ કર્તા નહીં છતાં પુદ્ગલદ્રવ્યથી જેમ ઘણા સ્કંધોની ઉત્પત્તિ થાય છે,...**' જગતમાં. '**તેમ કર્મપણે પણ સ્વાભાવિકપણે પુદ્ગલદ્રવ્ય પરિણમે છે એમ જાણવું.**' પોતાના ... વર્ગણામાંથી પરમાણુ જ્ઞાનાવરણીના ન થાય, દર્શનાવરણીના ન થાય. બીજા પણ પરમાણુ ત્યાં ઘણા છે, અનંતા સૂક્ષ્મ પરમાણુ શુદ્ધ (પડ્યા છે), એ પણ ત્યાં

કર્મપ્રકૃતિએ નથી પરિણમતા. ત્યાં જ્ઞાનાવરણી આદિ પ્રકૃતિ સંબંધ થતો નથી. એટલે એ પોતાના સ્વભાવિકપણે પરિણમે છે એમ જાણવું. સ્વતંત્ર.

મુમુક્ષુ :- સ્વભાવ છે તે સ્વતંત્ર જ હોય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ સ્વતંત્રતા સિદ્ધ કરે છે. જુદી જુદી રીતે અહીંયાં સ્વતંત્રતા આચાર્ય મહારાજ સિદ્ધ કરે છે. મૂળ ગાથાઓ 'કુંદકુંદાચાર્ય'ની છે અને ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની છે.

'**૬૭. જીવ અને પુદ્‌ગલસમૂહ અરસપરસ મજબૂત અવગ્રાહિત છે. યથાકાળે ઉદય થયે તેથી જીવ સુખદુઃખરૂપ ફળ વેદે છે.**' હવે શું કહે છે ? કે જીવ અને પુદ્‌ગલ છે. એ પુદ્‌ગલોનો સમૂહ. એક-બે પરમાણુ નથી પણ ઘણા છે. એ અરસપરસ સારી રીતે એકબીજાના ક્ષેત્રમાં અવગાહીને રહેલા છે. અવગ્રાહિત. શું અર્થ કર્યો છે ? ૬૭ છે ને ? '**જીવો અને પુદ્‌ગલકાયો (વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય અવગાહને ગ્રહવા વડે (પરસ્પર) બદ્ધ છે; કાળે છૂટા પડતાં સુખદુઃખ આપે છે અને ભોગવે છે.**' કાળે એટલે ઉદય કાળે. જ્યારે એકબીજાની સાથે નિબંધનમાં આવ્યા છે ત્યારે એનો વિપાક નહિ હોવાથી તે એમ ને એમ પૃથ્વીપિંડવત્ પડ્યા રહે છે. જેમ ખેતરમાં માટીના ઢેફા પડ્યા રહે એમ પણ આ જીવના ખેતરમાં કર્મની માટી પડેલી રહે છે. પણ જ્યારે એની અંદર વિપાક આવે છે ત્યારે શુભ પ્રકૃતિનો ઉદય હોય તો જીવને સુખ લાગે છે. જે સુખ નથી પણ સુખાભાસ છે. પરમાર્થનયે. અને જો અશાતા અશુભ પ્રકૃતિનો ઉદય હોય તો જીવને દુઃખ લાગે છે. એ ઉદય કાળે એ પ્રકારની જીવના ભાવ ઉપર સામાન્યપણે અસર આવે છે. ઉદય સાથે જોડાય છે એટલે. જે ન જોડાય એને અસર આવતી નથી. એ અપવાદ અહીં જાણવો. એટલો અપવાદ જાણવો. .. શું અર્થ કરે છે ?

'**જીવ અને પુદ્‌ગલસમૂહ અરસપરસ મજબૂત અવગ્રાહિત છે.**' સારી રીતે એક બીજાનો સંબંધ છે. કોઈ એને છૂટા પાડવા માગે તો છૂટા પડે નહિ. બીજો જીવ એમ વિચારે કે આના પરમાણુ થોડા છૂટા પડી જાય તો સારું. પડે કે ન પડે ? અશાતાવેદની બાંધી હોય. અશાતાવેદની બાંધી હોય અને અશાતાવેદનીનો ઉદય આવ્યા પહેલા રોગ ન થાય એવી દવા લે તો (રોગ) ન આવે એવું બને કે ન બને ? કે ન બને. Preventive drugs કામ ન કરે ત્યાં. પછી આ ઓલા જ્યોતિષ જોવડાવે છે ને ?

જ્યોતિષ જોવડાવે છે. ભાઈ ! તમને તકલીફ થવાની છે. આજથી તમને પંદર દિવસ પછી રોગ શરૂ થઈ જશે. અરે..! ભાઈ સાહેબ ! મારે તો રોગ જોઈતો નથી. એમ થવાનું હશે તો તમને મંગળ નડે છે. શું ? મંગળ નડે છે. આ એક મંગળનો પથરો પહેરો-કાંકરો તો તમે બચી જાવ. બચી જાય ખરો ? એ જે એને અશાતા આવવાની હોય એ પરમાણુને છૂટા પાડી શકે કોઈ ? ઓલા મંગળનો પથરો એ પરમાણુને ખેંચે ? કે ન ખેંચે ? તો તો જીવે પાપ કર્યા હોય, પુણ્ય કર્યા હોય એ બધા નિષ્ફળ જાય. જે એણે પુણ્ય-પાપ કર્યા હોય એ બધા નિષ્ફળ જાય. કોઈ વ્યવસ્થા રહે નહિ.

મુમુક્ષુ :- પરિણામથી ફેર પડે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ બીજો વિષય થઈ ગયો. આ તો ઈચ્છા થાય. જીવને ઈચ્છા થાય કે મારે અમુક કર્મ નથી ભોગવવા. તો એમ થઈ શકે ખરું ? કે ન થઈ શકે. ઓલું તો વિજ્ઞાન થઈ ગયું.

મુમુક્ષુ :- જીવ એમ ઈચ્છા કરે કે મારે અમુક કર્મ નથી કરવા. ઉપસર્ગ આવે. ઉપસર્ગ નહિ ભોગવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ અનુદય પરિણામ છે. એના કરતા પણ બીજી વાત છે કે, સામાન્ય અશુભ પ્રકૃતિ બાંધી હોય અને તીવ્ર શુભરસના પરિણામ થાય તો અશુભની પ્રકૃતિ ઉદયમાં આવ્યા પહેલા શુભ થઈ જાય. એ તો વસ્તુનું વિજ્ઞાન થઈ ગયું. ઈચ્છા જુદી વસ્તુ છે. કર્મને નહિ ભોગવવાની ઈચ્છા જુદી વસ્તુ છે અને એનો યથાર્થ ઈલાજ થવો તે જુદી વસ્તુ છે.

મુમુક્ષુ :- ઈલાજ છે ખરો ?

પૂજ્ય ભાઈશ્રી :- છે. ચોક્કસ છે. ન હોય તો બંધ અને મોક્ષની નવ તત્ત્વમાં વ્યવસ્થા રહેતી નથી. બંધ અને મોક્ષ બેય વ્યવસ્થા છે. જૈનદર્શનમાં કર્મ કેવી રીતે બંધાય છે એની વ્યવસ્થા પણ છે અને કર્મથી કેવી રીતે મુકાવાય છે એની પણ વ્યવસ્થા છે. બંને વ્યવસ્થા છે. પણ આ તો જે ખોટા ઉપાય કરે છે એના દૃષ્ટાંત છે કે દવા લઈને રોગ ન આવવા દેવો, કે અમુક પ્રકારના મંત્ર-તંત્ર, પથરા-બથરા પહેરીને કાંઈ માળા પહેરીને એને કાંઈ ન આવવા દેવું એ બધી વાત કેવળ ધતીંગ છે. શું છે ? એ બધા ધતીંગ છે. એકેય વાત સાચી નથી.

**'યથાકાળે ઉદય થયે તેથી જીવ સુખદુઃખરૂપ ફળ વેદે છે.'** સામાન્યપણે. વિશેષપણે અનુદય પરિણામે પરિણમે તો ઉદય આવીને

ખરી જાય અને સુખદુઃખ થાય નહિ એ અહીંયાં અપવાદ છે.

'**૬૮. તેથી કર્મભાવનો કર્તા જીવ છે અને ભોક્તા પણ જીવ છે.**' આ એક વ્યવહારવચન છે. '**વેદક ભાવને લીધે કર્મફળ તે અનુભવે છે.**' કર્મભાવનો ભોક્તા થયો. તો પછી કર્તા થયો કે નહિ ? '**તેથી જીવના ભાવથી સંયુક્ત એવું કર્મ (દ્રવ્યકર્મ) કર્તા છે (નિશ્ચયથી પોતાનો કર્તા અને વ્યવહારથી...**' ૬૮ છે ને ? જીવ કર્મભાવનો કર્તા છે. પહેલા ૬૮મી આવે છે. જીવ કર્મભાવનો કર્તા જીવ છે અને ભોક્તા પણ જીવ છે. કર્તા-ભોક્તા બેય લીધા છે. કારણ કે કર્તા હોય એનો ભોક્તા હોય ને ? નિશ્ચયથી પોતાનો કર્તા અને વ્યવહારથી જીવભાવનો કર્તા. નિશ્ચય વ્યવહાર ઉતારી લેવા. અર્થ કર્યો છે આમાં. '**ભોક્તા તો (માત્ર) જીવ છે વેદકભાવને લીધે કર્મફળનો.**'

'**તેથી (પૂર્વોક્ત કથનથી) એમ નક્કી થયું કે કર્મ નિશ્ચયથી પોતાનો કર્તા છે, વ્યવહારથી જીવભાવનો કર્તા છે; જીવ પણ નિશ્ચયથી પોતાના ભાવનો કર્તા છે, વ્યવહારથી કર્મનો કર્તા છે. જેમ અહીં બંને નયોથી કર્મ કર્તા છે, તેમ એક પણ નયથી તે ભોક્તા નથી. શા કારણે ? કારણકે તેને ચૈતન્યપૂર્વક અનુભૂતિનો સદ્ભાવ નથી.**' '**જે અનુભૂતિ ચૈતન્યપૂર્વક હોય તેને જ અહીં ભોક્તૃત્વ કહેલ છે. તે સિવાયની અનુભૂતિને નહિ.**' '**તેથી ચેતનપણાને લીધે કેવળ જીવ જ કર્મફળનો કથંચિત્ આત્માના સુખદુઃખપરિણામોનો અને કથંચિત્ ઇષ્ટઅનિષ્ટ વિષયોનો ભોક્તા પ્રસિદ્ધ છે.**' નિશ્ચય-વ્યવહાર ઉતાર્યા છે. ટીકાકાર આચાર્ય મહારાજે નિશ્ચય-વ્યવહાર ઉતાર્યા છે. નિશ્ચયથી પોતાના પરિણામનો કર્તા છે. વ્યવહારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાથી કર્મના પરમાણુનો કર્તા-ભોક્તા કહેવાય છે. બાજુમાં પાડોશમાં રહેતા હોય તો એને કાકા કહે. શું કહે ? કાકા કહે. કોઈ પૂછે કે ખરેખર તમારા પિતાશ્રીથી નાના ભાઈ છે ? તો કહે, ના. એમને તો કોઈ ભાઈ સગા છે નહિ. તો પછી એને કાકા શું કરવા કહો છો ? એ કાકા કહેવાનું પણ કારણ છે. પાડોશમાં રહે છે (માટે). તેથી ગામના માણસને બીજાને કહેતા નથી. તો કોઈક બહાનું છે એને. કહેવડાવવા માટેનું કોઈક બહાનું છે. એમ જીવે કર્મ બાંધ્યા એમ કહેવડાવવાનું બહાનું શું છે કે આઠે કાર્મણવર્ગણામાંથી અમુક જ પરમાણુએ સંબંધ કર્યો. માટે એ કર્મ જીવે બાંધ્યા એમ કહેવાનું બહાનું છે.

ખરેખર તો એ પરમાણુ સ્વતંત્ર પરિણમ્યા છે એ આગળ કહી ગયા છે. પોતાની વાતને કાપીને કહેતા નથી પણ પોતાની વાતને રાખીને કહે છે એમ સમજવું. નહિતર તો પૂર્વાપર વિરુદ્ધ થઈ જાય ને ?

'**૬૯. એમ કર્તા અને ભોક્તા આત્મા પોતાના ભાવથી થાય છે. મોહથી સારી રીતે આચ્છાદિત એવો તે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.**' લ્યો ! આ સારાંશ લીધો. ૬૯ ગાથામાં સારાંશ લીધો. '**એમ કર્તા અને ભોક્તા આત્મા પોતાના ભાવથી થાય છે.**' પોતાના ભાવે કરે છે અને પોતાના ભાવે ભોગવે છે. અને '**મોહથી સારી રીતે આચ્છાદિત...**' થયેલો છે. મોહમાં ડૂબેલો છે આપણે જેને કહીએ એવો આ સંસારીજીવ સંસારમાં મોહને કારણે પરિભ્રમણ કરે છે. એ સરવાળો માર્યો. આ બધી વાતનો સરવાળો શું ?

'**એ રીતે પ્રગટ પ્રભુત્વશક્તિને લીધે જેણે પોતાનાં કર્મો વડે (નિશ્ચયથી ભાવકર્મો અને વ્યવહારથી દ્રવ્યકર્મો વડે) કર્તૃત્વ અને ભોક્તૃત્વનો અધિકાર ગ્રહણ કર્યો છે...**' નિશ્ચયથી ભાવકર્મ અને વ્યવહારથી દ્રવ્યકર્મ લઈ લેવા. '**એવા આ આત્માને, અનાદિ મોહાચ્છાદિતપણાને લીધે વિપરીત અભિનિવેશ ઊપજ્યો હોવાથી...**' મોહને લઈને એનો અભિપ્રાય ઊંધો હોવાથી. જુઓ ! દર્શનમોહની સાથે જ્ઞાનનો પર્યાય અભિપ્રાયમાં ખતવે છે, અભિપ્રાયમાં લઈ જાય છે. '**મોહાચ્છાદિતપણાને લીધે વિપરીત અભિનિવેશ ઊપજ્યો હોવાથી સમ્યગ્જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ ગઈ છે,...**' સમ્યગ્જ્ઞાનનો ઉદય નથી. ઉદય જ નથી. પછી અસ્ત થઈ ગઈ છે એમ કહેવાય છે. '**તેથી તે સાંત અથવા અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.**' કોઈ જીવ સાંત સંસારમાં પરિભ્રમણ કરે છે, કોઈ જીવ અનંત સંસારમાં પણ પરિભ્રમણ કરે છે. એનું કારણ જીવનો મોહ છે, બીજું કાંઈ નથી.

એ નિષ્કર્ષ નીકળે છે અહીંયાં કે જીવને સંસાર પરિભ્રમણનું કારણ શું ? મોહ. મોહ છે. આઠ કર્મની અંદર જે મોહ છે તે સંસાર પરિભ્રમણનું કારણ છે. જેને સંસારના પરિભ્રમણથી એટલે જન્મ-મરણથી છૂટવું હોય એમાંથી આ નીકળે છે કે જેને જન્મ-મરણથી છૂટવું હોય તેને મોહનો અભાવ સમ્યક્ પ્રકારે કરવો રહ્યો. થોડોક મોહ દબાવી દે અને પાછો ઉછળીને બહાર આવે એમ નહિ. સમ્યક્ પ્રકારે મોહનો ક્ષય કરવો રહ્યો.

તો એને જન્મ-મરણનો નાશ અવશ્ય થાય.

'**૭૦. (મિથ્યાત્વ) મોહનો ઉપશમ થવાથી...**' લ્યો, એ જ ગાથા આવે છે. '**(મિથ્યાત્વ) મોહનો ઉપશમ થવાથી અથવા ક્ષય થવાથી...**' સમ્યક્ત્વને કારણે. ઓલું ઉપશમ સમ્યક્ત્વ છે અને આ ક્ષાયિક સમ્યક્ત્વ છે. '**વીતરાગના કહેલા માર્ગને પ્રાપ્ત થયેલો એવો ધીર, શુદ્ધ જ્ઞાનાચારવંત નિર્વાણપુર પ્રત્યે જાય છે.**' આચાર્યદેવ પછી એને વિશેષણ આપવા માંડ્યા હવે. જેણે મોહનો ક્ષય કર્યો એને વિશેષણ આપ્યું કે એક તો એ ધીર પુરુષ છે અને શુદ્ધ જ્ઞાનનો આચારવંત પુરુષ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી ગયા ને ? આચારમાં ચારિત્ર આવી ગયું. જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન આવી ગયું. તે '**શુદ્ધ જ્ઞાનાચારવંત નિર્વાણપુર પ્રત્યે જાય છે.**' મોક્ષ પ્રત્યે એની ગતિ ચાલુ થઈ જાય છે. જ્યાં જીવને દર્શનમોહનો ઉપશમ થયો કે ક્ષય થયો તે વીતરાગના કહેલા મોક્ષમાર્ગમાં પ્રાપ્ત થયેલો છે, વીતરાગે કહેલો મોક્ષમાર્ગ એને પ્રાપ્ત થયેલો છે. અને એ માર્ગે ચડેલો આગળ વધી રહ્યો છે. જ્ઞાનના આચાર છે. જ્ઞાનાચારવંત લીધું. એકલું આચારવંત ન લીધું પણ જ્ઞાનાચારવંત લીધું. ૭૦ છે ને ?

'**જ્યારે આ જ આત્મા જિનાજ્ઞા વડે માર્ગને પામીને,...**' કેવું લે છે ! સત્પુરુષની આજ્ઞા, નિર્ગ્રંથ ગુરુની આજ્ઞા કે જિનેશ્વરદેવની આજ્ઞા એ બધી જિનાજ્ઞા છે. જિનપુરુષોની આજ્ઞા તે જિનાજ્ઞા છે. '**જ્યારે આ જ આત્મા જિનાજ્ઞા વડે માર્ગને પામીને, ઉપશાંત ક્ષીણમોહપણાને લીધે (દર્શનમોહનો ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમને લીધે) જેને વિપરીત અભિનિવેશ નષ્ટ થયો હોવાથી...**' વિપરીત અભિપ્રાય એનો ખલાસ થઈ ગયો હોવાથી '**સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટી છે એવો થયો થકો, કર્તૃત્વ અને ભોક્તૃત્વના અધિકારને સમાપ્ત કરીને...**' જુઓ ! એ કર્મનો કર્તા થતો નથી, રાગાદિ ભાવનો કર્તા થતો નથી, કર્મના ફળનો ભોક્તા થતો નથી અને હરખ-શોકનો પણ ભોક્તા થતો નથી. એ નિશ્ચયથી છે.

એવા '**અધિકારને સમાપ્ત કરીને સમ્યક્પણે પ્રગટ પ્રભુત્વશક્તિવાળો થયો થકો...**' પ્રભુત્વશક્તિ પણ ત્યાં પ્રગટી. સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ થયું છે ત્યારે આત્મામાં જે પ્રભુત્વ નામની શક્તિ છે, પ્રભુત્વ-વિભુત્વ બે ૪૭માં છે ને ? એ પ્રભુત્વશક્તિ પણ ત્યાં અંશે પ્રગટ થઈ છે. પ્રભુપણું પ્રગટ થઈ ગયું. સમ્યગ્દૃષ્ટિને પ્રભુપણું પ્રગટ થઈ ગયું.

થયો કે નહિ પ્રભુ ? પ્રભુત્વ શક્તિ પ્રગટ કરી અને તમે ના પાડશો ? આ તો Loigc છે. પરમાત્મશક્તિ એણે પ્રગટ કરી છે. પ્રભુત્વશક્તિવાળો થયો થકો. જુઓ ! દર્શનમોહનો ઉપશમ કર્યો છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન આવ્યું તે પાછું ચાલ્યું જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ચાલ્યું જાય એનું ચાલ્યું જાય. આપણે દીવાળુ કાઢે એની વાત શું કરવા કરીએ ? જેણે નવી દુકાન...

મુમુક્ષુ :- પ્રભુત્વ ચાલ્યું જાય, સમ્યક્ત્વ ચાલ્યું જાય. પ્રભુત્વ ચાલ્યું જતું હશે ? એ એનું ફળ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એમાં એવું છે કે પ્રભુત્વશક્તિ છે એ પ્રગટ થઈ છે. ઉપશમ અને ક્ષયોપશમ હોય ત્યાં સુધી જવાનો અવકાશ છે. ક્ષાયિકમાં જવાનો અવકાશ નથી. આપણે ક્ષાયિક લેવું. આપણે ચાલ્યું જાય એવું ન લેવું. જેને ધંધો કરવો હોય એ દેવાળા કાઢ્યા હોય એના List ન ગોતે. એ કરોડપતિ થયા હોય એના List ગોતે. કે ગામડામાંથી દોરી-લોટો લઈને આવ્યો હતો અત્યારે કરોડપતિ છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે, એનો કાંઈ વાંધો નહિ.

'**સમ્યક્‌પણે પ્રગટ પ્રભુત્વશક્તિવાળો થયો થકો જ્ઞાનને જ અનુસરનારા માર્ગે ચરે છે (પ્રવર્તે છે, પરિણમે છે, આચરણ કરે છે), ત્યારે તે વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ અપવર્ગનગરને...**' જુઓ ! અપવર્ગ લીધો છે ને ? .. દ્રવ્ય, અર્થ, કામ અને મોક્ષ. એમાં દ્રવ્ય, અર્થ અને કામ વર્ગમાં લીધું અને મોક્ષ અપવર્ગ લીધો. '**અપવર્ગનગરને (મોક્ષપુરને) પામે છે.**' 'અમૃતચંદ્રાચાર્યે' મૂળમાં શબ્દ લીધો છે. '**तदा विशुद्धात्मतत्त्वोपलंभरूपमपवर्गनगरं विगाहत इति**' અપવર્ગનગર લીધું છે. મોક્ષપુરી-મોક્ષપાટણમાં જાય છે. આ પ્રભુત્વગુણથી વ્યાખ્યાન કર્યું છે. વિભાવ કરવામાં પણ પ્રભુ અને વિભાવ છોડવામાં પણ પ્રભુ. દ્રવ્યકર્મ તને વિભાવ કરાવી ન શકે. નહિ કરવા માટે પણ તું પ્રભુ અને કરવા માટે પણ તું પ્રભુ.

કોઈ એમ કહે કે આ માણસ પહેલા મારી વાત માનતો હતો અને હવે એ મારી વાત માનતો નથી. એ માનતો હતો ત્યારે પણ એ પોતાની માનતો હતો, તારી માનતો નહોતો. તને એમ લાગતું હતું કે મારી માને છે. એને ગમતી હતી તે માનતો હતો. એને નહોતી ગમતી ને માનતો હતો

એ વાતમાં કાંઈ માલ નથી. એમ છે. સ્વતંત્ર છે, પ્રભુ છે. દરેક પોતાના પરિણામ કરવા માટે પ્રભુ છે. ઊંધો થવામાં પણ પ્રભુ અને સીધો થવામાં પણ પ્રભુ. એકના ઉપર બીજાનું પ્રભુત્વ નથી. કોઈના ઉપર કોઈનું પ્રભુત્વ નથી. 'અમેરિકા' મહાસત્તા છે એનું પ્રભુત્વ તો વિશ્વ ઉપર ખરું કે નહિ ? એક ખોબા જેટલા 'ઈરાક' પર લડાઈ કરવી હતી તો ૩૮ દેશને ભેગા કર્યા અને તોપણ સાંતપાંત થાતી હતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તોય સાંતપાત થાતી હતી એને કે શું થાશે ? ઓલો ફુંફાડો એવો મારતો હતો. કોઈના ઉપર કોઈનું પ્રભુત્વ રહી શકે કે થઈ શકે નહિ. એ પોતે ધીર છે.

મૂળમાં છે ને ? '**निर्वाणपुरं व्रजति धीरः**' '**ज्ञानानुमार्गचारी निर्वाणपुरं व्रजति धीरः**' ધીર શબ્દ વાપર્યો છે. '**તે ધીર પુરુષ નિર્વાણપુરને પામે છે.**' ટીકા નથી કરી ધીરની. ધીર શબ્દ ઉપર ટીકા નથી. સામાન્ય અર્થ થાય કે સમ્યક્ બુદ્ધિને ધારણ કરે છે તે ધીર. ધીર એટલે બુદ્ધિ. ધીર એટલે મતિ. મતિવાન. અને ઉતાવળો ન હોય, વિચાર કરીને પગલું ભરે એને પણ ધીર કહેવામાં આવે છે. અથવા યથાયોગ્ય કાળે, યથાસ્થાને, યથાર્થ કાર્ય કરે તેને પણ ધીર કહેવામાં આવે છે.

'**૭૧-૭૨**' (ગાથા) સાથે છે. '**એક પ્રકારથી, બે પ્રકારથી, ત્રણ પ્રકારથી, ચાર ગતિના પ્રકારથી, પાંચ ગુણોની મુખ્યતાથી, છકાયના પ્રકારથી, સાત ભંગના ઉપયોગપણાથી, આઠ ગુણ અથવા આઠ કર્મરૂપ ભેદથી, નવ તત્ત્વથી, અને દસ સ્થાનકથી જીવનું નિરૂપણ છે.**' જીવનું નિરૂપણ દસ પ્રકારે થઈ શકવા યોગ્ય છે. એકમાં એક જાતિ આવી જાય. એકમાં એક જાતિ આવી જાય. બેમાં સંસારી અને સિદ્ધ એવા બે ભાગ થઈ જાય છે. પછી ત્રણ પ્રકારથી. ત્રણમાં શું લીધા છે ? આમાં તો એક-એક લીધા હશે.

'**તે જીવ મહાત્મા...**' ત્યાંથી શરૂ કર્યું છે. '**स खलु जीवो महात्मा**' મહાત્મા શબ્દ વાપર્યો છે. મહાન આત્મા છે ને ! '**ખરેખર નિત્યચૈતન્ય-ઉપયોગી હોવાથી 'એક જ' છે;...**' એક ઉપયોગધારી હોવાથી એક જ છે. સદા ઉપયોગસ્વભાવી-ઉપયોગધારી જીવ છે. '**જ્ઞાન ને દર્શન એવા ભેદોને લીધે બે ભેદવાળો છે;...**' કારણ કે અનેક રીતે બે ભેદ થઈ શકે

છે. '**કર્મફળચેતના, કર્મચેતના ને જ્ઞાનચેતના એવા ભેદો વડે...**' ત્રણ પ્રકારવાળો છે. '**અથવા ધ્રૌવ્ય, ઉત્પાદ ને વિનાશ એવો ભેદો વડે લક્ષિત હોવાથી ત્રિલક્ષણવાળો છે.**' અથવા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ, દ્રવ્ય-ગુણ ને પર્યાય. એમ અનેક પ્રકારે ત્રણ ભેદ પડે છે.

'**ચાર ગતિમાં ભમતો હોવાથી 'ચતુર્વિધ ભ્રમણવાળો' છે; (૫) પારિણામિક, ઔદયિક ઈત્યાદિ પાંચ મુખ્ય ગુણો વડે પ્રધાનપણું હોવાથી 'પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો' છે;...**' ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક. '**ચાર દિશાઓમાં ઊંચે અને નીચે એમ ષડ્‌વિધ ભવાંતર ગમનરૂપ અપક્રમથી યુક્ત હોવાથી (અર્થાત્ અન્ય ભવમાં જતાં ઉપરોક્ત છ દિશાઓમાં ગમન થતું હોવાથી) 'છ અપક્રમ સહિત' છે;...**' પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર અને નીચે. છ દિશા લીધી. '**અસ્તિ, નાસ્તિ આદિ સાત ભંગો વડે...**' અસ્તિ, નાસ્તિ, અસ્તિ નાસ્તિ, અસ્તિ અવક્તવ્ય, નાસ્તિ અવક્તવ્ય અને અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય. એવા સાત ભંગો વડે જેનો સદ્‌ભાવ હોવાથી. એટલે કે સાત ભંગપૂર્વક સદ્‌ભાવવાળો હોવાથી. સાત ભંગપૂર્વક એનું કથન થઈ શકતું હોવાથી, કહેવાતો હોવાથી તે સાત ભેદવાળો છે.

'**(જ્ઞાનાવરણીયાદિ) આઠ કર્મોના અથવા (સમ્યક્ત્વ) આઠ ગુણોના આશ્રયભૂત હોવાથી 'આઠ આશ્રયરૂપ' છે;...**' આઠ ગુણ પણ છે અને આઠ અવગુણ પણ છે. '**નવ પદાર્થરૂપે વર્તતો હોવાથી 'નવ-અર્થરૂપ' છે;...**' નવે પર્યાયોની સાથે. '**પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, સાધારણ વનસ્પતિ, પ્રત્યેક વનસ્પતિ, દ્વીદ્રિંય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેન્દ્રિય દશ સ્થાનોમાં પ્રાપ્ત હોવાથી 'દશસ્થાનગત' છે.**' વનસ્પતિમાં સાધારણ અને પ્રત્યેક એમ કરીને છ ભેદ કર્યા. એકેન્દ્રિયના છ ભેદ કર્યા અને બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિય કરીને બીજા ચાર લીધા. એમ કરીને છ ને ચાર દસ ભેદવાળો ગણીને એવી રીતે પણ ઘણા, દસ ભેદોથી, અનેક ભેદોથી એનું વર્ણન થાય છે. કેટલાક ભેદો અહીંયાં કહ્યા છે. એ રીતે જીવ અનેક ભેદે નિરૂપણ કરવામાં આવે છે.

'**૭૩. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધથી...**' એક બંધના ચાર પાસા. જીવને કર્મ પરમાણુનો બંધ થાય

ત્યારે એના ચાર પડખાથી એ બંધને સમજવામાં આવે છે. '**સર્વથા મુક્ત થવાથી...**' ચારે પ્રકારના બંધથી સર્વથા મુક્ત થવાથી. જ્યારે મુક્ત થાય ત્યારે એને ન પ્રકૃતિનો બંધ હોય, ન એની સ્થિતિનો બંધ હોય, ન એના અનુભાગનો બંધ હોય, ન એના પ્રદેશનો બંધ હોય, સંખ્યાનો બંધ હોય. '**જીવ ઊર્ધ્વગમન કરે છે.**' જ્યારે એ મુક્ત થાય છે ત્યારે મનુષ્યલોકમાંથી એ ઊર્ધ્વગમન કરે છે. છેલ્લે મનુષ્યલોક સિવાય મનુષ્ય સિવાય બીજી ગતિમાં હોય નહિ. બધા કર્મ જ્યારે એના સમાપ્ત થાય એટલે સિદ્ધાલયમાં એક સમયની અંદર ઊર્ધ્વગમન કરે છે.

'**સંસાર અથવા કર્માવસ્થામાં વિદિશા વિના બીજી દિશાઓમાં જીવ ગમન કરે છે.**' સંસાર અવસ્થામાં, કર્મ અવસ્થામાં વિદિશા એટલે ખૂણા. અગ્નિ, ઈશાન, વાયુ અને નૈઋત્યને વિદિશા કહે છે. અને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણને દિશા કહેવાય છે. ચાર દિશા અને ચાર વિદિશા. તો કોઈ ખૂણે ન જાય. કાટખૂણે ન જાય કોઈ. એ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એવી રીતે જાય. જ્યારે કર્મ અવસ્થામાં પણ એ જ્યારે ગમન કરે ત્યારે એવી રીતે જાય છે. ગમન કરવાનો એ નિયમ છે. વિદિશા વિના જીવ દિશામાં જ ગમન કરે છે અને મુક્ત થાય ત્યારે ઉપર જ જાય. નીચે ન જાય અને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણમાં પણ ન જાય.

મુમુક્ષુ :- ઊર્ધ્વગમન.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઊર્ધ્વગમન. સીધે સીધો સિદ્ધાલય ...

મુમુક્ષુ :- વિદિશામાં કોઈ જીવ જતા જ નહિ હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે આયુષ્ય પૂરું કરે ત્યારે. આયુષ્ય પૂરું કરે ત્યારે ન જાય. જેમકે અહીંથી દેવલોકમાં જાવું હોય તો પહેલા ઉપર જાય. પછી આમ જાય. આપણે અહીંથી આમ જાય અને પછી આમ જાય. હવે આ એનું ઊપજવાનું સ્થળ હોય તો આમ ન ઊપજે. ખૂણો પડીને ન ઊપજે. અહીંથી અહીંયાં જવાનું હોય તો આમ થઈને આમ જાય. આમ સીધો ન જાય એમ કહેવું છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૨૮-૪-૧૯૯૨, પત્રાંક - ૭૬૬
## પ્રવચન - ૩૬૮

૭૬. **'બાદર અને સૂક્ષ્મ પરિણામ પામવા યોગ્ય સ્કંધમાં પૂરણ (પૂરાવાનો), ગલન (ગળવાનો, છૂટા, પડી જવાનો) સ્વભાવ જેનો છે તે પુદ્‌ગલના નામથી ઓળખાય છે. તેના છ ભેદ છે, જેનાથી ત્રૈલોક્ય ઉત્પન્ન થાય છે.'** પુદ્‌ગલદ્રવ્યના વિષયમાં ગાથા છે. બાદર એટલે સ્થૂળ અને સૂક્ષ્મ એટલે ઇન્દ્રિયજ્ઞાનથી ન જણાય એવા અથવા ચક્ષુઇન્દ્રિયથી ન જણાય એવા. એવા પરિણામે, એવી પર્યાયો પામવા યોગ્ય જે સ્કંધો હોય છે. એટલે અનેક પુદ્‌ગલોનો જે જથ્થો છે એમાંથી ભેગા થાય છે અને છૂટા પડે છે. એવો એનો સ્વભાવ છે. એમ થયા કરે છે. ... પાછો સ્કંધની અંદર આવે, સ્થૂળ પર્યાયે પરિણમે.

આત્માને એવું નથી થતું. આત્મા સર્વથા શુદ્ધ થાય અને છૂટો પડે સિદ્ધાલયમાં જાય તો સંસારમાં કોઈની સાથે પછી ફરીને એને સંબંધ ન થાય. પણ પુદ્‌ગલમાં એવું નથી. પુદ્‌ગલ શુદ્ધ પણ થાય છૂટો રહીને અને સ્કંધમાં પણ જાય. અને એ સ્કંધના છ ભેદ છે. સ્થૂળ છે, સ્થૂળ-સ્થૂળ, સ્થૂળ સૂક્ષ્મ, સૂક્ષ્મ સ્થૂળ અને સૂક્ષ્મ-સૂક્ષ્મ, સૂક્ષ્મ એવા એના છ ભેદ છે. એ છ ભેદથી ત્રૈલોક્ય ઉત્પન્ન થાય છે. ત્રણ લોકમાં જે પુદ્‌ગલ પરમાણુની રચના છે આ બધી છ ભેદમાં સમાય જાય છે.

એક પરમાણુ શુદ્ધ છે એ સૂક્ષ્મ-સૂક્ષ્મ છે. કાર્મણ વર્ગણાઓની જે વર્ગણાઓ છે એ બધી સૂક્ષ્મ છે. પછી જે સૂક્ષ્મ સ્થૂળ છે, હવા વગેરેના પરમાણુ, ચક્ષુઇન્દ્રિયથી નથી જણાતા એ સૂક્ષ્મ-સ્થૂળ છે ... કર્ણેન્દ્રિયથી જણાય છે. ... કોઈ પરમાણુમાં જોઈ શકાય એવી રચનામાં હોય છે. સ્થૂળ સ્થૂળ તો આ જે પૃથ્વીના મોટા મોટા ગ્રહો છે, બ્રહ્માંડ છે એ બધા સ્થૂળ-સ્થૂળમાં (જાય છે). એવા એના છ ભેદ છે. ત્રણ લોક એમાંથી ઉત્પન્ન થાય છે.

**'૭૭. સર્વ સ્કંધનું છેલ્લામાં છેલ્લું કારણ પરમાણુ છે.'** સર્વ સ્કંધનું છેલ્લામાં છેલ્લું કારણ છે એ પરમાણુ છે. એક એક પરમાણુ સાથે મળીને

સ્કંધ થયેલા. **'તે સત્, અશબ્દ, એક, અવિભાગી અને મૂર્ત હોય છે.'** એ પરમાણુ સત્ એટલે ત્રિકાળ હોવાપણે છે. નવું ઉત્પન્ન થતું નથી. સર્વનાશ પણ એનો કદિ થતો નથી. અશબ્દ છે. એક પરમાણુને શબ્દ નથી હોતો. જે શબ્દની પર્યાય છે એ સ્કંધની પર્યાય છે, એક પરમાણુની નથી. એટલે એ પરમાણુ અશબ્દ છે. એ એક છે એટલે સંખ્યા તો એની એક પરમાણુમાં એકની સંખ્યા છે. અવિભાગી એટલે એના બે ભાગ નથી થઈ શકતા. કોઈ પરમાણુને છેદીને એના બે ટૂકડા નથી થઈ શકતા. છેલ્લી હદનો જે ભાગ છે એને જ પરમાણુ કહેવામાં આવે છે. મૂર્ત હોય છે એટલે એમાં વર્ણ છે, ગંધ છે. એની અંદર પુદ્‌ગલના ચારે ગુણ છે. એકમાં છે. ભલે સૂક્ષ્મ છે અને ન જણાય. તોપણ એ સ્થૂળ પર્યાયે પરિણમે છે ત્યારે એ વર્ણ એનો રંગ પણ જણાય છે, એનો ગંધ પણ ગણાય છે, એને રસ પણ જાણવામાં આવે છે. એ રીતે એ .. છે. .. વર્ણ, ગંધ, રસ આદિ હોય તે મૂર્ત છે. આંખે દેખાય માટે મૂર્ત એમ નહિ. એ પરમાણુ ...

**'૭૮. વિવિક્ષાએ કરીને મૂર્ત, ચાર ધાતુનું કારણ જે છે તે પરમાણુ જાણવા યોગ્ય છે; તે પરિણામી છે, પોતે અશબ્દ છે, પણ શબ્દનું કારણ છે.'** વિવિક્ષાએ કરીને મૂર્ત છે. વિવિક્ષાએ એટલે એ જ્યારે કથનમાં અથવા એના ભેદ કરવામાં આવે, ભેદ વિવિક્ષાએ જોવામાં આવે તો એનામાં વર્ણ છે, ગંધ છે, રસ છે, સ્પર્શ છે. એવા જે ચાર મુખ્ય ગુણો છે એ મૂર્તતાને મૂર્ત સ્વરૂપ નથી જણાતું. મૂર્તિમંત સ્વરૂપ એનું જણાય આવે છે. ચાર ધાતુનું કારણ છે. **'ધાતુચતુષ્કનો છે હેતુ જે,...'** **'મૂર્તત્વના કારણભૂત પરમાણુઓ ભિન્ન ભિન્ન જાતિના હોવાનું આ ખંડન છે.'** પરમાણુ બધા એક જાતિના છે. **'મૂર્તત્વના કારણભૂત સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો, પરમાણુથી આદેશમાત્ર વડે જ ભેદ કરવામાં આવે છે.'** એ વિવિક્ષાથી ભેદ કરવામાં આવે છે. એક કથનથી ભેદ કરવામાં આવે છે, વિવિક્ષાથી ભેદ કરવામાં આવે છે.

**'વસ્તુતઃ તો જેવી રીતે પરમાણુનો તે જ પ્રદેશ આદિ છે, તે જ પ્રદેશ મધ્ય છે, તે જ પ્રદેશ અંત છે, તેવી રીતે દ્રવ્ય અને ગુણના અભિન્ન પ્રદેશ હોવાથી, જે પરમાણુનો પ્રદેશ છે, તે જ સ્પર્શનો છે, તે જ રસનો છે, તે જ ગંધનો છે, તે જ રૂપનો છે. તેથી કોઈ પરમાણુમાં**

**ગંધગુણ ઓછો હોય, કોઈ પરમાણુમાં ગંધગુણ અને રસગુણ ઓછા હોય, કોઈ પરમાણુમાં ગંધગુણ, રસગુણ અને રૂપગુણ ઓછા હોય, તો તે ગુણથી અભિન્ન પ્રદેશવાળો પરમાણુ જ નાશ પામે; માટે તે ગુણની ઓછપ યુક્ત (ઉચિત) નથી.**' એટલે કે '**કોઈ પણ પરમાણુમાં એક પણ ગુણ ઓછો હોય તો તે ગુણની સાથે અભિન્ન પ્રદેશવાળો પરમાણુ જ નાશ પામે; માટે બધા પરમાણુઓ સમાન ગુણવાળા જ છે,...**' ગુણ બધામાં સરખા છે. પર્યાયમાં ઓછી-વત્તી પ્રગટતા હોય છે, એમ કહેવું છે. એટલે કે તેઓ ભિન્ન ભિન્ન જાતિના નથી. બધામાં એક જ જાત છે. જાતિ અપેક્ષાએ બધા એક છે. પછી એની પર્યાયમાં ચિકાશ, લુખાશ ઓછી-વત્તી હોઈ શકે છે.

'**તેથી પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુરૂપ ચાર ધાતુ...**' આ ચાર ધાતુ લીધા. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ. વનસ્પતિ એક આમાં નથી આવતી. '**પૃથ્વી, પાણી, અગ્નિ, અને વાયુરૂપ ચાર ધાતુઓનું પરિણામને લીધે, એક જ પરમાણુ કારણ છે....**' પૃથ્વીના પરમાણુ પાણીના પણ થાય, પાણીના પરમાણુ પૃથ્વીના પણ થાય. અગ્નિના પરમાણુ પાણી પણ થાય અને પાણીના પરમાણુ અગ્નિ પણ થઈ જાય. અને વાયુ. એ પણ નજરે દેખાય છે. પાણીમાંથી વાયુ થાય છે એ તો વરાળ થાય છે એ નજરે દેખાય છે. ઘન, પ્રવાહી અને વાયુ તો ભૌતિક વિજ્ઞાનમાં પણ આવે છે. Physical science માં પણ એ આવે છે કે પરમાણુ પર્યાયાંતર થયા કરે છે. અનાજના પરમાણુ છે એ વિષ્ટાના પરમાણુ થાય છે, પાછા એ જ ખાતરમાં નાખો તો અનાજના પરમાણુ થાય છે. એવી જ રીતે આ સોનું છે, સોનાની ભસ્મ થાય છે. થાય છે કે નહિ ? .. માટી થઈ જાય. ભસ્મ થઈને એ માટી થઈ જાય છે. વળી માટીમાંથી સોનું પાછું થાય છે. ખાણની અંદર માટીના પરમાણુ કેટલા સોનાના થઈ જાય છે. કોઈએ એ પરમાણુ ત્યાં નાખ્યા નથી. એવી રીતે અગ્નિમાં પણ છે. પાણીની અગ્નિ થાય અને અગ્નિનું પાણી થાય. દાવાનળ લાગે છે કે નહિ ? સમુદ્રમાં દાવાનળ લાગે છે. પાણીમાં અગ્નિ થાય. બધા એક જ પરમાણુ છે. બધા જ પરમાણુ એક જાતિના છે. તેના પરિણામને લીધે ચાર ધાતુઓના કારણ બને છે.

'**કેમકે વિચિત્ર એવો પરમાણુનો પરિણામગુણ ક્યાંક કોઈ ગુણની વ્યક્તવ્યક્તતા વડે વિચિત્ર પરિણતિને ધારણ કરે છે.**' કોઈ ક્યારેક કોઈ

એનો ગુણ વધારે પ્રગટ થાય છે, કોઈ ઓછો પ્રગટ થાય છે. એમ કહીને સાવ ન પ્રગટ થાય એવું તો બને નહિ. એ રીતે ચિત્ર-વિચિત્ર (પર્યાય) ધારણ કરે છે. ચાર ધાતુમાં એ બધું આવી ગયું.

'**૭૯. સ્કંધથી શબ્દ ઉત્પન્ન થાય છે. અનંત પરમાણુઓના મેલાપ, તેનો સંઘાત, સમૂહ તેનું નામ 'સ્કંધ'.**' છે. સ્કંધથી શબ્દ ઉત્પન્ન થાય છે. એક પરમાણુથી શબ્દ ઉત્પન્ન થતો નથી. પણ ઘણા પરમાણુના અથડાવાથી શબ્દની ઉત્પત્તિ થાય છે. અનંત પરમાણુઓનો મેળાપ થાય. સંઘાત થાય એટલે સાથે મળે, સમૂહ થાય. સંઘાત, સમૂહ અને મેળાપ બધા એકાર્થમાં છે. તેનું નામ સ્કંધ છે. '**તે સ્કંધો પરસ્પર સ્પર્શાવાથી, અથડાવાથી નિશ્ચય કરીને 'શબ્દ' ઉત્પન્ન થાય છે.**' પરમાણુ પરમાણુમાં ઘર્ષણ થાય ત્યારે સ્કંધની ઉત્પત્તિ થાય છે. મેઘગર્જના જેને કહે છે. આકાશમાં બહુ મોટા અવાજો થાય છે. ... જેવા અવાજો થાય છે. ઉપર પરમાણુ અથડાય છે એટલે. એ સ્પષ્ટ વાત છે શબ્દની ઉત્પત્તિ.

'**૮૦. તે પરમાણુ નિત્ય છે, પોતાના રૂપાદિ ગુણોને અવકાશ, આધાર આપે છે,...**' પદાર્થ હોય એટલે બધા ગુણો, પોતાના સર્વ ગુણોને આધારભૂત છે. દ્રવ્ય છે તે ગુણોના આધારભૂત છે. અથવા દ્રવ્યના આધારે બધા ગુણો રહેલા છે. દ્રવ્યાશ્રયા ગુણાઃ. સૂત્ર છે. દ્રવ્યાશ્રયા ગુણાઃ. ગુણના આશ્રયે ગુણ નથી પણ દ્રવ્યના આશ્રયે ગુણ હોય છે. ગુણાશ્રયે ગુણા ન ભવન્તિ. દ્રવ્યાશ્રયા ગુણાઃ. '**તે પરમાણુ નિત્ય છે, પોતાના રૂપાદિ ગુણોને અવકાશ, આધાર આપે છે, પોતે એકપ્રદેશી હોવાથી એક પ્રદેશથી ઉપરાંત અવકાશને પ્રાપ્ત થતો નથી,...**' એક પ્રદેશની જગ્યા રોકે એથી વધારે જગ્યા પહોળો થઈને રોકે નહિ કે સાંકડો થઈને પણ એ કોઈ ઓછી જગ્યા રોકે એમ બને નહિ.

મુમુક્ષુ :- દ્રવ્યના આશ્રયે ગુણ રહેલા છે તો ગુણની સ્વતંત્ર સત્તા ખરી કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- ગુણની સ્વતંત્ર સત્તા ખરી. પણ એકાંતે જો સ્વતંત્ર સત્તા પદાર્થની હોય જે પરમાણુની, એવી રીતે નહિ. એવી રીતે નહિ. કેમકે દ્રવ્યની સાથે એને કથંચિત્ અભિન્નતા પણ છે અને કથંચિત્ ભિન્નતા પણ છે. એવી રીતે છે.

મુમુક્ષુ :- પરમાણુ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધી વખતે એવું નથી બનતું. કેટલીક વખતે આપણે એમ કહેવું પડે છે કે હું સમજુ છું પણ કહી શકતો નથી. કહેવું પડે છે કે નહિ ? મારી વાત સમજમાં છે, હું તમને સમજાવી નથી શકતો, કહી નથી શકતો. પણ મારી વાત સમજમાં છે. Court માં વકીલ પૂછે કાંઈક અને જવાબ આપે કાંઈક. ઇચ્છા પ્રમાણે બોલે છે ઊંધો જવાબ આપે છે ત્યારે ? મારાથી બોલાઈ ગયું, એમ કહે. મને પૂછ્યું આમ એટલે મારાથી આમ બોલાય ગયું. એટલે ઇચ્છા પ્રમાણે બોલાય છે ત્યાં પુણ્યનો યોગ છે. જીવની ઇચ્છાને આધીન પરમાણુની શબ્દની પર્યાય નથી. પણ એવું બને જ, એનું આધીનપણું હોય તો જ એવું બને. પણ આધીનપણું નથી માટે બીજી રીતે પણ ક્યારેક એમ બને છે.

મુમુક્ષુ :- બન્યું છે એ પણ સ્વતંત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- આપણે તો છદ્મસ્થ છીએ. ઘણા ગુણોનું આવરણ છે, પણ કેવળી ભગવાનના જ્ઞાનમાં સર્વ ગુણો અને સર્વ પર્યાયો, સર્વ પદાર્થના આવે છે. આત્માના પણ આવે છે. અને પોતાના આત્માનો તો અનુભવ પણ સર્વથા છે. છતાં પોતાના આત્માના સર્વ ગુણને કહી શકતા નથી. ઇચ્છા પ્રમાણે બોલી શકાય ? ઇચ્છા પ્રમાણે કોઈ બોલી શકતું નથી. ઇચ્છાને અનુકૂળ કેટલુંક બોલાય છે, બહુભાગ બોલાય છે ત્યારે જીવને ભ્રાંતિ થાય છે કે આપણી ઇચ્છા પ્રમાણે આપણે બોલ્યા. એ ભ્રાંતિ છે. પુણ્યનો યોગ હોય અને ધંધામાં પૈસા કમાય ત્યારે એમ કહે કે મારી હોંશિયારીથી હું કમાણો. એમ કહે છે કે નહિ ? સાચી વાત હશે ? પુણ્યનો યોગ હોય ત્યારે અવળા નાખે તો સવળા પડે, સવળા નાખે તો સવળા પડે અને અવળા નાખે તોપણ સવળા પડે. એવું છે. પુણ્યનો યોગ હોય ત્યારે જીવ ધણી થઈ જાય. ભ્રાંતિએ કરીને. એ ભ્રાંતિ છે, વસ્તુસ્થિતિ નથી.

જ્યારે પરમાણુ અચેતન પદાર્થ છે અને જીવ જ્યારે ચેતન પદાર્થ છે, તો પછી ચેતન અચેતન થાય તો પરમાણુનું કામ કરે. .. ચેતનપણું, અચેતનપણું પરમાણુમાં ક્યારે જાય ! તો પરમાણુનું કામ કરી શકે. એવું તો કોઈ દિ' બનવાનું નથી. એ તો બહુ સ્પષ્ટ વાત છે.

મુમુક્ષુ :- આત્મા તો ખાલી જ્ઞાતા-દૃષ્ટા છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્મા ધારણા સિવાય વધારે કરી શકતો જ

નથી. કરવા માગે, કરવા ધારે, કરવા ઇચ્છે તોપણ કરી શકતો નથી. આ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... કરી શકતો નથી છતાં હું કરું છું એવો ભાવ રાખે એ એનો અપરાધ છે. એક પરમાણુ એમ કહે છે કે, જો ભાઈ જીવ ! તારો મારા ઉપર કોઈ અધિકાર નથી. કોઈ કોઈના ઘરમાં ડહાપણ કરી શકે ? બીજાના ઘરમાં કોઈ ડહાપણ કરવા જાય તો શું કહે એને ? તમે તમારા ઘરે બેસો. મારા ઘરમાં તમારે ડહાપણ કરવાની જરૂર નથી. તમારું સંભાળો, એમ કહે. એમ જીવ પોતાનું સંભાળે નહિ અને પુદ્‌ગલના ઘરમાં ડહાપણ કરે તો માર ખાય. બીજું કાંઈ ન થાય. આકુળતા થાય અને દુઃખી થાય. આ સીધી વાત છે. એ વીતરાગી કાનૂન છે. આ કાયદો છે એ વીતરાગના ઘરનો છે. કાયદાનો ભંગ પડે એને દંડ મળ્યા વગર રહે નહિ. એને દંડ ભોગવવો જ પડે. બીજું કાંઈ નથી. શું કહે છે ?

**'એક પ્રદેશથી ઉપરાંત અવકાશને પ્રાપ્ત થતો નથી, બીજા દ્રવ્યને અવકાશ (આકાશની પેઠે) આપતો નથી,...'** આકાશની પેઠે બીજા દ્રવ્યને અવકાશ આપતો નથી. એટલે મુખ્યપણે, હોં ! ગૌણપણે તો એ પણ અવકાશ આપે છે. જ્યાં જીવ છે ત્યાં પરમાણુ છે, પરમાણુ છે ત્યાં જીવ છે. અથવા એક પરમાણુ છે ત્યાં અનંત પરમાણુ પણ છે. **'સ્કંધના ભેદનું કારણ છે,-સ્કંધના ખંડનું કારણ છે,...'** ભેદનું એટલે ખંડનું કારણ છે. એ સ્કંધમાંથી ટૂકડો થાય એ પરમાણુ જુદા જુદા છે માટે ટૂકડો થાય છે. જો પરમાણુ સર્વથા જોડાય જતા હોય, પૂરા અને સર્વથા જોડાતા હોય તો પાછા છૂટા પડી શકે નહિ. કારણ કે **'સ્કંધના ખંડનું કારણ છે, સ્કંધનો કર્તા છે, કાળના પરિમાણ (માપ) સંખ્યા-(ગણના)નો હેતુ છે.'** એક સેકન્ડ, એક સમય, એક મિનિટ, કલાક, ઘડી, દિવસ એ બધા પુદ્‌ગલથી માપવામાં આવે છે. સેકન્ડ કાંટો આખો ફરે ત્યારે એક મિનિટ થઈ. મિનિટ કાંટો ઘડિયાળનું આખું ચક્કર ફરે ત્યારે એક કલાક થઈ. એવી રીતે. એ પુદ્‌ગલના પ્રમાણમાં એનો વિષય ... એ ૮૦ ગાથા થઈ.

**'૮૧. એક રસ, એક વર્ણ, એક ગંધ અને બે સ્પર્શ, શબ્દની ઉત્પત્તિનું કારણ, અને એકપ્રદેશાત્મકપણે અશબ્દ, સ્કંધપરિણમિત છતાં વ્યતિરિક્ત દ્રવ્ય તે પરમાણુ જાણવો.'** એક પરમાણુ છૂટો હોય તો એક રસ, એક વર્ણ, એક ગંધ અને બે સ્પર્શ એનામાં હોય. એ બે સ્પર્શ.

એકસાથે બે સ્પર્શ નહિ પણ અપેક્ષિત... ચિકાશનો કીધો. ચિકાશ વધારે ... ઓછી છે. શબ્દની ઉત્પત્તિનું એ કારણ છે. અને '**એકપ્રદેશાત્મકપણે અશબ્દ,...**' છે. એક પ્રદેશી હોય, જ્યારે છૂટો હોય ત્યારે તે અશબ્દ છે. '**સ્કંધપરિણમિત છતાં વ્યતિરિક્ત દ્રવ્ય...**' સ્કંધમાં જોડાયેલો હોવા છતાં વ્યતિરિક્ત એટલે જુદું દ્રવ્ય છે. એને '**પરમાણુ જાણવો.**' આ પરમાણુની પરિભાષા કરી કે એક પરમાણુ કેવો હોય. સ્કંધ ન હોય તો એને જુદા જાણવો. સામાન્ય રીતે એનામાં એક રસ, એક સ્પર્શ, એક ગંધ અને બે સ્પર્શ, સ્કંધની ઉત્પત્તિનું એ કારણ છે, એક પ્રદેશાત્મકપણું છે અને ... એ પરમાણુ જાણવો. પરમાણુને આવો જાણવો. આ પરમાણુનું સ્વરૂપ કહ્યું. ૮૧માં.

'**૮૨. ઈન્દ્રિયોએ કરી ઉપભોગ્ય, તેમ જ કાયા, મન અને કર્મ આદિ જે જે અનંત એવા મૂર્ત પદાર્થો છે તે સર્વ પુદ્‌ગલદ્રવ્ય જાણવું.**' પાંચે ઈન્દ્રિયોના ભોગવવા યોગ્ય વિષયો છે તે બધી પરમાણુની પર્યાય છે. જીવની પર્યાય તે નથી. એમ લેવું. ઈન્દ્રિયો, શરીર એ પણ પરમાણુની પર્યાય છે. મન પણ પરમાણુની પર્યાય છે. મન (એટલે) આ દ્રવ્યમન. આઠ પાંખડીના કમળના આકારે જે હોય છે, એ દ્રવ્યમન. અને કર્મ પરમાણુ-કર્મવર્ગણા. એ વગેરે જે અનંત એવા મૂર્ત પદાર્થો છે એ બધા પુદ્‌ગલદ્રવ્ય જાણવા. એમાં ક્યાંય જીવ નથી.

કોઈનો અવાજ મીઠો હોય છે તો ત્યાં જીવ હશે કે નહિ હોય ? ત્યાં જીવ નથી. પરમાણુમાં ક્યાંય જીવ નથી. મડદું અને જીવતા માણસની વચ્ચે તફાવત છે. તો જીવતા માણસના શરીરના પરમાણુમાં ક્યાંય જીવ હશે કે નહિ હોય ? ત્યાં જીવ નથી. અત્યારે જ મડદું છે. એમ લેવું. ત્યાં એ બધું પુદ્‌ગલ જ જાણવું, એ જીવ નથી. એટલે પાંચ ઇંદ્રિયથી જેટલા કોઈ વિષયો જણાય છે કે ભોગવાય છે કે જણાય છે, એ બધા પુદ્‌ગલ જ છે. કોઈ જીવ નથી.

મુમુક્ષુ :- આ બધું ભ્રમણા ટાળવા માટે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભ્રમણા ટાળવા માટે. સર્વથા જીવને પુદ્‌ગલઆદિની ભ્રમણા થાય છે. શું થાય છે ? હું શરીરરૂપે છું, અનેક પ્રકારના સંયોગી રૂપે છું, સંયોગોમાં ફેરફાર થાય છે તેથી મને લાભ-નુકસાન થાય છે અને કેટલાક સંયોગો મારી સાથે સંબંધ ધરાવે છે. જે મારી સાથે સંબંધ ધરાવે છે એમાં જે ફેરફાર થાય છે એમાં મને બધું લાગુ

પડે છે. આવું બધું જીવ જાણે છે. અને એવું જે વિપરીત જાણે છે એનાથી એ જીવ દુઃખી છે. એના કારણે જીવ દુઃખી થાય છે.

મુમુક્ષુ :- આ બધાનું સંચાલન કોણ કરે ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ કરતું નથી. પોતે જ કરે છે. સંચાલન કરવા માટે પ્રત્યેક દ્રવ્યમાં અનંત શક્તિ છે. પોતાની અનંત શક્તિઓનું પરિણમનરૂપ સંચાલન કરવા માટે કોઈની શક્તિની કોઈને જરૂર નથી. જીવને પરમાણુની જરૂર નથી અને પરમાણુને જીવની જરૂર નથી.

મુમુક્ષુ :- એટલે આત્મા કર્તા નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ નહિ. જરાય નહિ. કરી શકે જ નહિ. આત્મા જડ થાય તો જડના કાર્ય કરે. ચેતન આત્મા ચેતનપણું છોડીને જડ ક્યારેય થાતો નથી. માટે જડના કાર્ય કરી શકતો નથી.

મુમુક્ષુ :- આત્મા જતા શરીર જડ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા છે ત્યારે જડ છે એ તો જડ જ છે. આત્માની હયાતીમાં શરીર ચેતન થયું નથી. એ તો વાત ચાલી કે અત્યારે આ શરીરના સંયોગમાં જે આત્મા છે તો એ શરીરનો એક પરમાણુ પણ ચેતનતામાં નથી, એનામાં જ્ઞાન નથી આવ્યું, ચેતનતા નથી આવી. પણ આંખથી જોવે છે ને ? ખોટી વાત છે. આંખનો કોડો કાંઈ જોતું નથી. જો આંખનો કોડો જોવે તો મડદું પણ જોવે. જોનારો અંદરથી ચાલ્યો ગયો. કોડો એમ ને એમ રહી ગયો.

મુમુક્ષુ :- આત્માનો ઉપયોગ ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર પણ ક્યારેય નથી જતો. જાણનાર ઉપયોગ છે. જાણનાર છે તે ઉપયોગ છે. પુદ્ગલમાં જાણવું, એક પરમાણુમાં જાણવાનો ગુણ જ નથી ને. પછી જાણવાનો પર્યાય આવે ક્યાંથી ? જેનામાં જાણવાનો ગુણ નથી એમાં જાણવાનો પર્યાય આવે ક્યાંથી ? કૂવામાં હોય તો અવેડામાં આવે. એના જેવું છે.

મુમુક્ષુ :- પાંચ ઈન્દ્રિય અને મન એના કર્મ અનુસાર કાર્ય કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વતંત્ર એના ગુણધર્મ પ્રમાણે કામ કરે છે. પ્રત્યેક પરમાણુ પોતાના ગુણધર્મ અનુસાર સ્વતંત્રપણે પરિણમ્યા કરે છે. એમાં આ જીવનું કાંઈ ચાલે નહિ. જો ચાલે તો કોઈ પોતાના વાળ ધોળા ન થવા દે. આ જે વાળ ધોળા થાય છે એ કોઈને પસંદ છે ? છે ?

મુમુક્ષુ :- સ્વ આત્માને ભોગવવું પડે...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વ આત્માને ભોગવવું પડે છે પોતાના સુખ-દુઃખ... પુદ્‌ગલનું નહિ. સુખ દુઃખરૂપ ભાવનું ફળ ભોગવવું પડે છે. અન્ય મતમાં એવી વાત તો આવે છે. ધ્રુવની કથા આવે છે ને ? ધ્રુવની. એને પ્રતિકૂળતા આપીને કાઢી મૂક્યો. રાજાનો કુંવર હતો પણ ... હતી એટલે એને ઘરમાંથી કાઢી મૂક્યો. જંગલમાં જઈને તપશ્ચર્યા કરી. ભગવાનનું ધ્યાન કર્યું અને ભગવાને એને દર્શન દીધા. ઘરે આવીને એની માતાને ખબર કરી કે આ તો મહાન ભક્ત છે અને એનો ભગવાનનો સાક્ષાત્કાર થયો છે. એટલે એની માફી માંગવા મંડી કે દીકરા મેં તને પ્રતિકૂળતા ઘણી આપી. નહિ, માતા તેં મને પ્રતિકૂળતા નથી આપી પણ અનુકૂળતા આપી છે. ત્યારે મેં ભગવાનના દર્શન કર્યા છે. તારો ઉપકાર માનું એટલો ઓછો છે. લ્યો ઠીક ! અનુકૂળતા આપી કે પ્રતિકૂળતા આપી ? કેવી રીતે ... કે પ્રતિકૂળતા અને અનુકૂળતા અપેક્ષિત ગણવામાં આવે છે. ખરેખર તો એ અનુકૂળતા પણ નથી અને કોઈ પ્રતિકૂળતા પણ નથી. જીવ જ્ઞાતા છે. જ્ઞાતા છે. જ્ઞાતાને કોઈ અનુકૂળ નથી, જ્ઞાતાને કોઈ પ્રતિકૂળ નથી.

મુમુક્ષુ :- અત્યારે જે ભાવ થાય છે એ કર્મ અનુસાર થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પોતાની યોગ્યતા અનુસાર થાય છે. પછી કર્મનો ઉદય મેળવો તો કર્મ અનુસાર કહેવાય. નહિતર થાય પોતાની યોગ્યતા અનુસાર ભાવ થાય. સમય સમયની યોગ્યતા છે. પોતાની યોગ્યતા અનુસાર થાય. જીવ એક એવો પદાર્થ છે અને બધે બધા પદાર્થો ખરેખર તો પોતાના ગુણધર્મોને લઈને પોતાના વૈજ્ઞાનિક સ્વરૂપથી લઈને રહેલા છે. અને પ્રત્યેકનો પોતાનું વિજ્ઞાન છે તે અનુસાર એના ગુણધર્મોનું પરિણમન છે. આ સીધી સાદિ વાત છે. અહીં તો શું કહે છે ?

'**૮૨. ઇન્દ્રિયોએ કરી ઉપભોગ્ય,...**' ... અહંપણું કરે છે. '**કાયા, મન અને કર્મ...**'-નસીબ. નસીબમાં અહંપણું કરે છે. જુઓ ! અમારી પાસે કરોડો રૂપિયા થઈ ગયા. અબજો રૂપિયાના ધણી છીએ. અમે બધા સત્તાધારી છીએ. અમારી પાસે ફલાણું છે, ઢીકણું છે... પૂર્વ કર્મનો ઉદય છે ને ? તો જ્યાં જ્યાં જીવ મમત્વ કરે છે એને અહીંયાં ભગવાન કહે છે કે એ બધા પુદ્‌ગલ દ્રવ્ય જાણવા. તારું કાંઈ આમાં લેવા-દેવા નથી. અનંતે એવા અનંત પદાર્થો છે કે જે બધા - સર્વ પુદ્‌ગલ જાણવા. ક્યાંય તું તારો અધિકાર સ્થાપીશ નહિ. તારો અધિકાર નથી છતાં તારો અધિકાર રાખવા જઈશ તો દુઃખી થઈશ, બીજું કાંઈ થાશે નહિ. છતાં તારો અધિકાર એના

ઉપર સ્થાપિત નહિ થાય. તને દુઃખ થશે, બીજું કાંઈ નહિ થાય.

મુમુક્ષુ :- લૂંટાય જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- .. લૂંટાય જાય. ક્યાં જાય લૂંટાઈને ? ક્યાં જાય ? ક્ષેત્રાંતર થાય. લૂંટાઈ જાય એટલે ક્ષેત્રાંતર થાય. ત્યારે એ આત્માનું નહોતું અને લુટાણું ત્યારે પણ એ આત્માનું નહોતું. એમ છે.

મુમુક્ષુ :- પુદ્ગલના ખેલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પુદ્ગલના ખેલ છે. નથી છતાં અધિકાર મેળવવા જાય એટલે દુઃખી થયા વિના નહિ રહે. આ ભીંત છે. અહીં બારણું છે. કોઈ એમ કહે કે મારે બારણે નથી ચાલવું. મારે તો ભીંતેથી ચાલવું છે. આમ ચાલે ? સીધા ન ચાલે. બારણેથી ન ચાલે. હું તો ભીંતથી ચાલીશ. મારે બારણેથી નથી ચાલવું. હાલત શું થાય ? ઢીમણું થાય. બીજું શું થાય ? ભીંતે માથુ ભટકાડે તો શું થાય ? ઢીમણું થાય. જે વસ્તુ શક્ય નથી એને શક્ય કરવા મથે તો શું થાય ? દુઃખ ન થાય તો બીજું શું થાય ? ભગવાન કહે છે કે તું સરળ થા. તારી સત્તા તારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં. પુદ્ગલની સત્તા પુદ્ગલના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં. અધિકાર જમાવવા જઈશ એટલું દુઃખી થાવું પડશે અને ભોગવ્યા વગર ચાલશે નહિ.

'**૮૩. ધર્માસ્તિકાય અરસ, અવર્ણ, અગંધ, અશબ્દ અને અસ્પર્શ છે; સકળલોકપ્રમાણ છે, અખંડિત, વિસ્તીર્ણ અને અસંખ્યાત-પ્રદેશાત્મક દ્રવ્ય છે.**' આ ધર્માસ્તિકાયની વ્યાખ્યા કરી. ધર્માસ્તિકાય નામનો એક પદાર્થ છે. કેટલો છે ? અસંખ્યાત પ્રદેશાત્મક. અસંખ્ય પ્રદેશ એટલે ચૌદ બ્રહ્માંડના જેટલા અસંખ્ય પ્રદેશો છે લોકના, એટલો એ વિસ્તાર પામેલો અસંખ્ય પ્રદેશાત્મક છે. આખા લોકના પ્રમાણ છે. પછી એના ટૂકડા થતા નથી. અખંડિત છે. એના બે ભાગ ક્યારેય થતા નથી. અને એનામાં રસ નથી, વર્ણ નથી, ગંધ નથી, શબ્દ નથી અને સ્પર્શ પણ નથી. પુદ્ગલના કોઈ ખાસ ગુણો છે એ બિલકુલ એમાં નથી. અચેતન હોવા છતાં, પુદ્ગલની જેમ અચેતન હોવા છતાં પુદ્ગલના ગુણો નથી. અને ચેતનની જેમ એમાં અરસ, અસ્પર્શ, અગંધ આદિ હોવા છતાં એ ચેતન પણ નથી. અમૂર્ત હોવા છતાં જડ છે. અને જડ હોવા છતાં મૂર્ત નથી. '**સકળ લોકપ્રમાણ છે, અખંડિત, વિસ્તીર્ણ અને અસંખ્યાતપ્રદેશાત્મક દ્રવ્ય છે.**'

મુમુક્ષુ :- આખા લોકપ્રમાણ કીધું. અસંખ્યાત...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અસંખ્યાત છે. ચૌદ બ્રહ્માંડના પ્રદેશો ગણો તો અસંખ્યાત.. છે. ... અસંખ્યાતના ઘણા ભેદ છે. આ લોકપ્રમાણાત્મક અસંખ્યાત છે. એમ.

મુમુક્ષુ :- આકાશ અનંત છે. લોક તો અસંખ્ય પ્રદેશી છે.

પૂજ્ય ભાઈશ્રી :- આકાશ અનંત છે. લોક અસંખ્ય પ્રદેશી છે. લોકમાં પરમાણુ અનંતા છે. જીવો પણ અનંતા છે. પણ એકબીજાને અવગ્રાહીરૂપે છે, એક પરમાણુ અનંત પરમાણુને અવગાહના આપે, એક જીવ અનંત જીવને અવગાહના આપે. ... અસંખ્ય પ્રદેશ લોકની અંદર બધા રહી શકે છે. નહિતર એ પ્રશ્ન થાય કે સંખ્યા અનંત છે અને અસંખ્યમાં કેવી રીતે રહે છે ? એકબીજાને અવગાહના આપીને રહે. સિદ્ધાલયમાં અનંત સિદ્ધાત્માઓ છે. એક પ્રદેશે. ૪૫ લાખ યોજનની મર્યાદિત (સિદ્ધશિલા છે). જેનું ક્ષેત્રફળ મર્યાદિત છે. એ સિદ્ધશિલા છે. અને અનંતા સિદ્ધો થયા જ કરે. અનંત કાળથી અનંતા થયા અને હજી અનંતા થયા જ કરે છે. એક પ્રદેશે અનંત સિદ્ધો છે. એકબીજામાં અવગાહન પામે છે. કોઈ કોઈમાં ભળતા નથી કે કોઈ કોઈને ધક્કો મારતા નથી કે ગડદી થાતી નથી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. છેલ્લું શરીર હોય. દરેકનું શરીર જુદું જદું છે. 'ઋષભદેવ' ભગવાનની કાયા પાંચસો ધનુષની હતી. અને 'મહાવીર' ભગવાનની કાયા સાત હાથની હતી. છેલ્લું શરીર હોય એથી થોડુંક ઓછું. કિંચિત્ ન્યૂન. થોડુંક ક્ષેત્ર ઘટે છે. છેલ્લા અસંખ્ય શરીર પ્રમાણ લગભગ. એક જ ક્ષેત્ર હોય છે. બધા સિદ્ધોનું એક સરખું ક્ષેત્રફળ નથી. એમ છે.

'**૮૪. અનંત અગુરુલઘુગુણપણે તે નિરંતર પરિણમિત છે.**' કોણ ? ધર્માસ્તિકાયનો વિષય ચાલે છે. '**અનંત અગુરુલઘુગુણપણે તે નિરંતર પરિણમિત છે.**' અગુરુલઘુગુણ હોવાથી એનામાં નિરંતર પરિણમન ચાલે છે. અનંતું પરિણમન થયા જ કરે છે. '**ગતિક્રિયાયુક્ત જીવાદિને કારણભૂત છે;...**' ગતિ ક્રિયા બે જ કરે છે : એક જીવ અને પુદ્ગલ. એટલે આદિમાં બીજું પુદ્ગલ લઈ લેવું. અધર્માસ્તિ ગતિ કરતું નથી, આકાશ ગતિ કરતું નથી, કાળાણું પણ ગતિ કરતા નથી. એટલે ગતિક્રિયાયુક્ત એવા જીવ અને પુદ્ગલો છે અને એમાં ક્રિયાવર્તી શક્તિ છે. જેને લઈને ગતિ થાય છે. એ પોતાને તે '**ઉપકાર કરે છે...**' ઉપકાર કરે છે

એટલે નિમિત્ત પડે છે '**તે 'ધર્માસ્તિકાય' જાણવો.**'

જેવી રીતે માછલાને પાણી ગતિ કરવામાં નિમિત્ત પડે છે તેમ. એરોપ્લેનને હવા ગતિ કરવામાં નિમિત્ત પડે છે એમ. પાણી એને ગતિ કરાવતું નથી. જો પાણી ગતિ કરાવે તો સામા પૂરે માછલી તરી શકે નહિ. એવું પૂર હોય કે હાથી તણાય જાય. સામા પૂરે હાથી ચાલવા જાય તો તાણી જાય એને. અને એક ઈંચનું માછલું હોય, અડધા ઈંચનું માછલું હોય, હાથી તણાય પણ, ઈ સામા પૂરે તરીને જાય. સામા પૂરે તરીને જાય. કેમકે એનું તો પાણી સાધન છે. તરવાનું સાધન એને પાણી છે. નિમિત્ત છે. જો પાણી ગતિ કરાવતું હોય તો બધા માછલા તરીને એક જ જગ્યાએ ભેગા થઈ જાય. એવું બનતું નથી. ૮૫માં એ વાત લીધી છે.

'**૮૫. જેમ મત્સ્યની ગતિને જળ ઉપકાર કરે છે,...**' જળ ગતિ કરાવતું નથી એ તો સ્થિર પણ રહી જાય. માછલાને એક જગ્યાએ સ્થિર રહેવું હોય તો એને પાણીનું પૂર ખસેડી શકે નહિ. હાથીને ખસેડે. માછલાને ન ખસેડે. સ્થિર રહી જાય. '**જેમ મત્સ્યની ગતિને જળ ઉપકાર કરે છે, તેમ જીવ અને પુદ્‌ગલદ્રવ્યની ગતિને ઉપકાર કરે છે તે ધર્માસ્તિકાય જાણવો.**' ગતિ કરે એને નિમિત્ત છે. ન ગતિ કરે તો એને ધર્માસ્તિકાયનું નિમિત્તપણું ત્યાં લાગુ પડતું નથી. કેમકે ગતિ કરે છે પોતાની ક્રિયાવર્તી શક્તિને લીધે. ધર્માસ્તિકાયને લઈને નહિ. જો ધર્માસ્તિકાય પરમાણુને કે જીવને ગતિ કરાવતું હોય તો, તો કાળાણુને ગતિ કરાવી દે. કાળાણુને ગતિ કરાવે કે ન કરાવે ? પોતે ગતિ કરતું નથી એને કોણ ગતિ કરાવે ? એટલે એ ગતિ કરે એને ઉપકારી જાણવો.

'**૮૬. જેમ ધર્માસ્તિકાય દ્રવ્ય છે તેમ અધર્માસ્તિકાય પણ છે એમ જાણો.**' આ જૈનદર્શનમાં જ આ છ દ્રવ્ય છે. કોઈ અન્ય દર્શનમાં ધાર્મિક સાહિત્યમાં કે દુનિયાના કોઈ વિજ્ઞાનમાં આ ચાર .. દ્રવ્યોનો વિષય નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. આકાશની વાત વિજ્ઞાનમાં આવે છે. અવકાશની અને આકાશની બેય આવે છે. અવકાશ એટલે ખાલી જગ્યા-Vaccum. અને આકાશ એટલે આ બધું ભર્યું ભર્યું દેખાય તે આકાશ. એ બધી વાત આવે છે. પણ એ આકાશ ખરેખર છે નહિ. અવકાશ પણ આકાશ નથી અને આ રંગબેરંગી દેખાય છે એ પણ આકાશ નથી. આકાશ એક પદાર્થ છે, જે લોકાલોક વ્યાપી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કાળનો .. છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વ્યવહારકાળની વાત છે. નિશ્ચયકાળની વાત નથી. એ પુદ્ગલ પરમાણુ ... એ પુદ્ગલની પર્યાય છે. કાળની પર્યાય નથી. પુદગલની પર્યાય છે. ... પરિણમનમાં નિમિત્ત થાય છે. .. આવશે.

જેમ ધર્માસ્તિકાય છે એમ અધર્માસ્તિકાય (છે). મેં તો નામ નહિ સાંભળેલા. જૈનશાસ્ત્ર હાથમાં આવ્યા પછી ... ધર્માસ્તિકાય તો ધર્મનું હોવું જોઈએ. પદાર્થનું નામ કેમ છે ? અધર્માસ્તિકાય તો કોઈ અધર્મ કરે તો એનું નામ હોવું જોઈએ. એમ લાગતું હતું. જાણવામાં ... આવ્યું હોય, શબ્દ જ સાંભળવામાં ન આવ્યા હોય. તો પછી શબ્દનો અર્થ કેવી રીતે છે અને કેમ આવો છે ? એ તર્ક થાય. નવા નવાને તો તર્ક થાય. ધર્માસ્તિકાય કેમ નામ પડ્યું ? ધર્માસ્તિ અને ધર્મ અને અધર્મ ... ખરેખર કાંઈ એ ધર્મ અધર્મ સાથે લેવા દેવા જ નથી એને. જીવના ધર્મ-અધર્મ સાથે એને કાંઈ લેવા દેવા નથી. એક જાતની ... નામ ચાલ્યા આવે છે.

**'જેમ ધર્માસ્તિકાય દ્રવ્ય છે તેમ અધર્માસ્તિકાય પણ છે એમ જાણો.'** ૮૬માં. **'જેમ ધર્માસ્તિકાય દ્રવ્ય છે તેમ અધર્માસ્તિકાય પણ છે એમ જાણો. સ્થિતિક્રિયાયુક્ત જીવ, પુદ્ગલને તે પૃથ્વીની પેઠે કારણભૂત છે.'** જેમ પૃથ્વીના આધારે માણસ ચાલે છે. પૃથ્વી એને ચલાવતી નથી. પણ પૃથ્વીના આધારે માણસ બેસે છે. ભાઈ ! અહીં આરામ કરો, આ જગ્યા સારી છે. એને જગ્યાએ આરામ કરાવડાવ્યો અને રોકી લીધો ? કે જગ્યાએ એને રોક્યો નથી. આ જગ્યા સારી છે એમ ... કે અહીં આરામ કરવા જેવો છે. અહીંયાં જમીન એકસરખી સમથળ છે. એનાથી આપણને કાંઈ વાગે એવું નથી. તો જગ્યાએ એને સૂવડાવી દીધો ? રોકી લીધો ચાલતો ચાલતો ? ચાલતો ચાલતો સ્વયં રોકાય એને અહીંયાં નિમિત્તભૂત થાય છે. એમ જીવ અને પુદ્ગલ ગતિપૂર્વક સ્થિતિ કરતા હોય ત્યારે એને નિમિત્તભૂત છે. ક્યારે નિમિત્તભૂત છે ? કે ગતિપૂર્વક સ્થિતિ કરતા હોય. ચાલતા-ચાલતા રોકાય જાય ત્યારે એને અધર્માસ્તિકાય નિમિત્ત કહેવામાં આવે છે. એમ લેવું. એટલે સ્થિતિક્રિયાયુક્ત લીધા. સ્થિતિયુક્ત ન લીધા પણ સ્થિતિક્રિયાયુક્ત લીધા. સ્થિર થવાની ક્રિયા કરે છે. ચાલવાની ક્રિયા છે અને સ્થિર થવાની ક્રિયા કરે છે. એવા **'જીવ,**

**પુદ્ગલને તે પૃથ્વીની પેઠે કારણભૂત છે.**' એ અધર્માસ્તિકાય છે.

'**૮૭. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને લીધે લોક અલોકનો વિભાગ થાય છે.**' કેમકે એ લોકપ્રમાણ છે. બંને પદાર્થો લોકપ્રમાણ છે એટલે એને લોકઅલોકનો વિભાગ ત્યાંથી કરી શકાય છે. અહીંથી આ ... જ્યાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય પૂરા થયા ત્યાં લોક પૂરો થઈ ગયો. '**એ ધર્મ અને અધર્મ દ્રવ્ય...**' ધર્મ અને અધર્મ દ્રવ્ય, હોં ! પર્યાય નહિ. '**એ ધર્મ અને અધર્મ દ્રવ્ય પોતપોતાના પ્રદેશથી કરીને જુદાં જુદાં છે.**' બંને અરૂપી હોવા છતાં બંને પોતપોતાના પ્રદેશથી જુદા છે. કોઈ કોઈમાં ભળતા નથી.

'**પોતે હલનચલન ક્રિયાથી રહિત છે;...**' અચળ પદાર્થો છે. .. એમાં કોઈ ક્ષેત્રનું હલનચલન થતું નથી. ધરતીકંપ થાય ત્યારે હલે કે ન હલે ? ન હલે. પુદ્ગલનો ધરતીકંપ છે. ધરતી પુદ્ગલ છે અને એ પુદ્ગલનો કંપ છે. ધર્માસ્તિકાયને કંપ નથી, અધર્માસ્તિકાયને કંપ નથી. અકંપ છે. બંને દ્રવ્યો અકંપ છે, અચળ છે. '**અને લોકપ્રમાણ છે.**' ... થઈ જાય એવું છે.

'**૮૮. ધર્માસ્તિકાય જીવ, પુદ્ગલને ચલાવે છે એમ નથી; જીવ, પુદ્ગલ ગતિ કરે છે તેને સહાયક છે.**' જેમ માછલું તરે ત્યારે એને પાણી તરવામાં નિમિત્ત છે. ...(પાણી એને) ગતિ કરાવતું નથી. ૮૯ ગાથામાં આ વાત મૂકી છે.

'**આ, ધર્મ અને અધર્મના ઉદાસીનપણાની બાબતમાં હેતુ કહેવામાં આવ્યો છે.**' ૮૯ ગાથામાં શું કહે છે ? ધર્મ અને અધર્મ છે તે ઉદાસીન નિમિત્ત છે. હેતુ એટલે નિમિત્ત. ઉદાસીન નિમિત્ત છે. ઉદાસીન એટલે શું ? કે પોતે કાંઈ ન કરે. શાસ્ત્રમાં નિમિત્તના બે ભેદ છે. એક સક્રિય અને એક અક્રિય નિમિત્ત. જેમકે કુંભારનો ચાકડો લઈએ. કુંભારના ચાકડાને જે ખીલો વચ્ચે છે એ ફરવામાં નિમિત્ત છે. એને એ ઉદાસીન છે. કુંભારનો જે લાકડાનો ડંડીકો છે જેને લઈને એ ચક્કર-ચક્કર ફેરવે છે. એ ઉદાસીનનું નિમિત્ત નથી પણ સક્રિય છે. એમ બે પ્રકારે નિમિત્ત છે.

હવામાં ધજા ચાલે. ધજા ફરફરે છે એમાં હવા છે સક્રિય નિમિત્ત છે. ... ... અને એક નિમિત્ત એમ ને એમ રહે છે છતાં એનું નિમિત્તપણું છે એને ઉદાસીન નિમિત્ત કહેવામાં આવે છે. ધર્મ અને અધર્મ એ બંને સ્થિતિ અને ગતિમાં નિમિત્ત ખરા. પણ કેવા નિમિત્ત ? ઉદાસીન નિમિત્ત છે.

એટલે પોતે હલનચલન કર્યા વગર ઉદાસીન (નિમિત્ત છે). ...

મુમુક્ષુ :- .. આવે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રેરકશીલ, ક્રિયાશીલ. સક્રિય છે.

મુમુક્ષુ :- સક્રિય અને પ્રેરક.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સક્રિય અને પ્રેરક. પ્રેરક નિમિત્ત અને ઉદાસીન નિમિત્ત. એટલે જીવ વિભાવ કરે ત્યારે કર્મના પરમાણુ બંધાય જાય. ત્યારે જીવ છે એ પ્રેરક નિમિત્ત કહેવાય છે. ... એ પ્રેરક નિમિત્ત છે. જ્યારે ધર્માસ્તિ અને અધર્માસ્તિકાય છે તે ઉદાસીન નિમિત્ત છે. એ કાંઈ કરતા નથી. નિમિત્ત છે. ૮૯મી ગાથામાં એ વાત લીધી છે.

'**ખરેખર (નિશ્ચયથી) ધર્મ જીવ-પુદ્ગલોને કદી ગતિહેતુ થતો નથી,...**' ધર્માસ્તિકાય છે એ જીવ અને પુદ્ગલને કદિ ગતિ કરાવતો નથી. અધર્મ કદિ સ્થિતિ હેતુ થતો નથી. ઉદાસીનપણું સ્થાપવું છે ને ? એટલે કથન નાસ્તિથી લીધું. '**કારણ કે તેઓ પરને ગતિસ્થિતિના જો મુખ્ય હેતુ (નિશ્ચયહેતુ) થાય, તો જેમને ગતિ હોય તેમને ગતિ જ રહેવી જોઈએ,...**' એ ક્યારેય ગતિમાંથી છટકી શકે નહિ. એ ફરતા જ રહે. ગતિ જ કર્યા કરે. '**એમને ગતિ જ રહેવી જોઈએ એને સ્થિતિ ન થવી જોઈએ. અને જેમની સ્થિતિ હોય તેમની સ્થિતિ જ રહેવી જોઈએ. તેની ગતિ ન થવી જોઈએ. પરંતુ એકને જ (-તેના તે જ પદાર્થને) ગતિ અને સ્થિતિ થતી જોવામાં આવે છે;...**' બંને વિરૂદ્ધ પરિણામ છે. ગતિ કરતા સ્થિતિના પરિણામ વિરૂદ્ધ છે. સ્થિતિ કરતા ગતિના પરિણામ વિરૂદ્ધ છે. બે વિરોધી પરિબળ જો પ્રેરક હોય, હવે આપણે તર્ક ઉઠાવીએ કે બે વિરોધી દ્રવ્યો જો પ્રેરક થતા હોય તો એ બે વચ્ચે જ પહેલો ઝઘડો થાય. ઓલો કહે હું ચલાવું, ઓલો કહે ના, હું સ્થિર રાખું. પછી પરમાણુની શી હાલત થાય ? એક હાથ કોઈ આ બાજુથી ખેંચે અને બીજો હાથ બીજી બાજુથી ખેંચે તો માણસની શું દશા થાય ? એમ ધર્માસ્તિકાય એને ધક્કો મારે અને અધર્માસ્તિકાય એને સ્થિર રાખે તો જીવનો બિચારાનો .. નીકળી જાય. શું સ્થિતિ થાય ? ગતિ થાય કે સ્થિતિ થાય ? બેમાંથી એકેય થાવું મુશ્કેલ પડે.

મુમુક્ષુ :- નિષ્ક્રિય છે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં પ્રેરક નિમિત્ત લીધું. ત્યાં પ્રેરક નિમિત્ત લીધું. જ્યારે જીવ વિભાવ કરે છે ત્યારે પ્રેરક નિમિત્ત છે. પણ નિમિત્ત બે

પ્રકારના છે. એક પ્રેરક અને એક ઉદાસીન. એમ લેવું. એક પક્ષી ઊડે છે. પક્ષી ઉડીને કોઈ વૃક્ષ ઉપર બેઠું. તો વૃક્ષ એને બેસવા માટે ઉદાસીનનું નિમિત્ત છે. વૃક્ષ છે એ એને ઉદાસીન નિમિત્ત છે. પણ નિમિત્ત છે ખરું. એને બેસવામાં નિમિત્ત તો થયેલું છે. એમ બે પ્રકારે નિમિત્ત છે.

**'તેથી અનુમાન થઈ શકે છે કે તેઓ (ધર્મ-અધર્મ) ગતિ-સ્થિતિના મુખ્ય હેતુ નથી, પરંતુ વ્યવહારનયસ્થાપિત (વ્યવહારનય વડે સ્થાપવામાં કહેવામાં આવેલા) ઉદાસીન હેતુ છે.'** પ્રશ્ન કર્યો છે. **'એ પ્રમાણે હોય તો ગતિસ્થિતિમાન પદાર્થોને ગતિસ્થિતિ કઈ રીતે થાય છે ? ઉત્તર : ખરેખર સમસ્ત ગતિસ્થિતિમાન પદાર્થો પોતાના પરિણામોથી જ નિશ્ચયે ગતિસ્થિતિ કરે છે.'** ઉપાદાનનું નિમિત્ત છે. ઉપાદાન વગર નિમિત્ત હોતું નથી. ઉપાદાન વગર નિમિત્ત કોનું થાય ? જો ઉપાદાન જ ન હોય તો નિમિત્તને કહેવાનો પ્રશ્ન રહેતો નથી. એ ૮૯મી ગાથા થઈ. જેમાં .. એમાં એ વાત લીધી છે. ઉદાસીન નિમિત્તની વાત લીધી છે. એક આકાશને ઉદાસીન ગણ્યું છે.

**'સર્વ જીવોને તથા બાકીના પુદ્‌ગલાદિને...'** એટલે પાંચેય દ્રવ્યોને **'સંપૂર્ણ અવકાશ આપે છે તેને 'લોકાકાશ' કહીએ છીએ.'** ધર્માસ્તિકાયને અવકાશ આપે છે, અધર્માસ્તિકાયને અવકાશ આપે છે, કાળાણુને અવકાશ આપે છે, અનંત પરમાણુને, અનંત જીવોને એ પાંચેયને અવકાશ આપે છે. એને લોકાકાશ કહેવામાં આવે છે. આકાશ તો એક અખંડ પદાર્થ છે પણ કલ્પના કરીને એના બે ભાગ કર્યા છે. જેટલા ક્ષેત્રમાં પાંચ દ્રવ્યો લોકના રહે છે એટલા આકાશને લોકાકાશ કહે છે અને બાકીના આકાશને અલોકાકાશ કહે છે. એ કહેશે.

**'૯૧. જીવ, પુદ્‌ગલસમૂહ, ધર્મ અને અધર્મ એ દ્રવ્યો લોકથી અનન્ય છે; અર્થાત્ લોકમાં છે; લોકથી બહાર નથી. આકાશ લોકથી પણ બહાર છે, અને તે અનંત છે; જેને 'અલોક' કહીએ છીએ.'** તેને અલોકાકાશ કહેવામાં આવે છે. તો આકાશ બે થયા કે નહિ ? નહિ. જેમ ઘડામાં રહેલું આકાશ તે ઘટાકાશ કહેવામાં આવે છે. ઘડામાં રહેલું આકાશ તે ઘટાકાશ કહેવાય છે. તો ઘડાના આકારે આકાશનો ટૂકડો જુદો થઈ ગયો ? કે નહિ. અખંડ આકાશને એવો ભેદ પાડીને સમજાવવામાં આવે છે. એમ લેવું. એ રીતે અલોક કહ્યો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : હા. જીવ ક્યાંય ન જાય તોપણ એને ઘેર બેઠા બધું જ્ઞાન થાય છે. અલોકાકાશમાં નહિ, લોકાકાશમાં પણ બધે નથી જતો તો ઈ એનું જ્ઞાન છે. અલોકાકાશમાં ક્યાંય નથી જાતો છતાં એનું જ્ઞાન થાય છે. આ સામે મકાન છે. એ મકાનનું જ્ઞાન થયું પણ જીવ ત્યાં ગયો ? જીવ ત્યાં ગયો નથી. જ્ઞાન થવા માટે જીવને જે ક્ષેત્રનું, દૂર ક્ષેત્રનું, દૂર કાળરૂપી પદાર્થોનું જ્ઞાન થાય છે, દૂર ક્ષેત્રવર્તી અને દૂર કાળવર્તી પદાર્થોનું જ્ઞાન થાય છે તે વર્તમાન સમયમાં પોતાના ક્ષેત્રમાં રહીને થાય છે. એને ભૂતકાળ અને ભવિષ્યકાળમાં જવું પડતું નથી. એને દૂરક્ષેત્રમાં ક્યાંય જવું પડતું નથી. એટલે એને ચમત્કારીક જ્ઞાન કહેવામાં આવ્યું છે.

જુઓ ! ચણાની દાળ જેટલો અહીંયાં પડદો છે. Retina કહે છે ને ? કેટલો પડદો છે ? જેના ઉપર મોટા મોટા ડુંગરાનું પ્રતબિંબ ઝિલાય છે. હિમાલય દેખાય. કાંચનગંગાના શિખરો દેખાય છે. હજારો માઈલ. હજારો માઈલના સમુદ્ર દેખાય. કેટલામાં દેખાય ? કેટલામાં દેખાય ? બે દોરાવા જેટલું એનું ક્ષેત્ર છે. જ્ઞાન છે એ ચમત્કારિક છે એને ત્યાં જાવું પડતું નથી અને એટલું મોટું પણ થાવું પડતું નથી. પોતાનું જેટલું ક્ષેત્ર છે એટલા સ્વક્ષેત્રમાં રહીને ત્યાં ગયા વગર અહીંયાં બેઠા બેઠા ચમત્કારિક રીતે જ્ઞાન થઈ જાય છે. એ જ્ઞાનનો ચમત્કાર છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞ સિદ્ધ થઈ ગયું

પૂજ્ય ભાઈશ્રી :- સર્વજ્ઞ સિદ્ધ તો... સર્વજ્ઞને તો ઉપયોગ ફેરવવો નથી પડતો. અહીં છદ્મસ્થ જીવ ઉપયોગ ફેરવે છે. કેવળીને તો ઉપયોગ પણ ફેરવવો પડતો નથી. નિરવશેષ અંતર્મુખ ઉપયોગ રહે અને લોકાલોક પ્રતિબિંબિત થાય. કેવળી જાણતા નથી પણ કેવળીને જણાય જાય છે એમ કહેવાય છે. કેવળી જાણવા જતા નથી પણ કેવળીને જણાય જાય છે એમ કહેવાય.

મુમુક્ષુ :- ઉપયોગ મૂકવો પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કેવળજ્ઞાનીને નિરવશેષ અંતર્મુખ ઉપયોગ છે. નિરવશેષ એટલે બાકી કાંઈ ન રહ્યું. અંશમાત્ર પણ બહિર્મુખ નથી. સર્વથા અંતર્મુખ ઉપયોગ શુક્લધ્યાનની શ્રેણીમાં બિરાજમાન છે. તેરમા ગુણસ્થાને અરિહંત ભગવાન ધ્યાનમાં છે-આત્મ ધ્યાનમાં છે. અને લોકાલોકનું પ્રતિબિંબ એમના પ્રદેશોમાં ઉલ્લસે છે. એમને ઉપયોગ

ફેરવવાની જરૂર નથી. ઉપયોગ ફેરવે એને રાગ થયા વિના રહે નહિ. જેનો ઉપયોગ ફરે તેને કાં બુદ્ધિપૂર્વક અને છેવટે અબુદ્ધિપૂર્વકનો પણ રાગ થયા વિના રહે નહિ. એટલે આઠમા, નવમા, દસમા ગુણસ્થાને જે ઉપયોગ ફરે છે તો અબુદ્ધિપૂર્વકનો રાગ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ગમે ત્યારે. આત્મામાં શક્તિ છે. અનંતા આત્માઓ એ બધા કોઠા પાર કરીને સિદ્ધાલયમાં ગયા છે અને આપણે પણ જવાના છીએ. નથી જવાના એમ નથી, નિરાશ થવાની જરૂર નથી. આપણામાં પણ જવાની શક્તિ અત્યારે મોજુદ છે અને એ શક્તિનો વિકાસ કરીને આપણે જવાના છીએ, જરૂર જરૂર જવાના છીએ. 'ગુરુદેવ' તો એમ કહેતા, સાંભળ્યા નહિ હોય, સાંભળ્યા છે કોઈવાર ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : એ એમ કહેતા કે આ વાત એવી છે કે મુમુક્ષુની ભૂમિકામાં એને આ વાત સરખી રીતે રુચિથી, પાત્ર થઈને સાંભળે તો એને કેવળજ્ઞાનના ભણકાર આવે. હું કેવળજ્ઞાની થવાનો છું, હું સિદ્ધ થવાનો. અને 'સમયસાર'ની પહેલી ગાથામાં એ વાત નાખી કે હું સિદ્ધ અને તું સિદ્ધ છે. મારા આત્મામાં પણ સિદ્ધપણું સ્થાપું છું, તારા આત્મામાં પણ સિદ્ધપણું છે. હું તારો ગુરુ અને તું મારો શિષ્ય એમ વાત નથી. હું સિદ્ધ અને તું સિદ્ધ. એક વાર .. અંદરથી તારા સ્વરૂપનો સ્વીકાર લાવ. અભિપ્રાયમાં તારા સ્વરૂપનો સ્વીકાર લાવ. અભિપ્રાય જો ઘડાશે તો યોગ્યતા પણ થઈ જશે. અભિપ્રાય પ્રધાની થશે તો યોગ્યતાપ્રધાની થઈ જશો. 'સોગાનીજી'નું વાક્ય છે. અભિપ્રાયપ્રધાની થાવ, યોગ્યતાપ્રધાની થઈ જશો.

મુમુક્ષુ :- તત્ પ્રીતિ ચિતેન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વાર્તા પણ સાંભળે. નિર્વાણ ભાજનમ્. સિદ્ધપદનું ભાજન છે. સિદ્ધપદની વાત રુચિ-પ્રીતિથી સાંભળે તો સાંભળનાર ભવિષ્યના નિર્માણનું અત્યારે પાત્ર થઈ જાય. 'પદ્મનંદિ પંચવિંશતિ'માં પદ્મનંદી આચાર્યે કહ્યું છે. અહીં સુધી રાખીએ...

## તા. ૨૯-૪-૧૯૯૨, પત્રાંક - ૭૬૬
## પ્રવચન - ૩૬૯

પાનું-૫૯૧. ૯૨મી ગાથા. '**જો ગમન અને સ્થિતિનું કારણ આકાશ હોત તો ધર્મ અને અધર્મદ્રવ્યના અભાવને લીધે સિદ્ધ ભગવાનનું અલોકમાં પણ ગમન હોત.**' શું કહે છે ? ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ ત્રણે અરૂપી છે. પણ ગમનની સ્થિતિને નિમિત્તો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે. આકાશ નથી. જો આકાશ હોત તો અલોકમાં પણ ગમન સ્થિતિ થતા. માટે આકાશ નિમિત્ત નથી.

'**૯૩. જે માટે સિદ્ધ ભગવાનનું સ્થાન ઊર્ધ્વલોકાંતે સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે; તેથી ગમન અને સ્થાનનું કારણ આકાશ નથી એમ જાણો.**' જે માટે સિદ્ધ ભગવાનનું સ્થાન ઊર્ધ્વલોકાંતે સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે. કેમકે એની કોઈ અહીંયાં સાબિતી આપી શકાતી નથી. કોઈ પૂછે કે તમારે જૈનમાં મોક્ષ છે. એ મોક્ષમાં જાય એ આત્મા ક્યાં રહે ? કે ઉપર સિદ્ધાલયમાં રહે. એની ખાત્રી શું ? એ આત્મા ત્યાં જ ગયો છે અને ત્યાં જ રહ્યો છે એની શું ખાત્રી ? કે એની ખાત્રી સર્વજ્ઞપણું છે એ એની ખાત્રી છે. સર્વજ્ઞદેવે કહ્યું છે. વીતરાગ સર્વજ્ઞદેવે કહ્યું છે. '**તેથી ગમન અને સ્થાનનું કારણ આકાશ નથી એમ જાણો.**' આકાશ હોય તો ત્યાં પણ ગમન થતું હોત. ત્યાં ધર્મ અને અધર્મ દ્રવ્ય નથી. આકાશ છે પણ ધર્મ અને અધર્મ દ્રવ્ય નથી.

'**૯૪. જો ગમનનો હેતુ આકાશ હોત અથવા સ્થાનનો હેતુ આકાશ હોત, તો અલોકની હાનિ થાય અને લોકના અંતની વૃદ્ધિ પણ થાય.**' તો પછી અત્યારે જે લોકની મર્યાદા છે એ ન રહેત. અલોક .. તો અલોક પણ ન રહેત. એમ બને. માટે જીવ પુદ્‌ગલમાં ગમનનો હેતુ આકાશ નથી એ સિદ્ધ થાય છે. એ ત્રણ ગાથામાં કહ્યું કે આકાશ છે એ જીવ પુદ્‌ગલને ગમન સ્થિતિમાં નિમિત્ત પડતું નથી.

'**૯૫. તેથી ધર્મ અને અધર્મ દ્રવ્ય ગમન તથા સ્થિતિનાં કારણ છે, પણ આકાશ નથી. આ પ્રમાણે લોકનો સ્વભાવ શ્રોતા જીવો પ્રત્યે**

**સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યો છે.**' જે સર્વજ્ઞ વીતરાગદેવને શ્રવણ કરવા માટે જિજ્ઞાસુ છે, યોગ્યતા ધરાવે છે એને અહીં સર્વજ્ઞદેવે આ વાત કહી છે. '**ધર્મ અને અધર્મ દ્રવ્ય ગમન તથા સ્થિતિનાં કારણ છે,...**' એ વાત સર્વજ્ઞની કહેલી છે. અને તેથી માન્ય કરવા યોગ્ય છે, પ્રમાણ કરવા યોગ્ય છે. સર્વજ્ઞ અને વીતરાગ બંને લીધા છે.

'**૯૬. ધર્મ, અધર્મ અને (લોક) આકાશ અપૃથક્‌ભૂત (એકક્ષેત્રાવગાહી) અને સરખાં પરિમાણવાળાં છે.**' સરખા માપવાળા છે. ધર્મ, અધર્મ અને આકાશ. એ જુદા ન પડી શકે એવા છે. એક ક્ષેત્ર રહી ગયા છે. એને જુદા પાડી નથી શકાતા. સમજણમાં જુદા પાડી શકાય છે. ક્ષેત્રમાં તો ત્રણે એક ક્ષેત્રે રહેલા છે. '**નિશ્ચયથી ત્રણે દ્રવ્યની પૃથક્ ઉપલબ્ધિ છે;...**' પોતપોતાના સ્વરૂપે રહેતા હોવાથી એની જુદી જુદી ઉપલબ્ધિ છે. પોતપોતા. રહ્યા છે. પોતપોતાની સત્તામાં પોતાની સત્તાથી રહેલા છે. '**એમ એકતા અનેકતા છે.**' એક ક્ષેત્રની અપેક્ષાએ એને એકતા છે. અરૂપી .. અને આમ પોતપોતાની સત્તામાં છે. કોઈની સત્તામાં કોઈ નથી. એ રીતે એને અનેકતા પણ છે.

'**૯૭. આકાશ, કાળ, જીવ, ધર્મ અને અધર્મ એ દ્રવ્યો મૂર્તતારહિત છે,...**' એટલે અમૂર્ત છે '**અને પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત છે.**' એમના વર્ણ, ગંધ, સ્પર્શ, શબ્દ વગેરે છે. અને '**તેમાં જીવ દ્રવ્ય ચેતન છે.**' બાકીના પાંચે અચેતન છે. મૂર્ત પણ અચેતન છે અને અમૂર્ત પણ અચેતન છે.

'**૯૮. જીવ અને પુદગલ એકબીજાને ક્રિયાનાં સહાયક છે. બીજાં દ્રવ્યો (તે પ્રકારે) સહાયક નથી. જીવ પુદ્‌ગલદ્રવ્યનાં નિમિત્તથી ક્રિયાવાન હોય છે. કાળના કારણથી પુદ્‌ગલ અનેક સ્કંધપણે પરિણમે છે.**' હવે અહીંથી કાળ લે છે. '**જીવ અને પુદ્‌ગલ એકબીજાને ક્રિયાનાં સહાયક છે.**' એટલે નિમિત્ત-નૈમિત્તિક સંબંધે. એક માણસ મોટરમાં બેઠો. મોટર ચાલુ છે અને બેઠેલો માણસનો આત્મા છે એ પણ ત્યાં ગમન કરે છે. ... ... ઉપયોગ છે. ક્યાંક પણ દૂર જાવું હોય તો માણસ ચાલી ન શકે. પાંચ, પચ્ચીસ, પચાસ, સો, બસ્સો, હજાર માઈલ ચાલી ન શકે એટલે વાહનનો પ્રયોગ કરે છે. તો પુદ્‌ગલની સાથે સાથે જીવની ગતિ છે. એકબીજાના સહાયક છે અથવા નિમિત્ત છે. આ શરીરાદિની ક્રિયા છે ને એકબીજાને ... નિમિત્તે છે. એવી રીતે બીજા દ્રવ્યોનો સહાયક નથી. એવી

રીતે અનેક પ્રકારની ક્રિયાઓમાં એ જીવ પુદ્‌ગલને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એવા સંબંધો બીજા દ્રવ્યો સાથે નથી.

અન્ય મતમાં તો જીવ અને પુદ્‌ગલને જુદા નથી પાડતા. જીવ અને જડનું ભેદજ્ઞાન નથી. કેમકે એટલી બધી ક્રિયાઓ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે મેળવાળી થાય છે કે જૈનો પણ પ્રશ્ન કરે છે. કાલે જ પ્રશ્ન ઉઠ્યો હતો. ભાઈ કહે કે ઈચ્છા પ્રમાણે તો બોલીએ છીએ આપણે. આપણી ઈચ્છા પ્રમાણે આપણે બોલી શકીએ. એટલે જીવ અને જડ જુદા છે એ વાત ભૂંસાઈ ગઈ છે ખરેખર. એટલે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ એકબીજાના નિમિત્તે ક્રિયાવાન હોય છે. નિમિત્તે શબ્દ વાપર્યો છે. પહેલા સહાયક શબ્દ વાપર્યો હતો. બીજા વચનમાં નિમિત્ત શબ્દ વાપર્યો છે.

અને '**કાળના કારણથી પુદ્‌ગલ અનેક સ્કંધપણે પરિણમે છે.**' અને કાળના નિમિત્તે. કારણ એટલે નિમિત્ત લેવું. પુદ્‌ગલો પણ અનેક સ્કંધપણે પરિણમે છે. આમ તો છએ દ્રવ્યને પરિણમનમાં લઈ લીધા છે. મુખ્યપણે જે ઈન્દ્રિયજ્ઞાન છે, જે દૃશ્યમાન છે એટલે પુદ્‌ગલ સ્કંધો લીધા છે. પુદ્‌ગલ નહિ પણ પુદ્‌ગલ સ્કંધો લીધા છે.

'**૯૯. જીવને જે ઈંદ્રિયગ્રાહ્ય વિષય છે તે પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત છે;...**' જેટલો પણ ઈન્દ્રિયગ્રાહ્ય વિષય છે તે બધા મૂર્ત પુદ્‌ગલોનો છે. બાકીના ચાર તો અમૂર્ત છે, જીવો પણ અમૂર્ત છે. બાકી ઈન્દ્રિયજ્ઞાનથી તો મૂર્ત દ્રવ્યો પુદ્‌ગલદ્રવ્ય છે. '**બાકીનાં અમૂર્ત છે.**' એ સિવાયના બધા અમૂર્ત છે. '**મન પોતાના વિચારના નિશ્ચિતપણાથી બન્નેને જાણે છે.**' એક મન એવું છે કે જે કોઈ એક મર્યાદામાં મૂર્ત અને અમૂર્ત બંનેને જાણવાનું કામ કરે છે. વિચારશક્તિથી બાકીના ચાર દ્રવ્યોનો તો સ્વીકાર કરી શકાય છે. જીવના સ્વભાવનો પણ વિચાર કરી શકાય છે. જીવના સ્વરૂપનો વિચાર પણ પહેલા મનથી શરૂ કરવામાં આવે છે. અસંખ્ય જીવને આત્મજ્ઞાનનો સદ્‌ભાવ નથી. કેમકે એને મન નથી. વિચાર થઈ શકે છે. અને વિચારપૂર્વક જો થોડોક સમય .. એમ કહેવું છે.

'**૧૦૦. કાળ પરિણામથી ઉત્પન્ન થાય છે. પરિણામ કાળથી ઉત્પન્ન થાય છે.**' પરિણામ પણ એટલે વર્તના પણ કાળમાં નિમિત્ત પડે છે. '**બન્નેનો એમ સ્વભાવ છે.**' નિમિત્ત-નૈમિત્તિક એવો સ્વભાવ છે. ''**નિશ્ચયકાળ'થી 'ક્ષણભંગુરકાળ' હોય છે.**' નિશ્ચયકાળનું જે દ્રવ્ય છે એનાથી પછી આ ક્ષણભંગુર એટલે વ્યવહારકાળને ત્યાંથી શરૂ કરવામાં

આવે છે. બંન્નેમાં અવતરણ ચિહ્ન મૂક્યું છે. નિશ્ચયકાળથી ક્ષણભંગુરકાળ હોય છે. ૧૦૦મી ગાથા છે ને ? ત્યાંથી કાળ શરૂ થયો.

'**કાળ પરિણામથી ઉત્પન્ન થાય છે. (અર્થાત્ વ્યવહારકાળ જીવ-પુદ્‌ગલોના પરિણામથી મપાય છે);...**' એક પ્રદેશેથી બીજા પ્રદેશે બાજુના પ્રદેશે ખસે એટલી જે જીવની ગતિનો સમય છે એને એક સમયનો વ્યવહારકાળ કહેવામાં આવે છે. જીવના પરિણામથી માપ્યું ને. પરિણામ ... ને ... '**પરિણામ કાળથી ઉત્પન્ન થાય છે.**' અને જે કોઈ પરિણામ છે એ કાળદ્રવ્યથી ઉત્પન્ન થાય છે. કેમકે એમાં વર્તનાહેતુ પણ છે. '**એમ બન્નેનો સ્વભાવ છે. કાળ ક્ષણભંગુર તેમ જ નિત્ય છે.**' ટીકામાં મથાળામાં આ છે. કે '**આ, વ્યવહારકાળ તથા નિશ્ચયકાળના સ્વરૂપનું કથન છે. ત્યાં, 'સમય' નામનો જે ક્રમિક પર્યાય તે વ્યવહારકાળ છે; તેના આધારભૂત દ્રવ્ય તે નિશ્ચયકાળ છે.**' નિશ્ચયકાળ અને વ્યવહારકાળ.

'**૧૦૧. કાળ એવો શબ્દ સદ્‌ભાવનો બોધક છે, તેમાં એક નિત્ય છે, બીજો ઉત્પન્નવ્યયવાળો છે, અને દીર્ઘાંતર સ્થાયી છે.**' '**કાળ એવો વ્યપદેશ સદ્‌ભાવનો પ્રરૂપક છે.**' શ્વેતાંબરમાં કાળાણુને માનતા નથી ને. દલીલ આપી છે. કાળ એવો શબ્દ છે એ સદ્‌ભાવનો દ્યોતક છે. એ એની હયાતીનો બોધક છે. ઉત્પાદ્‌વ્યય કાળને દ્રવ્ય કહે છે એમ નથી, એનો સદ્‌ભાવ છે. નિશ્ચયપણ એનો નિશ્ચયકાળ છે, નિશ્ચય દ્રવ્ય છે. એમાં એક નિત્ય છે અને બીજો ઉત્પન્ન-વ્યયવાળો છે અને દીર્ઘાંતર સ્થાયી છે. એક નિશ્ચય છે કે '**કાળ (નિશ્ચયકાળ) નિત્ય છે.**' અને વ્યવહારકાળનો ઉત્પાદવ્યય છે, અને દીર્ઘાંતર સ્થાયી છે. '**ક્ષણિક હોવા છતાં પ્રવાહ અપેક્ષાએ દીર્ઘ સ્થિતનો પણ કહેવાય છે.**' દીર્ઘ અને સ્થાયી એટલે સ્થિતિ. પ્રવાહ અપેક્ષાએ અનાદિઅનંત છે. વ્યવહારકાળ કેવો છે ? પ્રવાહ અપેક્ષાએ અનાદિઅનંત છે. આમ ક્ષણિક સમય સમયનો છે પણ પ્રવાહ અપેક્ષાએ અનાદિઅનંત છે. એમ એટલું લેવું છે. ...

મુમુક્ષુ :- વ્યવહાર છે તો ત્યાં નિશ્ચય છે. વ્યવહારકાળ છે તો નિશ્ચયકાળ છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયકાળ છે. આમ તો નિશ્ચયપૂર્વક વ્યવહાર છે. વ્યવહારપૂર્વક નિશ્ચય છે એમ નહિ પણ નિશ્ચયપૂર્વક વ્યવહાર છે.

'**૧૦૨. એ કાળ, આકાશ, ધર્મ, અધર્મ અને પુદ્ગલ તથા જીવ એ બધાંને દ્રવ્ય એવી સંજ્ઞા છે. કાળને અસ્તિકાય એવી સંજ્ઞા નથી.**' કાળ, આકાશ, ધર્મ, અધર્મ, પુદ્ગલ તથા જીવ. છ એ બધા જ છએને દ્રવ્ય એવી સંજ્ઞા છે. દ્રવે છે માટે. ગુણ પર્યાયે દ્રવે છે માટે. ગુણ પર્યાયે દ્રવ્યતિ ઈતિ દ્રવ્યં. આ સૂત્ર છે. એમ ગુણપર્યાયવત્ દ્રવ્યં. અને '**કાળને અસ્તિકાય એવી સંજ્ઞા નથી.**' એટલે કાળને ક્ષેત્ર-વિસ્તાર નહિ હોવાથી એને કાય એવો શબ્દ લાગુ પડતો નથી. અસ્તિ એવો શબ્દ લાગુ પડે છે પણ કાય એવો શબ્દ લાગુ પડતો નથી. સદ્ભાવનો ... છે એટલે અસ્તિ. પણ ક્ષેત્રનો ... હોવાથી એને કાય એવું વિશેષણ લાગુ પડતું નથી. એ ગુણવાચક નામ છે.

'**૧૦૩. એમ નિર્ગ્રંથના પ્રવચનનું રહસ્ય એવો, આ પંચાસ્તિકાયના સ્વરૂપવિવેચનનો સંક્ષેપ તે જે યથાર્થપણે જાણીને, રાગ અન દ્વેષથી મુક્ત થાય તે સર્વ દુઃખથી પરિમુક્ત થાય.**' આ સાર (કહ્યો). આ ગ્રંથનું તાત્પર્ય કહે છે. 'પંચાસ્તિકાય' પાંચ અસ્તિકાય અને છઠા કાળ અસ્તિનું જે વર્ણનું કર્યું એ શા માટે કર્યું છે ? તાત્પર્ય શું છે એનું ? સાર શું કાઢ્યો ? કે એને યથાર્થપણે જાણે તે રાગ-દ્વેષથી મુક્ત થાય અને રાગ-દ્વેષથી મુક્ત થાય તે સર્વ દુઃખથી મુક્ત થાય. પૂરેપૂરો મુક્ત થઈ જાય. એવું આ શાસ્ત્રનું તાત્પર્ય છે, એમ કહેવું છે. આ શાસ્ત્રનું આવું તાત્પર્ય છે.

મુમુક્ષુ :- તાત્પર્ય મોક્ષપદ.

પૂજ્ય ભાઈશ્રી :- તાત્પર્ય વીતરાગતા, રાગ-દ્વેષ રહિત વીતરાગતા અને એનું ફળ નિર્વાણપદ-મોક્ષ.

'**૧૦૪. આ પરમાર્થને જાણીને જે મોહના હણનાર થયા છે અને જેણે રાગદ્વેષને શાંત કર્યા છે તે જીવ સંસારની દીર્ઘ પરંપરાનો નાશ કરી શુદ્ધાત્મપદમાં લીન થાય.**' આવો પરમ અર્થ જાણીને, પરમ પ્રયોજન જાણીને. .. શાસ્ત્રનું તાત્પર્ય '**જે મોહના હણનાર થયા છે...**' ત્યાં રાગ-દ્વેષ લીધા હતા. અહીંયાં એનું મૂળ (લીધું). રાગ દ્વેષનું મૂળ છે એ મોહ છે. એ મોહને જેણે હણ્યો છે અને એને લીધે જેણે રાગ-દ્વેષને પણ શાંત કર્યા છે, અંત લાવી દીધો છે. એ જીવ સંસારની દીર્ઘ પરંપરાનો નાશ કરે છે. એ સંસારની અંદર પરિભ્રમણ કરતો નથી. એના જન્મ-મરણ નાશ

પામે છે. અને તે પોતાના અવિચળ શાશ્વત શુદ્ધાત્મપદમાં લીન થાય છે.

**'ઈતિ પંચાસ્તિકાય પ્રથમ અધ્યાય.'** આ 'પંચાસ્તિકાય'નો પહેલો અધિકાર અહીંયાં પૂર્ણ થાય છે. ૧૦૪ ગાથામાં. ગ્રંથ પૂરો કરતા કરતા શાસ્ત્ર તાત્પર્ય પણ ઉતાર્યું છે. હવે એ 'પંચાસ્તિકાય'નો બીજો અધ્યાય.

**'ૐ જિનાય નમઃ નમઃ શ્રી સદ્ગુરવે'** અનુવાદ કરે છે એટલે પોતે નમસ્કાર કરીને અનુવાદ કરે છે. જિનેશ્વરને નમસ્કાર કરે છે અને જેણે જ્ઞાન આપ્યું એવા જ્ઞાનના દાતાર કહો કે આત્માના દાતાર કહો એને પણ નમસ્કાર કરે છે. ... એમ કહે છે, કે મોક્ષ તો મળવો સહેલો છે પણ મોક્ષના દાતાર મળવા સહેલા નથી. ... શું કહ્યું ? મોક્ષ મળવો સહેલો છે પણ મોક્ષના દાતાર મળવા એટલા સહેલા નથી. એટલું દુર્લભપણું સ્થાપ્યું છે ! કથન શૈલી બહુ સમર્થ ... છે.

**'૧૦૫. મોક્ષના કારણ શ્રી ભગવાન મહાવીરને ભક્તિપૂર્વક મસ્તક નમાવી તે ભગવાનનો કહેલો પદાર્થપ્રભેદરૂપ મોક્ષનો માર્ગ કહું છું.'** પહેલા ભાગમાં છ દ્રવ્યનું સ્વરૂપ કહ્યું, પાંચ અસ્તિકાય ... કહી. હવે બીજા ભાગમાં ભગવાન મહાવીર સ્વામીને નમસ્કાર કરીને. ઓલામાં સીધા સર્વજ્ઞ ભગવાન લીધા હતા. શત ઈન્દ્ર વંદિત. સો ઈન્દ્રોથી વંદિત એવા સર્વજ્ઞ વીતરાગને નમસ્કાર કરે છે. અહીંયાં અત્યારે જેમનું શાસન પ્રવર્તે છે એવા અંતિમ તીર્થાધીનાથ જે 'મહાવીર' ભગવાન છે એમને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને, મસ્તક નમાવીને એ ભગવાનનો કહેલો પદાર્થપ્રભેદરૂપ મોક્ષનો માર્ગ કહું છું. એમનો કહેલો હું કહું છું. હું તો માલ વેચનારો છું. માલ તો સર્વજ્ઞ વીતરાગદેવ તીર્થંકર ભગવાન 'મહાવીર' ભગવાનનો છે, હું તો એમનો માલ વેંચવા નીકળ્યો છું. કમિશન એટલું લઉં છે કે મારા આત્માનું હિત કરતો જાઉં. કાંઈ મારા ઘરમાં આવવું જોઈએ કે નહિ ? મહેનત કરું છું તો અમને શું નફો ? .. કે આટલું કામ કરી દેવું. પણ કામ કરી દઈએ તો મને શું ? મારું શું ? તો કહે છે, તારું પણ આત્મકલ્યાણ થાય.

'ગુરુદેવ' કહેતા ને ? ... એમ કહેતા. સંતો જિનેન્દ્ર ભગવાનનો, તીર્થંકરદેવોનો માર્ગ આડતિયા થઈને માર્ગ વેચે છે. આડતિયા એટલે Commission agent. Commission લે એ આડતિયા કહેવાય. Commission લ્યે છે. આત્મહતિ કરવાનું Commission લઈ લે છે, માલ વેચતા વેચતા. ...

'૧૦૬. **સમ્યક્ત્વ, આત્મજ્ઞાન અને રાગદ્વેષથી રહિત એવું ચારિત્ર, સમ્યક્બુદ્ધિ જેને પ્રાપ્ત થયેલ છે, એવા ભવ્યજીવને મોક્ષમાર્ગ હોય.**' કોને મોક્ષમાર્ગ હોય ? જેને સમ્યક્ત્વ હોય, જેને આત્મજ્ઞાન હોય અને જેને રાગ-દ્વેષથી રહિત એવું ચારિત્ર હોય. શુભરાગનો વિકલ્પ આવે, વ્રત અને પ્રતિજ્ઞા લે કે મહાવ્રત લે એ ચારિત્ર ન લીધું. રાગ-દ્વેષ રહિત સ્વરૂપ રમણતારૂપ જે ચારિત્ર છે એને અહીંયાં ચારિત્ર કહેવામાં આવ્યું છે. વીતરાગભાવરૂપ છે, શુભરાગ ભાવરૂપ નથી. '**સમ્યક્બુદ્ધિ જેને પ્રાપ્ત થયેલ છે, એવા ભવ્યજીવને મોક્ષમાર્ગ હોય**' છે. આ ખરેખર મોક્ષમાર્ગ આવો છે. નિશ્ચયમોક્ષમાર્ગ કહો, સાચો મોક્ષમાર્ગ કહો, પરમાર્થ મોક્ષમાર્ગ કહો. એ આ પ્રકારે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. પણ ચારિત્રમાં .. વીતરાગચારિત્રને અને વીતરાગભાવને સમજતા નહિ હોવાથી અથવા અજાણ્યા હોવાથી બાહ્યમાં જે વ્રતાદિનો શુભરાગ છે, પંચ મહાવ્રતાદિનો શુભરાગ છે અને એ અનુસાર મન-વચન-કાયાની ક્રિયા છે એને લોકો ચારિત્ર માની બેસે છે. એ ખરેખર ચારિત્ર નથી.

સંપ્રદાયમાં આ વાત ચારિત્રની કરી છે એ સંપ્રદાયમાં એ ચારિત્ર તરીકે અજાણ્યા છે. બીજાનો શું અફસોસ કરવો ? ... આપણે પ્રતિમા લઈ લ્યો એટલે ક્ષુલ્લક થઈ ગયા. અને દીક્ષા લઈ લ્યો એટલે થઈ ગયા સાધુ. કેમકે ચારિત્ર આવ્યું. પહેલા દેશચારિત્ર આવ્યું અને પછી સકલચારિત્ર આવ્યું. જેના ધર્મના ગ્રંથમાં આ વાત ખુલ્લી લખી છે એ લોકોને ખબર ન હોય, બીજાને બિચારાના ક્યાંથી ખબર હોય ? પછી બીજા લોકો તો બાહ્ય ત્યાગને ચારિત્ર માની લે.

'૧૦૭. **તત્ત્વાર્થની પ્રતીતિ તે 'સમ્યક્ત્વ', તત્ત્વાર્થનું જ્ઞાન તે 'જ્ઞાન',...**' તત્ત્વાર્થ નવ તત્ત્વો લેવા છે ને ? તત્ત્વાર્થ કોને કહેવા ? નવ તત્ત્વોને તત્ત્વાર્થ કહે છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનમ્. 'ઊમાસ્વામી'નું સૂત્ર છે. તત્ત્વાર્થની શ્રદ્ધા અથવા પ્રતીતિ તે સમ્યક્ત્વ, તત્ત્વાર્થનું જ્ઞાન તે જ્ઞાન '**અને વિષયનાં વિમૂઢ માર્ગ પ્રત્યે શાંતભાવ તે 'ચારિત્ર'.**' પાંચ ઈન્દ્રિયના વિષય પ્રત્યેનો વિમૂઢ એટલે સુખબુદ્ધિએ પ્રવૃત્તિરૂપ જે માર્ગ તેના પ્રત્યે શાંતભાવ. એનો અંત આવી જાય તે ચારિત્ર. નાસ્તિથી લીધું. અને એને વ્યવહાર લીધા. તત્ત્વાર્થ શ્રદ્ધાન પણ વ્યવહારથી સમ્યગ્દર્શન લીધું, તત્ત્વાર્થ જ્ઞાન છે એ પણ વ્યવહારજ્ઞાન છે. આત્માજ્ઞાન છે... આત્મશ્રદ્ધાન તે શ્રદ્ધાન છે. અને આત્મામાં રમણતારૂપ ચારિત્ર તે ચારિત્ર

છે. એ નાસ્તિથી લીધું. વિષય વિમૂઢ .. ચારિત્ર કહેવામાં આવે છે.

'૧૦૮. **'જીવ', 'અજીવ', 'પુણ્ય', 'પાપ', 'આસ્રવ', 'સંવર', 'નિર્જરા', 'બંધ', અને 'મોક્ષ' એ ભાવો તે 'તત્ત્વ' છે.**' અહીં .. નવ તત્ત્વ કહેવામાં આવ્યા છે. નવ તત્ત્વ છે. જૈનદર્શનમાં નવ તત્ત્વ છે. અન્ય દર્શનમાં પોતપોતાની રીતે કોઈ તત્ત્વ કહે છે, કોઈ પચ્ચીસ સૂત્ર કહે, કોઈ પંદર કહે, કોઈ પાંચ કહે, કોઈ બે કહે, કોઈ એક કહે. આ નવ તત્ત્વ છે. વીતરાગ સર્વજ્ઞદેવની પ્રરૂપણામાં આ નવ તત્ત્વો પ્રસિદ્ધ થયેલા છે. દસમું તત્ત્વ કોઈ જગતમાં નથી. નવની અંદર બધો સમાવેશ થઈ જાય છે.

'**૧૦૯. 'સંસારસ્થ' અને 'સંસારરહિત' એમ બે પ્રકારના જીવો છે. બન્ને ચૈતન્યોપયોગ લક્ષણ છે. સંસારી દેહસહિત અને અસંસારી દેહરહિત જીવો છે.**' આમ તમામ જીવોના બે ભાગ કરી નાખ્યા : એક સંસારી અને એક સિદ્ધ. દેહરહિત કહો કે સિદ્ધ કહો. સંસાર રહિત કહો. એટલે ચૌદમા ગુણસ્થાન સુધી સંસારી ગણ્યા. દેહ સહિત છે તે તેરમા ગુણસ્થાન સુધી. ચૌદમા તો ... તેરમા ગુણસ્થાન સુધી સંસારી અને સિદ્ધને જુદા પાડી દીધા. ''**સંસારસ્થ' અને 'સંસારરહિત' એમ બે પ્રકારના જીવો છે. બન્ને ચેતન્યોપયોગ લક્ષણ છે.**' ઉપયોગ લક્ષણ સામાન્ય છે-Common છે. સિદ્ધ પરમાત્મા હો કે સંસારી જીવ હોય. ઉપયોગ લક્ષણથી એને ઓળખવામાં આવે છે કે આ જીવ છે. સંસારી દેહ સહિત છે અને અસંસારી દેહરહિત છે.

'**૧૧૦. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ જીવસંશ્રિત છે. તે જીવોને મોહનું પ્રબળપણું છે અને સ્પર્શઈન્દ્રિયના વિષયનું તેને જ્ઞાન છે.**' એક ઈન્દ્રિય લીધી. એક ઈન્દ્રિય. ખાલી સ્પર્શઈન્દ્રિયના વિષયનું જ્ઞાન છે. અને દર્શનમોહનું અને ચારિત્રમોહનું ત્યાં અત્યંત પ્રબળપણું છે. એક ઈન્દ્રિય છે અને બાકીની ચાર ઈન્દ્રિય નથી તોપણ ? ઈન્દ્રિય તો એક જ છે એને-સ્પર્શ ઈન્દ્રિય. તો સૌથી તીવ્ર મોહપણું ત્યાં છે. સંશ્રિત છે એટલે કાય સહિત છે એમ લેવું. .. જાતિઓની અપેક્ષાએ તેને પાંચ .. ૧૧૦ ગાથા છે ને ?

પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ એ બધા કાય લીધા. '**જીવસહિત છે. (અવાંતર જાતિઓની અપેક્ષાએ) તેમની ઘણી સંખ્યા હોવા છતાં તેઓ બધીયે તેમાં રહેલા જીવોને ખરેખર પુષ્કળ મોહથી સંયુક્ત સ્પર્શ**

**આપે છે.**' સંશ્રિત એટલે દેહસહિત ઢંકાયેલા.

મુમુક્ષુ :- અપકાય...

પૂજ્ય ભાઈશ્રી :- '**પૃથ્વીકાય, અપકાય, તેજઃકાય, વાયુકાય અને વનસ્પતિકાય-**' અપ એટલે પાણી. અપ એટલે પાણી. પૃથ્વી, પાણી એટલે અપકાય, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. પાણીના ઘણા શબ્દો છે. અપ એટલે પાણી, વારિ એટલે પાણી, જળ એટલે પાણી. ૨૦-૨૫ શબ્દો છે. પાણીને બતાવનારા ... રીતે કહેવાય એવા સંસ્કૃત Dictionary માં ૨૦ થી ૨૫ શબ્દો છે.

મુમુક્ષુ :- પાણી પોતે એકેન્દ્રિય જીવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાણી પોતે એકેન્દ્રિય છે. એ કાય છે. એકેન્દ્રિય જીવની એટલે શરીર છે. ... કાય છે એટલે જીવ છે એટલે એ જીવની કાયા છે. તે જીવો દેહ સહિત છે, તે જીવોને મોહનું પ્રબળપણું છે અને સ્પર્શઇન્દ્રિયના વિષયનું, તેને માત્ર એક સ્પર્શેન્દ્રિયના વિષયનું જ્ઞાન છે.

મુમુક્ષુ :- આ જીવ પણ ત્યાં જઈ આવ્યો હશે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનંત વાર. એકવાર નહિ પણ અનંત વાર. કેમકે ત્રસપર્યાયનો કાળ જ બે હજાર સાગરનો છે. Maximum. પછી ચોથા કાળમાં એકેન્દ્રિય થઈ જાય. જીવ ક્યારનો છે ? અનંત કાળથી છે. અનાદિથી અનંત કાળ થયો અત્યાર સુધીમાં, એમાં કેટલા સાગર ગયા ? બે હજાર ગયા ? અનંતાઅનંત સાગર ગયા. ક્યાં રહ્યો ? એકેન્દ્રિયમાં રહ્યો. બીજા સંપ્રદાયો તો એને જીવ તરીકે માનવા તૈયાર નથી. હમણાં હમણાં વળી આ શરદચંદ્ર બોઝે કહ્યું કે, આ વનસ્પતિ છે એ જીવ છે. નહિતર તો કોઈ જીવ તરીકે માને નહિ. એમ છે.

મુમુક્ષુ :- પોતાને શરીરવાળો માન્યો...

પૂજ્ય ભાઈશ્રી :- શરીરવાળો માન્યો, શરીરનો ચાહક માન્યો, શરીરનો સંભાળનાર માન્યો, શરીરનો રખેવાળ માન્યો અને શરીરનો ગ્રહણ કરનારો માન્યો. પછી એ શરીર કોઈ રીતે છૂટે નહિ. નવા-નવા, નવા-નવા શરીર મળ્યા જ કરે. જન્મના દુઃખ ભોગવે, મરણના દુઃખ ભોગવે. અને એથી વધારે મુંઝવણના દુઃખ ભોગવે. મુંઝવણ પાર વગરની, ક્યાંય સમાધાન થાય નહિ. ૧૧૦ થઈ.

'**૧૧૧. તેમાં ત્રણ સ્થાવર છે. અલ્પ યોગવાળા અગ્નિ અને**

**વાયુકાય તે ત્રસ છે.**' આ ગતિ કરે છે. આમ તો ભયથી ગતિ કરે એને ત્રસ કહેવાય છે. ... માં પણ.. '**તે મનના પરિણામથી રહિત 'એક ઇન્દ્રિય જીવો' જાણવા.**' એને અસંજ્ઞી હોય એને મન નથી. પાંચ ઇન્દ્રિય હોય પણ અસંજ્ઞી .. નથી. અને એકેન્દ્રિયને તો મન હોઈ શકે નહિ. કારણ કે એને સ્પર્શેન્દ્રિય છે, બીજી કોઈ ઇન્દ્રિય એને નથી.

મુમુક્ષુ :- અગ્નિ અને વાયુ...

પૂજ્ય ભાઈશ્રી :- અગ્નિ અને વાયુને ગતિ કરવાની અપેક્ષાએ ત્રસ કીધા. જ્યારે આ ત્રણ સ્થાવર એટલે એક જગ્યાએ પડ્યા રહે. પૃથ્વી, પાણી અને વનસ્પતિ. ... આ હલે છે.

'**તેમાં, ત્રણ (પૃથ્વીકાયિક, અપકાયિક ને વનસ્પતિકાય) જીવો સ્થાવર શરીરના સંયોગવાળા છે તથા વાયુકાયિક ને અગ્નિકાયિક જીવો ત્રસ છે.**' ત્યાં Footnote મૂકી છે. '**વાયુકાયિક અને અગ્નિકાયિક જીવોને ચલનક્રિયા દેખીને વ્યવહારથી ત્રસ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો તેઓ પણ સ્થાવરનામકર્માધીનપણાને લીધે**' ઠીક ! .. '**સ્થાવરનામકર્માધીનપણાને લીધે જોકે તેમને વ્યવહારથી ચલન છે તોપણ સ્થાવર જ છે.**' આમ તો ખરેખર સ્થાવર છે. કેમકે ત્રાસ પામે એટલો ઉઘાડ અને આહાર વર્ગણા એની... પહેલી રસના ઇન્દ્રિય આવે છે ને. બે ઇન્દ્રિયથી એને આહાર શરૂ થાય. આ ઇયળ છે ને ? વિષ્ટામાં થાય, ... માં થાય. આહાર. આહારમાં તો એક ગતિ પણ છે. એને ક્યાંક આહાર ન મળે તો એક જગ્યાએથી બીજી જગ્યાએ (જાય). એકેન્દ્રિય જીવને આહાર નથી. એટલે કહે છે, દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષનો અવર્ણવાદ કરે, વિરાધના કરે તો શું કહે છે ? ભાઈ જીભથી વિરાધના કરે છે પણ તને જીવ મળશે નહિ. એટલે બીજી ઇન્દ્રિય નહિ મળે. જીભથી બીજી ઇન્દ્રિય શરૂ થાય છે. એકેન્દ્રિય-નિગોદમાં ચાલ્યો જઈશ.

મુમુક્ષુ :- એકેન્દ્રિયને વ્યોમ આહાર ખરો કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી : એક શ્વાસોશ્વાસમાં અઢાર વખત જન્મે છે અને અઢાર વખત મરે છે. ....

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : આમાં કાંઈ નહિ. શાસ્ત્રોમાં નથી જોયું, વ્યોમ આહારનું.

'**૧૧૨. એ પાંચે પ્રકારનો જીવસમૂહ મનપરિણામથી રહિત અને**

**એકેંદ્રિય છે, એમ સર્વજ્ઞે કહ્યું છે.**

‘**૧૧૩. ઈંડામાં જેમ પક્ષીનો ગર્ભ વધે છે, જેમ મનુષ્યગર્ભમાં મૂર્છાગત અવસ્થા છતાં જીવત્વ છે, તેમ ‘એકેન્દ્રિય’ જીવો પણ જાણવા.**’ ... છે પણ ત્યાં પણ જીવપણું છે એનું જીવત્વ ત્યાં છે. એને જીવો જાણવા. એને એકલા પુદ્‌ગલ પરમાણુ જાણવા નહિ. જગતમાં તો અમુકને પુદ્‌ગલ ગણવામાં આવે છે. અગ્નિને એકલો પુદ્‌ગલ ગણવામાં આવે છે. જમીનને પણ એકલો પુદ્‌ગલ ગણવામાં આવે છે. નહિ, એ પણ સચેત છે. કેવા છે ? સચેત છે. પછી કોઈ અચેત પણ હોય છે. પૃથ્વીના. પણ સચેત છે એ સચેત છે. ઉપર ઉપર જે બધા રસ્તા થઈ જાય છે એ બધા અચેત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. જાય એટલે સચેત શરૂ થઈ જાય. પાણી તો કહી દીધું ને સચેત છે. પાણી .. તો...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... બધા આમ કરતા હોય તો .. ફેરફારો તો પોત પોતાના આમાં થાય છે. પાણી હોય ત્યાં પર્વત હોય અને પર્વત હોય ત્યાં પાણી પણ થાય.

‘**૧૧૪. શંબુક, શંખ, છીપ, કૃમિ એ આદિ જે જીવો રસ, અને સ્પર્શને જાણે છે; તે બે ઇન્દ્રિય જીવો જાણવા.**’ શંખલા છે, છીપ છે, કૃમિ છે, અળસિયા. અનેક પ્રકારના. બે ઇન્દ્રિયમાં પણ અનેક પ્રકાર છે. દૃષ્ટાંત તો ગાથામાં થોડાક આવે બાકી એના પણ અનેક પ્રકાર છે. બે ઇન્દ્રિયના.

‘**૧૧૫. જૂ, માંકડ, કીડી, વીંછી આદિ અનેક પ્રકારના બીજા પણ કીડાઓ રસ, સ્પર્શ અને ગંધને જાણે છે;...**’ ખાસ કરીને જે ગંધથી આકર્ષાય જાય છે. તો એને ત્રીજી ઇન્દ્રિય મળી એટલો એનો ઉઘાડ વધ્યો. ... આથી ઉપર જવાનું છે. યાદ ન રહે તો યાદ રાખવા માટે. એમાં જીભ, પછી નાક, પછી આંખ. આમ ઉપર જવાનું. પછી Sideમાં. પાંચમી કર્ણેન્દ્રિય. સ્પર્શેન્દ્રિય તો પહેલેથી તો છે જ બધાને. બીજી, ત્રીજી, ચોથી એ ચાર ઇન્દ્રિય મળતા પાંચ ઇન્દ્રિય થાય. પછી મન પામે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધા સીધા ન હોય. અમુક પ્રકારના. ..માં

પણ ઘણી જાતો આવે છે. જેમ મનુષ્ય છે એમાં સંજ્ઞી પણ છે અને અસંજ્ઞી પણ છે. સંમૂર્છન મનુષ્ય છે એ બધા અસંજ્ઞી છે. મનુષ્યના ... જે મનુષ્યો ઉત્પન્ન થાય છે તે બધા સંમૂર્છન છે. મનુષ્યના અંગ ઉપાંગમાં થાય છે એ બધા પણ સંમૂર્છન છે. તો એને કાંઈ મન હોતું નથી.

'**૧૧૬. ડાંસ, મચ્છર, માખી, ભમરી, ભમરા, પતંગ આદિ રૂપ, રસ, ગંધ અને સ્પર્શને જાણે છે...**' રૂપને જાણવાની આંખ મળી. તેને '**ચાર ઈન્દ્રિય જીવો જાણવા.**' આ આંખવાળા. એ ચાર ઈન્દ્રિય જીવોના...

'**૧૧૭. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ, જળચર, સ્થલચર અને ખેચર...**' દરમાં રહેનારા, સ્થળ એટલે જમીન ઉપર ચરનારા અને ખે એટલે આકાશમાં ઉડનારા પંખીઓ. '**તે વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણે છે; તે બળવાન પાંચ ઈન્દ્રિયવાળા જીવો છે.**' એને પાંચ ઈન્દ્રિયનું બળ છે. એક એક પ્રાણ વધ્યા ને દસ પ્રાણમાં ? એટલે એ બળવાન કહ્યા છે. એ પંચેન્દ્રિય જાણવા.

'**૧૧૮. દેવતાના ચાર નિકાય છે. મનુષ્ય કર્મ અને અકર્મ ભૂમિનાં એમ બે પ્રકારનાં છે.**' દેવતાના ચાર જ્યોતિષ, વ્યંતર છે. .. વૈમાનિક અને ... રહે છે.

મુમુક્ષુ :- ભવનવાસી

પૂજ્ય ભાઈશ્રી :- જ્યોતિષ, વ્યંતર, ભવનવાસી છે. એની ઉપર વૈમાનિક છે. એ ચાર નિકાય છે. '**મનુષ્ય કર્મ અને અકર્મ ભૂમિનાં એમ બે પ્રકારનાં છે. તિર્યંચના ઘણા પ્રકાર છે; તથા નારકી તેની પૃથ્વીઓની જેટલી જાતિ છે તેટલી જાતિના છે.**' ... છે. સાત નરક છે એટલે સાત જાતિના નારકી છે. એના દેખાવ જુદા, એના શરીરો જુદા, એના ઉદયો પણ જુદા.

'**૧૧૯. પૂર્વે બાંધેલું આયુષ ક્ષીણ થવાથી જીવ ગતિનામકર્મને લીધે આયુષ અને લેશ્યાના વશથી બીજા દેહમાં જાય છે.**' શું કહે છે ? પૂર્વે બાંધેલું આયુષ્ય ક્ષીણ થયા પહેલા કોઈને બીજો ભવ થાય નહિ. ઘણા કહે છે ને એક ભવમાં બીજો ભવ કરી લેવો. એ વાત ખોટી છે. આયુષ કર્મ પૂરું થાય પછી જ બીજો ભવ થાય. એ પહેલા થાય નહિ. .... શાસ્ત્ર પદ્ધતિમાં કાંઈ ફેર થતો નથી. '**પૂર્વે બાંધેલું આયુષ ક્ષીણ થવાથી**

**જીવ ગતિનામકર્મને લીધે આયુષ અને લેશ્યાના વશથી...**' ...હોય છે. અને તે પ્રકારની લેશ્યા પૂર્વની બાંધેલી હોય તેમાં ... ... જે આયુષ્ય બાંધ્યું હોય તે લેશ્યાના પ્રમાણમાં.. લેશ્યા ઘટાડવા માટે .. બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ. એ .. લેશ્યા ઘટાડવા માટે ...અશુભયોગમાં ન રહેવું અને શુભયોગમાં રહેવું.

મુમુક્ષુ :- ગતિનામકર્મ કેવી રીતે બંધાય ?

પૂજ્ય ભાઈશ્રી :- લેશ્યા.. જેવી લેશ્યા હોય એ પ્રમાણે ગતિ કરે.

મુમુક્ષુ :- એટલે પરિણામને સંભાળવા કહે છે ને. એટલા માટે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલા માટે. કેમકે અશુભગતિ થાય ને. અશુભ લેશ્યામાં આયુષ્ય બંધાય તો અશુભગતિ થાય. સમ્યગ્દૃષ્ટિને અશુભઉપયોગના કાળે પણ આયુષ્યનો-ગતિનો બંધ પડતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અશુભ આયુનો બંધ... પર્યાય ન બંધાય, નપુંસક પર્યાય ન બંધાય. ... ૪૧ પ્રકૃતિનો નિષેધ છે. ચોથા ગુણસ્થાને કહેવાય છે એ ... મોક્ષમાર્ગનું ગુણસ્થાન... તોપણ સૌથી વધારે પ્રકૃતિનો વિચ્છેદ ચોથા ગુણસ્થાને થાય છે. સૌથી મોટો દર્શનમોહનો વિચ્છેદ પણ ચોથા ગુણસ્થાને. દર્શનમોહ એને ન બંધાય, મિથ્યાત્વ મોહનીય એને બંધાય નહિ. અને એ સિવાય બીજી ૪૦ પ્રકૃતિઓનો પણ વિચ્છેદ જાય. પછી બાકીની જે રહી ૧૪૮માંથી, એમાંથી કોઈમાં પાંચ, કોઈમાં આઠ અને કોઈમાં બાર એવી રીતે વિચ્છેદ જાય છે. સૌથી વધારે સંખ્યામાં વિચ્છેદ થતો હોય તો ચોથા ગુણસ્થાને. એ પ્રવેશ ભવ્ય પ્રવેશ છે. નથીક હેતા કે ઉદ્‌ઘાટન કર્યું. આજે તો અમારે પહેલો દિવસ છે પણ અમારું ભવ્ય ઉદ્‌ઘાટન છે. એમ મોક્ષમાર્ગનું આ ભવ્ય ઉદ્‌ઘાટન છે. ૪૧ પ્રકૃતિનો ક્ષય, જાઓ ! વિચ્છેદ જાય. એવો સમ્યગ્દર્શનનો મહિમા છે અથવા પ્રભાવ છે.

'**૧૨૦. દેહાશ્રિત જીવોના સ્વરૂપનો એ વિચાર નિરૂપણ કર્યો;...**' દેહાશ્રિત જીવોના સ્વરૂપનો એ વિચાર... અત્યાર સુધીની ગાથામાં દેહાશ્રિત જીવોના સ્વરૂપનો વિચાર આવ્યો, એનું નિરૂપણ આવ્યું. '**તેના 'ભવ્ય' અને 'અભવ્ય' એવા બે ભેદ છે.**' એ જીવો જે સંસારીઓ છે એમાં બે ભેદ એવા છે કે કેટલાક ભવ્યો છે અને કેટલાક અભવ્યો છે. અનંતા ભવ્યો છે અને અનંતા અભવ્યો છે. '**દેહરહિત એવા 'સિદ્ધભગવંતો' છે.**' અને જે દેહરહિત છે એ બધા સિદ્ધ ભગવંતો

લીધા છે.

'**૧૨૧. ઇન્દ્રિયો જીવ નથી, તથા કાયા પણ જીવ નથી પણ જીવનાં ગ્રહણ કરેલાં સાધનમાત્ર છે.**' જીવના પરિણામથી જે પુદ્‌ગલો નિમિત્ત નૈમિત્તિક સંબંધે ગ્રહણ કરવામાં આવ્યા છે અને સંયોગપણે સાથે રહે છે. આયુષ્યકર્મ. .. નથી રહેતા પણ આયુષ્ય પર્યંત. તેને તેના સાધન કહેવામાં આવ્યા છે. નિમિત્તપણે, હોં ! વસ્તુતાએ તો જેને જ્ઞાન છે તેને જ જીવ કહીએ છીએ. જેનામાં જ્ઞાન તે જીવ, જેનામાં જ્ઞાન નહિ તે અજીવ. બસ ! એમ બે વિભાગ છે. જ્યાં જ્યાં જ્ઞાન તે જીવ અને જ્યાં જ્યાં અજ્ઞાન તે જીવ નહિ. એમ પોતામાં લેવું કે જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું. .. આવ્યું. કે જ્યાં જ્યાં જ્ઞાન, એકલું જ્ઞાન, માત્ર જ્ઞાન. જ્યાં જ્યાં જ્ઞાન, તેવો જે અનુભવ, હુંપણે એવો જે અનુભવ. અનુભવને લીધો. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું એટલે હુંપણાનું વેદન, હુંપણાનો અનુભવ એવો જે દૃઢભાવ તે સમ્યક્ત્વ છે 'અનુભવપ્રકાશ'. બહુ અનુભવનો વિષય લીધો છે.

મુમુક્ષુ :- આ અનંતા જીવો અભવ્યો કીધા એ કેવી રીતે ...?

પૂજ્ય ભાઈશ્રી :- ... એનાથી છૂટશે. અનંતા અભવ્યો અનાદિથી છે. અભવ્યો નવા થતાં નથી. ભવ્યો પણ નવા થતાં નથી. એટલા માટે એ બંનેને પારિણામિકભાવે કહેવામાં આવ્યા છે. જે અનાદિઅનંત હોય એને પારિણામિક કહે છે. ભવ્ય અને અભવ્ય છે એ પારિણામિક ભાવે છે. શુદ્ધ પારિણામિક નહિ હોવાથી તેને અશુદ્ધ પારિણામિક કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એનું ઠેકાણું ન પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- જાતિ એવી છે ત્યાં શું થાય ? એ તો કુદરતી વ્યવસ્થા છે. કોઈની કરેલી સજા નથી. કોઈએ ... સજા નથી.

મુમુક્ષુ :- વિના વાંકે બંધાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- વિના વાંકે કહો કે એના પરિણામના વાંકે કહો. એ કોઈ રીતે આત્માને સ્વીકારવા તૈયાર નથી. આત્માના મોક્ષને સ્વીકારવા તૈયાર નથી. મોક્ષના માર્ગને એ સ્વીકારવા તૈયાર નથી. તો પછી એમાં એનો વાંક નથી એમ કેમ કહેશો ?

મુમુક્ષુ :- એટલે અભવ્ય કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એ અભવ્ય છે અને અભવ્ય કહેવાય છે. નથી

અને કહેવાય છે એમ નથી. છે અને કહેવાય છે.

મુમુક્ષુ :- દૂરભવી.

પૂજ્ય ભાઈશ્રી :- દૂરભવ્યતામાં તો શું છે કે જલ્દી જલ્દી ભવ્યતાનો પરિપાક નજીક નથી, ઘણા લાંબા કાળે પાકવાના છે એને દૂરભવ્ય કહેવામાં આવે છે. દૂરભવ્ય છે એ ભવ્ય છે. જ્યારે અભવ્ય છે તે ભવ્ય નથી.

મુમુક્ષુ :- મગનો દાખલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- કોરડું મગ. ગમે તેટલા પાણીએ ચડાવો પણ ચડે નહિ. એ મગ નથી ? જે ખેતરમાં પાક્યા, એ જ .. એક જ શીંગની અંદર. મગની એક શીંગની અંદર એક કોરડું નીકળે અને બાકીના દસ-વીસ દાણા સીઝે એવા નીકળે. શું કારણ ? કે કારણ નથી. કાંઈ કારણ નથી.

મુમુક્ષુ :- દૂરભવ્યને નિમિત્ત મળવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્ત તો મળે છે. એ પોતે કરે ત્યારે થાય. પોતે સવળો થાય ત્યારે. પોતે હાથે કરીને સવળો ન થાય તો સમજવું કે દુરભવી છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ (મળ્યા). સબ અવસર આ ચૂકા હૈ. છતાં આત્મહિત ન થાય તો સમજવું કે હજી દૂરભવી છે. એમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એની નીચે છે માટે નિમિત્ત નથી એવું કાંઈ નથી. માર્ગ જોઈએ તો અનંતા જીવા છે. નિગોદની અંદર છે આખા લોકમાં વ્યાપેલા છે. નિગોદ આખા લોકમાં વ્યાપેલા છે. એમાં અભવ્ય ઘણા જીવો છે. કર્મની નીચે દટાયેલા છે એટલે એના .. એવું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... ત્યાં પણ છે. જ્ઞાન છે તેને જ જીવ કહીએ.

'**૧૨૨. જે સર્વ જાણે છે, દેખે છે, દુઃખ ભેદીને સુખ ઇચ્છે છે,...**' જીવ છે તે જાણે છે, દેખે છે, દુઃખ ભેદીને, દુઃખને છોડીને સુખને ઇચ્છે છે. '**શુભ અને અશુભને કરે છે અને તેનું ફળ ભોગવે છે તે 'જીવ' છે.**' જુઓ ! છ પદ લઈ લીધા ને ? કર્તા છે અને ભોક્તા છે. શુભાશુભ કરે છે અને એના ફળને ભોગવે છે. લઈ લીધું. 'આત્મસિદ્ધિ'નો વિષય લઈ લીધો. ૧૨૨માં. ૧૨૩ ગાથા આમાં નથી લીધી.

**'એ રીતે બીજા પણ બહુ પર્યાયો વડે જીવને જાણીને...'** એટલે અનેક ભેદે. અનેક ભેદ પ્રભેદથી જીવને જાણીને. **'જ્ઞાનથી અન્ય એવાં (જડ) લિંગો વડે અજીવને જાણો.'** જ્ઞાનથી અન્ય લિંગ છે એવા જડ જેનું ચિહ્ન છે એવા અજીવને જાણો. એ અજીવ તથા જીવ પદાર્થની વ્યાખ્યા .. ૧૨૩મી ગાથા કહી છે. **'જીવ વ્યાખ્યાનના ઉપસંહારની અને અજીવ-વ્યાખ્યાનના પ્રારંભની સૂચના છે.'** જીવની વાત પૂરી કરે છે, અજીવની વાત શરૂ કરે છે.

**'૧૨૪. આકાશ, કાળ, પુદ્ગલ, ધર્મ અને અધર્મ દ્રવ્યને વિષે જીવત્વગુણ નથી; તેને અચૈતન્ય કહીએ છીએ, અને જીવને સચૈતન્ય કહીએ છીએ.'** ચૈતન્ય સહિત તે જીવ અને ચૈતન્ય રહિત તે અજીવ. પાંચે દ્રવ્યનો વિષય પહેલા અધિકારમાં આવી ગયો.

**'૧૨૫. સુખદુઃખનું વેદન, હિતમાં પ્રવૃત્તિ, અહિતમાં ભીતિ તે ત્રણે કાળમાં જેને નથી તેને સર્વજ્ઞ મહામુનિઓ 'અજીવ' કહે છે.'** અજીવને સુખ-દુઃખ ન હોય. શાતા પ્રકૃતિ અને અશાતા પ્રકૃતિ તો અજીવને છે. તો કહે છે, એની એને ખબર નથી. શાતાના શાતાપણાની પ્રકૃતિની પરમાણુની કાંઈ ખબર નથી. અશાતામાં ભૂખ લાગે છે એ હોજરીને ખબર નથી. જીવને ખબર છે.

જેને સુખદુઃખની ખબર નથી. એમ. ... હિતમાં જેની પ્રવૃત્તિ થતી નથી. જેને હિત કરવું કે અહિત ન કરવું એવો જેને વિવેક નથી. એટલે વિવેક ન હોય એને શું કહેવાય છે ? જડ બુદ્ધિ. તે ક્રિયાજડ કહ્યા. 'આત્મસિદ્ધિ'માં એને ક્રિયાજડ કીધાં. કેમકે એમાં હિત-અહિતની બુદ્ધિ એને નથી. જડપણે કર્યા કરે છે. **'તે ત્રણે કાળમાં જેને નથી તેને સર્વજ્ઞ મહામુનિઓ અજીવ કહે છે.'** એ અજીવને ન હોય. સુખ-દુઃખ ન હોય, હિતાહિતનો વિવેક એને ન હોય. એમ અહીંયાં વિવેક કરવા માટે મન મળ્યું છે. સંજ્ઞી પ્રાણી થયો, વિવેક કરવા માટે મન મળ્યું છે. વિવેક ન કરે તો મન રહિત જડ જેવો થઈ જાય. આ સીધી વાત છે. જે જે પ્રાણીઓ મન રહિત છે તે બધા અવિવેકને કારણે મનરહિત થયેલા છે. વિવેક ચૂકી ગયા છે માટે જડ જેવા થઈ ગયા છે એમ જાણવું.

**'૧૨૬. સંસ્થાન, સંઘાત, વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દ એમ પુદ્ગલદ્રવ્યથી ઉત્પન્ન થતા ગુણપર્યાયો ઘણા છે.'** આ જે પુદ્ગલના

વિભિન્ન પ્રકારના પર્યાય. સંસ્થાન એટલે આકાર, સંઘાત એટલે જોડાવું, પછી રંગ, વર્ણ એટલે રંગ, રસ-સ્વાદ, સ્પર્શ-ઠંડો, ઊનો, સુંવાળો, ખરબચડો વગેરે, વજન-હલકું-ભારે. ગંધ-દુર્ગંધ-સુગંધ વગેરે. એ બધી પુદ્‌ગલદ્રવ્યથી ઉત્પન્ન થતી એના ગુણોની પર્યાયો છે. એ પુદ્‌ગલની પર્યાયો છે. બાકીના ચાર .... ધર્મ, અધર્મ, આકાશ, કાળ ...

**'૧૨૭. અરસ, અરૂપ, અગંધ, અશબ્દ, અનિર્દિષ્ટ સંસ્થાન અને વચનઅગોચર એવો જેનો ચૈતન્ય ગુણ છે તે જીવ છે.'** કઈ ગાથા આવી આ ? અલિંગગ્રહણની ગાથા આવી આ. 'સમયસાર'માં ૪૯મી છે. 'પ્રવચનસાર'ની અંદર ૧૭૨મી ગાથા છે. એ અહીંયાં ૧૨૭મી ગાથા છે. 'પંચાસ્તિકાય'માં ૧૨૭મી ગાથા છે. આચાર્ય એના એ જ છે. બધી વાર જુદો જુદો અર્થ કરશે. ટીકાકારે જુદો જુદો અર્થ કર્યો. અહીં સામાન્ય વર્ણન છે. અહીં જીવ ...

**જે ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન, ઇન્દ્રિયગ્રાહ્ય નહિ, તે જીવ છે. ૧૨૭.**

**'ટીકા :- જીવ-પુદ્‌ગલના સંયોગમાં પણ, તેમના ભેદના કારણભૂત સ્વરૂપનું આ કથન છે....'** દેહવાળો, પુદ્‌ગલના સંયોગવાળો જીવ હોવા છતાં એનાથી ભેદજ્ઞાન-છૂટો પાડવા માટેના કારણભૂત જે કોઈ વાત છે તેનું અહીંયાં કથન કહેવામાં આવે છે. '**(અર્થાત્ જીવ અને પુદ્‌ગલના સંયોગમાં પણ, જે વડે તેમનો ભેદ જાણી શકાય છે એવા તેમના ભિન્નભિન્ન સ્વરૂપનું આ કથન છે.**' '**જે ખરેખર સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-ગુણવાળું હોવાને લીધે, સશબ્દ હોવાને લીધે તથા સંસ્થાન-સંઘાતાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઇંદ્રિયગ્રહણયોગ્ય છે, તે પુદ્‌ગલદ્રવ્ય છે; અને (૨) જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણ વિનાનું હોવાને લીધે, અશબ્દ હોવાને લીધે, અનિર્દિષ્ટસંસ્થાન હોવાને લીધે...**' એનો કોઈ ચોક્કસ આકાર ... '**તથા અવ્યક્તત્વાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે...**' અવ્યક્ત.. '**ઇન્દ્રિયગ્રહણયોગ્ય નથી, તે, ચેતનાગુણમયપણાને લીધે રૂપી તેમ જ અરૂપી અજીવોથી વિશિષ્ટ (ભિન્ન) એવું જીવદ્રવ્ય છે.**' ચેતનાગુણમયપણાને લીધે.

**'આ રીતે અહીં જીવ અને અજીવનો વાસ્તવિક ભેદ સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિદ્ધિ અર્થે પ્રતિપાદન કરવામાં આવ્યો.'**

છે. '**एवमिह जीवाजीवयोर्वास्तवो भेदः सम्यग्ज्ञानिनां मार्गप्रसिद्ध्यर्थं प्रतिपादित इति।।**' આ જીવ પદાર્થનું વ્યાખ્યાન અહીં સમાપ્ત કર્યું. આ છેલ્લી ગાથા ૧૨૭મી કહીને જીવનો અધિકાર અહીંયા પૂરો કર્યો.

'**૧૨૮. જે નિશ્ચય કરી સંસારસ્થિત જીવ છે તેના અશુદ્ધ પરિણામ હોય છે. તે પરિણામથી કર્મ ઉત્પન્ન થાય છે,...**' કેવા ? અશુદ્ધ પરિણામથી. '**તેથી સારી અને માઠી ગતિ થાય છે.**' એ અશુદ્ધ પરિણામને લઈને બે પ્રકારની શુભ અને અશુભ એવી સારી અને માઠી ગતિમાં શુભ અને અશુભ લેવા .. થાય છે વ્યવહારે સારી-માઠી. છે. પરમાર્થે તો બધી માઠી જ ગતિ છે.

'**૧૨૯. ગતિની પ્રાપ્તિથી દેહ થાય છે, દેહથી ઈંદ્રિયો અને ઈંદ્રિયોથી વિષય ગ્રહણ થાય છે,...**' ગતિની પ્રાપ્તિથી દેહ થાય છે. જે ગતિમાં જાય છે તેવો દેહ મળે છે. '**દેહથી ઈંદ્રિયો અને ઈંદ્રિયોથી વિષય ગ્રહણ થાય છે, અને તેથી રાગ દ્વેષ ઉત્પન્ન થાય છે.**' ... વિષય ગ્રહણનો ... રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. એ રીતે અહીંયાં ...

**શાસ્ત્રમાં અધ્યાત્મના પ્રકરણમાં આત્મસ્વરૂપ સમજાવવા, આત્મામાં રહેલા અનેકગુણધર્મોને દૃષ્ટાંતો, યુક્તિઓ અને ન્યાયોથી સમજાવેલ છે. જીવ ઉઘાડ જ્ઞાનમાં, અનાદિ રાગની પ્રધાનતામાં પણ, આ બધી વાતો સમજી શકે છે, પરંતુ અનુભવ તો જ્ઞાનની પ્રધાનતામાં પ્રયોગ થવાથી થાય છે. સમજવા માત્રથી નિવેડો નથી, પરંતુ અનુભવથી નિવેડો છે. તેથી વજન માત્ર સમજવા ઉપર ન રહેવું જોઈએ, પરંતુ પ્રયોગે ચડીને અનુભવ સુધી પહોંચવુ જોઈએ.**

**(અનુભવ સંજીવની – ૧૭૭૪)**

**નોંધ :- પ્રવચન નં. ૩૭૦ થી ૩૭૨માં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.**

## તા. ૨૦-૫-૧૯૯૨, પત્રાંક - ૭૬૬
## પ્રવચન નં. ૩૭૩

૫૯૫ પાનું. '**૧૬૧. તે ત્રણ વડે સમાહિત આત્મા, આત્મા સિવાય જ્યાં અન્ય કિંચિત્ માત્ર કરતો નથી, માત્ર અનન્ય આત્મામય છે ત્યાં 'નિશ્ચય મોક્ષમાર્ગ' સર્વજ્ઞ વીતરાગે કહ્યો છે.**' ત્યાં સુધી આવ્યું છે. જો વ્યવહારમોક્ષમાર્ગ હૈ, વ્યવહારમોક્ષમાર્ગ સે સમાહિત હૈ. વ્યવહાર નહિ હોવે ઔર નિશ્ચય હોવે ઐસા હો સકતા નહીં. અહીં કહે છે કે વ્યવહારમોક્ષમાર્ગના સાધ્યરૂપ તરીકે નિશ્ચયમોક્ષમાર્ગનું આ વચન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો આત્મા જે સ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.

'**હવે (વિસ્તાર એમ છે કે), આ આત્મા ખરેખર કથંચિત્ (કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી) અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો,..**' અજ્ઞાનના નાશથી વ્યવહાર પામ્યો છે. ઓલો વ્યવહાર નથી, અજ્ઞાનમય વ્યવહાર નથી. જ્ઞાનસહિતનો વ્યવહાર લીધો છે. વ્યવહારાભાસ નથી લીધો. વ્યવહાર અને વ્યવહારાભાસમાં ફરક છે. જે નિશ્ચય વગરનો વ્યવહાર છે તે વ્યવહારાભાસ છે. નિશ્ચયસહિતનો વ્યવહાર છે તે યથાર્થ વ્યવહાર છે. એની ભૂમિકામાં.

'**ધર્માદિ સંબંધી તત્ત્વાર્થ-અશ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થો સંબંધી અજ્ઞાનના અને અતપમાં ચેષ્ટાના ત્યાગ અર્થે તથા ધર્માદિ સંબંધી તત્ત્વાર્થ શ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થો સંબંધી જ્ઞાનના અને તપમાં ચેષ્ટાના ગ્રહણ અર્થે (ત્રણના ત્યાગ અર્થે તથા ત્રણના ગ્રહણ અર્થે) વિવિક્ત ભાવરૂપ વ્યાપાર કરતો થકો,...**' વિવિક્ત એટલે વિવેકથી

જુદા તારવેલા. '(**અર્થાત્ હેય અને ઉપાદેયનો વિવેક કરીને વ્યવહારે ઉપાદેય તરીકે જાણેલા**).' સુદેવની શ્રદ્ધા કરે અને કુદેવની શ્રદ્ધા કરે એવો વ્યવહાર નથી. એવો વ્યવહાર નથી. સત્શાસ્ત્ર સિદ્ધાંતને માન્ય પણ કરે અને સિદ્ધાંતને ... અથવા અપસિદ્ધાંતને પણ માન્ય કરે. હું તો સિદ્ધાંતને પણ માનું છું અને અસિદ્ધાંતને પણ માનું છું. એમ નહિ. અપસિદ્ધાંતનો ત્યાગ છે અને સત્ સિદ્ધાંતનું ગ્રહણ છે. એવી રીતે. અમુક સત્પુરુષને માનુ છું અને અમુક સત્પુરુષને નથી માનતો. એમ આવે કે નહિ ? અમુક સિદ્ધાંત માનું છું, અમુક સિદ્ધાંત નથી માનતો. એને વ્યવહાર કહેવામાં આવતો નથી. એ વ્યવહારના સ્થાનમાં વ્યવહાર નથી એમ કહેવું છે. તો પછી એને નિશ્ચય હોય એ પ્રશ્ન તો વિચારવા જેવો પણ રહેતો નથી.

'**વળી કોઈ કારણે ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં અને ત્યાજ્યનું ગ્રહણ થઈ જતાં તેના પ્રતિવિધાનનો અભિપ્રાય કરતો થકો,...**' પ્રતિવિધાન એટલે પ્રતિકારનો ઉપાય, ઈલાજ. કદાચ દોષ આવી જાય, અતિચાર લાગી જાય તો એનો ઈલાજ કરે છે, એનો ઉપાય કરે છે. એનો બચાવ કરતો નથી. પોતાના દોષનો અસ્વીકાર કરતો નથી, તેમ પોતાના દોષનો બચાવ પણ કરતો નથી. બચાવમાં સ્વીકાર આવી જાય છે. બચાવ ન કરે પણ સ્વીકારે નહિ. એમ નથી થતું.

'**જે કાળે અને જેટલા કાળ સુધી વિશિષ્ટ ભાવના સૌષ્ઠવને લીધે સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે અંગ-અંગીભાવે પરિણતિ વડે તેમનાથી સમાહિત થઈને, ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્યપણાને લીધે (ભેદાત્મક) ભાવરૂપ વ્યાપાર વિરામ પામવાથી (અર્થાત્ ભેદભાવરૂપ-ખંડભાવરૂપ વ્યાપાર અટકી જવાથી) સુનિષ્કંપપણે રહે છે,...**' શું કહે છે ? કે જે કાળે અને જેટલા કાળ સુધી વિશિષ્ટ ભાવના સૌષ્ઠવને લીધે એટલે ખાસ ભાવના, ખરી ભાવના, અંતરની ભાવના, ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના એને અહીંયાં વિશિષ્ટ ભાવના સૌષ્ઠવ (કહી છે). સૌષ્ઠવ એટલે તંદુરસ્ત, એને સૌષ્ઠવ કહેવાય છે. મજબુત. સૌષ્ઠવ એટલે મજબુત.

એવી ભાવનાને લીધે '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે અંગ-અંગીભાવે...**' આત્મા અંગી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેના અંગ છે. એવા '**અંગ-અંગીભાવે પરિણતિ વડે તેમનાથી સમાહિત થઈને,...**'

એટલે સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે નિશ્ચય નિર્વિકલ્પ અને વીતરાગ (છે). એ વીતરાગ સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગ ચારિત્રથી સમાહિત થઈને. પછી **'ત્યાગગ્રહણના વિકલ્પથી...'** પણ શૂન્ય થઈને જે નિર્વિકલ્પણે પોતાના સ્વરૂપમાં સનિષ્કંપ એટલે અચળપણે સ્થિર રહે છે. **'તે કાળ અને તેટલા કાળ સુધી...'** જે કાળે સ્થિર થાય અને જેટલો સમય સ્થિર રહે એટલા કાળ સુધી **'આ જ આત્મા જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી 'મોક્ષમાર્ગ' કહેવાય છે.'** આનું નામ ખરેખર મોક્ષમાર્ગ છે. નિશ્ચયમોક્ષમાર્ગ એટલે ખરેખર, સમ્યક્, વાસ્તવિક એ બધા વિશેષણ એકાર્થમાં છે. એ વાસ્તવિક મોક્ષમાર્ગ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. નિશ્ચય જે આ મોક્ષમાર્ગ છે કે જેનું ફળ મોક્ષ છે. મોક્ષમાર્ગ એને કહીએ કે જેનું ફળ મોક્ષ છે.

**'આથી, નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે.'** અહીં ફૂટનોટ લીધી. વ્યવહારને સાધન કહ્યું છે અને નિશ્ચયને સાધ્ય કહ્યું છે. એમ કહેવું છે કે જે વ્યવહારાભાસ છે તેને સાધકનો ઉપચાર પણ લાગુ પડતો નથી. એમ કહેવું છે. અહીંયાં ફૂટનોટ વાંચીએ. **'અહીં એ ખ્યાલમાં રાખવાયોગ્ય છે કે જીવ વ્યવહારમોક્ષમાર્ગને પણ અનાદિ અવિદ્યાનો નાશ કરીને જ પામી શકે છે;...'** કેવો વ્યવહાર છે ? અજ્ઞાનના નાશનો વ્યવહાર છે. માટે એના ઉપચાર આવે છે. **'અનાદિ અવિદ્યાના નાશ પહેલાં તો (અર્થાત્ નિશ્ચયનયના દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ભાન કર્યા પહેલાં તો) વ્યવહારમોક્ષમાર્ગ પણ હોતો નથી.'** વ્યવહારાભાસ હોય છે. વ્યવહાર મોક્ષમાર્ગ હોતો નથી.

'વળી, **'નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે.' એમ જે અહીં કહેવામાં આવ્યું છે તે વ્યવહારનય દ્વારા કરવામાં આવેલું ઉપચરિત નિરૂપણ છે.'** એમ કહે છે ... પરિણામ છે વ્યવહારના અને આ ... પરિણામ છે. યથાર્થ ભૂમિકાના યથાર્થ પરિણામ હોવાથી એને ઉપચાર કહેવામાં આવે છે. **'તેમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુભ વિકલ્પોને નહિ**

**પણ છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુદ્ધિના અંશને અને સાતમા ગુણસ્થાન યોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગને ખરેખર સાધન-સાધ્યપણું છે.''** આમ લીધું છે. '**છઠ્ઠા ગુણસ્થાને વર્તતો શુદ્ધિનો અંશ વધીને જ્યારે અને જેટલા કાળ સુધી ઉગ્ર શુદ્ધિને લીધે શુભ વિકલ્પોનો અભાવ વર્તે છે ત્યારે અને તેટલા કાળ સુધી સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે.**' રાજમાર્ગ આ છે. મુનિદશામાં નિર્વિકલ્પ નિશ્ચય પરિણમન, શુદ્ધાત્માનું વીતરાગી પરિણમન છે એને અહીંયાં મોક્ષમાર્ગ કહ્યો છે. ખરેખર મોક્ષમાર્ગ એને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- છઠ્ઠા ગુણસ્થાને વર્તતો જે .. એને સાધન કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- એને સાધન કીધું અને સાતમાને સાધ્ય કીધું. કેમકે મોક્ષમાર્ગને સાધન કહ્યું અને મોક્ષને સાધ્ય કીધું. ત્યાં પણ વીતરાગી મોક્ષમાર્ગ એટલે સાધન અને સંપૂર્ણ વીતરાગતા, 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' પૂર્ણ શુદ્ધતા એ સાધ્ય છે. એમ લેવું.

મુમુક્ષુ :- પોતાના દોષનો બચાવ કરે અને પોતાના દોષનો સ્વીકાર ન કરે. એ બેયમાં શું ફેર છે ?

પૂજ્ય ભાઈશ્રી :- બેય સ્વચ્છંદના જ પડખાં છે. બેય મહાદોષ એવા સ્વચ્છંદના પડખાં છે. એટલે ભયંકર અપરાધ છે એમ સમજીને એનાથી ચેતવા જેવું છે.

મુમુક્ષુ :- આ બેમાં અંદરોઅંદર શું ફરક છે ?

પૂજ્ય ભાઈશ્રી :- અંદર અંદરમાં ફરક તો એ છે કે મતાર્થ છે એ જરા સ્વીકાર ઉપરાંતની પ્રવૃત્તિ છે. અસ્વીકાર, મારા દોષનો અસ્વીકાર કરું છું. એટલું જ નહિ પણ હું મારો દોષ નથી એમ બતાવું છું. તો બચાવ કરે છે એના પેટામાં અસ્વીકાર આવી જાય છે. અને અસ્વીકાર કરવા ઉપરાંત દલીલબાજી કરવામાં આવે, દોષનો બચાવ કરવા માટે, તો એ જરા તીવ્ર સ્વચ્છંદનો દ્યોતક છે. એક પગથિયું આગળ વધ્યો છે. પણ છે બે જાત સરખી છે. એટલું વિચારવા યોગ્ય છે. અને આત્માનું બહુ નુકસાન કરનારા છે. એ વિચારવા જેવું છે. જ્યાં સુધી સ્વચ્છંદ રૂપી મહાદોષ પ્રવર્તે છે ત્યાં સુધી આગળ આગળની યોગ્યતાઓના પગથિયાં પણ ચડવા મુસીબત છે. પદાર્થનિર્ણય સુધી તો પહોંચવું અઘરું છે પણ ઉપરના જે પગથિયાં છે, એક તો એને દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષનો યથાર્થ મહિમા નહિ આવે. જે હદે આવવો જોઈએ એ હદે નહિ આવે.

મુમુક્ષુ :- અંદરની યથાર્થતામાં ફરક...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- યથાર્થ ન હોય એટલે ... ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ન જ આવે. એટલે અયથાર્થપણે આવે. આવે તોપણ અયથાર્થપણે આવે. એમ છે.

બીજું કે જે સુખબુદ્ધિનો નાશ કરવો છે, પરપદાર્થમાં સુખબુદ્ધિનો નાશ કરવો છે એ યોગ્યતામાં નહિ આવે. ત્રીજું, અવલોકન બંધ થઈ જશે, ભેદજ્ઞાનના પ્રયાસમાં નહિ આવી શકાય. અને નીચે કેટલું જવાશે એનો તો કોઈ હિસાબ રહેતો નથી. એક પગથિયેથી પગ લપસ્યા પછી કેટલા પગથિયાં નીચે જવાશે એનો તો કોઈ હિસાબ લગાવી શકાય એવું નથી. એટલે જ્ઞાનીપુરુષોએ આ જગ્યાએ લાલબત્તી મૂકી છે (એમ) નહિ, લાલ Search light મૂકી છે. એ ધ્યાનમાં રાખવા જેવું છે. એ ૧૬૧ (ગાથા) થઈ.

'**૧૬૨. જે આત્મા આત્મસ્વભાવમય એવાં જ્ઞાનદર્શનને અનન્યમય આચરે છે,...**' જે આત્મા આત્મસ્વભાવમય જ્ઞાનદર્શનનું અનન્યમયતાથી આચરણ કરે છે '**તેને તે નિશ્ચય જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે.**' હવે ચોખ્ખું કરે છે. આ ગાથામાં-૧૬૨ ગાથામાં આત્માના ચારિત્ર, જ્ઞાન, દર્શનપણાનું પ્રકાશન છે. આત્માનું ચારિત્ર કેવું હોય, આત્માનું આત્મજ્ઞાન કેવું હોય અને આત્માનું આત્મદર્શન કેવું હોય એની સ્પષ્ટતા કરવામાં આવી છે.

'**જે (આત્મા) ખરેખર આત્માને કે જે આત્મમય હોવાથી અનન્યમય છે...**' સ્વભાવથી જે અનન્યમય છે. સ્વભાવને બાદ કરો તો પછી આત્મા શૂન્ય છે એમ સમજી લેવું. '**તેને આત્માથી આચરે છે...**' આત્માથી આત્માને આચરે છે. આત્મામય થઈને. આમ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી પાડતા હવે. જુઓ ! ... દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી સમજાવવું કે દ્રવ્યસ્વરૂપ એવા આત્માને આત્મભાવની પર્યાય દ્વારા એમ કહેવું એ આગમની દ્રવ્યાનુયોગની શૈલી છે. પણ અધ્યાત્મશૈલીમાં એમ નહિ કહે. અધ્યાત્મ શૈલીમાં એમ કહેશે કે ખરેખર આ આત્માને અનન્યમયપણે આત્માથી આચરવામાં આવે છે. આત્મા, આત્માને આત્માથી આચરે છે.

'**અર્થાત્ સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે (સ્વભાવનિયત**

**અસ્તિત્વરૂપે પરિણમીને અનુસરે છે), (અનન્યમય આત્માને જ) આત્માથી જાણે છે...**' જ્ઞાનથી જાણે છે એમ નથી કહેતા હવે. જુઓ ! આત્માને આત્માથી જાણે છે. આત્મા આત્માથી ઉપાસ્ય છે. આત્મા આત્માથી ઉપાસ્ય છે.

મુમુક્ષુ :- ક્ષાયિકભાવ એ આત્માનો જ...

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષાયિકભાવ તે આત્માનો છે. અહીંયાં એને આત્મા જ કહેવાય છે. ક્ષાયિકભાવને પણ અહીંયાં આત્મા કહ્યો છે. તે આત્મભાવરૂપ હોવાથી, આત્મસ્વભાવસ્વરૂપ હોવાથી એને પણ આત્મા કહેવામાં આવે છે.

બીજાને દોષિત જોઈને એમ કોઈ દિ' વિચારે છે (કે) હું એની પર્યાયમાં દોષ જોઉં છું ? એમ વિચારે છે ? અરે..! આ તો બરાબર એની ભૂલ છે. આ ભૂલવાળો જ છે. એનો આખો આત્મા દોષવાળો ... આ ચોર જ છે. ભાઈ ! પર્યાયમાં એ ભાવ છે, દ્રવ્યમાં નથી. ત્યાં દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ નહિ પાડે. અહીંયાં જો શ્રીગુરુ એમ કહે છે કે આત્મા આત્માથી આચરણ કરે છે. તો કહે, આત્મા .. દ્રવ્ય છે કે પર્યાય છે ? આ જે ટેવ પડી છે, ભેદવાસી બુદ્ધિને લીધે, ભેદથી જોવાની, એ એને અધ્યાત્મભાવનો આવિર્ભાવ થવા દેતો નથી. એમ ને એમ નથી લીધું. આમાં હેતુ છે. શૈલી બદલવાનો આચાર્ય મહારાજનો 'અમૃતચંદ્રાચાર્ય'નો હેતુ છે.

'**(અનન્યમય આત્માને જ) આત્માથી જાણે છે અર્થાત્ સ્વપરપ્રકાશકપણે ચેતે છે,...**' જુઓ ! આત્માને જાણે છે એમાં સ્વપરપ્રકાશક નાખ્યું પાછું. એમાં પરપ્રકાશકની શું જરૂર હતી ? આત્મા આત્માથી જાણે છે એ વિષય ચાલ્યો છે. '**आत्माना जानाति–स्वपरप्रकाशकत्वेन चेतयते**' મૂળમાં છે, હોં ! અર્થ કર્યો છે. મૂળમાં લીધું છે. '**(અનન્યમય આત્માને જ) આત્માથી દેખે છે...**' ચેતે છે એટલે અનુભવે છે. '**અર્થાત્ યથાતથ્યપણે અવલોકે છે, તે આત્મા જ ખરેખર ચારિત્ર છે,...**' જાણે છે તે આત્મા જ ચારિત્ર છે. આચરે છે તે આત્મા જ ચારિત્ર છે.

'**તે આત્મા જ ખરેખર ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે એમ કર્તા-કર્મ-કરણના અભેદને લીધે નિશ્ચિત છે.**' અને એમાં જ્ઞાન-દર્શન એ

બધા કર્તા-કર્મ, સાધન-સાધ્ય, એ બધાનું અભેદપણાનું હોવાને લીધે નિશ્ચિત છે. એમ અર્થ કરવો છે કે **'જ્યારે આત્મા આત્માને આત્માથી આચરે-જાણે-દેખે છે, ત્યારે કર્તા પણ આત્મા, કર્મ પણ આત્મા અને કરણ પણ આત્મા છે; એ રીતે ત્યાં કર્તા-કર્મ-કરણનું અભિન્નપણું છે.'** એમ લેવું છે. **'આથી (એમ નક્કી થયું કે) ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે...'** ચારિત્ર છે એ જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે **'આત્માને જીવસ્વભાવ નિયત ચારિત્ર જેનું લક્ષણ છે એવું નિશ્ચયમોક્ષમાર્ગપણું અત્યંત ઘટે છે. (અર્થાત્ આત્મા જ ચારિત્ર-જ્ઞાન-દર્શન હોવાને લીધે આત્મા જ જ્ઞાનદર્શનરૂપ જીવસ્વભાવમાં દઢપણે રહેલું ચારિત્ર જેનું સ્વરૂપ છે એવો નિશ્ચયમોક્ષમાર્ગ છે).'** આત્મા જ નિશ્ચય મોક્ષમાર્ગ છે. **'सो चारित्तं णाणं दंसणमिदि णिच्छिदो होदि'** આત્માને જ નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ ઠરાવ્યું ૧૬૧માં. હવે કહે છે કે એ આત્મા જ મોક્ષમાર્ગ છે. કેમકે જ્ઞાન દર્શનસ્વભાવી આત્મામાં સ્થિર એનું નામ ચારિત્ર છે. માટે એવો આત્મા જ ખરેખર મોક્ષમાર્ગ છે.

એ વાત 'કુંદકુંદાચાર્યદેવે' 'અષ્ટપાહુડ'ના પ્રારંભમાં લીધી છે. આ જે મુનિરાજ છે એ પોતે જ મોક્ષમાર્ગ છે. ભલે અરૂપી એવા જીવના મોક્ષમાર્ગ અરૂપી અમૂર્ત પરિણામ છે, અમૂર્ત એવા જીવના મોક્ષમાર્ગ .. પરિણામ તે અમૂર્ત હોવા છતાં જો તમારે મૂર્તિમંત મોક્ષમાર્ગ જોવો હોય તો આ ભાવલિંગ મુનિરાજને જોઈ લ્યો. ... એ આત્મા જ મોક્ષમાર્ગ છે. મુનિ છે એ આત્મા જ છે. ચોરી કરે છે તે ચોર છે એમ. .. એ અભેદ વિવિક્ષાનું કથન છે. અને એ અભેદ વિવિક્ષાથી જીવ સમજવા ટેવાયેલો હોવાથી, ચોરી કરનારને ચોર સમજવા ટેવાયેલો હોવાથી અહીંયાં પણ આચાર્ય મહારાજ એની અનુકૂળ પદ્ધતિથી વાત કરે છે. ... લાકડીને ઘોડો કહે એમ. એ રીતે ... કર્યું. એ ૧૬૨ ગાથા થઈ.

**'૧૬૩. જે આ સર્વ જાણશે અને દેખશે તે અવ્યાબાધ સુખ અનુભવશે.'** આ તો આચાર્ય મહારાજ કહે છે કે, ભાઈ ! તું સુખી થા એટલા માટે આ વાત છે. હું તો સુખી થઈ ગયો છું. જો ! શરીર ઉપર વસ્ત્ર નથી, મારા માટે આહારની વ્યવસ્થા પણ હું સ્વીકારતો નથી. કોઈ આગોતરી વ્યવસ્થા આ શરીરને ટકવા માટેના આહારની થાય એ પણ મારે સ્વીકારવી નથી. એવી પરિસ્થિતિમાં હું તમારા બધાથી વધારે સુખી

છું. મને આ જોઈએ અને તે જોઈએ, આ જોઈએ અને તે જોઈએ, એનાથી જે તમે દુઃખી છો એ દુઃખ મટવા માટે આ વાત છે. મારા સ્વાર્થની વાત નથી. પણ તમારા દુઃખથી તમે મુક્ત થાવ અને તમે સુખી થાવ એના માટેની આ વાત છે. ફાવશે અને ચાલશે. નહિ ચાલે એવું નથી અને નહિ ફાવે એવું પણ નથી. અહીંથી શરૂઆત કરી દેવી જોઈએ. નહિ ફાવે એ વાત છોડી દેવી, નહિ ચાલે એ વાત પણ છોડી દેવી. આ ચીજ વગર નહિ ચાલે અને આના વગર નહિ ફાવે, એ વાત છોડી દેવી.

મુમુક્ષુ :- લાલસાને ખાલસા કરી નાખ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે. સમ્યક્ પ્રકારે. શું કહે છે ?

**'આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.'** આ સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ છે. બધા સંસારી મુક્ત થઈ શકે છે, એમ કહે છે. ૧૬૩ છે ને ?

**જાણે-જુએ છે સર્વ તેથી સૌખ્ય-અનુભવ મુક્તને;**
**આ ભાવ જાણે ભવ્ય જીવ, અભવ્ય નહિ શ્રદ્ધા લહે. ૧૬૩.**

એ ગાથા એમ છે. જે જાણે છે, દેખે છે. અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે એ ભાવની પ્રતીતિ ભવ્યને હોય છે, અભવ્યને હોતી નથી. આવી પ્રતીતિ જે જાણી રહ્યો છે, દેખે છે, જાણે છે તે અવ્યાબાધ સુખનો અનુભવ કરશે. જે આ આત્મા, જે-તે આત્મા સર્વને જાણે છે, સર્વને દેખે છે. સર્વમ્ જાનાતિ. સબ જાનેગા ઔર દેખેગા. સબ શબ્દ છે. સર્વને જાણનારો, સર્વને દેખનારો, અવ્યાબાધ સુખનો અનુભવ છે, એમ કહેવું છે. એટલે અહીંયાં મોક્ષની વાત કરી છે. મોક્ષમાર્ગની વાત કર્યા પછી મોક્ષની વાત કરે છે.

**'આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.'** જે બધા છે એ મોક્ષમાર્ગને યોગ્ય હોતા નથી. જે ભવ્ય છે તે મોક્ષમાર્ગને યોગ્ય છે અને અભવ્ય છે તે મોક્ષમાર્ગને યોગ્ય નથી. એમ કહેવું છે. **'ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.'** શું કહેવું છે ? સ્વભાવની વિરુદ્ધતા. પ્રતિકૂળતા એટલે સ્વભાવની વિરુદ્ધતા, પરમસ્વભાવથી વિપરીતપણું, એનો અભાવ થાય તો સુખ જીવને થાય. સુખ ક્યારે થાય ? કે પોતાનો જે આત્મસ્વભાવ (છે), તેનાથી જે વિપરીતપણું થઈ રહ્યું છે તેનો નાશ થાય તો સ્વભાવનું

સુખ પ્રગટે છે, તો આત્માને આત્માનું સુખ પ્રગટે. વાત ક્યાંથી લીધી છે.

સર્વજ્ઞ પરમાત્મા છે એ સર્વને જાણે છે, સર્વને દેખે છે અને તેથી તે સૌખ્યને અનુભવે છે. આમાં હિન્દીમાં જુદી રીતે લીધું છે. '**જાણે છે અને દેખે છે, તેથી તે સૌખ્યને અનુભવશે.**' જાણશે-દેખશે તે.. ગુજરાતીમાં જાણશે-દેખશે એમ લીધું છે ને ? તે અવ્યાબાધ સુખને અનુભવશે. ખરેખર અહીંયાં વર્તમાનકાળ લીધો છે. ભવિષ્યકાળ નથી લીધો. '**जानाति पश्यति**'.

મુમુક્ષુ :- જાણે છે, દેખે છે....

પૂજ્ય ભાઈશ્રી :- જાણે છે, દેખે છે. .. આમાં ભવિષ્યકાળ નથી લીધો. આમાં ભવિષ્યકાળ લીધો છે. તમારે વર્તમાન છે ? 'શ્રીમદ્જી'ના પુસ્તકમાં જુઓ છો ? 'પંચાસ્તિકાય'માં તો બરાબર છે. 'શ્રીમદ્જી'નો અનુવાદ જુઓ. એમાં જાણશે, દેખશે તે અનુભવશે એમ લીધું છે. જ્યારે ખરેખર ગાથામાં શું છે કે જે સર્વને જાણે છે, જે સર્વને દેખે છે. મેં કીધું આ બેમાં ફેર કેમ પડે છે ? વિચાર એમ ચાલે છે કે આ ફેર કેમ પડી જાય છે ? જે સર્વને જાણે છે, જે સર્વને દેખે છે તેથી તે સર્વ સુખનો અનુભવ કરે છે. તેથી તે સૌખ્યને અનુભવે છે. શું કહેવું છે ?

સંપૂર્ણપણે જાણવું, સંપૂર્ણપણે દેખવું એ જીવનો સ્વભાવ છે. અને તેથી તેને ક્યાંય અસુખ નથી. કેમકે સ્વભાવને ત્યાં પ્રતિબંધ નથી, સ્વભાવની પ્રતિકૂળતા નથી ત્યાં. જાણવા-દેખવાના સ્વભાવને કોઈ પ્રતિબંધ નથી, પ્રતિકૂળતા નથી. Logic પણ આમાં આચાર્યમહારાજે ટીકામાં એ લીધું છે.

મુમુક્ષુ :- ...આ ભાવોની પ્રતીતિ ભવ્યને થાય છે, અભવ્યને થતી નથી, તે ... છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે આ પ્રકારના ભાવોને .. છે, અને અભવ્ય છે તે કરી શકશે નહિ. એમ કહેવું છે.

'**આત્માનો સ્વભાવ ખરેખર દૃશિ-જ્ઞપ્તિ (દર્શન અને જ્ઞાન) છે. તે બંનેને વિષય પ્રતિબંધ હોવો...**' રૂકાવટ હોવી, જાણવા-દેખવામાં આવરણ, પ્રતિબંધ એટલે રુકાવટ '**હોવો તે પ્રતિકૂળતા છે.**' તે .. પ્રતિકૂળ છે. '**મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે. (અર્થાત્ મોક્ષમાં સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ**

**હોય છે). તેથી તેનો અભાવ જેનું કારણ છે એવા અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે.' 'પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.'** એ અભાવ જેનું કારણ છે એવા અનાકુળતાલક્ષણવાળું જે પરમાર્થ સુખ છે. એટલે .. ... છે. એવા '**મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે.આ પ્રમાણે ભવ્ય જીવ જ ભાવથી જાણે છે,...**' ઠીક ! ભવ્યજીવ ભાવથી જાણે છે. '**नैतदभव्यः श्रद्धत्ते,**' '**इत्येतद्भव्य एव भावतो विजानाति**' ભાવથી જાણે છે.

.. ..'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં એમ કહ્યું છે કે અનંત સુખને ભવ્યજીવ જાણે છે. ઉપાદેયપણે શ્રદ્ધે છે અને પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવ પણ કરે છે. ભાવથી જાણવાનો અર્થ એ છે કે ઉપાદેયપણે એને જાણે છે. એ અભાવ છે. '**તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે;...**' તેથી ભવ્યજીવ છે તે મોક્ષમાર્ગને યોગ્ય છે. '**અભવ્ય જીવ એ પ્રમાણે શ્રદ્ધતો નથી, તેથી તે મોક્ષમાર્ગને અયોગ્ય જ છે.**' એમ કહીને એમ કહ્યું કે કેટલાક, ભવ્ય જ સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય છે. બધા સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય હોતા નથી. એટલા માટે કદિ સંસારમાંથી બધાય સિદ્ધાલયમાં જઈને આ સંસાર ચાલતો બંધ થશે એમ બની શકવાનું નથી. ઘણા એવી ખોટી ચિંતામાં પડી જાય છે કે આમને આમ બધા મોક્ષે વયા જાશે તો પછી આ સંસાર ચાલશે કેવી રીતે ? સંસાર ચલાવવાનો તેં કાંઈ Contract લીધો છે ? તેં ઠેકો લીધો હોય તો ચિંતા થાય કે ચાલશે કે નહિ. બધા ચાલ્યા જાય તો તને શું વાંધો છે પણ ? એનો અર્થ કે એને રહેવું છે.

મુમુક્ષુ :- દૂરભવીનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ સમજવું. દૂરભવ્યનો, સમીપભવ્યનો, આસન્નભવ્યનો અને બધાનો ... જો ... ન હોય તો કેવળજ્ઞાનને ખબર પડે નહિ કે આ દૂરભવી ક્યારે મોક્ષ જવાનો છે. એ એને કેવળજ્ઞાનીને ખબર ન હોય.

મુમુક્ષુ :- એની નોંધ કેવળજ્ઞાનમાં છે.

પૂજ્ય ભાઈશ્રી : એની નોંધ કેવળજ્ઞાનમાં થઈ ગઈ છે કે કયો જીવ ક્યારે મોક્ષમાં જવાનો છે. અથવા એવી પણ નોંધ કેવળજ્ઞાનમાં છે કે જ્યારે કોઈપણ જીવનો અર્ધપુદ્ગલ પરાવર્તનથી ઓછો કાળ મોક્ષમાર્ગનો

.. બાકી રહે છે તે ત્યારે તે જીવ સમ્યગ્દર્શન પામવાને યોગ્ય થાય છે. એવી નોંધ કેવળજ્ઞાનમાં છે. આ 'રાજમલજી'એ લીધું છે, ચોથા કળશમાં. ૧૬૩ થઈ.

'**૧૬૪. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ 'મોક્ષમાર્ગ' છે, તેની સેવનાથી 'મોક્ષ' પ્રાપ્ત થાય છે;...**' મોક્ષમાર્ગના સેવનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. '**અને (અમુક હેતુથી) 'બંધ' થાય છે. એમ મુનિઓએ કહ્યું છે.**' ... કીધું છે ને ? '**દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે તેથી તેઓ સેવવાયોગ્ય છે એમ સાધુઓએ કહ્યું છે; પરંતુ તેમનાથી બંધ પણ થાય છે અને મોક્ષ પણ થાય છે.**' આ ૧૨મી ગાથા અહીં છે. એનાથી મોક્ષ થાય છે એમ નહિ. '**દગ, જ્ઞાન ને ચારિત્ર છે શિવમાર્ગ તેથી સેવવાં**' '**दंसणणाणचरित्ताणि मोक्खमग्गो.. साधूहि इदं भणिदं**' એમ સાધુએ કહ્યું છે. '**ते हिं दु बंधो व मोक्खो वा**' એનાથી બંધ પણ છે અને મોક્ષ પણ છે. એટલે હવે એમ કહેશે. ઓલો જે વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો હતો ને ? એનાથી બંધ છે અને નિશ્ચયમોક્ષમાર્ગ કહ્યો હતો એનાથી મોક્ષ છે. ... એમ કહે છે.

'**અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે અને એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું સાક્ષાત્ મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું છે. આ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો થોડી પણ પરસમયપ્રવૃત્તિ સાથે મિલિત હોય...**' એમાં થોડો પણ રાગ હોય, એમ કહે છે. '**તો, અગ્નિ સાથે મિલિત ઘીની માફક (અર્થાત્ ઉષ્ણતાયુક્ત ઘીની જેમ),...**' ગરમ ઘીની જેમ. '**કથંચિત્ વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે.**' એનામાં બંધના કારણો પણ છે. '**અને જ્યારે તેઓ (દર્શન-જ્ઞાન-ચારિત્ર), સમસ્ત પરસમયપ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ એવી સ્વસમયપ્રવૃત્તિ સાથે સંયુક્ત હોય છે ત્યારે, જેને અગ્નિ સાથેનું મિલિતપણું નિવૃત્ત થયું છે એવા ઘીની માફક, વિરુદ્ધ કાર્યનો કારણભાવ નિવૃત્ત થયો હોવાને લીધે સાક્ષાત્ મોક્ષકારણો જ છે. માટે 'સ્વસમયપ્રવૃત્તિ' નામનું જે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તેને સાક્ષાત્ મોક્ષમાર્ગપણું છે.**' અહીંયાં .. કહ્યું છે કે '**આ નિરૂપણ સાથે સરખાવવા માટે શ્રી પ્રવચનસારની ૧૧મી ગાથા**

**અને તેની તત્ત્વપ્રદીપિકા ટીકા જુઓ.'**

**'પરસમયપ્રવૃત્તિયુક્ત દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કથંચિત્ મોક્ષરૂપ કાર્યથી વિરુદ્ધ કાર્યનું કારણપણું (અર્થાત્ બંધરૂપ કાર્યનું કારણપણું) વ્યાપે છે. શાસ્ત્રોમાં ક્યારેક દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ, જો તેઓ પરસમયપ્રવૃત્તિયુક્ત હોય તો,...'** ચોથા ગુણસ્થાને. **'કથંચિત્ બંધના કારણ કહેવામાં આવે છે; વળી ક્યારેક જ્ઞાનીને વર્તતા શુભભાવોને પણ કથંચિત્ મોક્ષના પરંપરાહેતુ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં આવતાં આવાં ભિન્ન ભિન્ન પદ્ધતિનાં કથનો ઉકેલવામાં એ સારભૂત હકીકત ખ્યાલમાં રાખવી કે જ્ઞાનીને જ્યારે શુદ્ધાશુદ્ધરૂપ મિશ્રપર્યાય વર્તતો હોય છે ત્યારે તે મિશ્રપર્યાય એકાંતે સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોતો નથી કે એકાંતે આસ્રવ-બંધના કારણભૂત હોતો નથી, પરંતુ તે મિશ્રપર્યાયનો શુદ્ધ અંશ સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોય છે અને અશુદ્ધ અંશ આસ્રવ-બંધના કારણભૂત હોય છે.'** આ ચોખ્ખી વાત છે. અશુદ્ધતા બંધનું કારણ અને શુદ્ધતા મોક્ષનું કારણ. આ તો ન્યાયયુક્ત વાત છે. અને સાધકદશામાં મિશ્ર પર્યાય હોવાથી આંશિક શુદ્ધતા હોય છે અને આંશિક અશુદ્ધતા હોય છે. સીધી વાત છે. એટલે ગમે તે કથન આવે. આટલી ચોખવટ હોય એ ભૂલો પડશે નહિ. એમ કહેવું છે. ચોખ્ખી વાત આ છે. એ ૧૬૪ થઈ.

૧૬૫નો અનુવાદ આ ગ્રંથમાં નથી. મૂળમાંથી લઈએ.

**જિનવરપ્રમુખની ભક્તિ દ્વારા મોક્ષની આશા ધરે**
**અજ્ઞાનથી જો જ્ઞાની જીવ, તો પરમસમયરત તેહ છે. ૧૬૫.**

જ્ઞાની પણ આવી ભૂલ કરે તો અજ્ઞાની થઈ જાય. તું જિનવરપ્રમુખની ભક્તિ દ્વારા. જો કોઈ મોક્ષની આશા ધરે કે એનાથી બંધ ન થાય પણ મોક્ષ થાય, તો એ અજ્ઞાનથી પરસમય છે. તે અજ્ઞાન છે અને તે પરસમય છે. તે જ્ઞાની નથી પણ અજ્ઞાની છે.

**'આ, સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.'** કેવું ? સૂક્ષ્મ પરસમય. કેમકે સામે જિનેન્દ્ર ભગવાન લીધા છે એટલે. સંપ્રદાયમાં તો એમ માને કે જે વીતરાગદેવને માને એને સમકિત તો હોય જ. અમે વીતરાગની ભક્તિ કરીએ છીએ માટે અમને સમકિત તો હોય જ. અહીં 'કુંદકુંદાચાર્ય' ના પાડે છે. મૂળ ગાથામાં છે ને ? કે **'સિદ્ધિના સાધનભૂત એવા અર્હંતાદિ**

**ભગવંતો પ્રત્યે...**' અર્હંત આદિ પાંચે પરમેષ્ઠી લઈ લેવા. એટલે ગુરુભક્તિ આવી ગઈ એમાં. દેવભક્તિ, ગુરુભક્તિ અને શાસ્ત્રભક્તિ આવી ગઈ. કેમકે તેમના વચનો છે. દેવ-ગુરુના વચનો તે શાસ્ત્ર છે.

તેમના '**પ્રત્યે ભક્તિભાવથી અનુરંજિત ચિત્તવૃત્તિ...**' તેમના પ્રત્યે ભક્તિભાવથી અનુરક્ત. અનુરક્ત એટલે રાગવાળી, અનુરક્ત એટલે સરાગ. રાગસહિત. જે '**ચિત્તવૃત્તિ તે અહીં શુદ્ધસંપ્રયોગ છે.**' એવા શબ્દથી કહેવામાં આવ્યું છે. મૂળ ગાથામાં એને શુદ્ધસંપ્રયોગ કહ્યો છે.

**अज्ञानात् ज्ञानी यदि मन्यते शुद्धसंप्रयोगात्।**
**भवतीति दुःखमोक्षः परसमयरतो भवति जीवः।।१६५।।**

એવી ગાથા છે. એ શુદ્ધસંપ્રયોગ છે.

'**હવે, અજ્ઞાનલવના આવેશથી...**' એવું અજ્ઞાન હોવાને કારણે. જાણપણું છે પણ હજી અજ્ઞાન છે. '**અજ્ઞાનલવના આવેશથી...**' એટલે એનું જોર છે. આવેશમાં આવેલો છે. '**જો જ્ઞાનવાન પણ...**' જ્ઞાની હોય તોપણ. ''**તે શુદ્ધસંપ્રયોગથી મોક્ષ થાય છે' એવા અભિપ્રાય વડે ખેદ પામતો થકો તેમાં (શુદ્ધસંપ્રયોગમાં) પ્રવર્તે, તો ત્યાં સુધી તે પણ રાગલવના સદ્ભાવને લીધે પરમસમયરત કહેવાય છે. તો પછી નિરંકુશ રાગરૂપ ક્લેશથી કલંકિત એવી અંતરંગ વૃત્તિવાળો ઈત્તર જન શું પરસમયરત ન કહેવાય ? (અવશ્ય કહેવાય જ.)**' એના માટે તો કોઈ વિચાર કરવાની જરૂર રહેતી નથી. જ્ઞાની અજ્ઞાની થઈ જાય, એમ કહે છે.

'**આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં આ પ્રમાણે વિવરણ છે :**' Footnote કરીને આ વાત નીચે લખ્યું છે. '**કોઈ પુરુષ નિર્વિકાર-શુદ્ધાત્મભાવનાસ્વરૂપ પરમોપેક્ષાસંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે, પરંતુ તેમાં સ્થિત રહેવાને અશક્ત વર્તતો થકો કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે અથવા સંસારસ્થિતિના છેદનાર્થે જ્યારે પંચ પરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ કરે છે, ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્દષ્ટિ છે;...**' 'જયસેનાચાર્યે' આવો અર્થ કર્યો છે. મૂળ ગાથામાંથી લીધો હશે.

'**અને જો તે પુરુષ શુદ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં પણ, તેને (શુદ્ધાત્મભાવને) છોડીને 'શુભોપયોગથી જ મોક્ષ થાય છે' એમ એકાંતે માને, તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદષ્ટિ થાય**

**છે.'** ચોખ્ખી વાત કરી છે. જે સમ્યગ્દૃષ્ટિ છે એને અભિપ્રાય તો નથી કે આ શુભોપયોગથી મોક્ષ થાય છે. એવો અભિપ્રાય તો નથી. પણ અશુભ વંચનાર્થે શુભમાં પ્રવર્તે છે તો તે સૂક્ષ્મ પરસમય છે અને અભિપ્રાય થઈ જાય તો તે સ્થૂળ પરસમય મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. બે અર્થ ... 'જયસેનાચાર્યદેવે' બે અર્થ કાઢ્યા.

મુમુક્ષુ :- શુદ્ધ ન થાય ત્યારે અશુભને બદલે શુભમાં તો રહેવું.

પૂજ્ય ભાઈશ્રી :- આ રીતે સહજે થઈ જાય છે. પ્રયત્ન નથી. પ્રયત્ન શુદ્ધતાનો છે. પણ પ્રયત્ન પર્યાપ્ત માત્રામાં નથી. ઓછો ઉપડે છે પુરુષાર્થ. ત્યારે અશુભમાં ન આવી જાય માટે એ શુભમાં પ્રવર્તે છે. અને એ સહજે છે. ચોથા-પાંચમા ગુણસ્થાને અશુદ્ધ થઈ જાય. નિર્ણય નથી પણ એ શુભમાં આવે છે એટલે કે અશુભમાં જતો નથી. એમ લેવું. અશુદ્ધતા તો બંને છે પણ છતાં એ અશુભમાં ન જાય અને શુભમાં રહે. મોક્ષમાર્ગમાં આવનાર જીવને અશુભ ઘટી જાય છે અને શુભ વધી જાય છે. પછીથી એને દેવગતિ આદિ જે કર્મની પ્રકૃતિ છે એ શુભ પ્રકૃતિનો બંધ પડે છે, અશુભ પ્રકૃતિનો બંધ પડતો નથી. ઘટી જાય છે. એ બધું સહજે છે આમ તો. કરવું એ પ્રશ્ન ત્યાં નથી. બોલાય પછી ગમે તેમ. એમ સહજે એ પ્રકાર જ આવી જાય છે.

'**૧૬૬. અર્હંતસિદ્ધચૈત્યપ્રવચનમુનિગણ...**' ભેદ પાડ્યો. પહેલા એકલું લીધું હતું. ખાલી જિનેન્દ્રને જ લીધા હતા. '**અર્હંતસિદ્ધચૈત્યપ્રવચન...**' જે આ પ્રચાર વગેરે, પ્રભાવના. '**મુનિગણ...**' પંચ પરમેષ્ઠીના બીજા પદો. અને '**જ્ઞાનભક્તિ...**' શાસ્ત્રભક્તિ. તેનાથી પરિપૂર્ણ આત્મા '**ઘણું પુણ્ય ઉત્પન્ન કરે છે,...**' એવા પરિણામ હોય તો તે ઘણા પુણ્યનું ઉપાર્જન કરે. '**પણ તે સર્વ કર્મનો ક્ષય કરતો નથી.**' એ કર્મ ક્ષય નહિ કરે. ઘણા પુણ્યથી પુણ્યકર્મને બાંધશે. પણ પૂર્વના પુણ્યનો ક્ષય કરશે નહિ. હવે આપણી ચાલતી ગાથામાં આવીએ. ૧૬૬થી ...

'**અહીં, પૂર્વોક્ત શુદ્ધસંપ્રયોગને...**' એટલે શુભભાવના... '**કથંચિત્ બંધહેતુપણું હોવાથી તેનું મોક્ષમાર્ગપણું નિરસ્ત કર્યું છે...**' તેના મોક્ષમાર્ગનો તેનો નિષેધ કર્યો છે. '**અર્થાત્ જ્ઞાનીને વર્તતો શુદ્ધસંપ્રયોગ નિશ્ચયથી બંધહેતુભૂત હોવાને લીધે તે મોક્ષમાર્ગ નથી એમ અહીં દર્શાવ્યું છે.**' કેમકે જ્ઞાનીને પણ જેટલો શુભભાવ એટલો બંધ, જેટલો

શુદ્ધભાવ એટલો મોક્ષ. આમ છે. હવે સ્પષ્ટીકરણ આપે છે. '**અર્હંતાદિ પ્રત્યે ભક્તિસંપન્ન જીવ, કથંચિત્ શુદ્ધસંપ્રયોગવાળો હોવા છતાં પણ, રાગલવ...**' એટલે અલ્પ રાગ છે. લવ એટલે અલ્પ. '**શુભોપયોગીપણાને નહિ છોડતો થકો,...**' થોડો પણ રાગ હજી જીવતો રહ્યો છે. અરિહંતે તો મારી નાખ્યો છે, હણી નાખ્યો છે. અરિહંતે તો હણી નાખ્યો છે. ભગવાન હિંસા કરતા હશે ? .. કેમ આપ્યું હશે ? જૈનના પરમેશ્વર અને એનું નામ હિંસાવાચક (હોય) ? આવું કેમ છે આ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : પણ એવું નામ કેમ પસંદ કર્યું હશે ? મારો તર્ક આ છે. સમજ્યા ? જે ધર્મમાં અહિંસાની મુખ્યતા છે તો અહિંસાવાચક નામ પસંદ કરવું હતું. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. એ તો પહેલા ગુણસ્થાનમાં બધા જીવો છે. પહેલા ગુણસ્થાનમાં છે. એટલે અહીંયાં... મારો પ્રશ્ન છે એનો ઉત્તર છે. અહિંસા મુખ્ય છે એ કોઈ શબ્દનો .. અહીંયાં લેવા યોગ્ય નથી. કેમકે નિજ દોષોની હિંસા તો ચોક્કસપણે કરવા યોગ્ય જ છે. પોતાના દોષોની હિંસા તો નિર્દયપણે કરવા યોગ્ય છે. ઓલા કહે ને ? એને જરા સરખાયના ઠપકારજો. નહિતર નહિ સુધરે. એમ નિજ દોષોની હિંસા તો નિર્દયપણે કરવા યોગ્ય છે. આવે છે. ૧૨૬ કળશ છે ને ? '**रन्तर्दारुणदारणेन**' દારૂણપણે-નિર્દય રીતે વિદારી નાખવો. કોને ? રાગ અને જ્ઞાનનું એકત્વ થયું છે. સંવર અધિકારનો ૧૨૬ મો કળશ છે ને. એ એકત્વને નિર્દયપણે વિદારણ કરીને જુદો પાડી દીધો છે. રાગને જ્ઞાનથી '**रन्तर्दारुणदारणेन**' એમ કહે છે. દારૂણપણે વિદારણ કરો. તીવ્રપણે.

કહે છે કે જ્ઞાનીને પણ હજી '**રાગલવ જીવતો (વિદ્યમાન) હોવાથી શુભોપયોગીપણાને નહિ છોડતો થકો,...**' શુદ્ધ ઉપયોગ પરેશાન કરે છે એને ભક્તિ ને પૂજા ને શાસ્ત્ર, સ્વાધ્યાય. '**ઘણું પુણ્ય બાંધે છે,...**' શું થાય છે ? જ્ઞાનીને ઘણું પુણ્ય બંધાય છે. દેવલોકમાં જાય, સર્વાર્થસિદ્ધિમાં જાય. '**પરંતુ ખરેખર સકળ કર્મનો ક્ષય કરતો નથી.**' ... '**તેથી સર્વત્ર રાગની કણિકા...**' સર્વત્ર. ભગવાનના રાગની કણિકા પણ '**પરિહરવાયોગ્ય છે,...**' તે દોષ છે અને તે પરિહરવા યોગ્ય છે. એની

હિંસા કરવા યોગ્ય છે. **'કેમકે તે પરસમયપ્રવૃત્તિનું કારણ છે.'** પરદ્રવ્યમાં પ્રવૃત્તિ થાય છે. સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ થતી નથી. ચોખ્ખી વાત કરે છે. હવેની ગાથાઓ બધી સ્પષ્ટ આવે છે. ૧૬૮ આમાં મૂળમાં નથી લીધી.

**'૧૬૭. જેના હૃદયને વિષે અણુમાત્ર પરદ્રવ્ય પ્રત્યે રાગ વર્તે છે, તે સર્વ આગમનો જાણનાર હોય તોપણ 'સ્વસમય' નથી જાણતો એમ જાણવું.'** શું કહે છે ? **'જેના હૃદયને...'** હૃદયમાં એટલે અભિપ્રાયમાં. અભિપ્રાયમાં રાગનો સદ્ભાવ છે કે થોડોક તો રાગ કરવો જોઈએ, રાગ વગર ન ચાલે. શુભરાગ જોઈએ, પુણ્યબંધ જોઈએ, પુણ્યબંધ વગર આગળ વધાય નહિ. માટે શુભરાગ થોડોક તો રાખવો, રાખવો અને રાખવો. એવું જેનું હૃદય છે. એમ કહે છે. અભિપ્રાય છે. તે ભલે સર્વ આગમનો જાણનાર હોય તોપણ તે આત્માને જાણતો નથી. આત્મજ્ઞાનનો એને અભાવ વર્તે છે. એમ કહેવું છે. ૧૬૭ છે ને ?

**અણુમાત્ર જેને હૃદયમાં પરદ્રવ્ય પ્રત્યે રાગ છે,**
**હો સર્વઆગમધર ભલે, જાણે નહીં સ્વક-સમયને. ૧૬૭.**

'સમયસાર'માં એવી ગાથા છે

**'અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને,'** અભિપ્રાયમાં. **'તે હોય સર્વ આગમધર ભલે, પણ જાણતો નહિ આત્માને.'**

**'અહીં, સ્વસમયની ઉપલબ્ધિના અભાવનો, રાગ એક હેતુ છે એમ પ્રકાશ્યું છે...'** કેમ સ્વસમયમાં પ્રવૃત્તિ નથી થતી ? કે રાગ વચ્ચે આડો આવે છે. માટે નથી. **'(અર્થાત્ સ્વસમયની પ્રાપ્તિના અભાવનું રાગ જ એક કારણ છે એમ અહીં દર્શાવ્યું છે). જેને રાગરેણુની કણિકા...'** રેણુ એટલે પરમાણુ. થોડો પરમાણુ જેટલો. **'જેને રાગરેણુની કણિકા પણ હૃદયમાં જીવતી છે...'** એમાંથી કાંટો ફૂટશે. પાછું વૃક્ષ થાશે. રાગ વધશે તો વૃક્ષ ફાલશે. તે **'કણિકા પણ હૃદયમાં જીવતી છે તે, ભલે સમસ્ત સિદ્ધાંતસાગરનો પારંગત હોય તોપણ, નિરુપરાગ-શુદ્ધસ્વરૂપ સ્વસમયને ખરેખર ચેતતો (-અનુભવતો) નથી.'** ભલે સમસ્ત સિદ્ધાંતનો પારંગત હોય, .. સિદ્ધાંતમાં પારંગત હોય, જાણપણામાં, હોં ! એને પરિણમન હોય નહિ, એમ કહેવું છે.

મુમુક્ષુ :- રાગ એ આગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'રાગ આગ દહે સદા તાતે સમામૃત સેઈએ'

'દૌલતરામજી' 'છઢાળા'માં કહે છે. રાગને આગ કહી છે. અહીં પણ કહેશે. હજી આગળ કહેશે. બળબળતા અંગારામાં શેકાશે. દેવલોકમાં જઈને એની દશા શું થાય છે ? બધા બળબળતા અંગારામાં શેકાય છે. એમ કહેશે.

**'માટે, પીંજળને ચોંટેલ રૂનો ન્યાય લાગુ પડતો હોવાથી,...'** પીંજણ એટલે આ ઓલું આવે છે ને તરાપો. રૂ પીંજવાનો. એને થોડુંઘણું ચોંટી ગયેલું હોય. **'જેમ પીંજણને ચોંટેલું થોડું પણ રૂ, પીંજવાના કાર્યમાં વિઘ્ન કરે છે,...'** એને સાફ કરી નાખવું પડે. નહિતર સરખું પીંજાય નહિ. દોરી ચોખ્ખી હોવી જોઈએ. **'તેમ થોડો પણ રાગ સ્વસમયની ઉપલબ્ધિરૂપ કાર્યમાં વિઘ્ન કરે છે.'** તેથી **'જીવે સ્વસમયની પ્રસિદ્ધિ અર્થે અર્હંતાદિવિષયક પણ રાગરેણુ ક્રમે દૂર કરવા યોગ્ય છે.'** ક્રમશઃ અરિહંતાદિના વિષેના રાગને પણ એણે છોડી દેવો જોઈએ. માટે વીતરાગ અરિહંતદેવ કોઈની ભક્તિ કરતા નથી. અને એ તો બહુ સ્પષ્ટ વાત છે કે સિદ્ધ દેવ છે–સિદ્ધ પરમાત્મા, એ વીતરાગદેવ કરતા ઉપરના ગુણસ્થાને બિરાજે છે. તો મુનિરાજ જેમ અરિહંત સિદ્ધની ભક્તિ કરે છે. વંદન, પૂજન કરે છે એમ અરિહંત પરમાત્મા કેમ સિદ્ધ પરમાત્માની ભક્તિ, વંદન, પૂજન કરતા નથી ? કે એમણે વીતરાગ થઈને રાગને ખલાસ કરી નાખ્યો છે. એટલે એમની ઉપર પરમાત્મા હોય તોપણ એનો ભક્તિ, પૂજન કરવાનો પ્રશ્ન એમને રહેતો નથી.

મુમુક્ષુ :- રાગનો સંપૂર્ણ અભાવ કરી નાખ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- સંપૂર્ણ અભાવ. જો એમણે રાગનો સંપૂર્ણ અભાવ કર્યો છે તો. એમનું જીવન, એમનું જીવન સાક્ષાત્ વગર કહે એમ ઉપદેશે છે કે રાગનો સર્વથા અભાવ કરવા યોગ્ય છે. કહેવાની જરૂર નથી. મુક કેવળી હોય તોપણ એમ ઉપદેશે છે. અને જેને ૐકાર ધ્વનિ છૂટે છે તો એમ ઉપદેશ જ છે. ૐકાર ધ્વનિ તો વાત ચાલે છે. એટલે વગર કહે એ ઉપદેશ આપે છે કે જીવે રાગરૂપી અરિને પૂરેપૂરો હણી નાખવા યોગ્ય છે. હું અરિહંત થયો છું તું પણ અરિહંત થા. આ સીધી વાત છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૨૫-૫-૧૯૯૨, પત્રાંક - ૭૬૬
## પ્રવચન - ૩૭૪

'પંચાસ્તિકાય' ૧૬૮ ગાથા છે.

**મનના ભ્રમણથી રહિત જે રાખી શકે નહિ આત્મને,**
**શુભ વા અશુભ કર્મો તણો નહિ રોધ છે તે જીવને. ૧૬૮.**

આત્માને મનના ભ્રમણથી રહિત ન રાખી શકે, તે જીવને શુભ-અશુભ કર્મનો રોધ નથી થતો. ... નથી. નિયમથી એને શુભાશુભ કર્મ થાશે.

ટીકા વાંચે છે. આ ગાથામાં, '**આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે...**' રાગલવમૂક એટલે અલ્પ રાગ. '**અલ્પરાગ જેનું મૂળ છે...**' રાગ જેનું મૂળ છે. અલ્પ રાગ જેનું મૂળ છે. '**એવી દોષોની સંતતિનું અહીં કથન છે.**' તીવ્ર રાગમાંથી મંદ રાગ થવો સહેલો છે પણ મંદ રાગનો અભાવ એટલો સહેલો નથી. ૧૦૫ Degree નો તાવ ઉતારવો સહેલો છે. પણ ૯૯, ૯૯:૫ મટાડવો સહેલો નથી. આ રોગની તાસીર આવી છે.

મુમુક્ષુ :- શરીરવિજ્ઞાન અને આ ...

પૂજ્ય ભાઈશ્રી :- કેટલાક સિદ્ધાંતો મળતા આવે છે. તબીબી વિજ્ઞાનના કેટલાક સિદ્ધાંતો મળતા આવે છે.

'**અહીં (આ લોકમાં) ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ પણ રાગપરિણતિ વિના હોતી નથી.**' અરિહંતની, સિદ્ધની, આચાર્ય, ઉપાધ્યાય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ રાગની પરિણતિ વિના હોતી નથી. અને '**રાગાદિ પરિણતિ હોતાં,...**' એટલે રાગાદિની પરિણતિ હોતાં '**બુદ્ધિપ્રસાર વિનાનો (ચિત્તના ભ્રમણથી રહિત) પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી;...**' બુદ્ધિપ્રસાર એટલે બુદ્ધિનું પ્રસરવું, અન્ય દ્રવ્ય પ્રત્યે ગમન, ભ્રમણ થવું. એટલે વિકલ્પોનો ફેલાવો થવો. અહીંયાં ... વિચાર, વિકલ્પ એમ લેવું. મનનું ભ્રમણ. મૂળમાં મનનું ભ્રમણ લીધું છે. ચિત્તભાવન એમ લીધું. ચિત્તભાવન- ચિત્તનું ભ્રમણ. ચિત્તની ભ્રમણતા

એવો શબ્દ છે. મૂળ શબ્દ એવો છે.

**'પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી; અને બુદ્ધિપ્રસાર હોતાં (ચિત્તનું ભ્રમણ હોતાં), શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી. માટે, આ અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.'** ક્યાંથી અનર્થ થાય છે ? જ્યાંથી રાગ ઉત્પન્ન થાય છે ત્યાંથી અનર્થ થાય છે. 'કુંદકુંદાચાર્યદેવે' એ વાતને સ્વીકારવા માટે અર્હંત પ્રત્યેની ભક્તિ લઈ લીધી. મૂળ ગાથામાં સંસારના રાગની વાત નથી કહી. '**धरिदुं जस्स ण सक्कं**' એ ટીકામાં લીધું છે. ગાથામાં નથી પણ ટીકામાં લીધું છે.

**'અર્હંતાદિની ભક્તિ પણ રાગ વિના હોતી નથી. રાગથી ચિત્તનું ભ્રમણ થાય છે; ચિત્તના ભ્રમણથી કર્મબંધ થાય છે. માટે આ અનર્થોની પરંપરાનું મૂળ કારણ રાગ જ છે.'** અને એ રાગનો દૃષ્ટાંત અર્હંતભક્તિથી આપ્યો. કેમકે એમાં જીવ ભૂલ કરે છે કે અમે તો અરિહંત ભગવાનની ભક્તિ કરીએ છીએ માટે એને રાગ ન કહેવાય. એ તો એક ન્યાયે આત્માના ગુણ છે માટે એને રાગ ન કહેવો. અરે..! આત્માનો વિકલ્પ પણ રાગ છે. અર્હંતનો વિકલ્પ તો રાગ છે પણ આત્માનો વિકલ્પ પણ રાગ છે. એમાં પણ હજી ચિત્તનું ભ્રમણ છે ખરેખર તો.

મુમુક્ષુ :- ભઠ્ઠી જેવો રાગ ?

પૂજ્ય ભાઈશ્રી :- ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ, એમ લેવું. રાગમાં ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ. અને છે એટલા માટે લાગે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. સર્વ અનર્થનું મૂળ છે એમ પણ કહ્યું છે. સર્વ અનિષ્ટોનું મૂળ છે એમ પણ કહ્યું છે. જો અર્હંતાદિની ભક્તિના રાગથી પણ અનર્થ થતો હોય તો સંસારના રાગથી અનર્થ ન થાય એ વાત તો પછી સમજાવવાની રહેતી નથી.

મુમુક્ષુ :- સર્વ અનર્થનું મૂળ..

પૂજ્ય ભાઈશ્રી :- સર્વ અનર્થનું મૂળ કારણ છે. ... અનર્થ નહિ, અનંત કર્મની પરંપરાનું મૂળ આ છે. જેટલી અનર્થની પરંપરા ઊભી થાય છે એ રાગમાંથી ઊભી થાય છે. રાગ જ્યાં સુધી જીવતો છે, એમ કહે છે, ત્યાં સુધી દુશ્મન જીવતો છે. એમ કહેવું છે.

**'આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવવિરચિત ટીકામાં નીચે પ્રમાણે**

**વિવરણ કરવામાં આવ્યું છે : માત્ર નિત્યાનંદ જેનો સ્વભાવ છે એવા નિજ આત્માને જે જીવ ભાવતો નથી,...'** રાગને ક્યારે ભાવે છે ? એ કહેશે. કે **'નિત્યાનંદ જેનો સ્વભાવ છે એવા નિજ આત્માને જે જીવ ભાવતો નથી, તે જીવને માયા-મિથ્યા-નિદાનશલ્યત્રયાદિક સમસ્ત વિભાવરૂપ બુદ્ધિપ્રસાર રોકી શકાતો નથી...'** અહીંથી અસ્તિથી લીધું છે. **'અને તે નહિ રોકાવાથી (અર્થાત્ બુદ્ધિપ્રસારનો નિરોધ નહિ હોવાથી) શુભાશુભ કર્મનો સંવર થતો નથી; તેથી એમ ઠર્યું કે સમસ્ત અનર્થ પરંપરાઓનું રાગાદિ વિકલ્પો જ મૂળ છે.'** એમણે એ રીતે લીધું છે.

આમાં તો શું છે ... 'અમૃતચંદ્રાચાર્ય' હવે પછીની ગાથામાં એ વાત લેવાના છે. 'કુંદકુંદાચાર્ય' પણ એ વાત લેવાના છે. એમણે તો હજી ઉપોદ્ઘાત પૂરો થયો એટલે અર્હંતનું નામ નથી લીધું. ટીકાકારે અરિહંતનું નામ લીધું. હવે અહીંયાં તો સિદ્ધનું નામ લેશે. ૧૬૯માં સિદ્ધ ભગવાનની ભક્તિનું નામ લેશે.

રાગ છે ઈ રાગ છે. એ ચિત્તનું ભ્રમણ કરે છે કે નહિ, સીધી વાત એ છે. ચિત્તનું ભ્રમણ કરે છે તો શુભાશુભ કર્મને બાંધે છે. એમણે એ લીધું. 'જયસેનાચાર્યે' .. લીધું. આમાં ચોખવટ નથી કરી. ૧૬૮માં ચોખવટ નથી પણ કહેશે એ બધું. ફેરવી ફેરવીને લઈ જશે ત્યાં પાછા.

મુમુક્ષુ :- રાગ ગમે તે જાતનો હો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગમે તે. રાગ એ રાગ છે. રાગ છે એ ઝેર છે. રાગ છે એ ઝેર છે. નિત્યાનંદ જેનો સ્વભાવ છે એમાં અમૃત છે. આનંદ છે એ અમૃત છે અને રાગ છે એ ઝેર છે. આ સીધી વાત છે.

**'૧૬૯. તે માટે સર્વ ઈચ્છાથી નિવર્તી નિઃસંગ અને નિર્મમત્વ થઈને જે સિદ્ધસ્વરૂપની ભક્તિ કરે તે નિર્વાણને પ્રાપ્ત થાય.'** હવે અહીંયાં નિજ સિદ્ધસ્વરૂપ લેશે. **'તે માટે સર્વ ઈચ્છાથી નિવર્તી...'** એમ કહેશે. **'આ રાગરૂપ ક્લેશનો નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ છે.'** 'અમૃતચંદ્રાચાર્ય' ટીકામાં એમ કહે છે કે સર્વથા. નિઃશેષ એટલે સંપૂર્ણ. સંપર્ણ શુદ્ધ થવા માટેની વાત છે આ. **'રાગાદિ પરિણતિ હોતાં ચિત્તનું ભ્રમણ થાય છે અને ચિત્તનું ભ્રમણ હોતાં કર્મબંધ થાય છે એમ (પૂર્વે) કહેવામાં આવ્યું, તેથી મોક્ષાર્થીએ...'** જુઓ ! મોક્ષાર્થી શબ્દ લીધો. **'તેથી મોક્ષાર્થીએ કર્મબંધનું મૂળ એવું જે ચિત્તનું ભ્રમણ તેના મૂળભૂત**

**રાગાદિપરિણતિનો એકાંતે નિઃશેષ નાશ કરવાયોગ્ય છે.**' રાગ એકાંતે નાશ કરવા યોગ્ય છે. કે કથંચિત્ રાખવા યોગ્ય છે ? કે કથંચિત્ નાશ કરવા યોગ્ય છે ? કે નહિ. એકાંતે નાશ કરવા યોગ્ય છે.

'**તેનો નિઃશેષ નાશ કરવામાં આવતાં, જેને નિઃસંગતા અને નિર્મમતા પ્રસિદ્ધ થઈ છે...**' જેનો સર્વથા નાશ કરવામાં આવતા, જેને નિઃસંગતા. પછી કોઈ એને બાહ્ય નિઃસંગતા નથી. અને નિર્મમતા-કોઈની સાથે એને મમકાર, અહંકાર આદિ કોઈ મોહની પરિણતિ નથી. '**એવો તે જીવ શુદ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ ધરતો થકો...**' કયો ? ઓલી વ્યવહારભક્તિ નહિ. પારમાર્થિક સિદ્ધભક્તિ એટલે નિશ્ચય સિદ્ધભક્તિ. '**સ્વસમયપ્રવૃત્તિની પ્રસિદ્ધિવાળો હોય છે.**' કેમકે નિજ શુદ્ધાત્મામાં, સિદ્ધઆત્મામાં ભક્તિ ધરે છે એ નિશ્ચયભક્તિ છે અને તે સ્વસમયની પ્રવૃત્તિ હોય છે. '**તે કારણથી તે જ જીવ કર્મબંધનો નિઃશેષ નાશ કરી સિદ્ધિને પામે છે.**' એ કારણથી જીવ કર્મબંધનો સર્વથા નાશ કરીને સિદ્ધિને પામે છે. એ ૧૭૦માં અરિહંતદેવનું નામ લઈને કહેશે.

મુમુક્ષુ :- નિશ્ચય ભક્તિ આ પોતાના ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અભેદભક્તિ, નિશ્ચયભક્તિ. સ્વરૂપલીનતા કરવી તે.

મુમુક્ષુ :- એ નિશ્ચય સિદ્ધભક્તિ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિશ્ચય સિદ્ધભક્તિ. નિજ સિદ્ધ આત્માની ભક્તિ. રાગરૂપ નહિ, વીતરાગભાવરૂપ.

'**૧૭૦. પરમેષ્ઠીપદને વિષે જેને તત્ત્વાર્થ પ્રતીતિપૂર્વક ભક્તિ છે,...**' કેવા ? એટલે સમ્યગ્દૃષ્ટિની લીધી. '**પરમેષ્ઠીપદને વિષે જેને તત્ત્વાર્થ પ્રતીતિપૂર્વક ભક્તિ છે, અને નિર્ગ્રંથપ્રવચનમાં રુચિપણે જેની બુદ્ધિ પરિણમી છે, તેમ જ સંયમતપસહિત વર્તે છે તો તેને મોક્ષ કંઈ દૂર નથી.**' એ જીવ મોક્ષને પામી જશે, એમ કહે છે. કેમકે એને જ્ઞાન-દર્શન અને ચારિત્ર ત્રણે લઈ લીધા. '**ટીકા : અહીં, અર્હંતાદિની ભક્તિરૂપ પરસમયપ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ હોવા છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો સદ્ભાવ દર્શાવ્યો છે.**'

મુમુક્ષુ :- વ્યવહારનયથી.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારનયથી. અરિહંતભક્તિ છે ને ? તો

અરિહંતભક્તિ, નિર્ગ્રંથ પ્રવચનની ભક્તિ અને સંયમ .. શુભરાગ. તો એમાં સાક્ષાત્ (મોક્ષનું કારણ નથી). એ પરસમયની પ્રવૃત્તિ છે. અને રાગરૂપ પ્રવૃત્તિ હોવાથી તેથી તેમાં સાક્ષાત્ મોક્ષનું કારણ નથી, મોક્ષના કારણનો અભાવ છે. છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો એમાં સદ્ભાવ છે. કેમકે સમ્યગ્દૃષ્ટિને લેવા છે ને માટે. પોતે ખુલાસો કર્યો છે.

**'જ્ઞાનીને શુદ્ધાશુદ્ધરૂપ મિશ્ર પર્યાયમાં જે ભક્તિ-આદિરૂપ શુભ અંશ વર્તે છે તે તો માત્ર દેવલોકાદિના ક્લેશની પરંપરાનો જ હેતુ છે...'** તેનાથી તો દેવલોકમાં જાશે અને ત્યાં શું ભોગવશે ? ક્લેશ ભોગવશે. **'અને સાથે સાથે જ્ઞાનીને જે (મંદ શુદ્ધિરૂપ) શુદ્ધ અંશ પરિણમે છે તે સંવર નિર્જરાનો અને (તેટલા અંશે) મોક્ષનો હેતુ છે. ખરેખર આમ હોવા છતાં, શુદ્ધ અંશમાં રહેલા સંવર-નિર્જરા-મોક્ષહેતુત્વનો આરોપ...'** શુદ્ધ અંશમાં રહેલા સંવર-નિર્જરા-મોક્ષહેતુપણાનો આરોપ **'તેની સાથેના...'** એનો આરોપ કોના ઉપર નાખ્યો ?

**'તેની સાથેના ભક્તિ-આદિરૂપ શુભ અંશમાં કરીને તે શુભ ભાવોને દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા સહિત મોક્ષપ્રાપ્તિના હેતુભૂત કહેવામાં આવ્યા છે.'** Via દેવલોકથી મોક્ષમાં જાશે એમ કહેવું છે. નહિ તો શુભભાવ છે એના ફળરૂપ બંધને ભોગવશે અને એ દેવલોકનો ભોગવીને પછી મોક્ષમાં જાશે. એમ એક Station વચ્ચે કરશે. **'આ કથન આરોપથી (ઉપચારથી) કરવામાં આવ્યું છે એમ સમજવું. આવો કથંચિત્ મોક્ષહેતુત્વનો આરોપ પણ જ્ઞાનીને જ વર્તતા ભક્તિ-આદિરૂપ શુભ ભાવોમાં કરી શકાય છે.'** આ અજ્ઞાની ભક્તિ કરે છે એને એ વાત લાગુ પડતી નથી, એમ કહેવું છે.

**'અજ્ઞાનીને તો શુદ્ધિનો અંશમાત્ર પણ પરિણમનમાં નહિ હોવાથી યથાર્થ મોક્ષહેતુ બિલકુલ પ્રગટ્યો જ નથી, વિદ્યમાન જ નથી ત્યાં પછી તેના ભક્તિ-આદિરૂપ શુભ ભાવોમાં આરોપ કોનો કરવો ?'** એમ કહેવું છે. એટલી ચોખવટ કરી છે. આગળ ટીકામાં કહે છે કે **'જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો, અચિંત્ય સંયમતપભાવ સંપ્રાપ્ત કર્યો હોવા છતાં...'** મોક્ષના અર્થે પુરુષાર્થ એને વર્તે છે. અને ઘણો સંયમ અને તપનો ભાર સંપ્રાપ્ત કર્યો છે **'છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ**

**ઉત્પન્ન કરી નહિ હોવાથી,...'** પ્રભુભક્તિ એટલે પ્રબળ શક્તિ. અહીંયાં ઉગ્ર શક્તિ, પુષ્કળ શક્તિ એમ લીધું છે, હોં ! એનો અર્થ એવો કર્યો છે. પ્રભુભક્તિ એટલે આ નહિ.

**''પીંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે, નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી,...'** એને પુરુષાર્થની ઉગ્રતા નહિ આવવાથી એને અરિહંતાદિની ભક્તિના શુભભાવ થાય છે. એનો ત્યાગ એ કરી શકતો નથી. ત્યાગ એણે કરવો જોઈએ પણ કરી શકતો નથી.

**'તે જીવ ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે.'** એ મૂળગાથામાં લીધું છે એમણે. મૂળ ટીકામાં લીધું છે. **'सुरलोकादिक्लेश–प्राप्तिरूपया परम्परया तमवाप्नोति'**. **'साक्षान्मोक्षं न लभते'** એ સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરશે નહિ. Footnote માં ખુલાસો છે કે **'જે જ્ઞાની જીવે પરમ ઉદાસીનતાને પ્રાપ્ત કરવામાં સમર્થ એવી પ્રભુભક્તિ ઉત્પન્ન કરી નથી તે જ્ઞાની જીવ કદાચિત્ શુદ્ધાત્મભાવનાને અનુકૂળ, જીવાદિપદાર્થોનું પ્રતિપાદન કરનારાં આગમ પ્રત્યે રુચિ (પ્રીતિ) કરે છે, કદાચિત્ (જેમ કોઈ રામચંદ્રાદિપુરુષ દેશાંતરસ્થિત સીતાદિ સ્ત્રીની પાસેથી આવેલા માણસોને પ્રેમથી સાંભળે છે, તેમનું સન્માનાદિ કરે છે અને તેમને દાન આપે છે તેમ) નિર્દોષ-પરમાત્મા તીર્થંકરપરમદેવોનાં અને ગણધરદેવ-ભરત-સગર-રામ-પાંડવાદિ મહાપુરુષોનાં ચરિત્રપુરાણો શુભ ધર્માનુરાગથી સાંભળે છે તથા કદાચિત્ ગૃહસ્થ-અવસ્થામાં ભેદાભેદરત્નત્રયપરિણત આચાર્ય-ઉપાધ્યાય-સાધુનાં પૂજનાદિ કરે છે અને તેમને દાન આપે છે. ઈત્યાદિ શુભ ભાવો કરે છે. આ રીતે જે જ્ઞાની જીવ શુભરાગને સર્વથા છોડી શકતો નથી, તે સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના ક્લેશની પરંપરાને પામી પછી ચરમ દેહે નિર્વિકલ્પસમાધિ વિધાન વડે...'** કયા વિધાન વડે ? **'નિર્વિકલ્પસમાધિ વિધાન વડે વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા નિજ શુદ્ધાત્મામાં સ્થિર થઈ તેને (મોક્ષને) પ્રાપ્ત કરે છે.'** એટલે આવી ગયું આમાં કે જ્યાં સુધી અર્હંતાદિની ભક્તિ વર્તે છે ત્યાં સુધી એના ફળમાં એ દેવલોકમાં જશે પણ જ્યારે સ્વરૂપમાં સ્થિર થશે ત્યારે જ મોક્ષને પ્રાપ્ત

કરશે. એ પહેલા મોક્ષને પ્રાપ્ત કરી શકશે નહિ. હવે એને અંતરાય કહેશે. અર્હંતાદિની ભક્તિથી તેને પરંપરા કહીને હવે એને અંતરાય કહે છે.

'**૧૭૧. અર્હંતની, સિદ્ધની, ચૈત્યની, પ્રવચનની ભક્તિસહિત જો તપશ્ચર્યા કરે છે તો તે નિયમથી દેવલોકને અંગીકાર કરે છે.**' મોક્ષને નહિ. સ્વર્ગમાં જાય, સિદ્ધાલયમાં ન જાય એમ કહે છે. '**આ, માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત્ મોક્ષનો અંતરાય તેનું પ્રકાશન છે.**' શું કહ્યું આ ગાથામાં ? કે '**અર્હંત, સિદ્ધની, ચૈત્યની, પ્રવચનની ભક્તિસહિત...**' એને એટલા રાગથી પણ ઉત્પન્ન થતો સાક્ષાત્ મોક્ષનો અંતરાય છે. એ દેવલોક છે એ મોક્ષમાં સિદ્ધાલયમાં જવા માટે અંતરાય છે. વચ્ચે Station છે. ...

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શેનું પ્રકાશન છે ? મોક્ષ તો સમ્યગ્દૃષ્ટિને થાય છે ને ? એ મોડો થાય છે, એમ કહે છે. એટલું એને મોડું સિદ્ધાલયમાં થાય છે.

મુમુક્ષુ :- ....અદ્વૈતમાં જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં એ વિષય નથી. અહીંયાં વિષય શું છે એ ખ્યાલ રાખવો. જે વિષય ચાલતો હોય એ વિષય ખ્યાલમાં રાખીને ... દ્વૈતમાંથી અદ્વૈતમાં જવાય છે ? અહીંયા એમ કહે છે કે તું પંચ પરમેષ્ઠીની ભક્તિ કર તો શુભરાગ છે, એનાથી બંધન થાય છે, એનાથી દેવલોકમાં જવું પડે છે. તે તને સિદ્ધાલયમાં જવાનું કારણ નથી. પણ સિદ્ધાલયમાં જવા માટે અંતરાય છે. એ વિષય ચાલે છે.

મુમુક્ષુ :- સહારાનું રણ પ્રાપ્ત થયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વચ્ચે સહારાનું રણ આવી ગયું એમ કહે છે. મારે તો આ જ ભવમાં જાવું હતું પણ વચ્ચે સહારાનું રણ આવ્યું. 'શ્રીમદ્જી' કહે છે કે મારે તો આ જ ભવમાં મોક્ષ જાવું હતું. પુરુષાર્થ તો મારે એવો જ કરવો હતો. પણ ચાલતા... ચાલતા... ચાલતા... પગે થાક લાગ્યો, હજી પગ થાક્યા ત્યાં સ્વાસ્થ્ય બગડી ગયું. ત્યાં અહીંયાં જોયું કે હવે આયુષ પૂરું થવાની તૈયારી છે. હવે દેવલોકમાં જાવું પડશે. એટલે વચ્ચે સહારાનું રણ આવ્યું. હવે ઘણો કાળ લાગશે. હવે ૨-૪ સાગરની સ્થિતિએ ગતિએ ગયા છે. ઓછામાં ઓછું બે અને વધુમાં વધુ ચાર સાગરની સ્થિતિએ અત્યારે વૈમાનિક દેવમાં અહીંના સમ્યગ્દૃષ્ટિ જીવો

જાય. એટલે એ તો સાગરોપમનો કાળ પડી ગયો અંદર. સાગર જેટલો. કેટલો ? દરિયા જેટલો લાંબો કાળ થઈ ગયો.

મુમુક્ષુ :- એટલી જેલ પડી ગઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અંતરાય કહો, જેલ કહો, Junction કહો. જે કહેવું હોય એ કહો. અને દેવલોકમાં ક્લેશ થયો એમ પણ કહો.

'**જે (જીવ) ખરેખર અર્હંતાદિની ભક્તિને આધીન બુદ્ધિવાળો વર્તતો થકો...**' જે જીવ ખરેખર અર્હંતાદિની ભક્તિને આધીન બુદ્ધિવાળો વર્તતો થકો '**પરમસંયમપ્રધાન અતિતીવ્ર તપ તપે છે,...**' પરમસંયમપ્રધાન એટલે '**ઉત્કૃષ્ટ સંયમ જેમાં મુખ્ય હોય એવું.**' અતિતીવ્ર તપ તપે છે. મુનિ હોય. '**તે (જીવ), માત્ર તેટલા રાગરૂપ ક્લેશથી...**' જેટલો પણ રાગ છે એ ક્લેશ છે એમ કહે છે. '**જેનું નિજ અંતઃકરણ કલંકિત (મલિન) છે...**' એટલા રાગથી પણ મેલું છે. વિષ્ટાનો થોડો નાનો પણ કણિયો છે તે રાખવા જેવો નથી, એમ કહે છે. એનાથી કલંકિત છે, મલિન છે એવો વર્તતો થકો.

'**વિષયવિષવૃક્ષના આમોદથી...**' વિષયવિષવૃક્ષની સુગંધ આવી છે. આમોદ એટલે એનાથી સુગંધ, એની મોજ એને આવી ગઈ. શુભભાવમાં. '**જ્યાં અંતરંગ (-અંતઃકરણ) મોહિત હોય છે...**' ક્યાં ? સ્વર્ગલોકમાં. સ્વર્ગલોકમાં અંતઃકરણ મોહિત થાય છે. '**જ્યાં અંતરંગ (-અંતઃકરણ) મોહિત હોય છે એવા સ્વર્ગલોકને કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે...**' કેવો છે સ્વર્ગલોક ? સિદ્ધાલયમાં જવા માટે વચ્ચે અંતરાયભૂત છે. '**તેને સંપ્રાપ્ત કરીને,...**' દેવલોકને પામીને '**સુચિરકાળ પર્યંત (ઘણા લાંબા કાળ સુધી)...**' આયુષ્ય મોટા છે ત્યાં. અઘાતિનો બંધ ત્યાં મોટો પડે છે. પુરુષાર્થ-વીર્યનો ક્ષયોપશમ મોક્ષમાર્ગીને ઘણો છે એટલે શુભભાવમાં રહે ... એટલે ત્યાં પણ એને રસવાળા પરિણામ થાશે. ચારિત્રમોહનીના રસવાળા, હોં ! દર્શનમોહનીના રસવાળા નહિ. અઘાતિનો બંધ મોટો પડી જશે. કેમકે જેમ અનુભાગ વિશેષ એમ સ્થિતિ પણ વિશેષ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એનો કાંઈ પ્રશ્ન નથી અહીંયાં.

અહીંયાં તો એમ કહે છે કે કોઈ એવા સીધા જવાવાળા પણ છે.

વચ્ચે દેવલોકનો ભવ કર્યા વગર સીધા જવાવાળા પણ છે. અહીંયાં એ દાખલો સર્વાંશે લાગુ નહિ પડે. ભરતરાજાના ૯૮ પુત્રો છે. એ ૯૮ પુત્રો નિગોદમાંથી નીકળીને મનુષ્ય થયા છે. અને દેવલોકમાં ગયા વગર સીધા ચરમશરીરી મોક્ષમાં ગયા. તો જરૂરી નથી કે દેવલોકમાં જાવું જ જોઈએ. એવું કોઈ જરૂરી નથી.

મુમુક્ષુ :- 'ભરત' ચક્રવર્તી સીધા ગયા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ભરત' ચક્રવર્તી ગયા. એમ કહેવાય છે કે દેવલોકમાંથી આવ્યા હતા. 'ઋષભદેવ' ભગવાન પણ સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા હતા. ૩૩ સાગરનું આયુષ્ય ભોગવીને. પણ આ તો નિગોદમાંથી આવીને. દેવલોકમાં ગયા વગર સીધા ગયા. એમ કહેવું છે.

**'એવા સ્વર્ગલોકને કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે તેને સંપ્રાપ્ત કરીને, સુચિરકાળ પર્યંત (ઘણા લાંબા કાળ સુધી) રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો...'** કેવો ? **'સુચિરકાળ પર્યંત રાગરૂપી અંગારાઓથી શેકાતો...'** દેવલોકમાં સરખાઈનો (શેકાય છે). **'અંદરમાં સંતપ્ત (દુઃખી, વ્યથિત) થાય છે.'** એ અંદરમાં સંતપ્ત થાય છે. તપ્ત એટલે દુઃખી, તપાયમાન થાય છે. સારો એવો પછી અહીંયાં તપે છે, કહે છે. પછી. લ્યો, ઠીક !

આ ભટ્ઠી જેવું દુઃખની વાત નીકળે ને ? ત્યારે પ્રશ્ન આવ્યો કે ભટ્ઠી જેવું દુઃખ ભગવાનની ભક્તિમાં કેમ લ્યો છો ? ત્યાં તો મંદરાગ છે, શુભરાગ છે. તો કહે છે, છે. 'પંચાસ્તિકાય'ની ૧૭૧ અને ૧૭૨ ગાથામાં આ વિષય ૧૭૨માં લેશે. આ વિષય છે એમ કહે છે. એનો આધાર પછી નીકળ્યો હતો અહીંથી. એ વાત બરાબર છે. શાસ્ત્રમાં પણ આધાર મળે છે. અને આત્માની શાંતિ એવી ચીજ છે કે જેની પાસે શુભરાગ છે એ ધગધગતી ભટ્ઠી છે. અશુભરાગ તો ધગધગતી ભટ્ઠી છે જ, પણ શુભરાગ પણ ધગધગતી ભટ્ઠી જ છે. અને દેવલોકના પુણ્ય ભોગવવાના જે પરિણામ છે એ પણ ધગધગતી ભટ્ઠી જ છે. એમ છે ખરેખર.

મુમુક્ષુ :- બેમાં ... મોક્ષમાર્ગમાં બંધ પડે છે .... વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગ માટે અંતરાય બતાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરંપરા થઈ એટલે સીધું ન થયું. તો સીધું ન થયું એનો બીજો અર્થ શું ? કે અંતરાય છે. તમે જરાક આઘા ખસો. એનો અર્થ શું ? કે તમે અમને આડા આવો છો. થાય કે ન થાય ? એમ છે.

મુમુક્ષુ :- અભિપ્રાયવાળા છે. ઊંધી ચીજ થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી : હા. જેને શુભરાગનો પક્ષ છે એ એમ કહે કે જુઓ ! આ પરંપરાએ મોક્ષનું કારણ છે. બીજી ગાથા વાંચને. આપણે એને એમ કહેવું પડે કે હવે એક ગાથા શું કરવા વાંચે છે ? અધૂરો કાગળ વંચાય ? કેવો કાગળ વાંચવો જોઈએ ? ભાઈ ! તમે જે જગ્યાએ જાવ છો એ જોખમ છે. એ જોખમ નહિ સંભાળો તો તમને બહુ મુશ્કેલી થશે. અથવા નહિ જશો. તમે જોખમ નહિ સંભાળો, એ ન (વાંચે) ને તમે મરી જશો એટલું જ વાંચે તો કહે, આપણને મરવાનું કહે છે. સળંગ વાંચવું જોઈએ કે નહિ ? એમ છે. આ એના ઉપરથી તારણ કાઢે છે.

૧૭૨ ગાથામાં તાત્પર્ય કાઢે છે. વિષયનો ઉપસંહાર કરે છે કે '**તેથી ઈચ્છામાત્રની નિવૃત્તિ કરો. સર્વત્ર કિંચિત્‌માત્ર પણ રાગ કરો મા;...**' ઈચ્છા માત્ર છોડી દ્યો અને ક્યાંય રાગ ન કરો. ક્યાંય એટલે અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ક્યાંય રાગ ન કરો. '**કેમકે વીતરાગ છે તે ભવસાગરને તરે છે.**' રાગી તરતો નથી. રાગી ભવસાગરમાં જાય છે અને આ ભવસાગરને તરે છે. એક ભવસાગરમાં જાય છે અને એક ભવસાગરમાં તરે છે.

'**ટીકા : આ, સાક્ષાત્ મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા...**' સારનું સૂચન છે. '**સાક્ષાત્ મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ...**' છેલ્લી બે ગાથા છે ને ? હવે છેલ્લી ગાથા છે. આખા '**શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર છે.**' આ ગાથામાં. એટલે કે '**(અર્થાત્ અહીં સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે.) સાક્ષાત્‌મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે.**' આ વીતરાગનો માર્ગ હોવાથી, વીતરાગમાર્ગ હોવાથી (વીતરાગતા સાર છે).

'**ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક,...**' ચંદનવૃક્ષ છે એ શીતળ છે. પણ એ સળગે ત્યારે ઠંડુ લાગે ? ત્યારે તો એ ગરમ લાગે એ. આચાર્યદેવે કેવો દાખલો લીધો ! '**ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને,...**' શું સમજવું એને ? '**અત્યંત અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન...**' છે. મહાજન કીધો અહીંયાં. '**સાક્ષાત્ મોક્ષનો**

**અભિલાષી..**' મોક્ષાર્થીને મહાજન કહે છે. '**સઘળાય પ્રત્યેના રાગને છોડી,...**' અર્હંતદેવ પ્રત્યેના, સિદ્ધ પ્રત્યેના રાગને પણ છોડીને '**અત્યંત વીતરાગ થઈ, જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે...**' આ સંસારમાં. સંસારમાં શું છે ? '**બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે...**' દુઃખ પહેલું લીધું. સુખ પાછળ લીધું. સુખમાંથી દુઃખ થાય છે ને, એને સુખ કહે છે માટે. '**કલ્લોલો ઊછળે છે અને જે કર્માગ્નિ વડે તપ્ત,...**' છે. કર્મની અગ્નિ વડે સારી રીતે તપાયેલું છે. અને '**કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે...**' સાગર છે એ ગાજે છે, ભયંકર વરસાદ પડે. બીક લાગે માણસને. ... મોટો સાગર હોય તો એનો ભય લાગે એવો અવાજ આવે.

'**કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઊતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી, શીઘ્ર નિર્વાણને પામે છે.**' કોણ ? જે આ વીતરાગપણું જેને પ્રગટ થયું છે તે. તે રાગને પણ છોડીને, ... વિના ક્લેશને પણ પરમ અંતરદાહનું કારણ સમજીને જે વીતરાગ થાય છે. કોણ ? મોક્ષનો અભિલાષી માત્ર છે તે '**સઘળાય પ્રત્યેના રાગ છોડી, અત્યંત વીતરાગ થઈ,...**' વીતરાગ થયેલો તે ભવસાગરને પાર ઉતરે છે. નિર્વાણને પામે છે. પણ રાગી થઈને એ પાર પામતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. છતાં પણ પ્રશસ્ત રાગ એ પણ એક રાગ છે, એ વીતરાગતા નથી. એની જાત કઈ ? રાગ છે એ એની જાત છે એ કજાત છે. ભલે પ્રશસ્ત હોય તોપણ એ કજાત છે. એ નીકળી જાય છે એનો અર્થ કે એ કાઢી નાખવા જેવો છે. શેના દ્વારા કાઢી નાખવા જેવો છે ? કે પુરુષાર્થ દ્વારા તે કાઢી નાખવા જેવો છે. છેલ્લે તો પ્રશસ્ત રાગ જ છે. મુનિદશામાં અપ્રશસ્ત રાગ થતો નથી. મુનિને અશુભરૂપ પરિણામ નથી. એકલા શુભ પરિણામ જ મુનિને હોય. અત્યારના ... મિથ્યાત્વ સહિત હોય એટલે અશુભ થયા વગર રહે નહિ.

જે ખરેખર ભાવલિંગી મુનિ છે, છઠે-સાતમે ગુણસ્થાને આવે છે, જેણે ત્રણ કષાયની ચોકડીનો અભાવ કર્યો છે અને ...નો મંદ ઉદય વર્તે છે સંજ્વલન કષાયનો, એને અશુભ પરિણામ થતા નથી. હવે જે શુભ

પરિણામ રહ્યા એને કાઢવા માટે સૌથી ઉગ્ર પુરુષાર્થ શુક્લધ્યાનની શ્રેણીનો કરશે ત્યારે જાશે. લોખંડના વાસણને કાંટ લાગ્યો હોય. ઘણા વરસથી કાટના પોપડા બાજ્યા હોય. તો ઉપરના પોપડા ફેંકી દેતા વાર ન લાગે તાવેતાથી કાઢી નાખે પણ નીચે જે ચોંટેલો કાંટ છે ને ? થોડો. કેટલો છે ? એ જાજો નથી દેખાવમાં. દેખાવમાં જાજો હતો એ તો ફટાફટ નીકળી ગયો. જે નીચે ચોંટ્યો છે એને કાઢવામાં સરખી રીતે એને સારી રીતે કાઢવાની મહેનત કરે તો જ નીકળે. નહિતર નીકળે નહિ. એમ ભલે મુનિરાજને શુભરાગ રહે છે પણ એને કાઢવા માટે પ્રચંડમાં પ્રચંડ પુરુષાર્થ જે છેલ્લી હદનો છે, જેને શુક્લધ્યાનનો પુરુષાર્થ કહેવામાં આવે છે, એ ધ્યાનાગ્નિ જોશે ત્યાં. ધ્યાનાગ્નિ વગર એ કર્મ બળવાના નથી.

'**વિસ્તારથી બસ થાઓ.**' ઘણું કહી દીધું એમ કહે છે. આચાર્યદેવ શું કહે છે ? '**વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો વીતરાગપણું...**' રાગીપણું નહિ. '**જયવંત વર્તો વીતરાગપણું...**' '**अलं विस्तरेण। स्वस्ति साक्षान्मोक्षमार्गसारत्वेन शास्त्रतात्पर्यभूताय वीतरागत्वायेति।**' આટલા શબ્દો પડ્યા છે. '**વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો વીતરાગપણું કે જે સાક્ષાત્મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે.**' વીતરાગપણું શું છે ? આખા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગપણું છે. શાસ્ત્રનું તાત્પર્ય રાગ કરવો એવું ક્યાંય છે નહિ.

'**તાત્પર્ય દ્વિવિધ હોય છે :...**' બે પ્રકારે હંમેશા તાત્પર્ય હોય છે. એક '**સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. તેમાં, સૂત્રતાત્પર્ય સૂત્રદીઠ (ગાથાદીઠ) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; અને શાસ્ત્રતાત્પર્ય હવે પ્રતિપાદિત કરવામાં આવે છે :**' અત્યાર સુધી એક એક સૂત્રમાં શું કહેવા માગે છે, એ તાત્પર્ય કહીને એમણે ટીકા કરી છે. હવે કહે છે કે આ શાસ્ત્ર અહીંયાં પૂરું થાય છે માટે આખા શાસ્ત્રનું તાત્પર્ય અમે હવે અહીંયાં કહીએ છીએ.

'**સર્વ પુરુષાર્થોમાં સારભૂત...**' કેવો ? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ચાર પ્રકારના પુરુષાર્થ છે. એ ચારે પુરુષાર્થોમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી. '**પુરુષાર્થોમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી જેમાં પંચાસ્તિકાય અને ષડ્દ્રવ્યના સ્વરૂપના પ્રતિપાદન વડે સમસ્ત વસ્તુનો સ્વભાવ દર્શાવવામાં આવેલ છે,...**' આ

શાસ્ત્રમાં. અને '**નવ પદાર્થના વિસ્તૃત કથન વડે જેમાં બંધ-મોક્ષના સંબંધી...**' એટલે કે બંધ અને મોક્ષના સ્થાનો-આયતન અને '**બંધ-મોક્ષનાં આયતન (સ્થાન) અને બંધ-મોક્ષના વિકલ્પ (ભેદ) પ્રગટ કરવામાં આવ્યા છે,...**' ગુણસ્થાનના.

'**નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે તથા સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે.**' હૃદય ક્યાં છે ? આખા શાસ્ત્રનું હૃદય ક્યાં છે ? કે '**સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે.**' લ્યો ! ટીકાકાર આચાર્ય એમ કહે છે કે 'કુંદકુંદાચાર્ય'નું હૃદય ક્યાં છે એ અમે પકડ્યું છે. ભલે એક હજાર વર્ષ પહેલા થયા. '**સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે એવા ખરેખર પારમેશ્વર શાસ્ત્રનું,...**' 'પંચાસ્તિકાય'ને કેવું કહ્યું ? પારમેશ્વર શાસ્ત્ર કહો, જિન ભગવાનનું શાસ્ત્ર કહો, ભાગવત્ શાસ્ત્ર કહો, પવિત્ર શાસ્ત્ર કહો કે દૈવી શાસ્ત્ર કહો. દેવ દ્વારા, વીતરાગદેવ દ્વારા પ્રતિપાદિત છે એટલે દૈવી શાસ્ત્ર કહો. એવા શાસ્ત્રનું '**પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.**' શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગપણું છે. બીજું, રાગ છે એ શાસ્ત્રના તાત્પર્યમાં ક્યાંય આવતું નથી એમ લેવું.

મુમુક્ષુ :- કેવળજ્ઞાની અને શ્રુતજ્ઞાની બેય સરખા ?

પૂજ્ય ભાઈશ્રી : બેય સરખા ને. બેય અવલંબનમાં એક ન્યાયે પોતાના આત્માને જોવે છે. એક ન્યાયે સરખા અને એક ન્યાયે સરખા નહિ. સ્વરૂપને અનુભવવામાં સરખા, જ્ઞાનના વિકાસમાં સરખા નહિ. એમ લેવું.

મુમુક્ષુ :- શાસ્ત્રની પ્રરૂપણા શ્રુતજ્ઞાની...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાસ્ત્રની પ્રરૂપણા કરનાર શ્રુતજ્ઞાની છે પણ એમનો બંનેનો વિકાસ જુદો જુદો છે. કેવળજ્ઞાનનો વિકાસ છે એટલો શ્રુતજ્ઞાનનો વિકાસ નથી. પણ અનુભવ બંનેને એક જ આત્માનો છે. અનુભવનો વિષય સરખો. એટલે અનુભવની અપેક્ષાએ એક જાતિનો સરખો અનુભવ છે. બહારમાં ઉઘાડજ્ઞાનમાં શ્રુતજ્ઞાન છે તે કેવળજ્ઞાનના અનંતમા ભાગે છે. કેટલા ? અનંતમા ભાગના અનંતમા ભાગે છે આમ તો. કેમકે કેવળજ્ઞાનના અનંતમાં ભાગે દિવ્યધ્વનિ આવી અને

દિવ્યધ્વનિના અનંતમા ભાગે બાર અંગની રચના થઈ. ગણધરદેવે કરી. એમ છે.

મુમુક્ષુ :- ....કેવળીગમ્ય.

પૂજ્ય ભાઈશ્રી :- તત્ત્વ નહિ. તત્ત્વ તો બરાબર જાણે છે. પણ જાણવાના વિષયમાં કેવળજ્ઞાનને લેવાય છે. કરણાનુયોગ ... જે અરુપી પદાર્થ કેવળજ્ઞાનગમ્ય છે. બાકી આત્મતત્ત્વ, નવ તત્ત્વ એવા જે મુખ્ય તત્ત્વ છે એ કાંઈ કેવળીગમ્ય નથી, નીચે શ્રુતજ્ઞાનીને પણ હોય છે. બધું જૂનું છે એ બધું તમારે ધોઈ નાખવું પડે. ચોકડી મૂકીને બેસો તો કામ આવે. મીંડુ મૂકીને. અત્યાર સુધી જેટલું જાણ્યું છે એ શૂન્ય છે. શૂન્ય છે એટલું જ નહિ એમાં ઘણું વિપરીત અને ઊંધું ભરેલું છે અને એ કાઢી નાખવા જેવું છે. આટલો અભિપ્રાય લઈને બેસવું પડે એવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સારું હોત તો આગળ ન વધી ગયા હોય ? અહીં સુધી આવવું જ ન પડત. ત્યાં જો સારું હોત તો અહીં સુધી આવવું ન પડત.

મુમુક્ષુ :- ...કોરી પાટી થઈને આવ તો સમજાશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોરી પાટી થઈને આવવું. જે પૂર્વગ્રહ છે અથવા પૂર્વે ગ્રહેલું છે એ સંસ્કાર બુદ્ધિને આ વાતને સીધું ગ્રહણ કરવામાં વચ્ચે આડા આવે છે. આડા આવીને ઊભા રહે છે એ. એ પરિસ્થિતિ થાય છે. મહેનત કરવી, બીજો એનો ઉપાય નથી.

મુમુક્ષુ :- ...આડા જે લાકડા હતા એ...

પૂજ્ય ભાઈશ્રી :- આડા આવ્યા હોય તો પછી આડો ચાલે જ ને. ભાઈ આડા ચાલતા હતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં જે મૂળ દિગંબરો છે, એ બધા કાળા વાવટા લઈને ઊભા રહે, 'ગુરુદેવ' આવે ત્યારે. આ એમાં હતા. પછી ફરી ગયા.

મુમુક્ષુ :- સાચો અભિપ્રાય...

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા ઉત્પન્ન કરવાનું છે. એમ છે. ભલે 'પંચાસ્તિકાય' અને છ દ્રવ્યની વાત કરી, ભલે નવ તત્ત્વની વાત કરી, ભલે નિશ્ચય-વ્યવહારની વાત કરી. શું કહે છે ? .. છતાં પણ

જે મોક્ષનું કારણભૂત છે એ તો વીતરાગપણું છે અને ત્યાં આચાર્ય મહારાજનું હૃદય રહેલું છે. આખું શાસ્ત્ર છે એનું એક મુખ્ય અવયવ છે તે હૃદય છે અને એ વીતરાગતા છે.

મુમુક્ષુ :- આવા આચાર્યને હૃદય નમી પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'**તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે,...**' વ્યવહાર નિશ્ચયના વિરોધ વડે નહિ. શું કહે છે ? '**તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ (અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે...**' ગુણસ્થાન અનુસાર '**એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઈચ્છિતની સિદ્ધિ થાય છે, બીજી રીતે થતી નથી). (ઉપરોક્ત વાત વિશેષ સમજાવવામાં આવે છે :)**'

હવે અહીંયાં વિશેષ વાત કરે છે. અહીંયાં આ ગાથાનો ટીકામાં ઘણો વિસ્તાર કર્યો છે. એમાં વ્યવહારાભાસની પણ વાત કરી છે, નિશ્ચયાભાસીની પણ વાત કરી છે. એ નિશ્ચયાભાસી અને એ બંનેનો સુમેળ રહે એવી ભૂમિકામાં પ્રવર્તનારા જ્ઞાની જીવો કેવા હોય છે એનું પણ વર્ણન કર્યું છે. એમ આ ગાથાની અંદર વિશેષ વાત કરી છે કે શાસ્ત્ર વાંચીને નિશ્ચયાભાસ ન થવો જોઈએ, વ્યવહારાભાસ ન થવો જોઈએ. તો શું થવું જોઈએ ? કે આ પ્રકારે થવું જોઈએ. એમ ત્રણ વાત કરી છે. એ વિસ્તારથી વિષય લીધો છે. સમય છે.

'**(ઉપરોક્ત વાત વિશેષ સમજાવવામાં આવે છે :) અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...**' શું કહે છે ? બહુ સારો વિષય લીધો છે. આખા શાસ્ત્રની અંદર ૧૭૨મી ગાથા છે એમાં ટીકાનો વિસ્તાર પણ ઘણો છે, ગાથા પણ શાસ્ત્રના તાત્પર્યભૂત છે અને મુમુક્ષુજીવને સમજવા માટે આ વિસ્તાર ઘણો પ્રયોજનભૂત રીતે કામમાં આવે એવો છે. તેથી એની પ્રસ્તાવના કરવા જેવી છે. '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો...**' શરૂઆત કરનારા જીવો. '**વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને...**' '**મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને પ્રાથમિક ભૂમિકામાં, સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત**

**આત્મા છે અને તેનું સાધન વ્યવહારનયે (આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે. આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારના કહેવામાં આવ્યા છે. (નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.)**' ભિન્ન કેમ અને અભિન્ન કેમ ? કે સાધ્ય તો પરિપૂર્ણ વીતરાગતા છે અને વ્યવહાર જે છે એ વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર. નવ તત્ત્વની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચ મહાવ્રતાદિનું આચરણ એ શુભરાગરૂપ છે. અને પૂર્ણ શુદ્ધિ છે એ પૂર્ણ વતીરાગરૂપ છે. તો સાધન અને સાધ્ય ભિન્ન ભિન્ન થયા. રાગ સાધન અને વીતરાગતા સાધ્ય અહીંયાં કહીએ. પાછો કોનો રાગ લીધો છે અહીંયાં ? સમ્યગ્દષ્ટિનો, હોં ! મિથ્યાદષ્ટિની વાત નથી અહીંયાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. ગાથા છે. વિષય સમજવા જેવો છે. આખા શાસ્ત્રનું તાત્પર્ય શું છે ? ચોખવટ ઘણી છે એની અંદર. આ ગાથામાં સ્પષ્ટતા ઘણી છે.

પ્રાથમિક જીવો એટલે મોક્ષમાર્ગની શરૂઆત કરનારા જીવો. ચોથા ગુણસ્થાનથી. '**વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને...**' એટલે સુગમપણે, સહજપણે, કઠિનતા વિના '**તીર્થની શરૂઆત કરે છે.**' એ પોતે મોક્ષમાર્ગની શરૂઆત કરે છે. એમણે અહીંયાં સ્પષ્ટતા કરી છે. સુખે કરીને લીધું ને એટલે. '**જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનાં શ્રદ્ધાનાદિ કરેલ છે એવા સમ્યગ્જ્ઞાની જીવોને તીર્થસેવનની પ્રાથમિક દશામાં...**' એટલે '**(મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં)**' તીર્થસેવન એટલે પોતે તરવાની શરૂઆત કરે છે. સમ્મેદશિખર જાય છે એ વાત નથી. પોતે તરવાની શરૂઆત કરે છે એ પ્રાથમિક ભૂમિકામાં છે.

'**આંશિક શુદ્ધિની સાથે સાથે શ્રદ્ધાનજ્ઞાનચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો (ભેદરત્નત્રય) હોય છે,...**' જેને ભેદરત્નત્રય અથવા વ્યવહારરત્નત્રય કહેવામાં આવે છે. નવ તત્ત્વનું શ્રદ્ધાન, શાસ્ત્રનું પરિજ્ઞાન અને વ્રત, નિયમ, સંયમ આદિના શુભરાગરૂપ વિકલ્પો. એ હોય છે. '**કારણ કે અનાદિ કાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ**

**ચાલી આવે છે તેનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન છે.**' શું કહે છે ? અનાદિકાળથી રાગ કરતો આવ્યો છે ને ? એટલે મોક્ષમાર્ગમાં દાખલ થાય અને એ ભેગો રહીને પહેલે ધડાકે વીતરાગ થાય એવું નથી બનતું. એને રાગ થોડો રહી જાય છે. એટલે વ્યવહારરત્નત્રયનો રાગ ઉત્પન્ન થાય છે. એમાં ચોથું ગુણસ્થાન આવે છે, પાંચમું આવે છે, છઠ્ઠુ-સાતમું આવે છે. આ ત્રણ ગુણસ્થાન એમાં આવ્યા વગર સીધો કોઈ મોક્ષમાં જાય એવું કદિ બનતું નથી. એમ કહેવું છે.

'**(અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે). જેમકે : (૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે, (૨) આ અશ્રદ્ધેય છે,...**' આ વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રદ્ધા કરવા યોગ્ય છે. કુદેવ આદિ શ્રદ્ધા કરવા યોગ્ય નથી. '**(૩) આ શ્રદ્ધનાર છે અને (૪) આ શ્રદ્ધાન છે;...**' આ શ્રદ્ધા કરનારો છે અને આ એની શ્રદ્ધા નામની પર્યાય છે. પછી '**(૧) આ જ્ઞેય (જાણવાયોગ્ય) છે, (૨) આ અજ્ઞેય છે,...**' જાણવાયોગ્ય છે, આ જાણવાયોગ્ય નથી. પ્રયોજનભૂત માટે. '**(૩) આ જ્ઞાતા છે અને (૪) આ જ્ઞાન છે;...**' ચાર ભેદ લીધા જ્ઞાન અપેક્ષાએ. બધાના ચાર-ચાર ભેદ લીધા છે.

'**(૧) આ આચરણીય (આચરવાયોગ્ય) છે, (૨) આ અનાચરણીય છે, (૩) આ આચરનાર છે અને (૪) આ આચરણ છે; એમ (૧) કર્તવ્ય (કરવાયોગ્ય), (૨) અકર્તવ્ય, (૩) કર્તા અને (૪) કર્મરૂપ વિભાગોના અવલોકન વડે જેમને તીક્ષ્ણ ઉત્સાહ ઉલ્લસિત થાય છે એવા તેઓ (પ્રાથમિક જીવો) ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે;...**' મોહમલ્લને પછાડતા જાય છે. ધીમે ધીમે. એકસાથે નથી પછાડી શકતા. '**ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે; કદાચિત્ અજ્ઞાનને લીધે (સ્વસંવેદનજ્ઞાનના અભાવને લીધે) મદ (કષાય) અને પ્રમાદે વશ થવાથી પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે;...**' દંડ નીતિનો એટલે પ્રાયશ્ચિત આદિ.

'**ફરી ફરીને (પોતાના આત્માને) દોષાનુસાર પ્રાયશ્ચિત્ત દેતા થકા તેઓ સતત ઉદ્યમવંત વર્તે છે; વળી, ભિન્ન વિષયવાળા શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે...**' ભિન્ન વિષય એટલે વ્યવહાર શ્રદ્ધાજ્ઞાનચારિત્ર વડે.

**'(આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે) જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે એવા ભિન્નસાધ્યસાધનભાવવાળા પોતાના આત્માને વિષે ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા, નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને,...'** કેવી રીતે આગળ વધે છે ? કે જેમ કોઈ ધોબી કપડા ધોવે છે ત્યારે નિર્મળ જળમાં કપડાને પલાળે છે, કપડાને ઝીંકે છે. ખડક ઉપર ઝીંકે છે અને સાબુ લગાડે છે. એવી રીતે આ દર્શન-જ્ઞાન-ચારિત્રથી વ્યવહારરત્નત્રયથી થોડી થોડી વિશુદ્ધિને પ્રાપ્ત કરે છે. એમ થોડી થોડી આત્મશુદ્ધિ વધારતા જાય છે.

**'તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે, દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે, સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે...'** એટલે કે ક્રિડાકાંડના આડંબરના અભાવને લીધે **'જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે...'** આત્મામાં સ્થિર થઈ ગયા છે. **'તથા જે નિર્ભર આનંદથી સમૃદ્ધ છે...'** એમાં ઘણો આનંદ જેને વર્તે છે. **'એવા ભગવાન આત્મામાં વિશ્રાંતિ રચતા થકા (અર્થાત્ દર્શનજ્ઞાનચારિત્રના ઐક્યસ્વરૂપ, નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી તથા ભરપૂર-આનંદયુક્ત એવા ભગવાન આત્મામાં પોતાને સ્થિર કરતા થકા), ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી...'** વીતરાગતા સમભાવરૂપ ક્રમે ક્રમે વધતી જતી હોવાથી **'પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.'**

એ રીતે મોક્ષમાર્ગની અંદર નિશ્ચય મોક્ષમાર્ગ પણ છે અને જેટલો શુભરાગ છે એટલો વ્યવહારમોક્ષમાર્ગ જેને કહેવામાં આવે છે એના યથોચિત્ પરિણામ હોય છે. એ જીવ આગળ વધીને મોક્ષને પામશે, એમ કહેવું છે. હવે એમ ન થાય અને એમાં ભૂલ થાય તો કેવી રીતે વ્યવહારાભાસી થાય ? અને કેવી રીતે નિશ્ચયાભાસી થાય એ વાત આગળ કરશે.

## તા. ૨૬-૫-૧૯૯૨, પત્રાંક - ૭૬૬
## પ્રવચન - ૩૭૫

(પંચાસ્તિકાય સંગ્રહની)૧૭૨ (ગાથા). ગાથાનો વિષય છે કે મોક્ષાર્થી જીવે મોક્ષ પ્રાપ્ત કરવા માટે ક્યાંય પણ રાગ કરવો એ ઉચિત નથી. કેમકે જે વીતરાગ થાય છે એ વીતરાગ થઈને ભવસાગરને તરે છે. ભવસાગરને તરવા માટે વીતરાગતા તે એક જ ઉપાય છે. વીતરાગતા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

એ વિષયની ટીકા કરતાં આચાર્ય મહારાજ (કહે છે), વીતરાગતાને ઉપાસવા જતાં ભૂલ થાય છે. બે પ્રકારે ભૂલ થાય છે. એનું વિસ્તારથી સ્પષ્ટીકરણ આપે છે. કેમકે મોક્ષમાર્ગને વિષે દર્શન-જ્ઞાન-ચારિત્રનો વ્યવહાર પણ છે અને મોક્ષમાર્ગને વિષે શુદ્ધાત્માના નિશ્ચયદર્શન-જ્ઞાન-ચારિત્ર પણ છે. એ બંને છે. વ્યવહાર અને નિશ્ચય બંને પડખા મોક્ષમાર્ગમાં હોવાથી એ વિષયને અયથાર્થપણે ગ્રહણ કરનારા જીવો મોક્ષમાર્ગને પ્રાપ્ત નહિ કરતા થકા, પરિભ્રમણને પ્રાપ્ત થાય છે. એટલે એ વિષયમાં ખુલાસો આપે છે.

પહેલા કેવળ વ્યવહાર અવલંબી.

મુમુક્ષુ :- ૨૫૬.

પૂજ્ય ભાઈશ્રી :- પાનું ૨૫૭. ઉપરોક્ત વાત વિશેષ સમજાવવામાં આવે છે. એમ કરીને લીધું છે. શું કહે છે ? કે જીવને '**અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે (અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે).**' અહીંયાં પ્રારંભ એટલે ચોથું ગુણસ્થાન. ચોથા ગુણસ્થાને આવે છે ત્યારે એનો વ્યવહાર તો સુધરી જ જાય છે. પહેલા વ્યવહાર સુધરી જાય છે. જે .. એને માને નહિ. કોઈપણ પ્રકારનો વિપર્યાસ તેને બુદ્ધિપૂર્વકની સમજણમાં રહે નહિ, ત્યારે એ જીવને ચતુર્થ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય, મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય. જ્યાં સુધી બુદ્ધિપૂર્વકના રાગમાં, વ્યવહારમાં

પણ વિપરીતતા હોય ત્યાં સુધી એને મોક્ષમાર્ગનો પ્રારંભ થઈ શકતો નથી. એ તો થયો વ્યવહાર.

વૈચારિક ભૂમિકામાં વિપરીતતા ન રહેવી એ તો થયો વ્યવહાર. પછી એ વિપરીતતા દેવ સંબંધી, ગુરુ સંબંધી, શાસ્ત્ર સંબંધી, સિદ્ધાંત સંબંધી. શાસ્ત્ર એટલે સિદ્ધાંત સંબંધી, સત્પુરુષ સંબંધિત એ ચારેય વાત એમાં આવી જાય છે. નિશ્ચયથી પછી એ જ્યારે પ્રારંભ કરે છે ત્યારે એ પોતાના સ્વરૂપના શ્રદ્ધાનમાં, સ્વસંવેદનજ્ઞાનમાં અને શુદ્ધોપયોગરૂપ સ્વરૂપ સ્થિરતામાં આવે છે. એ વાત કરે છે.

**'જેમ કે : (૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે, (૨) આ અશ્રદ્ધેય છે,...'** શ્રદ્ધવા યોગ્ય કોની શ્રદ્ધા કરાય અને કોની શ્રદ્ધા ન કરાય ? શ્રદ્ધા કરનાર કોણ ? '(૩) **આ શ્રદ્ધનાર છે...**' એટલે શ્રદ્ધા કરનાર પોતે છે. અને શ્રદ્ધાનનું કાર્ય તે '**શ્રદ્ધાન છે;...**' એ શ્રદ્ધાનો વિષય. એના ચારેય પડખાં ચોખ્ખા છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- શ્રદ્ધા તો ચોથા ગુણસ્થાને થઈ ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોથા ગુણસ્થાને જેને શ્રદ્ધા થઈ ગઈ છે એની ભૂમિકા કેવી હોય એનું વર્ણન કરે છે. પછી આગળ વધીને મુનિ થાય છે, પછી આગળ વધીને મોક્ષને પ્રાપ્ત કરે છે. એમ વાત લેવી છે. પ્રારંભથી લઈને, વિકાસ પામીને પૂર્ણતા સુધી પહોંચે છે. એટલી વાત કરવી છે. સંક્ષેપમાં એટલી વાત કરવી છે.

પછી જ્ઞાન અપેક્ષાએ '(૧) **આ જ્ઞેય (જાણવાયોગ્ય) છે, (૨) આ અજ્ઞેય છે,...**' એટલે જાણવા યોગ્ય નથી. અહીંયાં જ્ઞેય અને અજ્ઞેય... અજ્ઞેયમાં શું છે કે પોતાને બહારમાં વ્યવહારે શેનું જ્ઞાન કરવા યોગ્ય છે. અપસિદ્ધાંતો અજ્ઞેય છે, સિદ્ધાંતો તે જ્ઞેય છે. જાણવાયોગ્ય છે, સમજવા યોગ્ય છે. જ્ઞેય એટલે સમજવા યોગ્ય છે. અને અપસિદ્ધાંતો છે એનું જ્ઞાન કરવા યોગ્ય નથી. '(૩) **આ જ્ઞાતા છે અને (૪) આ જ્ઞાન છે;...**' એ ચારેય પડખાં પણ એના ચોખ્ખા છે.

પછી '(૧) **આ આચરણીય (આચરવાયોગ્ય) છે, (૨) આ અનાચરણીય છે,...**' ઉપાદેય છે અને હેય છે. અનાચરણીય એટલે હેય છે. આચરણ કરનાર પોતે આત્મા છે. '(૩) **આચરનાર છે અને (૪) આ આચરણ છે; એમ (૧) કર્તવ્ય (કરવાયોગ્ય) છે, (૨) અકર્તવ્ય,...**'

ચારેયમાં.

મુમુક્ષુ :- બહિરંગ વ્યવહાર આવે ?

પૂજ્ય ભાઈશ્રી :- બહિરંગ વ્યવહાર અને નિશ્ચય બેય લઈ લેવા. ચોથા ગુણસ્થાને તો બંને એકસાથે જન્મે છે. એટલે બન્ને વિષયમાં એની ભૂલ નથી.

દર્શન, જ્ઞાન, ચારિત્રમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કર્તવ્ય, અકર્તવ્ય. એનો '(૩) **કર્તા...**' કરે આત્મા '**અને (૪) કર્મરૂપ વિભાગો...**' એટલા એના કાર્યો. વિભાગો એટલે શ્રદ્ધા અને નિશ્ચય અને વ્યવહાર બે છે ... એના '**અવલોકન વડે જેમને તીક્ષ્ણ ઉત્સાહ ઉલ્લસિત થાય છે...**' જેમનો પુરુષાર્થ છે એ ઉગ્ર થાય છે. કેમકે એનો વ્યવહાર પણ ચોખ્ખો છે, એનો નિશ્ચય પણ ચોખ્ખો છે. '**એવા તેઓ (પ્રાથમિક જીવો) ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે;...**' આગળ વધવા માટે એ મોહમલ્લને ઉખેડતા જાય છે. ચારિત્રમોહનો પણ એ નાશ કરતા જાય છે.

'**કદાચિત્ અજ્ઞાનને લીધે (સ્વસંવેદનજ્ઞાનના અભાવને લીધે)...**' અહીંયાં ઓલું અજ્ઞાન ન લેવું. મોક્ષમાર્ગમાં જે મંદ પુરુષાર્થને લઈને કાર્યની ક્ષતિ છે. મદ એટલે અહીંયાં અભિમાન ન લેવું પણ કષાય લેવો. '**(કષાય) અને પ્રમાદને વશ...**' કેમકે હજી ત્રણ ચોકડી ઊભી છે. પોતાને '**પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં...**' પોતાના આત્માને વિષે સ્થિરપણું છે એમાં શિથિલતા આવી જતાં '**પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે;...**' આગળ વધવા માટે પોતે પ્રયોગ કરે છે. ઉપવાસ કરે છે એ ખરેખર તો પ્રયોગ છે. જ્યારે જીવને જઠરાગ્નિનું વેદન થાય છે ત્યારે એ એનાથી ભિન્ન જ્ઞાનને આત્માના વેદનમાં રહેવા માટે પુરુષાર્થને ઉગ્ર કરે છે. એ ઉદીરણા કરે છે.

મુમુક્ષુ :- પ્રચંડ દંડનીતિ કેમ કહ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રચંડ દંડિનીતિનો પ્રયોગ કરે છે એટલે ઉદીરણા કરે છે એમ કહેવું છે. જુદા જુદા પ્રયોગથી ઉદીરણા કરે છે. પોતાની શિથિલતા તોડવા માટે પ્રચંડ પુરુષાર્થ કરે છે. પ્રમાદી થઈને પડ્યો રહેતો નથી, એમ કહે છે. કાંઈ નહિ, આપણે શાસ્ત્ર વાંચ્યા કરો ને, આપણે વિચાર કર્યા કરો ને. પોતાના સ્વરૂપની સ્થિરતામાં આવવા માટે વિશેષ વિશેષ પ્રયોગ કર્યા કરે છે.

મુમુક્ષુ :- બધા જ મુનિઓ કરતા હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્યપણે આગળ વધે છે એ તો કરે છે. જે નથી કરતા તે આગળ વધતા નથી. આગળ વધે છે એ તો પ્રયોગ (કરે છે). 'શ્રીમદ્જી' એ ખૂબ કર્યો હતો. વ્યાપાર છોડ્યો, પછી વનક્ષેત્રમાં ગયા હતા. ત્યાં પણ આહાર અને નિંદ્રા ઘટાડી. વસ્ત્ર પણ એક જ વસ્ત્ર પહેરતા. કારણ કે ચાર વસ્ત્ર પહેરે તો રોજ સાફ કરવા પડે. ઓલું પંચ્યું (પહેરે). આ પલાળીને સૂકવી નાખ્યું. જાવ. કાંઈ લપ નહિ પછી. એવી રીતે એ સહેજે વિકલ્પ આવે છે. એ જાતનો સ્વરૂપસ્થિરતામાં આવવા માટે વિકલ્પ આવે.

'**ફરી ફરીને (પોતાના આત્માને) દોષાનુસાર પ્રાયશ્ચિત્ત દેતા થકા તેઓ સતત ઉદ્યમવંત વર્તે છે;...**' શું આશય છે કહેવાનો ? કે પોતાના આત્માર્થને વધારવા માટેનો પુરુષાર્થ એનો સતત ચાલે છે. સારી રીતે સતત જાગૃત થઈને પોતે પુરુષાર્થમાં પ્રવૃત્તિ કરે છે. '**વળી, ભિન્ન વિષયવાળા શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે...**' જે વ્યવહાર શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર છે એના દ્વારા '**જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે એવા ભિન્ન સાધ્યસાધનભાવવાળા પોતાના આત્માને વિષે...**' દૃષ્ટાંત લીધું છે. '**થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને,...**'

'**ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા, નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક.**' આત્માને ધોવે છે એમ કહે છે. એટલે શું કરે છે ? કે વ્યવહાર શ્રદ્ધાન દ્વારા નવ પદાર્થનું શ્રદ્ધાન કરે છે, અંગ પૂર્વનું અધ્યયન કરે છે અને વ્યવહારચારિત્રનો વિષય જે આચાર આદિ સૂત્રપ્રતિ... મુનિના આચારો છે એમાં પાળવામાં પ્રવૃત્તિ લગાવે છે. એને મુનિ થવું છે ને ? દીક્ષા લીધી છે, કરે છે, .. કરે છે, ગૃહસ્થીનો ત્યાગ કરે છે, વ્યવસાયનો ત્યાગ કરે છે.

તેમ '**તે જ પોતાના આત્માને...**' એ બહારનું કહ્યું. હવે અંદરમાં શું કરે છે ? બહારમાં આ પ્રમાણે કરે છે તો અંદરમાં શું કરે છે. '**તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્ન સાધ્યસાધનભાવના અભાવે લીધે, દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે,...**' જેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા છે. ભિન્ન સાધનસાધ્યભાવનો એમાં

અભાવ છે. એટલે રાગનો એમાં અભાવ છે. વ્યવહાર સંબંધીના રાગનો પણ અભાવ છે એમ લેવું છે. અને સમાહિત કહીને અભેદપણું લેવું છે. સમાહિતપણાનો અર્થ જ અભેદ કર્યો છે. '**(અભેદપણું) જેનું રૂપ છે, સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે..**' બહારની કોઈ પછી એમાં મન-વચન-કાયાની ચેષ્ટાનો આડંબર એમાં નથી. કેમકે એ જીવના અંતર્મુખી પરિણામ છે. વીતરાગી પરિણામ છે એ જીવના અંતર્મુખી પરિણામ છે.

મુમુક્ષુ :- ઉપર પ્રયોગ કીધો, અહીંયાં આડંબર કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- ના. એનો નિશ્ચયમાં આડંબર નથી એમ કહે છે. વ્યવહારનો દેખાવ થાય છે. નિશ્ચયનો દેખાવ થતો નથી. ... મુનિ યોગ્ય ઈર્યા સમિતિને પાળતા થકા ગમન કરતા દેખાય. તો એનો વ્યવહાર છે. પણ એ વખતે ઈ કઈ સેકંડે નિર્વિકલ્પ થયા, શું ખબર પડે ? એની નિશ્ચય પરિણતિ કેમ દેખાય ? અથવા એ દ્રવ્યલિંગી છે કે એ ભાવલિંગી છે એ કેમ ખબર પડે ? એને કોઈ આડંબર નથી.

'**જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે...**' કેવા છે ? જે સ્થિર થઈને પરમ ચૈતન્યમાં વિશ્રાંત પામેલા છે. સ્થિર થઈ ગયેલા છે. રમણતા કરી રહ્યા છે. '**તથા જે નિર્ભર આનંદથી સમૃદ્ધ છે...**' સારી રીતે ભરેલો જેનો આનંદ છે એને નિર્ભર કહે છે. આનંદથી ભરપૂર જેનું પરિણમન છે અને એવા પરિણમનથી જેની સમૃદ્ધિ છે. બહારમાં પૈસા, મોટર, ગાડી, બંગલા હોય તો અને સમૃદ્ધિ કહે છે. અહીં આનંદની સમૃદ્ધિ છે. મુનિરાજને આનંદની સમૃદ્ધિ છે. '**એવા ભગવાન આત્મામાં વિશ્રાંતિ રચતા થકા...**' સમૃદ્ધ છે જે પોતાના ભગવાન આત્મામાં વિશ્રાંતિ રચતા થકા. એનો અર્થ કૌંસમાં કર્યો છે કે, '**(અર્થાત્ દર્શનજ્ઞાનચારિત્રના ઐક્યસ્વરૂપ, નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી...**' નિસ્તરંગનો અર્થ વિકલ્પનો અભાવ કર્યો છે. વિકલ્પની ચંચળતા છે ને ? '**નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી તથા ભરપૂર-આનંદયુક્ત એવા ભગવાન આત્મામાં પોતાને સ્થિર કરતા થકા), ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી...**' એ મુનિરાજને પછી સમભાવ, વીતરાગભાવ, વિશેષ વિશેષ સમ્યક્ પ્રકારે વધી વધીને ઉત્પન્ન થતો જતો હોવાથી '**પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી...**' છેલ્લી હદનો. સંપૂર્ણ વીતરાગભાવને પ્રાપ્ત

કરી અને તે **'સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.'** કેમકે વીતરાગ થઈને ભવસાગરને તરે એટલે મોક્ષને પામે. એ વાત એમણે ફરી ફરી કહી આમાંથી. હવે તો લાભવૃત્તિ...

આમ કરવા જતા કોઈ જીવ વ્યવહારાભાસમાં આવી જાય છે એને નિશ્ચય હોતો નથી. કેવળ વ્યવહારને અવલંબીને પ્રવૃત્તિ કરે છે. એને નિશ્ચયની ખબર નથી. અથવા તો જે વખતે મંદ કષાયની શાંતિ થાય એને એ નિશ્ચય માને છે અને પોતાની દૃષ્ટિ-જ્ઞાન-ચારિત્રના બાહ્ય વ્યવહારને એ મોક્ષમાર્ગ માને છે. એવી ભૂલ કોઈ કરે છે એને અહીંયાં દેખાડે છે. એ ભૂલ ક્યાં સુધી થાય ? કે મુનિયોગ્ય ઊંચામાં ઊંચી કોટીનો જે વ્યવહાર છે એ વ્યવહાર પાળતો હોય તોપણ એવી ભૂલ થવાની સંભાવના છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- હવે અજ્ઞાનીનું પ્રકરણ લેશે ?

પૂજ્ય ભાઈશ્રી : હા. અજ્ઞાનીનું પણ અજ્ઞાનીમાં દ્રવ્યલિંગી મુનિનું. છેલ્લી હદ સુધી જેનો વ્યવહાર ચોખ્ખો દેખાય છે. છતાં જે મોક્ષને નહિ પામે. કેમકે તે મોક્ષમાર્ગથી શૂન્ય છે. વ્યવહાર રત્નત્રય હોવા છતાં તે યથાર્થ નથી. આગમ અનુસાર યથાર્થ હોવા છતાં અભ્યાસને અનુસાર યથાર્થ નથી. ઠીક ! આગમ અનુસાર યથાર્થ છે. આગમ અનુસાર શાસ્ત્ર બરાબર વાંચે તો એમ થાય કે કાંઈ ભૂલ નથી, હોં ! બધા આગમ બરાબર આવે છે, બધી વાત બરાબર આવે છે. ક્યાંય ભૂલ નથી થતી. પણ એને એમ લાગે કે બહુ સરસ, બહુ સરસ. એમ નથી ચાલે એવું. સિદ્ધાંત જ્ઞાનનું અધ્યયન થઈને બરાબર આગમ અનુસાર સિદ્ધાંતની સમજણ હોય તોપણ તેમાં અયથાર્થતા હોવાનો સંભવ છે. અને એ પ્રાયઃ શાસ્ત્રીય અભિનિવેશને ઉત્પન્ન કરે છે. અભિપ્રાય વિરુદ્ધતા છે અહીંયાં. અભિપ્રાય વિરુદ્ધતા છે.

જેમકે એમ કહે કે, રાગથી ધર્મ થતો નથી. છતાં પોતે વ્યવહારરત્નત્રયના રાગમાં અંદરમાં અભિપ્રાયમાં લાભ જાણીને પ્રવર્તે છે કે મેં આ કાંઈક સારું કર્યું. મને લાભ થઈ ગયો. પરદ્રવ્યથી લાભ નથી. અંદર (સમજણ) ચોખ્ખી આગમ અનુસાર છે, પરદ્રવ્યથી આ આત્માને લાભ નથી. છતાં અભિપ્રાયમાં (એમ છે કે) ભગવાનની વાણી સાંભળવા મળે તો મને લાભ થાય. ઠીક ! શ્રીગુરુ આવી સરસ વાત કરતા હોય તો એવી વાત સાંભળીને મને સાંભળવાનો લાભ મળ્યો. કંઈક લાભ માન્યો

એવી રીતે. અભિપ્રાયની અંદર એણે લાભ સ્વીકારી લીધો. અભિપ્રાયની ભૂલ હોવાને લીધે આગમ અનુસાર સમજણ બરાબર હોવા છતાં તેમાં અભિપ્રાયની ભૂલના કારણે યથાર્થતા રહેતી નથી. અયથાર્થતા રહી જાય છે. અને તે સમજણ શાસ્ત્રીય અભિનિવેશને ઉત્પન્ન કરી દે છે. લગભગ તો. કોઈ બચી જાય, બીજી વાત છે. પ્રાયઃ તો એ શાસ્ત્રીય અભિનિવેશને ઉત્પન્ન કરી દે છે.

શું કહે છે ? કે '**પરંતુ જેઓ કેવળવ્યવહારાવલંબી (કેવળ વ્યવહારને અવલંબનારા) છે...**' એટલે કેવળ રાગને અવલંબનારા છે. એમ કહેવું છે. વ્યવહાર એટલે અહીંયાં રાગ. વ્યવહારનયના વિષયભૂત પરિણામ એને સંક્ષેપમાં વ્યવહાર કહે છે. એ કેવળ રાગને અવલંબનારા છે. શુભભાવ થયો. એટલો લાભ થયો કે ન થયો ?

મુમુક્ષુ :- અભિપ્રાય...

પૂજ્ય ભાઈશ્રી :- એ કેવળ રાગને અવલંબનારા. આત્મા રહી ગયો. આખો આત્મા પડ્યો રહ્યો અને કેવળ રાગનું અવલંબન એણે લીધું છે.

મુમુક્ષુ :- આ અભિપ્રાયમાં આવ્યું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અભિપ્રાયની ભૂલ છે. હવે એ લઈશું એટલે ઘણી જગ્યાએ પકડાશે. સમજ્યા ? એ વિષય લેતા જઈશું. જ્યાં જ્યાં એ અભિપ્રાય ગડબડ કરે છે, ત્યાં ધ્યાન ખેંચતા જઈશું. એટલે વિષય ચોખ્ખો થતો જાય.

મુમુક્ષુ :- આ અભિપ્રાય છૂપો ચોર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર છૂપો. છૂપો એટલે કેવો છૂપો. ભયંકર. પીઠ પાછળ છરો ભોંકે છે. એ છરો દેખાય નહિ. પીઠ પાછળ મારે. બીજે કોઈ મારે તો માણસ બચવાનો પ્રયત્ન કરે કે ખસી જાય, કે આગળ કોઈ વ્યક્તિને ધરી દે. પણ પાછળ શું કરે ? આ એવું છે. એટલે અભિપ્રાયની ભૂલ તો બરાબર ધ્યાન દઈને સમજવા જેવી છે.

પહેલોવહેલો અભિપ્રાય ત્યાં ફરે છે, લ્યો ! આત્મા વિષેનો અભિપ્રાય. આત્મા વિષેનો અભિપ્રાય. આ એક સમ્મુચય વાત લઈએ કે મિથ્યાત્વ દશામાં આત્મા વિષેનો અભિપ્રાય કર્મજનિત પર્યાયસ્વરૂપ પોતે છે. કર્મજનિત એટલે શું ? અત્યારે મનુષ્ય થયો છે, પુરુષ કે સ્ત્રી થયો છે. જેટલા જેટલા એમને કર્મસંયોગો મા-બાપ, બીજા જેટલા સંબંધો, કુટુંબ, પરિવાર, સગા, સંબંધીઓ, એને ઘર, મકાન, આબરૂ એ બધા

જેટલા કર્મોદય જનિત પ્રસંગો છે એ બધા વાળો હું છું. એવો એક અભિપ્રાયને લઈને જીવ સંસારમાં રાગી, દ્વેષી, મોહી, મિથ્યાત્વી અને અજ્ઞાની થાય છે. પહેલોવહેલો એ અભિપ્રાય એનો ક્યારે બદલાય છે ? કે જ્યારે એને સીધો જ્ઞાન દર્શન દ્વારા જ્ઞાનસ્વભાવી પોતે પ્રતિભાસે ત્યારે. સીધો પ્રતિભાસ આવે. જ્ઞાનથી જ્ઞાનનો સીધો પ્રતિભાસ આવે. જ્ઞાનના આધારે આવે ત્યારે હું જ્ઞાનસ્વભાવી છું, એક પણ ઉદય મારો નથી. બધા ઉદયને અભિપ્રાયમાં ખંખેરી નાખે. પહેલા અભિપ્રાયમાં ફેર પડે. પછી એ અભિપ્રાયની કેળવણી પરિણામની શરૂ થઈને એ જ પ્રકારનો જેવો અભિપ્રાય થયો છે એવો જ અનુભવ થાશે. પણ કેળવાયને. પરિણામ કેળવાયને. આ અભિપ્રાયની દૃષ્ટિએ કેવી રીતે કાર્ય શરૂ થાય છે અને પ્રાપ્તિ થાય છે એટલી વાત છે.

શું કહે છે ? કે કેવળ રાગને અવલંબનારા છે. વ્યવહાર અવલંબી એટલે કેવળ રાગને અવલંબનારા છે. પછી કોઈ ક્રિયાને અવલંબશે. એને ક્રિયા નહિ થાય તો હખ નહિ પડે. .. .. બધો અર્ઘ વપરાય ગયો. આજે અર્ઘ ન ચડાવાણો. આજે ભગવાનને અર્ઘ ન ચડાવાણો. આજે અર્ઘ રહી ગયો, અર્ઘ રહી ગયો. એ એને ક્રિયા ન થાય તોપણ પછી એને હખ નહીં પડે. કેમકે ક્રિયાને અવલંબે છે. આ મેં કર્યું, અર્ઘ મેં ચડાવ્યો, અર્ઘ મેં ચડાવ્યો. રાગને અવલંબે તે રાગ અનુસારી મન-વચન-કાયાની ક્રિયાને પણ અવલંબે.

**'તેઓ ખરેખર ભિન્ન સાધ્યસાધનભાવના અવલોકન વડે નિરંતર અત્યંત ખેદ પામતા થકા,...'** અવલોકન એટલે અનુભવ અહીંયાં લેવો. જ્યાં સાધ્ય અને સાધક ભિન્ન કહેવામાં આવે છે ત્યાં. ત્યાં સત્યાર્થ નિરૂપણ નથી પણ વ્યવહાર દ્વારા ઉપચરિત નિરૂપણ કર્યું છે એમ સમજવું જોઈએ. Footnote કરી છે. **'કેવળવ્યવહારાલંબી જીવો આ વાતને ઊંડાણથી નહિ શ્રદ્ધતા થકા અર્થાત્ 'ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુદ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે' એવી શ્રદ્ધા ઊંડાણમાં સેવતા થકા નિરંતર અત્યંત ખેદ પામે છે.'** એને ક્લેશ થાય છે એમ કહે છે. અવલંબે ત્યારે ક્લેશ થાય છે અને એ એ ક્રિયા ન થઈ શકે ત્યારે પણ એને ક્લેશ જ થાય છે.

**'અત્યંત ખેદ પામતા થકા, (૧) ફરી ફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી,...'** શું કરે છે ?

ધર્માદિ એટલે છ દ્રવ્યો : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય અને નવ તત્ત્વની શ્રદ્ધાનભૂત અધ્યવસાનમાં. એની શ્રદ્ધા હું કરું વારંવાર. છ દ્રવ્ય અને નવ તત્ત્વની શ્રદ્ધા કરું. એમાં એનું ચિત્ત શ્રદ્ધા અપેક્ષાએ પરિણમે છે. '(૨) **પુષ્કળ શ્રુતના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઊઠતા વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે...**' દ્રવ્યશ્રુત. શાસ્ત્ર બહુ વાંચે. શું કરે ? ઘણા શાસ્ત્ર વાંચીને એ શાસ્ત્રો વાંચવાની વખતે અનેક પ્રકારના વિકલ્પોની જાળ ઉત્પન્ન થાય છે. તેના વડે '**તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી...**' વિકલ્પો વધવા માંડે. ઘણા વિકલ્પો વધે, ઘણું વાંચે, ઘણું સાંભળે અને ઘણા વિકલ્પો વધે.

એવી પરિસ્થિતિ ઉત્પન્ન થતી હોવાથી '**અને (૩) સમસ્ત યતિ-આચારના સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં તેઓ અચલિત રહેતા હોવાથી,...**' તપાચાર. દર્શનાચાર લીધો, જ્ઞાનાચાર લીધો અને હવે તપાચાર લે છે. '**સમસ્ત યતિ-આચારના...**' એટલે મુનિયોગ્ય આચારના સમુદાયરૂપ તત્ત્વમાં... એમાં મુનિઓને લાયક તપશ્ચર્યા અંગીકાર કરે છે. તેમાં પ્રવૃત્તિરૂપ કર્મકાંડ. એની પ્રવૃત્તિરૂપ જે કર્મકાંડ છે એની ધમાલમાં તેઓ રહ્યા કરે. આ કરવું, આ કર્યું, પછી આ કરે, આ કર્યું, પછી આ પૂરું કર્યું, આ પૂરું કર્યું. આ અનુષ્ઠાન કર્યા પછી અને આ અનુષ્ઠાન ને આ અનુષ્ઠાન પછી આ અનુષ્ઠાન. એ ક્રિયાકાંડની ધમાલમાંથી નવરા પડતા નથી. કરે પણ શું નવરા થઈને ? મુનિ થઈ ગયા હોય. વેપાર, ધંધા ને બૈરા છોકરા તો રહ્યા નથી. પછી આ અનુષ્ઠાનમાં પડી જાય. આ કરો અને તે કરો, વિધિ ને વિધાન, અનુષ્ઠાન, બીજું, ત્રીજું ને ધમાલમાં કર્મકાંડમાંથી ઊંચા આવતા નથી.

'(૧) **ક્યારેક કાંઈકની (કોઈક બાબતની) રુચિ કરે છે, (૨) ક્યારેક કાંઈકના (કોઈક બાબતના) વિકલ્પ કરે છે અને (૩) ક્યારેક કાંઈક આચરણ કરે છે;...**' એટલે કે '**દર્શનાચરણ માટે તેઓ કદાચિત્ પ્રશમિત થાય છે,..**' શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા છે ને ? એ દર્શનાચારના લક્ષણ લીધા છે. એ દર્શનચારમાં તે ક્યારેક પ્રશમિત થાય છે. એટલે શાંત... શાંત... શાંત... શાંત... શાંત... શાંત... એવી શાંતિ રાખે. બોલવું પણ શાંતિથી. બધું શાંતિ, એકદમ શાંતિ જોઈએ. ક્યારેક એવું કરે છે.

'**કદાચિત્ સંવેગ પામે છે,...**' આત્માનું જલ્દી આત્મહિત કરી નાખવું. એકદમ મોક્ષની પ્રાપ્તિ કરવી છે. આત્મકલ્યાણનું એક જ કામ કરવું છે. વેગ. '**કદાચિત્ સંવેગ પામે છે, કદાચિત્ અનુકંપિત થાય છે,...**' અનેક બાહ્ય .. જીવોની રક્ષા માટે અનુકંપિત થાય છે. એનો ઉપદેશ કરે છે. '**કદાચિત્ આસ્તિક્યને ધારે છે,...**' શ્રદ્ધા. દેવ-ગુરુ-શાસ્ત્રની, છ દ્રવ્યની, નવ તત્ત્વની શ્રદ્ધાને ધારે છે. પછી '**શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદષ્ટિતા...**' આદિ આઠ અંગ. એની વિરુદ્ધ. સમ્યગ્દષ્ટિના જે આઠ ગુણ છે એના અભાવમાં આઠ અવગુણ છે. નિઃશંકતાની સામે શંકા, આકાંક્ષા. નિઃકાંક્ષિતની સામે આકાંક્ષા. એવી રીતે નિર્વિચિકિત્સાની સામે વિચિકિત્સા. મૂઢદષ્ટિ. અમૂઢદષ્ટિની સામે મૂઢદષ્ટિ વગેરે. તેના '**ઉત્થાનને અટકાવવા...**' એ દોષને ટાળવા માટે એવા પરિણામ ટાળવા અર્થે '**નિત્ય કટિબદ્ધ રહે છે,...**' કેમકે સમ્યગ્દર્શનના .. પાળવો જોઈએ ને ? એના માટે પણ બહુ તૈયારી કટિબદ્ધ રહે છે, જાગૃત રહે છે.

'**ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના...**' બીજા ચાર લીધા. ચાર ને ચાર આઠ છે ને ? ઉપબૃંહણ-ઉપગૂહન કરો એટલે બીજાના દોષને ઢાંકવા, પોતાની મોટાઈને ઢાંકવી. '**સ્થિતિકરણ,...**' બીજાને પણ મોક્ષમાર્ગમાં લાવવા. બીજાને મોક્ષમાર્ગમાં લાવે. તમે આ કરો. આ માર્ગમાં આવવા જેવું છે, આ માર્ગ ઊંચો છે. આ માર્ગ કરો. તમને આત્માનું કલ્યાણ થાશે. ..... રાગ કર્યા કરે છે. અનેક પ્રકારનો રાગ કરે છે એમાં આવા આવા રાગ કરે છે. ... રાગ સારો નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- અહીં તો ઉપગૂહન આવ્યું. પોતાના ગુણ પ્રગટ કરવા અને બીજાના દોષને..

પૂજ્ય ભાઈશ્રી :- ઢાંકવા.

મુમુક્ષુ :- બીજાના દોષ પ્રગટ કરવા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ઊલટું છે. પણ અહીંયાં સ્થિતિકરણ, વાત્સલ્ય પ્રભાવનાનો ઉત્સાહ વધારે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... એ સવળો રાગ છે. એ બધા દર્શનાચાર લીધા. એ બધા દર્શનાચાર-શ્રદ્ધાના આધાર લીધા.

હવે '**જ્ઞાનાચરણ માટે**' એમ કહે છે. '**સ્વાધ્યાયકાળને અવલોકે છે,...**' સ્વાધ્યાયકાળે જ સ્વાધ્યાય કરે. અકાળે સ્વાધ્યાય ન કરે.

મુમુક્ષુ :- અકાળ ક્યો કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- અકાળમાં તો.. સામાન્ય રીતે તો જે પરમાગમો છે એના માટે એવા સવાર, બપોર અને સાંજ એના સ્વકાળ... અડધી રાતે ઊભો થઈને સીધો પરમાગમ લઈને બેસી જાય ... પરમાગમ વાંચે.. એવી રીતે (નહિ).

મુમુક્ષુ :- પ્રવચનના ટાઈમે, શ્રી ગુરુ પ્રવચન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યારે પણ આ ...ના કાળમાં પરમાગમ ... પછી એ ઘરમાં એવા બનાવો બન્યા હોય. સૂતક જેને કહે છે. સૂતકના કાળમાં પરમાગમનો સ્વાધ્યાય ન કરાય.

'**સ્વાધ્યાયકાળને અવલોકે છે, બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે,...**' દેવ-ગુરુ-શાસ્ત્ર, સાધર્મી .. '**દુર્ધર ઉપધાન કરે છે, સારી રીતે બહુમાનને પ્રસારે છે, નિહ્નવદોષને અત્યંત નિવારે છે,...**' નિહ્નવદોષ એટલે શું ? પોતાના ગુરુ પાસેથી વિદ્યા મળી હોય એને ગોપવવી નહિ. ગોપવે તેને નિહ્નવ કહે છે. નિહ્નવ એટલે ચોરી. ગુરુ પાસેથી શીખ્યો હોવા છતાં મને ખબર પડે છે, ... હું આમ કહું છું. ગુરુનો ક્યાંય ઉલ્લેખ ન કરે. જેની પાસેથી એને જ્ઞાન મળ્યું હોય એનો ઉલ્લેખ ન કરે, એનું બહુમાન ન કરે તો નિહ્નવ દોષ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ગુરુનું નામ છૂપાવે.

પૂજ્ય ભાઈશ્રી :- નામ છૂપાવે.

'**અર્થ, વ્યંજન અને તદુભયની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે;...**' શબ્દાર્થ અને ભાવાર્થ. એ બંનેની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે. શાસ્ત્ર વાંચતી વખતે. એ બધા જ્ઞાનાચાર લીધા. '**ચારિત્રાચરણ માટે હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહની સર્વવિરતિરૂપ...**' એ બધાનો સર્વ ત્યાગ. સર્વ વિરતી એટલે હિંસાનો ત્યાગ કરે, અસત્યનો ત્યાગ કરે, ચોરીનો ત્યાગ કરે, અબ્રહ્મચર્યનો ત્યાગ કરે અને પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે. .. છે ને ? '**પંચ મહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે,...**' એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ રીતે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પંચ મહાવ્રત છે.

તે '**પંચ મહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે, સમ્યક્ યોગનિગ્રહ**

**જેનું લક્ષણ છે...**' મન, વચન, કાયાના યોગ એનો નિરોધ કરવો. યોગનો નિરોધ કરવો જેનું લક્ષણ છે. '**એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે,...**' એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ એટલે સાવધાન રહે છે. આ ત્રણ વૃત્તિમાં સાવધાન રહે છે. '**ઈર્યા, ભાષા, એષણા, આદાનિક્ષેપ અને ઉત્સર્ગરૂપ સમિતિ...**' પાંચ સમિતિ. એવા '**પ્રયત્નને અત્યંત જોડે છે;...**' બહુ જ યત્નથી સમિતિમાં પ્રવર્તે છે. બાહ્ય પ્રવૃત્તિ છે ને ? એમાં યત્નાથી પ્રવર્તે છે. એ થયા ચારિત્રના આચરણ.

હવે તપાચાર કહે છે. '**તપાચરણ માટે અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશમાં સતત ઉત્સાહિત રહે છે,...**' છ બાહ્ય તપ છે ને ? પછી છ અંતરંગ તપ કહેશે કે '**પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાન...**' એ બધાનો સમૂહ છે, સામગ્રી '**પરિકર વડે નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે;...**' તપાચાર. અને વીર્યાચાર. દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. પંચાચાર લીધા. અને '**વીર્યાચરણ માટે કર્મકાંડમાં સર્વ શક્તિ વડે વ્યાપૃત રહે છે.**' વ્યાપૃત એટલે ગૂંથાયેલો, રોકાયેલો, મશગુલ રહે છે.

'**આમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે...**' શું કહે છે ? ઓલામાં કર્મચેતનાને ઉપાદેય ગણી હતી. એ .. .. અહીં શું લીધું ? '**તોપણ શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે...**' અને અશુભ કર્મપ્રવૃત્તિને અત્યંત નિવારી છે. વાંચ્યું હોય તો બધું. પણ હવે ગુરુ વગર જ્ઞાન નથી એ આનું નામ છે. જ્ઞાની જે છે એનું ધ્યાન પડે એ બધાનું ધ્યાન પડે નહિ.

મુમુક્ષુ :- શબ્દોને પકડીને અર્થ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ચોખ્ખું છે કે અશુભને નિવારી, શુભકર્મની પ્રવૃત્તિમાં કર્મચેતના પ્રધાનપણે બરાબર ગ્રહણ કરે છે. સાવધાન થઈને લીધું. પંચાચારને સાવધાન થઈને.

'**એવા તેઓ, સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરાપણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' કર્મચેતનાને બરાબર ગ્રહણ કરે છે અને જ્ઞાનચેતનાને બિલકુલ ઉત્પન્ન કરી શકતા નથી. એમ કહેવું છે. '**સકળ**

**ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરાપણ નહિ ઉત્પન્ન કરતા થકા, પુષ્કળ પુણ્યના ભારથી મંથર થઈ ગયેલી ચિત્તવૃતિવાળા વર્તતા થકા,...**' ઘણું પુણ્ય બાંધે છે. અને ઘણા પુણ્યના ભારથી કેવા થઈ ગયા છે ? જડ જેવા થઈ ગયા છે. મંથર શબ્દ અહીંયા વાપર્યો છે. જડ જેવા થઈ ગયા છે. એવી ચિત્તવૃત્તિવાળા વર્તતા થકા.

મુમુક્ષુ :- આ બરાબર સમજાવોને.

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્ય વધી જાય ને એટલે તીવ્ર પુણ્યના ઉત્સાહમાં અને હોંશમાં એવા જાય, એવા વર્તે, એવા વર્તે, એવા વર્તે કે આત્મા અને આત્માના જ્ઞાનદર્શનચારિત્ર અને વીતરાગતા શું છે એ બાબતમાં સાવ જડ જેવા થઈ જાય. એનો દૃષ્ટાંત લેવો હોય તો દ્રવ્યલિંગી તો અત્યારે કોઈ નથી, પણ સંપ્રદાયની અંદર અત્યારે દોટ મૂકીને જે ક્રિયાઓ કરવામાં આવે છે...

મુમુક્ષુ :- મશગુલ થઈ જાય. આત્મા ખોવાઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એટલો ત્યાગ કરે, એટલા તપ કરે, એટલા અનુષ્ઠાન કરે, ધમાલ, ધમાલ ને ધમાલ કરે. જરાય વિચાર ન કરે પણ આમાં દર્શનજ્ઞાનચારિત્ર આત્માનું કલ્યાણ અને વીતરાગતા ક્યાં આવી ? એ બાબતમાં તો આંખો મીંચી જાય. જેમ જડને વિવેક નથી, એવી જડવૃત્તિ થઈ ગઈ. જડને વિવેક નથી. એવી રીતે એ શુભઆચરણમાં પ્રવર્તતા હોવા છતાં પણ ખરેખર મંથર થઈ ગયા છે. જડવૃત્તિવાળા તત્ત્વ છે.

'**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે.**' જાશે. પુણ્યના ફળમાં ક્યાં જાશે ? આયુષ્ય પૂરું કરીને દેવલોકમાં જાશે. અને '**ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે.**' પરિભ્રમણ કરશે. અહીંથી જાય ૩૧ સાગરની સ્થિતિએ જાય. નવમી ગ્રૈવેયકે. ત્યાંથી ચવીને એકેન્દ્રિયમાં જાય સીધો પાછો. ક્યાં જાય ? એવી પરિસ્થિતિમાં '**ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે.**' ઘણું શુભ ઉત્પન્ન કરે, એ શુભને ભોગવીને ઘણું અશુભ ઉપાર્જન કરે પાછો. એકેન્દ્રિયમાં જાય. એ અશુભના ફળમાં જાય, શુભના ફળમાં ન જાય.

શુભ અને અશુભ બંને સગા ભાઈ છે. કેવા ? જોડિયા ભાઈ છે. સાથે જન્મે છે. જોડિયા હોય એ સાથે જન્મેને ? એ સાથે જ જન્મે. એકલું શુભ હોય નહિ, એકલું અશુભ હોય નહિ. પછી શુભ છે એ

અશુભને તેડતો આવે. કે મારી આંગળીએ આ તો આવશે જ, હોં ! મારો ભાઈ છે એ મારાથી જુદો નહિ પડે. એ એને સાથે સાથે તેડતો જ આવે. છૂટો ન રાખે. જેવા એણે પુણ્ય બાંધ્યા અને ફળ ભોગવવા આવ્યો કે સીધો અશુભ શરૂ થઈ જાય. કેમકે અસંગ તત્ત્વની દૃષ્ટિ થઈ નહિ. અને શુભથી ભિન્નપણું તો રહ્યું નહિ. પછી એ શુભના ફળ આવશે તો એનું ભિન્નપણું ક્યાંથી રહેશે ? ટૂંકમાં એવો લપેટ થઈ જશે કે એકેન્દ્રિય આદિમાં ચાલ્યો જશે.

**'એ ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે.'** એમાં એનું સંસ્કૃત એવું છે. **'सुरलोकादिक्लेशप्राप्तिपरम्परया सुचिरं संसारसागरे भममन्तीति।'** સુચિર કાળ પર્યંત. સુરલોક આદિ ક્લેશમાં. દેવલોકના ક્લેશને પ્રાપ્ત કરીને એ દુઃખી થવાનો. કેમકે ત્યાં શેરની માથે સવાશેર હોય. ઊંચા પુણ્યવાળા હોય. એટલે એને ઈર્ષ્યા... ઈર્ષ્યા... ઈર્ષ્યા... આ મારે નથી. પુણ્ય હોય નહિ એટલે મળે નહિ પાછું. મેળવવાનો ભાવ થાય પણ એને પુણ્ય હોય નહિ એટલે મળે નહિ. પછી એકલો... એનું ઉદ્ધરણ લીધું છે.

**'चरणकरणप्रधानाः स्वसमयपरमार्थमुक्तव्यापाराः। चरणकरणस्य सारं निश्चयशुद्धं न जानन्ति।।'** **'અર્થાત્ જેઓ ચરણપરિણામપ્રધાન છે...'** આચરણની જેને પ્રધાનતા છે. અને જગતમાં બધા એ જ કહે. પણ આચરણ તો લાવો, આચરણ તો લાવો. કહે ના. આચરણ ન લાવો. પહેલા શ્રદ્ધા-જ્ઞાન લાવો. **'ચરણપરિણામપ્રધાન છે અને સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે,...'** આત્માના અંતર્મુખના વ્યાપારરહિત છે. **'તેઓ ચરણપરિણામનો સાર જે નિશ્ચયશુદ્ધ (આત્મા) તેને જાણતા નથી.'**

**'શ્રી જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ-ટીકામાં વ્યવહાર-એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે : જે કોઈ જીવો વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવવાળા શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ...'** એટલે એથી છૂટીને, એની અપેક્ષા વગરના. **'કેવળ શુભાનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને છે, તેઓ તેના વડે દેવલોકાદિના ક્લેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમણ કરે છે; પરંતુ જો શુદ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને માને અને નિશ્ચયમોક્ષમાર્ગનું અનુષ્ઠાન કરવાની શક્તિના અભાવને**

**લીધે નિશ્ચયસાધક શુભાનુષ્ઠાન કરે, તો તેઓ સરાગ સમ્યગ્દષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.**' નિશ્ચય હોવાને લીધે. ઓલા તો મોક્ષને પામવાના જ નથી એ તો સંસારમાં જ પરિભ્રમણ કરશે, એમ કહે છે. **'આ વ્યવહારએકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યા.'**

**'અહીં જે 'સરાગ સમ્યગ્દષ્ટિ' જીવો કહ્યા તે જીવોને સમ્યગ્દર્શન તો યથાર્થ જ પ્રગટ્યું છે પરંતુ ચારિત્ર-અપેક્ષાએ તેમને મુખ્યપણે રાગ હયાત હોવાથી તેમને 'સરાગ સમ્યગ્દષ્ટિ' કહ્યા છે...'** સમ્યગ્દર્શન છે અને સરાગપણું પણ છે. એટલે નિર્વિકલ્પ અનુભૂતિનો કાળ નથી. સવિકલ્પ દશાના કાળને સરાગ સમ્યગ્દર્શન કહ્યું છે. એમ સમજવું. **'વળી તેમને જે શુભ અનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જ 'નિશ્ચયસાધક (નિશ્ચયના સાધનભૂત)' કહેવામાં આવ્યું છે એમ સમજવું.'** ઉપચારથી એટલે વ્યવહારથી એને નિશ્ચયસાધક કહ્યું છે. ખરેખર તે નિશ્ચયસાધક નથી. એ તો બંધ સાધક છે. એમ સમજવું. આ વ્યવહારભાસની વાત કરી. પંચાચારને પાળે તોપણ કર્મચેતનાપ્રધાનપણાને લીધે અને જ્ઞાનચેતનાનો સર્વાંશે અભાવ હોવાને લીધે તેનું બધું કરેલું સંસાર અર્થે છે અને મોક્ષ અર્થે કાંઈ પણ નથી. આ ચોખ્ખું કહ્યું. સાવ સાફ વાત કરી નાખી છે.

મુમુક્ષુ :- આટલું આટલું કરવા છતાં તેને વ્યવહાર ન કીધો પણ વ્યવહારાભાસી કીધા.

પૂજ્ય ભાઈશ્રી :- એ વ્યવહારાભાસી છે. કેમકે નિશ્ચય નથી માટે. તે વ્યવહારી છે એમ ન કહ્યું પણ વ્યવહારાભાસી છે એમ કહ્યું. આભાસ છે. વ્યવહાર ખરેખર નથી ત્યાં. સાચા અભિપ્રાયપૂર્વકનો વ્યવહાર નથી. ખોટા અભિપ્રાયપૂર્વકનો વ્યવહાર છે. આ કરું છે તે બરાબર છે, આ કરું છું એનાથી મને લાભ છે. કર્મચેતનાપ્રધાનમાં એમાં લાભ માન્યા વગર રહે નહિ. પ્રશસ્ત શુભ છે એનાથી લાભ માનવો. અપ્રશસ્ત શુભથી લાભ ન માનવો. કેમકે પ્રશસ્ત શુભ છે એ દેવ-ગુરુ-શાસ્ત્રનું સાન્નિધ્યપણું કરાવે છે. ઠીક ! છેવટે આગળ પણ કોઈ છળ પકડીને, બહાનું પકડીને રાગની ઉપાદેયતાને જીવ છોડી શકતો નથી. તેને વીતરાગતાનો કોઈ અંશ પણ ઉત્પન્ન થઈ શકતો નથી. આમ બને છે. કોઈ વીતરાગતાનો અંશ એને ઉત્પન્ન નથી થતો. ચોથા ગુણસ્થાન... એવી વાત છે.

મુમુક્ષુ :- આ જે ચારિત્ર પરિણામ છે એનો સાર નિશ્ચય શુદ્ધાત્માને કહ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચારિત્ર આચરણનો સાર નિશ્ચય શુદ્ધાત્મા છે. ચરણ પરિણામનો સાર તો નિશ્ચય શુદ્ધાત્મા જ છે. અને એ ચરણ પરિણામ તો બધા કરે છે. મુનિયોગ્યના આચરણ. અને એના સારને તો અડતો પણ નથી. એને ખબર પણ નથી. ક્યાંથી પામે ? એ સાર રહિત ચરણ પરિણામ છે. કેવા પરિણામ છે ? સાર રહિત ચરણ પરિણામ છે. નિઃસાર છે. એમાં કાંઈ સાર નથી. ગમે એટલું આચરણ પાળે છે પણ એમાં કાંઈ સાર નથી. એમ કહે છે.

લોકોને બહાર કિંમત છે. જુઓ ! એમણે દીક્ષા લીધી છે, જંગલમાં વર્તે છે. આટલું આટલું કરે અને તમે કાંઈ એને કીંમત ન આંકો, એને માન ન આપો, એને વંદન નમસ્કાર ન કરો. આ તો જિનમાર્ગ છે અને જિનત્વને પ્રાપ્ત કરે એને માન આપવાની વાત છે. સમ્યક્ પ્રકારે દર્શનજ્ઞાનચારિત્રથી જ્યાં જિનત્વને પ્રાપ્ત કરવામાં આવતું નથી, રાગ ઉપર વિજય મેળવવામાં ન આવે તો એ મોક્ષમાર્ગમાં આવતો નથી. ભગવાન એને પોતાના જિનમાર્ગના મુનિ ગણતા નથી. એને 'અષ્ટપાહુડ'માં શું કહ્યું ખબર છે ? 'असंजणं ण वंदेहि' એવા મુનિ અસંયમી છે એને વંદન કરવા નહિ. પણ ભગવાન ! સંયમ તો પાળે છે.

મુમુક્ષુ :- ચોખ્ખો સંયમ પાળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાન ના પાડે છે. ભગવાન કહે છે એ સંયમ નથી પાળતો. ઠીક ! સમ્યક્ પ્રકારે એને વિકલ્પના, રાગના કોઈ અંશને પણ સંયમિત કરીને અભાવ કર્યો નથી. 'असंजणं ण वंदेहि' એમ એવો શબ્દ વાપર્યો. 'અષ્ટપાહુડ'માં બહુ કડક શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા, જરાય નિવર્ત્યો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જરાય નિવર્ત્યો નથી પ્રવૃત્તિમાંથી. ચક્રવર્તી હતો ને છોડીને બેઠો. તો કહે છે, તોય નિવર્ત્યો નથી. રાજા હતો ને. તોપણ કાંઈ છોડ્યું નથી. કાંઈ છોડ્યું જ નથી કહે છે. ગણતરી જ બીજી જાતની છે.

મુમુક્ષુ :- આમાં ક્રમ ભંગ થઈ ગયોને ? સાહેબ !

પૂજ્ય ભાઈશ્રી :- ક્રમ ભંગ થઈ ગયો. બધું ખોટું છે. પહેલેથી જ એકેય વાત સાચી નથી. એની શ્રદ્ધા ખોટી, એનો અભિપ્રાય-જ્ઞાન ખોટું, એનું આચરણ ખોટું. બધું વિપરિત જ છે. પણ શાસ્ત્રોક્ત છે ને ? તો કહે છે, મૂળમાં જ ભૂલ છે. દેખાવ સાચો છે. આડંબર છે. એ તો

આડંબર શબ્દ વાપરે છે. આડંબર જ છે. બાકી વાતમાં કાંઈ માલ નથી. આડંબર છે. ખોટો દાગીનો હોય એને એવો ચકચકીત બનાવીને રાખે. ચકચકાટનો આંડબર હોય એને. અંદર માલ કાંઈ હોય નહિ.

મુમુક્ષુ :- શું કરવું અમારે ?

પૂજ્ય ભાઈશ્રી :- સાચો રસ્તો પકડવો. ભલે થોડું મોડું થાય એનો વાંધો નહિ પણ રસ્તો સાચો પકડવો. જે રીતે શરૂઆત થાય, જે રીતે યથાર્થ મુમુક્ષુતા આવે, જે રીતે યથાર્થ નિશ્ચય થાય એ રીતે એણે મોક્ષમાર્ગમાં આગળ વધીને બરાબર નિર્વિકલ્પ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવું જોઈએ. એ પહેલા સીધો એમનેમ ત્યાગ કરે, પચ્ચખાણ કરે, મુનિ થઈ જાય તો એમનેમ કાંઈ પત્તો લાગે એવું નથી.

'**હવે કેવળનિશ્ચયાવલંબી (અજ્ઞાની) જીવોનું...**' નિશ્ચય એટલે જ્ઞાની નહિ. ઓલામાં પણ જ્ઞાની (માટે) કૌંસમાં લીધું હતું. કેવળવ્યવહારાલંબી એટલે અજ્ઞાની જીવોનું પ્રવર્તન. અહીંયાં પણ '**કેવળનિશ્ચયાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :**' ત્યાં પણ તેનું પ્રવર્તન અને તેનું ફળ કહ્યું. તે પ્રવૃત્તિ આવી કરે છે અને એનું ફળ સંસાર છે, દીર્ઘ સંસાર છે. એમ આની પ્રવૃત્તિ કહે છે અને એનું ફળ પણ દીર્ઘ સંસાર છે.

'**હવે, જેઓ કેવળનિશ્ચયાવલંબી છે,...**' એટલે કે એનો વ્યવહાર ખોટો છે, સાચો નથી. નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય... નિશ્ચયની મુખ્યતા કરીને વ્યવહારમાંથી પણ ગયેલો છે, એમ કહે છે. '**સકળ ક્રિયાકાંડમાં આડંબરમાં વિરક્ત બુદ્ધિવાળા વર્તતા થકા,...**' બહારનો કાંઈ આડંબર મારે હોય જ નહિને. કરવો જ નથીને કાંઈ. મારે શાસ્ત્ર વાંચવાનું શેનું ? હું તો નિશ્ચયમાં મસ્ત છું. મારા સ્વરૂપમાં હું મસ્ત છું. શાસ્ત્ર-ફાસ્ત્ર આપણે કાંઈ વાંચતા નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર નહિ ? એ તો દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્યપરભાવં હેયં, જાવ. મારે કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રની જરૂર નથી.

'**ક્રિયાકાંડના આડંબરમાં વિરક્ત બુદ્ધિવાળા...**' એને એમાં જરાય રસ નથી આવતો. '**આંખો અર્ધી-વિંચેલી રાખી...**' ધ્યાનમાં બેસે ને ? '**કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકી યથાસુખ રહે છે...**' મરજી મુજબ. પોતાની કલ્પના પ્રમાણે. એનો અર્થ Footnote માં જરા વિસ્તારથી કર્યો છે. પણ એ બધો દેખાવ છે. નિશ્ચયનો ધ્યાનનો જે દેખાવ કરે છે એમાં વાતમાં કાંઈ માલ નથી. એ પણ પરિભ્રમણ કરવાનો. એ રીતે પણ ભૂલવા જેવું નથી, એ વાત સ્પષ્ટ છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૨૭-૫-૧૯૯૨, પત્રાંક - ૭૬૬
## પ્રવચન - ૩૭૬

એને બરાબર પંચાચારને પાળનારા શુભકર્મ.... અશુભકાર્યોથી જે નિવર્ત થયા છે. તેમ છતાં કર્મચેતનાપ્રધાનપણે તેઓ વર્તે છે. કર્મચેતનાપ્રધાનપણે વર્તે છે એટલે રાગરૂપી કર્મ અથવા દ્રવ્યકર્મના ઉદયને સારી રીતે અનુભવે છે. તન્મયપણે એકત્વભાવે. તેઓ જડબુદ્ધિ છે. આત્માના હિત-અહિતને નહિ સમજી શકતા હોવાને લીધે એને જડબુદ્ધિ કહી છે. એ પુણ્યને ઉપાર્જન કરીને દેવલોકમાં જાય છે. ત્યાં પણ ક્લેશને ભોગવે છે, મિથ્યાત્વને લઈને. અને ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં પરિભ્રમણ કરે છે.

એ વાત કહીને હવે એમ કહે છે કે કોઈ એવા પણ જીવો છે કે નિશ્ચયના આભાસી છે. નિશ્ચય શુદ્ધાત્મપદ જેને અનુભવમાં આવ્યું નથી, અનુભવપૂર્વક જેને એની સમ્યક્શ્રદ્ધા નથી, છતાં પણ અમારા જ્ઞાનમાં અને અવલંબનમાં તે જ છે. એવું કૃત્રિમપણે જેણે માન્યું છે, સ્વીકાર્યું છે, એ જીવો કેવી પ્રવૃત્તિ કરે છે ? અને એ પ્રવૃત્તિ હોવા છતાં પણ એ પરિભ્રમણમાંથી છૂટતાં નથી. મિથ્યા પ્રવૃત્તિ ... એનું વર્ણન કરે છે.

**'હવે, જેઓ કેવળનિશ્ચયાવલંબી છે,...'** કેવળ નિશ્ચયાવલંબી છે એટલે **'સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરક્ત બુદ્ધિવાળા વર્તતા થકા,...'** હવે જેઓ કેવળ નિશ્ચયાવલંબી છે એટલે માત્ર નિશ્ચયનું અવલંબન છે એમ માનનારા છે. એકલું નિશ્ચય સ્વરૂપનું જ અવલંબન છે એમ માનનારા છે. કોઈ ક્રિયાકાંડના, આ બધો આડંબર છે માટે અમારે એ કોઈ ક્રિયાકાંડમાં અમારે જરૂર નહિ પ્રવર્તવાની. એમ એમાં જેને ક્રિયામાં રસ નથી. એટલે શુભભાવમાં અને શુભવ્યવહારમાં જેને રસ નથી. બે પ્રકારે રસ ન હોય : એક નિશ્ચયાભાસીને રસ ન હોય અને એક નિશ્ચય પરિણામવાળાને પણ રસ ન હોય. કેમકે એને એ દુઃખરૂપ લાગે છે.

**'આંખો અર્ધી-વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને યથાસુખ રહે છે...'** એટલે ધ્યાનસ્થ અવસ્થાનો ખોટો આડંબર કરે છે.

અથવા બહુ ખુલ્લી આંખે ચંચળતાપૂર્વક પ્રવૃત્તિ કરતા જોવામાં આવતા નથી. પણ સ્વબુદ્ધિથી અવલોકીને યથાસુખ રહે તેવી પોતાની મતિકલ્પનાથી કાંઈક મને ભાસ થાય છે, મને આત્માનો ભાસ થાય છે એમ કલ્પી લઈને મરજી મુજબ જેમ સુખ ઊપજે, જેમ શાતા રહે તેમ રહે છે. શાતાની મુખ્યતા તો .. પણ અશાતામાં તો રહેવું નથી. એ યથાસુખ રહે છે એના ઉપર Footnote લખી છે કે '**મરજી મુજબ;...**' યથેચ્છા પ્રમાણે એટલે પોતાની ઈચ્છા પ્રમાણે સુખ ઊપજે એટલે શાતા ઊપજે એમ. સુખનો અર્થ અહીં શાતા લેવો.

'**જેમને દ્રવ્યાર્થિકનયના (નિશ્ચયનયના) વિષયભૂત શુદ્ધાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન કે અનુભવ...**' બેમાંથી કાંઈ નથી. હોય તો બે સાથે હોય. '**તેમ જ તેને માટે ઝંખના કે પ્રયત્ન પણ નથી,...**' એટલે શું કહ્યું ? કે એના પ્રયત્નવાનને એ બાધા નથી, એની બાધા નથી. શુભમાં એ પ્રવર્તે એને રસ ઓછો આવે તો એનો એને બાધ નથી. જ્ઞાનીને બાધ નથી. અને એ જ્ઞાન થવાનો પ્રયત્ન કરનાર છે એને બાધ નથી. એમ. '**આમ હોવા છતાં જેઓ નિજ કલ્પનાથી પોતાને વિષે કાંઈક ભાસ થતો કલ્પી લઈને નિશ્ચિંતપણે સ્વચ્છંદપૂર્વક વર્તે છે,...**' કાંઈક મને આત્માનો ભાસ થાય છે, મને આત્મા જણાય છે, મને આત્મા દેખાય છે એમ માનીને એ કલ્પનામાં પ્રવર્તે છે અને સ્વચ્છંદપૂર્વક પ્રવર્તે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષનો અવિનય અને અભક્તિ કરવાના પરિણામ પણ એને થાય છે. અથવા તો એ પોતાના દોષને અયોગ્યપણે, અયથાર્થપણે ગૌણ કરે છે કે ભલે થાય એનો કાંઈ વાંધો નહિ. આપણે તો શુદ્ધાત્મામાં મસ્ત છીએ. આપણને કાંઈ વાંધો નથી. ભલે પર્યાય થવી હોય તેવી થાય. એમ કરીને સ્વચ્છંદપૂર્વક વર્તે છે.

'**જ્ઞાની મોક્ષમાર્ગી જીવોને પ્રાથમિક દશામાં...**' એટલે નીચેના ગુણસ્થાનમાં '**આંશિક શુદ્ધિની સાથે સાથે ભૂમિકાનુસાર શુભ ભાવો પણ હોય છે.**' યથોચિત્ વ્યવહારના પરિણામ પણ હોય છે એ વાતને જે સ્વીકારતા નથી. એનો એને સ્વીકાર નથી. '**તેમને અહીં કેવળનિશ્ચયાવલંબી કહ્યા છે.**' કેવળ નિશ્ચયાવલંબી કહો કે કેવળ નિશ્ચયાભાસી કહો એવા કહ્યા છે.

'**તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા,...**'

એને પૂર્વગ્રહ છે. એના પ્રત્યે એને તિરસ્કાર થાય છે. શુભભાવની વાત આવે તો એને તિરસ્કાર થાય છે, દ્વેષ થાય છે. કોઈ એમ કહે કે, ભાઈ ! જરા આપણો .. બરાબર .. રાખીએ તો સારું. એને તિરસ્કાર થઈ જાય. તમને વ્યવહારનો પક્ષ છે. ભાઈ ! દોષ તો જેટલો ઘટે અને મોળો પડે એટલો સારો જ છે. સદાચારથી વર્તવું એ કાંઈ ખરાબ તો નથી. એ એના ઉપર મોક્ષમાર્ગ ઉપર Footnote લખી છે.

'**મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને સવિકલ્પ પ્રાથમિક દશામાં...**' પ્રાથમિક એટલે છઠ્ઠા ગુણસ્થાન સુધી. ત્રણે નીચેના ગુણસ્થાન ગણાય છે. '**વ્યવહારનયની અપેક્ષાએ...**' કેમકે ઉપયોગ બહાર જાય છે ને ? '**વ્યવહારનયની અપેક્ષાએ ભૂમિકાનુસાર ભિન્નસાધ્યસાધનભાવ હોય છે અર્થાત્ ભૂમિકા પ્રમાણે નવ પદાર્થો સંબંધી, અંગ-પૂર્વ સંબંધી અને શ્રાવક-મુનિના આચારો સંબંધી શુભ ભાવો હોય છે.**' આવે છે. સહેજે સહેજે એને આવે છે એમ લેવું. કરવા છે એ પ્રશ્ન નથી પણ એ એને આવે છે.

'**આ વાત કેવળનિશ્ચયાવલંબી જીવો માનતા નથી...**' એને એ સ્વીકારતા નથી. એ તો ગમે તેમ હોય, એનો કાંઈ વાંધો નહિ. આપણે આત્મામાં છીએને પછી શું વાંધો છે ? '**અર્થાત્ (આંશિક શુદ્ધિ સાથેની) શુભભાવવાળી પ્રાથમિક દશાને તેઓ શ્રદ્ધતા નથી અને પોતે અશુભભાવોમાં વર્તતા હોવા છતાં પોતાને વિષે ઊંચી શુદ્ધદશા કલ્પી લઈ સ્વચ્છંદી રહે છે.**' એ પણ આત્માના વિચાર અને વિકલ્પથી શુભભાવમાં જ વર્તે છે. માને છે કે હું શુદ્ધતામાં વર્તું છું. શું ફેર છે ? આત્મા સંબંધીના પરિણામ કરે છે અથવા આત્મસ્વરૂપની ઘણી પ્રશંસા કરે છે. બહુમાન કરે છે, પ્રશંસા કરે છે અને એ પ્રશંસા કરતા થકા એમ માને છે કે આપણે તો શુદ્ધભાવમાં વર્તીએ છીએ. એને એ શુભભાવ કે શુદ્ધભાવની ખબર નથી. અને એ '**સ્વચ્છંદી રહે છે.**' સ્વચ્છંદી રહે છે એટલે જિનાજ્ઞાને માનતા નથી.

'**અભિન્નસાધ્યસાધનભાવને નહિ ઉપલબ્ધ કરતા થકા,...**' ભિન્ન સાધનભાવને તિરસ્કારે છે અને અભિન્ન એટલે નિશ્ચયરત્નત્રયને એ ઉપાસતા નથી. એની ઉપાસના નથી એને. એની ઉપલબ્ધિ નથી, પ્રાપ્તિ નથી. '**અંતરાળમાં જ (શુભ તેમ જ શુદ્ધ સિવાયની બાકી રહેલી**

**ત્રીજી અશુભ દશામાં જ), પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા,...**' કેમકે એને બધે અશુભ વધે છે. શુદ્ધમાં એને રસ નથી એટલે એનું અશુભ તો જવાનું નથી. કેમકે શુદ્ધ તો પ્રગટ થયું નથી. ત્રણ પ્રકારના પરિણામ છે : શુભ, અશુભ અને શુદ્ધ. તો શુદ્ધની ઉપલબ્ધિ નથી. શુભને તિરસ્કારે છે. પછી ક્યાં જાશે ? અશુભકાર્યમાં જાશે. પ્રમાદ કરશે. પોતાની સગવડ સાચવવા માટે અશુભ પરિણામમાં જાશે કે આપણને અનુકૂળતા છે એ પ્રમાણે રહો. શુભભાવ ઓછો થાય એનો કાંઈ વાંધો નહિ, આપણે શુભભાવનું કાંઈ મહત્વ નથી. પણ આપણી વ્યવસ્થા અને આપણી અનુકૂળતા, આપણને ફાવે એ પ્રકારની બધી વ્યવસ્થા કરો. એ પ્રકારની અનુકૂળતાનો શુભભાવ, બાહ્ય અનુકૂળતાનો અશુભભાવ, એ અશુભભાવનું પોષણ કરશે. એનો પ્રમાદ છે. શુદ્ધાત્માનો પુરુષાર્થ કરવા માટે એનો પ્રમાદ છે અને એ પ્રમાદ ઘણો છે એટલે એને મદિરાની ઉપમા આપી છે, દારૂની ઉપમા આપી છે. કેમકે ભાન ભૂલે છે. પછી એને શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે એનું ભાન ભૂલે છે.

'**પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા,...**' પુરુષાર્થ માટે નિરુત્સાહી વર્તતા થકા. '**મત્ત (ઉન્મત્ત)...**' વિશેષપણે મત '**જેવા,...**' ઉન્મત્ત જેવા, પાગલ જેવા, '**મૂર્છિત જેવા,...**' હિત-અહિતનું ભાન ગુમાવ્યું છે એટલે મૂર્છિત જેવા. ઓલાપણે જડબુદ્ધિ કહ્યું હતું ને ? '**સુષુપ્ત જેવા,...**' જેમ ઘણી ઊંઘમાં પડ્યો હોય. એવા સુષુપ્ત જેવા '**પુષ્કળ ઘી-સાકર-ખીર ખાઈને તૃપ્તિ પામેલા હોય એવા,...**' ખૂબ ખાયને પછી ઘેન ચડે. ... આફરો આવે ને ? દારૂ શેમાંથી બને છે ? શેરડીનો ડોળ હોય, શેરડીનો ડોળ. રસ કાઢેલા કૂચા. ખાંડના કારખાનામાં ખાંડ માટેનો રસ કાઢી લે પછી મેલ સાથે જે માટી સાથેનું ગળપણ રહી ગયું હોય, એ સડે એમાંથી દારૂ થાય. એમ મિષ્ટાન ખાય, અંદર જાય, સડે અને એમાંથી શું થાય ? Alcohol થાય છે. એને સારી ભાષામાં શું કહે છે ? Alcohol કહે છે. Acid થાય અને Alcohol થાય. બે જાતના પદાર્થો થાય છે. તબીબી વિજ્ઞાન, Biology ભણ્યા હોય એને ખ્યાલ આવે. એમાં શું આવે ? Acidity થાય છે ને ? વધારે Acid થાય છે એને Acidity કહે છે. થોડો વધારે પડતો Acid થયો. આ દાહ થાય છે. અને બે સામા સામા પદાર્થો છે. Acid

અને Alcohol એ બંને એકબીજાના મારણભૂત છે. એકબીજાને વધવા ન દે. અમુક મર્યાદામાં હોવા ઘટે છે. મર્યાદા બહાર જાય તો પછી રોગિષ્ટદશા કહેવામાં આવે છે. જેમ ભૂખ મરી જાય તો રોગ થયો કહેવાય અને બહુ ભૂખના ભડકા હોય એને પણ રોગ જ થયો કહેવાય. બંને રોગ જ કહેવાય. એટલે Normal સામાન્ય ભોજન (લેવાય) એ બરાબર છે. નિરોગી છે એમ કહેવાય છે. એ રીતે છે. એટલે એ Alcohol થાય મીઠાઈ ખાધી હોય એનો. જોકા આવવા માંડે, આંખો ઘેરાવા માંડે. ઘેન ચડ્યું એમ કહે છે. લાડવા ખાધા અને લાડવાનું ઘેન ચડ્યું. વિજ્ઞાન એમ કહે છે.

એ '**પુષ્કળ ઘી-સાકર-ખીર ખાઈને તૃપ્તિ પામેલા (ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા (મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા,...**' સામાન્ય રીતે એને પછી ચરબી વધે છે. જડ જેવા થઈ જાય છે. પછી દુબળા હોય તો એને પણ એ જ લાગુ પડે છે. આ તો સામાન્યપણે વાત છે. વિશેષપણે કોઈ કૃષ શરીરવાળા પણ હોય શકે. નિશ્ચયાભાસી. '**દારુણ બુદ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા,...**' ઘણી બુદ્ધિની મૂઢતા થઈ હોય. કેમ ? શુદ્ધાત્માના અવલંબે તો આત્માની શાંતિ ઊપજે છે, સુખ ઊપજે છે. અને અહીંયાં શુભભાવ છોડીને અશુભમાં જાય તો તીવ્ર અશાંતિ અને દુઃખ ઊપજે છે. તો આત્માને શાંતિ માનીને એમાં તીવ્ર દુઃખની અંદર પણ આત્માની શાંતિ માનવા માંડ્યા. એટલી પણ એને ખબર ન રહી. ઓલા તો ભૂલ્યા એમાં કષાયની મંદતામાં શાતા ઊપજતી હતી. અહીં તો કષાયની તીવ્રતામાં અશાંતિ વધી તોપણ એને ઠીક માને છે. તો ઘણી જાડી બુદ્ધિ થઈ ગઈ. અશાંતિને પણ એ સમજી શકતા નથી.

એવા '**દારુણ બુદ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા, જેનું વિશિષ્ટચૈતન્ય બિડાઈ ગયું હોય છે...**' જેને આત્મજ્ઞાન કરવાની, સ્વાનુભવની જે ચેતના છે એ જેની બિડાઈ ગઈ છે, કુંઠિત થઈ ગઈ છે. '**એવી વનસ્પતિ જેવા,...**' એકેન્દ્રિય જેવા એને કીધા. ઠીક ! ઓલા નિશ્ચયાભાસીને કેવા કીધા ? વ્યવહારાભાસી કરતા નિશ્ચયાભાસીને વધારે નિંદ્યા છે. કેમકે એનો અપરાધ વધારે છે. '**મુનીંદ્રની કર્મચેતનાને પુણ્યબંધના ભયથી નહિ અવલંબતા થકા...**' મુનીન્દ્ર, મુનિઓની જે કર્મચેતના છે. એટલે મુનિઓએ જે એને યોગ્ય આચાર-વિચારમાં રહેવું

જોઈએ. એ પુણ્યબંધ એનાથી થઈ જશે, મોટો પુણ્યનો ભાર વધી જશે એમ સમજીને એને નહિ અવલંબતા થકા. એના ઉપર ખુલાસો કર્યો છે. પુણ્યબંધનો ભય શું છે. કેવળ નિશ્ચયાવલંબી જીવો પુણ્યબંધના ભયથી ડરીને મંદ કષાયરૂપ શુભભાવો કરતા નથી. આપણને બંધ થાય. પુણ્યનો બંધ થાય છે. માટે આપણે પુણ્ય નથી કરવા. પુણ્યનો બંધ થાય છે માટે આપણે પુણ્ય કરવા નથી. અને પાપબંધના કારણભૂત અશુભભાવોને તો સેવે છે. આ રીતે તેઓ પાપને જ બાંધે છે.

એ રીતે વિપરીતપણે પરિણમતા થકા અને '**પરમ નૈષ્કર્મરૂપ જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ નહિ પામ્યા થકા,...**' કેટલી વાતો લીધી છે ! અને અંદરમાં જે પોતાની કર્મના અભાવસ્વરૂપ નિર્મળ જ્ઞાનચેતના છે એમાં ઠર્યા નથી. જરાય એમાં ઠર્યા નથી. એ વિશ્રાંતિ નથી પામ્યા. '**(માત્ર) વ્યક્ત-અવ્યક્ત પ્રમાદને આધીન વર્તતા થકા,...**' બુદ્ધિપૂર્વકનો પણ કેટલોક પ્રમાદ કરે છે અને અબુદ્ધિપૂર્વકનો પણ પ્રમાદ એને વર્તે છે. વ્યક્ત-અવ્યક્ત પ્રમાદ કહે છે. '**એવા પ્રમાદને આધીન વર્તતા થકા, પ્રાપ્ત થયેલા હલકા (નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ જેને વર્તે છે...**' પ્રાપ્ત થયેલા હલકા (નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ. અશુભભાવ છે ને ? એટલે હલકી કર્મફળચેતના લીધી એણે. કર્મચેતના નહિ પણ કર્મફળચેતના. એ કર્મનું ફળ ભોગવવામાં પડ્યા છે. એવી પ્રવૃત્તિ જેને વર્તે છે. કરવું નથી કાંઈ. પ્રમાદને લઈને કરવું નથી કાંઈ, પણ જે કર્મનો ઉદય આવે છે એને ભોગવે છે. એવી '**પ્રવૃત્તિ જેને વર્તે છે એવી વનસ્પતિની માફક...**' એકેન્દ્રિયની માફક '**કેવળ પાપને જ બાંધે છે.**' મુખ્યપણે એ અશુભને વધારે બાંધશે. નિશ્ચયાભાસી જીવોની અશુભ વધી જશે. વ્યવહારાભાસી જીવોનું શુભ વધી જશે. પરિભ્રમણ કોઈનું મટશે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- વનસ્પતિ જેવા પ્રમાદી કહ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયાભાસીને વનસ્પતિ જેવા પ્રમાદી કહી દીધા છે.

'**કેવળ પાપને જ બાંધે છે. કહ્યું પણ છે કે निश्चयमालम्बन्तो निश्चयतो निश्चयमजानन्तः। नाशयन्ति चरणकरणं बाह्यचरणालसः केऽपि।।**' એનો અર્થ કરે છે કે '**અર્થાત્ નિશ્ચયને અવલંબનારા પરંતુ નિશ્ચયથી**

**(ખરેખર) નિશ્ચયને નહિ જાણનારા કેટલાક જીવો બાહ્ય આચરણમાં આળસુ વર્તતા થકા ચરણ પરિણામનો નાશ કરે છે.'** ઓલા ચરણપરિણામનો નાશ કરે છે. ચરણ પરિણામને કરે છે પણ એના સારરૂપ આત્માને લેતા નથી. આ તો ચરણમાંથી પણ ગયા છે. આત્મા તો હાથમાં આવ્યો નહિ પણ આચરણમાંથી પણ ગયા, એમ કહે છે. એના ઉપર 'જયસેનાચાર્ય'ની ટીકા લીધી છે.

'**શ્રી જયસેનાચાર્યદેવચરિત ટીકામાં (વ્યવહાર-એકાંતનું સ્પષ્ટીકરણ કર્યા પછી તુરત જ) નિશ્ચયએકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે : વળી જેઓ કેવળનિશ્ચયાવલંબી વર્તતા થકા રાગાદિ વિકલ્પરહિત પરમસમાધિરૂપ શુદ્ધ આત્માને નહિ ઉપલબ્ધ કરતા હોવા છતાં, મુનિએ (વ્યવહારે) આચરવાયોગ્ય ષડ્-આવશ્યકાદિરૂપ અનુષ્ઠાનને તથા શ્રાવકે (વ્યવહારે) આચરવાયોગ્ય દાનપૂજાદિરૂપ અનુષ્ઠાનને દૂષણ દે છે,...**' ઊલટા એને નીંદે છે એ. દૂષણ દે છે એટલે નીંદે છે. શુભભાવ અને શુભક્રિયાની નીંદા કરે છે.

'**તેઓ પણ ઉભયભ્રષ્ટ વર્તતા થકા,...**' એ તો નિશ્ચય અને વ્યવહાર બંન્નેથી ભ્રષ્ટ છે. '**નિશ્ચયવ્યવહાર-અનુષ્ઠાનયોગ્ય અવસ્થાંતરને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે. (અર્થાત્ કેવળ નિશ્ચય-અનુષ્ઠાનરૂપ શુદ્ધ અવસ્થાથી જુદી એવી જે નિશ્ચય-અનુષ્ઠાન અને વ્યવહાર અનુષ્ઠાનવાળી મિશ્ર અવસ્થા તેને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે);...**' એને અશુભ વધી જાય છે. '**પરંતુ જો શુદ્ધાત્મનુષ્ઠાનરૂપ મોક્ષમાર્ગને અને તેના સાધકભૂત (વ્યવહારસાધનરૂપ વ્યવહારમોક્ષમાર્ગને માને, તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શક્તિનો અભાવ હોવાથી શુભ-અનુષ્ઠાન રહિત હોય તથાપિ જોકે તેઓ શુદ્ધાત્મભાવસાપેક્ષ શુભ-અનુષ્ઠાનરત પુરુષો જેવા નથી તોપણ સરાગ સમ્યક્‌ત્વાદિ વડે વ્યવહારસમ્યગ્દૃષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.**' જોએ સમ્યગ્દર્શનપૂર્વક ભલે તીવ્ર શુભમાં ન આવે, પણ થોડું ઘણું પણ આચરણમાં રહે તો પરંપરાએ મોક્ષને પામે છે. '**આમ નિશ્ચય એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યાં.**' આ રીતે નિશ્ચયાભાસનું પણ અહીં વિસ્તરણ આપ્યું. હવે એના ઉપર થોડો ખુલાસો આપ્યો છે.

**‘અહીં જે જીવોને ‘સમ્યગ્દષ્ટિ’ કહ્યાં છે તેઓ ઉપચારથી સમ્યગ્દષ્ટિ છે એમ ન સમજવું પરંતુ તઓ ખરેખર સમ્યગ્દષ્ટિ છે એમ સમજવું.’** કારણ કે નિશ્ચય સમ્યગ્દષ્ટિ હોય એને જ વ્યવહારનો ઉપચાર લાગે. **‘તેમને ચારિત્ર-અપેક્ષાએ મુખ્યપણે રાગાદિ હયાત હોવાથી સરાગ સમ્યક્ત્વવાળા કહીને ‘વ્યવહારસમ્યગ્દષ્ટિ’ કહ્યા છે. શ્રી જયસેનાચાર્યદેવે પોતે જ ૧૫૦-૧૫૧મી ગાથાની ટીકામાં કહ્યું છે કે જ્યારે આ જીવ આગમભાષાએ કાળલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ-સમ્યગ્દષ્ટિ થાય છે.’** ત્યારે નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. એ સ્પષ્ટતામાં આધાર પણ આપ્યો છે. ‘જયસેનાચાર્યદેવ’નો પણ આધાર આપ્યો છે. હવે જ્ઞાનીની વાત કરે છે.

મુમુક્ષુ :- અમે નિશ્ચયાભાસી ન થઈએ એના માટે અમારે શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયસ્વરૂપને અવલંબવાનો યથાર્થ પ્રયત્ન કરવો. અને જે સહેજે સહેજે શુભભાવ આવે એનો તિરસ્કાર કરવો નહિ. ભૂમિકા અનુસારના શુભભાવો મુમુક્ષુની ભૂમિકામાં આવ્યા વગર રહે નહિ. કેમકે શુભ અને અશુભ બે જ છે એને. તો મુમુક્ષુને પણ અશુભ ઘટવું જોઈએ અને શુભ વધવું જોઈએ. કૃત્રિમતાથી નહિ પણ સહજપણે. સહજપણે કેવી રીતે વધે ? કે શુદ્ધાત્માનો પુરુષાર્થ કરતા કરતા અથવા એ પુરુષાર્થનો ઉદ્યમ કરવા જતાં, પછી ઉદ્યમ સફળ ન થાય તો એને શુભ આવી જાય છે. શુભ થઈ જાય છે ઊંચી કોટીનો. એ શુભભાવનો ત્યાં યથાસ્થાને સદ્‌ભાવ હોવાથી એને છોડીને અશુભમાં જવાનો ક્યાંય ઉપદેશ નથી આપ્યો. એ હોય છે અને થાય છે એના કાળમાં. એમ લેવું. પણ કૃત્રિમતાએ કર્તવ્ય છે એમ પણ નથી અને નિશ્ચયાભાસી થઈને એનો નિષેધ કરવા જેવું પણ નથી. એમ.

મુમુક્ષુ :- તલવારની ધાર જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે. એની ભેદરેખા સૂક્ષ્મ છે. નિષેધ ખોટી રીતે ન કરવો, નિષેધ સાચી રીતે કરવો, આદર ખોટી રીતે ન કરવો, આદર સાચી રીતે કરવો. આમ બેય વાત લાગુ પડે છે. શુભભાવનો આદર યથાસ્થાને એટલે આદરવામાં આવે છે, આદર એટલે આદરવામાં આવે છે, એ હોય છે. એને કૃત્રિમ રીતે કરવા એમ પણ નહિ. એ ખોટી રીતે

એનો આદર છે. આદર ખોટી રીતે છે. તેમ નિશ્ચયાભાસ થઈને ખોટી રીતે નિષેધ ન કરવો પણ સહેજે શુદ્ધાત્મામાં પ્રવર્તવામાં અભિપ્રાયમાં એનો નિષેધ થઈ જવો જોઈએ.

મુમુક્ષુની ભૂમિકામાં શુદ્ધતાનો અભિપ્રાય કેળવવા માટે શુભ-અશુભનો નિષેધ અભિપ્રાયમાં પહેલા આવે છે. પછી યથાર્થ પુરુષાર્થ એના આચરણમાં આવે છે. એમ થાય છે. એ પહેલા અભિપ્રાય ... હમણાં આપણે અભિપ્રાયનું પ્રકરણ ચાલે છે. અભિપ્રાય પહેલા ઘડાવો જોઈએ. મોક્ષમાર્ગ કેવો હોય ? બંધમાર્ગ કેવો હોય ? વ્યવહાર કેવો હોય ? નિશ્ચય કેવો હોય ? વસ્તુનું સ્વરૂપ કેવું છે ? એ વગેરે પ્રકારે બધું યથાર્થ સમજીને પહેલા એને સાચો અભિપ્રાય ઘડવો જોઈએ. પછી બધું સરખું ચાલશે. અભિપ્રાયની ભૂલ રહી હશે તો કાં તો ક્યાંક કૃત્રિમતા કરશે અને કાં તો ક્યાંક ખોટી રીતે નિષેધ કરી દેશે. સાચો નિષેધ નહિ આવે.

મુમુક્ષુ :- અભિપ્રાય ખોટો એનું બધું ખોટું ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીઓ એવી રીતે અજ્ઞાનીને સમજે છે. કોઈ અજ્ઞાની જીવ એવા છે કે આગમ અનુસાર પ્રરૂપણા કરે છે. વિદ્વાન છે, પંડિત છે. આગમ અનુસાર પ્રરૂપણા કરે છે. પણ ક્યાંક એની સ્થૂળ-સૂક્ષ્મ ભૂલ બહાર આવી જાય છે. કેવી રીતે ખબર પડે છે ? કે એમને ખ્યાલ આવી જાય છે કે આનો અભિપ્રાય હજી ઘડાણો નથી. એ રીતે ક્યાંક ભૂલ કરે છે. બુદ્ધિ અને ક્ષયોપશમમાં ધારણા ઠીક કરી છે. એટલે સ્થૂળ ભૂલ કે લાંબી મોટી ભૂલ ન કરે, પણ અભિપ્રાય યથાર્થ નહિ ઘડાયો હોવાને લીધે ક્યાંક ક્યાંક એને ફેર પડી જાય છે. એને ખ્યાલ આવી જાય છે. એ અભિપ્રાયના ઊંડાણ સુધી જાય છે. એટલે વજન દેવામાં ફેર પડે છે. નિષેધ કરે પણ કૃત્રિમ રીતે નિષેધ કરે એની ખબર પડી જાય છે. અથવા ક્યાંક કલ્પના કરી જાય છે. ક્યાંક કલ્પના કરી જાય છે. વસ્તુનું યથાર્થ સ્વરૂપ નહિ સમજીને પોતે વિચારમાં કલ્પનાએ ચડે છે. એવું જે થઈ જાય છે એનું કારણ પણ એને યથાર્થ અભિપ્રાય બરાબર ઉત્પન્ન થયો નથી. એટલે ક્યાંક એ ગોથું ખાશે, ખાશે ને ખાશે. એ વિશેષ વાત છે.

**'હવે નિશ્ચય-વ્યવહાર બન્નેનો સુમેળ રહે એવી રીતે ભૂમિકાનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :'** સુમેળ રહે એટલે શું ? ૨૫૪માં પાને Footnote એમણે આપી છે. બગડો (૨) કર્યો છે. **'છઠ્ઠા ગુણસ્થાને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર**

**હોવી તેમ જ મહાવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળનું) ઉદાહરણ છે.**' સુમેળ એવો શબ્દ વાપર્યો છે ને ? સુમેળ કહો કે અવિરોધપણું કહો. '**પાંચમા ગુણસ્થાને...**' શ્રાવકને '**તે ગુણસ્થાનને યોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી તેમ જ દેશવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે પણ નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળ)નું ઉદાહરણ છે.**' એ રીતે મોક્ષમાર્ગને વિષે નિશ્ચય અને વ્યવહાર પોતપોતાના સ્થાનમાં યથાયોગ્ય રીતે પરિણામ થાય છે. એ કેવા હોય છે એને અહીંયાં વિસ્તારથી જરા વર્ણવવામાં આવ્યું છે.

'**પરંતુ,....**' હવે એ બેય વાત કરીને ? એ બેય વાત પ્રમાણે નહિ પરંતુ આ રીતે એમ કહીને. પરંતુ આ રીતે. કઈ રીતે ? કે '**જે, અપુનર્ભવને (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા...**' કેવા ? મોક્ષને માટે નિત્ય ઉદ્યમ કરનારા છે, મોક્ષાર્થી છે, મોક્ષાભીલાષી છે. મુમુક્ષુની વાત ઉપાડી. '**મહાભાગ્યવંતો,...**' છે. મોક્ષને પ્રાપ્ત કરનારા હોવાથી તે મહાભાગ્યવંતો છે. '**નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ એકનો જ નહિ અવલંબતા હોવાથી...**' અહીંયાં એની ભૂમિકા છે. માટે એકનો અવલંબતા નથી. '(કેવળ **નિશ્ચયાવલંબી** કે કેવળવ્યવહારાવલંબી **નહિ હોવાથી) અત્યંત મધ્યસ્થ વર્તતા,...**' એ એકનો જ નહિ અવલંબવાનો ખુલાસો પાછો કર્યો છે.

'**(મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા મહાપવિત્ર ભગવંતોને (મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને) નિરંતર શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું સમ્યક્ અંતર્મુખી અવલંબન વર્તતું હોવાથી તે જીવોને તે અવલંબનની તરતમતા પ્રમાણે સવિકલ્પ દશામાં ભૂમિકાનુસાર શુદ્ધપરિણતિ તેમ જ શુભપરિણતિનો યથોચિત સુમેળ** (હઠ વિના)...' એટલે કૃત્રિમતા થયા વિના '**હોય છે. તેથી તે જીવો આ શાસ્ત્રમાં** (૨૫૯ **પાને) જેમને કેવળનિશ્ચયાવલંબી કહ્યા છે એવા કેવળનિશ્ચયાવલંબી નથી તેમ જ** (૨૫૬ **મા પાને) જેમને** કેવળવ્યવહારાવલંબી **કહ્યા છે એવા કેવળવ્યવહારાવલંબી નથી.**'

'**શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિ વિરચન પ્રત્યે અભિમુખ વર્તતા,...**' વિરચન એટલે રચવું. સારી રીતે રચવું પોતાના શુદ્ધચૈતન્ય

સ્વરૂપમાં ઠરવાની દશાને રચવા માટે અભિમુખ વર્તતા થકા, ઉત્સાહિત વર્તતા થકા આગળ વધી રહ્યા છે. પોતાની આત્મશાંતિથી સ્વરૂપમાં ઠરવાના પુરુષાર્થમાં અગ્રેસર થઈને જે વર્તી રહ્યા છે. અભિમુખ વર્તે છે. પાછા નથી પડતા. આગળ વધી રહ્યા છે.

'**પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી) ક્રિયાકાંડપરિણતિને માહાત્મ્યમાંથી વારતા (-શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર વર્તતી હોવા છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા),...**' જુઓ ! ક્યાં ફેર પડી જાય છે ? કેવળ વ્યવહારાલંબી છે એ શુભભાવને મહિમા કરીને એનો રસ ઉત્પન્ન કરે છે. એથી ઊંચી કોટીનો વ્યવહાર હોવા છતાં, યથાર્થ વ્યવહાર હોવા છતાં, સાચો વ્યવહાર હોવા છતાં એને મહિમા આપતા નથી. જ્યારે એ વ્યવહારની મહિમા ન આપે ત્યારે જ એ વ્યવહાર ઊંચી કોટીનો રહે છે. નહિતર એમાં અહંમબુદ્ધિ થઈને મિથ્યાત્વનું પાપ પડ્યા વગર રહે નહિ. એમ થાય છે. એટલે ઓલું પાપાનુબંધી પુણ્ય છે અને આ પુણ્યાનુબંધી પુણ્ય છે. એટલો ફેર છે.

શું કહે છે ? કે '**(શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર વર્તતી હોવા છતાં...**' હઠ વગર સહેજે સહેજે...

મુમુક્ષુ :- હજી તો વાત ચાલે છે મિથ્યાદૃષ્ટિની.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જ્ઞાનીની વાત ચાલે છે. આ જ્ઞાનીની વાત ચાલે છે. ભગવંતો કીધા ને ? મહાભાગ્ય ભગવંતો કીધા. જ્ઞાનીની વાત લીધી છે.

'**અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા) અત્યંત ઉદાસીન વર્તતા,...**' એ પ્રત્યે અત્યંત ઉદાસીન વર્તતા '**યથાશક્તિ આત્માને આત્માથી આત્મામાં સંચેતતા...**' પોતાના પુરુષાર્થ પ્રમાણે આત્મા વડે આત્મામાં સંચેતતા. સંચેતન કરે છે એટલે અનુભવ કરે છે. '**(અનુભવતા) થકા નિત્ય-ઉપયુક્ત રહે છે,...**' આત્મામાં સદાય જોડાયેલા રહે છે. આત્માનુ જોડાણ એને મટતું નથી. '**તેઓ (તે મહાભાગ ભગવંતો),...**' ફરીને પાછું કૌંસમાં લીધું. તેઓ એટલે તે મહાભાગ્ય ભગવંતો '**ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સંન્યાસ કરતા...**' એટલે સ્વતત્ત્વમાં ઠરીને ક્રમશઃ આઠ કર્મને ત્યાગતા

એટલે છોડતા, નાશ કરતા એટલે '**(સ્વતત્ત્વમાં સ્થિરતા થતી જાય તેના પ્રમાણમાં શુભ ભાવોને છોડતા),...**' જિનઆજ્ઞા પ્રમાણે વ્યવહાર પાળે છે, તે પણ ઘટતી જાતી સ્થિતિમાં એને છોડતા જાય.

'**અત્યંત નિષ્પ્રમાદ વર્તતા,...**' જરા પણ પુરુષાર્થ રહિત નહિ વર્તતા. '**અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી...**' સ્વરૂપમાં સ્થિર. એ તો નિષ્કંપમૂર્તિ થયા. '**જેમને વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં...**' એ પણ જેમ વનસ્પતિ સ્થિર છે એમ એ પણ ધ્યાનમાં સ્થિર છે. એવી એને ઉપમા આપી શકાતી હોવા છતાં. જુઓ ! અજ્ઞાનીને જેવી ઉપમા આપે એવી જ્ઞાનીને ઉપમા આપે. પણ બેનો અર્થ ફેર છે, આશય ફેર છે. ઓલાને દોષવાચક છે, આને ગુણવાચક છે. ઓલો પ્રમાદને લઈને વનસ્પતિ કહ્યા. આ ધ્યાનમાં સ્થિર થયા માટે વનસ્પતિ જેવા કહ્યા. ઉપમા બંનેને એક જ આપી. એક ગુણવાચક છે અને એક દોષવાચક છે. અજ્ઞાનીઓ ગાંડા છે કેમકે એને હિત-અહિતની ખબર નથી. જ્ઞાનીઓ ગાંડા છે કેમકે દુનિયાદારીનું ભાન એ રાખતા નથી. દુનિયાની દૃષ્ટિએ ગાંડા છે. બધાયદ અવગુણવાચક વિશેષણો પણ એને ગુણવાચક લાગુ પડે છે. એમાંથી ગુણ તારવવામાં આવે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતાને કે ગધેડાની જેમ મૂળ ઉખાડી નાખવાનો પુરુષાર્થ કરે છે. ગધેડાની જેમ.

પૂજ્ય ભાઈશ્રી :- મૂળથી મિથ્યાત્વને ઉખેડી નાખે (છે). એવી રીતે ગુણવાચકમાં બધી ઉપમાઓ લાગુ પડે છે.

'**જેમને વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં જેમણે કર્મફળાનુભૂતિ અત્યંત નિરસ્ત (નષ્ટ) કરી છે એવા,...**' નિરસ્ત કરી નાખી છે અને '**કર્માનુભૂતિ પ્રત્યે નિરુત્સુક વર્તતા,...**' કર્મફળને વેદતા નથી અને જે કર્મનો ઉદય છે એના પ્રત્યે ઉદાસ છે. નિરુત્સાહ વર્તતા થકા.

મુમુક્ષુ :- ભિન્ન પડી ગયા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભિન્ન પડી ગયા છે.

'**કેવળ (માત્ર) જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ...**' જ્ઞાની છે ને ! એટલે જ્ઞાનની અનુભૂતિથી '**ઉત્પન્ન થયેલ તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા,...**' આનંદ-આનંદ, સ્વરૂપના પ્રદેશે-પ્રદેશે સ્વરૂપનો આનંદ ભરપૂરપણે વર્તે છે. એવા મહાભાગ ભગવંતો '**શીઘ્ર સંસારસમુદ્રને**

**પાર ઊતરી, શબ્દ્બ્રહ્મના શાશ્વત ફળના (નિર્વાણસુખના) ભોક્તા થાય છે.**' શબ્દ્બ્રહ્મનું શાશ્વત ફળ મોક્ષ છે. તે નિર્વાણસુખના ભોક્તા થાય છે. જ્ઞાનીઓ છે એ નિશ્ચય-વ્યવહારને યથાર્થપણે અવલંબીને પછી નિર્વાણને પ્રાપ્ત કરે છે. આમ ૧૭૨મી ગાથામાં એ વાત કરી છે. બધી ચોખવટ ઘણી કરી છે.

હવે ૧૭૩મી ગાથા. '**માર્ગનો પ્રભાવ થવાને અર્થે, પ્રવચનની ભક્તિથી...**' જિનમાર્ગનો પ્રભાવ-પ્રચાર થવાને અર્થે અને ભગવાન અરિહંતદેવના પ્રવચન પ્રત્યે બહુમાન અને ભક્તિ ઉત્પન્ન થવાને લીધે, એમની એ ભક્તિની '**પ્રેરણાથી પ્રવચનના રહસ્યભૂત 'પંચાસ્તિકાય'ના સંગ્રહરૂપ આ શાસ્ત્ર મેં કહ્યું.**' આચાર્યદેવ એમ કહે છે કે મેં શા માટે આ શાસ્ત્રની રચના કરી છે ? કે જિનમાર્ગનો પ્રચાર કરવા માટે અને ભગવાન અરિહંતદેવના પ્રવચન પ્રત્યે મને બહુમાન આવ્યું એટલે એ વાતને મેં રજુ કરી. એમના જ પ્રવચનને મેં કહ્યું છે. મારા ઘરનું કાંઈ કહ્યું નથી. અલબત્ત પોતાને અનુભવ વર્તે છે. એ વાત છે.

મુમુક્ષુ :- વીતરાગમાર્ગની પ્રભાવના કરવી એવું આવ્યું ને આમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો છે. જેને જે માર્ગમાં જવું હોય એ માર્ગને પોતે ઉપાદેય અને ઉપાસ્ય માન્યો હોય, તે માર્ગ બીજા જીવો પણ પામે એવી ભાવના એ પોતાની ભાવના સાથે સુસંગત છે અને બીજા જીવો પામે એમાં અંતરાય કે બાધા થાય એને પોતાની ભાવના સાથે સુસંગતતા નથી. એને ખરી ભાવના નથી. એને પોતાને પણ આ માર્ગમાં ચાલવાની ખરી ભાવના નથી. એમ નક્કી થાય છે. બાકી જેને ખરી ભાવના હોય એને સ્વપર ઉપકારક પરિણામ જ હોય. સ્વઅપકારક અને પરને અપકારક એવા પરિણામ એને હોય નહિ. સીધી વાત છે.

એક માર્ગમાં ચાલવાવાળા પ્રત્યે વાત્સલ્ય આવે એ બહુ સ્વાભાવિક વાત છે. એક જ માર્ગમાં ચાલવા માટે જેને ભાવના થઈ હોય તો એના પ્રત્યે એને વાત્સલ્ય આવે એ બહુ સ્વભાવિક છે. વાત્સલ્ય ન આવે તો તે અસ્વભાવિક છે. એટલે કે માર્ગથી કુદરતી વિરુદ્ધ જાય છે. સ્થૂળ અપરાધ છે. કેવો ? બહુ જાડો, મોટો સ્થૂળ અપરાધ છે.

મુમુક્ષુ :- પરપસ્પર ઉપગ્રહો.. એ સૂત્ર છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- પરસ્પર ઉપગૃહો જીવાનામ. 'ઉમાસ્વામી'નું સૂત્ર છે, 'તત્ત્વાર્થસૂત્ર'ની અંદર. એમાં તો શું છે કે છએ દ્રવ્યો એકબીજાને

ઉપકાર કરે છે ને ? સૂત્ર મૂક્યું લોકમાં છદ્રવ્ય છે એ એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક રીતે ઉપકાર કરે છે. જીવને ગતિ થાય ત્યારે ધર્માસ્તિકાય, સ્થિતિ થાય ત્યારે અધર્માસ્તિકાય, રહેવા માટે આકાશ, પરિણમવા માટે કાળાણુ. એવી વાત છે.

હવે ૧૭૩મી ગાથામાં એમ કહે છે કે, '**પ્રવચનની ભક્તિથી પ્રેરિત એવા મેં માર્ગની પ્રભાવના અર્થે પ્રવચનના સારભૂત...**' અરિહંતદેવના પ્રવચનના સારભૂત, જિનેન્દ્રદેવે જે કહ્યું એનો સાર છે. એમણે તો ઘણું વિસ્તારથી કહ્યું. મેં અહીંયાં એનો સાર ટૂંકાવીને સંક્ષેપમાં કહ્યો છે. આ ''**પંચાસ્તિકાયસંગ્રહ' સૂત્ર કહ્યું છે.**'

મુમુક્ષુ :- વાત્સલ્ય આવે એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- વાત્સલ્ય આવે એટલે એના પ્રત્યે પ્રેમ આવે, દ્વેષ ન આવે. એના પ્રત્યે પ્રેમ આવે. આ જીવ પણ આ માર્ગમાં આવવા માગે છે. તો હું એને અનુકૂળ થાવ, હું એને અનુકૂળ વર્તું. ઠીક ! વાત્સલ્ય એટલે આ જુઓને દૃષ્ટાંત તો આપે છે. ગાયનો એના વાછરડા પ્રત્યે ભાવ કેવો હોય છે ! એને હાથ નથી તો જીભથી પણ એને ચાટે છે કે નહિ ? વાછરડું જન્મે તો એને જીભથી ચાટે છે. વાત્સલ્યનો બહુ સારો દૃષ્ટાંત છે. મૂંગુ પ્રાણી છે ને ? ભાષા નથી. તોપણ એનું વાત્સલ્ય દેખાય છે. એમ એને વાત્સલ્ય હોવું જોઈએ.

મુમુક્ષુ :- .. ખાવા સિંહ આવ્યો હોય તો ગાય શું કરે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ સિંહને એમ કહે કે પહેલાં તું મને ખાય જા. પછી વાછરડાનો વારો આવશે. શું કહે ? ધર્મ, ધર્માત્મા, ધર્માયતન અને એના ઉપર ઉપસર્ગ આવે ત્યારે એવા વાત્સલ્યથી એવા પરિણામ આવે કે પહેલા મને નુકસાન થાવ પછી ધર્મ-ધર્માત્માને-ધર્માયતનને નુકસાન થવા દઈશ, એ પહેલા થવા દઈશ નહિ. પહેલા મારો ભોગ લઈ લે એમ કહે. ... બાજુમાં એનો શિકાર હોય. બાજુમાંથી ચાલ્યો જાય એને કાંઈ કરે નહિ. તને ભૂખ લાગી છે ને ? હું આડી ઊભી રહીશ. પહેલા તારે મને ખાવું પડશે. પછી ત્યાં સુધી તું પહોંચજે. એ પહેલા પહોંચવા દઈશ નહિ.

મુમુક્ષુ :- આચાર્યોએ પણ કમાલ કરી નાખી છે !

પૂજ્ય ભાઈશ્રી :- જીવનું એ પરિણમન છે, જીવન છે.

'**આ, શાસ્ત્ર કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ છે...**' આ ગાથા છેલ્લી છે ને ? એટલે કે '**(અર્થાત્ અહીં શાસ્ત્રકર્તા**

**શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવતાં શાસ્ત્રસમાપ્તિ કરે છે). માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા.**' લ્યો ! માર્ગ એટલે શું ? કે '**પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા (અર્થાત્ પરમ વૈરાગ્ય રકવાની પરમેશ્વરની પરમ આજ્ઞા);...**' જિનેન્દ્રદેવની જે આજ્ઞા છે, જેનાથી જગતના પદાર્થ પ્રત્યેના પરિણામ પાછા વળી જાય છે, એવી આજ્ઞાને અહીંયાં માર્ગ કહ્યો છે. લ્યો ઠીક ! નાસ્તિથી માર્ગનો અર્થ આવો કર્યો છે.

'**તેની પ્રભાવના એટલે પ્રખ્યાપન...**' આખ્યા-આખ્યાપન, પ્રખ્યાપન. આ વ્યાખ્યાન કરવું કહે છે ને ? આખ્યા, વ્યાખ્યા, પ્રખ્યા એ બધા એકાર્થમાં જાય છે. મૂળ તો ખ્યા એટલે કહેવું, પ્રસિદ્ધ કરવું. પછી આગળ બધા એના ઉપસર્ગ લાગે છે. આ, વ્યા, અ અને પ્ર. બધા. તેના '**દ્વારા અથવા પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો તે;...**' તેની પ્રભાવના કરવી એટલે એને વાણી દ્વારા પ્રસિદ્ધ કરીને અને પોતાના પરિણામ દ્વારા પણ એને પ્રસિદ્ધ કરીને. બે રીતે લીધું. પરિણામમાં પણ પ્રસિદ્ધ કરવું અને વાણીમાં પણ પ્રસિદ્ધ કરવું. માત્ર વાણીમાં પ્રસિદ્ધ કરવું અને પરિણામમાં પ્રસિદ્ધ ન કરવું. એમ નહિ. ઠીક ! મેળ હોવો જોઈએ.

'**પરમ વૈરાગ્ય કરવાની જિનભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના એટલે (૧) તેની પ્રખ્યાતિ જાહેરાત કરવા દ્વારા અથવા (૨) પરમવૈરાગ્યમય પ્રકૃષ્ટ પરિણમન દ્વારા, તેનો સમ્યક્ પ્રકારે ઉદ્યોત કરવો તે; તેના અર્થે જ (માર્ગની પ્રભાવના અર્થે જ), પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું.**' 'અમૃતચંદ્રાચાર્યે' કેવી વાત નાખી છે ! કે એ માર્ગના ઉદ્યોત્ કરવા અર્થે મારું મન છે ને એ જરા ચલિત થતું હતું. પરમાગમ પ્રત્યે ભગવાનની વાણી પ્રત્યે મને અનુરાગ આવ્યો અને એ વાણીના અનુરાગને લઈને સ્વરૂપમાં સ્થિર થવાને બદલે બહાર ચલિત થતું હતું. એવી મારી પરિસ્થિતિ હતી ત્યારે મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું પુસ્તક કહ્યું.

જુઓ ! જેની અચલિતતામાં તો મોક્ષ પ્રગટશે, જેના ફળે તો. અચલિતતાના ફળરૂપે મોક્ષ નિર્વાણપદ પ્રગટ થશે. અને જેની

વિચલિતતાના ફળે આવા શાસ્ત્રનું જન્મ થશે. કેવી સુંદર ઉપકારક પદ્ધતિ છે ! મન ચલિત થાય છે તો કે આગમની રચના (કરવી છે). આત્મામાં સ્થિત નથી થતું, આત્મામાં સ્થિર સહેજે નથી થતું, હઠથી તો કાંઈ કરાતું નથી, સહેજે નથી થતું તો એ પછી જ્ઞાનીઓ પણ, આચાર્યો પણ શાસ્ત્ર અને સૂત્રની રચના કરે છે. અને એ દ્વારા પણ એ પોતાના શુદ્ધાત્માના રસને વૃદ્ધિગત કરે છે. એ દ્વારા પણ શુદ્ધાત્માના રસને વૃદ્ધિગત કરે છે.

એ 'સોગાનીજી'ના ૩૩માં પત્ર પણ લીધું છે, એ વિષય થોડો ચાલ્યો છે. અને એક ૨૫૬ કે ૨૫૮મો બોલ છે એમાં પણ એ વાત ચાલી છે. ઓલાપણે નિશ્ચયની પ્રધાનતાથી નિષેધ કર્યો છે. ૧૫૦ આસપાસ. જ્ઞાનીને તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ આત્મરસ વધવા અર્થે હોય છે એમ કરીને... સમજવાની વાત એટલી છે કે શાસ્ત્રસ્વાધ્યાય, પૂજા, ભક્તિ એ આત્મરસ વધારવાનું નિમિત્ત છે, બહાનું છે. બાહ્ય અવલંબન છે. બહારમાં ક્રિયા જુદી છે અને અંતરનો રસ વધે છે એ ક્રિયા જુદી છે. એમ સાથે સાથે સવિકલ્પ દશામાં યથાર્થપણે હોય તો એમ થાય. અયથાર્થપણે હોય તો કાં તો એકલો શુભરાગ વધી જાય.

એટલે અહીંયાં આચાર્યદેવ (કહે છે), '**પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું એવા મેં...**' મારું મન ચલિત હતું. મેં આ સૂત્ર રચ્યું-કહ્યું. '**કે જે ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી (વીતરાગ સર્વજ્ઞ જિનભગવાને સ્વયં જાણીને પ્રણીત કરેલું હોવાથી)...**' ઉપજ્ઞ એટલે કહેલું, ઉપજાવેલું હોવાથી ''**સૂત્ર' છે,...**' સર્વજ્ઞ ભગવાને કહેલું હોવાથી એ સૂત્ર છે. '**અને જે સંક્ષેપથી સમસ્ત વસ્તુતત્ત્વનું (સર્વ વસ્તુના યથાર્થ સ્વરૂપનું) પ્રતિપાદન કરનારું હોવાથી, અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે (દ્વાદશાંગરૂપે વિસ્તીરણ એવા પણ જિનપ્રવચનના સારભૂત છે.)**' જે બાર અંગના વિસ્તાર (યુક્ત) જે જિનપ્રવચન છે એનો પણ આમાં સાર આવી જાય છે.

'**આ રીતે શાસ્ત્રકાર (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે) પ્રારંભેલા કાર્યના અંતને પામી, અત્યંત કૃતકૃત્ય થઈ, પરમનૈષ્કર્મ્યરૂપ શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા (પરમ નિષ્કર્મપણારૂપ શુદ્ધસ્વરૂપમાં સ્થિર થયા)એમ શ્રદ્ધવામાં આવે છે...**' આમ કહીને પણ છેવટે શું કર્યું ? કે શુદ્ધ સ્વરૂપમાં અમે સ્થિર થયા. જે થોડું વિચલિત મન ચલિત થતું હતું એ

છૂટીને સ્થિર થઈ ગયા.

'**આ રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રની શ્રીમદ્‌ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચ વર્ણન નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**' બે ભાગમાં લીધું છે ને ? પ્રથમ શ્રુતસ્કંધ અને દ્વિતીય શ્રુતસ્કંધ. ૧૦૫ સુધી પહેલો ભાગ લીધો છે.

'હવે, '**આ ટીકા શબ્દોએ કરી છે,...**'' કોણે કરી છે ? આ ટીકા કરનાર છે એ ભાષાવર્ગણાના પરમાણુ છે. '**અમૃચંદ્રસૂરિએ નહિ.**' 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે મેં નથી કરી. આ ટીકા તો મેં નથી કરી. પુદ્‌ગલે પુદ્‌ગલનું કામ કર્યું છે. એવા અર્થનો એક છેલ્લો શ્લોક કહીને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ ટીકાની પૂર્ણાહૂતિ કરે છે : આ છેલ્લો શ્લોક છે એ લઈએ. આપણે મૂળમાં તો ખાલી ગાથાર્થ લીધા છે.

અહીં છેલ્લું, અંતિમ મંગળિક છે. '**પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દો...**' શબ્દોમાં પણ વસ્તુનું સ્વરૂપ કહેવાની શક્તિ છે. '**એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રની ટીકા) કરી છે;...**' શબ્દોએ કરી છે. '**સ્વરૂપગુપ્ત...**' હું કેવો છું ? હું તો સ્વરૂપમાં ગુપ્ત છું. ઓલાપણે કહે, જરા મન ચલિત થતું હતું એટલે હું આ ટીકા કરું છું. હવે કહે છે કે પૂરું થયું ને ? સ્વરૂપમાં લીન થઈ ગયો. સ્વરૂપગુપ્ત એટલે '**(અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત)...**' છું. જુઓ ! જ્ઞાનમાત્ર લે છે. '**અમૃચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી.**' મેં કાંઈ કર્યું નથી. મારો આત્મા શબ્દોમાં ગયો નથી, શબ્દો મારા આત્મામાં આવ્યા નથી. રચનાકાળે રચના થઈ ગઈ છે. હું તો ભિન્ને ભિન્ન રહીને હવે મારામાં લીન થઈ ગયો છું. એ રીતે આ અનુવાદ (પૂર્ણ થયો). ટીકા (પછી) છેલ્લે કળશ લીધો છે.

# વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક | |

| | | |
|---|---|---|
| | વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય - | |
| ૨૯ | મુમુક્ષુતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્‌જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૫ | રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | – |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक–४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०–०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०–०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०–०० |
| ०५ | आत्मअवलोकन | – |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग–पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०–०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६–०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६–०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | – |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक–१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५–०० |
| १२ | धन्य पुरुषार्थी | – |
| १३ | धन्य अवतार | – |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५–०० |
| १५ | गुरु गिरा गौरव | – |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८–०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक–१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५–०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०–०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८–०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक–२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | – |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०–०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०–०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | – |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४–०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक–१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०–०० |
| २६ | प्रवचन नवनीत (भाग–१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०–०० |
| २७ | प्रवचन नवनीत (भाग–२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०–०० |
| २८ | प्रवचन नवनीत (भाग–३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०–०० |

| | | |
|---|---|---|
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (ग्जराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (ग्जराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |

| | | |
|---|---|---|
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |

| | | |
|---|---|---|
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |

| | |
|---|---|
| ११६ धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |
| १३९ राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |

## વાચકોની નોંધ માટે